ચોથી શ્રેણી

પુસ્તક ૪૭

સત્યમેવ જયતે

તા. ૩૧મી માર્ચ, ૨૦૧૭
ચૈત્ર ૧૦, ૧૯૩૯ શાકે
અને
તા. ૯મી મે, ૨૦૧૭
વૈશાખ ૧૯, ૧૯૩૯ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## તેરમી ગુજરાત વિધાનસભા
## દસમું અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

| વિષય | પાના નંબર | |
|---|---|---|
| **તા.૩૧મી માર્ચ, ૨૦૧૭ ચૈત્ર ૧૦, ૧૯૩૯ શાકે (પહેલી બેઠક)** | | |
| જસ્ટીસ એમ.બી.શાહ તપાસ પંચનો અહેવાલ રજૂ કરવા અંગે | 1 | 1 |
| ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતિય સુધારા)વિધેયક, ૨૦૧૭ | 2 | 13 |
| ગુજરાત પશુ સંરક્ષણ (સુધારા)વિધેયક,૨૦૧૭ | 14 | 27 |
| **તા.૩૧મી માર્ચ, ૨૦૧૭ ચૈત્ર ૧૦, ૧૯૩૯ શાકે (બીજી બેઠક)** | | |
| તારાંકિત પ્રશ્નો | 28 | 37 |
| અતારાંકિત પ્રશ્નોત્તરી | 38 | 124 |
| અતારાંકિત પ્રશ્નોત્તરી | 125 | 207 |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | 208 | 208 |
| છેલ્લા દિવસનો પ્રસ્તાવ ( નિયમ-૧૦૨) | 209 | 214 |
| અતારાંક્તિ પ્રશ્નોત્તરી (નિયમ-૮૭-ક) | 215 | 272 |
| **તા. ૯મી મે, ૨૦૧૭ વૈશાખ ૧૯, ૧૯૩૯ શાકે** | | |
| શોકદર્શક ઉલ્લેખ | 273 | 275 |
| અતારાંકિત પ્રશ્નોત્તરી | 276 | 315 |
| ગુજરાત માલ અને સેવા વેરા વિધેયક, ૨૦૧૭ | 316 | 351 |
| અતારાંક્તિ પ્રશ્નોત્તરી (નિયમ ૮૭-ક) | 352 | 375 |

ચૈત્ર ૧૦, ૧૯૩૯ શાકે

જસ્ટીસ એમ.બી.શાહ તપાસ પંચનો અહેવાલ રજૂ કરવા અંગે

ગુજરાત વિધાનસભા

શુક્રવાર, તા.૩૧મી માર્ચ, ૨૦૧૭

ચૈત્ર ૧૦, ૧૯૩૯ શાકે

(પ્રથમ બેઠક)

સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું

અધ્યક્ષશ્રી રમણલાલ વોરા અધ્યક્ષસ્થાને

જસ્ટીસ એમ.બી.શાહ તપાસ પંચનો અહેવાલ રજૂ કરવા અંગે

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્ય મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આપે માનનીય મુખ્યમંત્રીશ્રીને તા.૨૩-૩-૨૦૧૭ના પત્રથી જસ્ટીસ એમ.બી. શાહ તપાસ પંચનો અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકવા નિર્દેશ કરેલ, જેના અનુસંધાને માનનીય મુખ્યમંત્રીશ્રી અને કેબિનેટે નિર્ણય કર્યો છે કે, આજે આ સન્માનનીય વિધાનસભા ગૃહમાં ગુજરાત સરકાર તરફથી જસ્ટીસ એમ.બી.શાહ તપાસ પંચનો અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકવાનો નિર્ણય કર્યો છે. આ અહેવાલ હું વિધાનસભાના મેજ ઉપર મૂકું છું. માનનીય અધ્યક્ષશ્રી, ૨૦ વોલ્યુમમાં લગભગ ૫ હજાર પાનાનો અહેવાલ છે એ વિધાનસભા સચિવાલયને સુપરત કર્યો છે અને તે વિધાનસભાના મેજ ઉપર મૂકેલો જાહેર કરવા વિનંતી છે.

અધ્યક્ષશ્રી : રાજ્ય સરકારે જસ્ટીસ એમ.બી.શાહ તપાસ પંચનો અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકવા માટે મને રજૂ કરેલ છે. જે હું વિધાનસભાના મેજ ઉપર મૂકું છું અને આ અહેવાલના ૨૦ વોલ્યુમનો એક સેટ વિધાનસભાના ગ્રંથાલયમાં રાખવામાં આવ્યો છે.

અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.

(આ તબક્કે વિપક્ષના બધા સભ્યશ્રીઓએ પોતાની જગ્યા પર ઉભા થઇ સૂત્રો લખેલા એપ્રન પહેરી દેખાવો ચાલુ કર્યા)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ ઉપર પહેર્યું છે એ બધું કાઢી નાંખે. આમ પણ સારું લાગતું નથી અને આપે જે આદેશ કર્યો હતો એના અનુસંધાનમાં અમે સરકાર તરફથી વારંવાર કહેતા હતા, આ બે દિવસથી પણ વારંવાર કહ્યું છે કે, સરકાર પ્રમાણિક છે, પારદર્શક છે. અમારે ગુજરાતની પ્રજાથી કાંઇ છૂપાવવાનું નથી એટલે અમે અહેવાલ આજે રજૂ કરી દીધો છે ત્યારે વિપક્ષના સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે, આજે ગૌવંશ માટેનું પણ એક અગત્યનું બિલ અમારા સાથી મંત્રી પ્રદિપસિંહજી રજૂ કરવાના છે અને યુનિવર્સિટી માટેનું મેરીટાઇમનું એક બિલ માનનીય ભુપેન્દ્રસિંહજી રજૂ કરવાના છે અને આજે વિધાનસભાના સત્રનો છેલ્લો દિવસ છે તો સૌ સહકાર આપો અને શાંતિથી ગુજરાતની પ્રજાની સેવા કરવાની આપણને જે તક મળી છે એનો આ સન્માનનીય ગૃહ દ્વારા આપણે ઉપયોગ કરીએ અને પ્રજાની સેવા અને વિકાસના કામમાં આગળ વધીએ એવું કરવા માટે સરકાર તરફથી અમારી બધા જ સભ્યશ્રીઓને વિનંતી છે.

અધ્યક્ષશ્રી : માનનીય નીતિનભાઇએ જે કહ્યું એ પ્રમાણે મેં માનનીય મુખ્ય મંત્રીશ્રીને (અંતરાય) અને ગૃહના નેતાશ્રીને તા.૨૩ માર્ચ, ૨૦૧૭ના દિવસે જસ્ટીસ શાહ કમિશનનો અહેવાલ રજૂ કરવા માટે પત્ર લખ્યો હતો. આ ગૃહમાં અનેક વખત પારદર્શકતાની વાત થઇ છે, પ્રગતિશીલ સરકારની વાત થઇ છે. આજે આનંદ અને ગૌરવપૂર્વક મારે કહેવું છે કે, આટલા ટૂંકાગાળા દરમ્યાન મારા પત્રના અનુસંધાનમાં રાજ્ય સરકારે આજે તપાસ પંચનો અહેવાલ મૂક્યો છે ત્યારે મને લાગે છે કે, આનો અભ્યાસ કરી અને તમામ સભ્યશ્રીઓએ આગામી દિવસોમાં એમણે જે પણ કાર્યવાહી કરવાની થતી હશે એ કરશે. વિશેષ કરીને મેં કહ્યું એ પ્રમાણે જયારે સરકારે આટલો ત્વરિત નિર્ણય કર્યો છે ત્યારે વિરોધ પક્ષના સૌ માનનીય સભ્યશ્રીઓ આ જે દેખાવો કરી રહ્યા છે એ દેખાવો માટે માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રીએ કહ્યું એ પ્રમાણે આજે ગૃહનો છેલ્લો દિવસ છે ત્યારે હસીખૂશીથી આપણે બધા છૂટા પડીએ એટલા માટે આપે જે પ્રકારના દેખાવો કર્યા છે એ દેખાવો બંધ કરીને તમારી માગણી જયારે સંતોષાઇ છે ત્યારે ગૃહના કાર્યમાં આપ બધા લોકો મને સહયોગ આપો એવી આપ સૌને નમ્ર વિનંતી કરું છું.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપના સહયોગથી શાહ પંચના અહેવાલ બાબતેની કેટલાય સમયથી અમારી જે માગણી હતી એ માગણીમાં અમારા વિપક્ષના નેતાએ અવારનવાર આપને વિનંતી કરી, સરકારને પણ વિનંતી કરી કે આપ માત્ર ૩૧મી તારીખે મૂકવાના હો તો ખાતરી આપો તો અમે એ બાબતે સંમત હતા અને અમારો પૂરેપૂરો સહકાર રહેશે એ બાબતે પણ અમે અવારનવાર સરકારને વિનંતી કરી હતી, સરકાર તરફથી કોઇપણ દિવસ એવું કહેવામાં ન આવ્યું, અમે એમ કહેતા હતા કે ૩૦મીએ મૂકો કે ૩૧મીએ મૂકો તો પણ સરકાર આ બાબતે બોલી નહિ. આજે સરકારે શાહ પંચનો અહેવાલ સભાગૃહમાં મૂક્યો છે એ સારી વાત છે, અને અમારી વિનંતી છે કે અમારો છેલ્લો દિવસ છે, અમે પણ ઇચ્છીએ છીએ કે આ વિધાનસભામાં બધામાં સાથ સહકાર અમારો રહે એ ઉપરાંત અમારી બીજી એક માગણી જે હતી કે માનનીય અમીતભાઇ શાહ સાહેબ અહીંયા આગળ આવ્યા..

અધ્યક્ષશ્રી :માનનીય બલવંતસિંહજી, પહેલાં મેં વાત કરી છે કે તમે તમારા દેખાવો છે એ બંધ કરો, તમારું સ્થાન લો, હું તમારી વાત સાંભળવા તૈયાર છું, તમે કહેશો એનો ઉકેલ પણ કરીશું. પ્લીઝ, તમારા દેખાવો બંધ કરો, તમારી જગ્યા પર

## તા.૩૧મી માર્ચ, ૨૦૧૭

## ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતિય સુધારા)વિધેયક, ૨૦૧૭

સ્થાન લો અને હું તમારી વાત સાંભળવા અને સ્વીકારવા પણ તૈયાર છું, પહેલાં તમારે દેખાવો બંધ કરવા જોઇએ, તમારે સ્થાન ઉપર બેસવું જોઇએ. એનો મતલબ એવો થયો કે તમારી જે માગણી હતી શાહ પંચનો અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની એ માત્ર રાજકીય નિર્ણય હતો એવું કહેવામાં જરાય અતિશયોક્તિ નથી, જ્યારે હું અહીંયાથી તમને કહી રહ્યો છું, હું વિનંતી કરી રહ્યો છું, આજે ગૃહનો છેલ્લો દિવસ છે, તમારી માગણી પૂરી થઇ છે, તમારી સરકાર પાસેની માગણી પૂરી થઇ છે, તો તમે મને ગૃહ ચલાવવામાં સાથ અને સહયોગ આપો એવી ફરીથી આપને વિનંતી કરું છું. (અંતરાય) મેં કહ્યું તેમ તમે તમારા સ્થાન પર બેસો, તમારી વાત સાંભળવા હું તૈયાર છું. વાત સ્વીકારવા માટે પણ તૈયાર છું પણ એ પહેલાં તમારે દેખાવો બંધ કરવા પડે, તમારું સ્થાન લેવું પડે, પછી માનનીય બલવંતસિંહજી જે કહેશે એ વાત હું સાંભળીશ અને જે વાત સ્વીકારવાપાત્ર હશે તે વાત પણ હું સ્વીકારવા તૈયાર છું. પ્લીઝ, મારી બધા સભ્યશ્રીઓને વિનંતી છે પ્લીઝ. પોતાના દેખાવો બંધ કરે. તમારા બધાની માગણી સંતોષાઇ ગઇ છે, તમારી માગણી સંતોષાયા પછી આ કરવાનો કોઇ મતલબ મારી દૃષ્ટિએ રહેતો નથી પ્લીઝ, (અંતરાય) માનનીય બલવંતસિંહજી, હું તમને બોલવા દેવા તૈયાર છું, તમારી વાત સાંભળવા તૈયાર છું, શક્ય હોય એ વાત સ્વીકારવા તૈયાર છું, પરંતુ એ પહેલાં તમારે દેખાવો બંધ કરવા પડે, તમારે તમારું સ્થાન ગ્રહણ કરવું પડે. તમારી માગણી સંતોષાઇ છે એ પછી તમારે નવી વાત કહેવી હશે તો હું ત્રીજી વખત કહુ છું કે એ સાંભળવા અને શક્ય હોય એ સ્વીકારવા પણ હું તૈયાર છું. બલવંતસિંહજી, આમ ઉભા ઉભા તો ચર્ચા નહિ થાય તમે પણ નિયમો જાણો છો, ગૃહ ઓર્ડરમાં તો જોઇશેને? ગૃહ ઓર્ડરમાં જોઇશે. માનનીય વિરોધપક્ષના સૌ સભ્યશ્રીઓને ફરીથી તમારા દેખાવો બંધ કરી પોતાના સ્થાન ગ્રહણ કરવા માટે વિનંતી કરું છું. ગૃહનો છેલ્લો દિવસ છે મને આપ સહયોગ કરો, સહકાર આપો એવી આપ સૌને વિનંતી કરું છું. પ્લીઝ, પ્લીઝ. નાઉ નેકસ્ટ. ચાલુ કરો ભાઇ.

### સરકારી વિધેયકો

### સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક-૨૩

### ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતિય સુધારા)વિધેયક, ૨૦૧૭

### ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ ૨૦૦૯ વધુ સુધારવા બાબત

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા(શિક્ષણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન-૨૦૧૭ના વિધેયક ક્રમાંક-૨૩, સન-૨૦૧૭નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતિય સુધારા) વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન-૨૦૧૭ના વિધેયક ક્રમાંક-૨૩, સન-૨૦૧૭નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતિય સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આપે બહુ જ સાચુ કહ્યું છે કે માત્ર દેખાડા માટે જ માગણી અને ગૃહનું કામ બંધ કરાવવું તે આજે સાબિત થયુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, જયારથી માગણી આવી ત્યારથી અમારા બન્ને નેતાશ્રીઓ માનનીય મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી..(અંતરાય )

અધ્યક્ષશ્રી : માનનીય મોહનસિંહભાઇ, કોઇને વાંધો ના હોય તેના માટે પ્લીઝ...મોહનસિંહભાઇ, કોઇને શારીરિક તકલીફ હોય તો તમારા દેખાવો ધ્યાનમાં લીધા છે છતાંય કોઇને શારીરિક તકલીફ કે એવુ હશે તો બેસવાની છૂટ છે. પ્લીઝ..

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ગાઉન ઉતારે તો બધાય બેસી શકે પણ આમ તો તમે બધાએ મૌન રાખવાનું નક્કી કર્યુ હતું તો તમે કેમ બોલો છો ? એટલે આ કોંગ્રેસનું કલ્ચર છે કે પ્રજાના નામે આંદોલન કરીને પોતાનો રાજકીય હેતુ સિદ્ધ કરવો. નામ પ્રજાનું હોય અને કામ પોતાનું હોય આવી બનાવટ એ ગુજરાતના ઇતિહાસમાં પહેલીવાર જોવા મળી છે. અમને એમ હતું કે ખરેખર કોંગ્રેસ ખૂબ ગંભીરતાપૂર્વક આ માગણી કરી રહ્યું છે અને અમને એમ કહેવામાં આવતું હતું કે માનનીય વડાપ્રધાનશ્રીની છબી સુધરે એવુ અમે ઇચ્છીએ છીએ. એ સ્વચ્છ થાય અને જાણે અમારા માટે લાગણી બતાવતા હોય અને જાહેર જનતાને એવુ બતાવતા હોય કે શું છૂપાવવાનું છે, મૂકો ને, મૂકોને તો લો આ મૂકયો અને હવે આ પ્રકારે દેખાવો ચાલુ રાખવા એ માત્ર ગૃહનું અપમાન નથી ગુજરાતના લોકોનું અપમાન છે. ગુજરાતના લોકો સાથેની આ •(×××) આ ગૃહ મારફતે હું રાજયની પ્રજાને કહેવા માગુ છું કે ઓળખી લો, આ કોંગ્રેસ છે. નટરવસિંહ બોલો કંઇક બોલો.(અંતરાય) જુઓ સાહેબ બોલ્યા, મૌન તોડયું. મારું તીર બરાબર લાગ્યું. તમારે જે કહેવું હોય તે કહો જે મનમાં હોય તે કહો. હું બોલવાનું બંધ કરું છું તમે કહો.

---

* વિધેયક તા.૨૪મી, માર્ચ, ૨૦૧૭ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતિય સુધારા)વિધેયક, ૨૦૧૭

અધ્યક્ષશ્રી : માનનીય બલવંતસિંહજી, તમારી વાત મેં પહેલાં પણ કહ્યું હતું કે તમારી વાત સાંભળવા તૈયાર છું શકય હોય એ સ્વીકારવા પણ તૈયાર છું પરંતુ ગૃહ ઓર્ડરમાં હોવું તે અતિ આવશ્યક છે અને એટલા માટે ફરીથી મારી નમ્ર વિનંતી છે કે આપ દેખાવો બંધ કરો અને આપનું સ્થાન ગ્રહણ કરો આપ જે કહેશો તે તમારી વાત સાંભળવા અને સ્વીકારવા તૈયાર છું.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપના સહયોગથી જે આજે શાહ પંચનો અહેવાલ મોડા–મોડા પણ સરકારે મૂક્યો છે. આજ વાત અમારા નેતા કહેતા હતા.

અધ્યક્ષશ્રી : મેં ૨૩ તારીખે કહ્યું હતું અને આજે ૩૧ તારીખ થઇ. (અંતરાય)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : સાહેબ મને બોલવા તો દો. આપે મને Allow કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, સરકારે જ્યારે અહેવાલ મૂક્યો છે ત્યારે એ માટે આપનો આભાર વ્યક્ત કરીએ છીએ કે આપે પાંચ વર્ષે પણ આ અહેવાલ મૂક્યો છે. અમારી માગણી પૂરી થઇ છે. અમારી માત્ર એટલી જ માગણી છે કે, અમારા વડાપ્રધાન મનમોહનસિંહ જ્યારે કોઇપણ વાક્ય બોલાતું હોય...

અધ્યક્ષશ્રી : હું ફરીથી કહું છું કે, હું તમારી વાત સાંભળવા અને સ્વીકારવા તૈયાર છું. તમે એ વાત ઉપર જાવ એ પહેલાં તમારા દેખાવો બંધ કરવા પડે તમારું સ્થાન લેવું પડે. મેં તમને બોલવા માટે Allow કર્યા છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, અમે પણ એમ ઇચ્છીએ છીએ કે આ બિલ ઉપર બે શબ્દો બોલી શકીએ. હું આપને વિનંતી કરું છું કે અમારી જે ત્રણ માગણીઓ છે એમાં એક સરકારે સ્વીકારેલ છે. અમારી બીજી બે માગણીઓ સ્વીકારી લો.

અધ્યક્ષશ્રી : પહેલા તમે દેખાવો બંધ કરો, તમારું સ્થાન લો પછી હું સાંભળવા અને સ્વીકારવા તૈયાર છું. એ પહેલાં તમારી બીજી માગણી નહિ સંભળાય. ગૃહ ઓર્ડરમાં હોવું જોઇએ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું આપની વાત સાથે સંમત છું. મારી વિનંતી માત્ર એટલી જ છે કે અમારી બીજી બે માગણીઓ સ્વીકારી લો. અમે તરત જ બેનરો કાઢીને બેસી જઇશું. તમે વચન આપો. તો અમે દેખાવો બંધ કરી દઇશું.

અધ્યક્ષશ્રી : તમારી જે માગણી સંતોષાઇ છે એ સંતોષાયાના પ્રમાણમાં તમારા દેખાવો બંધ કરો. તમારી બીજી, ત્રીજી, ચોથી જેટલી પણ માગણીઓ હોય એ સાંભળવા અને સ્વીકારવા પણ હું તૈયાર છું. આ હું પાંચમી વખત તમને કહું છું. મારી તમારી પાસેથી એટલી જ અપેક્ષા છે કે ગૃહ ઓર્ડરમાં હોવું જોઇએ. બીજા ધારાસભ્યશ્રીઓને પણ હું વિનંતી કરું છું કે દેખાવો બંધ કરીને પોતાનું સ્થાન ગ્રહણ કરો. (સતત અંતરાય)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રીએ કહ્યું પણ સરકાર પક્ષે બોલવું જોઇએ કે અમે માગણીઓ સ્વીકારવા તૈયાર છીએ. (અંતરાય)

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આપે માનનીય મુખ્યમંત્રીશ્રીને પત્ર લખ્યો કે શાહ કમિશનનો અહેવાલ વિધાનસભાના ટેબલ પર મૂકવામાં આવે ત્યારે આપની લાગણીને અને આપના પત્રને ધ્યાનમાં રાખીને સરકારશ્રીએ અહેવાલ ટેબલ ઉપર મૂકી દીધો છે. એમાં એમની પણ માગણી સંતોષાઇ ગઇ છે અને આ ગૃહમાં પહેલીવાર આવું બન્યું છે કે, એમની માગણી સંતોષાઇ ગઇ હોય અને અધ્યક્ષની ખુરશી પરથી અધ્યક્ષશ્રી વારંવાર વિનંતી કરે અને વિપક્ષ માને નહિ. મારે એમને કહેવું છે કે, દિલ્હીમાં તમે ૧૦ વર્ષમાં યુ.પી.એ. સરકારમાં લાખો, કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર કર્યો છે. હવામાં કર્યો છે, જમીનમાં કર્યો છે, પાતાળમાં કર્યો છે અને આટલા બધા ભ્રષ્ટાચાર કરી અને અધિકૃત રીતે કોઇ કોલસામાં જેલમાં ગયા, કોઇ જમીનમાં જેલમાં ગયા, કોઇ હવાના ભ્રષ્ટાચારમાં જેલમાં ગયા. તમે તો કમિશન રચ્યા એને વિખેરી નાખ્યા અને અમે તો કમિશનનો રીપોર્ટ ટેબલ પર મૂકી દીધો છે. મુંબઇમાં તમે ક્યાં સુધી પહોંચ્યા. વિધવા બહેનોના, માતાઓના ફ્લેટ તમે પચાવી પાડ્યા. કલ્પના તો કરો, આજે તો આ કોંગ્રેસ ઉઘાડી પડી ગઇ છે અને છેતરાઇ ગઇ છે. એમના બે આગેવાનો હાજર નથી રહ્યા અને હવે તો બલવંતસિંહજી મૂંઝાઇ ગયા છે કે મારે નિર્ણય શું કરવો? તકલીફ એ છે એટલે માનનીય અધ્યક્ષશ્રી, બીજું કોઇ કારણ નથી. હવે જો બેસાડી દઇએ તો ઠપકો મળે અને ઉભા રહીએ છીએ તો અધ્યક્ષશ્રીનો ઠપકો મળે છે. હવે મારે કરવું શું? હવે તો માનનીય બલવંતસિંહજીની માનસિકતા મા મને કોઠીમાંથી કાઢ, મા મને કોઠીમાંથી કાઢ, આ પ્રકારની માનસિકતા અત્યારે થઇ ગઇ છે અને મારે માનનીય ઇન્દ્રનીલભાઇને કહેવું છે કે, ઘણીવાર માનનીય અધ્યક્ષશ્રી બોલતા હોય તો અમે શાંતિથી સાંભળીએ છીએ. પોતાના દિલની વાત કરે છે, મનની વાત કરે છે તો આજે કરોને ભાઇ, આજે કેમ નથી કરતા? સરકારે તમારી માગણી મુજબનો રિપોર્ટ જ્યારે સ્વીકારી લીધો હોય ત્યારે તમારા દંડકને કહોને ભાઇ, તમારા દિલની વાત, મનની વાત કહોને! માનનીય અધ્યક્ષશ્રી, આ બધા બિચારા શું કરે? ટિકિટ માટે લડે છે સાહેબ, હવે માનનીય નટવરસિંહ બોલી નાખો. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નટવરસિંહને બોલવા દો. નટવરસિંહજી આમને આમ કરે છે.

શ્રી વિજયકુમાર ર. રૂપાણી (મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, જયારે એમ. બી. શાહ કમિશનના રિપોર્ટની માગણી વિપક્ષે કરી હતી ત્યારે જ અમારા નાયબ મુખ્ય મંત્રીશ્રીએ એમના પ્રવચનમાં કહ્યું હતું કે, સાડા પાંચ હજાર પાનાનો રિપોર્ટ છે. રિપોર્ટનું ટોટલ એનાલીસીસ ચાલી રહ્યું છે. મંત્રી મંડળની પેટા કમિટી આનો આખો અભ્યાસ કરી તારણો ઉપર એક્શન ટેકન રિપોર્ટ બનાવી અને અમે ગૃહ સમક્ષ સમયસર મૂકીશું ત્યારે માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ વાત કરી કે મારા

મિત્ર અને નરેન્દ્રભાઇ સામેના આક્ષેપો છે તો તમે દૂધનું દૂધ અને પાણીનું પાણી થાય, એમની પ્રતિભાને તકલીફ ન પડે એની ચિંતા કરીને હું આ વાતનો તમારી સમક્ષ આગ્રહ રાખું છું. માનનીય અધ્યક્ષશ્રી, આખો દેશ જયારે નરેન્દ્રભાઇની પ્રામાણિકતામાં વિશ્વાસ ધરાવે છે એનાં બે કારણો કહું સાહેબ, એક તો આખરી નિર્ણય પ્રજા જનતા જનાર્દન છે. જનતા જનાર્દનના બધા ચૂકાદા દ્વારા નરેન્દ્રભાઇની નેતાગીરીમાં વિશ્વાસ વ્યકત કર્યા છે દરેક ચૂંટણીઓમાં, દરેક ચૂંટણીઓમાં ભારતીય જનતા પાર્ટીનો જનાધાર વધતો જાય છે એટલે આ વિશ્વસનીયતાનું પ્રમાણપત્ર જનતા વારંવાર આપતી આવી છે, સાથે સાથે જે કાંઇ જયારે જયારે રાજકારણમાં સાચા ખોટા આક્ષેપો થતા હોય છે ત્યારે સામી છાતીએ નરેન્દ્રભાઇએ રાજકારણમાં મૂલ્યનિષ્ઠા બની રહે, રાજકારણની મૂલ્યનિષ્ઠા ઘટે નહીં એટલા માટે એમને આ બધી વસ્તુ (અંતરાય) પહેલાં મારી વાત તો પતવા દો. ભાઇ જૂઓ, મારી વાત સાંભળવી નથી. માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસનો ઇરાદો કાંઇ એમ. બી. શાહ કમિશનના રિપોર્ટમાં રસ નથી, નરેન્દ્રભાઇને બદનામ કરવા માટેના ખાલી કારસા હતા, અને અમે લોકો આ રાતોરાત તૈયાર કરી રિપોર્ટ પ્રજા વચ્ચે મૂક્યો છે ત્યારે કોંગ્રેસ આ માત્રને માત્ર •(×××) છે એથી વિશેષ કશું નથી.

( આ તબકકે કોંગ્રેસ પક્ષના બધા સભ્યશ્રીઓ વેલમાં આવી ગયા.)

અધ્યક્ષશ્રી : માનનીય સાર્જન્ટશ્રી, બધાને સન્માનપૂર્વક બહાર લઇ જાઓ, પ્લીઝ. (અંતરાય) બધાને બહાર લઇ જાઓ. બહાર લઇ જાઓ

અધ્યક્ષશ્રી : કોંગ્રેસના વેલમાં આવેલા તમામ મિત્રોને સન્માનપૂર્વક બહાર લઇ જાવ.

(આ તબક્કે કોંગ્રેસના ગૃહમાં હાજર તમામ સભ્યશ્રીઓને સાર્જન્ટ દ્વારા ગૃહની બહાર લઇ જવામાં આવ્યા)

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા ( રા.ક.ના વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહ સમક્ષ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ દ્વારા રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો છે. આપના દ્વારા સરકારશ્રીને પત્ર લખવામાં આવ્યો હતો કે એમ.બી.શાહ કમિશનનો રિપોર્ટ વહેલામાં વહેલી તકે આ સભાગૃહની અંદર મૂકાય. આ સરકાર પણ કંઇ છૂપાવવા માગતી નથી એના માટે આ એમ.બી.શાહ કમિટીનો રિપોર્ટ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી દ્વારા આજે સન્માનનીય સભાગૃહ સમક્ષ મૂકવામાં આવ્યો હોવા છતાં વિપક્ષ દ્વારા જે રીતે વિવિધ પ્રકારના ગણવેશ પહેરીને સભાગૃહની અંદર પ્રદર્શન કર્યું છે. મુખ્ય વાત એ છે કે જયારે વિપક્ષના નેતા શંકરસિંહજીએ આ મુદ્દો હાઉસમાં ઉપસ્થિત કર્યો હતો અને ત્યારથી સરકારની આ બાબતની અંદર રિપોર્ટ મૂકવા માટેની પોતાની કટિબદ્ધતા હતી. માનનીય નરેન્દ્રભાઇ મોદીના ગુજરાતમાં ૧૪ વર્ષના શાસનમાં પ્રમાણિક સરકાર તરીકે શાસન કર્યું છે અને નરેન્દ્રભાઇ મોદીએ ''ગુજરાત એ મારો આત્મા છે અને ભારત એ મારો પરમાત્મા છે'' એમ માનીને શાસન કર્યું છે. ૧૪ વર્ષના શાસનમાં વિશ્વમાં જે શ્રેષ્ઠ હશે એ હું ગુજરાત માટે કરીને જંપીશ એવા સૂત્રના આધાર ઉપર જયારે ગુજરાતને નંબર વન તરીકે સમગ્ર વિશ્વની અંદર પ્રસ્થાપિત કર્યું છે. આ ગુજરાતના મોડલના કારણે દેશના કરોડો લોકોનું આશાનુ કિરણ નરેન્દ્રભાઇ મોદી બન્યા અને આ દેશના પ્રધાનમંત્રી બન્યા. એ બનવાની પાછળનું કોઇ મુખ્ય કારણ હોય તો એમણે પ્રમાણિકતાથી ગુજરાતની આ વિકાસશીલ સરકાર ચલાવી છે એવા સંજોગોમાં સરકારની કટિબદ્ધતા સરકારની પ્રતિબદ્ધતા એમ.બી.શાહ કમિટીનો રિપોર્ટ મૂકીને સરકાર કંઇ છૂપાવવા માગતી નથી. આજે હાઉસના ફલોર ઉપર મૂકવા છતાં માત્રને માત્ર પોતાના બદ ઇરાદાઓ, રાજકીય ઇરાદો, *(×××) પરિપૂર્ણ કરવા માટે * (×××) આપના દ્વારા પણ તેમને વારંવાર વિનંતી કરવામાં આવી. અધ્યક્ષ તરીકે પણ આપે એમને આ સભાગૃહની પ્રક્રિયામાં તેઓ ભાગ લે, રસ લે અને જેના માટે ગુજરાતની પ્રજાએ આપણને ચૂંટીને અહીંયા મોકલ્યા છે તેના માટે પોતે હકારાત્મક અભિગમ અપનાવીને ગુજરાતની પ્રજાનો અવાજ અહીં રજૂ કરે. આપના દ્વારા પણ પૂરતી તકો આપ્યા સિવાય તેમના વિપક્ષના નેતા અને બાકીના જે હરહંમેશ એમ.બી. શાહ કમિશનના નામે જાતજાતની દુહાઇ આપીને સમાજ જીવનમાં ભારતીય જનતા પાર્ટીના પ્રમાણિક નેતા નરેન્દ્રભાઇ મોદીને બદનામ કરવા માટેના જે પ્રયાસો કરી રહ્યા છે એની સામે આ સરકારે જયારે આ રિપોર્ટ મૂક્યો છે ત્યારે પણ જે રીતે આ સભાગૃહમાં છેલ્લા ત્રણ દિવસથી એક યા બીજા કારણોસર એમની પાસે કોઇ મુદ્દા નથી અને પ્રજાએ જેમને જાકારો આપ્યો છે. એમનું આ પ્રમાણેનું વર્તન, માનનીય અધ્યક્ષશ્રી દ્વારા પણ કરેલી વિનંતીનો અનાદર. ગુજરાતની છ કરોડની જનતા એમને જોઇ રહી છે અને ગુજરાત સરકારની પારદર્શકતા, ગુજરાત સરકારની પ્રમાણિકતા, ગુજરાત સરકારની સંવેદનશીલતા, ગુજરાત સરકારની નિર્ણાયકતા આ તમામ પાસાઓના આધાર ઉપર કોંગ્રેસની આ ગતિવિધિની સામે આગામી દિવસોમાં ૨૦૧૭માં ગુજરાતમાં કોંગ્રેસનો સફાયો થવાનો છે. તેવા સંજોગોમાં હું નિયમ-પર પ્રમાણે આજની પ્રથમ બેઠક અને બીજી બેઠક એમ બન્ને બેઠકોમાંથી કોંગ્રેસ પક્ષના સભ્યોને સસ્પેન્ડ કરવા માટે હું પ્રસ્તાવ રજૂ કરું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય પ્રદિપસિંહજીએ જે પ્રસ્તાવ મૂક્યો છે તેને હું ટેકો આપું છું.

અધ્યક્ષશ્રી : આ સભાગૃહમાં અધ્યક્ષના સ્થાને બેસીને આ ખુરશીની ગરિમા જળવાય એ મારી જવાબદારી છે અને સત્ર દરમ્યાન એ કરવાનો મેં પ્રયાસ કર્યો છે. હું મિડિયાના માધ્યમથી, છાપાના માધ્યમથી કોઇ રાજકીય ટીકા-ટિપ્પણ કરવા માટે નહીં, પરંતુ હું વાંચતો હતો કે કોંગ્રેસ દિશા વિહિન છે. આજે મેં નજર સામે જોયું કે વિરોધપક્ષના નેતાશ્રી છેલ્લા ત્રણ દિવસથી વિધાનસભા સત્રમાં જે રીતે ખલેલ પહોંચાડવાનો પ્રયાસ કરતા હતા, આજે એ ગુજરાતની વિધાનસભામાં હાજર નથી.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

એમના કોઇ સિનિયર માણસ હાજર નથી. જયારે મેં ૨૩ તારીખે મુખ્યમંત્રીશ્રીને પત્ર પાઠવ્યો. મેં એમને કહ્યું એ પછી પાંચ જેટલી રજાઓ એટલે લગભગ ચાર–પાંચ દિવસમાં મારી માગણી, લાગણીને આ રાજય સરકારે સ્વીકારીને, વિરોધપક્ષની જે લાગણી હતી તેને પણ સ્વીકારીને જયારે આજે ગૃહમાં રિપોર્ટ રજૂ કર્યો છે. આ જ સભ્યોને મેં પાંચ–પાંચ વખત ખૂબ વિનંતી કરી છે પરંતુ મેં કહ્યું એ પ્રમાણે દિશાવિહિન હોવાના કારણે, નેતૃત્વ વિહિન હોવાના કારણે એ લોકો નિર્ણય નહીં લઇ શક્યા અને તેના કારણે તેનું મને પણ આજે દુઃખ છે. કારણ કે છેલ્લો દિવસ છે. મારી અપેક્ષા હતી કે હું બધા સભ્યોમાં એમનું પણ સન્માન કરું. એમનો પણ આભાર વ્યક્ત કરું, પરંતુ કમનસીબે એ ઘટના હવે બનવાની નથી અને એટલા માટે જે લોકોએ આજે ગૃહમાં દેખાવો કર્યા છે, વેલમાં આવ્યા છે અને અશિસ્ત કરી છે તેમને આજની બન્ને બેઠકોમાંથી સસ્પેન્ડ કરવાનો જે પ્રસ્તાવ માનનીય પ્રદિપસિંહજીએ રજૂ કર્યો છે એ પ્રસ્તાવ હું મત માટે મૂકું છું.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી: સર્વાનુમતે પ્રસ્તાવનો સ્વીકાર કરવામાં આવે છે અને કોંગ્રેસ પક્ષના તમામ સભ્યશ્રીઓને બન્ને બેઠકો માટે સભાગૃહની કાર્યવાહીમાંથી બાકાત રાખવામાં આવે છે. નેકસ્ટ.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : વિષય પૂરો થયો છે, પણ માનનીય અધ્યક્ષશ્રી, આખા દેશના કોંગ્રેસના ટોચના નેતાઓનો સરવાળો કરે ને, તો પણ નરેન્દ્રભાઈની બરાબર ન થાય.

ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતિય સુધારા) વિધેયક, ૨૦૧૭ (ક્રમશઃ)

ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા: માનનીય અધ્યક્ષશ્રી, આજે હું મેરીટાઇમ યુનિવર્સિટી બિલ લઇને આવ્યો છું. મેરીટાઇમનો સીધો સાદો અર્થ કરીએ તો સમુદ્ર સાથે જોડાયેલી માનવીય પ્રવૃત્તિ જેમાં જહાજ બાંધકામ, જહાજ ભાંગવાની કામગીરી, જહાજો મારફત માલસામાનનું પરિવહન, માછીમારી બહુવિધ પક્ષોના માલસામાનનું પરિવહન અને સંગ્રહની સેવાઓ, સમુદ્રતેલ અને વાયુ ક્ષેત્રનું માળખું , દરિયાકાંઠે પવન ચક્કીઓ, ડ્રેજીંગ, મેરીટાઇમ પ્રવાસન તેમજ તેમનું આંતરમાળખું અને બંદરના સંચાલનને ગણાવી શકાય. મેરી ટાઇમને થોડા વધુ વિસ્તારથી જાણીએ તો તેમાં શીપીંગ અને બંદરોના માર્ગ, વ્યવહાર, જહાજી વેપાર, શીપીંગ એજન્ટ, સમુદ્ર જળ સ્તરની જાળવણી અને તે માટેના વિવિધ સરવેની પ્રવૃત્તિઓ. મેરીટાઇમ ફાઇનાન્સ, મેરીટાઇમ લો અને વીમા રક્ષણ અને બંદરોનું સંચાલન વગેરે આવરી લેતી તમામ પ્રવૃત્તિઓ એટલે મેરીટાઇમ. આ ઉપરાંત સામુદ્રીક ક્ષેત્રને બે વિશાળ પેટા વિભાગોમાં પણ આપણે વર્ગીકૃત કરી શકીએ. જેમાં એક છે– ટેકનીકલ અને બીજો ભાગ –કોમર્શિયલ. ટેકનીકલ પ્રવૃત્તિમાં બંદરને લગતા ઇન્ફ્રાસ્ટ્રકચર, શીપીંગ બંદરો ઉપરના કાર્ગો, પરિવહનની પ્રવૃત્તિઓ, ફીશરીઝ, મરીન એન્જીનિયરીંગ, ઓફશોર એનર્જી અને માઇનીંગ આવે છે. નેશનલ આર્કિટેક્ચર, ડેર્જીંગ વગેરે જેવી બાબતોનો સમાવેશ થાય છે. જ્યારે કોમર્શિયલ પ્રવૃત્તિઓમાં મેરીટાઇમ ફાઇનાન્સ, મેરીટાઇમ લો, બંદરોનું વ્યવસ્થાપન, શીપીંગ, મેરીટાઇમ ટુરિઝમ વગેરે જેવી બાબતોનો સમાવેશ થાય છે. આ કરવા પાછળનું એટલા માટે કારણ છે કે આપણા દેશમાં સૌથી વધારે લાંબામાં લાંબો દરિયા કિનારો કોઇ હોય તો એ માત્રને માત્ર ગુજરાતમાં છે. સૌથી વધારે બંદરો પણ હોય તો પણ ગુજરાતમાં છે. ઉત્તરના રાજ્યોમાં એકપણ બંદર નથી. દરિયા કિનારે ગુજરાત છે. ઉત્તર પ્રદેશ કે મધ્ય પ્રદેશને કોઇ બંદર મળતા નથી. એમને કંઇપણ લાવવું કે મોકલવું હોય તો એમણે વાયા ગુજરાત જ કરવું પડતું હોય છે. આ આખી પરિસ્થિતિનો લાભ માનનીય નરેન્દ્રભાઇએ મુખ્યમંત્રી બન્યા ત્યારથી લેવાની શરૂઆત કરી હતી એ આજ દિન સુધી આપણે લેતા આવ્યા છીએ. અત્યારના ૪૮ બંદરોમાં ૪૪ બંદરો સરકારી છે અને ચાર એ પ્રાઇવેટ છે. કુલ ૧૯ ચાલુ બંદરો છે. ૨૦૧૫–૧૬માં ૩૪૦ મેટ્રીક ટન અને ૨૦૧૪–૧૫માં ૩૪૬ મેટ્રીક ટન કાર્ગોનું પરિવહન થયું હતું. સમગ્ર ભારતનો અંદાજે ૩૨ ટકા કાર્ગો ગુજરાતના તમામ બંદરો ઉપરથી થાય છે. કલ્પના કરો ! એક બાજુ ૬૮ ટકામાં આખો દેશ અને ૩૨ ટકામાં માત્રને માત્ર ગુજરાત ! એ ગુજરાત આ યુનિવર્સિટીની સ્થાપનાથી વધારે સરળતાપૂર્વક ઝડપથી આ બંદરોનો વિકાસ અને ઉપયોગ કરી શકે એની પાછળ કોઇ એક મુખ્ય કારણ હોય તો સ્થાનિક લોકોને એમાં વધારેમાં વધારે રોજગારી મળે એવો મુખ્ય આશય છે અને એની આવક પણ નજર અંદાજ કરવા જેવી નથી. રૂ.૯૦૦/– કરોડ જેટલી આવક આ બંદરોની છે. ગુજરાતનો આ ૧૬૦૦ કિ.મી. લાંબો દરિયા કિનારો દેશના મહત્વના રાજ્યો જેવા કે મહારાષ્ટ્ર, ગોવા, આંધ્ર પ્રદેશ અને કેરાલા જેવા રાજ્યો સાથે દરિયાઇ માર્ગે આપણે સીધા જોડાયેલા છીએ. નોર્થ ઇન્ડિયાનો મોટા ભાગનો કાર્ગો આ દરિયાઇ પટ્ટીમાં હેન્ડલ થાય છે. મેં હમણાં કહ્યું કે ઉત્તર ભારતમાં ક્યાંય બંદર ન હોવાના કારણે આવડા મોટા રાજ્યમાં નિકાસની પણ જરૂર પડે છે અને આયાત પણ કરવી પડે છે. નોર્થ ઇન્ડિયાના બધા જ જે સ્ટેટ છે એનો આખો વ્યવહાર આપણે ત્યાં થાય છે. કુલ નેશનલ કાર્ગોમાં મેં કહ્યું તેમ આપણા ૩૨ ટકા છે. ૨૦૨૦માં આ ક્ષમતા ૫૦૦ મિલિયન મેટ્રીક ટન સુધી પહોંચવાની આપણી ગણતરી છે. વૈશ્વિક વ્યાપારમાં આપણું બહુ મોખરાનું સ્થાન છે. આપણા દેશનો દરિયાઇ ક્ષેત્રે વેપાર વધારવામાં મેરીટાઇમ ઉદ્યોગનો મોટો સિંહફાળો છે. દેશના વાસ્તવિક જી.ડી.પીમાં મર્કન્ડાઇઝ ટ્રેડનો ફાળો ૫૦ ટકાથી વધુ છે. ભારતના શીપીંગ મંત્રાલયના અંદાજ મુજબ ભારતના કુલ જથ્થાના ૯૫ ટકા અને મૂલ્યના ૭૦ ટકા વેપાર દરીયાઇ માર્ગે થાય છે. આથી ભારતના સમગ્ર આર્થિક વિકાસમાં દરીયાઇ માર્ગે વ્યાપારની ભૂમિકા વિરાટ ભાગ ભજવતી હોય એવા સંજોગોમાં આ બિલ જે છે એ ખુબ અગત્યનું છે. ૨૦૨૫માં હાલમાં એક અંદાજ મુજબ દેશના આર્થિક ક્ષેત્રમાં મેરીટાઇમ સેકટરનો ફાળો દોઢથી બે ટકાનો છે, ૨૦૨૫માં એ ફાળો ત્રણથી ચાર ટકા થશે અને એ ત્રણથી ચાર ટકામાં ગુજરાતનો ફાળો વિશેષ પ્રમાણમાં રહેવાનો છે. ૨૦૦૧–૦૨માં ગુજરાતના બંદરોની કેપેસીટી ૧૩૫

મેટ્રીક ટનની હતી જે ૨૦૧૩–૧૪ની અંદર વધીને ૩૮૭ એટલે ડબલથી વધારે થઇ છે. સરકાર પાસે, બંદર વિભાગ પાસે ૧૯ ઓપરેશન બંદરો છે એમાં ૩૦ કેપ્ટીવ જેટી છે અને ૧૦ ખાનગી જેટી છે. ૫૦૦થી વધારે શિપ દર વર્ષે ગુજરાતના બંદરો ઉપર આવે છે ત્યારે એનું વહન પણ કરવામાં આવે છે. આ સંજોગોને ધ્યાનમાં રાખીને મેરીટાઇમ યુનિવર્સિટી બને, યુનિવર્સિટી બન્યા પછી એ યુનિવર્સિટીમાં જેને રસ હોય કે મારે દરીયાઇ ક્ષેત્રમાં, મેરીટાઇમ ક્ષેત્રની અંદર મારે મારી કેરીયર બનાવવી છે તો કેરીયર બનાવવા માટેની વ્યવસ્થા પણ આ યુનિવર્સિટીમાં છે. આમાં એમ.બી.એ. ઇન મેરીટાઇમ મેનેજમેન્ટ, અત્યારે આપણે એમ.બી.એ. જોઇએ છીએ. ટાઇમ મેનેજમેન્ટમાં હોય છે, ફુડ મેનેજમેન્ટમાં હોય છે તો એ લગભગ બધા ક્ષેત્રમાં એમ.બી.એ.ના કોર્સ થાય છે. આ યુનિવર્સિટીમાં મેરીટાઇમની જાણકારી માટેના એમ.બી.એ.ના કોર્સ થશે with specialization in ports and shipping, transportation and logistic shipping and finance maritime human resources management, marine tourism આ આખો વિષય એ હિન્દુસ્તાન માટે તો નવો વિષય છે. વિશ્વના અનેક દેશોમાં આ વિષય ઉપર અનેક પ્રકારના કામો થઇ રહ્યા છે. આ ઉપરાંત બીજો વિષય છે એ બી.બી.એ. ઇન મેરીટાઇમ મેનેજમેન્ટ. જેમ એમ.બી.એ. થાય છે એવી રીતે બી.બી.એ. થાય. મને કહેતા આનંદ થાય છે કે આ ક્ષેત્રમાં પી.એચ.ડી. સુધીના અભ્યાસક્રમો પણ આ મેરીટાઇમ યુનિવર્સિટીમાં આપણે દાખલ કરવા જઇ રહ્યા છીએ. આજે ભાષામાં થાય છે, કેમેસ્ટ્રીમાં થાય છે, મેથ્સમાં થાય છે. અનેક અલગ અલગ સેકટરમાં અને વિષયો ઉપર પી.એચ.ડી. થતી હોય છે તો મેરીટાઇમમાં પણ પી.એચ.ડી.નો અભ્યાસક્રમ આપણે દાખલ કરવા જઇ રહ્યા છીએ. પી.જી.ડીએસ ઇન મેરીટાઇમ મેનેજમેન્ટ, એલ.એલ.એમ. ઇન મેરીટાઇમ લો, આપણા જનજીવનને લગતા કાયદા આપણે બનાવીએ છીએ, જોઇએ છીએ. એની કોર્ટ હોય છે પણ જયારે કોઇ એવો બનાવ દરીયામાં બને અને પછી એ કોણ કેસ ચલાવે, કોણ સજા કરે તો એના માટે અલગ રીતે એલ.એલ.એમ. ઇન મેરીટાઇમ લો, એ ક્ષેત્રના આખા વિષયોના, દરીયામાં બનતા કોઇ બનાવ હોય તો એ બનાવનો ન્યાય કરવા માટે અને એમાં એનો બચાવ કે સજા કરવા માટેની વ્યવસ્થા કરવા માટેનો અભ્યાસ એ એલ.એલ.એમ. પણ આપણે અહીંયા કરવાના છીએ. માત્ર લો એ કાયદાના અર્થમાં નથી કહેતો પણ ઇન્ટરનેશનલ ટ્રેડ લો, ટ્રેડ એટલે વેપાર. સૌથી વધારે અત્યારે ટકાવારી આપણે જોઇ તો એ દરીયા મારફતે આખો વેપાર ચાલતો હોય છે તો એ દરીયા મારફતે વેપાર ચાલતો હોય એમાં એ કયા નિયમો હોય, કોઇ નિયમનો ભંગ કરે તો શું થાય, કેપેસીટી કેટલી હોવી જોઇએ આ બધી બાબતો એમ.એસ.સી. ઇન મેરીટાઇમ. તમે જુઓ કે બાકી બધા ક્ષેત્રોમાં બી.એ., એમ.એ., એમ.બી.એ., બી.બી.એ., પી.એચ.ડી., બી.એસ.સી., એમ.એસ.સી. થતા હોય છે. આપણને એવી ખબર હોય કે બી.એસ..સી., એમ.એસ.સી. મેસ્ટ્રી અને ફીઝીકસમાં થતા હોય છે, પણ એ ઉપરાંત મેરીટાઇમમાં પણ એમ.એસ.સી. મેરીટાઇમ પોલીસી, આ આખી નીતિએ શું છે? મેરીટાઇમની નીતિ શું છે એ ઘડવા માટેના અભ્યાસ માટેની આપણે અભ્યાસક્રમમાં દાખલ કરવાના છીએ. મરીન ઇન્સ્યોરન્સ, દરિયાઇ મારફતે મુસાફરી કરતા ક્યાંય અકસ્માત થાય અને કોઇ અકસ્માતમાં મરણ થાય, ડૂબી ગયું હોય તો એને વળતર માટેની વ્યવસ્થા, વિદ્યાર્થી આપણી મેરી ટાઇમ યુનિવર્સિટીમાં ભણે અને આ વિષયમાં ગ્રેજ્યુએટ થાય, પી.જી. થાય અને પછી આખા વિશ્વમાં આવા બનાવો અવાર નવાર બનતા હોય છે. આપણને ખબર છે કે વાવાઝોડામાં, સુનામીમાં, ગ્લોબલ વોર્મિંગમાં દરિયાઇ અકસ્માતો થતા હોય છે અને એમાં માલ–સામાનને નુકસાન થતું હોય, વ્યક્તિનું નુકસાન થાય, સામૂહિક નુકસાન થાય તે વખતે એને વળતર કોણ આપે, કેવી રીતે આપે, ક્યાંથી આપે આ બધી વ્યવસ્થા છે એના માટે ઇન્સ્યોરન્સનો અભ્યાસ કર્યો હોય એ જરૂરી છે. મેં હમણાં કહ્યું કે બી.એસ.સી. થી માંડીને પી.જી. પણ આમાં કરી શકાશે. પી.જી. ડિપ્લોમા ઇન મેરીટાઇમ લો, પી.જી. ડિપ્લોમા ઇન મરીન ઇન્સ્યોરન્સ, પી.જી. ડિપ્લોમા ઇન ચાર્ટર્ડ એન્ડ શીપ બ્રેકીંગ, આ રીતે અલગ અલગ રીતે આ યુનિવર્સિટી ગુજરાતના ભાવિ ઘડતરમાં જે યુવાનો આગળ આવી રહ્યા છે, પહેલા અભ્યાસક્રમો સિમિત હતા પણ નરેન્દ્રભાઇ, આનંદીબેન અને અત્યારે માનનીય વિજયભાઇ રૂપાણીએ આખી ગ્લોબલ કોમ્પીટિશનને ધ્યાનમાં રાખીને આપણે ખાનગી યુનિવર્સિટીઓ, હજી ચાર દિવસ પહેલા અમે કર્યું એમાં સ્ટાર્ટ–અપનો એક વિષય હતો. ગુજરાત અને દેશ માટે એક નવો વિષય, મેઇક–ઇન–ઇન્ડિયા, સ્ટેન્ડ–અપ ઇન્ડિયા એ નવો વિષય. સરકારી નોકરીમાં રોજગારી મળે, ઉદ્યોગોમાં રોજગારી મળે અને ઉદ્યોગોમાં પણ નવું નવું બનતું હોય એમાં કેવી રીતે નવા કોર્ષો થાય તો રોજગારીની તકો ઉભી કરવી એ રાજ્ય અને કેન્દ્ર સરકારનું કામ છે. કેન્દ્ર સરકારે છેલ્લા અઢી વર્ષની અંદર નવા વિચારો મૂકીને નવી રોજગારી કેમ ઉભી થાય. તમને નવા વિચારો આવે છે, એ સમસ્યાનું નિરાકરણ કરીએ છીએ. આજકાલ આપણે સાવરણીથી ફ્લોર સાફ કરતા હતા એના બદલે હવે ચાંપ દબાવીએ અને ફ્લોર સાફ થઇ જાય. આ બધું ઇનોવેટીવ છે. આ ઇનોવેટીવમાં મારા યુવાન ઇન્ટરપ્રિનિયોરને વિચાર આવે, મારે આનો અભ્યાસ કરવો છે એવો વિચાર આવે છે પણ મારી પાસે પૈસા નથી તો આ બધી વ્યવસ્થા ઉભી કરવી હશે તો આપણે એ દિશામાં આગળ વધી શકીશું. આ ખૂબ અગત્યનું બિલ છે. આગામી વર્ષોમાં મારા યંગ ઇન્ટરપ્રિનિયોર જે છે અને આજકાલ મારા શિક્ષણ વિભાગમાં પણ મેં કહ્યું હતું કે, પ્રવેશ વખતે વિદ્યાર્થી બિલકુલ પ્રફુલ્લિત મને કોઇપણ ભય કે ગભરાટ વગર દાખલ થયા છે એ વિદ્યાર્થીઓ આજે ૨૦ વર્ષના થયા છે. એના કારણે આજકાલ આ યુવાનોમાં ટેકનોલોજીનો વિકાસ થયો છે અને એના કારણે જૂની પેઢી કરતા વધારે ગ્રાસ્પીંગ કરે છે. એને જો તક પૂરી પાડવામાં ન આવે તો પછી એ હતાશ અને નિરાશ થાય અને એમાંથી અનરેસ્ટના પ્રોબ્લેમો આપણે જોઇએ છીએ એ પેદા થાય. એ ન થાય એટલા માટે પણ નરેન્દ્રભાઇએ આગોતરું આયોજન કરીને એને કોઇ ખબર જ ન હોય કે આમાં કંઇ અભ્યાસ કરી શકાતો હશે ? બી.એ. કે એમ.એ. થાવ તો નોકરી મળે, બી.એસ.સી. થાવ તો નોકરી મળે, પી.એચ.ડી. થાવ તો નોકરી મળે, એન્જિનિયરીંગ અને મેડિકલ થાવ તો નોકરી મળે. પણ

અમે એક નવું ક્ષેત્ર લઇને અમે આવ્યા છીએ અને આ ક્ષેત્ર છે એ વિશ્વવ્યાપી ક્ષેત્ર છે. હજારો વર્ષથી દરિયો છે, હજારો અને લાખો વર્ષથી આ ધરતી છે અને એના ઉપરના પ્રશ્નો છે, એની સમસ્યાઓ છે એના ઉકેલ માટે વિદ્યાર્થી તૈયાર થાય અને સમાજને માર્ગદર્શન આપે અને એમને રોજગારી પણ મળે આવા બહોળા આશયથી આ એક નવું બિલ લઇને આવ્યો છું. મને આશા છે કે મારા સાથીઓ ખૂબ રસ લઇને આમાં ભાગ લેશે અને સર્વાનુમતે આ બિલને પસાર કરશે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહજી ગુજરાત પ્રાઇવેટ યુનિવર્સિટી એમેન્ડમેન્ટ બિલ લઇને આવ્યા છે એમાં હું મારો સૂર પુરાવું છું, એ બિલને હું સમર્થન આપું છું. એ બિલની સાથોસાથ માનનીય મંત્રીશ્રીને અભિનંદન પણ આપું છું કે છેલ્લા ૧૦ વર્ષમાં ગયા અઠવાડિયે ૪ નવી યુનિવર્સિટીઓ અને આ એક નવું ગુજરાત મેરી ટાઇમ યુનિવર્સિટીનું બિલ લઇને આવ્યા છે ત્યારે હું એમને હૃદયપૂર્વકના અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ યુનિવર્સિટી આવનારા દિવસોમાં જે પ્રકારે અત્યારે પી.ડી.પી.યુ. છે એ પ્રકારની યુનિવર્સિટી બનશે અને હું માનું છું ત્યાં સુધી આ એક વિઝનરી સ્ટેપ છે. Respected sir, Gujarat is one of the best States in India in terms of cost of living, in terms of quality living, in terms of infrastructure, in terms of human resources , in terms of pro-active policy and in terms of doing business. Government of Gujarat is very agile as any other government or any other State in India, and that is why we are the best governed State in India. Our Hon'ble Minister, Shri Bhupendrasinhji Chudasma has studied all the policies across India, across the globe and the best policies are being embedded in our policy too. As a government, Gujarat Government believes in accountability and transparency. In terms of transparency we stuck to our policies and promises we have given to the people. There are a lot of energies to be explored and a lot of possibilities to be tracked. Gujarat has created a technology platform from which Indian youth or Gujarat youth can cherish innovation, can come out with new ideas, and this is what our Hon'ble Prime Minister Shri Narendra Modi is looking forward to. Gujarat certainly believes that the next way of growth is innovation. I am happy to say that Gujarat and Gujaratis are passionate for innovation. Gujarat is one of the most progressive States in India and has always differentiated itself with innovative policies. With modern infrastructure and above all entrepreneur spirit of the people of Gujarat to emerge as an inclusive and sustainable growth. Converting any challenge into an opportunity for development and growth is the spirit of the Government of Gujarat and the spirit of the people.

Sir, હું હ્રદયપૂર્વકના અભિનંદન માનનીય મુખ્યમંત્રીશ્રીને આપવા માગીશ કે આ વખતના વાયબ્રન્ટ ગુજરાતની અંદર આખા વિશ્વમાંથી નવ નોબલ લૉરેટને એક છત હેઠળ ભેગા કર્યા અને એની સાથે સાથે sharing of knowledge, technology, experience, skills, values આ બધી બાબતની ચર્ચા થઇ. માનનીય અધ્યક્ષશ્રી, મારે સલામ કરવી જોઇએ આ મુખ્યમંત્રીને અને ગવર્નમેન્ટને. આ કદમ ક્યારે વિશ્વમાં બહુ ઓછું જોવા મળે છે એવું આ કદમ હતું. માનનીય અધ્યક્ષશ્રી, આ સમિટની અંદર The summit was an effort where people of India and the world meet for enriching relationship and for better tomorrow. મને નરેન્દ્રભાઇના શબ્દો બરોબર યાદ છે. એમણે ભાષણ ત્યાં આગળ ઇગ્લિશમાં કર્યું હતું પણ એમના શબ્દ એ હતા “If you have patience for good living, Gujarat is for you, if you wish development and growth, Gujarat is for you, and if you aim VASUDEVA KUDUMBAKAM, Gujarat is for you.” માનનીય અધ્યક્ષશ્રી, આ સમયે હું આપણા late President of India ડો. એ.પી.જે. અબ્દુલ કલામને યાદ કરું. એમના શબ્દ એ હતા કે "thinking should become your capital asset" અને આજે આ માનનીય મંત્રીશ્રીએ પુરવાર કર્યું છે. એમના બીજા શબ્દ એ હતા કે “all of us do not have equal talent, but all of us have equal opportunity to develop our talent.” માનનીય અધ્યક્ષશ્રી, આવા ઇનોવેટીવ બિલોથી એ ચરિતાર્થ થાય છે, પુરવાર થાય છે કે આ સરકાર કઇ દિશામાં જઇ રહી છે અને કઇ દિશામાં કેવા વિઝનરી પગલા ભર્યા છે? માનનીય અધ્યક્ષશ્રી, વિઝન કેવું હોવું જોઇએ? વિઝન એવું હોવું જોઇએ કે seeing invisibleઅને આ સરકાર પાસે વિઝન પણ છે અને મિશન પણ છે. મિશન એવું છે કે doing impossibleઆ ક્યારે ય આખા દેશની અંદર આ પ્રકારની યુનિવર્સિટીનું બિલ લાવવાનું કોઇ સરકારે કર્યુ નથી. હું માનનીય મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહજીને અભિનંદન આપીશ. હમણાં જ એમણે વાત છેડી Start-upઅને Innovation Universityની. માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે કે એક વખતનું ફેઇસ બુક શું હતું? તો એક વખતનું ફેઇસ બુકએ Start Up હતું. ગુગલ શું હતું? ગુગલ એક Start Up હતું. Whats Up શું હતું? Whats Up પણ એક Start Up હતું. બધા જ સભ્યોને હું કહીશ કે ૫૦૦૦ કરોડની ઇન્ડસ્ટ્રીઝ એ ઓલા કેબ. એની પાસે એક ગાડી ન હતી પણ આજે એમ કહી શકીશ કે ૫૦૦૦ કરોડની ઇન્ડસ્ટ્રીઝ બની એ શું હતું? એ Start Up હતું. ઉબેર, ઓલા, એમેઝોન, ફ્લિપકાર્ટ આ એક Start Up હતું અને આ યુનિવર્સિટી પણ લાવવાનું જો મૂળ કારણ હોય તો આ દેશની સૌથી મોટી એક સમસ્યા એ છે કે આ દેશની અંદર દર મહિને દસ લાખ જોબ એટલે નોકરી

આ દેશને જરૂરિયાત છે. અને એ આખા દેશની સૌથી મોટી સમસ્યા હોય ત્યારે આ દેશના વડાપ્રધાન અને વિઝનરી લિડર મોદી સાહેબે આ સ્ટાર્ટ અપ અને સ્ટેન્ડ અપ ઇન્ડિયાની ૧૫મી ઓગસ્ટે લાલ કિલ્લા પરથી જાહેરાત કરી હતી અને એનો ઉદ્દેશ આ હતો અને એ ઉદ્દેશને ધ્યાનમાં રાખીને આપણી ગુજરાત સરકારે, માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમા એ જે સ્ટાર્ટ અપ યુનિવર્સિટીનું જે બિલ લાવ્યા છે એ ખરેખર અભિનંદનને પાત્ર છે. ગુજરાત પાસે શું નથી? ગુજરાત પાસે ઇનવેસ્ટમેન્ટ ફ્રેન્ડલી વાતાવરણ છે, આપણી પાસે રોબૉસ ઇન્ફ્રાસ્ટ્રકચર છે, નેચરલ આપણી પાસે ખૂબ રિસોર્સ છે, સ્કીલ્ડ મેન પાવર છે, સારામાં સારો ગવર્નમેન્ટ સપોર્ટ છે, સારામાં સારી પૉલીસી છે. હું તો ત્યાં સુધી કહીશ કે, આજે તો જે કાંઇ ઇન્ડસ્ટ્રીઝ છે એ કાં તો ગુજરાતી ચલાવે છે, કાં તો ગુજરાત એને પ્રેરિત કરીને ચલાવે છે એવું કહું તો જરા પણ ખોટું નથી. આ યુનિવર્સિટીથી એ ચાહે સ્ટાર્ટ અપ હોય કે, ગયા વિકની અંદર જે યુનિવર્સિટીઝ આપણે મૂકી હતી, જે બિલ લાવ્યા હતા અને આ બિલ, આનાથી થશે શું? આનાથી વધારે જોબ ક્રિએટ થશે, વધારે ઇનોવેશન, વધારે સ્કીલ ઇન્ક્યુબેશન સેન્ટર શરૂ થશે.

હું મારા જિલ્લાનો એક પ્રશ્ન કારણ કે, હું પણ એક ઉદ્યોગ ચલાવું છું. એક માલ કોઇ પણ આપણે બનાવીએ, ધારો કે કોઇ પણ પ્રકારનું કેમિકલ હોય એ કેમિકલને આપણે જો કર્ણાટક, આંધ્રપ્રદેશ અથવા તો ડિપ સાઉથની અંદર મોકલાવવું હોય, બાય રોડ જો જઇએ તો બાય રોડના એના સાત રૂપિયાથી દસ રૂપિયા સુધીનું એનું પર કે.જી. રેન્ટ આવે છે. અને જ્યારે કોમ્પિટેટિવ જમાનો છે, આપણે બધી જ પ્રકારની કોમ્પિટિશન ધારો કે, ચાઇનાથી કરીએ છીએ, તો ચાઇના એ શીપ દ્વારા એ દરિયાઇ માર્ગ દ્વારા એ સાડા ત્રણ રૂપિયા કે ચાર રૂપિયામાં એ માલ આપણા ડિપ સાઉથની અંદર કે કોઇ પણ સ્ટેટની અંદર નાખે છે. તો ત્યારે આ ટ્રાન્સ્પોર્ટેશનને લીધે આપણે એને કોસ્ટની અંદર કોમ્પીટ કરી શકતા નથી. ત્યારે આવનારા દિવસોની અંદર મરીન ઉદ્યોગ જે માનનીય શ્રી મોદી સાહેબનું વિઝન છે કે આપણી પાસે, જેમ માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે, ગુજરાત પાસે ૧,૬૦૦ કિલો મીટર લાંબો દરિયો છે. તો આ ૧,૬૦૦ કિલો મીટર દરિયો લાંબો હોય તો સૌથી મોટો એડવાન્ટેજ એ ગુજરાતને મળવાનો છે. અને જ્યારે આ વિઝનરી સ્ટેપ એટલા માટે છે કે, આ બિલ ભલે અત્યારે હોય પણ પાંચ વર્ષ પછી આ બિલ, આ જે યુનિવર્સિટી સ્થાપિત થશે એનાથી અનેક અનેક ફાયદાઓ થવાના છે. આ ઉદ્યોગ એટલો બધો વધવાનો છે કે, ત્યારે આપણે શું જરૂર પડશે? સ્કિલ્ડ મેન પાવરની જરૂર પડશે. આજે માનનીય મંત્રીશ્રીએ એકે એક જે બિલની અંદરની જે વાત કરી છે કે, કેવા કેવા કોર્ષિસ થશે એ ત્યારે જરૂર પડશે અને ત્યારે ખરેખર આ યુનિવર્સિટીનો અર્થ સમજાશે.

આ ગુજરાત મેરી ટાઇમ યુનિવર્સિટી લાવવાનો વિચાર મૂળ તો એ આપણા દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનો. હું તો એમ કહીશ કે, "MODI"નો મતલબ એ થાય, "Man of Developing India". અને આ મૂળભુત વિચાર મોદી સાહેબનો હતો કે, ગુજરાત મેરી ટાઇમ યુનિવર્સિટી સ્થાપવામાં આવે અને તેનાથી પ્રેરાઇને પૂર્વ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ, હાલના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ સાહેબે આ પ્રેરણાને આગળ વધારી આ બિલ આજે ગૃહની અંદર આવ્યું છે. ગુજરાત મેરી ટાઇમ યુનિવર્સિટી એ જી.એમ.બી. એજ્યુકેશન બોર્ડ દ્વારા પ્રમોટ અને પ્રોત્સાહિત કરવામાં આવશે.

આ બિલ ઊપર આવું તો ગુજરાત મેરી ટાઇમ યુનિવર્સિટી એ મેરી ટાઇમ એજ્યુકેશન જેને કહી શકાય, સ્કીલ અને ડેવલપમેન્ટ અને આર. એન્ડ ડી., આ ત્રણેયને આમ આ વિશ્વ કક્ષાની સારામાં સારી આ યુનિવર્સિટી બનનાર છે. આ યુનિવર્સિટી ગાંધીનગર અને અમદાવાદની વચ્ચે લગભગ સો એકરની અંદર પ્રસ્થાપિત થશે, ત્યાં ઊભી કરવામાં આવશે અને આ રાજ્ય પોતાની રીતે એવી પ્રથમ યુનિવર્સિટી હશે કે જેનું સંપૂર્ણ ધ્યાન મેરી ટાઇમ ક્ષેત્ર ઊપર કેન્દ્રિત હશે.

મોટાભાગે ઇન્ડિયાની અંદર આ પ્રકારની યુનિવર્સિટી મેરી ટાઇમ યુનિવર્સિટી અભ્યાસ ક્રમો ચલાવે છે પણ આપણે જે બિલ લઇને આવ્યા છીએ એવી એક પણ યુનિવર્સિટી ઇન્ડિયાની અંદર નથી. મોટાભાગના કાર્યક્રમ એ જે ભારતીય યુનિવર્સિટીઝની અંદર છે.

એ મોટાભાગે મરીન એન્જીનીયર, ડેક ઓફિસર, મરીન ઇજનેર, નેવી મર્ચન્ટ, નોટીકલ સાયન્સ જેવા સર્ટીફીકેશન કોર્સ ઇન્ડીયાની અંદર અત્યારે હાલ ચાલી રહ્યા છે પણ આપણે જે યુનિવર્સિટી ઉભી કરવા જઇ રહ્યા છીએ એ યુનિવર્સિટીની અંદર ટેકનીકલ અને કોમર્શિયલ આમ બંને પ્રકારના ક્ષેત્રોને આવરી લીધા છે. આ યુનિવર્સિટી એવા કાર્યક્રમો ચલાવશે કે જે દેશની મોટાભાગની સંસ્થાઓ ચલાવતી નથી જેમ કે maritime management, port and shipping, transportation and logistics, shipping trade and finance, maritime human resource management, LLM in maritime law, International trade law, MA in marine law આવા બંને પ્રકારના અભ્યાસક્રમો આની અંદર આ યુનિવર્સિટીમાં આવરી લેવામાં આવ્યા છે. PG diploma in logistics, marine chartering, ship breakin ના કોર્સીસ પણ આ યુનિવર્સિટી ચલાવનાર છે. આ કાર્યક્રમો થકી યુનિવર્સિટી દ્વારા માનવ સંસાધન શિક્ષણ, તાલીમ અને સંશોધન જેમ મેં કીધું આર એન્ડ ડી જે સંશોધનની જરૂરિયાત છે એ પણ આ યુનિવર્સિટી પૂરી કરશે. યુનિવર્સિટી બે તબકકામાં વિકસાવવામાં આવશે. દરેક તબકકો છ વર્ષનો હશે. પ્રથમ તબકકાની અંદર સ્કૂલ ઓફ મેરીટાઇમ મેનેજમેન્ટ, સ્કૂલ ઓફ મેરીટાઇમ લો, નીતિ અને વહીવટ, Centre of education, centre of executive education સમાવેશ કરવામાં આવશે. પ્રથમ તબકકા દરમિયાન યુનિવર્સિટી મેરીટાઇમ ઇન્ડસ્ટ્રીઝ અને કોમર્શિયલ પહેલુઓ જેવા કે લોજીસ્ટીક છે, કાયદા છે, મેરીટાઇમ મેનેજમેન્ટ છે, શીપીંગ ટ્રેડ એન્ડ ફાઇનાન્સ વગેરે આ કોર્સીસ ચલાવવામાં આવશે. આમાં એવા વિદ્યાર્થીઓ ભાગ લઇ શકશે કયા વિદ્યાર્થીઓને કારકિર્દી બનાવવી છે તો બારમે ધોરણ પાસ કર્યા પછી વિદ્યાર્થી તેમાં કોઇપણ પ્રવાહમાં પાસ કર્યું

હશે તો તે મેરીટાઇમ ક્ષેત્રે કારકિર્દી બનાવવા ઈચ્છતો હોય તો તે મેરીટાઇમ મેનેજમેન્ટ બી.બી.એ.ની પસંદગી કરી શકે છે. જુદાજુદા પ્રવાહોમાં તમામ એમ.બી.એ. અભ્યાસક્રમો કોઇપણ પ્રવાહમાં સ્નાતક થયેલા વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ છે. કોઇપણ કોલેજમાંથી અનુસ્નાતક થયેલા કે સંશોધન અને રસ ધરાવતા વિદ્યાર્થીઓ સ્કૂલ ઓફ મેરીટાઇમ મેનેજમેન્ટ અને સ્કૂલ ઓફ મેરીટાઇમ પોલિસી લો અને એડમિનીસ્ટ્રેશન દ્વારા આપવામાં આવતી પી.એચ.ડી. પર પસંદગી ઉતારી શકે છે. કાર્યરત વૈશ્વિક અને post graduation of executive પર પસંદગી ઉતારી શકે છે. બીજા તબકકાની અંદર સ્કૂલ ઓફ મરીન ટેકનોલોજી school of marine art and social scienc નો સમાવેશ કરવામાં આવ્યો છે. આ યુનિવર્સિટી ટેકનીકલ ક્ષેત્રે જેવા કે મરીન એન્જીનીયરીંગ, નોટીકલ સાયન્સ જેવા અભ્યાસક્રમો શરૂ થશે અને લીબરલ આર્ટસ અને સોશ્યલ સાયન્સ આ કોર્સીસ પણ આવવાના છે. પ્રથમ તબકકામાં યુનિવર્સિટીનો મુખ્યત્વે અનુસ્નાતક કાર્યક્રમો ઉપર ધ્યાન કેન્દ્રિત થશે અને બીજા તબકકાની અંદર યુનિવર્સિટી સ્નાતક કાર્યક્રમો ઉપર ધ્યાન કેન્દ્રિત કરશે. આ યુનિવર્સિટીની સવલતો જે કહી શકાય, સુવિધાઓ ગુજરાત મેરીટાઇમ યુનિવર્સિટી એનું ગ્રીન બિલ્ડીંગ કન્સેપ્ટ સાથેનું સ્ટેટ ઓફ આર્ટ એટલે કે એક જુદા જ પ્રકારનું કેમ્પસ હશે. વિદ્યાર્થીઓને શિક્ષકો માટે કેમ્પસની અંદર રહેવાની વ્યવસ્થા છે, કેમ્પસ તમામ સુવિધાથી સજજ હશે જેમ કે શૈક્ષણિક અને વહીવટી વિસ્તાર, રહેણાક વિસ્તાર, વિદ્યાર્થીઓ માટે  છાત્રાલય આ ઉપરાંત આની અંદર ગેસ્ટહાઉસ હશે, જીમ્નેશીયમ હશે, ઇન ડોર એન્ડ આઉટ ડોર સ્પોર્ટસ સેન્ટર્સ હશે, ડે કેર, સ્વીમીંગ પુલ, રેસ્ટોરન્ટ, ફૂડ કોર્ટ, એ.ટી.એમ., પોસ્ટ ઓફિસ, કોમ્યુનિકેશન જેવા સેકટરથી યુનિવર્સિટી બનનાર છે. માનનીય મુખ્યમંત્રીશ્રી નથી પણ માનનીય મંત્રીશ્રી બેઠા છે ત્યારે હું વિનંતી કરું છું કે સાહેબ, આ બધા જ એમ.એલ.એ.ને એક વખત દહેજ પોર્ટ બતાવવું જોઇએ અને જો દહેજ પોર્ટ જુએ ત્યાં આગળ આઠ કે નવ જેટી આવી છે. એ જેટીની ઉપર ગુજરાતની અંદર કેટલી શીપમેન્ટ આવે છે.  જો આ શિપમેન્ટને જોશો તો હું માનું છું કે ખ્યાલ આવશે કે મોદી સાહેબ ગુજરાતમાં કયા પ્રકારનો વિકાસ કરીને ગયા છે. આવી જેટીઝ જોશો તો દરરોજ ભરૂચની અંદર, દહેજની અંદર શિપ્સ લંગારવામાં આવે છે. એક વખત જઇને જુઓ તો જ ખ્યાલ આવે કે આવનારા દિવસોમાં મરીન યુનિવર્સિટી વિધેયક મંત્રીશ્રી લાવ્યા છે, જેની પાછળના ઉદેશો છે એ કેવા પ્રકારના છે.  આ ઇન્ડસ્ટ્રિઝને જુઓ તો આવનાર ભવિષ્ય હું મારી વાત કરતો હતો અને ઉદાહરણ પણ મેં ભરૂચ જિલ્લાનું આપેલું. આ વિકાસ કેવો થનાર છે. વિઝનરી સ્ટેપ છે. ફરીથી કહું છું કે બહુ લાંબુ વિઝન સાથેનું સ્ટેપ છે. હું હ્યદયપૂર્વક મોદી સાહેબને અભિનંદન આપું છું. વિજયભાઇ, નીતિનભાઇ અને ભૂપેન્દ્રસિંહજીને અભિનંદન આપું છું. ખૂબ મહત્વનું બિલ લઇને આવ્યા છે એને સમર્થન આપીને મારી વાત પૂરી કરું છું.

શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતીય સુધારા) વિધેયક ૨૦૧૭ ને સમર્થન આપી મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

ભારતના બંધારણની અંદર કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો વચ્ચે જે કામગીરીની વહેંચણી છે, એમાં શિક્ષણનો વિષય છે તે કનકરેન્ટ લિસ્ટમાં આવે છે. શિક્ષણ માટે ભારત સરકાર કાયદો બનાવી શકે અને જે તે રાજ્યોની વિધાનસભા કાયદો બનાવી શકે.  આ સન્માનિત ગૃહે ૨૦૦૯ માં ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ પસાર કરેલ છે, એને અંતર્ગત અત્યાર સુધીમાં ૨૫ જેટલી ખાનગી યુનિવર્સિટીઓ કાર્યરત છે.  આજે આપણા માટે આનંદની વાત છે કે ૨૬મી ખાનગી યુનિવર્સિટી ગુજરાત મેરીટાઇમ બોર્ડ યુનિવર્સિટીને મંજૂરી આપવા માટેની વિચારણા અત્યારે ચાલી રહી છે. ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ–૨૦૦૯ અંતર્ગત પ્રક્રિયા એવી છે કે જે નામાંકિત શૈક્ષણિક સંસ્થાઓ હોય એ સંસ્થા અરજી કરે છે. અરજી કર્યા પછી રાજ્ય સરકાર તરફથી ચકાસણી સમિતિની રચના કરવામાં આવતી હોય છે. તે પોતે ચકાસણી કરીને ઇરાદાપત્ર લેટર ઓફ ઇન્ડેન્ટ આપતી હોય છે. રાજ્ય સરકારને કલમ–૧૦ નીચે એવું લાગે કે ઇરાદાપત્રની તમામ શરતોની પૂર્તતા કરવામાં આવી છે અને સંસ્થા તરફથી એન્ડાઉમેન્ટ ફંડ ઊભું કરવામાં આવ્યું છે, ત્યારે આ રીતે બિલ દ્વારા ખાનગી યુનિવર્સિટી તરીકે માન્યતા આપવાનું વિધેયક લાવવામાં આવતું હોય છે.  મને યાદ આવે છે કે જ્યારે ૧૯૯૫ પહેલા ગુજરાતની અંદર શિક્ષણની જે પરિસ્થિતિ હતી, તેમાં ખાસ કરીને ઉચ્ચ શિક્ષણની પરિસ્થિતિ હતી તે ખૂબ ગંભીર હતી. ગંભીર એ અર્થમાં હતી કે ૧૦ ટકાથી ઓછા વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી શકતા હતા. આજે મને કહેવાનું મન થાય છે કે ગુજરાતની અંદર કોંગ્રેસ પક્ષ તરફથી એક આદિવાસી મુખ્યમંત્રી નિયુક્ત કરવામાં આવેલા, પણ એમના સમયની અંદર આદિવાસી વિસ્તારની અંદર સ્કૂલોની સ્થાપના કરવામાં નહોતી આવી. એના કારણે એન્જિનિયરિંગ, મેડિકલ કોલેજોની અંદર, મંગુભાઇ પોતે ઉપસ્થિત છે અને તેઓ એના સાક્ષી છે. એમાં વિદ્યાર્થીઓની જગ્યા ખાલી રહેતી હતી. એમ.બી.બી.એસ., એન્જિનિયરિંગની અંદર અનામતની જોગવાઇ ખરી, પરંતુ ઉપયોગ આદિવાસી વિદ્યાર્થી કરી શકતા નહોતા, એટલા માટે નહોતા કરી શકતા કે અહીંયા વાત આદિવાસીની, ગરીબોની, દલિતોની કરવાની, પણ કામ નહિ કરવાનાં અને એનાં પરિણામ એવાં આવેલ કે દરેક તાલુકાની અંદર વિજ્ઞાન, અંગ્રેજી અને ગણિત ભણાવવા માટેની વ્યવસ્થા નહોતી.  માનનીય નરેન્દ્રભાઇ મોદી જયારે ગુજરાતમાં મુખ્યમંત્રી બન્યા ત્યારે તેમણે નિર્ણય કર્યો કે આદિવાસી વિસ્તારની અંદર તમામે તમામ તાલુકાઓ કે જે અતિપછાત અને પછાત તાલુકાઓ ગણાતા હતા તે તમામ તાલુકાની અંદર વિજ્ઞાન, ગણિત અને અંગ્રેજીની સ્કૂલો શરૂ કરવામાં આવી. સાહેબ, પરિણામ એ આવ્યું કે આજની તારીખે એન્જિનિયરીંગ હોય કે મેડિકલ હોય તેમાં અનસૂચિત જાતિ અને જનજાતિની તમામ સીટોનો ઉપયોગ થઇ રહ્યો છે તે આપણા માટે ખૂબ ગૌરવની બાબત છે. રાજયની અંદર આજે પરિસ્થિતિ એવી છે કે, જે લોકો ગરીબોની વાતો કરે છે તો આ ગરીબો માટે ઉચ્ચ શિક્ષણ ખૂબ મહત્વનું છે. કારણ કે તેની પાસે જમીન કે

મૂડી નથી. શિક્ષણ સિવાય તેની પાસે કોઇ સાધન નથી. તે સંજોગોની અંદર રાજયમાં વધારે કોલેજો થાય તે માટેના પ્રયાસો આ રાજય સરકાર તરફથી કરવામાં આવ્યા છે. આ ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતીય સુધારા) વિધેયક ૨૦૧૭ માં મેરીટાઇમ યુનિવર્સિટીની વાત કરવામાં આવી છે. યુનાઇટેડ નેશન્સ દ્વારા એક સંસ્થા ચાલે છે. તે સંસ્થાનું નામ ઇન્ટરનેશનલ મેરીટાઇમ ઓર્ગેનાઇઝેશન છે. તેણે પોતે ૨૦૧૫ની અંદર ૨૪-૯-૨૦૧૫ ના રોજ વર્લ્ડ મેરીટાઇમ ડે તરીકે ઉજવણી કરેલી ત્યારે તેનો મુખ્ય વિષય હતો મેરીટાઇમ એજયુકેશન અને ટ્રેઇનિંગ. મેરીટાઇમ એજયુકેશન, ટ્રેનિંગ, રીસર્ચ અને તાલિમની વ્યવસ્થા આખા વિશ્વમાં છે. ભારતની અંદર અને ખાસ કરીને ગુજરાતમાં આ વ્યવસ્થા ઉપલબ્ધ નથી. આજે દુનિયાભરની અંદર વર્લ્ડ મેરીટાઇમ યુનિવર્સિટી તેના ઇન્ટરનેશનલ મેરીટાઇમ લો ઇન્સ્ટિટયૂટના માર્ગદર્શન થકી અભ્યાસક્રમો ચાલતા હોય છે. ભારત દેશની અંદર પણ ડાયરેકટર જનરલ ઓફ શીપીંગ, જે ભારત સરકારના અધિકારી છે તથા તેની ઓફિસ છે તેના દ્વારા સમગ્ર દેશની અંદર ૧૪૦ જેટલા મેરીટાઇમ એજયુકેશન સંસ્થાઓ કાર્યરત છે. આ સંસ્થાઓ દ્વારા ડિગ્રી અને ડિપ્લોમા તથા સર્ટિફિકેટ કોર્સિસ પણ ચલાવવામાં આવે છે. હાલમાં જે કોર્સિસ ઉપલબ્ધ છે તેમાં બેસ્ટ ઓફીસર, મરીન એન્જિનિયરીંગ, નોટીકલ સાયન્સ, મરચન્ટ નેવી અંગેના સર્ટિફિકેટ કોર્સીસ ચાલે છે. તાંત્રિક પ્રકારની જે તાલિમ ઉપલબ્ધ છે પણ કોમર્શિયલ પ્રકારના અભ્યાસક્રમો જેવા કે મેરીટાઇમ લો, મેરીટાઇમ પોલીસી, મરીન ઇન્શ્યુરન્સ, ટ્રેડ એન્ડ ફાઇનાન્સ, મેરીટાઇમ ઇકોનોમિક્સ, મેરીટાઇમ બિઝનેશ વગેરે અંગેના જે કોર્સિસ છે તે સામાન્ય રીતે ઉપલબ્ધ થતા નથી. આ યુનિવર્સિટીના કારણે ગુજરાતની અંદર આપણે આ તમામ પ્રકારના તાંત્રિક તથા કોમર્શિયલ કોર્સિસ છે તે શરૂ કરી શકાશે. માનનીય મંત્રીશ્રીને અને રાજય સરકારને ૨૬મી ખાનગી યુનિવર્સિટી ગુજરાત મેરીટાઇમ બોર્ડ સ્થાપવા માટે હું અભિનંદન આપું છું અને સમર્થન આપું છું. મારે કહેવું જોઇએ કે, રાજયની અંદર નરેન્દ્રભાઇ મોદીનું જે વિઝન હતું તેના કારણે ઉચ્ચ શિક્ષણનું જે માળખું ઉભું કરવામાં આવ્યું હતું, જે માળખાની અંદર એકપણ તાલુકો એવો નથી કે જયાં આગળ કોલેજ ઉપલબ્ધ ન હોય. આપણી સિદ્ધિ એ છે કે ગુજરાતના તમામે તમામ તાલુકાઓની અંદર આપણે કોલેજો ઉપલબ્ધ કરાવી છે. રાજયની અંદર ૧૦૫૯ જેટલી કોલેજો છે. તેમાં ૧૦૬ જેટલી સરકારી કોલેજો અને ૩૫૬ જેટલી ગ્રાન્ટ ઇન એઇડ બિનસરકારી કોલેજો કાર્યરત છે. ૬૦૫ જેટલી સ્વનિર્ભર કોલેજો છે જ્યારે ૨૦૦૧માં ફકત ૧૨ યુનિવર્સિટીઓ હતી અત્યારે ૭૦ થી પણ વધારે યુનિવર્સિટીઓ ગુજરાતમાં કાર્યરત છે. એવી જ રીતે ૧૫ જેટલી ગ્રામ વિદ્યાપીઠો, ૧૨ જેટલી સંશોધનની સંસ્થાઓનું આખું નેટવર્ક એટલે ઉચ્ચ શિક્ષણ માટેનું એક સઘન-મજબૂત નેટવર્ક ભારતીય જનતા પાર્ટીની સરકારે રાજયમાં ઉભું કર્યું છે અને એ પૈકી ખાનગી યુનિવર્સિટીઓ પણ મહત્વનો ભાગ ભજવી શકે એ માટે આ જે કાયદો લાવ્યા છે એમાં આ ૨૬મી યુનિવર્સિટી આપણા ગુજરાતમાં થઇ રહી છે એ માટે રાજય સરકારને અભિનંદન આપુ છું અને બિલને સમર્થન આપુ છું.

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ(ઉધના) : માનનીય અધ્યક્ષશ્રી, આજે જે માનનીય ભુપેન્દ્રસિંહજી ગુજરાત મેરીટાઇમ યુનિવર્સિટી, ગાંધીનગરનું જે સરકારી બિલ લઇને આવ્યા છે એના સમર્થન માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા માનનીય વડા પ્રધાનશ્રીનું ગુજરાતના વિકાસનું વિઝન હતું અને એ બાબતમાં એમણે જે સ્વપ્ન જોયું હતું એનો આ એક ભાગ છે. મને વર્ષોથી યાદ છે કે, ગુજરાતનો વિકાસ કરવામાં કઇ કઇ બાબતોનું ધ્યાન રાખવું જોઇએ, નરેન્દ્રભાઇએ આપણને આ માટેના ઘણાં બધા પાઠ શીખવ્યા છે. ગુજરાતના વિકાસ માટે પાંચ શકિતઓનો વિકાસ કરવાની વાત એમણે પહેલા કરી હતી. પંચશકિત જળશકિત, ઉર્જાશકિત, રક્ષાશકિત વગેરે પાંચ શકિતઓની જે વાત કરી હતી એમાં જળશકિતની અંદરનો આ એક ભાગ છે. મારે અભિનંદન આપવા છે માનનીય ભુપેન્દ્રસિંહજીને કે જે નરેન્દ્રભાઇએ આપણને ગુજરાતનો ૧૬૦૦ કિલોમીટરનો દરિયો બતાવ્યો હતો એ દરિયાની અંદર કેટલી શકિતઓનો વિકાસ કરવાની જરૂર છે એનો આ એક ભાગ છે. આપણા ગુજરાતમાં હજારો વર્ષો પહેલા પણ તરાપા ઉપર બેસીને વહાણવટા દ્વારા એક દેશથી બીજા દેશમાં જઇને વેપાર કરવામાં આવતો હતો. પરંતુ એ વખતની અને આજ સુધીની કડીઓ જોડીએ તો એને ટેકનોલોજીથી જોડવાની જરૂર પડે છે. દરિયામાં માણસ જાય, અસલામત હોય, વહાણ બનાવીને જવું પડે, વહાણો બનાવવા પડે, વહાણ જૂનું થાય, તૂટી જાય તો એને જોડીને આ બધી ટેકનોલોજી છે. આ ટેકનોલોજીને સંકલિત કરીને એને યુનિવર્સિટીમાં પરિવર્તિત કરવું પડે. આજે આપણા ગુજરાતનો વિકાસ થયો, ૧૬૦૦ કિલોમીટરના દરિયા કિનારે લાખોની સંખ્યામાં લોકો રહે છે એમનો સ્વભાવ ગુજરાતના મધ્ય ભાગમાં રહેતા લોકો જેવો નથી હોતો, એમને દરિયામાં તરવા જવાનું મન થાય છે, એમને દરિયામાં વહાણ ખેડવાનું મન થાય છે, એમને દરિયાના કિનારે પોતાની આવકો ઉભી કરવાનું મન થાય છે ત્યારે એમાં એક યુનિવર્સિટીની સ્થાપના કરીને આની અંદર તમામ બાબતોને ટેકનોલોજીથી આખું સંકલિત કરવું પડે છે. એટલા માટે માનનીય વિજયભાઇ રૂપાણી, માનનીય નીતિનભાઇ પટેલ અને માનનીય ભુપેન્દ્રસિંહજીને હું ખરેખર હૃદયથી અભિનંદન આપુ છું. એ વખતે પણ માનનીય નરેન્દ્રભાઇએ જોયું હતું કે ગુજરાતની પાસે ખૂબ મોટો દરિયા કાંઠો છે અને દરિયામાં જવા માટે ઉત્તર ભારતમાં એક પણ બંદર નથી, દરિયા કિનારો નથી ત્યારે એમનો તમામ કાર્ગો ટ્રાન્સપોર્ટ કરવો હોય તો દરિયા કિનારેથી જ મોકલવો પડે અને એ શક્તિ ગુજરાત પાસે છે. પણ ગુજરાતે એ માટે યોગ્ય મોટા બંદરોની રચના કરવી, વહાણો ઉભા કરવા, શીપ બનાવવા અને તેનું ટ્રાન્સપોર્ટેશન કરવું અને કાર્ગોને ટ્રાન્સપોર્ટ કરીને આવકના સાધનો ઉભા કરવા આ બધી જ બાબતોનો વિકાસ કરવા માટે એમણે વિચાર કર્યો હતો. પણ આજે જયારે યુનિવર્સિટીનું બિલ આવ્યું ત્યારે મને એક ટેકનોક્રેટ તરીકે આનંદ થાય છે કે, એને સંકલિત કરીને ગુજરાતની યુવા શક્તિને, ગુજરાતના ઇચ્છુક વિદ્યાર્થીઓને આની અંદર ટેકનિકલ અભ્યાસ કરવાની તક મળશે, અને ઘણા લોકોએ પોતાના ઇરાદા જાહેર કર્યા છે. પરંતુ આ સંસ્થા ગુજરાત મેરીટાઇમ

યુનિવર્સિટી, ગાંધીનગરનું જે બિલ લાવેલ છે, આ યુનિવર્સિટી જે બનવા જઈ રહી છે અને એનો ઈરાદો જાહેર કર્યો છે અને આપણી સરકારે એનો સ્વીકાર કર્યો છે એની અંદર એના બોર્ડની રચના કરવી, મેનેજીંગ ટ્રસ્ટીઓ બનાવવા આ તમામ વ્યવસ્થાની ચકાસણી કરતો ઈરાદાપત્ર આપ્યો છે, પણ એકલું ઈરાદાપત્રથી પૂરતું નથી. યુનિવર્સિટીનું ફોર્મેશન થવું એ બહુ જરૂરી છે અને એટલા માટે આ બિલ જે લઇને આવ્યા છે એને હું મારું સમર્થન કરું છું અને તે માટે અમારી સરકારને હું અભિનંદન આપું છું.

પ્રો વસુબહેન ન. ત્રિવેદી(જામનગર–દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૭નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતિય સુધારા) વિધેયક ક્રમાંક–૨૩નું વિધેયક માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહજીએ ગૃહમાં રજૂ કર્યું છે તેને મારું સમર્થન આપું છું અને હૃદયપૂર્વકના અભિનંદન પણ આપું છું. નવરાત્રીનું પર્વ છે, તેરમી વિધાનસભાનું આ છેલ્લું સત્ર છે, ત્યારે પંડિત દિનદયાળજીની વિચારધારાના પથયાત્રી બનવા માટે અમારા સૌ સાથીઓ ક્ષેત્રસિદ્ધિ માટે સક્ષમ બને તે માટે માતાજીને પ્રાર્થના કરી મારી વાત શરૂ કરું છું.

ગુજરાત મેરીટાઇમ બોર્ડ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા ગુજરાત મેરીટાઇમ યુનિવર્સિટીની સ્થાપના કરવા માટેનું આ એક મહત્વનું વિધેયક છે. હ્યુમન ડેવલપમેન્ટ, સસ્ટેનેબલ ડેવલપમેન્ટ માટે આ બિલનું મહત્વ અતિ આવશ્યક બનશે એમાં કોઇ શંકા નથી. દેશના હાલના વડાપ્રધાન મોદીજીએ જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ધૂરા સંભાળી હતી ત્યારથી જ જ્ઞાનશક્તિના આધાર ઉપર ગુજરાતને ખડું કરવાની કટિબદ્ધતા સાથે સરકારની કામગીરી શરૂ કરી. માનનીય મોદીજી અને માનનીય આનંદીબેનના નેતૃત્વમાં અનેક યુનિવર્સિટીની આ રાજ્યને ભેટ મળી છે. આ રાજ્યનો વિદ્યાર્થી ઉંચા મસ્તકે વિશ્વના દેશોની હરિફાઇમાં ટકી શકે, નીચાજોયું થાય નહિ તે માટે અનેક યુનિવર્સિટીઓની સ્થાપના કરી વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ કઇ રીતે થાય, એના માટેના અથાગ પ્રયત્નો કર્યા. જે પણ યુનિવર્સિટીની સ્થાપના થઇ, જેમ કે સંસ્કૃત યુનિવર્સિટી, ભારતીય પરંપરા ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરવા માટે સૌથી મહત્વની આ યુનિવર્સિટી બની રહી છે. ચિલ્ડ્રન યુનિવર્સિટી, કિડની યુનિવર્સિટી, ટીચર્સ એજ્યુકેશન યુનિવર્સિટી, લો યુનિવર્સિટી, પેટ્રોલિયમ યુનિવર્સિટી, સેન્ટર ફોર એકસલન્સ, સ્કીલ્ડ ડેવલપમેન્ટ યુનિવર્સિટી, આઇ.આઇ.ટી. રામ, આ પ્રકારની અનેક યુનિવર્સિટીઓ આવનારા ભવિષ્યની માંગને ધ્યાનમાં રાખીને માનનીય મોદીજી અને માનનીય આનંદીબહેનના નેતૃત્વમાં શરૂ થઇ. વિદ્યાર્થીઓની માગ તેમજ રાજ્યના વિકાસ માટેનું માનવધન ગુજરાતમાંથી પ્રાપ્ત થાય, શિક્ષણ માટે વિદેશ કે અન્ય રાજ્યમાં જવું ના પડે, એ માટેની તમામ સુવિધાઓ ગુજરાત રાજ્યમાં થઇ અને જેને કારણે આજની પરિસ્થિતિ જોઇએ તો વિશ્વના વિકસીત દેશો અને દેશના રાજ્યોના વિદ્યાર્થીઓ ગુજરાતમાં આવતા થયા છે. આ રાજ્યની બહેનોની મનઃસ્થિતિની મને ખબર છે. પોતાનું બાળક બારમું ધોરણ પાસ કરે, બાર સાયન્સ કે કોમર્સ સાથે પાસ થયું હોય, આગળ ભણવાની કોઇ સુવિધા ન હોય અને બીજા રાજ્યોમાં આપણા બાળકોને મોકલવા પડે અને ત્યારે તો ફોન પણ નહોતા. અન્ય રાજ્યોમાં પોતાનું બાળક શું કરતું હશે, કેવા લોકો એના દોસ્ત હશે, એના ભવિષ્યનું શું, મારી માતાઓ સૂઇ નહોતી શકતી. અમારી રાજ્ય સરકારે આવી યુનિવર્સિટીઓની સ્થાપના કરી અને વિશ્વના દેશો અને રાજ્યોના વિદ્યાર્થીઓને મજબૂર કર્યા ગુજરાતમાં આવવા માટે અને એના માટે હું ખૂબ ખૂબ અભિનંદન આપણા મોદીજીને આપું છું.

જરાક આગળ વાત કરું તો અહીંયા વાયબ્રન્ટ સમિટની વાત થઇ, અનેક વાયબ્રન્ટ સમિટ થયા, વિશ્વના દેશોમાં ગુજરાતનું નામ એક દેશ તરીકે ઉભરીને આવ્યું. આ વરસે પણ માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વમાં નીતિનભાઇની ઉપસ્થિતિમાં વાયબ્રન્ટ સમિટમાં જે એમ.ઓ.યુ. થયા અને એમ.ઓ.યુ. થવા માટેની જે મિટિંગો હતી તેમાં નેધરલેન્ડ કે જે દેશ મેરીટાઇમ અને પોર્ટ ક્ષેત્રે વૈશ્વિક અગ્રગણ્યમાંનો એક છે તેણે લોથલ ખાતે મેરીટાઇમ હેરિટેજ મ્યુઝિયમ અને મેરીટાઇમ અભ્યાસક્રમો ગુજરાત મેરીટાઇમ બોર્ડ સાથે ટેકનીકલ સહયોગ આપવાનો વિચાર વિમર્શ કર્યો અને ભવિષ્યમાં નેધરલેન્ડ સાથે કામ કરવાનો એક અવસર ઉભો કર્યો.

માનનીય અધ્યક્ષશ્રી, બંદરોની મજબૂત કનેકટીવીટી સરપ્લસ ઉર્જા ઇઝ ઓફ ડુઇંગ બિઝનેશ અને પોલિસી સંચાલિત સુશાસને ગુજરાતને વૈશ્વિક સ્તરે રોકાણકારો માટેનું એક આદર્શ સ્થળ બનાવ્યું છે. ગુજરાતના યુવાનો જોબ સીકરથી ઉપર ઉઠીને જોબ ગીવર બન્યાં છે. અને આ પ્રકારનો વિકાસ કરવો હોય તો અનેકવિધ વિકાસની ક્ષિતિજો રાજયે કરવી પડે અને રાજય સરકાર આ કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના ૧૬૦૦ કિલોમીટર દરિયાની વાત સૌ જાણે છે. અને તેને ધ્યાનમાં લઇને યુગ પુરુષ એવા દેશના વડાપ્રધાન મોદીજીએ સાગરમાલા, ભારતમાલા, ડેડીકેટેડ ફ્રેઇટ કોરીડોર, દિલ્હી મુંબઇ ઇન્ડસ્ટ્રીયલ કોરીડોર જેવી અનેક યોજનાઓની પહેલ કરી છે. અને જેથી બંદર ક્ષેત્રના વિકાસ ઉપર સો ટકા અસર પડવાની છે અને તેમાં પણ ગુજરાત મોખરે રહે તેના માટેની દૂરંદેશી આવશ્યકતાઓ આપણે ઉભી કરી છે. સરકારનું મેરીટાઇમ યુનિવર્સિટીની રચનાનું દૂરંદેશી પગલું છે અને આવનારા ભવિષ્યની પેઢીના આ અલગ પ્રકારના વિષય સાથેના નિર્માણ માટે ખૂબ મહત્વનું પુરવાર થવાનું છે. કારણ કે પોર્ટ કે પોર્ટને લગતા ઉદ્યોગોની સ્થાપના થશે જ તેને પહોંચી વળવા હાલ આપણી પાસે કૌશલ્ય માનવબળની મોટી સંખ્યાની જરૂર પડશે. આપણી પાસે ટ્રેનિંગ સંસ્થાઓ છે આઇ.ટી.આઇ.ના માધ્યમથી આપણે તેમને ટ્રેનિંગ આપી શકીએ છીએ પરંતુ આ આવશ્યકતાઓને પૂર્ણ કરવા માટે આવી સંસ્થાઓ અપૂરતી રહેશે.

## તા.૩૧મી માર્ચ, ૨૦૧૭

## ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતિય સુધારા)વિધેયક, ૨૦૧૭

માનનીય અધ્યક્ષશ્રી, બંદરો ઉપર શીપ બિલ્ડીંગ, શીપ પ્રિપેરીંગ અને તેનો નિભાવ શીપીંગ, ડ્રીનીંગ, ડ્રેજીંગ જેવી પ્રવૃત્તિઓમાં વિપુલ રોજગારીની તકો પણ પડેલી જ છે. એટલે ટેકનોક્રેટ મેઇન પાવરને ઉભો કરવાની આવશ્યકતા થશે. આના સિવાય પણ મેરીટાઇમ સેવાઓ માટે મેરીટાઇમ લો, મેરીટાઇમ ફાયનાન્સ, મેરી ટાઇમ કન્સલ્ટન્સી, મેરીટાઇમ ટેકનિકલ આસીસ્ટન્ટની જરૂર પડે. પોર્ટના ફલોર મેનેજમેન્ટ કરવું પડે અને તેના માટે પણ એમ.બી.એ.કરેલા વિદ્યાર્થીઓની જરૂર પડે. રાજયનો દરિયા કિનારો એ સમૃદ્ધિ માટેનું પ્રવેશદ્વાર બનશે એમાં કોઇ શંકા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારે ખાસ કહેવું છે અને દેશના વડાપ્રધાનને અભિનંદન એટલા માટે આપવા છે કે, આપણાં ગુજરાતનું ગૌરવ એવા મોદીજીએ હમણાં જ સોમનાથ આવ્યાં ત્યારે રાજયના ૧૬૦૦ કિલોમીટર લાંબા દરિયા કિનારા ઉપર સાગરમાલાના પ્રોજેકટ માટે ૪૫ હજાર કરોડના ખર્ચે ૪૦ પોર્ટને વિકસાવવા માટેની જાહેરાત કરી. ૪૫ હજાર કરોડના ખર્ચે ૪૦ પોર્ટના ડેવલપમેન્ટ અને આ ડેવલપમેન્ટ તે નાની સૂની ઘટના નથી. ગરીબ માછીમારોની મંડળી બનાવી ૫૦ ટકા સબસિડીથી બોટ ખરીદીની યોજનાની તેમણે ત્યાં જાહેરાત કરી. મોદીએ એમ પણ કહ્યું કે રૂપિયા ૮ લાખ કરોડના ખર્ચથી દેશના ૪૦૦ પોર્ટ ફીશીંગ સ્થળો વિકસાવવામાં આવશે. દેશના ૪૦૦ પોર્ટ હોય ફીશીંગ માટેના સ્થળો વિકસાવવાના તો રાજય એમાંથી બાકાત નહીં રહે. ૪૦ બંદરોમાંથી ૧૮ પોર્ટને આધુનિક બનાવાશે. ૧૮ પોર્ટની રેલ્વે માર્ગ અને એર કનેક્ટીવીટી વધારવામાં આવશે. ૭ પોર્ટમાં ઔદ્યોગિક વિસ્તારો ડેવલપ કરાશે. પોર્ટને કોસ્ટલ કોમ્યુનિટી ડેવલપમેન્ટ પ્લાન હેઠળ આવરી લેવાશે. કંડલા બંદરને સ્માર્ટ ઇન્ડસ્ટ્રીયલ પોર્ટ સીટી તરીકે ડેવલપમેન્ટ કરાશે અને તેના માટે ૧૪૦૦ એકર પોર્ટ સીટી બનશે. જેને કારણે ૫૦ હજાર રોજગારીની તકો ઉભી થશે આ મહત્વની વાત છે. ૫૦ હજાર રોજગારીની તકો ઉભી થાય રોજગારી કોને આપી શકાય તેના માટે માનવધન ઉભું કરવું પડે. આવશ્યક માનવધન ઉભું કરવું પડે અને તેના માટે આ યુનિવર્સિટી ખૂબ મહત્વની પુરવાર થશે.

માનનીય અધ્યક્ષશ્રી, પોર્ટને લગતાં નાના ઉદ્યોગો જેવા કે દરિયાઇ વનસ્પતિમાંથી સી વીડસ બનાવવાનું. મને બરાબર યાદ છે પૂર્વ મુખ્યમંત્રી માનનીય આનંદીબહેનના નેતૃત્વમાં રાજુલા તાલુકાના જાફરાબાદમાં બહેનોનું સખી મંડળ બનાવીને રાજુલાના જાફરાબાદના એ દરિયામાં એક પ્રકારની લીલ એ લીલની જાળી બનાવીને દરિયામાં નાંખી દેવામાં આવે અને ૧૫ દિવસે આ આખી જાળી લીલથી ભરાઇ જાય અને તેનો ઉપયોગ દવા અને કોસ્મેટીકમાં થઇ શકે. ૨૫૦ થી ૩૦૦ રૂપિયા કિલોનો ભાવ હોય છે. કદાચ આજે ભાવ વધ્યા હોય તો મને ખબર નથી. આ રાજ્યના સખીમંડળ દ્વારા તમામ દરિયાકિનારા ઉપર એક નાના ગૃહઉદ્યોગો શરૂ કરીને બહેનોને વધુ રોજગારીની તકો પૂરી પાડી શકાશે. દરિયાઇ સોગાત એવી રેતી અને છીપલામાંથી Interior decoration Article બની શકે, ઘરેણાં બની શકે, એમાંથી તોરણ બને છે. આ રીતે નાના-નાના ગૃહઉદ્યોગો Develop થશે. રેતીની ડીઝાઇનર દિવાલો દ્વારા આપણા ઘરનું પણ પરિવર્તન થશે. અનેક પ્રકારની દિવાલોનો ઉપયોગ ઘરમાં સુશોભન માટે કરી શકાય છે. ત્યારે આ વિવિધ પ્રકારની રેતી, ડાઇ કરેલ રેતીની દિવાલ બનાવી શકાય છે. ઉપર્યુક્ત તમામ હકીકતોને ધ્યાને લેતાં દરેક પ્રકારના technocrat manpower જો યુનિવર્સિટી હોય તો તેમાં ડિપ્લોમા, શોર્ટ ટર્મ કોર્સ કરી શકાય, રીસર્ચના સેન્ટરો કરી શકાય, પી.એચ.ડી. પણ કરી શકાય, વિશ્વ સ્તરના કોર્સ કરી શકાય. મરીન ટેકનોલોજી, મરીન બાયોલોજી, મરીન એન્જીનીયરીંગ, ડિફેન્સ સર્વિસીસ માટેના સાધનો વિકસાવી શકાય. વિશ્વમાં આપણે મેન પાવર મોકલી શકીએ એટલું યુવાધનના માધ્યમથી અને બંદરોના માધ્યમથી આપણી ક્ષિતિજો વધારીને કામ કરી શકીએ. આપણા સરહદી કિનારાને સુરક્ષિત કરવા હશે તો ડિફેનસ સર્વિસની પણ આવશ્યકતા રહેશે અને એના માટે જે સાધનોની આવશ્યકતા હશે એ સાધનો ઉપલબ્ધ કરાવવાના કારખાના, ઉદ્યોગો પણ સ્થાપી શકાશે. યુવાનોને હિંમતપૂર્વક અને આત્મવિશ્વાસથી સ્વિમિંગ કરતા આપણે જોઇએ છીએ. દરિયાઇ રમતોનું Development પણ દરિયા કિનારા ઉપર થઇ શકશે અને એના માટેના ટ્રેનીંગ પ્રોગ્રામ પણ મેરીટાઇમ યુનિવર્સિટીમાં થઇ શકશે. મને એક કવિના સુંદર શબ્દો યાદ આવે છે. માછીમારીનો ધંધો કરતા એક માણસને એક કવિ પૂછે છે કે, મિત્ર તું દરિયામાં ફિશિંગ માટે જાય છે. ત્યારે તને બીક નથી લાગતી. કેવા મોટા ઉછળતા મોજા હોય છે. સામે મોત દેખાતું હોય છે. તારી નાવ ડૂબી જશે તો તારું મોત નહિ થાય. થોડી વાર આપણને પણ થાય કે દરિયાની આટલી બધી ગંભીરતા હોય તો અંદર જવાનું મન કેમ થાય. પણ એના ધંધા માટે માછીમારે જવું જ પડતું હતું ત્યારે માછીમારે સુંદર જવાબ આપ્યો કે, જગતના સૌ લોકોને અને તમને પણ ખબર જ છે કે તમારું મોત પથારીમાં થવાનું છે. શું કામ પથારીમાં સુવો છો. આ આત્મવિશ્વાસ મજબૂત કરવા માટે, માત્ર ફિશિંગ સિવાય અનેક પ્રકારની સ્કીલ Devepolment અને કંઇક સારું, કંઇક શુભ થવા માટેનો સંતોષ અમને થશે એવું આ બિલના આધારે મને ચોક્કસપણે લાગે છે કે, મારી ભારતીય જનતા પાર્ટીની સરકારને ગુજરાતની પ્રજાએ જ્યારે ગુજરાતની સેવા કરવાની તક આપી છે ત્યારે પ્રજાકલ્યાણને રાજનીતિ કરતાં મહત્વનું સ્થાન આપીને લોક કલ્યાણની કટિબદ્ધતાથી અમે આગળ વધી રહ્યા છીએ. મને લાગે છે કે આ યુનિવર્સિટીનું બિલ એ લોક કલ્યાણ માટેનું જ બિલ છે. આમાં ઘણું બધું કહી શકાય પરંતુ જે રીતે માનનીય ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આ વિષયને આપણી સામે મૂક્યો છે અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ વિષયને યુનિવર્સિટીના માધ્યમ તરીકે વિકસાવવાની તક આપી છે ત્યારે આ વિધેયકને ચોક્કસપણે લોક કલ્યાણનું જ કામ સમજીને એના સુધારાને હું સમર્થન આપું છું અને આવનાર દિવસોમાં આ યુનિવર્સિટી શ્રેષ્ઠ યુનિવર્સિટી સાબિત થશે એના માટે હું વિશ્વાસ વ્યક્ત કરું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, મારા ચારેય સાથી મિત્રોએ ખૂબ માહિતીસભર અને અભ્યાસપૂર્ણ પ્રવચન આપ્યું એટલા માટે ચારેય મિત્રોને અભિનંદન આપું છું. શ્રી દુષ્યંતભાઇ, શ્રી આર.એમ.પટેલ, મુરબ્બી નરોત્તમભાઇ, મારા બહેન શ્રીમતી વસુબહેને ખૂબ સરસ રીતે મારા બિલ વિશે અભ્યાસપૂર્ણ માહિતી આ ગૃહની અંદર આપી છે

અને સમર્થન પણ આપ્યું છે. દુષ્યંતભાઇનું સૂચન પણ માનનીય મુખ્યમંત્રીશ્રીને ચોક્કસ પહોંચાડીશ અને એમાં હું પણ માનું છું કે, સીઇંગ ઇઝ બિલવીંગ, વાતોથી પ્રભાવિત થવાય છે પણ એના કરતાં રૂબરૂ જોઇએ તો વધારે સારૂ અને એ બહાને કોઇના મનમાં પણ નાની મોટી શંકા હોય તો દૂર થાય અને આપણી સરકારે શું કર્યું છે એની પણ પ્રત્યક્ષ જાણકારી થાય એટલા માટે માનનીય દુષ્યંતભાઇનું સૂચન છે એને હું આવકારું છું અને બધા સાથે જઇએ. બધી માહિતી મારા પ્રવચનમાં અને મારા સાથીઓના પ્રવચનમાં આવી ગઇ છે એટલે વિશેષ સમય લેવો નથી પણ જે માહિતી આવી જ નથી એ મારે ઉમેરવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ તબક્કાના અંતે આ યુનિવર્સિટીથી હજાર વિદ્યાર્થીઓ અભ્યાસ પૂર્ણ કરી શકશે. મેં, માનનીય દુષ્યંતભાઇએ અને બાકી સાથીઓએ કેવા પ્રકારના અભ્યાસક્રમો હશે એની વિશદ્ છણાવટ કરી છે. આજની જરૂરિયાતના એવા અભ્યાસક્રમોમાં ડીગ્રી પ્રાપ્ત કરીને પહેલા દિવસે કે જેમણે અત્યાર સુધી આ ક્ષેત્રમાં ક્યારેય ઝંપલાવ્યું જ નથી. આ ક્ષેત્રમાં ક્યારેય આ ડીગ્રી મેળવી જ નથી પણ એમની પાસે જ્ઞાન છે એટલે લાયકાત મેળવવાની છે અને મને તો એ વાતનો વધારે એ આનંદ છે કે, જીવનભર સવારમાં ઉઠેને દરિયામાં, જિંદગી આખી દરિયામાં, પેઢીઓથી દરિયામાં, તો એમને તો કેટલો બધો અનુભવ છે. બહેને કહ્યું કે આપણને જમીન ઉપર ડર લાગે તો એમને દરિયામાં ડર ના લાગે તો એમાં જો શિક્ષણ ઉમેરાઇ જાય, એમાં જો યુનિવર્સિટીની પદવી ઉમેરાઇ જાય તો મને લાગે છે કે, બાકીના બધા જે ક્ષેત્રો કરતાં આ જોખમી ક્ષેત્રમાં સૌથી વધારે એમને આર્થિક ઉપાર્જન પણ થાય અને કારગો ટ્રાન્સપોર્ટેશન પણ વધે કારણ કે ઉત્પાદન વધતું જાય છે, માંગ પણ વધતી જાય છે, ટ્રાન્સપોર્ટેશન વધતું જાય છે તો ટ્રેડર્સ નિકાસ અને આયાતમાં શું વિચારશે? કે એરફેર મોંઘુ પડે છે. ટ્રેન તો દેશમાં ચાલે, વિદેશમાં ટ્રેન જાય નહીં તો આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં એ ટ્રેડનું કામ કર્યું હોય તો એમ માત્ર કોઇ ઉપાય હોય તો એ દરિયો છે, અને એમાં વિવિધ ક્ષેત્રોના હજાર વિદ્યાર્થીઓ અમે જે અભ્યાસક્રમો ગણાવ્યા છે એ અભ્યાસક્રમોમાં નિષ્ણાત બનીને જયારે બહાર આવશે ત્યારે હું માનું છું કે, એક નવી દિશા ખૂલવાની છે. બીજા તબક્કામાં પાંચ હજાર વિદ્યાર્થીઓ આનો લાભ લઇ શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, એક નવું જ ક્ષેત્ર છે તો એમાં યોજાનાર ખર્ચ પણ મારે સન્માનનીય ગૃહને કહેવો જોઇએ કે, પ્રથમ તબક્કામાં ૨૭૫ કરોડ રૂપિયા અને બીજા તબક્કામાં ૫૮૭ કરોડ રૂપિયા એમ કુલ મળીને ૮૬૨ કરોડ રૂપિયા એનો ખર્ચ થવાનો છે અને સૌથી વધારે લાભ આ ક્ષેત્રને થવાનો છે અને એનાથી વધારે લાભ ગુજરાતને થવાનો છે. ગુજરાતના યંગ ઇન્ટરપ્રિન્યોરને થવાનો છે. ગુજરાતના યુવાનોને થવાનો છે અને એમાંય જે સાહસિક યુવાનો છે મેં કહ્યુંને કે, માછીમારો કદાચ પોતે અભણ હોય અને એમણે સીમીત ક્ષેત્રમાં કામ કર્યું પણ એમના દીકરાઓ જે ભણ્યા કે ગ્રેજ્યુએટ થયા તો જયારે એમને આ ક્ષેત્રમાં ખબર પડશે કે મને જે વિષયનું જ્ઞાન છે એ વિષયની મારે ડીગ્રી મેળવવાની છે, મારે પાસે બધુ જ જ્ઞાન છે અને અનુભવ છે. અન્ય વિષયની ડીગ્રી પણ છે પણ જો આ જ વિષયની સ્પેશિયલ ડીગ્રી જો મને મળી જાય તો હું અન્ય દેશોમાં પણ મારો વ્યવસાય કરી શકું અને ગુજરાતમાં આ પ્રકારનું પહેલું કામ આખા દેશમાં થઇ રહ્યું છે ત્યારે મને લાગે છે કે, ગુજરાતના વિકાસમાં પણ એ મોટો ફાળો આપશે, દેશના વિકાસમાં પણ એ મોટો ફાળો આપશે અને ગુજરાતના યુવાનોને ખૂબ મોટો ફાયદો થશે એટલે હું મારા સન્માનનીય ગૃહના સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે, આ ગુજરાતના એક નવા સોપાનને સર્વાનુમતે પસાર કરે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૨૩– સન ૨૦૧૭નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતીય સુધારા) વિધેયકનું બીજુ વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા, ઇનેકટીંગ ફોર્મ્યુલા અને પ્રસ્તાવના વિધેયકનો ભાગ બની.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૨૩– સન ૨૦૧૭નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતીય સુધારા) વિધેયકનું ત્રીજુ વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

ઉપાધ્યક્ષશ્રી : સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૨૩–સન ૨૦૧૭નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતીય સુધારા) વિધેયકનું ત્રીજુ વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

(વિરામ સવારના ૧૦.૧૨ થી ૧૦.૪૨)

તા.૩૧મી માર્ચ, ૨૦૧૭

ગુજરાત પશુ સંરક્ષણ (સુધારા)વિધેયક,૨૦૧૭

અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

સન ૨૦૧૭નું ગુજરાત વિધેયક ક્રમાંક–૧૭

ગુજરાત પશુ સંરક્ષણ (સુધારા)વિધેયક,૨૦૧૭

ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ,૧૯૫૪ વધુ સુધારવા બાબત વિધેયક.

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા ( પશુપાલન મંત્રીશ્રી વતી રા.ક.ના ગૃહમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી,* રાજ્યપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૧૪–સન ૨૦૧૭ના ગુજરાત પશુ સંરક્ષણ (સુધારા) વિધેયકને હું આપની પરવાનગીથી દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી :વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૧૪–સન ૨૦૧૭ના ગુજરાત પશુ સંરક્ષણ (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના મુખ્યમંત્રી માનનીય વિજયભાઇ રૂપાણીના નેતૃત્વવાળી આ ભારતીય જનતા પાર્ટીની સંવેદનશીલ સરકાર દ્વારા ગુજરાતના ઇતિહાસમાં કયારેય ન થયો હોય તેવો ગૌવંશની હત્યા અટકાવવા માટેનો કડકમાં કડક કાયદો આ સન્માનનીય સભાગૃહ વચ્ચે લાવવા માટે ઉપસ્થિત થયો છું.

આ લોકશાહીનું મંદિર છે અને આ લોકશાહીના મંદિરમાં સમાજ જીવનની વ્યવસ્થાની અંદર જે પ્રશ્નો ઉભા થાય એ સંસ્કૃતિના રક્ષણના પ્રશ્નો હોય કે સમાજલક્ષી પ્રશ્નો હોય એના માટે આ વિધાનસભામાં કાયદો ઘડનાર સભામાં અત્યાર સુધીમાં અનેકવિધ કાયદાઓ આ સન્માનનીય સભાગૃહ સમક્ષ લાવ્યા છીએ પરંતુ આજે ભારતીય જનતા પક્ષના કાર્યકર તરીકે હું અત્યંત ગૌરવની લાગણી અનુભવુ છું કે ગૌ માતા છે એ ભારતીય સંસ્કૃતિનું પ્રતિક છે અને માત્ર ગૌ માતા જ નહિ પણ જયારે ગૌ હત્યા થાય છે ત્યારે માત્ર ગાયની હત્યા નથી થતી પણ એ સંસ્કૃતિની હત્યા થતી હોય છે અને ભારતીય જનતા પાર્ટીની આ સરકારે, અનેક સંતો–મહંતોએ આખી જિંદગી આ ગૌવંશની ચાકરી કરીને આ ગૌવંશના રક્ષણ માટે, તેના સંવર્ધન માટે તેમણે આખેઆખા આયખા ગાય માતાના ચરણોમાં સમર્પિત કર્યા છે. આપણી સંસ્કૃતિમાં રાજય સત્તા કરતા ધર્મ સત્તાનું વધારે મહત્વ છે અને ધર્મસત્તા ઇચ્છતી હતી કે ગુજરાત જેવું નરેન્દ્રભાઇ મોદીનું, વિજયભાઇ રૂપાણીનું આ રાજય હોય આ રાજયમાં ગૌહત્યા માટે કડકમાં કડક કાયદો થવો જોઇએ. સંતો, મહંતો, જૈન મુનિના અનેક આચાર્યો, ભગવંતોએ જયારે જયારે અમારા મંત્રીઓ જાય, અમારા ધારાસભ્યો જાય, અમારા અધ્યક્ષ જાય, ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ જાય, એ સંતો, મહંતોની આંખોમાં એક વેદનાનો ભાવ અમે રાજકીય કાર્યકર્તાઓએ જોયો હતો. વેદનાનો ભાવ હતો કે જયારે એક ગાય કપાય છે અને ગાયના લોહીના બિંદુ જયારે ધરતી ઉપર પડે છે ત્યારે માત્ર ધરતી ભીની થતી નથી પરંતુ અનેક હિંદુઓના હૃદય ભીના થઇ જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ભાવના સાથે આજે જયારે સમગ્ર ગુજરાતના સંતો–મહંતો, ઋષિઓ અને જેના આધારે આ સમગ્ર સમાજ વ્યવસ્થાનું સંચાલન થાય છે તે લોકોના ધ્યાનમાં આવ્યું કે ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની વિજયભાઇ રૂપાણીની સરકાર ગુજરાત વિધાનસભામાં ગૌહત્યા સામે અને ગૌવંશને બચાવવા માટેનો ઉત્તમ પ્રકારનો કાયદો લઇને આવી છે. ગુજરાતભરના પ્રમુખ, સંતો, મહંતો આજે ગુજરાત વિધાનસભામાં આ કાર્યવાહીને પ્રત્ય નિહાળવા માટે આવ્યા છે. સૌ સંતો, મહંતો જયારે વિધાનસભાના દ્વારે આવ્યા અને આ લોકશાહીનું મંદિર એ સંતો, મહંતોની ચરણરજથી આજે પવિત્ર થઇ ગયું છે. આવા પવિત્રતાના વાતાવરણ વચ્ચે ઉપસ્થિત એ સૌ સંતો, મહંતોના ચરણોમાં શીશ ઝુકાવીને તેમની પાસે આશીર્વાદ માગું છું કે ગુજરાતની અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારને એવો કડકમાં કડક કાયદો બનાવવાની તમે શક્તિ આપી છે, એવો કડકમાં કડક કાયદો માત્ર કાગળ ઉપર નહીં, પરંતુ પ્રબળ રાજકીય ઇચ્છાશક્તિના આધાર ઉપર ગુજરાતના ગૌવંશની રક્ષા કરવી એ સંકલ્પને ચરિતાર્થ કરવા માટે સંતો, મહંતોના અમને આશીર્વાદ મળે એવી શ્રદ્ધા સાથે ફરીથી હું તેમના ચરણોમાં વંદન કરું છું. આખા દેશમાં હલચલ થઇ ગઇ. હલચલ એ થઇ ગઇ કે નરેન્દ્રભાઇ મોદીના સમર્થ નેતૃત્વના કારણે અને આ જ વિધાનસભાના આપણાં સભ્ય અને ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિતભાઇ શાહના કુશળ સંગઠનના કારણે દેશના ચાર રાજયોમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર બની. આ ચાર રાજયોમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર સાથે ‘ દેશમેં મોદી, યુ.પી.મેં યોગી’ ના નારા સાથે સમગ્ર દેશને સંદેશ આપવામાં આવ્યો કે આગામી ૨૧મી સદી ભારતની સદી છે અને આ ભારતની સદીમાં ભારતીય જનતા પાર્ટીની સરકારો એ માત્ર સરકાર સરકારો નથી, એ સંસ્કૃતિના રક્ષકો તરીકે કામ કરવાની છે. હું નાનપણથી ભારતીય જનતા પાર્ટીમાં શા માટે જોડાયો? હું એટલા માટે જોડાયો કે મને, અમારા જેવા સૌ કાર્યકર્તાઓને રામમંદિર માટે આસ્થા છે, શ્રદ્ધા છે. રામમંદિર અમારી આસ્થાનું કેન્દ્ર છે. અમારી શ્રદ્ધાનું કેન્દ્ર છે. અમારા રાષ્ટ્રીય અધ્યક્ષે કહ્યું છે કે ભારતીય જનતા પાર્ટીની સરકાર બંધારણની મર્યાદામાં આ દેશમાં રામમંદિરનું નિર્માણ કરીને જ જંપશે.

---

* વિધેયક તા.ત્રીજી માર્ચ,૨૦૧૭ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

## ચૈત્ર ૧૦, ૧૯૩૯ શાકે

## ગુજરાત પશુ સંરક્ષણ (સુધારા)વિધેયક,૨૦૧૭

માનનીય અધ્યક્ષશ્રી, એવી અમારી આસ્થાનું કેન્દ્ર ગાય. આજે સવારે માનનીય નીતિનભાઇએ આપના આદેશ પ્રમાણે એમ.બી.શાહ કમિટિનો રિપોર્ટ વિધાનસભાની અંદર મૂક્યો. છેલ્લા પાંચ દિવસથી આ સભાગૃહનું વાતાવરણ ત્રસ્ટ–ભ્રષ્ટ કરી નાખ્યું હતું. તેઓની એક જ માગણી હતી કે એમ.બી.શાહ કમિટિનો રિપોર્ટ મૂકો, એમ.બી.શાહ કમિટિનો રિપોર્ટ મૂકો! એ રિપોર્ટ મૂક્યા પછી પણ એમણે એમના દેખાવો ચાલુ રાખ્યા. એનું કારણ એ હતું કે ગુજરાત વિધાનસભામાં ભારતીય જનતા પાર્ટીની સંસ્કૃતિની રક્ષા કરવાવાળી આ સરકાર ગૌહત્યા રોકવા માટે કડકમાં કડક કાયદો લાવવાની છે. કોંગ્રેસે ગૌહત્યાના કાયદાના સંદર્ભમાં સ્ટેન્ડ લેવું પડત અને સ્ટેન્ડ લઇને અમારું સમર્થન કરત તો તુષ્ટીકરણની રાજનીતિમાં માનવાવાળી આ કોંગ્રેસ, પોતાની વોટબેંકની રાજનીતિના કારણે આ ગૌહત્યાના કાયદાનો વિરોધ કરત. એ વિરોધ કરવો ન પડે એટલા માટે એ લોકો સભાત્યાગ કરીને ગયા. આવી શરમજનક ઘટના મેં ક્યારેય જોઇ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા સૌની શ્રદ્ધા, આપણા સૌની આસ્થા. જેમાં ૩૩ કરોડ દેવતાઓનો જ્યાં વાસ છે. આપણી પૌરાણિક સંસ્કૃતિકમાં આપણે સૌ જાણીએ છીએ કે આવી ગાય માતા, ગાયના વંશજો એના રક્ષણ માટે ગુજરાત પશુ સંરક્ષણ(સુધારા) વિધેયક ૨૦૧૭ આ સન્માનનીય સભાગૃહ સમક્ષ હું લાવ્યો છું. ગૌ, ગંગા, ગાયત્રી, ગૌરી અને ગીતા. આ ભગવાનની આરતી કરાવીએ તો આ આરતીની ગૌ, ગંગા, ગાયત્રી, ગૌરી અને ગીતા આના શબ્દો સાથે આની અંદર પાંચ માતાજીના પ્રથમ નામ છે અને આ પાંચેયની અંદર સૌથી પહેલું નામ હોય તો એ ગૌ એટલે કે ગાય માતાનું નામ સૌથી પ્રથમ નામ છે. હું નાનપણથી ગાય માતાનું દૂધ પીને મોટો થયો છું. આપણી સંસ્કૃતિમાં જે માતાનું દૂધ પીધું હોય તો એ માતા પ્રત્યે કરજ ચૂકવવા માટેનો આજે મને સમય મળ્યો છે. એક હિન્દુ તરીકે મને ગૌરવ છે કે હું ગાય માતાના રક્ષણ માટે શ્રી વિજયભાઇ રૂપાણીની સરકારના નેતૃત્વ હેઠળ આ સભાગૃહની અંદર એક કાયદો લાવ્યો છું. હું પણ ગાય પ્રત્યે શ્રદ્ધા ધરાવું છું, આસ્થા ધરાવું છું. અનેક મંત્રીઓ ગાય રાખે છે. મારા ઘરે મંત્રી નિવાસમાં બે ગાય રાખું છું. આ ગાય પ્રત્યે એટલો પ્રેમ, સ્નેહ અને લાગણી થઇ જાય કે કદાચ રાત્રે ૧૨ વાગ્યે હું વિધાનસભા કે મારું કામ પતાવીને ઘરે જઉં, જેવી ગાડી ઉભી રહે કે બન્ને ગાયો એક સાથે ઉભી થઇને ગાડી તરફ પોતાનું મોઢું ફેરવીને જુએ છે. આ પ્રમાણેનો લાગણીનો ભાવ છે. એની ઉપર જ્યારે હાથ ફેરવીએ તો આપણા હૃદયની અંદર એટલી ઊર્મિઓનો ધોધ વહે કે આખા દિવસની વિધાનસભાની કરેલી કામગીરીનો થાક એક મિનિટની અંદર એ ગાયના સ્પર્શ સાથે ઉતરી જાય છે.

અધ્યક્ષશ્રીઃ ક્ષત્રિયો ગાય રાખતા થાય એટલે દેશ બદલાઇ જાય.

શ્રી પ્રદિપસિંહ જાડેજાઃ માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના ઘણા મંત્રીશ્રીઓની જેમ અને ગૌ, બ્રાહ્મણ પ્રતિ પાળ એ અમારું કર્તવ્ય રહ્યું છે. ગુજરાતની પ્રજાએ ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીની અંદર શ્રી નરેન્દ્રભાઇ મોદી, સંસ્કૃતિના રક્ષક એમને એટલા મતો આપ્યા કે સમગ્ર ગુજરાતમાંથી ૨૬એ ૨૬ લોકસભાની સીટો ઉપર ભારતીય જનતા પાર્ટીનો કેસરીયો ધ્વજ ફરકાવ્યો. પરંતુ આજે વિજયભાઇ રૂપાણીની આ સરકારે ગુજરાતને કોંગ્રેસમુકત તો બનાવ્યું છે પરંતુ હવે આ કાયદાના માધ્યમથી ગૌહત્યામુકત ગુજરાત અમે આજના આ કાયદાના માધ્યમથી બનાવવાના છીએ. માત્ર ગાય એટલે દૂધ આપે છે એ અગત્યનું નથી. ભેંસ વધારે ફેંટવાળું દૂધ આપે છે છતાંય આપણે એને માતા નથી કહેતા. બકરી ઓછું ખાય અને વધારે દૂધ આપે તો પણ આપણે એને માતા નથી કહેતા. દૂધ આપતા કોઇ પશુને માતાનું બિરૂદ નથી આપ્યું પણ ગાયને માતા એટલા માટે કહેવાય છે કે ગાયનું વાછરડું જન્મતાની સાથે પહેલો શબ્દ જે બોલે છે એ માં શબ્દ બોલે છે એટલે ગાય માતાની સાથે જોડાયેલી છે. ગૌમાતા મહાત્મ્ય વિશે કહું તો ગૌમાતાના અનંત ગુણો છે. મારામાં એ સામર્થ્ય નથી કે માતાના ગુણોનો હું શબ્દદેહ સ્વરૂપે આ સન્માનનીય સભાગૃહ સમક્ષ રજૂ કરી શકું પરંતુ મારી જે સમજણ છે, જે સંતો મહંતોને સાંભળ્યા છે, જે ઋષિમુનીઓએ આપણી સંસ્કૃતિની અંદર લખેલું છે એના આધાર ઉપર મારી સમજ પ્રમાણે ગાય માતાની અંદર તેત્રીસ કરોડ દેવતાઓનો નિવાસ છે. ગૌમાતાની અંદર ગંગાજીનો વાસ છે, ગૌમાતા એ અન્નપૂર્ણા દેવી છે, ગૌમાતાને કામધેનુ તરીકે પણ આપણે ઓળખીએ છીએ. ગૌમાતા તમામ મનોકામના પૂર્ણ કરવાવાળી છે એટલે આપણે ગૌમાતા તરીકે ઓળખીએ છીએ. ગાય માતાનું દૂધ એ અમૃત છે અને ઘી એ સફેદ સોનુ છે. ગૌમાતાની એક આંખની અંદર સૂર્ય દેવ અને ગૌમાતાની બીજી આંખની અંદર ચંદ્રદેવનો નિવાસ છે. ગૌમાતા સર્વવેદ યુકત છે એટલે ગૌમાતાની પૂજા વિના દેવો અને વેદોની પણ પૂજા અધૂરી રહે છે. ગૌમાતાના પંચદ્રવ્ય વિના કોઇપણ પૂજા શકય નથી. ગાયનું દૂધ, દહીં, ઘી, ગૌમુત્ર, છાણ આ પંચતત્વોથી બનેલ પંચદ્રવ્ય વિના પૂજાપાઠ અને હવન સફળ થતા નથી અને ગૌમાતાના ગોબરથી ઇંધણ તૈયાર થાય છે. ગૌમાતાને પોતાના નિવાસ ઉપર રાખી અને સેવા કરવાવાળા એ સુખી અને આધ્યાત્મિક જીવન જીવે છે અને અકાળે મૃત્યુ એને કયારેય પ્રાપ્ત થતું નથી. જયારે ગૌમાતા વાછરડાને જન્મ આપે છે અને એ વાછરડાનું દૂધ જો નિઃસંતાન સ્ત્રીને પીવડાવવામાં આવે તો એની અંદર એટલી તાકાત હોય છે કે એ નિઃસંતાન સ્ત્રીને તાજા વિઆયેલી ગાયનું દૂધ જો પીવડાવે તો એને સંતાન પ્રાપ્તિ થાય છે. ગાયના સંપૂર્ણ ગુણોનું જો વર્ણન કરીએ તો ગૌમાતાએ હરતું ફરતું આપણા સૌની શ્રદ્ધા અને આસ્થા ધરાવતું એક મંદિર છે. ગાય એટલે માત્ર પૂજા, પૂજન અને માત્ર ધાર્મિક નહીં પરંતુ અનેક લોકોના સર્વેક્ષણોના આધાર ઉપર ગાય માતા એ આપણા દેશનું ધર્મશાસ્ત્ર છે. ગાયમાતા એ આપણા દેશનું કૃષિશાસ્ત્ર છે. ગાયમાતા એ આપણા દેશનું અર્થશાસ્ત્ર છે. ગાયમાતા એ આપણા દેશનું વિજ્ઞાનશાસ્ત્ર છે અને ગાયમાતા એ આપણા દેશનું આરોગ્ય શાસ્ત્ર છે. ગાયના દૂધની અંદર વિટામીન એ હોય છે. આપણે જે રબારી સમાજ, માલધારી સમાજ અને જે પશુપાલનની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા લોકો જોઇએ છીએ એને

ક્યારેય આંખના ચશ્મા નથી જોયા. એનું કારણ કે ગાયનું દૂધ પીવાથી એની અંદર વિટામીન-એ આવવાથી એને ક્યારેય ચશ્માના સહારે રહેવું પડતું નથી.

અધ્યક્ષશ્રી : જેઠાભાઇ ભરવાડ અને રણછોડભાઇ રબારી એના ઉત્તમ ઉદાહરણ છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, એ પ્રમાણે ગાયના દૂધમાં વિટામીન-ડી-૩, કેલ્શિયમ હોય છે અને એ હાડકા મજબૂત બનાવે છે. પશુપાલન સાથે જોડાયેલા લોકો શારીરિક રીતે દ્રઢ અને મજબૂત બાંધાના હોય તો એનું કોઇ કારણ હોય તો માત્રને માત્ર ગાયના દૂધને પીવાના કારણે છે. આયુર્વેદની દ્રષ્ટિએ પણ દૂધ, ગોબર, ગૌમૂત્ર એ શ્રેષ્ઠ ઉપાય તરીકે દેશ અને વિદેશમાં પ્રસ્થાપિત છે. જે નવા સર્વેક્ષણો થયેલા છે એની અંદર કેન્સર અને કિડની એ બન્ને પ્રકારના રોગોના નિરાકરણના ઉત્તમ અને અકસીર તાકાત હોય તો ગાયના દૂધની અંદર એ તાકાત આવેલી છે. ગાય માતા એ સામાજિક સમરસતાનો રામબાણ ઇલાજ છે. જન્મથી ગાયના દૂધનું સેવન કરનાર વ્યક્તિ રોગમુક્ત બને છે. એક જગ્યાએ એક કવિતા મેં સાંભળી હતી અને એ કવિતામાં જ્યારે એને કતલખાને લઇ જતા હોય છે ત્યારે ગાયની આંખમાં એ કતલખાને દોરી જનાર વ્યક્તિ સામે એક કરૂણાસભર ભાવથી પોતાની જે વેદના વ્યક્ત કરી રહી હતી એ સામાન્ય માણસનું કાળજું હલી જાય એ પ્રકારના ગાયની આત્માના શબ્દો હતા :-

एक बार एक कसाई गाय को काटने जा रहा था, और गाय हस रही थी,
ये सब देख के कसाई बोला,मैं तुम्हें मार रहा हू और तुम मुझ पर हंस क्यों रही हो,
गाय बोली जिंदगीभर मैंने धास के सिवा कुछ नहीं खाया,
फीर भी मेरी मौत क्यु इतनी दर्दनाक है ,
तो हे इंसान जरा सोच, तुं मुझे मार के खायेगा तो तेरा अंत कैसा होगा?
दूध पीलाकर मैने तुमको बडा किया,
अपने बच्चे से भी दुध छीना और मैने तुमको दूध दिया ,
रुखी सुखी खाती थी मैं,कभी ना किसी को सताती थी मैं कोने में पडी रहती थी मैं
दूध नहीं दे सकती थी मैं गोबर के काम तो आती थी मैं
मेरे उपले की आग से तुने अपना भोजन पकाया था
गोबर गैस से रोशन करके तेरा घर उजलाया था।
क्यू मुझको बेच रहा है उस कसाई के हाथों में,
पडी रहूंगी एक कोने में, मत कर लालच,
मैं हूं तेरे कृष्ण की प्यारी वह कहता था जगसे न्यारी,
मत कर बेटा तुं ये पाप, कर ले तुं ईश्वर का जाप ।

માનનીય અધ્યક્ષશ્રી, કસાઇ વાડે દોરાઇને જતી ગાય અને એ ગાય પણ આ પ્રમાણે પોતાની વેદના રજૂ કરે છે ત્યારે ગૌ માતાને માનનારા અને ગૌ માતાનું અને એના વંશજનું માંસ ખાનારા એ માણસો નથી પણ એ જાનવરો કરતા પણ બદતર છે. ગુજરાતની આ સરકાર આવા માનવના સ્વરૂપમાં છુપાયેલા જાનવરોને કોઇપણ હિસાબે શાખી લેવા તૈયાર નથી. આ ગાય માતા એ અમારા માટે સંસ્કૃતિનું પ્રતિક છે. આ કોઇ પ્રાણી નથી, પણ સંસારનો પ્રાણ છે. આ કોઇ જાનવર નથી, આ દેશની જાન છે. ગાય માતા અમારા માટે આન, બાન અને શાન છે. દરેક મનુષ્ય ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિ માટે પોતાની આખી જીંદગી એમાં વ્યતિત કરતો હોય છે પોતાની આખી જિંદગી એમાં વ્યતિત કરતા હોય છે. ૮૪ લાખ યોનીમાંથી જ્યારે માનવ શરીર આપણને મળે તો એ માનવ શરીરને શ્રેષ્ઠ કરવા માટે એનું સુખ, આનંદ,હાશ, છુટકારો અને પ્રસન્નતા મેળવવા માટે આખી આપણી જિંદગી આની અંદર પસાર થાય છે. પરંતુ આ બધી જ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ બધા સાથે ગાય માતાએ માનવ જીવન ઉપર ઉપકારક રહી છે. ગાય, એનું દૂધ, એનું ઘી, એનું ગોબર એના બળદ દ્વારા ખેતીના માધ્યમથી કૃષિનું ઉત્પાદન એમાંથી મળતું ધન આમ સમગ્રત: ગૌ માતા એ ધનની પ્રાપ્તિ, અર્થની પ્રાપ્તિ માટે છે. આપણું કોઇ પણ પવિત્ર કાર્ય એ ગાય માતા વગર કોઇ ધાર્મિક કાર્ય કરીએ તો એમાં આપણું કામ સંપૂર્ણ સંપન્ન થતું નથી. બધા ધાર્મિક કાર્યોમાં અને એના સંસ્કારોમાં ગાયનું દૂધ, દહીં, ઘી, ગૌમૂત્ર અને ગોબરની જરૂર પડે છે. આમ જેમ અર્થ પ્રાપ્તિ માટે થાય છે એમ ધન પ્રાપ્તિ માટે પણ ગાય સંપૂર્ણ રીતે આપણને મદદરૂપ થાય છે. ઘણી વખત વ્યક્તિઓની ઇચ્છિત મનોકામનાની જ્યારે પરિપૂર્તિ કરવી હોય છે ત્યારે વૈદિકકાળથી આપણે જોતા આવ્યા છીએ કે એનક ઋષિઓએ, અનેક રાજાઓએ અનેક પ્રકારના યજ્ઞો કરીને, ભગવાન પ્રત્યે અનુષ્ઠાન કરીને પોતાની આસ્થા પ્રગટ કરતા હોય છે. અને આ બધા જ યજ્ઞોની અંદર ઇચ્છાપૂર્તિ માટે ઘી વપરાય છે અને ઘણી વખત વાજીકરણ જેવા પ્રયોગોમાં પણ ગાયના દૂધની અને ઘીની પ્રમુખતા રહે છે. એમ કામ શુદ્ધિ માટે પણ ગાયનું દૂધ એ ઉપયોગી છે. માનનીય અધ્યક્ષશ્રી, ગાયની સેવા કરવા માત્રથી અંત:કરણ નિર્મળ અને પવિત્ર થાય છે. ભગવાન શ્રીકૃષ્ણે તો ખુલ્લા પગે નિ:ષ્કામ ભાવથી ગાયોની સેવા કરીને મોક્ષ પ્રાપ્તિ કરી છે. આમ, ધર્મ, અર્થ, કામ અને મોક્ષ સંપૂર્ણ રીતે હિન્દુ સંસ્કૃતિ અને માનવ જીવનની અંદર સંપૂર્ણ આપણને મેળવવા માટે ગાય એ કેન્દ્ર સ્થાને રહી છે. એટલે

ગુજરાત પશુ સંરક્ષણ (સુધારા)વિધેયક,૨૦૧૭

આપણે કહીએ છીએ કે, ''ગાયો, ગાઓ વિશ્વશ્ય માત્રમ્'' એટલે કે ગાય એ વિશ્વની માતા છે. ભગવાન સૂર્ય દેવના એમાંથી ગો નામનું કિરણ એ ગાયમાં જ અધિક પ્રમાણમાં પ્રવેશ થાય છે અને ગાયના કરોડરજ્જુના હાડકાંની અંદર સૂર્યકેતુની નાડી હોય છે. જે દહીં હોય છે એ દહીંની અંદર પણ આ પ્રમાણેનો સુવર્ણ ક્ષાર બને છે અને ગાયનું દૂધ એ સુવર્ણ આભાવાળું હોય છે. એટલે બિમાર, અશક્ત અને વૃદ્ધને પચાવી શકે એવું છે. જુનાગઢમાં થયેલા સર્વેક્ષણ પ્રમાણે ગાયના દૂધમાંથી અને ગાયના મૂત્રમાંથી સોનું પણ પ્રાપ્ત કરવાના સફળ પ્રયોગો થયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, શુક્લ યર્જુવેદમાં એક પ્રશ્ન છે, ''તસ્ય માત્ર ના વિદ્યતે્'' અર્થાત્ સંસારમાં એવો કયો પદાર્થ છે કે જેની તુલના નથી થઇ શકતી, જેને ઉપમા નથી આપી શકાતી એના પ્રત્યુત્તરમાં એવો જવાબ આપ્યો કે ''ગૌસ્તુ માત્ર ન વિદ્યતે્'' અર્થાત્ ગાયની કોઇ ઉપમા નથી અને ગાયની કોઇ તુલના નથી.

માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે અમે સૌ ગુજરાતની આ ભારતીય જનતા પાર્ટીની સરકાર ગાય માતા, ગૌના વંશજો માટે કટિબદ્ધતાથી આ કાયદો લાવ્યા છીએ. મહાત્મા ગાંધીજીની આ પ્રતિમા સામે સન્માનનીય સભાગૃહની અંદર બેઠા છીએ. મહાત્મા ગાંધીજીએ જ્યારે આપણને આઝાદી મળી.  એ દિવસો ગાય માતા માટે જે શબ્દો હતા, એમનો ક્વોટ હું સન્નમાનીય સભાગૃહની વચ્ચે કહેવા માગુ છું. મહાત્મા ગાંધીજીએ કહ્યું હતું કે, "જ્યારે જ્યારે ગાયોની કતલ થાય છે ત્યારે મને લાગે છે કે, જાણે મારી જ હત્યા થઇ રહી છે અને જ્યાં સુધી ગૌ હત્યાનો ઊપાય આપણે શોધી ન શકીએ ત્યાં સુધી આપણને મળેલ આર્થિક આઝાદી નિરર્થક રહેશે".

મહાત્મા ગાંધીજીનું જે સ્વપ્ન હતું એ ગુજરાત વિધાનસભા દ્વારા શ્રી વિજયભાઇ રૂપાણીની આ ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા મહાત્મા ગાંધીજીનું આ સ્વપ્નને પરિપૂર્ણ કરવા માટે આ સન્નમાનીય સભાગૃહની અંદર અમે કાયદો લાવ્યા છીએ.

શ્રી કૃષ્ણ ભગવાને ગોકુલમાં ગાયો ચરાવી અને ગોકુલને શ્રદ્ધાનું કેન્દ્ર બનાવ્યું. પરમાત્માનો દિવ્ય અંશ, દિવ્ય આત્મા સ્વરૂપે ગાયની અંદર રહેલો છે અને ગાયની અંદર પરમાત્મા અને પ્રકૃતિનો વાસ રહેલો છે. ભગવાન શ્રી રામચંદ્રજી એના પૂર્વજ રાજા શ્રી દિલીપજીનું નામ આપણે સૌ જાણીએ છીએ અને રાજા શ્રી દિલીપજીને સંતાન પ્રાપ્તિની ઇચ્છા થઇ ત્યારે એમણે ગુરુ શ્રી વશિષ્ઠજી પાસે જઇ પોતાની ઇચ્છા વ્યક્ત કરેલ, તે સાંભળી શ્રી વશિષ્ઠજીએ શ્રી દિલિપ રાજાને ગૌ સેવાનું વ્રત કરવા જણાવેલ. શ્રી દિલિપ રાજાએ એ આજ્ઞાનું પાલન કરેલું અને ખૂબ ગૌ-સેવા કરી અને ફળ સ્વરૂપે એમને ત્યાં રઘુજીનો જન્મ થયો અને જેના ઉપરથી જે વંશ બન્યો એ વંશને રઘુવંશ તરીકે આપણે સૌ જાણીએ છીએ. એટલે હું કહેવા માગુ છું કે, મનુષ્યનું કલ્યાણ ચાહનારાઓ અને સર્વ પ્રકારથી ગૌ-પાલન, ગૌ-રક્ષા કરવી જોઇએ અને કરાવવી જોઇએ.

આર્ય સમાજના સ્થાપક અને પ્રખર સમાજ સુધારક મહર્ષિ શ્રી દયાનંદ સરસ્વતીએ પણ લખ્યું છે કે, "ગૌ આદી પશુઓનો નાશ થવાથી રાજા અને પ્રજા એ બંનેનો નાશ થાય છે". જગ પ્રસિદ્ધ પ્રણામી સંપ્રદાયના સંસ્થાપક પૂજ્ય શ્રી દેવચંદજી મહારાજે ગાય માતાનું પૂજન એ ઇશ્વરનું પૂજન છે અને પ્રભુજીને ગાય માતાનો એમણે મહિમા ગાયો છે. અનેક સંતો મહંતોના મારી પાસે ઊદાહરણો છે, એમણે આપેલા ક્વોટેશનો છે, એમણે સમાજની અંદર આપેલી વાતો છે. પણ ઉત્તર પ્રદેશમાં મુખ્યમંત્રી તરીકે યોગી શ્રી આદિત્યનાથજીએ એવો નિર્ણય લીધો કે હું ઉત્તર પ્રદેશની ધરતી ઉપર એક પણ ગેરકાયદેસર કતલખાના ચાલવા નહીં દઉં. માત્ર ઉત્તર પ્રદેશની ધરતી પરના એકવીસ કરોડ નહીં પરંતુ સમગ્ર દેશના સવા સો કરોડ લોકોની અંદર ભારતીય જનતા પાર્ટીની આ સરકારના કારણે હલચલ મચી ગઇ. ઉત્તર પ્રદેશની ધરતીમાં લોકોને પલાયન થવું પડે, બેફામ રીતે ગાયો કપાય, લોકો જોયા કરે, પ્રશાસનના પેટનું પાણી ના હલે, એનો બદલો લોકોએ એ લીધો કે, ઉત્તર પ્રદેશની ચૂંટણીના પરિણામોની અંદર ૩૨૫ જેટલી ભારતીય જનતા પાર્ટીની સીટો સાથે ૮૦ ટકા સીટો આજે ઉત્તર પ્રદેશની અંદર ભારતીય જનતા પાર્ટીની સરકાર બનાવી છે અને એક સંત, એક મહંત આજે ઉત્તર પ્રદેશની ધરતી ઊપર બેસીને સંસ્કૃતિના આધાર ઉપર ઉત્તર પ્રદેશની ધરતી ઉપર શાસન કરે છે એમ ગુજરાતની ધરતી ઉપર જૈનમ્ જયંતિ શાસનના આધાર ઉપર શ્રી વિજયભાઇ રૂપાણીની આ સરકાર ગુજરાતની ગાયોના માટે આચાર્ય ભગવંતોની કૃપાથી, સંતો-મહંતોની કૃપાથી ગૌ-વંશ માટે અમારી કટિબદ્ધતા અમે આજે આ ફ્લોર ઉપર લાવ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ગરીબી નાબૂદીનું મૂળ કોઇ હોય તો ગાયોની સેવા કરવી  અને એના માધ્યમથી જે આર્થિક ઉપાર્જન થાય એના માધ્યમથી ગરીબી સામે પણ લડવાની તાકાત છે. ઉત્તરપ્રદેશમાં જે ગરીબી છે એનું કારણ એ છે કે ઉત્તરપ્રદેશની અંદર  ગાયોની જે બેફામ રીતે કતલ થવા માંડી, પશુપાલનનો વ્યવસાય નાશ પામવા માંડયો એટલે ગરીબી નિવારણ માટેનું અમે માનીએ છીએ કે આર્થિક ઉપાર્જન માટે ગૌવંશને જીવાડવો, એની રક્ષા કરવી એ અગત્યનું છે. ગાય એ ગરીબ કિસાનો માટેની મૂડી છે. એક કસાઇને એક દિવસની રોજી માટે એક ગાય કદાચ ઉપયોગી થાય પરંતુ એક ગરીબ ઘરના ઝુંપડે જો ગાય બાંધેલી હોય તો સુકું ઘાસ ખાય છે પરંતુ એ ગરીબ ઘરને એની ગરીબીમાંથી બહાર લાવવા માટેની તાકાત એ ગાયની અંદર પડેલી છે. આજનો જમાનો ઓર્ગેનીક ફાર્મિંગનો છે અને ઓર્ગેનીક ફાર્મિંગમાં ગૌમુત્ર અને ગોબરનું સંકેન્દ્રીત સેન્દ્રીય ખાતરનું મહત્વ છે અને મહાત્મા ગાંધીજી માનતા હતા કે ગૌવંશની હત્યા રોકાવી જોઇએ જે તે વખતે કોંગ્રેસની માનસિકતાની આપણને ખબર છે. એ સામે બેઠા છે એટલે આપણે એમને વિપક્ષી કહીએ છીએ. એમની પાસે સક્ષમ નેતૃત્વ નથી. વિદેશની ધરતી ઉપરથી લઇ આવ્યા છે એટલા માટે એમને વિદેશી નેતાના નેતૃત્વ હેઠળ કામ કરતી કોંગ્રેસ કહીએ છીએ પણ આ કોંગ્રેસના લોકો મતોના તૃષ્ટીકરણની રાજનીતિ માટે એ વખતે મહાત્મા ગાંધીજીએ કહ્યું હતું આજે ભારતીય જનતા

પાર્ટીની સરકાર કહે છે કે ગૌહત્યા ન થવી જોઇએ. અમારે કાયદો લાવવો છે તમે અમને સાથ આપો પરંતુ એ લોકો આજે સભાગૃહની અંદર તોફાન કરીને જતા રહ્યા. અમે ધર્મી છીએ, એ અધર્મીઓ છે. એ અધર્મીઓ સામે અમે કડકમાં કડક કાયદો લાવ્યા છીએ. આપણા ઋષિમુનિઓએ પણ ગાયનું અંતિમ શ્વાસ સુધી રક્ષણ કરવાનું કહ્યું હતું અને બોધાયન સ્મૃતિમાં સ્પષ્ટ કહ્યું છે કે ગાયની રક્ષા કરવા માટે, પ્રાણ દેવા માટે સમાજે તત્પર રહેવું જોઇએ. હું યાદ કરાવું છું. આપણે બધા ઇતિહાસનું કથન કરીએ છીએ. અનેક રાજા રજવાડાઓ, અનેક સમાજના શૂરવીરાઓ જયારે જયારે ગામની અંદર ગાયોને ચોરવા માટે ડફેરો આવતા હોય, ગાયોને ચોરવા માટે કસાઇઓ આવતા હોય, પોતાના પ્રાણની આહુતિ દઇને પણ એ ગાયોની રક્ષા કરવા માટે આપણે નીકળેલા છીએ. ગાય માતાને બચાવવા માટે હું ભાથીજી મહારાજને આજે વંદન કરું છું. એ ભાથીજી મહારાજ, એમને ખબર પડી કે આજે ગાયોની હત્યા કરવા માટે ડફેરો આવ્યા છે. ભાથીજી મહારાજ પોતે લગ્નની ચોરીમાં બેઠા હતા અને ગાયોને બચાવવા માટે, ગાયોને લઇ જનારા સામે લગ્નની ચોરીમાંથી ઉઠીને એની સામે લડયા. એમના શરીરથી એમનું ધડ છુટું પડી ગયું પરંતુ શરીરથી એ લડયા અને એ ડફેરોને ત્યાંથી ભગાડયા. આવા અનેક વીરો, શૂરવીરોની આ ધરતી છે.

જન્મે એક ક્ષત્રિય છું. મને વિજયભાઇ રૂપાણીએ તક આપી છે. આનાથી ઉત્તમ મારી જિંદગીની અંદર કોઇ સૌભાગ્યની તક મને મળી નથી અને આના માટે મને વિશેષ આનંદ છે.

અધ્યક્ષશ્રી : આપ ક્ષત્રિય છો અને એ જીવદયા પ્રેમી છે. બંનેનું મિલન થયું છે. રબારી, ભરવાડ, ખેડૂતો પશુપાલકો આ બધા અભિનંદનને પાત્ર છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, નરેન્દ્રભાઇ મોદીના સબળ નેતૃત્વના કારણે ગુજરાતની અંદર પશુપાલનને એક આગવા વ્યવસાય તરીકે સ્થાન મળ્યું છે. આઇડિયા ઓફ ઇન્ડિયાની વાત કરીએ તો ગાય એ આ દેશના અર્થતંત્રના વિચારના મૂળમાં છે, એટલે ગાય એ માત્ર ગાય નથી. આઇડિયા ઓફ પોવર્ટી એલીવીએશનનું તત્વ પણ ગાય સાથે જોડાયેલું છે. ભારતીય બંધારણના માર્ગદર્શક સિદ્ધાંતોની વિશિષ્ટ જોગવાઇઓ છે. આના માટે જ્યારે મારે બોલવાનું હતું ત્યારે એની અંદર જોયું તો ગૌવંશની રક્ષા કરવાની જવાબદારી એ રાજ્ય સરકારને સોંપી છે અને આ માર્ગદર્શક સિદ્ધાંતોને સન્માન આપીને ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ ૧૯૫૪ ના કાયદા આજ દિવસ સુધી હતા. ત્યારબાદ ૧૯૫૪ ના મૂળ અધિનિયમમાં વખતો વખત અનેક સુધારા થયા. પરંતુ મૂળ અનુચ્છેદ બંધારણ ૪૮ માં લખેલું છે કે ગાયો અને વાછરડા, બીજાં દૂધાળાં અને ભારવાહક ઢોરની ઓલાદો જાળવણી જાળવી રાખવા અને સુધારવા તેમની કતલ ઉપર પ્રતિબંધ મૂકવા પગલાં ભરાશે. એના માટે ૧૯૫૪ નો કાયદો, પછી ૧૯૬૧ અને ૧૯૯૪ એમ જુદા જુદા અત્યાર સુધીના ૩ વખત સુધારા થયા છે. હવે હું ગુજરાતની આ ભારતીય જનતા પાર્ટીની સરકારના પ્રતિબદ્ધતાના મૂળમાં જવા માગું છું. ૧૯૯૪ માં જે તે વખતે વટહુકમથી બળદ કે ધણખૂંટની કતલ ઉપર સંપૂર્ણ પ્રતિબંધ ફરમાવતો સુધારો કર્યો. ત્યારબાદ મિરઝાપુર, મોટી કુરેશી, કારબ જમાત અને બીજી ૩ સંસ્થા દ્વારા ગુજરાત હાઇકોર્ટમાં રાજ્ય સરકારના ૧૯૯૪ ના ગુજરાતના ચોથા સુધારાના વટહુકમને પડકારવામાં આવ્યો. ગુજરાત હાઇકોર્ટ દ્વારા સુધારાના અધિનિયમને ગેરબંધારણીય એટલે અલ્ટ્રાવાયરસ કર્યો. ગુજરાત સરકાર દ્વારા ગુજરાત હાઇકોર્ટના આ ચુકાદા સામે સરકારે સુપ્રીમમાં ગઇ અને સુપ્રીમમાં મને યાદ છે કે માનનીય મુખ્યમંત્રી તરીકે નરેન્દ્રભાઇ મોદી આ કેસનું જાતે મોનીટરિંગ કરતા. માનનીય ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તે વખતે પશુપાલન મંત્રી હતા. તે વખતે સતત સુપ્રીમ કોર્ટમાં રાજ્ય સરકારના આ કેસનું ફોલોઅપ કર્યું. સુપ્રીમ કોર્ટના સાત જજની બંધારણીય બેંચ સમક્ષ આની સુનાવણી થઇ. જે ૧૯૯૪ નો ગુજરાત હાઇકોર્ટે સુધારો અલ્ટ્રાવાયરસ રદ બાતલ કર્યો હતો એમાં ગુજરાત સરકારની કટિબદ્ધતાના કારણે, મજબૂત લડાઇના કારણે સુપ્રીમ કોર્ટે ગુજરાત હાઇકોર્ટના ચુકાદાને રદબાતલ કર્યો અને ફરીથી મૂળ કાયદાને ચાલુ રાખ્યો. સુપ્રીમ કોર્ટના ચુકાદા પછી ફરી એક વખત ગુજરાતની અંદર ગૌહત્યા અને એના વંશને બચાવવા માટેની લડાઇ એ નરેન્દ્રભાઇ મોદીએ આ કાનૂની ગૂંચમાંથી નીકળ્યા પછી શરૂ કરી અને ૨૬-૧૦-૨૦૦૫ થી ગૌવંશ કતલ ઉપર સંપૂર્ણ પ્રતિબંધ રાજ્યની અંદર મુકવામાં આવ્યો. આ પ્રતિબંધ મૂક્યા બાદ પછી પણ અમને લાગ્યું કે આ જે પ્રતિબંધ મૂક્યો છે, પરંતુ આની જે છટકબારીઓ છે, એનો આ કસાઇઓ દુરુપયોગ કરી રહ્યા છે, તો એના માટે ૨૦૧૧ ની અંદર એમાં સુધારો કરવામાં આવ્યો.

માનનીય અધ્યક્ષશ્રી, એ સુધારો એવો કર્યો કે, પશુઓની ગેરકાયદેસર કતલ, ગૌવંશની હેરફેરના કૃત્ય બદલ ઓછામાં ઓછી એક વર્ષની અને મહત્તમ પાંચ વર્ષની સજા, ઓછામાં ઓછો દસ હજાર રૂપિયાનો અને મહત્તમ પચાસ હજાર રૂપિયાનો દંડ કર્યો હતો. તે પ્રમાણે તેની અંદર જો કોઇ વાહન પકડાય તો વાહન છ મહિના પૂરા થાય તે પહેલાં અથવા તો કોર્ટના આખરી ચુકાદા સુધી બેમાંથી જે વહેલું હોય તે પ્રમાણે તથા ત્રીજું તે પશુઓની હેરાફેરીના સંદર્ભમાં પણ નિયમો નક્કી કર્યા હતા. આ બધું હોવા છતાં આ સરકારના મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, આ સરકારના મંત્રીશ્રીઓ, ધારાસભ્યો, અમારા ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ જયાં પણ જાય ત્યાં વેદનાભર્યા હ્રદયથી અનેક સમાજ જીવનના શ્રેષ્ઠીઓ, અનેક સંતો, મહંતો અમારી સમક્ષ રજૂઆત કરતા. મેં અગાઉ કહ્યું તેમ આ સરકાર સંવેદનશીલ સરકાર છે. સમાજના કોઇપણ છેડે કયાંક સંસ્કૃતિનું વસ્ત્રાહરણ થતું હોય તો આ સરકારની આંખે પાટા બાંધીને જોવાની જરાય માનસિકતા નથી. તેની સામે કઠોરમાં કઠોર અને કડકમાં કડક કાયદો લાવવાની સરકારની કટિબદ્ધતા છે. તેના ભાગ સ્વરૂપે કેટલાક સુધારા આજે આ સન્માનનીય સભાગૃહની અંદર લાવ્યો છું. આ જે સુધારા છે તે આ બિલ ગુજરાત પશુ સંરક્ષણ (સુધારા) અધિનિયમ ૨૦૧૭ હેઠળ લાવ્યો છું. તેમાં પહેલાં એવું હતું કે, પશુની હેરાફેરી, પશુઓની હત્યા માટે, માંસના વેચાણ માટે, માંસના સંગ્રહ માટે જો કોઇપણ વાહન પકડાય તો તે વાહન મહત્તમ છ મહિના કે કોર્ટના આદેશ પ્રમાણે વહેલું છૂટી જતું હતું. ગુજરાતની સરકારને આ મંજૂર

નથી. ગૌહત્યા, ગૌમાંસ, તેની હેરાફેરી, વેચાણ કે સંગ્રહની સાથે કોઇપણ વાહન જોડાયેલું હશે તો તે વાહનને ગુજરાતની સરકાર આ કાયદાના માધ્યમથી રાજ્યસાત કરવાનો નિર્ણય કરે છે. જે કોઇ વ્યક્તિ ગૌવંશના પશુઓની હત્યા કરવા કે કરાવવા દોષિત ઠરે તો તેના માટે ઓછામાં ઓછી ત્રણ વર્ષ અને વધુમાં વધુ સાત વર્ષની સજા હતી. પહેલાં ઓછામાં ઓછો દસ હજાર અને વધારેમાં વધારે પચાસ હજાર રૂપિયા જેટલો દંડ હતો. હવે આજના આ અમારા બિલની અંદર માનનીય દંડકશ્રી જે સુધારો લઇને આવવાના છે તે સુધારાના સંદર્ભમાં મારે સન્માનનીય સભાગૃહને કહેવું છે કે, હવે ગુજરાતની ધરતી ઉપર કોઇપણ વ્યક્તિ ગૌવંશ કે ગાયની હત્યા કરશે તો તે હત્યારાને આજીવન કેદ સુધીની સજા ફરમાવવાનો રાજય સરકારનો નિર્ણય છે. માત્ર આજીવન કેદથી અમે અટકતા નથી પણ ગાયો અને ગૌવંશની હત્યા કરીને જે લોકો આર્થિક સક્ષમ થાય છે તેને ઓછામાં ઓછો એક લાખ રૂપિયા અને મહત્તમ પાંચ લાખ રૂપિયા સુધીનો દંડ કરવાનો નિર્ણય કર્યો છે. આ મેં કહ્યું કે, વાહન રાજયસાત એટલે શું? તો એક વખત આ વાહન પકડાયું એટલે તેની માલિકી રાજય સરકારની થઇ જશે. આખી જિંદગી તે વાહન કયારેય તે ગુનો કરવાવાળાને નહીં મળે તેનું નામ રાજયસાત. ગૌવંશના હત્યારાઓ સામેની આ રાજય સરકારની કઠોરમાં કઠોર અને કડકમાં કડક પ્રતિબદ્ધતા મેં કહી છે. હવે હું બીજી વાત કરું છું કે, જો કોઇ વ્યક્તિ ગૌવંશની ગેરકાયદેસર હેરફેર અથવા ગૌમાંસ કે ગૌમાંસની બનાવટોનું વેચાણ અથવા એનો સંગ્રહ કરવા કે હેરફેર કરવા માટે એને અગાઉ માત્ર ૩ વર્ષ સુધીની જેલની સજા અને ૨૫ હજાર સુધીનો દંડ હતો પણ હવે ગુજરાતની ધરતી ઉપર કોઇ પણ વ્યક્તિ ગૌહત્યા કરવાના આશયથી કે પરમીશન વગર ગેરકાયદેસર હેરફેર કે ગેરકાયદેસર એનું વેચાણ કે ગેરકાયદેસર રીતે જો સંગ્રહ કરશે તો જૂની સજામાં વધારો કરીને આ સજા મહત્તમ ૧૦ વર્ષ અને ઓછામાં ઓછી ૭ વર્ષની થશે અને એમાં દંડ પણ ઓછામાં ઓછો એક લાખ અને મહત્તમ ૫ લાખ રૂપિયા સુધીનો દંડ આની અંદર કરવામાં આવ્યો છે. અહીંના અનેક ધારાસભ્યશ્રીઓએ રાજયમાં ગૃહમંત્રી તરીકેની મને જવાબદારી મળ્યા પછી અમારી સમક્ષ રજૂઆત કરી હતી કે, અમે પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલા છીએ, અમે ક્યાંક ખેતરોમાં રહેતા હોઇએ, વાડીઓમાં રહેતા હોઇએ, ગામની ભાગોળે રહેતા હોઇએ તો જુદી જુદી ગેંગો આવે એક ઇન્જેકશન મારી આપણી ગૌમાતાને આખી બેન્ડ કરીને વાહનની અંદર લઇ જાય અને ખુલ્લા ખેતરોમાં લઇ જઇને એની કતલ કરી એનું માંસ નજીકમાં જયાં માંસનું વેચાણ કેન્દ્ર હોય ત્યાં પહોંચી જતું હતું. પોલીસ તંત્ર એના માટે કામ કરતું હતું પરંતુ આ ચોરી કરવાવાળા માટે આપણે અત્યાર સુધી આઇ.પી.સી. કલમ હેઠળ ગુનો નોંધતા હતા પરંતુ હવે આ હેરફેર અને ગૌહત્યાની અંદર કડકમાં કડક સજાની જોગવાઇ કરી રહ્યા છીએ. માનનીય ભુપેન્દ્રસિંહજીના વિસ્તારમાં કાયમ એમની એક ફરિયાદ હોય છે કે, એક મછડા ગેંગ છે એ મછડા ગેંગે અમારા વિસ્તારના પશુપાલકોને તારાજ કરી નાંખ્યા છે એના માટે કાંઇક કરવું જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની ધરતી ઉપર પશુઓની ચોરી માટે આવી કોઇ પણ ગેંગ હોય એને પશુપાલકો અને અમારી આસ્થા હોવાના કારણે અમે સફળ નહીં થવા દઇએ કેમ કે, કડકમાં કડક કાયદો અમે આ બિલથી લઇ આવ્યા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, ગૌહત્યા થાય, ગૌવંશની હત્યા થાય ગુનો પહેલા જામીનપાત્ર હતો, સમાજની અંદર જયારે આ પ્રામાણેના ગુનાઓમાં વધારો થાય, લોકોની આસ્થા અને શ્રધ્ધા સાથે ખિલવાડ થાય તો સત્તા સ્થાને બેઠેલા રાજનેતાઓએ રાજદંડનો ઉપયોગ કરવો પડે એના માટે અમે રાજદંડનો ઉપયોગ કરવા આ ગુનો જે પહેલા જામીનપાત્ર હતો એ હવે આના સંદર્ભના કોઇ પણ ગુના થાય એ બિન જામીનપાત્ર કરવામાં આવેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, વ્યાપક ફરિયાદો એવી આવતી કે જે ગૌહત્યા, ગૌવંશની હત્યા કરવાવાળા લોકો એ રાત્રીના સમયે પશુઓની હેરાફેરી કરે છે. સાંજ પડે ઢોરાને વાહનમાં નાંખી દે, દિવસ કરતા રાતનું ચેકીંગ ઓછું હોય, નિર્ધારીત સ્થાન ઉપર બેરોકટોક લઇ જાય અને કતલ થાય. આ બાબત માનનીય મુખ્ય મંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના ધ્યાન ઉપર આવી તો એમણે આગ્રહપૂર્વક કહ્યું કે, ગુજરાતની અંદર આ પ્રકારના ગુનાઇત કામો માટે જે રાત્રિ હેરફેર કરે છે અને ખાસકરીને કતલ કરવાના હેતુથી જ થતી હોય છે આવી રાત્રી હેરફેર રોકવા માટે ગૌ વર્ગના પશુઓની હેરફેર માટે એમણે પરમીટ મેળવેલી હોય તેવા કિસ્સામાં પણ સાંજના ૭-૦૦ વાગ્યાથી સવારના ૫-૦૦ વાગ્યા સુધી આવી કોઇ પણ હેરાફેરી ગુજરાતની ધરતી ઉપર નહીં કરવા દેવામાં આવે. અમારા ધ્યાનમાં આવ્યું કે પહેલાં પરમીટ આપવા માટેની એક આખી પ્રોસેસ હતી, એ પ્રોસેસમાં ઘણા લોકોને એ પરમીટ આપવા માટે અમે ઓથોરાઇઝ્ડ ઓફિસર્સ કર્યા હતા, પરંતુ અમે આ વખતે પણ આ કાયદામાં કોઇ ત્રુટિ ના રહી જાય, કોઇ ક્ષતિ ના રહી જાય, એના માટે પરમીટ આપવાવાળા લોકોનું પણ ઓથોરાઇઝેશન બદલ્યું છે અને ગૌહત્યા કે ગૌમાંસની હેરાફેરી માટે ઉપયોગમાં લેવાયેલ વાહન કે સાધન રાજ્યસાત કરવાનું એટલે કે રાજ્યની માલિકી બને એના માટેના નિયમોમાં પણ અમે સુધારો કર્યો છે, આમ સંપૂર્ણતઃ જુદા જુદા જે સુધારા મેં કહ્યા છે એ પ્રમાણે જોઇએ તો હાલની સેક્શન ૬-(એ) જેમાં નિર્દિષ્ટ કરેલ પશુઓના વધ માટે હેરફેર કરવાના પ્રતિબંધ માટે રાજ્યસાત એટલે શ્રીસરકાર દાખલ કરવા અને ૬-(બી) એટલે ગૌમાંસ કે ગૌમાંસની બનાવટો માટેનું વેચાણ અથવા ખરીદી માટેનો પ્રતિબંધ, એમાં પણ રાજ્યસાત કરવાનો અમે આ કાયદાના માધ્યમથી નિર્ણય કર્યો છે. સેકશન-૯ આ અધિનિયમ અન્વયેના ગુનાઓ માટે પોલીસ અધિકારના ગણાશે એટલે આ અધિનિયમ હેઠળના ગુના પોલીસ અધિકારના અને બિનજામીન પાત્ર રહેશે. પહેલાં રાજ્યસાત કરવા માટેના નિયમો નહોતા, હવે રાજ્યસાત કરવા માટેના અમે નિયમો બનાવ્યા છે, પહેલાં જુદી જુદી પચ્ચીસ ઓથોરિટીઓ હતી, પરંતુ સક્ષમ અધિકારી તરીકે ઓથોરાઇઝ પ્રક્રિયાને સરળ, અસરકારક અને એને ઇફેક્ટીવ બનાવવા માટે લીમીટેડ અધિકારીઓ રહેશે એટલે હવે ક્યાંય પણ ગુજરાતમાં પશુઓની હેરાફેરી કરવી હશે તો એની પરવાનગી માત્ર નીચે જણાવેલા લોકો જ આપી શકશે. એની પરવાનગી વગર જો કોઇ હેરાફેરી કરશે તો આ ગુનાનો અને આ કાયદાનો ભંગ કરેલ હોવાનું ગણાશે અને એ પ્રમાણે એની સજા થશે. તાલુકા વિકાસ અધિકારી, મામલતદાર, ડેપ્યુટી હેલ્થ

ઓફિસર, ચીફ ઓફિસર નગરપાલિકા, આસીસ્ટન્ટ કમિશનર, મ્યુનિસિપલ કોરપોરેશન, ડે. મ્યુનિસિપલ કોરપોરેશન, મ્યુ. કોરપોરેશન અને વેટરનીટી ઓફિસરનો સમાવેશ થાય છે. માનનીય બાબુભાઇ બોખીરીયા અમારા પશુપાલન મંત્રી છે અને ભૂતકાળની અંદર જે પણ પશુપાલન મંત્રી તરીકે રહ્યા, અમારા ડેરીના વ્યવસાય સાથે સંકળાયેલા ડેરીના ચેરમેન શંકરભાઇ ચૌધરી હોય, જેઠાભાઇ હોય, ગુજરાતની જે પણ ડેરીઓ છે, એ પશુપાલનના માધ્યમથી શ્વેતક્રાંતિ ગુજરાતની ધરતી ઉપર થાય એના માટે એકલી સરકાર કાર્યરત નથી, સરકારની શક્તિ સિમિત છે અનેક લોકોની સહકારી સંસ્થાઓના માધ્યમથી એની અંદર વધારો કરીને ગુજરાતની અંદર પશુપાલનમાં આમૂલ ક્રાંતિકારી પરિવર્તન લાવ્યા છે. હું એના આંકડા આપવા માગું છું. ગુજરાત સરકારની આ પશુપાલન અને ગુજરાતના પશુઓ માટેની કટિબદ્ધતા હોવાના કારણે ગુજરાતમાં ૨૦૦૨માં કુલ પશુધન ૨.૧૬ કરોડનું હતું અને ૨૦૧૨ની ગણતરી કરી છે એ પશુધન ૨.૭૧ થયું છે. દેશના પશુધનની વસતિમાં ૩.૩૩ ટકાનો ઘટાડો થયો છે, જ્યારે ગુજરાતના પશુધનમાં, ગુજરાત સરકારે લીધેલા જીવદયાના કાર્યક્રમોના કારણે ૧૫.૩૬ ટકાના વધારા સાથે આખા દેશમાં પ્રથમ ક્રમે પશુપાલન માટે ગુજરાત છે. હું ગાય માટેની વાત કરું તો ૧૯૯૭માં ગાય વર્ગના પશુઓની સંખ્યા ગુજરાતમાં ૬૭.૫૦ લાખ હતી, જે ૨૦૦૩માં ૬૭.૫૦ લાખમાંથી ગુજરાતમાં ૭૪.૨૩ લાખ ગાયોની સંખ્યા થઇ. જે ૨૦૦૭માં ગુજરાતમાં ગાયોની સંખ્યા ગુજરાતમાં ૭૯.૭૫ લાખની થઇ છે. દૂધ ઉત્પાદનની બાબતમાં સમગ્ર દેશમાં ૨૦૦૫-૦૬ થી ૨૦૧૫-૧૬ આ દસ વર્ષમાં ૬.૦૨ ટકાનો વાર્ષિક વધારો આખા દેશમાં નોંધાયો છે, પરંતુ ગુજરાતની અંદર આ દૂધ ઉત્પાદનમાં ૭.૬૨ ટકાનો વધારો નોંધાયો છે. હું એવુ કહી શકીશ કે સમગ્ર દેશની અંદર દૂધનું જે ઉત્પાદન થાય છે તે ૧૨ લીટરનું જો ઉત્પાદન થતું હોય તો તેમાં ૧ લીટરનું ઉત્પાદન તે ગુજરાતની ધરતીના માધ્યમથી થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, ગાયના સંદર્ભમાં અમારા ગૃહ વિભાગ દ્વારા પણ ઈફિકિટવ કામગીરી કરવામાં આવી છે. જેમ કહ્યું કે પશુપાલન વિભાગ કામ કરે છે એમ અત્યાર સુધીમાં ગેરકાયદેસર કતલ, હેરાફેરી અને વ્યકિતઓ સામે અસરકારક પગલાં લેવા માટે ક્રૂર વ્યકિત તેનો પણ આ પાસાની અંદર એમેન્ડમેન્ટ કરીને ૮૨ જેટલાં વ્યકિતઓને પાસા લગાડવામાં આવ્યા છે. મારી પાસે જુદા જુદા કેસોની વિગતો છે તે પ્રમાણે ૧૨ થી ૧૬માં કુલ ૨૫૭૬ ગુનાઓ નોંધાયા તેમાં સંડોવાયેલા ૬૪૬૪ પૈકી ૬૧૮૮ વ્યકિતઓની ધરપકડ કરી, તેના વાહનો પકડવામાં આવ્યાં અને સતત કરતા લોકોને તડીપાર પણ કરવામાં આવ્યાં. જયારે મને કહેવામાં આવ્યું ત્યારે મને થયુ કે દેશની અંદર આ કાયદાની શું પરિસ્થિતિ છે તેનો પણ આપણે અભ્યાસ કરવો જોઇએ. માનનીય બાબુભાઇ બોખીરીયાના પશુપાલન વિભાગે સમગ્ર દેશની અંદર જે અભ્યાસ કર્યો તેમાં ગાય અને ગાયના વંશજોની કતલના ગુના માટે મધ્યપ્રદેશમાં જેલની સજા ૬ માસ સુધીની છે, આંધ્રપ્રદેશ, આસામ, બિહાર, કર્ણાટક, તેલંગણા, પશ્ચિમ બંગાળ તેમાં માત્ર ૬ માસ સુધીની છે, હિમાચલ પ્રદેશ, દીવ, દમણ, ગોવા, ઓરિસ્સા, પોંડીચેરી, પંજાબ આ બધા રાજયોમાં મહત્તમ બે વર્ષ સુધીની છે. દિલ્હીમાં આ સજા ૬ માસથી ૫ વર્ષ સુધીની છે અને દંડ પણ ૧૦ હજાર જેટલો છે. હરિયાણામાં ૫ વર્ષ સુધીની છે, મહારાષ્ટ્રની અંદર પણ ૫ વર્ષ સુધીની છે, જમ્મુ કાશ્મીરમાં ૧૦ વર્ષ સુધીની છે પણ આ દેશની અંદર ગૌવંશ કે ગૌવંશના હત્યારાઓની હત્યા કરવા માટે આ દેશની અંદર સૌથી વધારે કઠોરમાં કઠોર કાયદો બનાવ્યો હોય તો ગુજરાત સરકારે પ્રબળ રાજકીય ઈચ્છાશકિત આજીવન કેદના માધ્યમથી આ સન્માનનીય સભાગૃહની અંદર આ કાયદો બનાવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની આ સરકાર ગાય માતાને એના વંશજોની ચિંતા કરે છે. ગૌમાતાની કતલ કરવાવાળા કોઇ પણ ચમરબંધીને આ સરકાર છોડવાના મતની નથી. આ મહાત્મા ગાંધીનું ગુજરાત છે, આ સરદાર વલ્લભભાઇ પટેલનું ગુજરાત છે, આ નરેન્દ્ર મોદીનું ગુજરાત છે અને આ ગૌ હત્યા સાથે દૂરવ્યવહાર કરવાવાળા કોઇ પણ વ્યક્તિ સાથે જે ગાયની દયા નથી ખાતો અમે તેની દયા ખાવા માટે કોઇ હિસાબે તૈયાર નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની આ વિચારધારા આને ભારતીય જનતા પાર્ટી એ ભારતીય સંસ્કૃતિનું રક્ષણ કરવુ એના આધાર ઉપર અને આ વાત અમે આજે દેશ સમગ્ર ભારત વર્ષની અંદર સમજાવી શકયા છીએ તેના કારણે આ દેશની અંદર ૧૪-૧૪ જેટલાં રાજયોમાં ભારતીય જનતા પાર્ટીનો ભગવો ધ્વજ ફરકે છે. અને " ધર્મો રક્ષતિ રક્ષત, ધર્મનું રક્ષણ કરો ધર્મ તમારું રક્ષણ કરશે " એટલે છેલ્લે એક પ્રસંગોચિત કાવ્ય પંકિત જે આપ બધાને પણ જેની લાગણી જોડાયેલી છે તે હું આ સન્માનનીય સભાગૃહ સમક્ષ કહેવા માગુ છું.

"" नई सदी का शंख बज गया, अपना फर्ज निभाना है,
गोपालक संवर्धन करने उन्नत राष्ट्र बनाना है,
छोड दिया जब गोपालक ,जब हमारी दशा हीन हुई,
गायों की भी दुर्गति हुई ,उर्वरक धरती क्षीण हुई,
हुवा प्रदुषित अन्न वायु, जल मिलकर उसे बचाना,
गोपालक संवर्धन करके, उन्नत राष्ट्र बनाना है,
करते है गौमाता की जय , कर विकृत कर कत्ल किया, गोवर्धन का मूल्य नहीं समझा केवल भय का
लाभ लिया, इसलिये है सुनहरा आंगन ,

ગુજરાત પશુ સંરક્ષણ (સુધારા)વિધેયક,૨૦૧૭

**फीर से उसे बसाना है, गोपालक संवर्धन करके**

**उन्नत राष्ट बनाना है,**

**उजडा गॉव बनेगा फीर से,**

**कोयल कूं कूं करेगी, बंजर धरती हरी होकर,**

**नित्य नित्य सोना उगलेगा , उन्नत जगत जननी के पथ पर मॉ भारती को बिठाना है,**

**गोपालक संवर्धन करके उन्नत राष्ट्र बनाना है।"**

આમ, આ માત્ર બિલની વાત નથી. આ દેશના કરોડો ભારતીય જનતા પાર્ટીના કાર્યકરોના દિલની વાત આ સન્માનનીય સભાગૃહની વચ્ચે લઇને આવ્યો છું. હું સભાગૃહને વિનંતી કરું છું કે, આ બિલ નથી અને આના માધ્યમથી આપણે ભારતીય સંસ્કૃતિનું જતન કરવું છે. અનેક સંતો, મહંતોએ બલિદાન આપેલ છે, અનેક શૂરવીરોએ પોતાના બલિદાનો આપેલ છે. એના બલિદાન એળે નહિ જાય અને આ બિલ પાસ કરાવવા માટે અમારા willથી આ સન્માનનીય ગૃહ સમક્ષ લાવ્યો છું. તો હું આપને વિનંતી કરું છું કે, આ સન્માનનીય સભાગૃહ એનું અમલીકરણ કરે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રીના આ બિલના પ્રસ્તાવ માટે આ ગૃહના નેતા અને રાજ્યના આદરણીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી વાત કરશે.

શ્રી વિજયકુમાર ર.રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહમાં આજે ઐતિહાસિક બિલ મૂકાયુ છે. અમે સૌ ભાગ્યશાળી છીએ કે આ બિલના સમર્થન માટે, સરકારની એક રાજકીય ઇચ્છાશક્તિ માટે ભગવાને અમને નિમિત્ત બનાવ્યા છે. આપણા ગુજરાત માટે નરેન્દ્રભાઇ એ શબ્દ પ્રયોગ કરતાં કે ગુજરાત સમૃદ્ધ, શક્તિશાળી, સુખી-સંપન્ન તો છે જ પરંતુ આપણે ગુજરાતને દિવ્ય ગુજરાત બનાવવું છે. દિવ્ય ગુજરાતનો અર્થ એ થાય છે કે, ગુજરાતમાં એવી ચેતના પ્રગટે કે જે ચેતના અંતે વ્યક્તિને ઊર્ધ્વગામી બનાવે. બીજા બધા રાજ્યો કરતાં ગુજરાત એક અલગ રાજ્ય છે. ઘણી ચર્ચાઓ થાય છે. આજના કળિયુગની ચર્ચાઓ થાય છે. એમાં બે વિષયોમાં આપણું ગુજરાત અલગ છે. એક દારૂબંધી અને બીજું શાકાહારી ગુજરાત. હું કોઇ ખાન-પાન પદ્ધતિનો વિરોધ નથી કરતો પરંતુ, Scientifically આપણી સ્પષ્ટ ગુજરાતી માન્યતા છે કે, આપણે સૌ મહાત્મા ગાંધી અને સરદાર પટેલના સંતાનો છીએ. આપણી અલગ-અલગ વિચારધારાઓ છે. બજેટની ચર્ચામાં પણ વાત થતી હતી કે બીજા રાજ્યમાં દારૂની એક્સાઇઝ આવક ખૂબ મોટી છે. કારણ કે, ગુજરાત સિવાય તો બધે જ દારૂ છૂટથી વેચાય છે. પરંતુ ગુજરાતે એ prefer નથી કર્યુ કે આવી આવકના આધાર ઉપર અમારે વિકાસ નથી કરવો કે જ્યાં માનવીનું પતન થાય છે. એ માનવીનું પતન અમારે અમારા સંસ્કારોના ભોગે કરવું નથી. ભલે ૧૨,૦૦૦ કરોડ ન મળે. બે વિકાસ ઓછા કરીશું પરંતુ અમારે ગુજરાતમાં કડક દારૂબંધી કરવી છે. અને એ સંકલ્પ સાથે આ સત્રમાં દારૂબંધીનો કડક કાયદો પણ આ જ ગૃહે પસાર કર્યો છે. મહાત્મા ગાંધી સત્ય, અહિંસા ઉપર ધ્યાન મૂકતા હતા, ભાર મૂકતા હતા. આજે મને એનો પણ આનંદ છે અને હું માનું છું કે, મહાત્મા ગાંધીના વિચારોને આપણે આજના દિવસે પ્રતિપાવન કર્યા છે. એમ. બી. શાહ કમિશનનો રિપોર્ટ પણ એ સત્યના આધાર ઉપર આ ગૃહમાં આ સત્ય પાલન તરીકે અમે આજે મૂક્યો છે કે જેમાં સત્ય, સાચુ એ પણ અમે લોકોએ આજે અહીંયા મૂકીને એ સત્ય પાલનની વાત આ સરકારે સ્વીકારીને આ વાત મૂકી છે અને એવી જ વાત આ અહિંસાની વાત, મહાત્મા ગાંધીજીની કલ્પના એને પણ અમે આજે આ ગૌહત્યાના કડકમાં કડક કાયદા આ ગૃહમાં લાવી અને જીવ માત્ર પ્રત્યેની જીવદયા, જેમ આપણે કહીને કે, કરૂણા, પ્રેમ, અનુકંપા આ બધા જ વિષય સદભાવનાના વિષયને પણ આજે આ ગૃહમાં અમે લાવ્યા છીએ. આ ગાંધીનું ગુજરાત, આ સરદારનું ગુજરાત, આ નરેન્દ્ર મોદીનું ગુજરાત એ દિવ્ય રાજય બને અને એટલા માટે બીજાં રાજયો કરતાં અલગ એ પ્રકારનું દારૂબંધી માટે પણ અમારી કટિબધ્ધતા છે. નવ જવાનોને નશાની લતમાં અમે મોકલવા માગતા નથી અને એવી જ રીતે આ ગુજરાત એ શાકાહારી ગુજરાત છે. આ ગુજરાત જીવદયામાં માનનારું ગુજરાત છે. જીવથી શિવ, વ્યક્તિથી, સમસ્તથી અને આ બધાનો વિચાર આ રાજય, આ સરકાર એ જીવમાત્રનો વિચાર કરે છે અને એની સુરક્ષા એના માટેની વ્યવસ્થા એ અમારી જવાબદારી છે અને એટલા માટે અમે આ કાયદાને પણ અમે એક રાજકીય ઇચ્છા શક્તિના આધાર ઉપર ગૌહત્યા આ ગુજરાતમાં ન થાય. ગાય એ કરૂણાનું પ્રતિક છે. આપણે ઘણાને કહીએ છીએને કે, આ બિચારો ગાય જેવો છે. દીકરી તો કહે કે ગાય જેવી દીકરી છે તો ગાયનો મતલબ એકદમ કરૂણાનું પ્રતિક છે અને એ કરૂણાના પ્રતિકની સુરક્ષા એ અમારી જવાબદારી છે અને એટલા માટે આ કાયદા કડક બનાવી અમે આ ગૃહમાં લાવ્યા છીએ. અહીંયાં જીવોની રક્ષા, હર જીવની રક્ષા એ અમારો સંકલ્પ છે અને એ સંકલ્પના સંદર્ભમાં અમે લોકો જેને કહીએ કે લાંબી વિચાર ધારાને ધ્યાનમાં રાખીને જીવ માત્રમાં શિવની કલ્પના કરીને અમે લોકોએ આ વિષયને અહીંયા પ્રસ્તુત કર્યો છે.

માનનીય પ્રદિપસિંહજીએ વિસ્તૃત વાત કરી છે, પરંતુ જે રીતે હરિયાળી ક્રાંતિ એમ શ્વેત ક્રાંતિ આવનારા દિવસોમાં આ ગુજરાત કરવાનું છે અને અમે એથીય આગળ આ બજેટની અંદર નંદીઘરની યોજના લાવ્યા છીએ. એ નંદીઘરમાં એવા નંદીઓનું દરેક તાલુકાઓ ઉપર પાલનપોષણ થાય. અમારે જરસી ગાયો અહીંયા ગુજરાતમાં જોઇતી નથી. અમારે તો ગુજરાતમાં ગીરની ગાયો, કાંકરેજની ગાયો કે જે ગાયો એ ગાય ગૌધન કે એવું ગૌધન કે પહેલાંના જમાનામાં એમ કહેવાતું હતું કે કયા રાજા પાસે કેટલી ગાયો છે? એ રાજા સમૃધ્ધ કહેવાતો એમ ગુજરાત એ સમૃધ્ધ કયારે કહેવાશે કે અમારી પાસે લાખોની સંખ્યામાં ગીરની

ગાયો છે, કાંકરેજની ગાયો છે. પંદર પંદર લિટર, વીસ વીસ લિટર દૂધ આપનારી ગાયો છે અને એના આધાર ઉપર આખા ભારતમાં ગુજરાત શ્રેષ્ઠ દૂધ ઉત્પાદનમાં હોય, જેના આધાર ઉપર ગામડાનો ખેડૂત ખેતીમાંથી અને પશુપાલનમાંથી એ આર્થિક સ્વાવલંબન બને, એમાંથી એની સમૃધ્ધિ પ્રાપ્ત થાય. નરેન્દ્રભાઇની ઇચ્છા છે કે ખેડૂત એ પોતે એની આવકને પાંચ વર્ષમાં ડબલ કરે અને સમૃધ્ધ બને. ખેડૂત સમૃધ્ધ, ખેતી સમૃધ્ધ, ગામડું સમૃધ્ધ તો જ શહેરો સમૃધ્ધ બનશે અને એ દિશામાં આ પશુપાલનને ધ્યાનમાં રાખીને પણ આ કાયદાનું મહત્વ છે. સમૃધ્ધિ તરફ જવા માટે આ એક રસ્તો છે અને એમાં ગાયોનું જતન અને ગાયોની ઓલાદ પણ શ્રેષ્ઠ ઓલાદ બને એના માટે પણ આનુષાંગિક અમે લોકોએ વ્યવસ્થા કરી છે. ત્યારે હું એમ માનુ છું. દારૂબંધી માટે અને જીવ હિંસા માટે અહિંસા પરમો ધર્મ, સત્ય મેવ જયતે. એ વિષયને ધ્યાનમાં રાખીને મહાત્મા ગાંધીની કલ્પના મુજબનું આ રાજય અમે લોકો પ્રસ્થાપિત કરવા માગીએ છીએ અને એમાં આજના ગૌ હત્યા પ્રતિબંધિત કાયદાને કડક બનાવવાનો જે પ્રસ્તાવ મૂકાયો છે જે આવતા દિવસોમાં દિવ્ય ગુજરાતની દિશામાં મહત્વનું કદમ ભરી રહ્યા છીએ. સંપૂર્ણ સભાગૃહ આને એક જેને કહીએ કે ઉજ્જ્વળ ગુજરાત અને એક ગુજરાતની દિશા અને જય જય ગરવી ગુજરાત માટે આપણે સૌ આના નિમિત્ત બન્યા છીએ અને આને સારી રીતે સાડા છ કરોડ ગુજરાતીઓ આ વિષયને લઇને દેશને નવી દિશા આપીશું તેવી મને પૂર્ણ શ્રદ્ધા છે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પ્રદિપસિંહજી જાડેજા ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ, ૨૦૧૭ જયારે દિલથી બિલ લઇને આવ્યા છે ત્યારે હું મારુ સમર્થન આપું છું મારા વિચારો રજૂ કરું છું.

આજે સમગ્ર ગુજરાતમાંથી સંતો મહંતો આ સન્માનનીય ગૃહની અંદર ઉપસ્થિત છે ત્યારે એમના ચરણોમાં વંદન કરીને હું મારા વિચારો રજૂ કરું છું. પહેલા તો આ રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી ઉપ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલ સાહેબ આખી રાજય સરકારને હું હૃદયપૂર્વકના અભિનંદન આપું કે આ મહત્વનું બિલ આજે આ ગૃહની અંદર લઇને આવ્યા છે. હું તો એ જિલ્લાનો સાક્ષી છું કે જે જિલ્લાની અંદર વારંવાર આ પ્રવૃત્તિ ચાલતી હતી અને મારા જિલ્લાના સંતો અહીંયા ઉપસ્થિત છે અને એ એના સાક્ષી છે કે આ કાયદો લાવવાથી આવનારા દિવસોની અંદર શું મોટો ફરક પડવાનો છે. આજથી ૨૦-૨૫ વર્ષ પહેલાની વાત કરું તો આ ગૌ-હત્યા તો આમ કહેવાતી હતી. અમારા જિલ્લાની અંદર અનેકે અનેક ગૌ હત્યાની સાથે સાથે જે ગૌ રક્ષકો હતા તેના પણ મર્ડર કરવામાં આવતા હતા.મારે કહેવું જોઇએ કે હું જે વિસ્તારનો કોર્પોરેટર હતો એ સમયની અંદર મારા જ મત વિસ્તારની અંદર એક પ્રેસ રિપોર્ટરને મોતને ઘાટ ઉતારવામાં આવ્યો હતો. જે ગૌ માસ ભરીને ટ્રક લઇ જતા હતા જયારે પત્રકાર સામે આવ્યો ત્યારે એની ઉપર ટ્રક ચડાવી દીધી અને કાયદાની છૂટછાટને લઇને અકસ્માતમાં કેસ ખપાવી દીધો હતો એ આજે હું ભૂલી શકતો નથી. અને જયારે આ કાયદો લઇને આવ્યા છે ત્યારે ખરેખર હૃદયથી અભિનંદન આપું છું, દિલથી અભિનંદન આપું છું. માનનીય મંત્રીશ્રીએ બહુ જ વિસ્તૃત સંપૂર્ણ રીતે આખા બિલની ચર્ચા કરી છે. ભારત દેશ એટલે પૃથ્વીની ગૌભૂમિ છે અને વિશ્વની એક માત્ર આ દિવ્ય ભૂમિ છે. જેમાં કુદરતી ૫૦થી વધારે પ્રજાતિયો દિવ્ય અંશનું સર્જન કર્યું છે. ગાય ઇશ્વરીય શકિત આપનારી છે. સુંદરતા પ્રેમ અને કરુણાની મૂર્તિ છે. પાલકના વશમાં રહેનાર છે. દિવ્ય ગુણવાળી, ગૌમૂત્ર, ગોબર અને બળદથી ધરતીને પ્રાણવાન બનાવાની માનવ જાતિને દિવ્ય અન્ન આપનારી છે. કુદરતી શુભ અને અશુભ ઘટનાના સંકેતો અગાઉથી પારખવાની દિવ્ય શકિતવાળી આ ગાય છે. દિવ્ય આત્મા ચેતનાવાળી અને અનંત ગુણોના ભંડાર સમી ગાય માનવ જાતિ અને રાષ્ટ્રને અને સમગ્ર વિશ્વને સૌથી ઉપયોગી જીવ છે. માનવ સભ્યતાના પ્રારંભથી આજદિન સુધી ભારત ભૂમિ અને એશિયા ખંડની પ્રજાએ ગાયને વાસ્તાવિક ગુણો અને ઉપયોગીતા અનુભવ્યા છે. એથી સમગ્ર પ્રજાએ સર્વસંમતિથી ગાયને આગણે કામધેનુ અને માતા તરીકે સ્વીકાર કર્યો છે. પરમાત્માનો દિવ્ય અંશ આત્મારૂપે ગાય છે અને તેમજ પ્રકૃતિના પંચમહાભૂત ધરતી, જળ, અગ્નિ, વાયુ, આકાશના સત્વગુણ સ્થળ અને સુક્ષ્મરૂપે ગાય છે. ગાયમાં પરમાત્મા અને પકૃતિનો વાસ છે અને ગાયનુ દિવ્ય સ્વરૂપ પારખીને ભારતીય ઋષુઓએ કહ્યું છે કે એનામા ૩૩ કરોડ દેવતાઓનો વાસ છે. ગૌસેવાના કારણે ભગવાન શ્રી કૃષ્ણ ગોવાળિયા તરીકે પણ ઓળખાયા. મૃત્યુ બાદ લૌકિક ક્રિયામાં ગાયના પૂંછડે પાણી રેડવાની પ્રથા ચાલી આવી છે. જે ગાયનું ધાર્મિક મહત્વ સમજાવે છે. ગાય માનવના શરીર અને સૂક્ષ્મ અસ્તિત્વને પોષણ, બળ, નિરોગીતા, પ્રાણશક્તિ, પ્રચંડ યુવાન, દિવ્ય જીવન અને દિવ્ય સંતાન આપનારી છે, તેમજ માનવને સુખ-શાંતિ, આનંદ અને સમૃદ્ધિ આપનારી છે. ગાયના આવા દિવ્ય ગુણો પારખીને તેમજ ગૌવંશ અને સહજીવનની અનુભૂતિ, વૈદિક કાળથી ઋષિઓએ ગાયને માતાનું બિરૂદ આપ્યું છે. ભારતીય સંસ્કૃતિમાં ગાય માત્ર ધાર્મિક માન્યતા કે શ્રદ્ધામાતા તરીકે પૂજનીય નથી પણ તેના અમૂલ્ય ગુણો, ઉપયોગિતા અને દિવ્ય આત્મચેતનાને લીધે માતા તરીકે પૂજનીય છે. ગાયનું મૂલ્ય સમગ્ર પૃથ્વી અને માનવજાત માટે સમાન છે. એથી પીઠ અને ખૂંધવાળી ગાય ધર્મ, સંપ્રદાય પર સમગ્ર પૃથ્વી પરના માનવની માતા છે. ચાર વેદના રચયિતા ઋષિ અગ્નિ એટલે ઋગવેદ, વાયુ એટલે યજુર્વેદ, આદિત્ય એટલે સામવેદ અને અંગિરા એટલે અથર્વવેદ તથા સાત ઋષિમુનિઓએ ગાયના દિવ્ય ગુણોને પારખીને સકલ પૃથ્વીના માનવોની માતા ઘોષિત કરી છે. આજે વિકાસ અને વિજ્ઞાનના નામે હવા, પાણી, આહાર, અણુઅણુમાં ઝેર ફેલાયું છે. આ ઝેરને માનવ જાતિએ અનેક જીવસૃષ્ટિને આ પૃથ્વી ઉપરથી લુપ્ત કરી દેશે એવા કપરા કાળે માનવ જાતિને તારનારી આ એક માત્ર દેશી ગાય છે. આથી જાતવાન દૂધાળી દેશી ગાયને આંગણે બાંધીને આપણે જીવન, વંશ, કૃષિ, પ્રકૃતિ, સંસ્કૃતિ અને રાષ્ટ્ર તેમજ ગૌ અને ગૌવંશના રક્ષણ માટે જરૂરી તમામ પગલાં લઇને આ જ કારણસર ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ સુધારા બિલ ૨૦૧૭ લઇને સન્માનનીય ગૃહ સમક્ષ જયારે માનનીય મંત્રીશ્રી

આવ્યા છે, તેને ટેકો ન હોય, તેને સંપૂર્ણપણે સર્વાનુમતે પાસ કરીએ. ગૃહનું ધ્યાન દોરતા તા. ૨૬-૧૦-૨૦૧૫ રાજયમાં સંપૂર્ણ ગૌહત્યા પ્રતિબંધ ધારો અમલમાં હતો પણ માનનીય મંત્રીશ્રીએ હમણાં જે સુધારો કર્યો છે કે આ સજા આજીવન કેદની મુદત સુધીના ૧૦ વર્ષથી ઓછી નહીં તેટલી મુદત સુધીની કેદ અને પાંચ લાખ રૂપિયા સુધીનો પણ એક લાખ રૂપિયાથી ઓછા નહીં તેટલા દંડની શિક્ષાનો વધારો કરવામાં આવેલો છે અને કાયદામાં જે અનેક અનેક સુધારા કરીને માનનીય મંત્રીશ્રી આ બિલ લાવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું અને મારી વાત પૂરી કરું છું.

શ્રી ભૂષણ અ. ભટ્ટ(જમાલપુર-ખાડીયા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા સાહેબ વિધેયક ક્રમાંક-૧૪, સન ૨૦૧૭નું પશુ સંરક્ષણ (સુધારા) વિધેયક લઇને આવ્યા છે તેમાં સમર્થન સાથે મારા વિચારો રજૂ કરું છું.

ગુજરાતના સાડા છ કરોડ લોકો માટે આજનો દિવસ એ સોના કરતા મોંઘો બની રહેવાનો છે. ભારતીય જનતા પાર્ટીની વિજયભાઇ રૂપાણી અને નીતિનભાઇના નેતૃત્વવાળી આ સરકાર એક ઇતિહાસ રચવા તરફ જઇ રહી છે ત્યારે આજે મારે કહેવું પડે કે આજનો દિવસ એ સંસ્કૃતિની રક્ષા દિન તરીકે સમગ્ર ગુજરાતની જનતા ઉજવશે. આનું શ્રેય મેં કહ્યું તેમ વિજયભાઇ રૂપાણીના નેતૃત્વવાળી સરકારને જાય છે. ઇચ્છાશક્તિવાળી સરકારને જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું પડે કે, સામા પક્ષે આજે કોઇ નથી. પણ કહેવાનું મન થાય. ભારતીય જનતા પાર્ટીની કે કોંગ્રેસની સરકાર હતી ત્યારથી ગાય માતા નથી. અનેક વર્ષો પહેલાથી, ૫૦૦૦ વર્ષ પહેલાથી ગાય માતાનું અસ્તિત્વ છે. મહાભારતમાં પણ એના રક્ષણ માટેની વાત થયેલી છે. ભગવાન શ્રી કૃષ્ણ પણ ગાયો ચરાવતા હતા અને એમાં ૩૩ કરોડ દેવી-દેવતાઓના દર્શન કરતા હતા. ત્યારે એ દિવસથી આજ દિન સુધી ૧૮૫૭ના વિપ્લવ પછી ગાયોની કતલની શરૂઆત થઇ. અનેક વર્ષોથી આ લડત ચાલતી આવી છે. ગાયોની દિલમાં દયા હોત, ગાય માતા માટે લાગણી હોત તો તેઓએ આજે દેખાવો કર્યા ન હોત, આજે ગેરહાજર રહ્યા ન હોત. હમણાં શ્રી પ્રદિપસિંહે વાત કરી એ પ્રમાણે મતોના તુષ્ટીકરણની અંદર વહેંચાયેલી આ કોંગ્રેસને ગુજરાતની જનતાનો આશરો હતો એ પણ ગયો. ગાયો બચાવવાની બાબતમાં એ દૂર રહ્યા છે. હવે લોકો કહેશે કે મત લેવા માટે અમારે દ્વાર ન આવતા. એમને આવતી કાલે પ્રજા જોઇ લેશે. એમને આ માધ્યમથી મારે કહેવું છે. ગાય મા છે, ગાય માતા કહેવાય છે. એક મા બાળકને જન્મ આપે અને જન્મ આપ્યા પછી એ બાળકે ખાધું છે કે નથી ખાધું? બાળક ભૂખ્યુ છે? એની ચિંતા એ માતા કરતી હોય છે. એના ભાગે આવેલો એક ટૂકડો એ માતા પોતે ભૂખી રહીને બાળકને જમાડે છે. ગાય ભૂખી રહે છે. પ્લાસ્ટીક હોય, એઠું હોય, કચરો હોય એ ખાઇને એના જન્મેલા બાળકને એ દૂધ આપે છે. આ દૂધમાંથી ઘી બને, માખણ બને, છાશ બને છે. એના ગૌ મૂત્રમાંથી અનેક પ્રકારની દવાઓ બને છે. એના ગોબરમાંથી ગેસ બને છે. મારે કહેવું પડે કે ગામડાની અંદર છાપરું બનાવવું હોય તો એની માટીની અંદર ગાયના છાણની ભેળસેળ કરવામાં આવે છે. એ રીતે ગોબર દ્વારા છાંયો આપવાનું કામ પણ ગાય માતાએ કરેલું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આ સુંદર દિવસની અંદર અનેક લોકો ગૌ ભક્ત હતા. ગાયની સેવા કરી હશે, આંદોલનો કર્યા હશે. ૧૯૬૯ની અંદર ગાય માતાને બચાવવા માટે આંદોલનો થયા હતા. એ વખતે ગૌ ભક્ત શંભુ મહારાજ દિલ્હીમાં ગયા હતા. આ ગાયોની કતલ ન થાય એના માટે એમણે રજૂઆતો કરી હતી. મારા મત વિસ્તારની અંદર ગીતાબેન રાંભીયા કરીને એક કચ્છની દિકરી હતી. તેઓએ જીવ્યા ત્યાં સુધી ગાયોને બચાવવાનું કામ કર્યું હતું. તેઓ અપરણીત રહ્યા. પોતાના પરિવારની ચિંતા ન કરી. જીવ્યા ત્યાં સુધી માત્ર ગાયો બચાવવાનું કામ તેમણે કર્યું. સ્વ.ગીતાબેન રાંભીયાને મારે યાદ કરવા પડે. ૧૭-૧૮ વર્ષ પહેલા સવારે ચાર વાગ્યે કોઇનો ફોન આવ્યો, ગાયોને કતલખાને લઇ જવામાં આવી રહી છે. આ બહેન રાણી લક્ષ્મીબાઇ બની અને ગાયોને બચાવવા માટે નીકળી પડી. પોતાની પાસે વાહન ન હતું. કોઇના સ્કૂટર પાછળ બેસીને એ સી.એન. વિદ્યાલય પાસે ગયા. વહેલી સવારના ચાર વાગ્યા હતા. ગાયોને બચાવવા માટે તેઓ ત્યાં ગયા ત્યારે એ લોકોએ હુમલો કર્યો. કાયદાની છટકબારીને કારણે, કાયદો નહીં હોવાને કારણે એ બહેને પરિવાર ગુમાવ્યો. ગુજરાતની, અમદાવાદ શહેરની ગાયમાતાઓએ એમનો રક્ષક ગુમાવ્યો. કાયદો પોલો હોવાને કારણે, બોદો હોવાને કારણે એના ખૂની છૂટી ગયા. ફરીદા મીર, એક મુસ્લિમ બહેન હોવા છતાં પણ, સુપ્રસિદ્ધ ભજનીક હોવા છતાં પણ આજે ગુજરાતની અંદર ગાય બચાવવાનું કામ કરે છે. આવા નામી, અનામી અનેક લોકો આ ગુજરાતની અંદર ગાય બચાવવાનું કામ કરે છે. ગાયની ભગવાન કૃષ્ણ સાથેનો સ્નેહની આજદિન સુધી ચાલતી આવતી વાત છે અને આપણી પરંપરા રહી છે, આપણી સંસ્કૃતિમાં ગાયને આપણે માતા કહીએ છીએ, આજે મારા તમારા આપણા સૌના ઘરે જયારે રસોઇ બને ત્યારે પહેલી રોટલી ગાયને મૂકવાનું કામ એ આપણા પરિવારની બહેનો, આપણી મા, બહેન, આપણી દીકરી ગાયને માતા સમજીને પહેલી રોટલી ગાયને મૂકવાની પરંપરા આજે અનેક વર્ષોથી ચાલતી આવે છે. ગાય ભગવાન છે. ગાયની અનેક વાત કરી શકાય એમ છે પણ આજે મારે કહેવું પડે કે જે સભાગૃહની અંદર આદરણીય નરેન્દ્રભાઇ અહીંયા હતા ત્યારે કાયદાને કડક બનાવવા માટેનું કામ કર્યુ અને હજુ વધુ કાયદો કડક બને, હત્યારાઓ છૂટે નહીં એટલે વિજયભાઇના દિલમાં વાસ થયો અને આજે છઠ્ઠી નવરાત્રીના પવિત્ર દિવસે ગુજરાતની જનતા જોઇ રહી છે અને આ કાયદો અનુભવવાની છે એટલે જેટલા વંદન કરીએ એટલા ઓછા છે. આ તેરમી વિધાનસભાના છેલ્લા સત્રનો છેલ્લો દિવસ છે, હું મારી જાતને સૌભાગ્યવંતો ગણુ છું, કે કદાચ આ છેલ્લા સત્રનો કદાચ છેલ્લો દિવસ હોય અને આ મારા જીવનના ૫૦ વર્ષના આયુમાં અને ૧૦-૧૫ વર્ષના જાહેર જીવનની આયુમાં મારો સર્વશ્રેષ્ઠ દિવસ હોય તો આ ગાય બચાવવાના કામનો છે. કલ કીસને દેખા, કલ હમ ના રહે, હમ હો ના હો લેકીન યે મુઝે દિન જિન્દગીભર યાદ રહેગા. આનેવાલી પેઢી કો ભી યાદ

રહેગા. ગૌભકત શંભુ મહારાજ જેવા અનેક લોકો જે આજે અહીંયા નથી, સંતો, મહંતો જે ગુજરાતની સંસ્કૃતિની રક્ષા માટેની વાત સાંભળવા માટે આજે ગુજરાતથી અહીંયા આવ્યા અને આ વાત લઇને ગુજરાતના ગામડે ગામડે જવાના છે ત્યારે જે લોકો આજે નથી એમનો આત્મા પણ જયાં હશે ત્યાં આગળ આ સરકારને, વિજયભાઇને, નરેન્દ્રભાઇને આશીર્વાદ આપશે. કેટલા બધા આશીર્વાદ આપશે. આજે કહેવું પડે કે ધર્મ કી જય હો, અધર્મ કા નાશ હો, પ્રાણીઓમેં સદભાવના હો, વિશ્વકા કલ્યાણ હો. આ વિચારધારાવાળી આ નરેન્દ્રભાઇના નેતૃત્વવાળી આ સરકારની જેટલી પ્રશંસા કરીએ, વિજયભાઇ અને નીતિનભાઇના નેતૃત્વવાળી સરકારની , પ્રદિપસિંહજીની જેટલી પ્રશંસા કરીએ એટલી ઓછો છે. આ પ્રશંસા સાથે આ બિલને મારા સમર્થન સાથે ગૌ માતાકી જય, ભારત માતાકી જય, જય જય ગરવી ગુજરાત.

શ્રી જેઠાભાઇ ઘે. આહીર (ભરવાડ) (શહેરા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે જે બિલ માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે એમાં મારું સમર્થન આપવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મને એ વાતનું ગૌરવ છે કે હું એક પશુપાલક તરીકે આ વિધાનસભા ગૃહમાં આવું છું અને પશુપાલક તરીકે વિધાનસભા ગૃહમાં આજે પશુઓના રક્ષણ માટેના બિલ પ્રસંગે બોલવાનું થયું છે ત્યારે હું આનંદની લાગણી અનુભવું છું. ભારતીય જનતા પાર્ટીની સરકારને ખૂબ ખૂબ અભિનંદન પણ આપું છું. વર્ષોથી ભારતીય જનતા પાર્ટીની સરકારે ગુજરાતમાં રાજ કર્યું છે. પણ વિજયભાઇ રૂપાણીની સરકારને આજે જે શ્રેય મળે છે એ શ્રેય આજ સુધી કોઇ સરકારને મળ્યું નથી. આજે વિજયભાઇ જૈન સમાજમાંથી આવે છે અને એ જૈન સમાજ જીવદયા પ્રેમી છે એવું જે કહેવામાં આવે છે એ ખરેખર સાચા અર્થમાં સાબિત થાય છે કે જીવદયા પ્રેમી શું હોય, એની લાગણી શું હોય, એની માગણી શું હોય અને કેવા પ્રકારના એ જીવદયા પ્રેમી હોય. એ જૈન સમાજને મારા તરફથી લાખ લાખ અભિનંદન આપું છું. કારણ કે આજ સુધી કોઇએ ન કર્યું, આજ સુધી ભરવાડ સમાજ હોય, ગોપાલક સમાજ હોય, રબારી સમાજ હોય એ તમામ સમાજોની લાગણી હતી અને લાગણી એ હતી કે ગૌમાતાની જે હત્યા થાય છે એના ઉપર પ્રતિબંધ લાવો. ગૌહત્યા ન થાય એના માટે ખૂબ પ્રયત્નો કર્યા. ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી અને આ સરકારે એમાં સુધારા–વધારા કરીને કડક કાયદાઓ બનાવવાનો પ્રયત્ન કર્યો. પણ મારે કહેવું છે કે ગૌમાતાના મંદિરને પાવન–પૂજક કરવા માટે હું છું, ગાય માતા મારી માતા છે. હું એનો પુજારી છું. ગૌમાતાને પૂજીને સેવા સમર્પણ કરું છું. ગૌમાતાના રોજ આશિર્વાદ લઉં છું અને ભારતીય જનતા પાર્ટીની સરકારમાં ૨૦ વર્ષથી ધારાસભ્ય છું. માતાના આશિર્વાદ મને ફળ્યા છે એવા સૌને ફળે એવી મારી શુભેચ્છા છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર ૧૫૦ પ્લસ કહે છે પણ ૧૫૦ પ્લીસથી વધારે સીટો આ વખતે આવવાની છે. કારણ કે નવરાત્રિના દિવસો છે અને આ શુભ દિવસોની અંદર, પવિત્ર દિવસોની અંદર આ ભારતીય જનતા પાર્ટીની સરકારે એક પવિત્ર કામ કર્યું છે કે આ સરકાર જે બિલ લાવી છે, ગાયોની હત્યા થતી અટકાવવા માટે પ્રયત્ન કર્યો છે એવો આજ સુધી કોઇ સરકારે નથી કર્યો. દેશમાં જોઇએ તો આજે જે કતલખાનાઓ યુ.પી.માં ચાલતા હતા અને એ કતલખાનાનો માલ ગુજરાત થઇ દિલ્હી, બોમ્બે અને એક્સપોર્ટ થતો હતો. આજે આ કાયદો આવવાથી ગુજરાતમાંથી કતલખાનાઓ બંધ થશે પણ યુ.પી.માં યોગી આવવાથી કતલખાના બંધ થયા છે. ગેરકાયદેસર કતલખાના બંધ થયા છે અને એનો લાભ ગુજરાતના પશુપાલકોને પણ મળવાનો છે. મને એક પંક્તિ યાદ આવે છે, 'જળ કમળ છાંડી જા ને બાળા, સ્વામી અમારો જાગશે, જાગશે તને મારશે, મને બાળ હત્યા લાગશે.' એ વખતે કૃષ્ણ ભગવાને ગોવાળિયા તરીકેનું રૂપ લઇને ગાયો ચરાવતા હતા અને નાગને નાથ્યો હતો. એ વખતે જ્યારે કૃષ્ણ ગાયો ચરાવવા જતા હતા ત્યારે કૃષ્ણ ભગવાન માખણ ચોરીને ખાતા હતા. કારણ કે એ માખણ ગાયના દૂધ, દહીંમાંથી બનતું હતું. મારે એ કહેવું છે કે આજ સુધી ભારતીય જનતા પાર્ટીની સરકાર જે જે કાયદાઓ લઇને આવી છે એ ધર્મના લોકોના રક્ષણ માટે, ધર્મના રક્ષણ માટે સજાગ રહીને આ ભારતીય જનતા પાર્ટીની સરકાર કાયદાઓ લઇને આવી છે. હમણાં ભૂષણભાઇ ગીતાબેન રાંભીયાની વાત કરતા હતા ત્યારે મને યાદ છે કે હું એ વખતે પોલીસ ખાતામાં નોકરી કરતો હતો અને ગીતાબેનની હત્યા કસાઇઓએ કરી હતી. એની ખાંભી પણ રોપાયેલી છે એ પણ આપણે આવતા–જતા જોઇએ છીએ ત્યારે મને લાગે છે કે શંભુ મહારાજ અને ગીતાબેન રાંભીયાના આત્માને પણ આજે શાંતિ મળશે. કે આ નરેન્દ્રભાઇ મોદીની સરકાર, વિજયભાઇ રૂપાણીની સરકાર આજે બિલ લાવી લાવીને જે ગાયોની હત્યા થતી હતી એ રોકવા માટેનો પ્રયત્ન કર્યો છે માટે મારી આપ સૌને વિનંતી છે કે આ બિલ માટે આપણે બધાએ ખૂબ મહત્વ આપની વાત છે. માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ માટે મારે એટલા માટે બોલવું જોઇએ કે, ક્ષત્રિય તરીકેની ભાવના હતી એ ભાવનામાં વીર ભાથીજી મહારાજે પણ પોતાનો જાન ગુમાવ્યો હતો. વીર ભાથીજી મહારાજ ચોરીમાં ફેરા ફરતા હતા ગાયોને હત્યા માટે લઇ જતા હતા ત્યારે બૂમ પાડીને ચોરીમાંથી છેડા કાપીને વીર ભાથીજી મહારાજે ગાયોની હત્યા થતી બચાવવા માટે પોતાની જાનને કુરબાન કરી હતી અને આજે ફાગવેલની અંદર વીર ભાથીજી મહારાજની સ્થાપના થઇ અને એમની પૂજા પણ થાય છે. આજે ભારતીય જનતા પાર્ટીની સરકારમાં આજે આટલું મહત્વ આપવામાં આવ્યું છે ત્યારે મારે એ કહેવું છે કે ભારતીય જનતા પાર્ટીની વિજયભાઇ રૂપાણીની સરકારમાં કૃષ્ણ ભગવાનને તે વખતે ગાયો ચરાવવા માટે જશોદા માતા જગાડતા કહેતા હતા કે, ''જાગને જાદવા કૃષ્ણ ગોવાળીયા તુજ વીના ધેનું ચારવા કોણ જશે?'' આવું જ્યારે પ્રભાતિયું ગાઇને જશોદા માતા કૃષ્ણને જગાડતા હતા ત્યારે મારે આજે એ વાત કરવી છે કે માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે એમાં મારું સંપૂર્ણ સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એ કહેવું છે ભારતીય જનતા પાર્ટીની વિજયભાઇની સરકાર ગૌ હત્યા અને ગૌ સંવર્ધન માટે સતત પ્રયત્નશીલ રહી છે ત્યારે મને કહેતા આનંદ થાય છે કે મુંબઇ પશુ સંવર્ધન ધારો ૧૯૫૪ જ્યારે અમલમાં હતો ત્યારે તે

પ્રમાણેનો અધિનિયમ સમગ્ર ગુજરાત રાજ્યમાં ૧૯૭૮ લાગુ કરવામાં આવ્યો હતો ત્યારે ૧૯૬૧, ૧૯૮૮ અને ૧૯૯૪માં સુધારા કરવામાં આવ્યા ત્યારે ગુજરાત પશુ ધારા અધિનિયમ ૨૦૧૧ નો પણ સુધારો કરવામાં આવ્યો હતો. જે જોગવાઇઓ કરવામાં આવ્યા હતી એ જોગવાઇઓની અમલવારી કરતા ગૃહ વિભાગને મારે આજે અભિનંદન આપવા છે. આ નવરાત્રીના દિવસોની અંદર માનનીય ગૃહ પ્રધાન તરીકે પ્રદિપસિંહ બાપુ જ્યારે હોય ત્યારે નવરાત્રીના દિવસોમાં ગૌમાતા હત્યા પ્રતિબંધ બિલ લાવવાનું એમને સૌભાગ્ય પ્રાપ્ત થયું છે ત્યારે આ વિધાનસભાની અંદર બેઠેલા તમામ સભ્યોનું સૌભાગ્ય છે કે જે કોઇ ગૌ માતાના બિલની અંદર આજે જેમને બેસીને સાંભળવાની તક મળી છે એવા તમામ ધારાસભ્યો આજે ખૂબ દિલથી ભગાવાન, માતાજી એમને પણ ખૂબ સુખી રાખે તે પ્રમાણે એમની કારકિર્દી વધે અને આવતા વખતે દોઢ સો પ્લસ થાય તેવી મારી સુભાશિષ છે. માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ વિભાગ કક્ષાએ નોંધાતા ગૌવંશના પશુઓનું ગૌ માંસ અથવા ગૌ માંસની બનાવટો થકી ગેરકાયદેસર હેરાફેરી રોકવા માટે ગૌ વંશની જાળવણી અને સંવર્ધન, દૂધ ઉપાદન, ખેતી વિષયક કામગીરી અને પશુઓના સંરક્ષણ સારું ગુજરાત સંરક્ષણ અધિનિયમ કાયદાને વિસ્તૃત અને કડક બનાવવાની જરૂરિયાત ઉપસ્થિત થયેલ છે. ઉપરાંત કલમ-૬(ખ)માં સુધારો કરીને ગૌવંશ પશુઓની હત્યા રોકવા તથા ગૌવંશના પશુઓની ગેરકાયદેસર હેરાફેરી રોકવા, પુરતી સિમિતના રાખતા ગૌ વંશની બનાવટોનું પ્રત્યક્ષ કાં પરોક્ષ રીતે કોઇ પણ સ્વરૂપમાં ગૌ માંસ તથા ગૌ માંસની બનાવોટો વેચી શકાશે નહિ, રાખી શકાશે નહિ, હેરફેર કરી શકાશે નહિ, તેના વેચાણ અથવા તેની ખરીદીની તૈયારી બતાવી શકશે નહિ, પ્રદર્શિત કરી શકશે નહિ તેવી જોગવાઇઓ ઉમેરી ગૌ વંશના પશુઓનું સંરક્ષણ અને જાળવણી સુનિશ્ચિત કરવામાં આવેલ છે. આવી ગેરકાયદેસર હેરફેર કરવાનો પ્રયત્ન કરનાર તથા ગુનેગારોના વાહનો કે વાહન-સાધન જપ્ત કરવાની જોગવાઇ કરવામાં આવી છે. એવી જપ્તીની તારીખથી ૬ મહિના પૂરા થાય તે પહેલા કોર્ટના આદેશ અને ચુકાદા સુધી બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધીની આમાં જામીનગીરીથી મુક્ત કરી શકાશે. આમાં વાહન અથવા સાધનને રાજ્યસાત કરવાની જોગવાઇની બાબત સુનિશ્ચિત કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, પહેલા કાયદાની અંદર પણ આપણે જોઇએ તો એમાં છૂટછાટ મળતી હતી કે પશુઓ પકડાય અને પશુઓની અંદર જોઇએ તો તેને વાહનમાં લઇ જતા હતા અને વાહન છૂટી જતું હતું. એનાથી આ પ્રવૃત્તિ વધતી ને વધતી જતી હતી. આ પ્રવૃત્તિ હવે અટકી જશે. કારણ કે એની અંદર જે વાહન પકડાશે, જે ગુનેગારો પકડાશે અને ગુનેગારો પણ છૂટવા માટે સેશન ટાઇટ ગુનો બની ગયો. જે માણસનો વધ કરે એવી રીતે પશુનો વધ ગણાય. એ પ્રમાણેની કોઇ સરકાર આખા દેશની અંદર જો કોઇ સરકારે કાયદો બનાવ્યો હોય તો એ ભારતીય જનતા પાર્ટીની સરકારે અને માનનીય વિજયભાઇ રૂપાણીની સરકારે આ કાયદો બનાવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, રામ લલ્લા હમ આયેગે, મંદિર વહીં બનાયેગે. મારે આપને એ કહેવું છે કે, ત્રણ વર્ષની સજાની જોગવાઇ હતી એને વધારીને આજીવન કેદની સજા કરવામાં આવી છે. આજે મારે શ્રી પ્રદિપસિંહ બાપુને મારે ખૂબ અભિનંદન આપવા છે, શ્રી વિજયભાઇ રૂપાણી સાહેબને પણ ખૂબ અભિનંદન આપવા છે કે, જે એમણે આ દેશ માટે આ ગુજરાતમાં દાખલો બેસાડીને જે ગેરકાયદેસર કતલખાનાઓ હતા એ કતલખાનાઓ બંધ થઇ જશે અને આ ગુજરાતના પશુ પાલકોને ખૂબ મોટો ફાયદો થશે. મારે આ વિધાનસભાના હાઉસના માધ્યમથી ગુજરાતના પશુ પાલકો અને માલધારીઓને કહેવું છે કે, ભારતીય જનતા પાર્ટીની સરકાર સાથે રહેજો, ભારતીય જનતા પાર્ટીની સરકારને મત આપજો અને ભારતીય જનતા પાર્ટીની સરકારને દોઢ સો પ્લસ અપાવજો, એવી ભાવના સાથે હું વાત કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારું એક સુચન છે અને સુચન એટલું જ છે કે, માનનીય મંત્રીશ્રી આ બિલની અંદર જે જોગવાઇઓ લઇને આવ્યા છે એને મારું સમર્થન આપુ છું પણ મારી એક જ વિનંતી છે કે, જે લોકો મદદગારીમાં હોય એના માટેનું પ્રાવધાન, જોગવાઇ આની અંદર નથી કરવામાં આવેલી, તો આ જોગવાઇ બાપુ અમારા ખૂબ સારું લઇને આવ્યા છે પણ જે ગુનેગારો હોય અને મદદગારી કરતા હોય એ મદદગારી કરનારા લોકોને પણ આની અંદર આવરી લેવામાં આવે તો આ બિલથી ઘણો મોટો ફાયદો ગુજરાતના લોકોને થશે. પશુ પાલકોને પણ ખૂબ ફાયદો થશે. જે માલધારીઓ ગાયનું દૂધ પીવે છે, પશુ પાલકો રાખે છે એ માટે મારી આપને એટલી જ વિનંતી છે. હું મારી જાતને પણ અનુભવું છું કે, હું એક ભાગ્યશાળી છું કે, ગૌ-પાલક તરીકે મને બોલવાની તક આપી છે આપે, વિધાનસભાના મારા માનનીય દંડકશ્રીને પણ ખૂબ અભિનંદન આપુ છું કે, એક પશુ પાલક તરીકે મને જે બોલવાની તક મળી છે એ તક માટે માનનીય અધ્યક્ષશ્રીને પણ અભિનંદન આપુ છું કે, મને જે બોલવાની તક આપી એ બદલ આપનો પણ ખૂબ ખૂબ આભાર મારું છું. જય હિન્દ, જય ખોડિયાર, ભારત માતા કી જય, વંદે માતરમ્.

શ્રી પ્રફુલભાઇ છ. પાનશેરીયા(કામરેજ) : માનનીય અધ્યક્ષ મહોદય, પૃથ્વીના નિર્માણ પછી ગાય એ વિશ્વની માતા છે, દરેક ઋષિ મુનીઓએ, દરેક શાસ્ત્રોની અંદર એનો ઉલ્લેખ છે. આ ગાયોને બચાવવા માટે હજ્જારો વર્ષોથી અનેક નરબંકાઓએ બલિદાનો આપ્યા છે, ગાયોના રક્ષણ માટે પોતાનું સર્વસ્વ હોમી દેનાર એ ગાય માતા માટે શહિદી વહોરનારાઓ, ગાયોને બચાવનારાઓ દરેક નરબંકાઓને હું કોટી કોટી વંદન અને પ્રણામ કરું છું.

ગાયના સંરક્ષણ માટે માનનીય ગૃહમંત્રીશ્રીએ ખૂબ છણાવટ અને વાત કરી હતી ત્યારે મારા બે નમ્ર સુચનો છે. અમારા સુરત શહેર અને દરેક શહેરની અંદર ક્યાંય ભેંસ રખડતી જોવા નથી મળતી. આ શહેરોની અંદર ગાયો રખડતી જોવા મળે છે ત્યારે આવી રખડતી ગાયો રાખનારાઓ અને રખડતી ગાયો હોય એમના પાંજરાપોળ માટે એક વ્યવસ્થા રાજ્ય સરકાર દ્વારા

થાય અને એક પણ શહેરની અંદર રોડ ઉપર ક્યાંય ગાય રખડતી જોવા ન મળે એ પણ એક ગાયનું સન્માન અને હિન્દુઓનું સન્માન ગણાશે.

આ બિલ નથી, દિલની વાત છે ત્યારે કરોડો લોકો આ દિલની વાત વધાવે છે. આ માનનીય શ્રી વિજયભાઇ રૂપાણી સાહેબની સરકાર અને તમામ મંત્રીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓએ જ્યારે સુર પુરાવ્યો છે અને આજે ઐતિહાસિક દિવસ છે ગુજરાત ભરના દરેક સંપ્રદાયના સાધુ-સંતો જ્યારે અહીંયા આશીર્વાદ આપવા માટે આવ્યા હતા ત્યારે તેમના ફેઇસનું સ્મિત જ્યારે આપણે જોયું છે ત્યારે ખરેખર ભારતીય જનતા પાર્ટીની સરકારે ખૂબ સરાહનીય કામગીરી કરી છે ત્યારે હું આ દિલની વાતને મારું સમર્થન આપુ છું, અસ્તુ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહની અંદર માનનીય સભ્યશ્રીઓ દ્વારા જે જુદા જુદા મુદ્દા ઉપસ્થિત કરવામાં આવ્યા અને એમાં કોઇપણ વ્યક્તિ પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે કોઇપણ સ્વરૂપમાં ગૌમાંસ અથવા ગૌમાંસની બનાવટો વેચી શકશે નહીં, રાખી શકશે નહીં, સંગ્રહ કરી શકશે નહીં, હેરાફેરી કરી શકશે નહીં, તેના વેચાણ અથવા તેની ખરીદીની તેયારી બતાવી શકશે નહીં અને પ્રદર્શિત કરી શકશે નહીં . બીજો મુદ્દો હતો કે કોઇ વ્યક્તિ ગૌમાંસ અથવા ગૌમાંસની બનાવટની હેરફેર કરે અથવા કરાવડાવે એટલે જે મદદગારીવાળો વિષય છે એનો પણ આની અંદર સમાવેશ કરવામાં આવ્યો છે અને ચાર્જશીટ કરતી વખતે કૃત્ય કરનાર અને મદદગારી કરનાર બંને ષડયંત્રનો એટલે ૧૨૦-બી નો ભાગ બનશે એટલે એને પણ આ ગુનાની અંદર સાંકળી શકાશે. મારે ખાસ આ વિષય એટલા માટે કહેવો પડયો કે ગુજરાતમાં ગીર, કાંકરેજ જેવી વિશ્વ પ્રસિદ્ધ ઓલાદો માટે જાણીતું છે તથા ગીરની ગાયની ઓલાદ દૂધ ઉત્પાદન દેશમાં આગવું સ્થાન ધરાવે છે અને ગુજરાતના આ મહામૂલા ગૌવંશના પશુધનની જાળવણી અને સંવર્ધન એ ખૂબ જરૂરી છે એટલા માટે આ સન્માનનીય સભાગૃહની અંદર આ બિલની અંદર હું લઇને આવ્યો છું. ઉપરાંત પ્રવર્તમાન કાયદાઓની જોગવાઇને વધુ કડક બનાવવાની જરૂરિયાત સાથે આવી ગેરકાયદેસર પ્રવૃત્તિ માટે વપરાતા વાહનોને ફરીથી વારંવાર આવી ગુનાહિત પ્રવૃત્તિઓ માટે વપરાતા હોય તો એને રાજયસાત કરવા માટે વન અને પર્યવારણ વિભાગના પ્રવર્તમાન કાયદા અનુસાર નિયમો બનાવવા માટેની પણ જોગવાઇ છે એટલા માટે હું એટલું જ કહેવા માગું છું કે ચૈત્રી નવરાત્રિના મા શક્તિની આરાધનાના આ પવિત્ર દિવસોમાં ગાય પ્રત્યેની શ્રદ્ધા, આસ્થા અને ગૌવંશ જીવે, એનું સંવર્ધન થાય એની આરાધના માટે આ ચૈત્ર માસની અંદર આ બિલ સમગ્ર સભાગૃહની અંદર હું લઇને આવ્યો છું. માનનીય મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે આપણી ભવ્ય ગુજરાત અને દિવ્ય ગુજરાતની કલ્પનાને સાકાર કરવા માટે લઇને આવ્યો છું. આપણે જેમ કહ્યું તેમ ગૌ, ગંગા, ગાયત્રી, ગૌરી, ગીતા આપણા દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદી જયારે વારાણસીમાં પોતે ગયા ત્યારે એમણે કહ્યું હતું કે મેં નહીં આયા હૂં, નહીં મુજે ભેજા ગયા હૈ, મુજે મા ગંગાને બુલાયા હૈ અને ગંગાજીના શુદ્ધિકરણ માટે કામ કરી રહ્યા છે એમ ન યે બિલ મેં લાયા હૂં, ન યે બિલ મેંરે પાસ રખવાયા ગયા હૈ, યે તો ગાય માતાને મેંરે પાસ બુલવાયા હૈ, આ બિલ નથી મૂકયું પણ મેં તો માત્ર કસાઇના હાથે કપાતી ગાયો, એની વેદના અને એની જે ચિચિયારીઓ, એની જે વ્યથા હતી એ વ્યથાને મારી સમજણ પ્રમાણે શબ્દો સ્વરૂપે મૂકવા માટેનો પ્રયાસ કર્યો હતો. આ મારો અવાજ નથી પરંતુ ગાયની વેદના હતી. આ ગાયની વેદનાને વાચા આપવા માટે આ સન્માનનીય સભાગૃહ બિલને સમર્થન આપે એવી મારી અપેક્ષા છે.

પ્રશ્ન મત માટે મુકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક-૧૪-સન ૨૦૧૭નું ગુજરાત પશુ સંરક્ષણ (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મુકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

કલમ-૨ અને ૩ વિધેયકનો ભાગ બની.

કલમ-૪ ઉપરનો સુધારો

અધ્યક્ષશ્રી : કલમ-૪ સભાગૃહ સમક્ષ છે.

શ્રી પંકજભાઇ દેસાઇ(મુખ્ય દંડકશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું કલમ-૪ ઉપરનો નીચે મુજબનો સુધારો રજૂ કરું છું.

For clause r, substitute the following.

"4. In the principal Act, in section 8,

(1) in sub-section (2) for the words "seven years but shall not be less than three years and with fine which may extend to fifty thousand rupees", the words "imprisonment for life but shall not be less than ten years and with fine which may extend to five lac rupees but shall not less than one lac rupees" shall be substituted.

(2) in sub-section (4), for the words "imprisonment for a term which may extend to three years and with fine which may extend to twenty five thousand rupees" the words "imprisonment for a term which may extend to ten years but shall not be less than seven years and with fine which may extend to five lac rupees but shall not be less than one lac rupees" shall be substituted".

## ગુજરાત પશુ સંરક્ષણ (સુધારા)વિધેયક,૨૦૧૭

ગૌ માતાનું આપણી સંસ્કૃતિમાં એટલું બધુ મહત્વ છે અને એના કારણે આપણી સરકાર આ કાયદો લાવી છે. આ કાયદામાં સુધારો મેં રજૂ કર્યો છે. કેન્સર જેવી અનેક બીમારીમાં ગાયના દૂધમાંથી મળતું એ–ર વિટામિન જે દુનિયામાં ભારતની કાંકરેજ, દેશી ગીર ગાયોમાં પ્રાપ્ત થયું છે અને એ–ર વિટામિન આપણને શરીરને ખૂબ જ ઉપયોગી છે. તે આપણી રોગપ્રતિકારક શક્તિને વધારવાનું કામ કરે છે. હું આ ખાસ કરીને એક બીજી વાત કરવા માગું છું કે આપણા વડાપ્રધાન મોદી સાહેબના હસ્તે ભારતમાં પ્રથમ વખત એ–ર મિલ્ક બનાસ ડેરીએ લોન્ચ કર્યુ છે, જે ગાયના દૂધમાંથી મળે છે.  મા પછીના કોઇ બીજા નંબરનું કોઇ દૂધ હોય તો તે ગૌ માતાનું દૂધ છે. ૧૮૫૬ના આંદોલનમાં અંગ્રેજોને હટાવવા માટેની શરૂઆત થઇ, ત્યારે તેમાં પણ અંગ્રેજોએ જે ગૌ હત્યા અને કતલખાનાં શરૂ થવાનાં કારણે આખા દેશમાં અંગ્રેજો હટાવો તેવી શરૂઆત થઇ હતી, તેમાં પણ અંગ્રેજોની રાઇફલની કારતૂસ ઉપર ગાયની ચરબી છે, તેવો પ્રચાર થયો એના કારણે આખા દેશમાં અંગ્રેજોને હટાવવાનો જુવાળ ફાટી નીકળ્યો હતો. મારી સરકાર આ કાયદો લાવી છે, ત્યારે સર્વ સભ્યોને હું વિનંતી કરું છું કે વિના વિરોધે આ બિલને પાસ કરે.

સુધારો ક્રમાંક : ૧  મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

કલમ ૪ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

સુધારેલી કલમ–૪ વિધેયકનો ભાગ બની.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

કલમ–૫ અને ૬,  કલમ–૧,  દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૧૪– સન ૨૦૧૭નું ગુજરાત પશુ સંરક્ષણ(સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૧૪ સન ૨૦૧૭ના ગુજરાત પશુ સંરક્ષણ(સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક સર્વાનુમતે પસાર કરવામાં આવે છે.

સભાગૃહનું કામકાજ બપોરના ૧૨.૪૨ વાગ્યે પુરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બીજી બેઠક માટે બપોરના ૨.૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

## તા.૩૧મી માર્ચ, ૨૦૧૭
## તારાંકિત પ્રશ્નો

ગુજરાત વિધાનસભા
શુક્રવાર, તા. ૩૧મી માર્ચ, ૨૦૧૭
ચૈત્ર ૧૦, ૧૦૩૮ શાકે
(બીજી બેઠક)
સભાગૃહ બપોરના ૨-૩૦ વાગ્યે મળ્યું
અધ્યક્ષશ્રી રમણલાલ વોરા અધ્યક્ષ સ્થાને

### તારાંકિત પ્રશ્નો
### ગાંધીનગર જિલ્લામાં આદર્શ નિવાસી શાળાઓ

* ૩૩૨૧૪ શ્રી અશોકકુમાર પટેલ (ગાંધીનગર ઉત્તર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની કન્યાઓ માટે કેટલી આદર્શ નિવાસી શાળાઓ આવેલી છે ? | ૦૧. |

શ્રી અશોકકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૨૨મી ફેબ્રુઆરીથી શરૂ કરી ૩૧મી માર્ચ સુધી ચાલેલા આ ગૃહમાં સત્ર દરમ્યાન આપનો, મુખ્ય મંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબનો, નાયબ મુખ્ય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબનો, મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇ સાહેબનો તથા અમારા મંત્રી મંડળના સૌ મંત્રીશ્રીઓનો અને સૌ સિનિયર ધારાસભ્યશ્રીઓ મારફતે અમારા જેવા નવા ધારાસભ્યોને ખૂબ પ્રેમ અને ખૂબ શીખવાનું મળ્યું છે એ બદલ માનનીય અધ્યક્ષશ્રી અમારા સૌ નવા ધારાસભ્યો વતી આપ સૌનો ખૂબ ખૂબ આભાર માનુ છું અને દિલથી ખૂબ ખૂબ રાજીપો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે, ગાંધીનગર શહેરમાં જે કન્યાઓ માટેની નિવાસી શાળા આવેલી છે એમાં છેલ્લા ત્રણ વર્ષમાં ધોરણ ૧૦ અને ૧૨માં કેટલી કન્યાઓને પ્રવેશ આપવામાં આવ્યો, અને ત્રણેય વર્ષનું પરિણામ શું આવ્યું? અને એનું શિક્ષણનું સ્તર કયા સ્તરે છે?

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર ખાતે વિકસતી જાતિની કન્યાઓ માટે જે આદર્શ નિવાસી શાળા આવેલી છે તેમાં છેલ્લા ત્રણ વર્ષનું ધોરણ ૧૦ અને ૧૨માં પ્રવેશ અને એનું પરિણામ જોઇએ તો ૨૦૧૪માં ધોરણ ૧૦માં ૨૦ વિદ્યાર્થિનીઓને પ્રવેશ આપવામાં આવ્યો અને બધી જ વિદ્યાર્થિનીઓ પાસ થયેલ છે એટલે સોએ સો ટકા પરિણામ આવેલ છે. ધોરણ ૧૨માં ૧૭ વિદ્યાર્થિનીઓને પ્રવેશ આપવામાં આવ્યો અને બધી જ વિદ્યાર્થિનીઓ પાસ થયેલ છે એટલે સોએ સો ટકા પરિણામ આવેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૫માં ધોરણ ૧૦માં ૨૧ વિદ્યાર્થિનીઓને પ્રવેશ આપવામાં આવ્યો અને બધી જ વિદ્યાર્થિનીઓ પાસ થયેલ છે એટલે એ વર્ષનું પણ ધોરણ ૧૦નું સોએ સો ટકા પરિણામ આવેલ છે. ૨૦૧૫માં ધોરણ ૧૨માં ૧૮ વિદ્યાર્થિનીઓને પ્રવેશ આપવામાં આવ્યો અને બધી જ વિદ્યાર્થિનીઓ પાસ થયેલ છે એટલે એ વર્ષનું ધોરણ ૧૨નું પણ સોએ સો ટકા પરિણામ આવેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૬માં ધોરણ ૧૦માં ૨૧ વિદ્યાર્થિનીઓને પ્રવેશ આપવામાં આવ્યો અને બધી જ વિદ્યાર્થિનીઓ પાસ થયેલ છે, ૨૦૧૬માં ધોરણ ૧૨માં ૧૮ વિદ્યાર્થિનીઓને પ્રવેશ આપવામાં આવ્યો અને બધી જ વિદ્યાર્થિનીઓ પાસ થયેલ છે. આમ આ ત્રણે વર્ષનુ સોએ સો ટકા પરિણામ આવેલ છે.

શ્રી રજનીકાન્ત મો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગુ છું કે, આદર્શ નિવાસી શાળામાં કયા પ્રકારની સવલતો ઉપલબ્ધ છે?

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આદર્શ નિવાસી શાળામાં વિદ્યાર્થીઓને વિનામૂલ્યે શિક્ષણ, રહેવાની સુવિધા, જમવાની સુવિધા, ગણવેશ, બૂટ, મોજા, પૂસ્તકો, સ્ટેશનરી તેમજ રમત ગમતના સાધનો, પીવાનું શુધ્ધ પાણી, ઠંડા પાણી માટે વોટર કૂલર વગેરે સુવિધાઓ આપવામાં આવે છે.

શ્રી જગદીશભાઇ ઈ. પંચાલ : માનનીય અધ્યક્ષશ્રી, આ ભારતીય જનતા પાર્ટીની લાગણીશીલ અને સંવેદનશીલ સરકારને મારે અભિનંદન એટલા માટે આપવા છે કે દરેક નાનામાં નાના સમાજની સતત ચિંતા કરતી આ સરકાર છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે, આદર્શ નિવાસી શાળામાં વિકસતી જાતિ કન્યાઓને કયા કયા ધોરણમાં કેટલી કન્યાઓને વર્ષ ૨૦૧૬-૧૭માં પ્રવેશ આપવામાં આવ્યો અને બીજી શું સુવિધાઓ આપવામાં આવી?

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૬-૧૭માં ધોરણવાર પ્રવેશની વિગત જોઇએ તો ધોરણ-૯માં ૩૮, ધોરણ-૧૦માં ૨૧, ધોરણ-૧૧માં ૧૫, ધોરણ-૧૨માં ૧૮ કન્યાઓને પ્રવેશ આપવામાં આવ્યો છે. આમ, ૨૦૧૬-૧૭ના વર્ષમાં કુલ ૯૨ કન્યાઓને પ્રવેશ આપવામાં આવ્યો છે અને આ આદર્શ નિવાસી શાળામાં રહેવા, ભણવા સહિતની બધી જ સગવડો આપવામાં આવે છે.

ચૈત્ર ૧૦, ૧૯૩૯ શાકે

## તારાંકિત પ્રશ્નો

શ્રી હસમુખભાઇ સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, ગાંધીનગર જિલ્લામાં આવેલી આ આદર્શ નિવાસી શાળામાં પ્રવેશ મેળવવા માટેની પાત્રતાના ધોરણો કયા કયા છે?

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી,વિકસતી જાતિના વિદ્યાર્થીઓને ધોરણ–૯માં પ્રવેશ આપવા માટે કુમારને ધોરણ–૮માં ૫૦ ટકા હોવા જોઇએ અને કન્યાઓ માટે ૪૫ ટકા મેળવેલ હોય એમને પ્રવેશ આપવામાં આવે છે અને વાલી કે માતા–પિતાની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે ૪૭,૦૦૦ અને શહેરી વિસ્તાર માટે ૬૮,૦૦૦ રૂપિયાની આવકનું ધોરણ નક્કી કરવામાં આવેલ છે.

### દાહોદ જિલ્લામાં આંગણવાડીઓમાં ગેસ કનેકશન

* ૩૩૨૫૧ શ્રી રમેશભાઈ કટારા (ફતેપુરા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓને ગેસ કનેકશન છે,

જવાબ

(૧) નીચે મુજબ.

| ક્રમ | તાલુકાનું નામ | ગેસ કનેકશનની સુવિધા ધરાવતી આંગણવાડીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | દાહોદ | ૫૬૭ |
| ૨ | ગરબાડા | ૨૮૫ |
| ૩ | ઝાલોદ | ૫૦૧ |
| ૪ | લીમખેડા | ૫૩૦ |
| ૫ | દે.બારીયા | ૩૭૬ |
| ૬ | ધાનપુર | ૨૫૬ |
| ૭ | ફતેપુરા | ૨૮૫ |
| ૮ | સંજેલી | ૧૬૦ |
| | કુલ | ૨૯૬૦ |

(૨) ઉક્ત સ્થિતિએ ગેસ કનેકશન ન હોય તેવી આંગણવાડીઓ કેટલી છે, અને

(૨) નીચે મુજબ.

| ક્રમ | તાલુકાનું નામ | ગેસ કનેકશન ન હોય તેવી આંગણવાડીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | દાહોદ | ૨૨ |
| ૨ | ગરબાડા | ૮ |
| ૩ | ઝાલોદ | ૧૩ |
| ૪ | લીમખેડા | ૮ |
| ૫ | દે.બારીયા | ૧૪ |
| ૬ | ધાનપુર | ૯ |
| ૭ | ફતેપુરા | ૧૨ |
| ૮ | સંજેલી | ૧૦ |
| | કુલ | ૯૬ |

(૩) ઉક્ત સ્થિતિએ બાકી રહેતી આંગણવાડીઓને કેટલા સમયમાં ગેસ કનેકશન આપવામાં આવશે ?

(૩) બનતી ત્વરાએ.

શ્રી રમેશભાઇ ભુ. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ, અમારા આદિજાતિના મંત્રીશ્રી ગણપતસિંહ વસાવા સાહેબ તથા શબ્દશરણ તડવી સાહેબને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું કારણ કે તેઓએ અમારા આદિવાસીના છેવાડાના વિસ્તાર સુધીની આ બજેટમાં ખૂબ ચિંતા કરી અમારા વિસ્તારના ગરીબ ભાઇઓની માગણી અને લાગણી વ્યક્ત કરી છે. મારો પ્રશ્ન એ છે કે, આંગણવાડી કેન્દ્રોમાં ગેસ કનેકશન કેવી રીતે આપવામાં આવે છે, દાહોદ જિલ્લામાં ગેસ રિફિલીંગ માટે છેલ્લાં એક વરસમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે.

શ્રીમતી નિર્મલાબેન સુ. વાધવાણી : આંગણવાડી કેન્દ્રો સુધી ગેસ કનેકશન પૂરું પાડવા માટે તાલુકા કક્ષાથી સીધી પી.ડી.યુ. એચ.ડી. દ્વારા તાલુકાની નજીકની રાજ્ય સરકાર દ્વારા નિયત થયેલ ગેસ એજન્સીઓને વર્ક ઓર્ડર આપવામાં આવે છે. ત્યારબાદ ગેસ એજન્સીઓ દ્વારા આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેકશન આપવાની કામગીરી કરવામાં આવે છે. સભ્યશ્રીનો જે બીજો સવાલ હતો કે દાહોદ જિલ્લામાં ગેસ રિફિલીંગ માટે વર્ષ – ૨૦૧૫–૧૬માં કરેલ ખર્ચની વિગત શું છે, તો ઘટક દાહોદમાં ૭.૨૫ લાખ, દેવગઢબારિયામાં ૪.૮૦ લાખ, ધાનપુરમાં ૩.૨૭ લાખ, ફતેપુરામાં ૩.૬૪ લાખ, ગરબાડામાં ૩.૬૪ લાખ,

લીમખેડામાં ૬.૬૯ લાખ અને ઝાલોદમાં ૮.૫૨ લાખ, આમ એક વરસમાં ગેસ રિફિલીંગ માટે કુલ ૩૭.૮૧ લાખનો ખર્ચ થયેલ છે.

શ્રી વિંછિયાભાઇ જો. ભૂરિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે, આંગણવાડી કેન્દ્રોમાં ગેસ સુવિધા પૂરી પાડવાની યોજના ક્યારથી શરૂ કરવામાં આવી અને તે યોજનાનો હેતુ શું છે અને ગેસ કનેકશનની સુવિધા પૂરી પાડવા પાછળ થતો ખર્ચ કોણ ભોગવે છે એ મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે.

શ્રીમતી નિર્મલાબેન સુ. વાધવાણી : માનનીય અધ્યક્ષશ્રી, આંગણવાડી કેન્દ્રોમાં ગેસ સુવિધા પૂરી પાડવાની યોજના તારીખ ૩-૧૨-૨૦૦૯થી શરૂ કરવામાં આવી હતી. પહેલાં ગેસની સુવિધા જ્યારે નહોતી ત્યારે છાણાં, લાકડા, કોલસા, કેરોસીન વિગેરેનો ઉપયોગ કરવામાં આવતો હતો. જેના ધૂમાડાથી અંદાજે એકસો સિગારેટ પીવાથી જેટલું નુકશાન થાય તેટલું નુકશાન એ બહેનોને થતું હતું. જેનાથી ફેફસાનું કેન્સર, ન્યુમોનિયા, ક્રોનિક પલ્મનોરી ડિસીસ અને આંખોને નુકસાન થતુ હતું અને તે ધૂમાડાથી નાનકડા બાળકોને શ્વાસમાં પણ નુકસાન થતુ હતું. સાથે સાથે પર્યાવરણને પણ નુકસાન થતુ હતું અને તેનાથી બનતું ભોજન પણ દૂષિત થતુ હતું અને તે ભોજન ખાવાથી બાળકોના આંતરડા નબળા પડતા હતા. આમ, પર્યાવરણને થતુ નુકસાન અટકાવવા અને સ્વાસ્થ્યની જાળવણી થાય તે માટે રાજયની આંગણવાડીઓમાં ગેસની સુવિધા ઉપલબ્ધ કરાવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, તેના લીધે આગની હોનારત અટકાવી શકાય છે, ખોરાક ઝડપથી તૈયાર થાય છે, ખોરાકમાં રહેલાં પોષ્ટિક તત્વો જળવાઇ રહે છે સાથે સાથે પર્યાવરણને પણ રક્ષણ મળે છે. અને બહેનોને જે છાણાં, લાકડા, કોલસા, કેરોસીન લાવવા અને બાળવામાં જે સમય જતો હતો તે પણ બચી જાય છે. અને તે સમયની બચત થતા આંગણવાડી કાર્યકર અને હેલ્પર બહેનો બાળકોને સ્વાદિષ્ટ ભોજન આપે છે અને પૂર્વ પ્રાથમિક શિક્ષણ પણ આપી શકે છે, બાળકોને રમતો રમાડી શકે છે તેમજ બાળ દિવસની ખૂબ સારી રીતે ઉજવણી કરી શકે છે. તેનાથી આંગણવાડીમાં બાળકોની હાજરી વધી છે, બાળકોના વ્યકિતત્વનો વિકાસ થાય છે અને સારા નાગરિક બને અને રાજયના અને રાષ્ટ્રના વિકાસ માટે સહભાગી બની શકે છે.

માનનીય અધ્યક્ષશ્રી, તેમનો છેલ્લો પ્રશ્ન હતો કે ગેસ કનેકશનની સુવિધા પૂરી પાડવા પાછળનો સંપૂર્ણ ખર્ચ રાજય સરકાર ભોગવે છે.

શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, ગેસના કનેકશનની સુવિધા પૂરી પાડવાના દર શું છે ? અને તેના ધોરણો શું છે ?

ડો. નિર્મલાબેન સુ. વાધવાણી : માનનીય અધ્યક્ષશ્રી, જે માનનીય સભ્યશ્રીએ પૂછયું છે કે સુવિધાનો જે દર છે ગેસ સિલિન્ડર ડિપોઝીટ પ્રતિ સિલિન્ડર ૧૨૫૦/- રૂપિયા, રેગ્યુલેટર ચાર્જ ૧૫૦/- રબ્બર ટ્યુબ ૧૮૦/-રૂપિયા, પાસબુકના ૪૫/- રૂપિયા, વહીવટી ખર્ચ ૧૦૦/- રૂપિયા અને હોટ પ્લેટ વેરીફીકેશન ચાર્જીસ ૨૫૦/-રૂપિયા, ઇન્સ્ટોલેશન ચાર્જ ૪૫/-રૂપિયા, સ્ટેમ્પ ચાર્જીસ ૧૦૦/- રૂપિયા, ગેસ સ્ટવ ૨૮૦૦/- રૂપિયા તેમ કુલ મળીને ૪૯૨૦/-રૂપિયાનો ખર્ચ થાય છે અને તે સંપૂર્ણપણે રાજય સરકાર ભોગવે છે.

### વડોદરા જિલ્લામાં કન્યા છાત્રાલયો

* ૩૩૨૦૯ શ્રી કેતનભાઈ ઇનામદાર (સાવલી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં તાલુકાવાર અનુસૂચિત જાતિના ગ્રાન્ટ-ઇન-એઇડ છાત્રાલયોમાં કન્યા છાત્રાલયો કેટલા છે ?

**જવાબ**

તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં કુલ ૦૮ ગ્રાન્ટ-ઇન-એઇડ કન્યા છાત્રાલયો છે.

| ક્રમ | તાલુકાનું નામ | છાત્રાલયોની સંખ્યા |
|---|---|---|
| ૧ | વડોદરા | ૦૧ |
| ૨ | કરજણ | ૦૧ |
| ૩ | શિનોર | ૦૨ |
| ૪ | પાદરા | ૦૧ |
| ૫ | સાવલી | ૦૩ |
| | કુલ | ૦૮ |

શ્રી કેતનભાઇ મ. ઇનામદાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, અનુસૂચિત જાતિના ગ્રાન્ટ-ઇન-એઇડ છાત્રાલયોમાં પ્રવેશ માટેની પાત્રતાના ધોરણો શું છે ?

શ્રી આત્મારામ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સરકારની જે છાત્રાલયોની સુવિધા છે એમાં એક સરકારી છાત્રાલયો ચાલે છે અને એક ગ્રાન્ટ ઇન-એઇડ છાત્રાલયો ચાલે છે જે સંસ્થાઓ ચલાવે છે. વડોદરા જિલ્લામાં તેમનો જે પ્રશ્ન છે

કન્યા છાત્રાલયનો એમાં કન્યા છાત્રાલયમાં ૮ જેટલી કન્યા છાત્રાલયો વિવિધ સંસ્થાઓ દ્વારા ચલાવવામાં આવે છે અને એમાં જે પ્રવેશની સંખ્યા છે તે લગભગ ૮ જેટલી સંસ્થાઓ આ છાત્રાલયો ચલાવે છે. તેમાં એક છે વડોદરા જિલ્લા હરિજન સેવક સંઘ દ્વારા કસ્તુરબા કન્યા છાત્રાલય, કારેલી બાગ ખાતે ચલાવીએ છીએ. તેમાં ૪૦ની માન્ય સંખ્યા છે અને ૪૦ને પ્રવેશ આપવામાં આવ્યો છે. એ જ રીતે સરસ્વતી કેળવણી ટ્રસ્ટ, વડોદરા દ્વારા કરજણ ખાતે કન્યા છાત્રાલય ચાલે છે અને તેની ૨૦ની માન્ય સંખ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા જિલ્લા સેવા મંડળ, સરદાર ભવન, જુબેલી બાગની નર્મદા કન્યા છાત્રાલય, સિનોર ખાતે ચાલે છે અને એમાં માન્ય સંખ્યા ૩૯ છે અને હાલ પ્રવેશ સંખ્યા ૩૮ છે. નવચેતન કેળવણી મંડળ, પુનિયાદની શાળા તા. સિનોર, જિ. વડોદરા ખાતે ચાલે છે અને એમાં ૫૩ માન્ય સંખ્યા સામે પ્રવેશ સંખ્યા ૫૭ છે. એવી રીતે ટી.એમ.આચાર્ય સ્મારકવિધિ ટ્રસ્ટની અનસુયાબેન સારાભાઇ કન્યા છાત્રાલયની માન્ય સંખ્યા ૭૨ છે જેની સામે પ્રવેશ સંખ્યા ૭૨ છે. સમગ્ર ગ્રામ સેવા મંડળ, રાજપુરાની સાવલી તાલુકામાં કન્યા છાત્રાલય ચાલે છે. જેની સંખ્યા ૨૭ છે. લોક સેવા મંડળ, લામડાપુરા, તા.સાવલીમાં માન્ય સંખ્યા ૩૪ની સામે પ્રવેશ સંખ્યા ૩૦ છે. જીસસ એન્ડ મેરી ગુજરાત સોસાયટી દ્વારા સાવલી તાલુકામાં ૩૦ માન્ય સંખ્યા સામે ૩૦ પ્રવેશ સંખ્યા છે. એમ કુલ વડોદરા જિલ્લામાં ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલય ૮ છે. તેમાં ૩૧૫ માન્ય સંખ્યાની સામે ૩૦૯ પ્રવેશ સંખ્યા છે. આમ કુલ ૩૦૯ જેટલી કન્યા ગ્રાન્ટ ઇન એઇડ કન્યા છાત્રાલયમાં વડોદરા જિલ્લામાં અભ્યાસ કરે છે.

શ્રી બાલકૃષ્ણભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, અનુસૂચિત જાતિના ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયોનું મહેકમ શું છે અને તેમના પગારમાં છેલ્લે ક્યારે અને કેટલો વધારો કરવામાં આવ્યો છે?

શ્રી આત્મારામ મ.પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ એન.જી.ઓ. દ્વારા ચલાવવામાં આવતા છાત્રાલયો છે અને એમાં જે સંચાલક મંડળ છે એ સંચાલક મંડળ એનો વહીવટ કરે છે અને સરકાર એના માટે ફૂડબીલ આપે છે અને કર્મચારીઓ માટે માનદ્ વેતન આપે છે. રાજ્યમાં ગ્રાન્ટ ઇન એઇડના ધોરણે ચાલતી ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયોમાં ફરજ બજાવતાં કર્મચારીઓના મહેકમમાં ગૃહપતિઓ, ગૃહમાતાઓ, રસોઇયા, મદદનીશ રસોઇયા અને ચોકીદારોનું મહેકમ હોય છે. એમાં તા.૪/૩/૧૭ના ઠરાવથી ગૃહપતિઓ અને ગૃહમાતાઓને માસિક રૂ.૫૫૦૦/- પગાર મળતો હતો. જેમાં રૂ.૧,૦૦૦/-નો વધારો કરીને રૂ.૬૫૦૦/- જેટલો પગાર ચૂકવવામાં આવે છે. આ ઉપરાંત રસોઇયાને રૂ.૩૦૦૦/- પગાર ચૂકવવામાં આવતો હતો. એમાં પણ રૂ.૫૦૦/- જેટલો વધારો કરીને અત્યારે રૂ.૩૫૦૦/- પગાર ચૂકવવામાં આવે છે. એ જ રીતે ચોકીદારના પગારમાં પણ વધારો કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારની આવા ૫૭૮ અનુસૂચિત જાતિઓના ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયોમાં કુલ ૬૧૧ જેટલા ગૃહપતિઓ અને ગૃહમાતાઓ, ૬૬૮ જેટલા રસોઇયાઓ, ૫૭૮ જેટલા ચોકીદારો મળી કુલ ૧૮૫૭ જેટલા કર્મચારીઓને રાજ્ય સરકારે આ વેતનમાં વધારો કર્યો છે અને લાંબા સમયથી આ કર્મચારીઓની પગાર વધારવા માટેની માગણી હતી એ પણ આપણે સંતોષી શક્યા છીએ એનો પણ અમને આનંદ છે.

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, અનુસૂચિત જાતિના જે ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો છે એમાં કઇ-કઇ સુવિધાઓ આપવામાં આવે છે?

શ્રી આત્મારામ મ.પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ, વિદ્યાર્થિનીઓને શિક્ષણ આપવા માટે ગામડાઓમાં જે તે વખતે હાઇસ્કૂલની સુવિધાઓ નહોતી. એ સમયમાં આવા વિદ્યાર્થીઓ અભ્યાસથી વંચિત ન રહી જાય એ આશયથી શરૂ કરેલ આ યોજના છે. માનનીય અધ્યક્ષશ્રી, આ જે ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો છે એ છાત્રાલયોમાં વિદ્યાર્થીઓને અને વિદ્યાર્થિનીઓને વિનામૂલ્યે, કોઇપણ જાતનો ચાર્જ લીધા વિના એમને રહેવાની અને જમવાની સુવિધા સરકાર પૂરી પાડે છે અને એની સાથે જે રીતે છાત્રાલયોમાં રહે છે એટલે કે છાત્રાલયમાં જ રહેતા હોય એ સંજોગોમાં છાત્રાલયમાં વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ થાય, એનામાં રહેલી બુદ્ધિપ્રતિભાને વિકાસવાની અલગ અલગ તક મળે અને કોઇકને રમતગમતમાં રસ હોય, કોઇને સંગીતમાં રસ હોય, કોઇકને અભ્યાસમાં રસ હોય તો આવી તમામ પ્રકારની એનામાં રહેલી જે સુષુપ્ત શક્તિઓ છે એને ઉજાગર કરીને એને રમતગમતના સાધનો આપણે આપીએ છીએ. એ લાયબ્રેરીમાં વાંચી શકે એટલા માટે બૂકબેંકો અને એનું નોલેજ અપ-ટુ-ડેટ દર મહિને થતું રહે એ માટે જે કેટલાક શિક્ષણની સાથે સંકળાયેલા પાક્ષિકો, સાપતાહિકો અને માસિક છે એ પણ આપણે આ છાત્રાલયોમાં પૂરાં પાડીએ છીએ અને આ છાત્રાલયલને જે વિદ્યાર્થીઓને રાખીને એમને જમાડવાનો સંસ્થા ખર્ચ ભોગવે છે એ ખર્ચ પેટે પણ સરકાર ૧૫૦૦ જેવી રકમની પણ દર માસે ચૂકવણી કરવામાં આવે છે. એ સિવાય એમને સંસ્થાદીઠ રૂપિયા ૩૦૦૦ રૂપિયાની પ્રોત્સાહક ગ્રાન્ટ આપવામાં આવે છે. ગ્રંથાલયના પુસ્તકો અને વર્તમાનપત્રો મેં કહ્યું એ પ્રમાણે વિદ્યાર્થીઓને આ પ્રકારની સુવિધાઓ આપીને સમગ્ર સમાજના અન્ય સમાજની સાથે પગભર થઇને એની હરિફાઇ કરી શકે, એની સાથે સામનો કરી શકે એ પ્રકારના સદભાવભર્યા વાતાવરણનું નિર્માણ થાય એ માટે સરકર કટિબધ્ધ છે અને એ તરફ સરકાર આવી સુવિધાઓ આપે છે.

## તા.૩૧મી માર્ચ, ૨૦૧૭

## તારાંકિત પ્રશ્નો

### સુરત જિલ્લામાં ઔદ્યોગિક ભરતી મેળા

* ૩૩૬૫૧ શ્રી રણજીતભાઈ ગીલીટવાળા (સુરત પૂર્વ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૮૩. |
| (૨) આ ભરતી મેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી આપી ? | (૨) ૩૨૨૮૦. |

શ્રી રણજીતભાઇ મં. ગીલીટવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, એમણે મારા પ્રશ્નના જવાબમાં જણાવ્યું છે કે ૮૩ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે તો એ મેળામાં કુલ કેટલા ઉમેદવારો હાજર રહ્યા હતા, અને એનું કલાસિફિકેશન કેટલા શિક્ષિત હતા, કેટલા અર્ધ શિક્ષિત હતા અને એનું બીજું કલાસિફિકેશન કેટલા મહિલાઓ હતી અને એ મહિલાઓમાં કેટલી શિક્ષિત હતી અને કેટલી અર્ધશિક્ષિત હતી અને સાથે સાથે જે લોકોએ નોકરી આપી એમ્પ્લોયર્સ જે આવ્યા હતા એ કેટલા હતા, એમાં મહિલાઓ કેટલી હતી અને પુરુષ કેટલા હતા અને જનરલ કેટેગરીના નોર્મલ કલાસિફિકેશન ઓફ ધ જોબ, કઇ કઇ પ્રકારની નોકરીઓ આ બધા મિત્રોને મળી જશે? એ જાણવા માગું છું.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, કુલ ૮૩ મેળાઓ કરવામાં આવ્યા. આ ભરતી મેળાઓની અંદર ૫૬,૭૫૭ ઉમેદવારોને બોલાવવામાં આવ્યા હતા એમાંથી ૩૯,૦૦૪ ઉમેદવારો હાજર રહયા હતા. ૫૦૫ નોકરીદાતાઓ હાજર રહ્યા હતા અને એમાંથી ૩૨,૨૮૦ લોકોની આ ભરતી મેળાઓની અંદર પ્લેસમેન્ટ આપવામાં આવ્યું. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી બીજું એ જાણવા માગે છે કે આમાં કયા પ્રકારની નોકરીઓ આપવામાં આવી તો ડાયમંડ કટરમાં જોબ આપવામાં આવી, સેલ્સમેન તરીકે પણ જોબ આપવામાં આવી છે. કોમ્પ્યુટર ઓપરેટર તરીકે જોબ આપવામાં આવી. કેશીયર તરીકે, મલ્ટીટ્રાન્સફર તરીકે, મેનેજર તરીકે, સુપરવાઇઝર તરીકે આમ લગભગ ૨૧ કરતાં વધારે આ મેળાની અંદર જોબ આપવામાં આવી છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીને જાણવુ હતું એ આવ્યું નહિ. કેટલા ભાઇઓ હતા અને કેટલી બહેનો હતી એનો જવાબ બાકી છે.

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : અનુસૂચિત જાતિમાં ૩૩૬૩ પુરુષો તથા ૧૧૯૪ બહેનો એમ કુલ ૪૫૯૭ હતા એમાંથી હાજર રહ્યા એમાંથી ૨૬૦૩ લોકોને નોકરી આપવામાં આવી હતી. અનુસૂચિત જન જાતિમાં ૬૭૨૦ પુરુષો જયારે ૧૪૬૦ મહિલાઓને બોલાવવામાં આવી હતી એમ કુલ ૮૧૮૦ લોકોને બોલાવવામાં આવ્યા હતા અને એમાંથી ૨૧૩૯ પુરુષ હાજર રહ્યા હતા અને ૫૭૯ મહિલાઓ હાજર રહી હતી અને ૨૭૧૮ લોકોને જોબ આપવામાં આવી હતો. એવી રીતે બક્ષી પંચની અંદર ૫૫૨૭ પુરુષોને બોલાવવામાં આવ્યા હતા. ૧૪૫૩ મહિલાઓને બોલાવવામાં આવી હતી આમ કુલ ૬૯૮૦ લોકોને બોલાવ્યા હતા એમાંથી ૪૨૪૮ લોકો હાજર રહ્યા એમાંથી ૪૨૪૮ પુરુષો અને ૯૬૬ મળીને ૫૨૧૪ લોકોને પ્લેસમેન્ટ આપવામાં આવી હતી.આમ અન્ય સમાજોમાંથી પણ બોલાવવામાં આવ્યા હતા એમાંથી ૨૮૪૬૯ લોકોને પ્લેસમેન્ટ આપેલ એમ કુલ ૩૯૦૦૪ લોકોને પ્લેસમેન્ટ આપવામાં આવેલ છે.

શ્રીમતી સંગીતાબહેન રા. પાટીલ : માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે સુરત જિલ્લામાં કેટલી રોજગાર કચેરી આવેલી છે અને પ્રત્યેક રોજગાર કચેરી શું શું કામગીરી કરવામાં આવે છે?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : સુરત જિલ્લામાં કુલ પાંચ રોજગાર કચેરીઓ કામ કરી રહી છે. એક મદદનીશ નિયામક રોજગાર કચેરી, નગર રોજગાર કચેરી માંડવી, યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર સુરત, મોડલ કેરીયર સેન્ટર સુરત, એસ.સી.એસ.ટી. માટે સ્પેશ્યલ કોર્ચીંગ કમ ગાઇડન્સ સેન્ટર સુરત. આમ પાંચ રોજગાર કચેરીઓ કામ કરી રહી છે. આ પાંચ કચેરીની વિગત જોઇએ તો મદદનીશ નિયામક રોજગાર કચેરીની કામગીરી સુરત જિલ્લાના એસ.એસ.સી. થી ઓછું ભણેલા ડિપ્લોમા ગ્રેજયુએટ સુધીની લાયકાત ધરાવતા તમામ જાતિના ઉમેદવારોને નામ નોધણી અને વધારાની લાયકાતની નોંધણી તથા રીન્યુઅલની કામગીરી કરવામાં આવે છે. તાલુકા મથકોએ ચોક્કસ દિવસે કેમ્પનું આયોજન કરીને નામ નોંધણી વધારાની લાયકાતની નોંધણી તથા રીન્યુઅલની કામગીરી કરવામાં આવે છે. નગર રોજગાર કચેરી માંડવીની કામગીરી જોઇએ તો માત્ર અનુસૂચિત જાતિના ઉમેદવારો માટેની રોજગાર કચેરી છે. એસ.એસ.સી.થી ઓછુ ભણેલા ડિપ્લોમાં ગ્રેજયુએટ સુધીની લાયકાત ધરાવતા અનુસૂચિત જાતિના ઉમેદવારોના નામ નોંધણી વધારાની લાયકાતની નોંધણી તથા રીન્યુઅલની કામગીરી કરવામાં આવે છે. ત્રીજી કચેરી યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર સુરતની કામગીરી જોઇએ તો અનુસ્નાતક ઉમેદવારો જેવા કે એમ એ, એમ કોમ, એમ એસ સી,એમ બી એ,એમ સી એ, અને બીજા વ્યવસાય બી. ઇ. એમ ઇ, એમ બી બી એસ, એલ એલ બી. ત્રીજી બીએ, એમ એસ ઉમેદવારોની નોંધણી કરી શકે છે. યુનિવર્સિટી રોજગારી માર્ગદર્શન કેન્દ્ર સુરતના કાર્યક્ષેત્રમાં સુરત, ભરુચ, નર્મદા, નવસારી, તાપી, ડાંગ અને વલસાડ જિલ્લાઓના ઉમેદવારોનો સમાવેશ થાય છે. એવી જ રીતે ચોથી કચેરી મોડલ કેરીયર સેન્ટર સુરત દ્વારા ભારત સરકારના શ્રમ અન રોજગાર મંત્રાલયના ડાયરેકટર જનરલ

રોજગાર અને તાલીમ દ્વારા સમગ્ર દેશની વર્તમાન રોજગાર સેવાઓને નેશન સર્વિસ હેઠળ મોર્ડન કેરીયર સેન્ટરમાં પરિવર્તિત કરવામાં આવી રહી છે. તદ્અનુસાર સુરત જિલ્લાની રોજગાર કચેરીને મોડેલ કેરિયર સેન્ટરમાં રૂપાંતર કરવામાં આવે છે. મોડેલ કેરિયર સેન્ટર ખાતે નિયુક્ત કેરિયર કાઉન્સીલરો દ્વારા ઉમેદવારોને રોજગારી, સ્વરોજગારી વિશે તથા શાળા–કોલેજના યુવાનોને કારકિર્દી માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે તથા રોજગાર દાતા તથા રોજગાર ઇચ્છુક ઉમેદવારોને નેશનલ કેરિયર સર્વીસ વેબ પોર્ટલ આધારિત સેવાઓનું આદાન–પ્રદાન પણ કરવામાં આવે છે. એવી જે પાંચમી કચેરી કે રાજયના અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ઉમેદવારોને જરૂરી કારકિર્દી માહિતી અને વ્યવસાય માર્ગદર્શન મળી રહે તેમજ તાલીમ, કોચીંગ દ્વારા તેઓની રોજગારીની ક્ષમતામાં વધારો થાય તે હેતુસર સુરત ખાતે હાલમાં ભારત સરકાર દ્વારા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ઉમેદવારો માટે ખાસ કોચીંગ કેમ્પ ગાઇડન્સ સેન્ટર કાર્યરત છે. ઉમેદવારોને શોર્ટ ટર્મ કોર્સીસ જેવા કે ટાઇપ, કોમ્પ્યુટર, જનરલ નોલેજ અને અંગ્રેજીની તાલીમ આ જુદી જુદી પાંચ રોજગાર કચેરીઓ મારફત આપવામાં આવે છે.

શ્રીમતી ઝંખનાબેન હિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રોજગારી મેળવનાર યુવાનોને રોજગારી પૂરી પડી રહે તે માટે સરકાર દ્વારા શું આયોજન કરવામાં આવ્યું છે?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, સુરત જિલ્લામાં આવેલી પાંચ રોજગાર કચેરીઓ મારફત રોજગારવાંચ્છુઓને અલગ અલગ પ્રકારની રોજગારી પૂરી પાડવામાં આવતી હોય છે. સુરત જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ૩૫,૯૨૮ ઉમેદવારો નોંધાયેલા છે. છેલ્લા ૧૦ વર્ષમાં ૨,૬૪,૫૧૪ યુવાનોને રોજગારી પૂરી પાડવામાં આવી છે. સુરત ખાતે નેશનલ કેરિયર સર્વીસ સેન્ટર હેઠળ મોડેલ કેરિયર સેન્ટર ખાતે ઉમેદવારોને કારકિર્દી અને રોજગારલક્ષી માર્ગદર્શન પૂરૂં પાડવાની કામગીરી પણ કરવામાં આવે છે. સવેતન રોજગારીની મર્યાદિત તકો જોતાં રોજગારી એ બીજાં લોકો આપતા હોય છે, પરંતુ પોતાની રીતે રોજગારી મેળવી શકે તેના માટે સવેતન રોજગારીની મર્યાદાની તકો જોતાં સ્વરોજગાર શિબિર દ્વારા યુવાનોને પ્રોત્સાહિત કરી અલગ અલગ ખાતા દ્વારા લોનની સહાય મેળવાવી સ્વરોજગારી તરફ વાળવા માટેના પ્રયાસો કરવામાં આવે છે. ૨૦૧૬માં કુલ ૪૪ સ્વરોજગાર શિબિરો કરવામાં આવી. ૩૭૦૪ ઉમેદવારોને સ્વરોજગારી માટે રૂ. ૨૩૩૧.૬૩ લાખની લોનની સહાયની મદદ કરવામાં આવી છે. આવી રીતે જિલ્લામાં યુવાનોની કારકિર્દી અને વ્યવસાય માર્ગદર્શન માટે ૨૦૧૬ના વર્ષમાં ૪૪ કારકિર્દી વાર્તાલાપ યોજવામાં આવેલા. તેમાં ૨૪૮૦ ઉમેદવારોએ ભાગ લીધેલો. સુરત જિલ્લામાં શાળા–કોલેજોમાં કુલ ૯૧ કેરિયર કોર્નર કાર્યરત છે તે મારફતે વિદ્યાર્થીઓને રોજગારલક્ષી તેમજ અભ્યાસલક્ષી માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે. ખાનગી ક્ષેત્રોમાં પણ રોજગારી આપવા માટે ઔદ્યોગિક ભરતી મેળાઓનું આયોજન કરી ખાનગી ક્ષેત્રના નોકરીદાતા અને યુવાનોને ચોક્કસ દિવસે એકત્રિત કરીને ભરતી મેળાનું આયોજન કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૬માં આવા ૮૩ મેળા યોજીને ૫૦૫ નોકરીદાતાઓને ઉપલબ્ધ રાખીને ૩૨,૨૮૦ રોજગારવાંચ્છુઓને રોજગારી આપવાનું કામ કર્યું. આ રીતે રોજગાર વિભાગ મારફત કામગીરી કરવામાં આવે છે.

શ્રી દુષ્યંતભાઇ ૨. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ગઇ વિધાનસભામાં G.E.T. એટલે કે ગ્રેજ્યુએટ એન્જિનિયર ટ્રેઇની માટે મેં પ્રશ્ન પૂછ્યો હતો અને માનનીય મંત્રીશ્રીના વિભાગ તરફથી તેનો સકારાત્મક જવાબ મળ્યો હતો. ઔદ્યોગિક ભરતી મેળામાં ભારતના સાહસ જેવા કે ગેઇલ, એલ. એન્ડ જી., ઓપેલ અને ઓ.એન.જી.સી. આવા સાહસો ભાગ લેતા નથી. તો માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે આવા સાહસો આપણાં ઓદ્યોગિક રોજગાર મેળાની અંદર ભાગ લે, ત્યાં સુધી કે એપ્રેન્ટીસની ટ્રેનીંગ પણ આપતા નથી. જો ગુજરાતમાં આ ઉદ્યોગો હોય તો એ એપ્રેન્ટીસની ટ્રેનીંગ પણ આપણાં વિદ્યાર્થીઓને આપે તો બહુ મોટું કામ થાય. તો આવો કોઇ નિર્ણય સરકાર કરવા માગે છે કે કેમ?

દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની ધરતી ઉપર જે ઔદ્યોગિક એકમો હોય કે આવા યુનિટો કામ કરતા હોય. અમારા રોજગાર વિભાગની કામ કરવાની જવાબદારી છે કે એમને કયા પ્રકારના માણસો જોઇએ છે. એવા માણસો અમને મળી જાય તો અમે એવા ઔદ્યોગિક એકમોને પણ બોલાવીએ. એવા રોજગાર વાંચ્છુઓને ભેગા કરીને અને એમની જરૂરિયાત મુજબ ભેગા કરીને રોજગારી આપવાનો પ્રયાસ કર્યો છે. ગઇ વખતે પણ શ્રી દુષ્યંતભાઇએ આ વાત કરી હતી. એમની ચિંતા સારી છે અને એમનો વિષય પણ સારો છે. આગામી દિવસોમાં સાથે મળીને શું કરી શકાય તે માટે હકારાત્મક રીતે વિચારીશું.

શ્રી તારાચંદ જ. છેડા : માનનીય અધ્યક્ષશ્રી, આ રોજગાર મેળાઓને કારણે આપણે ગુજરાતમાં હજારો બેરોજગારોને રોજગારી આપી શક્યા છીએ. આ રોજગાર મેળાઓની યોજના ક્યારથી શરૂ કરવામાં આવી અને આ યોજનાનો વ્યાપ દરેક જિલ્લામાં કરવા માગો છો કે કેમ?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આ રોજગાર ભરતી મેળાની યોજના ભારતીય જનતા પાર્ટી સરકારમાં શરૂ કરવામાં આવી છે. આપણે સૌ જાણીએ છીએ કે સમગ્ર વર્ષ દરમિયાન આપણે રોજગાર ભરતી મેળા કરતા હોઇએ છીએ. ૨૦૦૨થી ભારતીય જનતા પાર્ટીની સરકારે રોજગાર ભરતી મેળા મારફત રોજગારી આપવાનું કામ શરૂ કર્યું છે. આપને સૌને જણાવતા આનંદ થાય છે કે ૨૦૧૬ની અંદર ખૂબ ભરતી મેળા કર્યા. ૨૦૧૭ના ફેબ્રુઆરીની અંદર એક ઝૂંબેશ ચલાવી અને માત્ર સાત દિવસની અંદર ૧, ૦૯,૫૨૦ જેટલા લોકોને રોજગારી આપવાનું કામ કરવામાં આવ્યું. આગામી દિવસોમાં સમગ્ર વર્ષ દરમિયાન ભરતી મેળા કરીને ગુજરાતના નવ યુવાનોને ઘર આંગણે રોજગારી મળી રહે તે માટેના પ્રયાસો કરવામાં આવશે. આ સન્માનનીય સભાગૃહ સમક્ષ એક બીજી બાબત મૂકવા માગું છું કે ૨૦૧૬ની અંદર ભારત સરકારના લેબર બ્યુરો

મારફત આંકડાઓ પ્રસિદ્ધ કરવામાં આવ્યા. જેમાં સમગ્ર ભારતમાં ૧૦૦૦ વ્યક્તિએ ૫૦ લોકો બેરોજગાર છે. જ્યારે ગુજરાતમાં ૧૦૦૦ વ્યક્તિએ માત્ર ૯ વ્યક્તિ બેરોજગાર છે. એટલે સમગ્ર ભારત દેશમાં બેરોજગારોની ટકાવારીનો સૌથી ઓછો ક્રમ માત્ર ગુજરાતમાં જ છે.

તાપી જિલ્લામાં માનવ ગરીમા યોજના

* ૩૩૨૦૬ શ્રી મોહનભાઇ ઢોડીયા (મહુવા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તાપી જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭માં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ માનવ ગરીમા યોજના અંતર્ગત વિકસતી જાતિના કેટલા લાભાર્થીઓને કીટ્સની વહેંચણી કરવામાં આવી? | ૧૦૦ લાભાર્થીઓને |

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, તાપી જિલ્લામાં વિકસતી જાતિના કેટલા લાભાર્થીઓને તાલુકાવાર કેટલી કિટ્સનું વિતરણ કરવામાં આવ્યું અને તેની પાછળ કેટલો ખર્ચ થયેલો છે?

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, તાપી જિલ્લામાં તાલુકાવાર મળેલ અરજીઓ અને લાભાર્થીઓને વિતરણ કિટસ અને તેની પાછળ થયેલ ખર્ચની વિગત આ પ્રમાણે છે. વ્યારા તાલુકામાં ૧૦ અરજીઓ મળેલ છે અને ૧૦ મંજૂર કરેલ છે. જેમાં ૧૦ કિટસનું વિતરણ કરવામાં આવેલ છે અને તેની પાછળ રૂ. ૪૭૨૭૯/–નો ખર્ચ કરવામાં આવેલ છે. વાઘડ તાલુકામાં ૪ અરજીઓ મળેલ છે અને ૪ મંજૂર કરેલ છે. જેમાં ૪ કિટસનું વિતરણ કરવામાં આવેલ છે અને તેની પાછળ રૂ. ૧૮૩૭૫/–નો ખર્ચ કરવામાં આવેલ છે. ડોલવણ તાલુકામાં ૮ અરજીઓ મળેલ છે અને ૮ મંજૂર કરેલ છે. જેમાં ૮ કિટસનું વિતરણ કરવામાં આવેલ છે અને તેની પાછળ રૂ. ૪૨૭૭૦/–નો ખર્ચ કરવામાં આવેલ છે. સોનગઢ તાલુકામાં ૧૨ અરજીઓ મળેલ છે અને ૧૨ મંજૂર કરેલ છે. જેમાં ૧૨ કિટસનું વિતરણ કરવામાં આવેલ છે અને તેની પાછળ રૂ. ૫૫૪૧૮/–નો ખર્ચ કરવામાં આવેલ છે. ઉચ્છલ તાલુકામાં ૧ અરજી મળેલ છે અને ૧ મંજૂર કરેલ છે. જેમાં ૧ કિટસનું વિતરણ કરવામાં આવેલ છે અને તેની પાછળ રૂ. ૫૮૬૮/–નો ખર્ચ કરવામાં આવેલ છે. નિઝર તાલુકામાં ૪૭ અરજીઓ મળેલ છે અને ૪૭ મંજૂર કરેલ છે. જેમાં ૪૭ કીટ્સનું વિતરણ કરવામાં આવેલ છે અને તેની પાછળ રૂ. ૨,૧૭,૯૨૪/–નો ખર્ચ કરવામાં આવેલ છે.
કુકરમુડામાં ૧૮ અરજીઓ મળી, ૧૮ મંજૂર કરવામાં આવી, ૧૮ કીટનું વિતરણ કરવામાં આવ્યું, અને ૯૦,૫૬૮નો ખર્ચ કરવામાં આવ્યો. આમ કુલ તાપી જિલ્લામાં ૧૦૦ અરજીઓ મળી, ૧૦૦ મંજૂર કરી, ૧૦૦ કીટનું વિતરણ કરવામાં આવ્યું અને ૪,૭૮,૨૦૨ એની પાછળ ખર્ચ કરવામાં આવ્યો છે.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે માનવ ગરીમા યોજનાનો હેતુ શું છે અને આ યોજના હેઠળ આવક મર્યાદાનું ધોરણ શું છે?

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ નરેન્દ્રભાઇ મોદી સાહેબની સરકાર અને અત્યારે આદરણીય વિજયભાઇ રૂપાણી સાહેબની આ સરકાર, ન ધરા સુધી ન ગગન સુધી, મારે જાવું છે છેવાડાના માનવી સુધી અને આવો જલાયે દીપ વહાં, જહાં અભી ભી અંધેરા હૈ, એ સુત્ર સાથે, મંત્ર સાથે કામ કરતી આ સરકાર છે. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, આર્થિક રીતે પછાત વર્ગો, વિચરતી અને વિમુકત જાતિઓ તથા લઘુમતિ જાતિના વ્યકિતઓને રોજગારી પૂરી પાડી, આર્થિક રીતે પગભર બનાવવાનો આ યોજનાનો હેતુ છે અને માનવ ગરીમા યોજના માટે ગ્રામ્ય વિસ્તાર માટે ૪૭હજાર રૂપિયા અને શહેરી વિસ્તાર માટે ૬૮હજારની આવક મર્યાદા છે. વિચરતી અને વિમુકત જાતિ તેમજ સામાજિક અને શૈક્ષણિક રીતે અતિ પછાત જાતિઓ માટે આવક મર્યાદા નથી.

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, તાપી જિલ્લામાં માનવ ગરીમા યોજના હેઠળ કેટેગરીવાર કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે અને તેનો ખર્ચો કેટલો થયો છે અને એમાં સ્કોર પ્રમાણે આપીએ છીએ કે કેમ એ પણ જાણવું છે.

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, તાપી જિલ્લામાં માનવ ગરીમા યોજના અંતર્ગત કેટેગરીવાઇઝ કહું તો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોને ૫૬ કીટસ આપવામાં આવી અને તેની પાછળ ૨,૭૫,૦૯૦ રૂપિયાનો ખર્ચ થયો. આર્થિક પછાત વર્ગોમાં ૩૨ કીટસ આપવામાં આવી અને તેની પાછળ ૧,૪૮,૫૫૧ રૂપિયાનો ખર્ચ થયો. લઘુમતિ જાતિઓમાં ૧૨ કીટસ આપવામાં આવી અને તેની પાછળ ૫૪,૫૬૧નો ખર્ચ થયો. આમ તાપી જિલ્લામાં કુલ ૧૦૦ કીટસ આપવામાં આવી અને તેની પાછળ ૪,૭૮,૨૦૨ રૂપિયાનો ખર્ચ કરવામાં આવેલ છે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે તાપી જિલ્લામાં વિકસતી જાતિઓના લાભાર્થીઓને કયા કયા પ્રકારના ધંધા માટેની કીટ આપવામાં આવે છે?

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, તાપી જિલ્લામાં ધંધાવાર કીટસની વિગત જોઇએ તો ઓટો રીપેરીંગ માટે ૫ કીટસ, સુથારીકામ માટે ૧ કીટસ, શાકભાજી ફળ વેચાણ માટે ૨૧ કીટસ, સિલાઇ મશીન માટે ૩૧ કીટસ, પાન બીડી વેચાણના સાધનો માટે ૧ કીટ, વાળંદના કામ માટે ૮ કીટસ, ચા માટેના સાધનો માટે ૧૪ કીટસ અને દૂધ–દહીંના વેચાણ માટે ૧૯ કીટ્સ આમ કુલ ૧૦૦ કીટનું વિતરણ કરવામાં આવેલ છે.

ચૈત્ર ૧૦, ૧૯૩૯ શાકે

## તારાંકિત પ્રશ્નો

છોટાઉદેપુર જિલ્લામાં સંકટ મોચન યોજના

* ૩૩૨૨૭ શ્રીમતી મનિષાબેન વકીલ (વડોદરા શહેર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં સંકટ મોચન યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૩૩૦ |

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજી |
|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૬ |
| ૨ | જેતપુર–પાવી | ૫૦ |
| ૩ | ક્વાંટ | ૪૮ |
| ૪ | બોડેલી | ૭૮ |
| ૫ | સંખેડા | ૧૧૦ |
| ૬ | નસવાડી | ૩૮ |
| | કુલ | ૩૩૦ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે પૈકી કેટલી અરજીઓ તાલુકવાર મંજુર કરી, અને | (૨) ૧૪૭ |

| ક્રમ | તાલુકાનું નામ | મંજુર અરજી |
|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૪ |
| ૨ | જેતપુર–પાવી | ૧૪ |
| ૩ | ક્વાંટ | ૧૯ |
| ૪ | બોડેલી | ૨૮ |
| ૫ | સંખેડા | ૭૦ |
| ૬ | નસવાડી | ૧૨ |
| | કુલ | ૧૪૭ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) કેટલી અરજીઓ નામંજુર કરી અને તેના કારણો શું છે? | (૩) ૧૬૩<br>નામંજુરીના કારણો નીચે મુજબ છે. |

| ક્રમ | નામંજુરીના કારણો નીચે મુજબ છે. | સંખ્યા |
|---|---|---|
| ૧ | બી.પી.એલ.યાદીમાં સામેલ ન હોવાથી | ૮૩ |
| ૨ | મૃત્યુ પામનાર વ્યક્તિની ઉંમર ૧૮ થી ઓછી અને ૬૦ વધુ હોવાથી | ૨૨ |
| ૩ | કુટુંબ તરફથી બીજી વ્યક્તિની અરજી થવાથી | ૦૦ |
| ૪ | અરજી સાથે જરૂરી પુરાવા રજુ કરેલ ન હોવાથી | ૨૩ |
| ૫ | બે વર્ષની સમય મર્યાદામાં અરજી કરેલ ન હોવાથી | ૩૫ |
| | કુલ | ૧૬૩ |

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે આ સંકટ મોચન યોજનાનો હેતુ શું છે અને કોને કોને આનો લાભ મળી શકે છે?

શ્રી આત્મારામ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સંકટ અને મોચન એટલે સંકટમાંથી મુક્તિ અપાવે એવી આ યોજના છે. એમાં ખાસ કરીને જે બી.પી.એલ. કાર્ડ ધારકો છે, જે લોકો ગરીબી રેખાની નીચે જીવન જીવે છે અને એ પરિવારના કમાનાર વ્યક્તિ એક હોય અને એ કમાનાર વ્યક્તિ આકસ્મિક રીતે અવસાન પામે, ક્યાંક કુદરતી રીતે મૃત્યુ પામે એવા સંજોગોમાં આખો પરિવાર નિરાધાર બની જાય છે. આખો પરિવાર સંકટમાં આવી જાય છે અને એ વખતે એની પાસે આજીવિકાનું કોઇ સાધન હોતું નથી. કારણ કે એક માત્ર કમાનાર વ્યક્તિ હોવાથી બીજા બધા એના ઉપર આધાર રાખનાર પરિવારના સભ્યો બીજી રીતે આવકમાં સેટ થઇ શકે એ માટે શરૂઆતના દિવસોમાં એને કોઇ જાતની આર્થિક મદદ મળે એ પ્રકારના આશયથી શરૂ થયેલ આ યોજના છે. આ યોજનાનો લાભ લેવા માટે જે લોકો બી.પી.એલ. ધારક છે એ બી.પી.એલ.ની યાદીમાં સમાવિષ્ટ પરિવાર હોવો જોઇએ અને એ પરિવારમાં ૧૮ થી ૬૦ વર્ષ સુધીની કમાનાર વ્યક્તિ હોવી જોઇએ અને એવી વ્યક્તિ જો ગરીબીની રેખા નીચે જીવતી હોય એવા પુરાવા રજૂ કરે અને ૬૦ દિવસમાં જો એ પ્રાંત અધિકારીને અરજી કરે તો એને ૨૦ હજાર રૂપિયા જેવી રકમ આપવામાં આવે છે. કદાચ અન્ય લોકોને માટે આ રકમ નાની લાગતી હોય

પણ એવા કેટલાય પરિવારો છે કે જેને આજે પણ એ દાડિયું કરે કે મજૂરી કરે ત્યારે એના ઘરનો ચૂલો સળગતો હોય છે. આવા પરિવારના લાભ માટે ૨૦ હજાર જેવી રકમ ૩–૪ મહિના એના પરિવારના મોભીનો આશરો ગુમાવ્યા પછી એને કામ લાગે અને જીવનમાં રેગ્યુલર થઇ શકે તેવી રીતે મદદ કરવાની સરકારની યોજના છે. એના પરિવારને ફકત સંકટ ભરેલ પરિસ્થિતિમાંથી બહાર કાઢવાનો છે.

શ્રી રમેશભાઇ ભુ. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, રાષ્ટ્રીય કુટુંબ સહાય સંકટ મોચન યોજનામાં છોટા ઉદેપુર જિલ્લામાં તાલુકાવાર કેટલી રકમની ચૂકવણી કરવામાં આવી?

શ્રી આત્મારામ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય કુટુંબ સંકટ મોચન સહાય યોજનાની છોટા ઉદેપુર જિલ્લાની તાલુકાવાર માહિતી માનનીય સભ્યશ્રી રમેશભાઇએ માગી છે. છોટા ઉદેપુર જિલ્લામાં કુલ ૬ તાલુકાઓ છે એમાં છોટા ઉદેપુર તાલુકામાં ૪ લાભાર્થીની સંખ્યા છે અને મેં કહ્યું એ પ્રમાણે એક લાભાર્થીના પરિવારને ૨૦ હજાર રૂપિયા જેવી રકમ આપણે ચૂકવીએ છીએ એટલે આ ૪ લાભાર્થીઓને ૮૦ હજારની રકમ ચૂકવી છે. એ સિવાય જેતપુર–પાવી તાલુકામાં લાભાર્થીઓની સંખ્યા ૧૪ છે અને પ્રત્યેક લાભાર્થી દીઠ આપણે ૨૦ હજાર રૂપિયાની ગણતરી કરીએ તો ૨ લાખ ૮૦ હજાર જેવી રકમ ચૂકવી છે. કવાંટ તાલુકામાં ૧૯ લાભાર્થીઓએ લાભ મેળવવા અરજી કરી હતી અને એની અરજીની ચકાસણી પછી એ યથાયોગ્ય લાગતા ૩ લાખ ૮૦ હજાર જેવી રકમ આપણે ૧૯ પરિવારોને ચૂકવી છે. બોડેલી તાલુકામાં ૨૮ લાભાર્થીઓએ અરજી કરી હતી અને એમાં ૫ લાખ ૬૦ હજાર જેવી રકમ ચૂકવી છે. સંખેડા તાલુકામાં ૭૦ લાભાર્થીઓ હતા અને એમાં ૧૪ લાખ જેવી રકમ ચૂકવી છે અને નસવાડી તાલુકામાં ૧૨ અરજદારો હતા એમને ૨ લાખ ૪૦ હજાર જેવી રકમ ચૂકવી છે. આમ, છોટા ઉદેપુર જિલ્લામાં આ સંકટ મોચન યોજનામાં કુલ ૧૪૭ જેટલા લાભાર્થીઓને ૨૯ લાખ ૪૦ હજાર જેવી રકમ ચૂકવી એના પરિવારને આપણે મદદરૂપ થયા છીએ.

શ્રી અશોકકુમાર ૨. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આત્મારામભાઇએ ખૂબ લંબાણપૂર્વક માહિતી આપી પણ એમના જવાબમાં પેટા–૩ માં કોલમ–૪ માં જણાવ્યું છે કે, અરજી સાથે જરૂરી પુરાવા રજૂ કરેલ ન હોવાથી ૨૩ અરજીઓ નામંજૂર કરી આવી કોઇ અરજી ફરી પુરાવા લઇને આવે તો આપણે ફરી લાભ આપવા માગીએ છીએ કે કેમ? અને બીજું, ૨ વર્ષની સમય મર્યાદામાં અરજી ના કરેલ હોય તો કોઇ એવી વ્યક્તિ હોય કે આ યોજનાથી અજાણ હોય કોઇના પરિવારમાં કોઇ ભણેલું ના હોય અને એ રહી ગયેલું હોય તો આવા કેસમાં કોઇ સ્પેશ્યલ કેસ કરીને ગરીબ લોકોને મદદરૂપ થવા માગીએ છીએ કે કેમ?

શ્રી આત્મારામ મ. પરમાર : : માનનીય અધ્યક્ષશ્રી, સરકારે જે નીતિ–નિયમો કર્યા છે એમાં અશોકભાઇ એકમાં છૂટ આપવા જઇએ તો બધાને છૂટ આપવી પડે. છતાં પણ આપના ધ્યાનમાં આવો કોઇ કેસ આવ્યો હોય અને એ પરિવાર એવી વિકટ પરિસ્થિતિમાં જીવન જીવતું હોય અને તમારી કોઇ ભલામણ હોય તો મોકલજો વિચારીશું. માનનીય અધ્યક્ષશ્રી, એમણે કહ્યું કે, કેટલી અરજીઓ નામંજૂર થાય છે? મેં ઓલરેડી I have stated કે આટલા આટલા પુરાવાઓ જોઇએ, ના હોય તો નામંજૂર થાય. ચેકલિસ્ટમાંથી જ અરજીઓ નીકળી જાય છે. જે પરિવારનો બી.પી.એલ. યાદીમાં સમાવેશ થયેલો હોય અને એ પરિવાર અરજી કરે તો એ ગરીબીની રેખા નીચે જીવન જીવનારની જે યાદી છે એમાં એનો સમાવેશ ન હતો થયો માટે એ અરજી નામંજૂર થાય છે. એ જ રીતે જે મૃત્યુ પામનાર વ્યક્તિની ઉંમર ૧૮ થી ૬૦ વર્ષની ઉંમર છે એમાં કોઇ ૧૮ વર્ષથી નીચેનું હોય અને કોઇ ૬૦ થી વધુ હોય તો એવા સંજોગોમાં પણ આપણે અરજી નામંજૂર કરીએ છીએ. અને આ યોજનાનો લાભ પરિવારમાં પરિવારદીઠ એક જ વ્યક્તિને મળે છે. બીજીવાર કોઇ અરજી કરી હોય તો બીજીવાર આપણે લાભ આપી શકતા નથી. આપણે જે વાત કરી એમાં અમે અરજદારોને ખૂટતા પુરાવા રજૂ કરવા માટેની સૂચના આપીએ છીએ. એટલે એ સમયગાળા દરમ્યાન જો એની અરજીની પૂર્તતા થઇ જાય તો એ આ યોજનાના લાભાર્થી રહી શકશે અને સરકારની આ યોજનાનો લાભ એને મળી શકશે.

## છોટાઉદેપુર જિલ્લામાં વિકલાંગોને શિષ્યવૃત્તિ

* ૩૩૨૨૧ શ્રી સતીષભાઇ પટેલ (કરજણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છોટાઉદેપુર જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિની યોજના અન્વયે તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૩૧૨ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૩૦૬ |
| (૩) કેટલી રકમ ચુકવવામાં આવી? | (૩) કુલ ૩૦૬ લાભાર્થીઓને રૂ.૪,૨૦,૧૦૦/– (અંકે રૂપિયા ચાર લાખ વીસ હજાર એકસો પુરા) ની રકમ ચુકવવામાં આવેલ છે. |

શ્રી સતીષભાઇ મો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વિકલાંગ શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત લાભ કોને મળવાપાત્ર છે?

શ્રી આત્મારામ મ. પરમાર : : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર વિકલાંગોને માટે, હવે સાહેબ આપણે વિકલાંગ કરતા દિવ્યાંગ શબ્દ વાપરીએ છીએ. માનનીય વડાપ્રધાનશ્રીએ એ અંગેના બે કાર્યક્રમો ગુજરાતમાં વડોદરા અને સુરતમાં કર્યા

છે. એટલે દિવ્યાંગોને માટે મદદરૂપ થવાના આશયથી એ શિક્ષણ લઈ શકે, ભણી શકે એ માટે એ માટે એમને મદદરૂપ થવા માટેની આ યોજના છે પણ એમાં દિવ્યાંગતા માટે એનું જે અપંગતાનું સ્ટાન્ડર્ડ છે એ ૪૦%નું હોવું જોઇએ. ૪૦% ની અપંગતા હોય તો જ એની અપંગમાં ગણના થાય છે અને અપંગ વ્યક્તિ તરીકે જે એને લાભ મળવા જોઇએ એ મળે છે. માનનીય અધ્યક્ષશ્રી, એની સાથે પરીક્ષામાં પાસ થવાના પણ ટકા હોય છે. ૪૦% થી ઉપરના ગુણ હોય એવા દિવ્યાંગ વ્યક્તિઓને આ યોજનાનો લાભ મળે છે. મારે કહેવું જોઇએ કે શરૂઆતમાં આની ઈન્કમની લિમિટ હતી. આવક મર્યાદા શરૂઆતમાં રાખી હતી. પરંતુ સમય અને સંજોગો અનુસાર આપણે જે આવક મર્યાદા હતી એ હવે દૂર કરી છે તા.૧૧-૧૨-૨૦૧૫ પછીથી એની આવક મર્યાદાની શરત રદ કરવામાં આવી છે એટલે દિવ્યાંગોને કોઇ પણ જાતની આવક મર્યાદા વીના જો એની ૪૦% વિકલાંગતા હોય. અને ૪૦ ટકા એણે પરીક્ષામાં ગુણ મેળવ્યા હોય તો એવા વિદ્યાર્થીને આ દિવ્યાંગોની યોજનાનો લાભ મળે છે.

શ્રી બાલકૃષ્ણભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, આ દિવ્યાંગોને કેટલી સહાય ચૂકવવામાં આવે છે અને સહાયની પાત્રતા શું છે?

શ્રી આત્મારામ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું એ પ્રમાણે દિવ્યાંગોને જે સહાય ચૂકવવામાં આવે છે એ જવાબ આમેય થોડો લાંબો એટલા માટે થશે કે, એમાં ત્રણ-ચાર તબક્કાઓ છે. એમાં અભ્યાસની વિગતો પ્રમાણે કેશ ડોલ્સનો દર અલગ છે. હોસ્ટેલમાં રહેતા હોય તેવા વિદ્યાર્થીઓ માટેનો માસિક દર અલગ છે. અંધ વિદ્યાર્થીઓ માટે જે રિડર રાખીએ છીએ એનો એલાવન્સનો દર અલગ છે અને હોસ્ટેલમાં ન રહેતા હોય અને પરિવાર સાથે રહેતા હોય તેવા વિદ્યાર્થીઓ માટેની પણ શિષ્યવૃત્તિનો દર અલગ છે. એટલે એ રીતે જોઇએ તો ધોરણ-૧ થી ૭માં જે અભ્યાસ કરે છે એનો કેશ ડોલ્સ માટેનો માસિક દર સો એટલે એના વાર્ષિક એક હજાર રૂપિયા ૧ થી ૭ના વિદ્યાર્થીઓ માટે પછી ધોરણ-૮ થી ૧૨ અને આઇપીએલ, એમાં કેશ ડોલ્સનો દર દોઢ સો છે, હોસ્ટેલમાં રહેતા હોય એનો બસ્સો છે અને એની સાથે જે રિડર હોય છે એના સો રૂપિયા અને હોસ્ટેલમાં ન રહેતા હોય એવાના પંદર સો રૂપિયા એમ કરીને એની કુલ રકમ બે હજાર રૂપિયા છે.

એની સાથે જે વિદ્યાર્થીઓ કોલેજમાં અભ્યાસ કરે છે, જે બી.એ., બી.એસ.સી., બી.કોમ કરે છે કે એની સમકક્ષ કોઇ ડીગ્રીમાં અભ્યાસ કરે છે એને આપણે અઢી સો રૂપિયાથી લઇને આપે કહ્યું એ પ્રમાણે એને છેવટની સહાય બત્રીસો પચાસ સુધીની મળે છે એટલે હું બધા આંકડા વચ્ચેના બોલતો નથી. આ દિવ્યાંગોમાં પણ કેટલાક સ્કોલર્સ સ્ટુડન્ટ્સ હોય છે કે જે બી.ઇ., બી.ટેક., એમ.બી.બી.એસ., એલ.એલ.બી., બી.એડ, ડિપ્લોમા ઇન પ્રોફેશનલ એન્ડ એન્જિનિયરીંગ સ્ટડી અને ઇમ્પ્લાન્ટ ટ્રેનીંગ કરે છે એને ત્રણસો થી લઇને ચાર હજાર રૂપિયા સુધીની આપણે મદદ કરીએ છીએ શિષ્યવૃત્તિ તરીકે અને એ રીતે પી.જી. કરે છે, પોસ્ટ ગ્રેજ્યુએશન માનો કે, આર્ટસમાં એમ.એ. કરે, એમ.એસ.સી. કરે, એમ.કોમ કરે, એલ.એલ.બી. અને એમ.એડ કરે એને આપણે ત્રણસો થી લઇને ચાર હજાર રૂપિયા સુધીની રકમ ચૂકવીએ છીએ અને અંધ વ્યક્તિઓ માટે જે રિડર એલાવન્સ છે એ રિડર એલાવન્સ પર હેડ આપણે સો રૂપિયા માસિક ચૂકવીએ છીએ.

ગાંધીનગર જિલ્લામાં છાત્રાલયો

* ૩૩૨૨૫ શ્રી હસમુખભાઇ પટેલ (અમરાઇવાડી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં વિકસતી જાતિના કેટલા સરકારી છાત્રાલયો કાર્યરત છે, અને | (૧) ૦૪ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા સરકારી છાત્રાલયોના મકાન બાંધકામ માટે જમીન મળેલ છે? | (૨) એક પણ નહીં. |

શ્રી હસમુખભાઇ સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે, ગાંધીનગર જિલ્લામાં વિકસતી જાતિના જે ચાર છાત્રાલયો આવ્યા છે એ કયા કયા સ્થળે આવેલા છે અને એ કઇ કક્ષાના છે?

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર જિલ્લાની અંદર વિકસતી જાતિના જે ચાર છાત્રાલયો આવેલા છે એમાં સરકારી કુમાર છાત્રાલય, ગાંધીનગર જે સેકટર-૩૦માં આવેલું છે અને એમાં ધોરણ-૧૧ અને ૧૨ની કક્ષા છે. સરકારી કુમાર છાત્રાલય, ગાંધીનગર જે સેકટર -૧૩માં આવેલું છે એમાં કોલેજ કક્ષા છે. સરકારી કન્યા છાત્રાલય કન્યા છાત્રાલય, ગાંધીનગર જે સેકટર-૧૩માં ચાલે છે એ પણ કોલેજ કક્ષાનું છે અને સરકારી કુમાર છાત્રાલય, કલોલ એ પણ કોલેજ કક્ષાનું છાત્રાલય છે.

શ્રી સુરેશભાઇ ધ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, ગાંધીનગર જિલ્લાના ચારેય સરકારી છાત્રાલયોમાં ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં ફેકલ્ટીવાર તેમજ છાત્રાલયવાર પ્રવેશ આપવામાં આવેલ વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી છે?

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર જિલ્લાના આ છાત્રાલયોમાં ફેકલ્ટી વાઇઝ જે પ્રવેશ....

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે, નેકસ્ટ.

તા.૩૧મી માર્ચ, ૨૦૧૭

અતારાંકિત પ્રશ્નોત્તરી

અતારાંકિત પ્રશ્નોત્તરી

તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં બેરોજગારોને સરકારી નોકરી

* ૩૩૭૮૯ શ્રી ગેંદાલભાઈ ડામોર (સંતરામપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર રોજગાર વિનિમય કચેરીમાં કેટલા બેરોજગારો નોંધાયેલા છે, અને

(૧)

| ક્રમ | જિલ્લો | નોંધાયેલ બેરોજગારો (જીવંત રજીસ્ટર મુજબ) |
|---|---|---|
| ૧ | મહીસાગર | ૧૧૬૦૫ |
| ૨ | પંચમહાલ | ૧૨૮૭૭ |

(૨) તે પૈકી ઉક્ત જિલ્લાવાર ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા નોંધાયેલ બેરોજગારોને સરકારી નોકરી આપવામાં આવી ?

(૨)

| ક્રમ | જિલ્લો | અપાયેલ સરકારી નોકરી | |
|---|---|---|---|
| | | વર્ષઃ ૨૦૧૫ | વર્ષઃ ૨૦૧૬ |
| ૧ | મહીસાગર | ૪૭૨ | ૦ |

---------

ગાંધીનગર જિલ્લામાં આદર્શ નિવાસી શાળાઓ

* ૩૩૨૧૪ શ્રી અશોકકુમાર પટેલ (ગાંધીનગર ઉત્તર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની કન્યાઓ માટે કેટલી આદર્શ નિવાસી શાળાઓ આવેલી છે ?

૦૧.

---------

ખેડા જિલ્લામાં ગણવેશ સહાય

* ૩૩૨૩૮ શ્રી કેસરીસિંહ સોલંકી (માતર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) ખેડા જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ ગણવેશ સહાય અંતર્ગત કુલ કેટલા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની અરજી મળી,

(૧) ૯૪૭૪.

(૨) તે પૈકી કુલ કેટલા વિદ્યાર્થીઓની અરજીઓ મંજુર કરવામાં આવી, અને

(૨) ૯૪૭૪.

(૩) ઉક્ત મંજુર કરેલ અરજીઓ અન્વયે કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી ?

(૩) રૂ.૨૮,૪૨,૨૦૦/-.

---------

દાહોદ જિલ્લામાં આંગણવાડીઓમાં ગેસ કનેકશન

* ૩૩૨૫૧ શ્રી રમેશભાઈ કટારા (ફતેપુરા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓને ગેસ કનેકશન છે,

(૧) નીચે મુજબ.

| ક્રમ | તાલુકાનું નામ | ગેસ કનેકશનની સુવિધા ધરાવતી આંગણવાડીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | દાહોદ | ૫૬૭ |
| ૨ | ગરબાડા | ૨૮૫ |

| | | |
|---|---|---|
| ૩ | ઝાલોદ | ૫૦૧ |
| ૪ | લીમખેડા | ૫૩૦ |
| ૫ | દે.બારીયા | ૩૭૬ |
| ૬ | ધાનપુર | ૨૫૬ |
| ૭ | ફતેપુરા | ૨૮૫ |
| ૮ | સંજેલી | ૧૬૦ |
| | કુલ | ૨૯૬૦ |

(૨) ઉક્ત સ્થિતિએ ગેસ કનેકશન ન હોય તેવી આંગણવાડીઓ કેટલી છે, અને

(૨) નીચે મુજબ.

| ક્રમ | તાલુકાનું નામ | ગેસ કનેકશન ન હોય તેવી આંગણવાડીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | દાહોદ | ૨૨ |
| ૨ | ગરબાડા | ૮ |
| ૩ | ઝાલોદ | ૧૩ |
| ૪ | લીમખેડા | ૮ |
| ૫ | દે.બારીયા | ૧૪ |
| ૬ | ધાનપુર | ૯ |
| ૭ | ફતેપુરા | ૧૨ |
| ૮ | સંજેલી | ૧૦ |
| | કુલ | ૯૬ |

(૩) ઉક્ત સ્થિતિએ બાકી રહેતી આંગણવાડીઓને કેટલા સમયમાં ગેસ કનેકશન આપવામાં આવશે ?

(૩) બનતી ત્વરાએ.

---------

વડોદરા જિલ્લામાં કન્યા છાત્રાલયો

* ૩૩૨૦૯ શ્રી કેતનભાઈ ઈનામદાર (સાવલી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં તાલુકાવાર અનુસૂચિત જાતિના ગ્રાન્ટ-ઈન-એઈડ છાત્રાલયોમાં કન્યા છાત્રાલયો કેટલા છે ?

જવાબ

તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં કુલ ૦૮ ગ્રાન્ટ-ઈન-એઈડ કન્યા છાત્રાલયો છે.

| ક્રમ | તાલુકાનું નામ | છાત્રાલયોની સંખ્યા |
|---|---|---|
| ૧ | વડોદરા | ૦૧ |
| ૨ | કરજણ | ૦૧ |
| ૩ | શિનોર | ૦૨ |
| ૪ | પાદરા | ૦૧ |
| ૫ | સાવલી | ૦૩ |
| | કુલ | ૦૮ |

---------

નવા આંગણવાડી કેન્દ્રો માટે કેન્દ્ર સરકારને દરખાસ્ત

* ૩૩૨૯૯ ડૉ. મિતેશભાઈ ગરાસીયા (ઝાલોદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) નવા આંગણવાડી કેન્દ્રોની મંજુરી આપવા માટે રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ તા.૩૧-૧૨-૨૦૧૬ ની

જવાબ

(૧) નવા આંગણવાડી કેન્દ્રોની મંજુરી આપવા માટે રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ તા.૩૧-૧૨-૨૦૧૬ ની

સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યારે શી દરખાસ્ત કરી, — સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઇ દરખાસ્ત કરેલ નથી.

| | |
|---|---|
| (૨) તે અન્વયે ક્યારે શા પ્રતિભાવ મળ્યા, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા નવા આંગણવાડી કેન્દ્રોની મંજુરી આપવામાં આવી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

સાબરકાંઠા જિલ્લામાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય

* ૩૩૨૪૩ શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા (હિંમતનગર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં ડૉ.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૦૯. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૦૯. |
| (૩) ઉક્ત મંજૂર કરેલ અરજીઓ અન્વયે કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૪,૫૦,૦૦૦/-. |

---------

સુરત જિલ્લામાં ઔદ્યોગિક ભરતી મેળા

* ૩૩૬૫૧ શ્રી રણજીતભાઈ ગીલીટવાળા (સુરત પૂર્વ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૮૩. |
| (૨) આ ભરતી મેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી આપી ? | (૨) ૩૨૨૮૦. |

---------

ઉના તાલુકામાં આંગણવાડીઓના મકાનોનું બાંધકામ

* ૩૪૦૬૬ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : તા.૨૭-૮-૨૦૧૫ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૧૯૬૭૧ (અગ્રતા-૧૮૭)ના અનુસંધાને માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકામાં શ્રી રૂદ્રાક્ષ કંસ્ટ્રક્શન-ઉનાને ૧૪૫ અને પ્રણવ બિલ્ડર્સ-જૂનાગઢને ૨૦ આંગણવાડીના બાંધકામની કામગીરી પૈકી ૨૧ આંગણવાડીઓનું બાંધકામ પ્રગતિમાં અને ૧૧૬ આંગણવાડીઓનું કામ શરૂ કરવામાં આવેલ ન હતું તે પૈકી તા.૩૧-૦૧-૨૦૧૭ ની સ્થિતિએ કેટલી આંગણવાડીઓનું કામ પૂર્ણ કરવામાં આવ્યું, | (૧) શ્રી રૂદ્રાક્ષ કંસ્ટ્રક્શન-ઉનાએ ૧૪૫ પૈકી ૪૭ આંગણવાડીઓનાં કામો પૂર્ણ કરેલ છે અને શ્રી પ્રણવ બિલ્ડર્સ-જૂનાગઢે ૨૦ પૈકી ૧ આંગણવાડીનું કામ પૂર્ણ કરેલ છે. |
| (૨) ઉક્ત પૈકી કેટલી આંગણવાડીઓનું કામ ઉક્ત સ્થિતિએ ચાલુ છે અને કેટલી આંગણવાડીઓનું કામ ચાલુ કરવાનું બાકી છે, અને | (૨) ઉક્ત ૧૧૭ બાકી આંગણવાડી પૈકી ૧ આંગણવાડીનું કામ પ્રગતિમાં છે અને ૧૧૬ આંગણવાડીનું કામ ચાલુ કરવાનું બાકી છે. |

| | |
|---|---|
| (૩) ઉક્ત તમામ આંગણવાડીઓનું બાંધકામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે અને ઉક્ત સ્થિતિએ સમયમર્યાદામાં કામ ન કરનાર એજન્સી સામે કેવા પ્રકારના પગલાં ક્યારે લીધા ? | (૩) વર્કઓર્ડર અનુસાર સમયમર્યાદા પૂર્ણ થયાને ૩૦ માસ જેટલો સમય થવા છતાં કામો માટે જગ્યા ઉપલબ્ધ ન થતાં અથવા વિલંબથી થતા આંગણવાડીનાં પેકેજનાં કામો જિલ્લા પંચાયત ગીર સોમનાથની સામાન્ય સભામાં રૂદ્રાક્ષ કંસ્ટ્રકશનના ૯૮ કામો રદ કરવાનો નિર્ણય લેવામાં આવેલ છે અને પ્રણવ બિલ્ડર્સ તરફથી ૧૮ કામો માટે જગ્યા ઉપલબ્ધ ન થતાં પૂર્ણ થઇ શકેલ નથી તેનું ૧ કામ પ્રગતિમાં છે. જે ૩ માસમાં પૂર્ણ કરવામાં આવશે. કામ સમયમર્યાદામાં પૂર્ણ ન થવા માટે એજન્સી જવાબદાર જણાતી ન હોઇ એજન્સી સામે પગલાં લેવામાં આવેલ નથી. |

---------

રાજ્યની ચેકપોસ્ટો પર સીસીટીવી કેમેરા

* ૩૪૦૪૭ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : તા.૩૧-૩-૨૦૧૬ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૨૬૭૦૯ (અગ્રતા-૧૫૬) ના અનુસંધાને માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાની વાહન વ્યવહાર વિભાગની અમીરગઢ, ગુંદરી, અંબાજી અને થરાદ ચેક પોસ્ટો પરના સી.સી.ટી.વી. કેમેરા ઘણા વર્ષો પહેલા લગાવેલા છે, માટે તાંત્રિક ક્ષતિઓના કારણે ક્યારેક ક્યારેક બંધ હાલતમાં રહે છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ ફરિયાદના નિવારણ માટે સીસ્ટમ ઇન્ટીગ્રેટેડ પ્રોજેક્ટ અંતર્ગત અદ્યતન ટેકનોલોજી વાળા સીસીટીવી કેમેરા પ્રસ્થાપિત કરવાની કામગીરી વર્ષ ૨૦૧૬ ના અંત સુધીમાં પૂર્ણ કરવાનો અંદાજ હતો તે હકીકત સાચી છે, અને | (૨) ના, જી. |
| (૩) જો હા, તો ઉપરોક્ત કામગીરી તારીખ ૨૮-૦૨-૨૦૧૭ ની સ્થિતિએ પૂર્ણ થયેલ છે કે કેમ ? | (૩) પ્રશ્ન રહેતો નથી. |

---------

બનાસકાંઠા જિલ્લામાં વિદેશ અભ્યાસ લોન સહાય

* ૩૩૩૧૯ શ્રી ગોવાભાઇ રબારી (ડીસા) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જિલ્લામાં અનુસૂચિત જાતિના કેટલા વિદ્યાર્થીઓએ વિદેશ અભ્યાસ માટે લોન મેળવવા અરજીઓ કરી,

(૧)

| વર્ષ | મળેલ અરજીઓ |
|---|---|
| તા.૧-૧-૨૦૧૫ થી તા.૩૧-૧૨-૨૦૧૫ | ૦૪ |
| તા.૧-૧-૨૦૧૬ થી તા.૩૧-૧૨-૨૦૧૬ | ૦૪ |

(૨) તે અન્વયે વિદેશ અભ્યાસ માટેની વર્ષવાર કેટલી અરજીઓ મંજુર કરી લોન સહાય ચૂકવાઇ, અને

(૨)

| વર્ષ | મંજુર કરેલ અરજીઓ | લોન સહાય |
|---|---|---|
| તા.૧-૧-૨૦૧૫ થી તા.૩૧-૧૨-૨૦૧૫ | ૦૪ | ૩.૬૦.૦૦ લાખ |
| તા.૧-૧-૨૦૧૬ થી તા.૩૧-૧૨- | ૦૩ | ૩.૪૫.૦૦ લાખ |

| ૨૦૧૬ | | |
|---|---|---|

(૩) ઉક્ત સ્થિતિએ જે અરજીઓ પડતર છે તેનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે?

(૩) ૦૧ અરજી પડતર છે. અરજદાર તરફથી પૂતર્તા મળ્યેથી નિકાલ કરવામાં આવશે.

---------

તાપી જિલ્લામાં માનવ ગરીમા યોજના

* ૩૩૨૦૬ શ્રી મોહનભાઇ ઢોડીયા (મહુવા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તાપી જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭માં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ માનવ ગરીમા યોજના અંતર્ગત વિકસતી જાતિના કેટલા લાભાર્થીઓને કીટ્સની વહેંચણી કરવામાં આવી? | ૧૦૦ લાભાર્થીઓને |

---------

છોટાઉદેપુર જિલ્લામાં સંકટ મોચન યોજના

* ૩૩૨૨૭ શ્રીમતી મનિષાબેન વકીલ (વડોદરા શહેર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં સંકટ મોચન યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે,

(૧) ૩૩૦

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજી |
|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૬ |
| ૨ | જેતપુર–પાવી | ૫૦ |
| ૩ | ક્વાંટ | ૪૮ |
| ૪ | બોડેલી | ૭૮ |
| ૫ | સંખેડા | ૧૧૦ |
| ૬ | નસવાડી | ૩૮ |
| | કુલ | ૩૩૦ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ તાલુકવાર મંજુર કરી, અને

(૨) ૧૪૭

| ક્રમ | તાલુકાનું નામ | મંજુર અરજી |
|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૪ |
| ૨ | જેતપુર–પાવી | ૧૪ |
| ૩ | ક્વાંટ | ૧૯ |
| ૪ | બોડેલી | ૨૮ |
| ૫ | સંખેડા | ૭૦ |
| ૬ | નસવાડી | ૧૨ |
| | કુલ | ૧૪૭ |

(૩) કેટલી અરજીઓ નામંજુર કરી અને તેના કારણો શું છે?

(૩) ૧૬૩
નામંજુરીના કારણો નીચે મુજબ છે.

| ક્રમ | નામંજુરીના કારણો નીચે મુજબ છે. | સંખ્યા |
|---|---|---|
| ૧ | બી.પી.એલ.યાદીમાં સામેલ ન હોવાથી | ૮૩ |
| ૨ | મૃત્યુ પામનાર વ્યકિતની ઉંમર ૧૮ થી ઓછી અને ૬૦ વધુ હોવાથી | ૨૨ |
| ૩ | કુટુંબ તરફથી બીજી વ્યકિતની અરજી થવાથી | ૦૦ |
| ૪ | અરજી સાથે જરૂરી પુરાવા રજુ કરેલ ન હોવાથી | ૨૩ |

| | | |
|---|---|---|
| ૫ | બે વર્ષની સમય મર્યાદામાં અરજી કરેલ ન હોવાથી | ૩૫ |
| | કુલ | ૧૬૩ |

---------

છોટાઉદેપુર જિલ્લામાં વિકલાંગોને શિષ્યવૃત્તિ

* ૩૩૨૨૧ શ્રી સતીષભાઇ પટેલ (કરજણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છોટાઉદેપુર જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિની યોજના અન્વયે તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૩૧૨ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૩૦૬ |
| (૩) કેટલી રકમ ચુકવવામાં આવી? | (૩) કુલ ૩૦૬ લાભાર્થીઓને રૂ.૪,૨૦,૧૦૦/– (અંકે રૂપિયા ચાર લાખ વીસ હજાર એકસો પુરા) ની રકમ ચુકવવામાં આવેલ છે. |

---------

ગાંધીનગર જિલ્લામાં છાત્રાલયો

* ૩૩૨૨૫ શ્રી હસમુખભાઇ પટેલ (અમરાઇવાડી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં વિકસતી જાતિના કેટલા સરકારી છાત્રાલયો કાર્યરત છે, અને | (૧) ૦૪ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા સરકારી છાત્રાલયોના મકાન બાંધકામ માટે જમીન મળેલ છે? | (૨) એક પણ નહીં. |

---------

છોટાઉદેપુર અને નર્મદા જિલ્લામાં વૃધ્ધોને પેન્શન

* ૩૩૮૭૪ શ્રી મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૧૫–૦૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર અને નર્મદા જિલ્લામાં વૃધ્ધ પેન્શન યોજના હેઠળ કેટલા લાભાર્થી તાલુકાવાર નોંધાયેલ છે, અને | (૧) ૧૨૯૧૩ |

| ક્રમ | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | નિરાધાર વૃધ્ધ પેન્શન યોજનાના નોંધાયેલ લાભાર્થીઓ | ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજનાના નોંધાયેલ લાભાર્થીઓ | કુલ નોંધાયેલ લાભાર્થીઓ |
|---|---|---|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | છોટાઉદેપુર | ૨૯ | ૯૨૧ | ૯૫૦ |
| ૨ | | જેતપુર–પાવી | ૮૬ | ૮૪૪ | ૯૩૦ |
| ૩ | | ક્વાંટ | ૧૧ | ૧૨૯૯ | ૧૩૧૦ |
| ૪ | | બોડેલી | ૫૪૭ | ૬૦૪ | ૧૧૫૧ |
| ૫ | | સંખેડા | ૩૭૦ | ૧૧૬ | ૪૮૬ |
| ૬ | | નસવાડી | ૩૪ | ૧૨૭૪ | ૧૩૦૮ |
| | | કુલ | ૧૦૭૭ | ૫૦૫૮ | ૬૧૩૫ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | નર્મદા | નાંદોદ | ૨૪૪ | ૨૬૩૪ | ૨૮૭૮ |
| ૨ | | ગરૂડેશ્વર | ૫૮ | ૧૧૩૦ | ૧૧૮૮ |
| ૩ | | તિલકવાડા | ૧૬૨ | ૧૦૪૬ | ૧૨૦૮ |
| ૪ | | દેડીયાપાડા | ૧૪ | ૯૧૧ | ૯૨૫ |
| ૫ | | સાગબારા | ૨૦૬ | ૩૭૩ | ૫૭૯ |
| | | કુલ | ૬૮૪ | ૬૦૯૪ | ૬૭૭૮ |
| | | સમગ્ર કુલ | ૧૭૬૧ | ૧૧૧૫૨ | ૧૨૯૧૩ |

(૨) ઉકત સ્થિતિએ નોંધાયેલ લાભાર્થીઓ પૈકી કેટલા પેન્શનરોને છેલ્લે ક્યા માસ સુધી પેન્શનના નાણાં ચૂકવાયા છે,

(૨) ૧૨૯૧૩

| ક્રમ | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | કુલ નોંધાયેલ લાભાર્થીઓ | નિરાધાર વૃધ્ધ પેન્શન યોજના હેઠળ નોંધાયેલ લાભાર્થીઓને નીચે મુજબ માસવાર ચૂકવણી કરેલ છે. | ઈન્દિરા ગાંધી રાષ્ટીય વૃધ્ધ પેન્શન યોજના હેઠળ નોંધાયેલ લાભાર્થીઓને નીચે મુજબ માસવાર ચૂકવણી કરેલ છે. |
|---|---|---|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | છોટાઉદેપુર | ૯૫૦ | ફેબ્રુ.-૧૭ | જાન્યુ.-૧૭ |
| ૨ | | જેતપુર-પાવી | ૯૩૦ | સપ્ટે.-૧૬ | જાન્યુ.-૧૭ |
| ૩ | | ક્વાંટ | ૧૩૧૦ | ડિસે.-૧૬ | જાન્યુ.-૧૭ |
| ૪ | | બોડેલી | ૧૧૫૧ | ડિસે.-૧૬ | જાન્યુ.-૧૭ |
| ૫ | | સંખેડા | ૪૮૬ | જાન્યુ.-૧૭ | જાન્યુ.-૧૭ |
| ૬ | | નસવાડી | ૧૩૦૮ | ઓક્ટો.-૧૬ | જાન્યુ.-૧૭ |
| કુલ | | | ૬૧૩૫ | - | - |
| ૧ | નર્મદા | નાંદોદ | ૨૮૭૮ | માર્ચ-૧૭ | જાન્યુ.-૧૭ |
| ૨ | | ગરૂડેશ્વર | ૧૧૮૮ | ડિસે.-૧૬ | જાન્યુ.-૧૭ |
| ૩ | | તિલકવાડા | ૧૨૦૮ | ડિસે.-૧૬ | જાન્યુ.-૧૭ |
| ૪ | | દેડીયાપાડા | ૯૨૫ | માર્ચ-૧૭ | જાન્યુ.-૧૭ |
| ૫ | | સાગબારા | ૫૭૯ | માર્ચ-૧૭ | જાન્યુ.-૧૭ |
| | | કુલ | ૬૭૭૮ | - | - |

(૩) ક્યા માસથી પેન્શનના નાણાં તાલુકાવાર ચૂકવાયા નથી, અને

(૩)

| ક્રમ | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | નિરાધાર વૃધ્ધ પેન્શન યોજના હેઠળ નોંધાયેલ લાભાર્થીઓને નીચે મુજબ માસવાર ચૂકવણી કરવાની બાકી છે. | ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના હેઠળ નોંધાયેલ લાભાર્થીઓને નીચે મુજબ માસવાર ચૂકવણી કરવાની બાકી છે. |
|---|---|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | છોટાઉદેપુર | માર્ચ.૧૭ | ફેબ્રુ.-૧૭ |
| ૨ | | જેતપુર-પાવી | ઓક્ટો.-૧૬ | ફેબ્રુ.-૧૭ |
| ૩ | | ક્વાંટ | જાન્યુ.-૧૭ | ફેબ્રુ.-૧૭ |
| ૪ | | બોડેલી | જાન્યુ.-૧૭ | ફેબ્રુ.-૧૭ |
| ૫ | | સંખેડા | ફેબ્રુ-.૧૭ | ફેબ્રુ.-૧૭ |
| ૬ | | નસવાડી | નવે.-૧૬ | ફેબ્રુ-.૧૭ |
| ૧ | નર્મદા | નાંદોદ | પ્રશ્ન નથી. | ફેબ્રુ-.૧૭ |
| ૨ | | ગરૂડેશ્વર | જાન્યુ.-૧૭ | ફેબ્રુ-.૧૭ |
| ૩ | | તિલકવાડા | જાન્યુ.-૧૭ | ફેબ્રુ-.૧૭ |
| ૪ | | દેડીયાપાડા | પ્રશ્ન નથી. | ફેબ્રુ-.૧૭ |
| ૫ | | સાગબારા | પ્રશ્ન નથી. | ફેબ્રુ-.૧૭ |

(૪) બાકી નાણાં ક્યારે ચૂકવાશે?

(૪) બનતી ત્વરાએ ચૂકવણી કરવામાં આવશે.

---------

મહિસાગર અને ખેડા જિલ્લામાં યાત્રાધામ વિકાસ

## અતારાંકિત પ્રશ્નોત્તરી

* ૩૩૨૯૬ શ્રી માનસિંહ ચૌહાણ (બાલાસિનોર) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ મહિસાગર અને ખેડા જિલ્લામાં ક્યા સ્થળોનો યાત્રાધામ વિકાસમાં સમાવેશ કરવામાં આવેલ છે, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં કોઇ સ્થળોનો યાત્રાધામના વિકાસમાં સમાવેશ કરવામાં આવેલ નથી જ્યારે ખેડા જિલ્લામાં નીચેના સ્થળોનો યાત્રાધામના વિકાસ માટે સમાવેશ કરવામાં આવેલ છે.<br>➢ ડાકોર યાત્રાધામ<br>➢ ઉત્કંઠેશ્વર મહાદેવ<br>➢ ગલતેશ્વર મહાદેવ |
| (૨) તે અન્વયે ઉક્ત યાત્રાધામોના વિકાસ માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યા વિકાસ કામો માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહિસાગર જિલ્લામાં યાત્રાધામોના વિકાસ માટે કોઇ ખર્ચ થયેલ નથી. જ્યારે ખેડા જિલ્લામાં યાત્રાધામોના વિકાસ માટે છેલ્લા બે વર્ષમાં કરેલ વિકાસ કામો અને તે માટે કરેલ ખર્ચની માહિતી નીચે મુજબ છે. |

| વર્ષ | વિકાસ કામોની વિગત | થયેલ ખર્ચ (રૂપિયા લાખમાં) |
|---|---|---|
| ૨૦૧૫ | ➢ ડાકોર : પ૬ દુકાનો સાથેનું શોપીંગ સેન્ટર, પાર્કીંગ અને શૌચાલય, ડોન બોસ્કો સ્કુલ થી પાર્કીંગ એરીયા સુધીનો રોડ, સ્ટોનનું પીંડ દાન સ્ટ્રકચર<br>➢ ઉત્કંઠેશ્વર મહાદેવ : મંદિર પરિસર, કલેડીંગના કામો, ગજેબો (નંગ -૨)<br>➢ ગલતેશ્વર : પાર્કીંગ એરીયા, ટોયલેટ બ્લોક, સીક્યુરીટી કેબીન, પીવાના પાણીની સુવિધા | ૧૪૬૫.૬૯ |
| ૨૦૧૬ | ➢ ડાકોર : ગોમતી ઘાટનો વિકાસ, ગઝેબો અને છત્રી, ગાર્ડન એરીયા, ગોમતીઘાટ ઉપરના શૌચાલય અને સ્નાનાગરનું રીનોવેશન<br>➢ ઉત્કંઠેશ્વર મહાદેવ : પીવાના પાણીની સુવિધા, ટોયલેટ બ્લોક, સીટીંગ બેંચીસ,પાર્કીંગથી મંદિર જવાનો રસ્તો, અને કમ્પાઉન્ડ વોલ<br>➢ ગલતેશ્વર : શોપીંગ કોમ્પલેક્ષ | ૧૫૮૯.૮૯ |

---------

### જામનગર જિલ્લામાં ઉચ્ચ શિક્ષણ લોન સહાય

* ૩૪૦૫૪ શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાંથી તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ સામાજિક અને શૈક્ષણિક રીતે | (૧), (૨) અને (૩) |

પછાત વર્ગના વિદ્યાર્થીઓની છેલ્લા એક વર્ષમાં ઉચ્ચ શિક્ષણ માટેની લોન મેળવવા કુલ કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ તા.૨૮-૦૨-૨૦૧૭ની સ્થિતિ સુધીમાં મંજુર કરવામાં આવી અને લોન ચુકવવામાં આવી,

(૩) તે પૈકી કેટલી અરજીઓ ઉક્ત સ્થિતિ સુધીમાં મંજૂર કરવામાં આવી, પરંતુ લોન ચુકવવામાં આવી નથી,

| વર્ષ | મળેલ અરજીઓ | મંજૂર અરજીઓ | ચુકવાયેલ લોન (રૂ.લાખમાં) | મંજુર અરજી પૈકી લોન ચુકવવાની બાકી હોય તેવી અરજી |
|---|---|---|---|---|
| ૨૦૧૬-૧૭ | ૦૪ | ૦૪ | ૦.૪૫ | ૦૩ |

(૪) ઉક્ત બાબતે લોનની રકમ ન ચુકવવાના શા કારણો છે, અને

(૪) દસ્તાવેજીકરણની કાર્યવાહી હાલ ચાલુ હોવાથી

(૫) તે ક્યાં સુધીમાં ચુકવવામાં આવનાર છે?

(૫) દસ્તાવેજીકરણની કાર્યવાહી પૂર્ણ થયેથી

---------

નવસારી જિલ્લામાં વિધવાઓને સહાય

* ૩૩૨૪૬ શ્રી મંગુભાઇ પટેલ (ગણદેવી) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવસારી જિલ્લામાં વિધવા સહાય યોજના અંતર્ગત કેટલી અરજીઓ મળી છે, | (૧) ૮૭૬ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી અરજીઓ નામંજૂર થઇ, અને | (૨) ૮૨૫ મંજૂર અને ૪૨ અરજીઓ નામંજૂર થઇ. |
| (૩) ઉક્ત સ્થિતિએ પડતર અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે? | (૩) પડતર ૯(નવ) અરજીઓનો હાલની સ્થિતિએ નિકાલ થઇ ગયેલ છે. |

---------

સુરેન્દ્રનગર એ.આર.ટી.ઓ. દ્વારા ડિટેઇન વાહનો

* ૩૩૨૫૪ શ્રીમતી વર્ષાબેન દોશી (વઢવાણ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૬માં સુરેન્દ્રનગર એ.આર.ટી.ઓ. દ્વારા કેટલા વાહનો ડીટેઇન કરવામાં આવ્યા, અને | (૧) વર્ષ ૨૦૧૬માં સુરેન્દ્રનગર એ.આર.ટી.ઓ. દ્વારા ૨૨૯ વાહનો ડીટેઇન કરવામાં આવ્યા. |
| (૨) તે અન્વયે દંડની કેટલી રકમ વસુલવામાં આવી? | (૨) તે અન્વયે દંડની રૂ.૧૭,૬૩,૦૦૦/- રકમ વસુલવામાં આવી. |

---------

લઘુમતિ સમાજના વિકામ માટે પંદર મુદ્દાનો કાર્યક્રમ

* ૩૩૬૮૫ ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : તા. ૨૮-૮-૨૦૧૫ ના રોજ સભાગૃહમાં રજુ થયેલ દશમી અ.તા. યાદીમાં રજુ થયેલ અ.તા.૪૯૯૩ ના અનુસંધાને માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં લઘુમતિ સમાજના વિકામ માટે વડાપ્રધાનશ્રીના પંદર મુદ્દાના નવા કાર્યક્રમનો રાજ્ય સરકારે અમલ ઓગષ્ટ-૨૦૧૫ની સ્થિતિએ કરેલ નથી તે હકીકત સાચી છે, | (૧) ના, જી |
| (૨) જો હા, તો તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ અમલ થયેલ છે કે કેમ, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો ના તો અમલ ન થવાના કારણો શા છે અને ક્યાં સુધીમાં અમલ કરવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

ચૈત્ર ૧૦, ૧૯૩૯ શાકે

અતારાંકિત પ્રશ્નોત્તરી

---------

સોમનાથમાં યાત્રાળુઓની સુવિધામાં વધારો

* ૩૩૨૬૦ શ્રીમતી વસુબેન ત્રિવેદી (જામનગર દક્ષિણ) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) સોમનાથમાં યાત્રાળુઓની સુવિધામાં તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું શું વધારો કરવામાં આવ્યો, અને

(૨) આ માટે તા.૩૧/૦૧/૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે?

જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સોમનાથમાં યાત્રાળુઓની સુવિધામાં વધારો કરવા માટે નીચે મુજબ કામગીરી કરવામાં આવેલ છે.

- ઓર્ગોનિક વેસ્ટ કન્વર્ટર મશીન મુકાવવાની કામગીરી થયેલ છે.
- મંદિર પરિસરમાં લાઇટ અને સાઉન્ડ શો વિકસાવવાની કામગીરી ચાલુ છે.
- સોમનાથ ગુફા અને મ્યુઝિયમના કન્સ્ટ્રકશન અને વિકાસ માટેની કામગીરી ચાલુ છે.
- ભાલકા તીર્થના વિકાસ માટેની કામગીરી ચાલુ છે.

(૨) આ માટે તા.૩૧/૦૧/૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ છે.

| ક્રમ | કરેલ કામગીરી | કરેલ ખર્ચ (રૂપિયા લાખમાં) |
|---|---|---|
| ૧ | ઓર્ગોનિક વેસ્ટ કન્વર્ટર મશીન મુકાવવાની કામગીરી | ૧૩.૩૨ |
| ૨ | લાઇટ અને સાઉન્ડ શો વિકસાવવાની કામગીરી | ૧૮૦.૧૭ |
| ૩ | સોમનાથ ગુફા અને મ્યુઝિયમના કન્સ્ટ્રકશન અને વિકાસ માટેની કામગીરી | ૭૩૧.૦૦ |
| ૪ | ભાલકા તીર્થના વિકાસ માટેની કામગીરી | ૭૨૧.૦૦ |

---------

બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં શ્રમ કાયદાઓનો ભંગ

* ૩૩૯૯૫ શ્રી જોઇતાભાઇ પટેલ (ધાનેરા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા તથા સાબરકાંઠા જિલ્લામાં લઘુત્તમ વેતન ધારા અને બાળ મજુર ધારા ભંગના કેટલા કિસ્સા નોંધાયા, અને

જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં લઘુત્તમ વેતન ધારા અને બાળ મજુર ધારા ભંગના નીચે મુજબ કિસ્સા નોધાયા છે.

| જિલ્લાનું નામ | કાયદાનું નામ | વર્ષવાર નોધાયેલ ભંગના કિસ્સાની સંખ્યા | |
|---|---|---|---|
| | | વર્ષ–૨૦૧૫ | વર્ષ–૨૦૧૬ |
| બનાસકાંઠા | લઘુતમ વેતન ધારા | ૧૩૫ | ૫૯ |
| | બાળ મજુર ધારા | ૦૦ | ૦૧ |

| | | | |
|---|---|---|---|
| સાબરકાંઠા | લઘુતમ વેતન ધારા | ૪૨ | ૪૧ |
| | બાળ મજુર ધારા | ૦૦ | ૦૦ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉપરોક્ત ધારાઓના ભંગ બદલ કસુરવારો સામે ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર શું કાર્યવાહી કરવામાં આવી?

(૨) ઉક્ત સ્થિતિએ ઉપરોક્ત ધારાના ભંગ બદલ કસુરવારો સામે ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવી.

જિલ્લાનું નામઃ બનાસકાંઠા

| વિગત | વર્ષ | કસુરવારો સામે કરેલ કોર્ટ કેસની સંખ્યા |
|---|---|---|
| લઘુતમ વેતન ધારાના ભંગ બદલ કસુરવારો સામે વર્ષવાર કરેલ કાર્યવાહી | ૨૦૧૫ | ૦૮ |
| | ૨૦૧૬ | ૦૫ |
| બાળ મજુર ધારાના ભંગ બદલ કસુરવારો સામે વર્ષવાર કરેલ કાર્યવાહી | ૨૦૧૫ | ૦૦ |
| | ૨૦૧૬ | ૦૧ |

જિલ્લાનું નામઃ સાબરકાંઠા

| વિગત | વર્ષ | ઈસમો સામે કરેલ કોર્ટ કેસની સંખ્યા |
|---|---|---|
| લઘુતમ વેતન ધારાના ભંગ બદલ કસુરવારો સામે વર્ષવાર કરેલ કાર્યવાહી | ૨૦૧૫ | ૦૭ |
| | ૨૦૧૬ | ૦૦ |
| બાળ મજુર ધારાના ભંગ બદલ કસુરવારો સામે | ૨૦૧૫ | ૦૦ |
| | ૨૦૧૬ | ૦૦ |

---------

જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નિગમને ચુકવવાની બાકી રકમ

* ૩૪૦૩૬ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર-ઉત્તર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં રાજ્ય સરકાર દ્વારા આયોજીત કેટલા કાર્યક્રમોમાં કેટલી એસ.ટી.બસો માંગણીઓ કરી મેળવવામાં આવી,

(૧)

| વર્ષ | કાર્યક્રમની સંખ્યા | | માંગણી થયેલ બસની સંખ્યા | |
|---|---|---|---|---|
| | જામનગર | દેવભૂમિ દ્વારકા | જામનગર | દેવભૂમિ દ્વારકા |
| ૨૦૧૫ | ૧૦ | ૩ | ૨૧૪ | ૭૭ |
| ૨૦૧૬ | ૧૨ | ૨ | ૪૭૮ | ૧૨૩ |

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે જિલ્લાવાર, વર્ષવાર કેટલી રકમ ભાડા પેટે નિગમને ચુકવવામાં આવી, અને

(૨)

| વર્ષ | જામનગર જિલ્લામાં નિગમમાં જમા થયેલ રકમ રૂ. | દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નિગમમાં જમા થયેલ રકમ રૂ. |
|---|---|---|
| ૨૦૧૫ | ૧૨,૭૪,૨૪૯ | ૯,૪૦,૮૪૮ |
| ૨૦૧૬ | ૧૯,૬૨,૮૪૬ | ૦૦ |
| કુલ | ૩૨,૩૭,૦૯૫ | ૯,૪૦,૮૪૮ |

(૩) ઉક્ત સ્થિતિએ તે અન્વયે નિગમને કેટલું ભાડું ચુકવવાનું બાકી છે?

(૩)

| વર્ષ | જામનગર જિલ્લામાં થયેલ કાર્યક્રમના બાકી લ્હેણાં રકમ રૂ. | દેવભૂમિ દ્વારકા જિલ્લામાં થયેલ કાર્યક્રમના બાકી લ્હેણાં રકમ રૂ. |
|---|---|---|
| ૨૦૧૫ | ૧૧,૮૮,૬૫૪ | ૦૦ |
| ૨૦૧૬ | ૪૨,૦૯,૨૭૭ | ૧૬,૩૭,૭૯૮ |
| કુલ | ૫૩,૯૭,૯૩૧ | ૧૬,૩૭,૭૯૮ |

---------

પંચમહાલ જિલ્લામાં દૂધ સંજીવની યોજના

* ૩૩૩૮૮ શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં દૂધ સંજીવની યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા, જી |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ જિલ્લામાં આ યોજના ક્યા તાલુકાઓમાં અમલમાં છે, અને | (૨) તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં દૂધ સંજીવની યોજના નીચે જણાવેલ તાલુકાઓ અમલમાં છે.<br>(૧) જાંબુઘોડા<br>(૨) ઘોઘંબા<br>(૩) શહેરા<br>(૪) મોરવા (હ) |
| (૩) ઉક્ત જિલ્લામાં બાકીના તાલુકાઓમાં દૂધ સંજીવની યોજના ચાલુ કરવા અંગે સરકારનું શું આયોજન છે? | (૩) પંચમહાલ જિલ્લાના બાકી તાલુકાઓ ગોધરા, કાલોલ, હાલોલ, ટ્રાયબલ કે વિકાસશીલ તાલુકામાં નથી. જેથી હાલના તબક્કે કોઇ આયોજન કરેલ નથી. |

---------

વલસાડ જિલ્લામાં સંકટ મોચન યોજના

* ૩૩૨૨૩ શ્રી રમણલાલ પાટકર (ઉમરગામ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વલસાડ જિલ્લામાં સંકટ મોચન યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે,

(૧) ૨૨૪

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજી |
|---|---|---|
| ૧ | વલસાડ | ૬૯ |
| ૨ | પારડી | ૭૪ |
| ૩ | વાપી | ૦૨ |
| ૪ | ધરમપુર | ૨૦ |
| ૫ | કપરાડા | ૩૫ |
| ૬ | ઉમરગામ | ૨૪ |
| | કુલ | ૨૨૪ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ તાલુકાવાર મંજુર કરી, અને

(૨) ૧૨૨

| ક્રમ | તાલુકાનું નામ | મંજુર અરજી |
|---|---|---|
| ૧ | વલસાડ | ૪૮ |
| ૨ | પારડી | ૨૭ |
| ૩ | વાપી | ૦૨ |
| ૪ | ધરમપુર | ૧૦ |
| ૫ | કપરાડા | ૨૪ |
| ૬ | ઉમરગામ | ૧૧ |
| | કુલ | ૧૨૨ |

(૩) કેટલી અરજીઓ નામંજુર કરી અને તેના મુખ્યત્વે કારણો શું છે?

(૩) ૩૭ અરજી નામંજુર કરી.
નામંજુરીના કારણો નીચે મુજબ છે.

| ક્રમ | નામંજુરીના કારણો નીચે મુજબ છે. | સંખ્યા |
|---|---|---|
| ૧ | બી.પી.એલ.યાદીમાં સામેલ ન હોવાથી | ૨૫ |
| ૨ | મૃત્યુ પામનાર વ્યક્તિની ઉંમર ૧૮ થી ઓછી અને ૬૦ વધુ હોવાથી | ૦૨ |
| ૩ | કુંટુંબ તરફથી બીજી વ્યક્તિની અરજી થવાથી | ૦૧ |
| ૪ | અરજી સાથે જરૂરી પુરાવા રજુ કરેલ ન હોવાથી | ૦૨ |
| ૫ | બે વર્ષની સમય મર્યાદામાં અરજી કરેલ ન હોવાથી | ૦૭ |
| | કુલ | ૩૭ |

---------

બનાસકાંઠા જિલ્લામાં પાયલોટ તાલીમ લોન યોજના

* ૩૩૨૩૯ શ્રી પરબતભાઇ પટેલ (થરાદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) બનાસકાંઠા જિલ્લામાં કોમર્શીયલ પાયલોટ તાલીમ લોન યોજના હેઠળ નાંણાકીય વર્ષ ૨૦૧૬-૧૭માં તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ અનુસૂચિત જાતિની વિદ્યાર્થીનીઓની કેટલી અરજી મળી,

(૧) ૦૦ (શૂન્ય)

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) ૦૦ (શૂન્ય)

(૩) કેટલી રકમ ચૂકવવામાં આવી?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

સુરત જિલ્લામાં વિદ્યાર્થીનીઓને સાયકલ

* ૩૩૧૯૯ શ્રી મુકેશભાઇ પટેલ (ઓલપાડ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) સુરત જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ નાંણાકીય વર્ષ ૨૦૧૬-૧૭માં તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ અનુસૂચિત જાતિની વિદ્યાર્થીનીઓની કેટલી અરજીઓ મળી,

(૧) ૨૮૦

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૨) ૨૫૭

અને

| | |
|---|---|
| (૩) કેટલી સાયકલ આપવામાં આવી? | (૩) ૨૫૭ |

---------

જૂનાગઢ જિલ્લામાં વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અને ગણવેશ સહાય

* ૩૪૦૫૮ શ્રી જવાહરભાઇ ચાવડા (માણાવદર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના માણાવદર, વંથલી, મેદરડા અને જૂનાગઢ તાલુકામાં વિકસતી જાતિના સને ૨૦૧૬–૧૭ના વર્ષમાં અભ્યાસ કરતા કેટલા વિદ્યાર્થીઓને ખાનગી નોનગ્રાન્ટેડ પ્રાથમીક શાળાઓમાં શિષ્યવૃત્તિ અને ગણવેશ સહાય ચુકવવામાં આવેલ છે, | (૧) શિષ્યવૃત્તિ અને ગણવેશ સહાય ફક્ત સરકારી અને ગ્રાંટ ઇન એઇડ પ્રાથમિક શાળાઓમાં ચુકવવામાં આવે છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત શાળાઓમાં ઉક્ત સહાય ચુકવવાની બાકી છે કે કેમ, જો હા, તો તેના શા કારણો છે, અને | (૨)અને(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત બાકી રહેલ વિદ્યાર્થીઓને ક્યાં સુધીમાં બાકી રકમ ચુકવવામાં આવનાર છે? | |

---------

તાપી જિલ્લામાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય

* ૩૩૨૦૮ શ્રી કાંતીલાલભાઇ ગામીત (નિઝર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાપી જિલ્લામાં ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૦૩ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૦૩ |
| (૩) ઉક્ત મંજુર કરેલ અરજીઓ પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૧,૫૦,૦૦૦/– |

---------

અરવલ્લી જિલ્લામાં પછાત વર્ગના છાત્રાલયો

* ૩૩૨૧૮ શ્રી કિશોરસિંહ ચૌહાણ (વેજલપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના કુલ કેટલા સરકારી છાત્રાયો ચલાવવામાં આવે છે, અને | (૧) ૦૧. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ છાત્રાલયો પૈકી કેટલા છાત્રાલય સરકારી મકાનમાં કાર્યરત છે ? | (૨) ૦૧. |

---------

## તા.૩૧મી માર્ચ, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નોત્તરી

### ભરૂચ જિલ્લામાં વિધવાઓને સહાય

* ૩૩૨૪૭ શ્રી છત્રસિંહજી મોરી (જંબુસર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં વિધવા સહાય યોજના અંતર્ગત કેટલી અરજીઓ મળી છે, | (૧) ૮૪૦. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી અરજીઓ નામંજૂર થઇ, અને | (૨) ૬૮૯ મંજૂર અને ૧૪૧ અરજીઓ નામંજૂર થઇ. |
| (૩) ઉક્ત સ્થિતિએ પડતર અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ? | (૩) બનતી ત્વરાએ. |

---------

### મહેસાણા જિલ્લામાં માનવગરીમા યોજના

* ૩૩૨૧૫ શ્રી રજનીકાંન્ત પટેલ (બેચરાજી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| મહેસાણા જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ માં તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ માનવ ગરીમા યોજના અંતર્ગત વિકસતી જાતિના કેટલા લાભાર્થીઓને કીટ્સની વહેંચણી કરવામાં આવી ? | ૬૦૦ લાભાર્થીઓને. |

---------

### પાટણ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના

* ૩૩૨૪૦ શ્રી નાગરજી ઠાકોર (રાધનપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) પાટણ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૧૬–૧૭માં તા.૩૧–૧૨–૧૬ ની સ્થિતિએ અનુસૂચિત જાતિની વિદ્યાર્થીનીઓની કેટલી અરજીઓ મળી, | (૧) ૮૬૦. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને | (૨) ૮૬૦. |
| (૩) તે અન્વયે કેટલી સાયકલ આપવામાં આવી ? | (૩) ૮૬૦. |

---------

### વિભાગ દ્વારા વિવિધ નિગમોને ગ્રાન્ટ અને ખર્ચ

* ૩૩૭૨૧ શ્રી શૈલેષ પરમાર (દાણીલીમડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ગુજરાત રાજ્ય અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ, ગુજરાત બેચર સ્વામી અતિ પછાત જાતિ વિકાસ નિગમને છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી ? | (૧) |

| નિગમ | કુલ ગ્રાન્ટ | કુલ ગ્રાન્ટ |
|---|---|---|
| | તા.૧-૧-૨૦૧૫ થી તા.૩૧-૧૨-૨૦૧૫ | તા.૧-૧-૨૦૧૬ થી તા.૩૧-૧૨-૨૦૧૬ |
| ૧. ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ | રૂ.૪૩૯.૦૫ લાખ | રૂ.૧૪૭૨.૧૯ લાખ |
| ૨. ગુજરાત રાજ્ય અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ | રૂ.૧૪૦૯.૩૦ લાખ | રૂ.૬૬૫.૦૦ લાખ |
| ૩. ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ | રૂ.૧૨૮૪.૩૦ લાખ | રૂ.૧૧૫૦.૦૦ લાખ |
| ૪. ગુજરાત બેચર સ્વામી અતિ પછાત જાતિ વિકાસ નિગમ (ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અનુ.જાતિ)) | રૂ.૨૪૧.૬૦ લાખ | રૂ.૬૦૪.૨૫ લાખ |

---------

સોમનાથમાં યાત્રાળુઓની સુવિધામાં વધારો

* ૩૩૨૫૮ શ્રી જનકભાઈ કાછડીયા (કરંજ) **:** માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) સોમનાથમાં યાત્રાળુઓની સુવિધામાં તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું શું વધારો કરવામાં આવ્યો, અને

(૨) આ માટે તા.૩૧-૧-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સોમનાથમાં યાત્રાળુઓની સુવિધામાં વધારો કરવા માટે નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

- ઓર્ગેનિક વેસ્ટ કન્વર્ટર મશીન મુકાવવાની કામગીરી થયેલ છે.
- મંદિર પરિસરમાં લાઇટ અને સાઉન્ડ શો વિકસાવવાની કામગીરી ચાલુ છે.
- સોમનાથ ગુફા અને મ્યુઝિયમના કન્સ્ટ્રકશન અને વિકાસ માટેની કામગીરી ચાલુ છે.
- ભાલકા તીર્થના વિકાસ માટેની કામગીરી ચાલુ છે.

(૨) આ માટે તા.૩૧-૧-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ છે.

| ક્રમ | કરેલ કામગીરી | કરેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | ઓર્ગેનિક વેસ્ટ કન્વર્ટર મશીન મુકાવવાની કામગીરી | ૧૩.૩૨ |
| ૨ | લાઇટ અને સાઉન્ડ શો વિકસાવવાની કામગીરી | ૧૮૦.૧૭ |
| ૩ | સોમનાથ ગુફા અને મ્યુઝિયમના કન્સ્ટ્રકશન અને વિકાસ માટેની કામગીરી | ૭૩૧.૦૦ |
| ૪ | ભાલકા તીર્થના વિકાસ માટેની કામગીરી | ૭૨૧.૦૦ |

---------

અમરેલી જિલ્લામાં સાતફેરા સમૂહ લગ્ન યોજના

* ૩૩૨૧૨ શ્રી શિવાભાઈ ગોહિલ (તળાજા) **:** માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) સાતફેરા સમૂહ લગ્ન યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના કેટલા યુગલો માટે કેટલી સંસ્થાની અરજીઓ મળી,

જવાબ

(૧) મળેલ અરજીઓ
સંસ્થા – ૧૧
યુગલ – ૨૨૭

(૨) તે પૈકી કેટલી સંસ્થાઓની કેટલા યુગલોની અરજીઓ મંજુર કરી, અને

(૨) મંજૂર અરજી
સંસ્થા – ૧૧
યુગલ – ૨૨૭

(૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ?

(૩) ચૂકવેલ સહાય
સંસ્થા – રૂ.૩.૭૬ લાખ
યુગલ – રૂ.૨૨.૭૦ લાખ
કુલ – રૂ.૨૬.૪૬ લાખ.

----------

બનાસકાંઠા જિલ્લામાં બેરોજગારોને સરકારી નોકરી

* ૩૩૩૦૨ શ્રી કાંતિભાઈ ખરાડી (દાંતા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુ઼કવાર રોજગાર વિનિમય કચેરીમાં કેટલા બેરોજગારો નોંધાયેલ છે, અને

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | નોંધાયેલ બેરોજગારો |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૭૪૩૮ |
| ૨ | અમીરગઢ | ૭૦૩ |
| ૩ | વડગામ | ૩૪૦૪ |
| ૪ | ડીસા | ૧૯૪૨ |
| ૫ | કાંકરેજ | ૧૩૨૯ |
| ૬ | દિયોદર | ૯૭૫ |
| ૭ | ભાભર | ૪૨૬ |
| ૮ | વાવ | ૮૧૩ |
| ૯ | થરાદ | ૧૧૫૦ |
| ૧૦ | ધાનેરા | ૭૮૪ |
| ૧૧ | દાંતીવાડા | ૫૧૯ |
| ૧૨ | દાંતા | ૧૪૯૮ |
| ૧૩ | સુઇગામ | ૩૩૪ |
| ૧૪ | લાખણી | ૬૫૬ |
| | કુલ | ૨૧૯૭૧ |

(૨) તે પૈકી તાલુકાવાર ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા નોંધાયેલ બેરોજગારોને સરકારી નોકરી આપવામાં આવી ?

(૨)

| અપાયેલ સરકારી નોકરી | | | |
|---|---|---|---|
| ક્રમ | તાલુકાનું નામ | વર્ષઃ ૨૦૧૫ | વર્ષઃ ૨૦૧૬ |
| ૧ | પાલનપુર | ૧૪૫ | ૩૦૫ |
| ૨ | અમીરગઢ | ૨ | ૧૧ |
| ૩ | વડગામ | ૭૩ | ૧૩૨ |
| ૪ | ડીસા | ૫૯ | ૧૨૫ |
| ૫ | કાંકરેજ | ૫૦ | ૯૦ |
| ૬ | દિયોદર | ૧૪ | ૧૬ |
| ૭ | ભાભર | ૩ | ૨૫ |
| ૮ | વાવ | ૫ | ૧૭ |
| ૯ | થરાદ | ૨ | ૩૬ |
| ૧૦ | ધાનેરા | ૪ | ૧૭ |
| ૧૧ | દાંતીવાડા | ૨૫ | ૨૧ |
| ૧૨ | દાંતા | ૫ | ૨૬ |
| ૧૩ | સુઇગામ | ૨ | ૧૩ |
| ૧૪ | લાખણી | ૨ | ૧૪ |
| | કુલ | ૩૯૧ | ૮૪૮ |

## ચૈત્ર ૧૦, ૧૯૩૯ શાકે
## અતારાંકિત પ્રશ્નોત્તરી

---------

### રાજકોટ ખાતે એમ્પ્લોયમેન્ટ સંબંધિત સેમિનાર

* ૩૩૨૩૪ શ્રી ગોવિંદભાઈ પટેલ (રાજકોટ દક્ષિણ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ ''ઓવરસીઝ એમ્પ્લોયમેન્ટ એન્ડ કેરીયર ઇન્ફોરમેશન સેન્ટર'' રાજકોટ ખાતે વર્ષ ૨૦૧૬–૧૭ દરમ્યાન કેટલા સેમિનાર કરવામાં આવ્યા, અને | (૧) ૧૦. |
| (૨) ઉક્ત સેમિનારમાં કેટલા ઉમેદવારો હાજર રહ્યા હતા? | (૨) ૧૦૮૩. |

---------

### રાજકોટ જિલ્લામાં સ્વરોજગાર શિબિરો

* ૩૩૨૩૫ શ્રી પ્રવિણભાઈ માકડીયા (ધોરાજી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ રાજકોટ જિલ્લા રોજગાર કચેરી દ્વારા છેલ્લા એક વર્ષમાં કેટલી સ્વરોજગાર શિબિરોનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૩૩. |
| (૨) આ શિબિરોમાં કેટલા ઉમેદવારો હાજર હતા ? | (૨) ૨૭૦૪. |

---------

### વલસાડ જિલ્લામાં સંત સુરદાસ યોજના

* ૩૩૨૦૩ શ્રી કનુભાઇ દેસાઇ (પારડી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં સંત સુરદાસ યોજના અન્વયે તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૪૭. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૪૫ |
| (૩) કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૩) કુલ ૪૫ લાભાર્થીઓને રૂ.૧,૨૫,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ પચીસ હજાર પુરા) ની રકમ ચુકવવામાં આવેલ છે. |

---------

### સાબરકાંઠા જિલ્લામાં વિધવાઓને સહાય

* ૩૩૫૦૩ શ્રી રાકેશભાઈ શાહ (એલિસબ્રિજ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં વિધવા સહાય યોજના અંતર્ગત કેટલી અરજીઓ મળી છે, | (૧) ૭૫૦. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી અરજીઓ નામંજૂર થઈ, અને | (૨) ૫૧૫ મંજૂર અને ૧૫૩ અરજીઓ નામંજૂર થઈ. |
| (૩) ઉક્ત સ્થિતિએ પડતર અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ? | (૩) પડતર ૮૨(બ્યાસી) અરજીઓનો હાલની સ્થિતિએ નિકાલ થઇ ગયેલ હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી . |

---------

### વલસાડ જિલ્લામાં પોતાના મકાનમાં આંગણવાડીઓ

* ૩૩૩૦૪ શ્રી ઇશ્વરભાઈ પટેલ (ધરમપુર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧-૧૭ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલી આંગણવાડી કેન્દ્ર કાર્યરત છે,

(૧) નીચે મુજબ

| અ.નં. | તાલુકાનું નામ | આંગણવાડી કેન્દ્ર કાર્યરત |
|---|---|---|
| ૧ | વલસાડ | ૪૧૩ |
| ૨ | પારડી | ૪૫૬ |
| ૩ | ઉમરગામ | ૩૪૬ |
| ૪ | ધરમપુર | ૩૨૦ |
| ૫ | કપરાડા | ૩૬૪ |
| | કુલ | ૧૮૯૯ |

(૨) તે અન્વયે જિલ્લામાં કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો છે, અને

(૨) ૧૫૬૯.

(૩) જે આંગણવાડીઓને પોતાના મકાનો નથી તેમને મકાન આપવા સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરી?

(૩) બાકીના અન્ય જગ્યાએ ચાલતા ૩૩૦ આંગણવાડી કેન્દ્રો પૈકી ૭૪ બાંધકામ હેઠળ, ૯૫ બાંધકામોને વહીવટી મંજુરી આપેલ છે, ૧૫ મનરેગા યોજના હેઠળ બાંધકામની કાર્યવાહી ચાલુમાં છે તેમજ ૧૪૬ અંગે જમીન મેળવવાની કાર્યવાહી ચાલુમાં છે.

---------

## અમદાવાદ જિલ્લામાં સરકારી મકાનમાં કાર્યરત આંગણવાડીઓ

* ૩૩૩૨૪ શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લામાં શહેર, જિલ્લાવાર કેટલી આંગણવાડીઓ કાર્યરત છે,

(૧) તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં ૨૦૩૯ અને જિલ્લામાં ૧૫૨૬ આંગણવાડીઓ કાર્યરત છે.

(૨) આ પૈકી કેટલી આંગણવાડીઓ સરકારી મકાનમાં કાર્યરત છે અને કેટલી ભાડાના મકાન કાર્યરત છે , અને

(૨) આ પૈકી અમદાવાદ શહેરમાં ૫૨૮ અને જિલ્લામાં ૧૨૨૭ આંગણવાડીઓ સરકારી મકાનમાં કાર્યરત છે તથા અમદાવાદ શહેરમાં ૧૫૧૧ અને જિલ્લામાં ૨૯૯ ભાડાના મકાનમાં કાર્યરત છે.

(૩) ઉક્ત સ્થિતિએ ભાડાના મકાનમાં કાર્યરત આંગણવાડીઓ માટે સરકારી મકાનમાં કેટલા સમયમાં ઉપલબ્ધ કરાવવાનું આયોજન છે?

(૩) બનતી ત્વરાએ.

---------

## પાટણ જિલ્લામાં આદર્શ નિવાસી શાળાઓ

* ૩૩૨૧૭ શ્રી જગદીશભાઇ પંચાલ (નિકોલ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિએ પાટણ જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની કેટલી આદર્શ નિવાસી શાળાઓ આવેલી છે?

૦૧.

---------

## સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ઉપાધ્યાય આવાસ યોજના

* ૩૪૦૫૧ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

## અતારાંકિત પ્રશ્નોત્તરી

| | |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં પંડિત દીનદયાળ આવાસ યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૫૫૮૩. |
| (૨) ઉક્ત મળેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓ મંજુર અને કેટલી અરજીઓ નામંજુર કરવામાં આવી, | (૨) મંજુર અરજી ૫૫૭૧.<br>નામંજુર અરજી ૧૨. |
| (૩) ઉક્ત મંજુર થયેલ અરજીઓ પૈકી કેટલા અરજદારોને કેટલા હપ્તાઓ ચૂકવવામાં આવ્યા, અને | (૩) પ્રથમ હપ્તો ૫૫૭૧ અરજદારોને<br>તે પૈકી બીજો હપ્તો ૩૧૯૫ અરજદારોને<br>તે પૈકી ત્રીજો હપ્તો ૧૦૯૭ અરજદારોને |
| (૪) કેટલા અરજદારોને હપ્તાઓ ચૂકવવાના બાકી છે તથા તે ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે? | (૪) ૪૪૭૪ અરજદારોને હપ્તાઓ ચૂકવવાના બાકી છે – બાકી રહેલ હપ્તા અરજદારો દ્વારા મકાન બાંધકામના તબક્કાઓ પૂર્ણ કરવામાં આવે તે મુજબ ચૂકવવામાં આવશે. |

---------

### અરવલ્લી જિલ્લામાં વૃદ્ધોને પેન્શન

* ૩૪૦૬૯ ડૉ. અનિલ જોષીયારા (ભિલોડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|

(૧) તા.૩૧-૧-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, તાલુકાવાર અરવલ્લી જિલ્લામાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના હેઠળ કેટલી અરજીઓ મળી,

(૧) ૨૪૬૯

| ક્રમ | જિલ્લાનું નામ | તા.૧-૨-૧૫ થી ૩૧-૧-૨૦૧૫ સુધીમાં મળેલ અરજી | તા.૧-૨-૧૬ થી ૩૧-૧-૨૦૧૬ સુધીમાં મળેલ અરજી | કુલ મળેલ અરજી |
|---|---|---|---|---|
| ૧ | ભિલોડા | ૧૬૪ | ૩૩૮ | ૫૦૨ |
| ૨ | માલપુર | ૧૧૨ | ૯૩ | ૨૦૫ |
| ૩ | બાયડ | ૩૮૨ | ૩૫૧ | ૭૩૩ |
| ૪ | મેઘરજ | ૧૫૪ | ૧૬૫ | ૩૧૯ |
| ૫ | ધનસુરા | ૩૮ | ૪૪ | ૮૨ |
| ૬ | મોડાસા | ૨૨૫ | ૪૦૩ | ૬૮૨ |
| | કુલ | ૧૦૭૫ | ૧૩૯૪ | ૨૪૬૯ |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી અરજીઓ મંજુર કરી સહાય ચૂકવવામાં આવી, અને

(૨) ૨૨૦૯

| ક્રમ | જિલ્લાનું નામ | તા.૧-૨-૧૫ થી ૩૧-૧-૨૦૧૫ સુધીમાં મંજુર અરજી | તા.૧-૨-૧૬ થી ૩૧-૧-૨૦૧૬ સુધીમાં મંજુર અરજી | કુલ મંજુર અરજી |
|---|---|---|---|---|
| ૧ | ભિલોડા | ૧૬૪ | ૨૨૭ | ૩૯૧ |
| ૨ | માલપુર | ૧૧૨ | ૯૩ | ૨૦૫ |
| ૩ | બાયડ | ૩૫૪ | ૩૩૦ | ૬૮૪ |
| ૪ | મેઘરજ | ૧૪૫ | ૧૬૦ | ૩૦૫ |
| ૫ | ધનસુરા | ૩૧ | ૩૮ | ૬૯ |
| ૬ | મોડાસા | ૧૯૮ | ૩૫૭ | ૫૫૫ |
| | કુલ | ૧૦૦૪ | ૧૨૦૫ | ૨૨૦૯ |

ચુકવેલ સહાય

રૂ.૯૩,૫૮,૪૦૦/-

| ક્રમ | જિલ્લાનું નામ | તા.૧-૨-૧૫ થી ૩૧-૧-૨૦૧૫ સુધીમાં ચુકવેલ સહાય | તા.૧-૨-૧૬ થી ૩૧-૧-૨૦૧૬ સુધીમાં ચુકવેલ સહાય | કુલ ચુકવેલ સહાય રૂ |
|---|---|---|---|---|
| ૧ | ભિલોડા | ૭૮૭૨૦૦ | ૬૩૫૬૦૦ | ૧૪૨૨૮૦૦ |
| ૨ | માલપુર | ૫૩૭૬૦૦ | ૧૮૬૦૦૦ | ૭૨૩૬૦૦ |
| ૩ | બાયડ | ૧૬૯૯૨૦૦ | ૧૫૮૪૦૦૦ | ૩૨૮૩૨૦૦ |
| ૪ | મેઘરજ | ૬૯૬૦૦૦ | ૩૧૩૬૦૦ | ૧૦૦૯૬૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૫ | ધનસુરા | ૧૪૮૮૦૦ | ૧૦૬૪૦૦ | ૨૫૫૨૦૦ |
| ૬ | મોડાસા | ૯૫૦૪૦૦ | ૧૭૧૩૬૦૦ | ૨૬૬૪૦૦૦ |
| | કુલ | ૪૮૧૯૨૦૦ | ૪૫૩૯૨૦૦ | ૯૩૫૮૪૦૦ |

(૩) ઉક્ત સ્થિતિએ બાકી રહેતી અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે?

(૩) બનતી ત્વરાએ.

---------

નર્મદા નદી કિનારા કાંઠા સ્થળોનો યાત્રાધામ વિકાસ

* ૩૪૦૩૯ શ્રી ધીરૂભાઇ ભીલ (સંખેડા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ નર્મદા, વડોદરા અને ભરૂચ જિલ્લાના નર્મદા નદી કિનારા કાંઠાએ આવેલ કયા સ્થળોને યાત્રાધામ તરીકે વિકસાવવા મંજુરી મળેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત યાત્રાધામવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) તે અન્વયે ઉકત સ્થળોને વિકસાવવા વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવી ?

જવાબ

(૧) તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ નર્મદા અને વડોદરા જિલ્લાના નર્મદા નદીના કિનારા ઉપર આવેલ નીચે જણાવેલ સ્થળોને યાત્રાધામ તરીકે વિકસાવવા મંજુરી મળેલ છે.

વડોદરા જિલ્લો

- ચાણોદ કરનાળી
- નારેશ્વર
- માલસર

નર્મદા જિલ્લો

- વૈધનાથ મહાદેવ, મું વાંદરીયા, તા.નાંદોદ

| ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન | | |
| ઉકાઈ થર્મલ પાવર સ્ટેશન | ૧૩૫૦ | ૧૩૫૦ |
| વણાકબોરી થર્મલ પાવર સ્ટેશન | ૧૪૭૦ | ૧૪૭૦ |
| ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન | ૬૩૦ | ૬૩૦ |
| સિક્કા થર્મલ પાવર સ્ટેશન | ૭૪૦ | ૭૪૦ |
| કચ્છ લીગ્નાઈટ થર્મલ પાવર સ્ટેશન | ૨૯૦ | ૨૯૦ |
| ઉત્તરાણ ગેસ આધારિત પાવર સ્ટેશન | ૫૧૦ | ૫૧૦ |
| ધુવારણ ગેસ આધારિત પાવર સ્ટેશન | ૫૯૫ | ૫૯૫ |
| ઉકાઈ હાઈડ્રો | ૩૦૫ | ૩૦૫ |

| પાવર પ્લાન્ટનું નામ | સ્થાપિત વીજ ક્ષમતા (મે.વો) | જી.યુ.વી. એન. એલ. નો હિસ્સો (મે.વો) |
|---|---|---|
| કડાણા અને પાનમ હાઈડ્રો | ૨૪૨ | ૨૪૨ |
| રાજ્ય સરકાર હસ્તકનાં સ્વતંત્ર વીજ ઉત્પાદકો | | |
| ગુજરાત સ્ટેટ એનર્જી જનરેશન લિ.–ગેસ પાવર સ્ટેશન | ૫૦૭ | ૫૦૭ |
| ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લિ.ગેસ પાવર સ્ટેશન | ૩૧૦ | ૩૧૦ |
| ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લિ. એસએલપીપી | ૫૦૦ | ૫૦૦ |
| ગુજરાત મીનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન–લીગ્નાઈટ | ૨૫૦ | ૨૫૦ |
| જી પી પી સી પીપાવાવ | ૭૦૨ | ૭૦૨ |
| ભાવનગર એનર્જી કો.લિ. | ૨૫૦ | ૨૫૦ |
| કેન્દ્રીય સાહસો | | |
| કાવાસ ગેસ આધારિત વીજ મથક | ૬૫૬ | ૧૮૭ |
| ગાંધાર ગેસ આધારિત વીજ મથક | ૬૫૭ | ૨૩૭ |
| ન્યુકિલીયર પાવર કોર્પોરેશન–કાકરાપાર | ૪૪૦ | ૧૨૫ |
| સરદાર સરોવર નર્મદા નિગમ લિ. | ૧૪૫૦ | ૨૩૨ |
| ખાનગી સાહસો–આઈ પી પી | | |
| ચાઈના લાઈટ પાવર લિ.(ગુજરાત પગુથન પાવર કંપની) | ૬૫૫ | ૬૫૫ |
| ટૉરેન્ટ પાવર એઈસી (થર્મલ) | ૪૦૦ | – |
| સુજેન સી સી પી પી (ટૉરેન્ટ) | ૧૧૪૭ | – |
| મુન્દ્રા પાવર પ્રોજેક્ટ ઓફ અદાણી | ૪૬૨૦ | ૨૦૦૦ |
| એસાર પાવર ગુજરાત લિ. | ૧૨૦૦ | ૧૦૦૦ |
| મુન્દ્રા યુ.એમ.પી.પી–કોસ્ટલ ગુજરાત પાવર લિ. | ૩૮૦૦ | ૧૮૦૫ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન સરકારી અને ખાનગી વીજ ઉત્પાદન ક્ષમતામાં થયેલ વર્ષવાર વધારાની વિગત નીચે મુજબ છે.

(મે.વો.)

| સેક્ટર | ૨૦૧૨–૧૩ | ૨૦૧૩–૧૪ | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ | ૨૦૧૬–૧૭ (ઓક્ટો સુધી) |
|---|---|---|---|---|---|
| સરકારી વીજ મથકો | ૯૨૦ | ૨૪૦ | ૭૦૨ | ૯૬૯ | ૨૫૦ |
| ખાનગી વીજ મથકો | ૨૦૪૪ | ૦ | ૦ | ૦ | ૦ |

ઉપર્યુક્ત માહિતી ગુ.ઉ.વિ.નિ. દ્વારા તે હેઠળની ચાર વીજ વિતરણ કંપનીઓની વીજ–માંગ પૂરી કરવા માટે કરારિત વીજ ક્ષમતાની છે.

--------

રાજ્યમાં સરકારી અને ખાનગી વીજ મથકોની ઉત્પાદન ક્ષમતા

અતારાંકિતઃ ૧૧૫૨૪ (૯–૧–૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૧૧–૨૦૧૬ ની સ્થિતિએ રાજ્યમાં સરકારી અને ખાનગી વીજ મથકોની ઉત્પાદન ક્ષમતા કેટલી છે, અને

(૨) તે અન્વયે, છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યના સરકારી અને ખાનગી વીજ મથકોમાંથી કેટલું વીજ ઉત્પાદન થયું?

ઉર્જા મંત્રીશ્રી : (૭–૩–૨૦૧૭)

(૧) તા.૩૦–૧૧–૨૦૧૬ ની સ્થિતિએ રાજ્યમાં સરકારી અને ખાનગી વીજ મથકોની ઉત્પાદન ક્ષમતા નીચે મુજબ છે.

| પાવર પ્લાન્ટનું નામ | સ્થાપિત વીજ ક્ષમતા (મે.વો) | જી.યુ.વી. એન. એલ. નો હિસ્સો (મે.વો) |
|---|---|---|
| (અ) ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસિટી કોર્પોરેશન | | |
| ઉકાઈ થર્મલ પાવર સ્ટેશન | ૧૩૫૦ | ૧૩૫૦ |

| | | |
|---|---|---|
| વણાકબોરી થર્મલ પાવર સ્ટેશન | ૧૪૭૦ | ૧૪૭૦ |
| ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન | ૬૩૦ | ૬૩૦ |
| સિક્કા થર્મલ પાવર સ્ટેશન | ૭૪૦ | ૭૪૦ |
| કચ્છ લીગ્નાઈટ થર્મલ પાવર સ્ટેશન | ૨૯૦ | ૨૯૦ |
| ઉત્તરાણ ગેસ આધારિત પાવર સ્ટેશન | ૫૧૦ | ૫૧૦ |
| ધુવારણ ગેસ આધારિત પાવર સ્ટેશન | ૫૯૫ | ૫૯૫ |
| ઉકાઈ હાઈડ્રો | ૩૦૫ | ૩૦૫ |
| કડાણા અને પાનમ હાઈડ્રો | ૨૪૨ | ૨૪૨ |
| (બ)રાજ્ય હસ્તકના સ્વતંત્ર વીજ ઉત્પાદકો | | |
| ગુજરાત સ્ટેટ એનર્જી જનરેશન લિ.–ગેસ પાવર સ્ટેશન | ૫૦૭ | ૫૦૭ |
| ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લિ.ગેસ પાવર સ્ટેશન | ૩૧૦ | ૩૧૦ |
| ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લિ. એસએલપીપી | ૫૦૦ | ૫૦૦ |
| ગુજરાત મીનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન–લીગ્નાઈટ | ૨૫૦ | ૨૫૦ |
| જી પી પી સી પીપાવાવ | ૭૦૨ | ૭૦૨ |
| ભાવનગર એનર્જી કો.લિ. | ૨૫૦ | ૨૫૦ |
| (ક) કેન્દ્ર સરકારના મથકો | | |
| કાવાસ ગેસ આધારિત વીજ મથક | ૬૫૬ | ૧૮૭ |
| ગાંધાર ગેસ આધારિત વીજ મથક | ૬૫૭ | ૨૩૭ |
| ન્યુકિલીયર પાવર કોર્પોરેશન–કાકરાપાર | ૪૪૦ | ૧૨૫ |
| સરદાર સરોવર નર્મદા નિગમ લિ. | ૧૪૫૦ | ૨૩૨ |
| (ડ) ખાનગી સાહસો–આઈ પી પી | | |
| ચાઈના લાઈટ પાવર લિ.(ગુજરાત પગુથન પાવર કંપની) | ૬૫૫ | ૬૫૫ |
| ટૉરેન્ટ પાવર એઈસી (થર્મલ) | ૪૦૦ | – |
| સુજેન સી સી પી પી (ટૉરેન્ટ) | ૧૧૪૭ | – |
| મુન્દ્રા પાવર પ્રોજેક્ટ ઓફ અદાણી | ૪૬૨૦ | ૨૦૦૦ |
| એસાર પાવર ગુજરાત લિ. | ૧૨૦૦ | ૧૦૦૦ |
| મુન્દ્રા યુ.એમ.પી.પી–કોસ્ટલ ગુજરાત પાવર લિ. | ૩૮૦૦ | ૧૮૦૫ |

(૨) છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન ગુજરાત ઊર્જા વિકાસ નિગમ દ્વારા મેળવવામાં આવેલ સરકારી અને ખાનગી વીજ ઉત્પાદન ની વિગત નીચે મુજબ છે.

| સેક્ટર | ૨૦૧૨ | ૨૦૧૩ | ૨૦૧૪ | ૨૦૧૫ | ૨૦૧૬ |
|---|---|---|---|---|---|
| રાજ્ય સરકાર ના મથકો | ૨૮૫૬૧ | ૧૯૫૬૯ | ૨૨૪૭૮ | ૨૧૭૭૮ | ૨૦૦૧૮ |
| કેન્દ્ર સરકારના મથકોમાંથી રાજ્યનો હિસ્સો | ૧૯૪૪૯ | ૧૮૯૯૭ | ૨૦૨૯૧ | ૨૦૮૭૮ | ૨૨૮૯૧ |
| ખાનગી વીજ મથકો | ૧૮૪૪૩ | ૨૮૪૦૫ | ૩૨૫૬૫ | ૩૧૯૯૭ | ૩૧૮૦૫ |
| બિનપરંપરાગત સ્ત્રોત અને અન્ય | ૪૪૦૫ | ૪૬૯૪ | ૫૨૨૦ | ૫૭૨૧ | ૫૯૯૪ |

--------

દેવભુમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં વાહનોમાં લાલ, પીળી લાઈટ તથા સાઈરનો વેચતા ડીલરો

અતારાંકિતઃ ૯૯૧૭ (૦૫–૧૨–૨૦૧૬) શ્રી મેરામણભાઈ આહિર (ખંભાલિયા): માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) વાહનોમાં ગેરકાયદે મૂકવામાં આવતી લાલ, પીળી લાઈટ તથા સાઈરનો વેચતા કેટલા ડીલરોને દેવભુમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં સને ૨૦૧૫માં પકડી પાડવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે ઉક્ત ડીલરો સહિત કેટલા ઈસમો સામે શા કાનુની પગલાં લેવાયા છે?

વાહન વ્યવહાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૧૫–૩–૨૦૧૭)

(૧) વાહનોમાં ગેરકાયદે મૂકવામાં આવતી લાલ, પીળી લાઈટ તથા સાઈરનો વેચતા દેવભુમિ દ્વારકા, સુરત, તાપી જિલ્લામાં સને ૨૦૧૫માં કોઈ ડીલર મળી આવેલ નથી.

(૨) કોઈ ડીલર મળી આવેલ ન હોઈ પગલાં લેવાયેલ નથી

---------

અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | કૃષિ અને સહકાર વિભાગ | ૧૧૦૭૫, ૧૧૧૦૫, ૧૧૧૮૦, ૧૧૨૩૬, ૧૧૩૮૨, ૧૧૫૦૨ | ૦૬ |
| ૨ | શિક્ષણ વિભાગ | ૧૧૩૧૨, ૧૧૬૯૦ | ૦૨ |
| ૩ | નાણા વિભાગ | ૧૦૯૮૫, ૧૧૦૧૪ | ૦૨ |
| ૪ | વન અને પર્યાવરણ વિભાગ | ૧૧૨૨૧, ૧૧૨૮૦, ૧૧૫૭૬, ૧૧૫૭૭ | ૦૪ |
| ૫ | આરોગ્ય અને પર્યાવરણ કલ્યાણ વિભાગ | ૧૦૪૩૪, ૧૧૪૮૨ | ૦૨ |
| ૬ | ગૃહ વિભાગ | ૧૦૮૬૯, ૧૧૦૫૩, ૧૧૧૬૩ | ૦૩ |
| ૭ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૯૫૫૮, ૯૯૭૪, ૧૦૧૨૧, ૧૦૭૬૧, ૧૦૮૭૭, ૧૧૦૬૫, ૧૧૧૨૮, ૧૧૩૧૫, ૧૧૩૧૬, ૧૧૪૧૫, ૧૧૫૭૪ | ૧૧ |
| ૮ | શ્રમ અને રોજગાર વિભાગ | ૧૦૭૯૫, ૧૧૧૪૮, ૧૧૬૨૫ | ૦૩ |
| ૯ | નર્મદા,જળસંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૧૧૧૭૨, ૧૧૧૭૩, ૧૧૧૭૪, ૧૧૨૭૦, ૧૧૪૨૪ | ૦૫ |
| ૧૦ | પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૮૯૫૬ | ૦૧ |
| ૧૧ | મહેસૂલ વિભાગ | ૨૬૮૦, ૮૨૪૪, ૧૧૬૮૯ | ૦૩ |
| ૧૨ | માર્ગ અને મકાન વિભાગ | ૮૪૪૩ | ૦૧ |
| ૧૩ | રમત ગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓનો વિભાગ | ૧૧૦૯૮, ૧૧૦૯૯ | ૦૨ |
| ૧૪ | ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ | ૧૦૯૧૧, ૧૦૯૧૪, ૧૦૯૧૫, ૧૧૫૨૪ | ૦૪ |
| ૧૫ | બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | ૯૯૧૭ | ૦૧ |
| | | કુલ | ૫૦ |

---------

છત્રીસમી અને સાડત્રીસમી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

ગુજરાત સરકારના સન ૨૦૧૫-૧૬ના નાણાકીય હિસાબો

શ્રી નીતિનભાઈ ર. પટેલ ( નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સરકારના સન ૨૦૧૫-૨૦૧૬ના વર્ષના નાણાકીય હિસાબો (ભાગ-૧ અને ભાગ-૨) (અંગ્રેજી તથા ગુજરાતી)

(ખ) ગુજરાત સરકારના સન ૨૦૧૫-૨૦૧૬ના વર્ષના વિનિયોગ હિસાબો (અંગ્રેજી તથા ગુજરાતી)

(ગ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૫-૨૦૧૬ના વર્ષનો ઓડિટ અહેવાલ (રાજ્યની નાણાકીય પરિસ્થિતિ) (અંગ્રેજી અને ગુજરાતી)

(ઘ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૫-૨૦૧૬ના વર્ષનો ઓડિટ અહેવાલ (મહેસૂલ ક્ષેત્ર) (અંગ્રેજી તથા ગુજરાતી)

(ચ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૫-૨૦૧૬ના વર્ષનો ઓડિટ અહેવાલ (જાહેર સાહસો) (અંગ્રેજી તથા ગુજરાતી)

(છ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૫-૨૦૧૬ના વર્ષનો ઓડિટ અહેવાલ (આર્થિક ક્ષેત્ર) (અંગ્રેજી તથા ગુજરાતી)

(જ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૫-૨૦૧૬ના વર્ષનો ઓડિટ અહેવાલ (સામાન્ય અને સામાજિક ક્ષેત્ર) (અંગ્રેજી તથા ગુજરાતી)

(ઝ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૫-૧૬ના વર્ષનો ઓડિટ

અહેવાલ (સ્થાનિક સંસ્થાઓ) (અંગ્રેજી તથા ગુજરાતી
સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

હિસાબો અને ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

સન ૨૦૧૫-૧૬ નો સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડનો સન ૨૦૧૫-૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

સન ૨૦૧૫-૧૬નો ગુજરાત રાજ્ય પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૫-૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલો, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

સન ૨૦૧૪-૧૫નો ગુજરાત મેડીકલ સર્વિસીસ કોર્પોરેશન લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા ( સંસદીય બાબતોના મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મેડીકલ સર્વિસીસ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૪-૧૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલો, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

સન ૨૦૧૫-૧૬ નો ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો ઓડિટ અહેવાલ

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા ( સંસદીય બાબતોના મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૫-૧૬ નો ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગનો સન ૨૦૧૫-૧૬નો વાર્ષિક અહેવાલ

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા (રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગનો સન ૨૦૧૫-૧૬નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવ્યો.

સન ૨૦૧૫નો ગુજરાત તકેદારી આયોગનો વાર્ષિક અહેવાલ તથા નિવેદન

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા (રાજ્ય કક્ષાના ગૃહ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત તકેદારી આયોગનો સન ૨૦૧૫નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવ્યા.

સન ૨૦૧૫-૧૬નો ગુજરાત માહિતી આયોગનો વાર્ષિક અહેવાલ

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત માહિતી આયોગનો સન ૨૦૧૫-૧૬નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવ્યો.

સન-૨૦૧૨-૧૩નો સ્થાનિક ભંડોળ હિસાબના નિરીક્ષકશ્રીનો ઓડિટ અહેવાલ

શ્રી જયંતિભાઇ રા.કવાડીયા ( રાજ્યકક્ષાના પંચાયત મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સ્થાનિક ભંડોળ હિસાબના નિરીક્ષકશ્રીનો સન ૨૦૧૨-૧૩ના વર્ષનો ગ્રામ પંચાયતોના હિસાબો પરનો ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલાં વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

ઓડિટ અહેવાલ તેમજ નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવ્યા.

તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૧૫૯૨ ના અનુસંધાને વધારાની માહિતી

શ્રીમતી નિર્મલાબેન સુ. વાધવાણી (રાજ્ય કક્ષાના મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું તા. ૨૨-૩-૨૦૧૭ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા માનનીય સભ્યશ્રી હર્ષદભાઇ રીબડિયાના જૂનાગઢ જિલ્લામાં પોતાના મકાનમાં આંગણવાડીઓ વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૧૫૯૨(અગ્રતાક્રમ-૨) ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવી.

ચૈત્ર ૧૦, ૧૯૩૯ શાકે

છેલ્લા દિવસનો પ્રસ્તાવ ( નિયમ-૧૦૨)

અનુમતિ મળેલાં વિધેયકો

શ્રી ડી.એમ.પટેલઃ(સચિવશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું તેરમી ગુજરાત વિધાનસભાના દસમા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલું અને જેને રાજયપાલશ્રીની અનુમતિ મળી છે તેવું સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક-૧૬ વિધાનસભાના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

અનુમતિ મળેલું વિધેયક સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું

વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના કલ્યાણ માટેની સમિતિનો પ્રથમ અહેવાલ

શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ :( સમિતિના સભ્યશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના કલ્યાણ માટેની સમિતિનો પ્રથમ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.

છેલ્લા દિવસનો પ્રસ્તાવ ( નિયમ-૧૦૨)

મુસ્લિમ મહિલાઓના સામાજિક અને વ્યક્તિગત હક્કોનું રક્ષણ કરવા અંગે

શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત(બાપુનગર) : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ-૧૦૨ અન્વયે નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કરું છું.

મુસ્લિમ મહિલાઓને તલાક આપવાની પ્રથા સંદર્ભમાં મુસ્લિમ કાયદાના સિદ્ધાંતો ધ્યાને લેતા એમ જણાય છે કે, મુસ્લિમ યુગ દરમ્યાન બીજી શતાબ્દીમાં તલાકની પ્રથા ઓમીયાદે વંશજના રાજાઓ દ્વારા અમલમાં લાવવામાં આવી.

સાંપ્રત સમય અને બદલાતા સામાજિક સમીકરણો અને ખાસ કરીને સ્ત્રીઓ અને પુરુષોને સમાન અધિકાર માટે ચાલતી વ્યાપક ઝુંબેશ, મુસ્લિમ મહિલાઓમાં વધતું શિક્ષણનું પ્રમાણ, તેઓના સામાજિક મોભામાં આવેલ વ્યાપક પરિવર્તનને ધ્યાને લેતા સદીઓ જૂની મુસ્લિમ પુરુષ દ્વારા " તલાક, તલાક, તલાક " શબ્દો બોલી એક જ ઝાટકે મુસ્લિમ મહિલાને છૂટાછેડા આપવાની આ અવરોહી પ્રથા સામે મુસ્લિમ મહિલાઓમાંથી વ્યાપક વિરોધનો અવાજ ઉઠેલ છે.

ઐતિહાસિક તથ્ય એ છે કે, આ રીતે તલાક આપવાની પ્રથા સાથે ઈસ્લામ ધર્મ કે તેની વિચારસરણીને કઇ પ્રત્યક્ષ કે પરોક્ષ સંબંધ જણાતો નથી. હીકકત તો એ છે કે, ઇસ્લામિક કાયદામાં કોઇપણ જગ્યાએ એવું સુચવવામાં નથી આવ્યું કે મુસ્લિમ પતિ અતાર્કિક કે ગેરવ્યાજબી રીતે તલાક આપવા માટે હક્કદાર છે. આ ઉપરાંત મુસ્લિમોના પવિત્ર ગ્રંથ કુરાનમાં પણ એવું કયાંય દર્શાવવામાં આવ્યું નથી કે, આ પ્રથાનો ઉપયોગ મુસ્લિમ પુરુષ વિવેકાધીન રીતે કરી શકે. કુરાન તો આ બાબતે સ્પષ્ટપણે એમ કહે છે કે, છૂટાછેડાનો નિર્ણય કરતાં પહેલાં સૌ પ્રથમ સ્વીકાર્ય સમાધાન અંગેના તમામ પ્રયાસો કરવા જોઇએ અને આવા પ્રયાસોમાં બે લવાદો પણ હોવા જોઇએ.

ઉપરોક્ત હકીકત હોવા છતાં આ રીતે " તલાક, તલાક, તલાક " બોલી મુસ્લિમ મહિલાને છૂટાછેડા આપી દેવા તે તાર્કિક જણાતું નથી એ હકીકત સ્વીકારવી જ રહી કે આ પ્રશ્ન અથવા રીતરિવાજનો મામલો છે નહિ કે ધર્મનો. મુસ્લિમ મહિલાઓને અન્યાય કરતી સદીઓ જૂની અને તેઓની જિંદગીને બર્બાદ કરતી સદરહુ પ્રથાને પ્રવર્તમાન સમયમાં માનવીય હક્કો સાથે જોડીને જોવાની પણ જરૂર છે.

ભારતીય સંવિધાન અંતર્ગત બંધારણમાં તમામ નાગરિકોને ધર્મ કે જાતિના ભેદભાવ સિવાય સમાન રક્ષણ પૂરું પાડવામાં આવેલ છે અને ધર્મના નામે જો ભેદભાવ કે અન્યાય થતો હોય તો તે રોકવાની, પ્રતિબંધિત કરવાની કે દંડિત કરવાની રાજ્ય સરકારની પ્રાથમિક ફરજ છે. બંધારણના અનુચ્છેદ ૫૧ એ માં પણ સ્ત્રીઓના ગૌરવને હાનિ થાય એવી કોઇપણ પ્રથા ત્યજવાની પણ ભારતના દરેક નાગરિક પર ફરજ લાદવામાં આવી છે.

મુસ્લિમ મહિલાઓના સામાજિક અને વ્યક્તિગત હક્કોનું રક્ષણ કરવા અને આવી મહિલાઓ ગૌરવસહિત પોતાનું જીવન જીવી શકે અને તેઓને સામાજિક સુરક્ષા મળે અને તેઓના લગ્ન સંબંધિત હક્કોના રક્ષણ માટે જરૂરી કાયદો ઘડવા સહિતના તમામ વહીવટી પગલાં લેવાં અંગે આ સભાગૃહ ચર્ચા વિચારણા કરે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આ તેરમી ગુજરાત વિધાનસભાનું છેલ્લું સત્ર છે અને આ છેલ્લા સત્રમાં છેલ્લા દિવસનો પ્રસ્તાવ છે. સાથે સાથે ત્રણ તલાકનો મુસ્લિમ લઘુમતિ સમાજની મહિલાઓના રક્ષણ માટેનો ઐતિહાસિક પ્રશ્ન છે. સાથે સાથે ત્રણ તલાકની વાતને જે નીતિરીતિ મુસ્લિમ સમાજમાં છે તેની સામે આપણે બધા અવાજ ઉઠાવીને સમર્થન આપીએ કે આ નીતિ બદલાવવી જોઇએ. આ પ્રશ્નને વોટોની રાજનીતિથી નહીં પણ દિલથી પીડિત મહિલાઓ, બહેનોને રક્ષણ આપવાની રીતે આનો વિચાર કરવો જોઇએ. આજના સમયમાં વ્હોટ્સ-એપ ઉપર, ફેસબુક ઉપર, ટવીટર ઉપર, ફોન ઉપર, ફોન મેસેજથી કે કોઇપણ હિસાબે ત્રણવાર તલાક તલાક તલાક કહી દે એટલે આપણી મુસ્લિમ બહેન, દીકરી એકદમ નિરાધાર થઇ જાય છે. હમણાં યુ.પી.નો એક વીડિયો વોટસઅપ ઉપર શોસ્યલ મિડીયામાં ફરી રહ્યો છે. તેમાં એક બહેન છ વર્ષની દીકરી સાથે પોતાના પતિના ઘરે જાય છે ત્યારે તેના સાસુ અને પતિ તલાક તલાક કહીને ઘરમાં નથી ઘૂસવા દેતા. હવે આવી બહેનની શું દશા થાય તે આપણે આજે વિચારવાનો પ્રશ્ન છે. હમણાં પાંચ-સાત દિવસ પહેલાં એક પ્રશ્ન એવો બન્યો હતો કે એક બહેનને બે દીકરીઓ છે અને તેના પતિએ તેને તલાક આપી દીધા છે. તેણે આપણા માનનીય

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીને પત્ર લખીને ગુહાર કરી છે કે મારા માટે કંઇક કરો. આના માટે દહેરાદૂનની સાયરાબાનુ કરીને બહેન છે તેમણે સુપ્રિમ કોર્ટમાં આ પ્રશ્ન માટે અરજી કરેલ છે. તે પ્રશ્ન માટે સુપ્રિમ કોર્ટે કેન્દ્ર સરકાર, રાજય સરકાર અને મુસ્લિમ પર્સનલ લો બોર્ડને જવાબ રજૂ કરવા અને લોકોને પોતાના અભિપ્રાય રજૂ કરવા માટે કહ્યું છે. આ અભિપ્રાય માટે સુપ્રિમ કોર્ટે પાંચ જજની ડિવીઝન બેન્ચમાં આ પ્રશ્ન મૂકયો છે. ૧૧મી મે એ તેની ચર્ચા થવાની છે. કોઇપણ જગ્યા પછી તેમાં ગામ હોય, ગલી હોય, મહોલ્લો હોય, શહેર હોય, પ્રદેશ હોય કે આપણો દેશ હોય ત્યાં કોઇપણ જગ્યાએ મુસ્લિમ સમાજમાં જે રીતે બહેન, દીકરી કે પત્નીને જોવામાં આવે છે, ત્યાં માત્ર એક વસ્તુ તરીકે તેનો ઉપયોગ કરવામાં આવે છે. ખરેખર સાહેબ મેં વાંચ્યું છે અને સાંભળ્યું છે કે આ તલાકની પ્રથા એવી રીતે હતી કે એક વખત પતિ તલાક કહે. તેના પછી તેની પત્ની તેના જ ઘરમાં રહે. પાંચ-છ મહિના પછી તેમના બધાના વાણી વર્તનમાં કે રહેણીકરણીમાં કોઇ ફરક ન પડે તો બીજી વખત તલાક કહે. તેના પછી પાંચ-છ મહિના સાથે રહ્યા હોય અને તેમાં તેમની વચ્ચે સમાધાન થઇ જાય તો તલાક થતા નથી. સમાધાનની રૂએ બંને પતિ પત્ની ફરીથી જોડે રહેવા માંડે છે. પાંચ-છ મહિના પછી જો તલાક આપવાની વાત આવે તો તલાક કહી દે એટલે તલાક થઇ જાય. સમયાંતરે મુસ્લિમ સમાજના પુરુષપ્રધાન સમાજે એક સાથે ત્રણવાર તલાક તલાક તલાક કહીને બહેન દીકરીને રખડતી કરી દે છે. તેના પિયરમાં ઠેકાણું ન હોય તો શું થાય? ઓલ ઇન્ડિયા વિમેન્સ મુસ્લિમ પર્સનલ લો બોર્ડના શહીદા કંવરે કહ્યું છે કે આ ત્રણ તલાકનો કાયદો હોવો ન જોઇએ, પણ શરીયતના હિસાબે જે છે તે રીતે હોવો જોઇએ. હકીકતમાં આ કાયદા માટે બધી જ જગ્યાએ ચર્ચા ચાલી રહી છે. પાંચ રાજયોની ચૂંટણી થઇ તેમાં પણ આ ત્રણ તલાકનો મુદ્દો ચર્ચામાં હતો. હું એવું માનું છું કે, મીડિયામાં, પ્રેસમાં, છાપાંઓમાં આવ્યું છે તેમાં મુસ્લિમ મહિલાઓએ આ ત્રણ તલાકના પ્રશ્ને લોકોએ આપણા વિશ્વ નેતા નરેન્દ્રભાઇ મોદીને વોટ આપ્યા. તેના કારણે યુ.પી.ની અંદર ૩૨૫ સીટો આવી. તેમાં આ એક તલાકનો મુદ્દો હતો. જેમાં સામાન્ય રીતે આજે એવું કહીએ છીએ કે ભાઇ અને બેન બંનેને સરખા અધિકાર છે. સ્ત્રી અને પુરુષ બંનેને સરખા અધિકાર છે. આ તલાકનો કાયદો દુનિયાના જેટલા મુસ્લિમ દેશો છે તેમાં મોટાભાગના દેશોમાં નથી. પાકિસ્તાનમાં નથી, બાંગ્લાદેશમાં નથી અને બીજા ઘણા દેશોમાં નથી. આપણા હિન્દુસ્તાનમાં જે બધી સંસ્થાઓ છે તે પુરુષપ્રધાન છે. તેના મુલ્લા મૌલવીઓ જે છે તેના મારફતે સાચુ જ્ઞાન લોકોને નથી મળતું. તેના કારણે દીકરીઓ, બહેનો હેરાન થાય છે. સાહેબ ટી.વી.માં ડીબેટ સાંભળો તો મોટાભાગની બહેનો, સ્ત્રીઓ આ તલાકના કાયદાની વિરુદ્ધમાં છે. જયારે પુરુષો અને મુલ્લા મૌલવીઓ તેની તરફેણમાં છે. તેનો અભ્યાસ કરવામાં આવે. પહેલાં પયગંબર સાહેબના સમયમાં એવું હતું કે ચાલીસ વખત નમાજ પઢવાની. પછી કહે કે ચાલીસ વખત આ નમાજ પઢે તો તે તેના જીવનના બીજા કામ કયારે કરશે? ધીરે ધીરે પ્રથા પાંચ નમાજ ઉપર આવી અને ધીરે ધીરે જુમ્માના દિવસે, શુક્રવારના દિવસે જ માત્ર પાંચ નમાજ પઢવી જોઇએ બીજા દિવસે ચાલે. તો આ રૂઢીગત સમાજ ધીરે ધીરે હું માનુ છું કે આ પ્રથાને પણ બદલવા ઇચ્છે છે. આજે જયારે ખૂબ ટેકનોલોજીનો જમાનો આવ્યો છે, લોકો ભણી ગણી રહ્યા છે ત્યારે આ ત્રણ તલાકના મુદ્દાની પણ ફેર વિચારણા કરવી જોઇએ અને જયારે આ પ્રશ્ન સુપ્રિમ કોર્ટમાં છે અને સુપ્રિમ કોર્ટે પણ બધાનો અભિપ્રાય મગાવ્યો છે અને કેન્દ્ર સરકાર પણ એનો અભિપ્રાય આપવાની છે ત્યારે હું માનુ છું કે આપણે પણ અહીંયાથી એક એવો ઠરાવ કરીએ કે આ સમાજની સ્ત્રીઓના હકો ઉપર તરાપ જેવું છે જેથી આ ત્રણ તલાકનો રિવાજ જે મુસ્લીમ સમાજમાં છે એને રદ કરવા જોઇએ અને બહેનોને સંપૂર્ણ અધિકારો આપવા જોઇએ અને જે રીતે આપણા હિન્દુ ધર્મમાં નારી તું નારાયણી, આપણે વિદ્યાની દેવી તરીકે સરસ્વતીની, ધનની દેવી તરીકે લક્ષ્મીની, શક્તિની દેવી તરીકે કાલીની પૂજા કરીએ છીએ અને જયારે આપણા હિન્દુ ધર્મમાં જે રીતે છુટાછેડાના કાયદા છે એ રીતના જ કાયદા મુસ્લીમ સમાજમાં બનવા જોઇએ. આવો આપણે બધા સાથે બેસીને આ ચર્ચા કરીને કંઇક આગળ પહોંચાડીએ એજ અભ્યર્થના સાથે મારી વાત પૂરી કરું છું.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ(નવસારી) : માનનીય અધ્યક્ષશ્રી, તેરમી ગુજરાત વિધાનસભાના આ દશમાં સત્રનો છેલ્લો દિવસ અને છેલ્લા દિવસના પ્રસ્તાવમાં ભાગ લેવાનું જે સૌભાગ્ય પ્રાપ્ત થયું છે એ માટે ખૂબ આભાર માનુ છું. મારા લર્નેડ વકીલ અને આ ગૃહના સભ્યશ્રી જગરૂપસિંહજી જે પ્રસ્તાવ લઇને આવ્યા છે એમાં હું મારું સમર્થન આપુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, તલાક-તલાક-તલાક આ ત્રણ શબ્દની અંદર મારી બહેનો હતી નહતી થઇ જાય છે, જીવન બરબાદ થઇ જાય છે અને મહિલા નિરાધાર થઇ જાય છે. કઇ ટાઇપની સોસાયટી આપણે ઉત્પન્ન કરવા જઇ રહ્યા છીએ? દેશની રાજનીતિમાં અનેક સરકારો આવી અને ગઇ પણ કોઇએ આ ત્રણ તલાક બાબતમાં વિચાર્યું નહીં. માતૃશક્તિની સુરક્ષા માટે આ સભાગૃહ સમક્ષ જે વિચારણા થઇ રહી છે તેમાં મારું મંતવ્ય રજૂ કરું છું. ગુજરાતના પનોતા પુત્ર આ ગૃહના નેતા અને મુખ્ય મંત્રી આદરણીયશ્રી વિજયભાઇ રૂપાણી, નાયબ મુખ્ય મંત્રી અને ખૂબ જ ઓડેસીટી સાથે કામ કરી રહ્યા હોય એવા અમારા નાણા મંત્રી અને નાયબ મુખ્ય મંત્રી આદરણીય નીતિનભાઇના નેતૃત્વ હેઠળની સરકાર અને વિશ્વના પ્રચંડ ઉર્જા પુરુષ આદરણીય નરેન્દ્રભાઇ અને યશસ્વી પ્રમુખ આદરણીય અમિતભાઇના માર્ગદર્શન હેઠળ સૌનો સાથ, સૌનો વિકાસ, સૌની સુરક્ષા અને સૌના ન્યાયના પાયા હેઠળ જનતાની સેવા કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિચારો રજૂ કરતા પહેલા હું વિશ્વની માતૃશક્તિને વંદન કરતા કહું છું કે, આજ સુધી સરિયત મુસ્લીમ બહેનો અને માતાઓને એમના લગ્ન વિષયક અધિકારોમાં ભારતમાં વિશેષ રીતે અન્યાય થઇ રહ્યો છે. અહીં લગ્ન વિષયક અધિકારોમાં હું ત્રિપલ તલાક વિશે મારી ચિંતા અને મંતવ્ય રજૂ કરવાની રજા લઉં છું. પાકિસ્તાન સહિત ૨૧ જેટલા દેશોમાં ત્રણ તલાક કાનૂનમાં સુધારો કરેલ છે. ત્રણ તલાકનો કાયદો રદ કરવાના મતમાં આપણી કેન્દ્રની વર્તમાન

સરકાર છે, મુસ્લીમ મહિલાઓને સમાન અધિકાર મળે તે માટે હાલની કેન્દ્રની સરકાર તત્પર છે. યત્ર નાર્યસ્તુ પુજયંતે રમન્તે તત્ર દેવતાઃ ના મહામંત્ર વચ્ચે જીવતી ભારતની મહાન પ્રજામાં સરિયસ્ત પરસ્ત મા-બહેનોને ત્રણ તલાકના કાયદાથી મુસ્લીમ બહેનો આર્થિક, સામાજિક અધિકારથી વંચિત બની અન્યાયનો ભોગ બને એ સ્થિતિ બરદાસ્ત થઇ શકે એમ નથી. હાલની ભારતની ત્રણ તલાકની પ્રથાથી માતા-બહેનોને, માતા-બહેનોને જ નહીં પરંતુ બાળકોને પણ પોતાની જિંદગીમાં અસલામતીનો ભોગ બનવું પડે છે. નામદાર સુપ્રિમ કોર્ટમાં પરમ આદરણીય આપણા વડા પ્રધાન માનનીય નરેન્દ્રભાઇની સરકારે આ સંબંધમાં ઇસ્લામ પરસ્ત બહેનોની સલામતી માટે જે મંતવ્ય રજૂ કર્યું છે એ સંપૂર્ણપણે સરાહનીય છે.

માનનીય અધ્યક્ષશ્રી, માતા બહેનોને ન્યાય મળે, વોટ બેન્કની રાજનીતિથી ઉપર ઉઠીને એકવીસમી સદીમાં જ્યારે આપણે જઇ રહ્યા છીએ ત્યારે એમને હાથ મળે તે જોવાની સમાજ અને સરકારની ફરજ છે. આપણા પ્રધાનમંત્રીશ્રીએ તો એમ કહ્યું કે જેઓ આ તલાકની તરફેણમાં હોય અને જેઓ તલાકની વિરુદ્ધમાં હોય એની ડિબેટ થવી જોઇએ અને એમાંથી જે કંઇ નિષ્કર્ષ નીકળે એ પછી તમે વિચારો કે આ બાબતમાં આપણે ક્યાં સુધી પહોંચવું છે. ખૂબ મોટી આ ઐતિહાસિક વાત આપણા આદરણીય પ્રધાનમંત્રીશ્રીએ કરી છે. સુધારો ઇચ્છતા હોય, સુધારો ઇચ્છતા ન હોય એ તમામ લોકો, મુસ્લિમ બોર્ડ, એના આમંત્રિત મહેમાનો એ તમામ લોકોએ આમાં આગળ આવવું જોઇએ. હું તો એમ કહું છું કે, મારે નહિ કહેવું જોઇએ પરંતુ ૧૯૮૬માં શાહબાનુ કેસમાં મુસ્લિમ પર્સનલ બોર્ડને રાજી રાખવા માટે તે વખતના વડાપ્રધાન દ્વારા વટહુકમ પસાર કરવામાં આવ્યો અને મહાન સર્વોચ્ચ અદાલત દ્વારા કેવી હીન પરિસ્થિતિમાં મૂકવામાં આવી એના આપણે સૌ સાક્ષી છીએ. એને માટે હું એમ માનું છું કે એ ભૂલનું પુનરાવર્તન નથી કરવા માગતા. અમારા કિશોરભાઇના વિસ્તારની અંદર આ તલાકનું પ્રમાણ એટલું બધું વધ્યું છે, એ પરિસ્થિતિ આવીને ઉભી રહી છે કે આજે ત્રણ મહિને કેટલા તલાક થાય છે અને એનાથી બહેનોની જે પરિસ્થિતિ થાય છે તે અત્યંત દયનીય હોય છે. અમે ગઇકાલે કિશોરભાઇ અને અશોકભાઇ સાથે હતા, આ જ્યારે સંકલ્પ મૂકવાનો આવ્યો, એમના મુસ્લિમ મિત્રો મારી સાથે હતા. એમણે એક વાત એ કરી કે ‘યે દોસ્ત ખીડકીયાં ખોલ કે દેખને દો, મુજે મેરે વતનકી નઇ તસવીર બન રહી હૈ ’ આ છેલ્લું સત્ર છે એટલે મારે વિશેષ વાત નથી કરવી. ઇતિહાસ એનો સાક્ષી રહેશે, અનેક સરકારી વિધેયકો આ ગૃહમાં મૂકાયા છે અને વરસો સુધી આ ઇતિહાસ એનો સાક્ષી રહેવાનો છે. ન ભૂતો ન ભવિષ્ય, આદરણીય મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ અને પ્રદીપસિંહજી, એમાં પણ નીતિનભાઇ અને પ્રદીપસિંહજીએ જે ઓડેસિટી સાથે કામ કર્યું છે એમણે અને બાકીના મંત્રીમંડળના સભ્યોએ પણ સાથે કામ કર્યું છે એના પણ અમે નજીકથી સાક્ષી રહ્યા છીએ. જ્યારે આપ અધ્યક્ષની ખુરશી બેસો છો, જેણે પચાસ વરસ સુધી આ ગેલેરીમાં બેસીને અભ્યાસ કર્યો છે એ પત્રકારે રિસેસમાં મને એમ કહ્યું કે આ વિધાનસભાના ઇતિહાસની અંદર એ આદરણીય નટવરલાલ શાહ, એ રાઘવજીભાઇ લેઉઆ હોય, વજુભાઇ વાળા હોય કે અશોકભાઇ ભટ્ટ હોય એ પછી રમણભાઇ વોરાનું નામ અંકિત થવાનું છે, જે ઓડેસિટી સાથે આપે આ ગૃહમાં, લોકશાહીના મંદિરમાં અધ્યક્ષ તરીકે કામ કર્યું છે તે માટે અમારા બધા જ સભ્યો સહિત નવા સભ્યો આપને હૃદયપૂર્વક ખૂબ ખૂબ અભિનંદન આપીએ છીએ અને એમ કહુ છું કે લોકશાહી મંદિરની અંદર, આ મારી છેલ્લી વાત એટલા માટે કરવી છે કે, આ ઓડેસિટી શબ્દ બહુ ઓછાં રાજકીય લોકો માટે વપરાયો છે, આ સસ્તો શબ્દ નથી, આ ઓડેસિટી શબ્દ બહુ ગંભીરતાથી એનો ઉપયોગ રાજદ્વારી કરી શકે છે, જેણે સારી ખ્યાતિ પ્રાપ્ત કરી હોય, સારા કામો કર્યા હોય. સૌનો આભાર અધ્યક્ષશ્રી.

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા(ગૃહમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહની અંદર માનનીય જગરૂપસિંહજી રાજપૂતે મુસ્લિમ મહિલાની વેદના સભાગૃહ સમક્ષ રજૂ કરી છે, જેમાં માનનીય પિયુષભાઇએ પણ વિસ્તૃત રીતે સભાગૃહ સમક્ષ રજૂઆત કરી છે. આ મુસ્લિમ મહિલાની વેદના એ ઉત્તરપ્રદેશમાં માયાવતી ન પારખી શક્યા. આ મુસ્લિમ મહિલાની વેદના કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ સોનિયા ગાંધી ન પારખી શક્યા અને જેના કારણે સમગ્ર ઉત્તર પ્રદેશની અંદર જે પરિવર્તન થયું અને દેશની અંદર દસ લાખ કરતાં વધારે મુસ્લિમ મહિલાઓએ મતદાન દ્વારા, પોતાના અભિપ્રાય દ્વારા પોતાની વેદના વ્યક્ત કરી. એવો એક વિષય જગરૂપસિંહજી રાજપૂત દ્વારા સન્માનનીય સભાગૃહની અંદર જયારે લાવવામાં આવ્યો છે ત્યારે હું ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તા તરીકે ભારતીય જનતા પાર્ટીનું એક સ્લોગન છે Justice to all appeasement to none ન્યાય સૌને, તેના આધાર ઉપર ૧૯૮૬માં ભારતીય જનતા પાર્ટીની ચંદીગઢ ખાતે નેશનલ એક્ઝીક્યુટીવ મળી હતી અને તે નેશનલ એક્ઝીક્યુટીવમાં એક ઠરાવ પસાર કરવામાં આવ્યો. તે ઠરાવનો મુસદ્દો કે શાહબાનુ કેસમાં સુપ્રિમ કાર્ટના નિર્ણયને નિરર્થક બનાવતો કાયદાકીય સુધારો રીટ્રોગેડ અને સ્ત્રી વિરોધી છે અને ભારતીય બંધારણની ભાવનાની વિરુદ્ધ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણાં બંધારણની અંદર પણ અનુચ્છેદ ૫૧એ(ઇ) નો હાર્દ જોવામાં આવે તો categorically લખ્યું છે કે સરકારની એ બંધારણીય ફરજ બની રહેશે કે નારી ગૌરવને છાજે તે રીતે કાયદાનું શાસન તે સમગ્ર દેશની અંદર પ્રવર્તવુ જોઇએ. બંધારણ દ્વારા પણ નારીના ગૌરવનું જતન કરવુ આ દેશના શાસકોને કહેવામાં આવ્યું છે. જેમ જગરૂપસિંહજી અને પીયુષભાઇ બન્નેએ કહ્યું કે "યત્ર નાર્યસ્તું પુજયંતે, રમન્તે તત્ર દેવતા" જયાં નારીનું પૂર્ણ સન્માન કરવામાં આવે છે અને નારીનું ગૌરવ જાળવવામાં આવે છે ત્યાં સદાય દેવતાઓનો વાસ રહે છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક ૬૦ વર્ષની મુસ્લિમ મહિલા શાહબાનુ તેનો કેસ આપણે સૌ જાણીએ છીએ. તે નીચેથી લડાઇ કરતા કરતા કરતા જયુડિશ્યરીના બધા સ્ટેપ પતાવીને જયારે સુપ્રિમ કોર્ટની અંદર તે પોતાનો કેસ જીતી ત્યારે પોતાની

તા.૩૧મી માર્ચ, ૨૦૧૭

છેલ્લા દિવસનો પ્રસ્તાવ ( નિયમ−૧૦૨)

જિંદગીની અંદર એક નવી આશા, નવી આકાંક્ષા, નવી અપેક્ષાનો માત્ર શાહબાનુના જીંદગીની અંદર સંચાર નથી થયો પરંતુ આ દેશની તલાક, તલાક, તલાકના કારણે હજારો, લાખો જે મુસ્લિમ મહિલાઓ હતી તેની અંદર પણ એક નવી આશાનો સંચાર થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, પરંતુ વખતના રાજકીય પ્રશાસકો, તે વખતના વડાપ્રધાન રાજીવ ગાંધીજીએ કાયદાકીય સુધારાથી પલટાવી દઈ મહિલા સ્વાતંત્ર્યને મુસ્લિમ મહિલાના હક્કોનો આપણને સૌને શરમ થાય એ રીતે મારે કહેવું છે કે વડાપ્રધાનશ્રી કક્ષાએ મહિલા હક્કોનો મૃત્યુ ઘંટ વગાડી દેવામાં આવ્યો અને એ મહિલા જેની આશા, આકાંક્ષા, અપેક્ષા હતી તેને બિચારી બાપડી બનાવી દેવામાં આવી. એટલું જ નહીં આ સુપ્રિમ કોર્ટના નિર્ણયની જે તે વખતના કેન્દ્રીય મંત્રી આરીફ મહંમદખાન જેમને પ્રશંસા કરી હતી તેને તાત્કાલિક પ્રધાન મંડળમાંથી બરતરફ કરવામાં આવ્યાં. તાત્કાલિક આ આખે આખી ઘટના તે લોકસભામાં કાયદો પસાર કર્યો અને આગામી એ નિર્ણય પછી બિહાર અને આસામની અંદર ચૂંટણીઓ આવવાની હતી. જો સુપ્રિમ કોર્ટના ચૂકાદાનું અર્થઘટનનું અમલીકરણ સરકાર કરે તો મુસ્લિમ મતો ના મળે, મૌલવીઓ નારાજ થાય, કાજીઓ નારાજ થાય એના કારણે મતોના આ તૃષ્ટીકરણની રાજનીતિના કારણે આ શાહબાનુનો સુપ્રિમ કોર્ટનો ઉત્તમ ચૂકાદો કેન્દ્ર સરકાર દ્વારા સ્વીકારવામાં ના આવ્યો.

માનનીય અધ્યક્ષશ્રી, આ સતત તલાક, તલાક, તલાકના ભારણ નીચે જીવતી કેટલીય મુસ્લિમ મહિલાઓને પોતે સવારથી સાંજ સુધી કઇ ઘડીએ એનો પતિ તલાક, તલાક, તલાક બોલીને તેને તેના જીવનથી અલગ કરી નાંખે એ સતત ચિંતા વચ્ચે જીવતી હોય છે. એક કવિએ કહ્યું છે કે, મુસ્લિમ મહિલાની વેદના શું હોય છે,

"" ऐसा करना तुम,
जब शाम को घर आओ तो
मुझे तुम्हारा इंतजार रहे, डर न लगे,
कही सब्जी में नमक कम पड जाने से,
या चाय में चीनी कम हो जाने से,
या फीर बोस की डांट पडी हो तो भी
गुस्से में आकर कहीं
तलाक , तलाक, तलाक, न बोल देना ---
डरती नहीं हु में मेरे भविष्य के लिये
मेरे बच्चों के भविष्य के लिये
या अल्लाह या तो ये कानुन बदल दें
भेज किसी फरिस्तों को ---
या तो समझना मेरे शोहर को
की ऐसा करे ---
शाम को जब घर लौटे तो
उसका इंतजार रहे -- डर न लगे ,
हर रोज रीन्यु करानी पडती है ये शादी
और प्रताडीत होती रहती हु मैं पुरा दिन ""

માનનીય અધ્યક્ષશ્રી, એક મુસ્લિમ મહિલાએ એની જે વેદના છે એ કવિએ પોતાના વિચારોની અંદર રજૂ કરી છે. આ તીન તલાકની નેસ્ત નાબૂદી માટે કૉમન સિવિલ કોડ બનાવો. એના સંદર્ભમાં પણ ભારતીય જનતા પાર્ટીના સ્પષ્ટ વિચારો છે. આ માત્ર હિંદુ હિતનો મુદ્દો નથી. આ મુસ્લિમ હિતનો મુદ્દો છે. કારણ કે, હજારો મુસ્લિમ બહેનો, સ્ત્રીઓ આ તલાક−તલાકનો શિકાર બને છે. હું કૉંગ્રેસ પક્ષને આધુનિક મહિલા વિરોધી તરીકે નવાજુ છું. જેમણે મુસ્લિમ મહિલાઓને વર્ષોથી માત્રને માત્ર મુસ્લિમ મૌલવીઓ અને કાઝીઓ નારાજ થાય અને આપણને મત ન મળે એના કારણે કૉંગ્રેસે ક્યારેય મુસ્લિમ મહિલાઓની ચિંતા નથી કરી. આજે દેશભરની અંદર તલાક −તલાકના મુદ્દાની સામે ૧૦ લાખ કરતા વધારે મહિલાઓએ અવાજ ઉઠાવ્યો છે. ધર્મના અને મુસ્લિમ પર્સનલ લો ના નેજા હેઠળ આજદિન સુધી ત્રિપલ તલાકની આ સિસ્ટમ ચાલતી રહી અને એના માટે મહિલાઓનું શોષણ થયું પરંતુ કોઇ ધર્મગુરૂ, કોઇ મૌલવી એ મુસ્લિમ મહિલાઓની પડખે ઊભા રહીને એને બંધ કરાવવા માટે નીકળ્યા નથી. પરંતુ દેશની પ્રજાનો અને ખાસ કરીને મુસ્લિમ મહિલાઓનો મિજાજ છે કે મુસ્લિમ પુરૂષ દ્વારા ત્રણવાર તલાક કહીને એને છૂટાછેડા આપવાની આ પ્રથા સદંતર બંધ કરવા માટે છે. ધર્મના નામે આ રીતે મુસ્લિમ સ્ત્રીઓ સાથે ભેદભાવ રખાય તેમજ શિક્ષતિ હોય કે અશિક્ષિત હોય મુસ્લિમ મહિલા ઇચ્છતી નથી તેથી જ આજે એની અંતર વેદના એ તલાક−તલાકની સામે છે. અન્ય સમાજની જેમ મુસ્લિમ સમાજમાં પણ સ્ત્રીનું ગૌરવ જળવાય અને જેમ આપણે પુરૂષ કે સ્ત્રી સમોવડી

ગણીએ છીએ એ પ્રમાણેની એમને ત્યાં પણ ભાવના રહેલ છે. આ આખી સંપૂર્ણ પરિસ્થિતિના મૂળમાં એ પર્સનલ લો છે અને પર્સનલ લો ના સંદર્ભમાં મુસ્લિમ સ્ત્રીઓને જ્યારે મુસ્લિમ પતિ દ્વારા એકમાત્ર તલાક, તલાક, તલાક શબ્દના આધારે છૂટાછેડા આપવામાં આવે ત્યારે એનું ગૌરવ અપમાનિત થાય છે અને એ અત્યંત દયનીય પરિસ્થિતિમાં મૂકાય છે. આની ઉપર બંધારણમાં આર્ટીકલ ૨૧ હેઠળ જીવન જીવવાનો જે મૂળભૂત અધિકાર આપ્યો છે એ માનવીય જીવનને માત્ર ભૌતિક અસ્તિત્વ નહિ પરંતુ આમુખમાં વ્યક્ત થયેલ આદર્શોને ચરિતાર્થ કરવા માટે, ગૌરવપૂર્ણ જિંદગી સાર્થક થાય એવું જીવન દરેક નાગરિકને મળે એટલે Dignity of decency સાથે જીવવાનો અધિકાર આપ્યો છે. Dissolution of muslim marriage act જ્યારે આવ્યો ત્યારે પણ એનો વ્યાપક વિરોધ કરાયો હતો. આજના પ્રસંગે હું ડો.બાબાસાહેબ આંબેડકરજીને યાદ કરું છું. ડો.બાબાસાહેબ આંબેડકરજીને એટલા માટે યાદ કરું છું કે, એમણે જ્યારે બંધારણની રચના કરી ત્યારે એ પણ Uniform civil codeને મૂળભૂત હક્કોના chapterમાં સમાવિષ્ટ કરવાના હતા. બંધારણની રચનાની જે પેટા સમિતિ હતી એમાં પણ ભારતના તમામ નાગરિકો માટે Common civil code સર્વાનુમતે સ્વીકારવામાં આવે. મતભેદ માત્ર એ બાબતનો હતો કે લાંબાગાળાના ધ્યેય તરીકે આને સ્વીકારવો એ રાષ્ટ્ર પોતે જ એનું સમયબદ્ધ રીતે અમલીકરણ કરે. આના સંદર્ભમાં નવ સભ્યોની એક સમિતિ બની હતી અને એ નવ સભ્યોની સમિતિમાં ડો. બાબાસાહેબ આંબેડકરજી, રાજકુમારી અમ્રિતા કૌર, મીનુ મસાણી, અલ્સા મહેતા આ બધા જ લોકો આ બાબતે કટિબદ્ધ હતા એ પાછળનો એમનો ઉદ્દેશ સામાજિક સમરસતા માટેનો હતો. આની પાછળ એ સમિતિએ એની નોંધમાં જણાવેલ છે કે, ભારતને રાષ્ટ્રવાદમાં આગળ વધતાં રોકતું કોઇ પરિબળ હોય તો એ ધર્મ આધારિત અસ્તિત્વમાં આવેલો પર્સનલ લો જ છે. આના કારણે વોટર ટાઇટ કમ્પાર્ટમેન્ટની જેમ જો બાંધી રાખીએ તો આપણે શાહબાનુના ચૂકાદાની અંદર પણ એનો ઉલ્લેખ થયેલો છે. ૧૯૭૧માં પહેલીવાર પુનામાં મુસ્લિમ વુમેન કોન્ફરન્સમાં યુનિફોર્મ સિવિલ કોડની માગણી થઇ હતી. માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહનું હું એ ધ્યાન દોરવા માગું છું કે, આ તલાકની પ્રથા, આ પ્રથાને કુરાને મંજૂરી આપી છે તેવી દલીલ કરવામાં આવે છે પણ કુરાનમાં ક્યાંય પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મુસ્લિમ પતિના એક પક્ષીય તલાક, તલાક, તલાક શબ્દના આધાર ઉપર છૂટાછેડા આપવાનું કુરાનની અંદર પણ ક્યાંય ઉલ્લેખ કર્યો નથી પણ આપણે જાણીએ છીએ કે, છાશવારે ફતવા થાય અને ફતવાના આધાર ઉપર સમગ્ર સમાજની અંદર આ પ્રમાણે નહીં કરો તો આમ થશે અને એના આધાર ઉપર જ અત્યારે ચાલી રહ્યું છે. આવા ફતવા દ્વારા એક બિન ઇસ્લામિક પ્રથાને ઇસ્લામનું સમર્થન મળે છે પણ આ માત્ર સમર્થન નથી પણ મુસ્લિમ મહિલાની વેદના વધારનારું છે. મારે આના સંદર્ભમાં જયારે માનનીય જગરૂપસિંહજી આ પ્રસ્તાવ લાવ્યા હતા તો મેં એક અભ્યાસ કર્યો કે વિશ્વના કેટલા દેશોની અંદર છે અને કેટલા દેશોની અંદર નથી પરંતુ હું એક રસપ્રદ માહિતી હું સન્માનનીય સભાગૃહમાં આપું છું કે, જેમ મુસ્લિમ કન્ટ્રીઝ છે. મોરક્કોમાં નથી. ટ્યુનિસિયામાં નથી, તુર્કીમાં નથી, ઇજીપ્તમાં નથી, જોર્ડનમાં નથી, ઇન્ડોનેશિયામાં નથી, પાકિસ્તાનમાં નથી, પાડોશી બાંગ્લાદેશમાં નહીં, અરે, પાકિસ્તાનની અંદર પણ તલાક, તલાક, તલાકનો મુદ્દો આજે અસ્તિત્વમાં નથી પરંતુ માત્રને માત્ર આપણા દેશની અંદર છે, આના સંદર્ભમાં ઇન્દિરાજી ગાંધીજીએ ૧૯૭૨માં માઇનોરીટી સેલની ગાંધીનગર ખાતે મિટિંગ હતી અને એ મિટિંગમાં એમણે કહ્યું હતું કે, તમે આ પર્સનલ લોના ફેરફારો કરો અને જેમ પારસીઓ બહુમતી સમાજની અંદર સંમ્મલિત થયા છે એ પ્રમાણે બદલાતા સમયની સાથે આપણે કરવું જોઇએ. મુસ્લિમ મતોની પરવા, લઘુમતીઓનું તૃષ્ટીકરણ અને બહુમતીના હક્કોની અવગણના, રાષ્ટ્રવાદની ભાવનાનો અભાવ જેવા દ્રષ્ટિકોણ ધરાવતી એ વખતની સરકારે આ આખો શાહબાનુ કેસનો ચૂકાદો અન્ય સ્વરૂપે કાયદામાં કર્યો છે. તે સી.પી.આઇ.ના ઇન્દ્રજીત ગુપ્તા અને ડી.એમ. કે. ના વી.ગોપાલન સ્વામી જેવા લોકોએ પણ સરકારના આ પગલાંને એમ કહીને કહ્યું હતું કે તમે આ શાહબાનુના સુપ્રિમના ચૂકાદાને જે બદલો છો એ કટ્ટરવાદી મુસ્લિમોના દબાણમાં આવી સરકાર આ બધુ કરી રહી છે. મીનુ મસાણીએ પીપલ્સ ફોરમ ફોર સિવિલ લીબ્રીટીના એક કાર્યક્રમમાં કહ્યું હતું કે, પર્સનલ લો એન્ડ શાહબાનુ જજમેન્ટ ઉપર એમણે પ્રવચન આપ્યું હતું અને એ પ્રવચનમાં જણાવ્યું હતું કે, દેશના પ્રધાન મંત્રીએ ઉચ્ચ ન્યાયાલયના ચૂકાદા સામે સહેજપણ સન્માન દર્શાવ્યા વિના કટ્ટરવાદી મુસ્લિમોના દબાણ હેઠળ કરેલી આ કાર્યવાહી છે આની સામે હું આજે યાદ કરાવવા માગું છું કે, આ દેશના પૂર્વ વડાપ્રધાન માનનીયશ્રી અટલબિહારી વાજપાઇજીએ પંડિત દીનદયાલ ઉપાધ્યાય વિચાર સાધનાના પુસ્તકના વિમોચન વખતે તા. ૮મી માર્ચ, ૧૯૮૬ના રોજ કહ્યું હતું કે, શાહબાનુ કેસમાં ઉભો કરવામાં આવી રહેલો વિવાદ એ બિન જરૂરી છે. અલગ અલગ ધર્મો સાથે જોડાયેલી સ્ત્રીઓ અલગ અલગ હકો ભોગવે તે બાબત જ વિચારી શકાય તેવી નથી. માનનીય સુપ્રિમ કોર્ટના જસ્ટીસ વી.ડી.તુલજાપુર્કરે કહ્યું છે કે ૧૯૮૬માં યુનિર્ફોમ સિવિલ કોડના સેમીનારનું ઉદ્દ્ઘાટન કરતા છૂટાછેડા લીધેલ મુસ્લિમ સ્ત્રીઓને રક્ષણ અપાવાનો ભ્રમ ઉભું કરતુ આ વિધેયક વ્હીપના જોરે કદાચ લોકસભામાં પસાર કરવામાં સફળ થશે પરંતુ મુસ્લિમ સ્ત્રીઓની સમાજમાં બદ હાલત આ વિધેયક દ્વારા થવાની છે. મીનુ મસાણીએ પણ સ્પષ્ટ ઉલ્લેખો કરેલા કે થોડા મુસ્લિમ વોટ માટે લેવાયેલું પગલું લાંબા ગાળે જાગૃત મુસ્લિમ મહિલાઓના તમામ વોટ ગુમાવશે. આજે ઉત્તર પ્રદેશ હોય, ઉત્તરાખંડ હોય ત્યાંની મહિલાઓ જાગૃત થઇ છે એના કારણે એણે કોંગ્રેસને જાકારો આપ્યો છે. આજે વિશ્વના ૨૧ દેશોએ શરિયતના દાયરામાં રહીને તલાકના કાયદામાં સુધારો કર્યો છે. જો ઇસ્લામિક દેશો કરી શકતા હોય તો આપણે લોકશાહીને વરેલો અને આપણો સેકયુલર ફેબ્રીકસ ધરાવતો દેશ છે એ આમાં સુધારો કરે અને મુસ્લિમ પર્સનલ લો આનો શા માટે વિરોધ કરે એ ખબર નથી પડતી. સુપ્રિમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયધીશ વી.આર. કિષ્નાઆયરે બહું સરસ કહ્યું છે. રાષ્ટ્રીય એકતા માટે યુનિફોર્મ સિવિલ કોડ જરૂરી છે. એક દેશ, એક રાષ્ટ્ર એક નાગરિકત્વ અને એક

કાયદાકીય પદ્ધતિ એ જ પ્રવર્તમાન સમસ્યાનો ઉલ્લેખ છે. જાણીતા એક પત્રકારશ્રીએ કહ્યું છે કે મુસ્લિમ લો એ કુરાન કરતા કાજીઓનું ક્રીએશન છે. આ ઇસ્લામિક રાષ્ટ્રમાં નથી એ પ્રમાણેની ઘટના અને એના માધ્યમથી આ દેશની મુસ્લિમ મહિલાઓની આ પરિસ્થિતિ ભારતીય જનતા પાર્ટીની આ સરકારને કોઇપણ પ્રસંગે એ સ્વીકાર્ય નથી. એકબાજુ મુસ્લિમ તૃષ્ટીકરણ ધરાવતી આ કોંગ્રેસની વિચારધારા અને એકબાજુ સૌનો સાથ અને સૌનો વિકાસના મંત્રના આધાર ઉપર ચાલતી ભારતીય જનતા પાર્ટીની સરકાર, સવાલ આ વિચારધારાનો છે. અમે સૌ રાષ્ટ્રવાદી વિચારધારાને વરેલા લોકો છીએ. અમે સૌ આ પ્રમાણેના મુસ્લિમ મહિલાના શોષણને કોઇપણ પ્રકારે સ્વીકારવા તૈયાર નથી ત્યારે બૌધિક મુસ્લિમ પુરુષોએ આ બાબતમાં પહેલ કરવી પડે અને મુસ્લિમ સમાજમાંથી ત્રીપલ તલાકના દૂષણને હટાવવા માટે જનમત કેળવવો પડે અને રાષ્ટ્રના મુખ્ય પ્રવાહમાં મુસ્લિમ સમાજ ભળે એ માટે પહેલ કરવી પડે. આપણે જાણીએ છીએ કે છાસવારે ઇસ્લામ ખતરે મે હૈ એવા નારા સાથે મુસ્લિમ બંધુઓની ઉશ્કેરણી કરીને અનેક મૌલાનાઓને આ મુસ્લિમોને ઝીણા બનાવવાનો પ્રયાસ કરેલો છે. પરંતુ આવા કટ્ટરપંથીઓએ પોતાના સમાજ પર પકડ જમાવી રાખવા આવા મુદ્દાને સળગતો રાખે છે. ત્યારે માનનીય જગરૂપસિંહે આ મુદ્દો ઉપસ્થિત કર્યો છે અને ભારતીય જનતા પાર્ટી સાથે જયારે ભારતની વાત થાય છે ત્યારે એક રાષ્ટ્રની વાત થાય છે. અમારા શ્યામા પ્રસાદ મુખરજી એ પણ જયારે યાત્રા લઇને નીકળ્યા હતા ત્યારે કહ્યું એક દેશ દો વિધાન દો સંવિધાન નહિ ચલેગા નહિ ચલેગા. આ શ્યામા પ્રસાદ મુખરજીથી આજદિન સુધી આ વિચારધારા ઉપર આ લડાઇ ચાલી રહી છે. આજના પ્રસંગે મારે એટલું જ કહેવું છે કે શું આપણે આ તલાકનો વિષય એ માત્ર મુસ્લિમ  સમાજ ઉપર જ છોડી દઇશું. શું એક રાષ્ટ્ર તરીકે સરકારની ફરજ નથી કે મુસ્લિમ નારી પણ સમાજમાં ગૌરવપૂર્વક જીવી શકે. શું આપણે જડ સામાજિક વ્યવસ્થાને ચાલુ રાખીશું કે બદલાવ કરીશું. શું આ બાબતે સુધારાત્મક પગલાં મુસ્લિમોના લગ્ન વિષયક બાબતોમાં હસ્તક્ષેપ કહી શકાય? આ બધું માત્રને માત્ર વરસો સુધી જેણે તૃષ્ટીકરણની રાજનીતિ કરી છે એ તૃષ્ટીકરણની  રાજનીતિના આધાર ઉપર આ દેશમાં વર્ષો સુધી જેને શાસન કર્યું છે.  આ તલાક તલાક તલાક એ કોંગ્રેસની દેન છે. આ તલાક તલાક તલાક એ મુલ્લાઓની સામે એક અસરદાર પક્ષ તરીકે, સરકાર તરીકે જો એમણે ભૂતકાળમાં જનમત જાગૃત કર્યો હોત તો આ દેશની મુસ્લિમ મહિલાઓની આજે આ પરિસ્થિતિ ન થાત. માનનીય જગરૂપસિંહ રાજપૂતે સંવેદનાપૂર્ણ રીતે મુસ્લિમ મહિલાઓને તલાક તલાક તલાકના કારણે પડતી સમસ્યાઓના સમાધાન માટે આ સન્માનનીય સભાગૃહની અંદર જે પ્રસ્તાવ લઇને આવ્યા છે, હું સરકાર તરીકે કહું છું કે એમની વાતનો હાર્દ છે, ચોક્કસ એ દિશામાં મુસ્લિમ મહિલાઓને થતાં અન્યાયો, અત્યાચારો, એમની વેદના અને તેમની જીંદગી તેમાં સુધારા થાય તેના માટે સરકાર તેમની ચિંતા સાથે, એમની વાત  સાથે, તેના હાર્દ સાથે અમે  સંમત છીએ.

અધ્યક્ષશ્રી : ચર્ચા પૂરી થાય છે. નેકસ્ટ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ૨૨ ફેબ્રુઆરીથી શરૂ કરીને આજે ૩૧ માર્ચ સુધી આપની અધ્યક્ષતામાં ગુજરાત વિધાનસભાની ૩૦ બેઠકો મળી છે. જેમાં આ ગૃહના સર્વે માનનીય સભ્યશ્રીઓ દ્વારા દરેક વિષય ઉપર વ્યાપક ચર્ચા-વિચારણા કરવામાં આવી છે. ગુજરાત સરકારનું પ્રજાલક્ષી બજેટ પણ આ સત્ર દરમ્યાન મંજૂર કરવામાં આવ્યું છે. અનેક નવા ઐતિહાસિક કાયદાઓ આપની અધ્યક્ષતા નીચે આ સન્માનનીય ગૃહે મંજૂર કર્યા છે અને નાની-મોટી રાજકીય ટીકા-ટિપ્પણ સિવાય મોટે ભાગે તમામ દિવસો દરમ્યાન બધા જ માનનીય સભ્યશ્રીઓએ આ ગૃહની કામગીરીમાં સારી રીતે શાંતિથી ભાગ લીધો છે. સરકાર પક્ષ અને વિપક્ષ બન્નેએ શક્ય તેટલો સંકલન કરવાનો પ્રયત્ન કર્યો છે અને જયાં જયાં ત્રુટિ રહેતી હતી, જયાં જયાં મતભેદ ઉભો થતો હતો ત્યાં આપે આપની કુશળ વહીવટી શક્તિથી, પ્રેમથી, સમજાવટથી અને જરૂર પડે આપને વિનંતી કરવી પડે તો વિનંતી કરીને પણ આ ગૃહને ખૂબ સારી રીતે સુપેરે ચલાવ્યું છે. આજે આ સત્રની આ છેલ્લી બેઠક છે. આમ તો સાહેબ, અમે આપને પત્ર લખીને જી.એસ.ટી. કાયદા માટે ટૂંક સમયમાં જ એક દિવસનું સત્ર બોલાવવા માટે સરકાર તરફથી વિનંતી કરવાના છીએ. કારણ કે ભારત સરકાર તરફથી જી.એસ.ટી.નો કાયદો મંજૂર થઇ ચૂક્યો છે પરમ દિવસે,  એટલે હવે ગુજરાત સરકારે પણ આપણો જે કાયદો છે એ મંજૂર કરવા માટેની કાયદાકીય વૈધાનિક પ્રક્રિયા કરવાની છે. એ અલગ વિષય છે પણ સાહેબ, આ સર્વ દિવસો દરમ્યાન આપે અમારા ઉપર કૃપા દૃષ્ટિ રાખી બધા સભ્યોને પ્રેમથી જે માર્ગદર્શન આપ્યું છે એ બદલ અમારા સૌ માનનીય સભ્યો તરફથી, અમારી સરકાર તરફથી આપનો અમે ખૂબ ખૂબ આભાર માનીએ છીએ. આપનો વિધાનસભા-સચિવાલયનો સ્ટાફ છે તેમણે પણ ખૂબ ઝડપથી જરૂરિયાત પ્રમાણે સંકલન કરી દરેક જગ્યાએ ખૂબ સારી રીતે રાત-દિવસ પ્રશ્નોત્તરી હોય, ચર્ચા-વિચારણા હોય કે સરકારના કે વિધાનસભાના રેકર્ડ આપવાના હોય એ બધું જ સમયસર અમને પૂરું પાડીને ખૂબ સુંદર રીતે કામગીરી કરી છે એટલે વિધાનસભાના સચિવશ્રી અને તમામ કર્મચારી-અધિકારી ભાઇ બહેનોનો અમે સભ્યશ્રીઓ આભાર માનીએ છીએ અને આપણાં સાર્જન્ટ ભાઇઓ જે આખા ગૃહની સિકયોરિટી વ્યવસ્થા જેમણે સાચવી છે. એમણે થોડી અફડાતફડી હોય તો પણ સંતુલન રાખીને જે રીતે સન્માનપૂર્વક દરેક કાર્યવાહી કરાવી છે એમ બધી જ રીતે આપના નેતૃત્વમાં આ સત્ર ખૂબ સારી રીતે, શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થયું છે. એ બદલ સરકાર વતી અમારા સૌ સભ્યો વતી આપનો સૌનો અમે ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

ચૈત્ર ૧૦, ૧૯૩૯ શાકે

અતારાંકિત પ્રશ્નોત્તરી (નિયમ-૮૭-ક)

અતારાંકિત પ્રશ્નોત્તરી

નિયમ-૮૭(ક) અન્વયે- અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો

સચિવશ્રી : માનનીય અધ્યક્ષશ્રી, હું જેના લેખિત જવાબો સત્ર દરમિયાન મળ્યા છે પણ સમયના અભાવે સભ્યશ્રીને મોકલી શકાયા નથી તેવા ૨૩ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૮૭(ક) અન્વયે સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૮૭(ક) અન્વયે તા.૩૧/૩/૨૦૧૭ ના રોજ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવેલ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબોની યાદી

| ક્રમ | સભ્યશ્રીનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | શ્રી મણીલાલ વાઘેલા | ૭૯૨૦ | ૦૧ |
| ૨ | શ્રી પુંજાભાઇ વંશ | ૯૦૩૦ | ૦૧ |
| ૧ | શ્રી પ્રહલાદભાઇ પટેલ | ૧૦૬૬૫ | ૦૧ |
| ૨ | શ્રી રામસિંહ પરમાર | ૯૫૮૯ | ૦૧ |
| ૩ | શ્રી જવાહરભાઇ ચાવડા | ૧૦૬૯૬ | ૦૧ |
| ૪ | શ્રી બલવંતસિંહ રાજપૂત | ૮૯૭૨ | ૦૧ |
| ૫ | શ્રી સી. કે. રાઉલજી | ૧૦૦૪૯, ૧૦૦૭૮ | ૦૨ |
| ૬ | શ્રી મેરામણભાઇ આહીર | ૯૮૯૭, ૯૯૦૦ | ૦૨ |
| ૭ | શ્રી મહેન્દ્રસિંહ બારૈયા | ૧૦૩૮૨, ૧૦૩૯૨, ૧૦૩૯૩, ૧૧૭૨૮ | ૦૪ |
| ૮ | શ્રી પરેશ ધાનાણી | ૭૭૫૨, ૭૮૦૦, ૮૪૨૬, ૮૪૮૧, ૮૫૦૩ | ૦૫ |
| ૯ | શ્રી શૈલેષ પરમાર | ૧૧૩૫૪, ૧૧૬૬૭, ૧૧૬૬૮, ૧૧૬૭૩, ૧૧૬૮૬, ૧૧૬૯૩ | ૦૬ |
| ૧૦ | શ્રી ગ્યાસુદીન શેખ | ૧૦૮૮૮, ૧૦૯૨૪, ૧૧૦૫૮, ૧૧૦૬૦, ૧૧૦૭૧, ૧૧૦૮૫, ૧૧૦૯૬, ૧૧૧૧૨, ૧૧૧૧૭, | ૦૯ |
| ૧૧ | શ્રી શક્તિસિંહજી ગોહેલ | ૭૯૪૬, ૮૦૫૯, ૯૩૩૬, ૯૭૫૭, ૯૭૯૨, ૧૦૩૦૨, ૧૦૩૨૧, ૧૦૫૦૪, ૧૦૬૬૬, ૧૧૦૨૯, ૧૧૦૩૪ | ૧૧ |
| ૧૨ | શ્રી રાઘવજી પટેલ | ૫૯૪૩, ૮૯૧૦, ૯૫૧૬, ૯૬૫૫, ૯૭૦૦, ૯૭૪૦, ૧૦૬૫૪, ૧૦૮૧૬, ૧૦૮૩૬, ૧૦૮૪૬, ૧૦૮૫૫, ૧૦૯૯૨, ૧૧૬૩૮ | ૧૩ |
| ૧૩ | ડૉ. તેજશ્રીબેન પટેલ | ૧૦૭૨૩, ૧૦૭૩૫, ૧૦૭૩૭, ૧૧૧૬૪, ૧૧૧૬૬, ૧૧૧૭૧, ૧૧૨૦૬, ૧૧૨૧૩, ૧૧૨૨૯, ૧૧૨૬૧, ૧૧૨૬૯, ૧૧૨૭૫, ૧૧૩૧૧, ૧૧૩૨૮, ૧૧૩૯૫, ૧૧૩૯૬, ૧૧૪૧૦, ૧૧૪૧૧, ૧૧૪૪૭, ૧૧૪૯૧, ૧૧૫૧૯, ૧૧૫૨૦, ૧૧૫૩૧, ૧૧૫૪૪, ૧૧૫૪૯, ૧૧૫૫૮, ૧૧૫૬૨, ૧૧૫૬૩, ૧૧૫૬૭, ૧૧૬૨૮ | ૩૦ |
| | | કુલ | ૮૮ |

રાજ્યમાં માહિતી કમિશ્નરો બાબત

અતારાંકિતઃ ૭૯૨૦ (૧૮-૦૭-૨૦૧૬) શ્રી મણીલાલ વાઘેલા (વડગામ): માનનીય મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦.૦૪.૨૦૧૬ ની સ્થિતિએ રાજ્ય માહિતી આયોગમાં કુલ કેટલા માહિતી કમિશ્નરોની જગ્યા ભરાયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા માહિતી કમિશ્નરોની ઘટ છે, અને

(૩) આ ઘટને પુરવા માટે રાજ્ય સરકારે શું શું આયોજન કરેલ છે?

મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ): (૨૮-૦૩-૨૦૧૭)

(૧) એક મુખ્ય માહિતી કમિશ્નર અને ત્રણ રાજ્ય માહિતી કમિશ્નર મળીને કુલ ૪ (ચાર) જગ્યા ભરાયેલ છે.

(૨) રાજ્ય માહિતી કમિશ્નરની એક જગ્યા ખાલી હતી.

(૩) તા.૨૪.૦૮.૨૦૧૬ ના જાહેરનામાથી રાજ્ય માહિતી કમિશ્નરની ખાલી જગ્યા પર નિમણૂક કરી દેવામાં આવી છે.

## તા.૩૧મી માર્ચ, ૨૦૧૭
## અતારાંકિત પ્રશ્નોત્તરી (નિયમ-૮૭-ક)

--------

### રાજ્યમાં માહિતી કમિશ્નરો

અતારાંકિતઃ ૧૧૩૫૪ (૦૩-૦૧-૨૦૧૭) શ્રી શૈલેષભાઇ પરમાર (દાણી લીમડા): માનનીય મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧.૧૦.૨૦૧૬ ની સ્થિતિએ રાજ્યમાં કેટલા માહિતી કમિશ્નરો છે,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા માહિતી કમિશ્નરોની ઘટ છે, અને

(૩) ઉક્ત ઘટને નિવારવા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે મુખ્યત્વે શા પગલાં લીધા?

મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ): (૨૦-૦૩-૨૦૧૭)

(૧) મુખ્ય માહિતી કમિશનર-૧ (એક)
રાજ્ય માહિતી કમિશ્નર-૪ (ચાર)

(૨) ઉક્ત સ્થિતિએ માહિતી કમિશ્નરની ઘટ નથી.

(૩) ઘટ ન હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

### રાજ્ય સરકારના, કેન્દ્ર સરકાર સમક્ષ પડતર પ્રશ્નો

અતારાંકિતઃ ૧૧૩૯૬ (૦૩-૦૧-૨૦૧૭) ર્ડા. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦.૧૧.૨૦૧૬ ની સ્થિતિએ રાજ્ય સરકારના મુખ્યત્વે કેટલા પ્રશ્નો કેન્દ્ર સરકાર સમક્ષ પડતર છે,

(૨) તે પૈકી કેટલા પ્રશ્નોનો ઉકેલ ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ બાકી રહેલ પડતર પ્રશ્નોના ઉકેલ માટે રાજ્ય સરકાર દ્વારા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું દરખાસ્ત કરવામાં આવી?

મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ): (૩૧-૦૩-૨૦૧૭)

(૧) તા.૩૦.૧૧.૨૦૧૬ ની સ્થિતિએ રાજ્ય સરકારના મુખ્યત્વે ૪૬ પ્રશ્નો કેન્દ્ર સરકાર સમક્ષ પડતર છે.

(૨) તા.૩૦.૧૧.૨૦૧૬ ની સ્થિતિએ જે પ્રશ્નો પડતર હતા તેનો ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં નિકાલનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત સ્થિતિએ બાકી રહેલ પડતર પ્રશ્નો અંગે રાજ્ય સરકારના જુદા જુદા સંબંધિત વિભાગો દ્વારા સમયાંતરે કેન્દ્ર સરકારના સંબંધિત વિભાગને સ્મૃતિપત્ર પાઠવેલ છે. સંબંધિત વિભાગના અધિકારીઓ દ્વારા ભારત સરકારના વિભાગોની રૂબરૂ મુલાકાત લેવામાં આવેલ છે, રાજ્ય સરકારના સંબંધિત મા.મંત્રીશ્રીઓ દ્વારા પણ પત્રો દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ છે તેમ જ મા.મંત્રીશ્રીઓ અને વરિષ્ઠ અધિકારીશ્રીઓ દ્વારા દિલ્હીની મુલાકાત લઇ સંબંધિત મંત્રાલયના અધિકારીઓ/મા.મંત્રીશ્રી સાથે બેઠક કરીને રજૂઆત કરવામાં આવેલ છે.

--------

### સહકાર પ્રભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓનું સંવર્ગવાર મંજૂર મહેકમ

અતારાંકિતઃ ૧૧૧૧૨ (૦૬-૦૧-૨૦૧૭) શ્રી ગ્યાસુદીન શેખ (દરિયાપુર): માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦.૧૧.૨૦૧૬ ની સ્થિતિએ રાજ્ય સહકાર પ્રભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે અને ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા): (૨૭-૦૩-૨૦૧૭)

(૧) તા.૩૦.૧૧.૨૦૧૬ ની સ્થિતિએ રાજ્યના સહકાર પ્રભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર મહેકમ નીચે મુજબ છે,

૧. સહકાર પ્રભાગ, સચિવાલય, ગાંધીનગરઃ-

| ક્રમ | સંવર્ગનું નામ | મંજૂર થયેલ મહેકમ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | સચિવશ્રી (પ. પા. ગૌસંવર્ધન, મત્સ્યો અને સહકાર) | ૦૧ |

| | | |
|---|---|---|
| ૨ | નાયબ સચિવ | ૦૩ |
| ૩ | ઉપસચિવ | ૦૨ |
| ૪ | અગ્ર રહસ્ય સચિવ, વર્ગ–૧ | |
| | ગુજરાતી | ૦૦ |
| | અંગ્રેજી | ૦૦ |
| ૫ | સેકશન અધિકારી, વર્ગ–૨ | ૦૫ |
| ૬ | રહસ્ય સચિવ, વર્ગ–૨ | |
| | ગુજરાતી | ૦૦ |
| ૭ | નાયબ સેકશન અધિકારી | ૧૮ |
| ૮ | ઓફિસ આસીસ્ટન્ટ | ૦૦ |
| ૯ | અંગત મદદનીશ | |
| | ગુજરાતી | ૦૩ |
| ૧૦ | ડ્રાઇવર | ૦૧ |
| ૧૧ | હવાલદાર | ૦૦ |
| ૧૨ | નાયક | ૦૦ |
| ૧૩ | પટાવાળા | ૧૧ |
| ૧૪ | હમાલ | ૦૧ |
| | કુલ | ૪૫ |

૨. રજિસ્ટ્રારશ્રી, સ. મં. ઓ. ગાંધીનગરની કચેરીઃ–

| ક્રમ | સંવર્ગનું નામ | મંજૂર થયેલ મહેકમ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | રજીસ્ટ્રાર આઇ.એ.એસ | ૦૧ |
| ૨ | અધિક રજીસ્ટ્રાર | ૦૫ |
| ૩ | સંયુક્ત રજીસ્ટ્રાર (ઉપલી કક્ષા) વર્ગ–૧ | ૨૮ |
| ૪ | જિલ્લા રજીસ્ટ્રાર, વર્ગ–૧ | ૯૦ |
| ૫ | મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, વર્ગ–૨ | ૧૭૮ |
| | બિનરાજ્યપત્રિત વર્ગ–૩ | |
| ૬ | કાર્યાલય અધિક્ષક | ૨૩૫ |
| ૭ | હેડક્લાર્ક | ૫૯૫ |
| ૮ | સીનીયર ક્લાર્ક | ૮૪૨ |
| ૯ | જુનીયરલ ક્લાર્ક | ૭૩૧ |
| ૧૦ | ડ્રાઇવર | ૨૬ |
| ૧૧ | પટાવાળા, વર્ગ–૪ | ૪૮૨ |
| | કુલ | ૩૨૧૩ |

૩. ગુજરાત રાજ્ય સહકારી ટ્રીબ્યુનલ, અમદાવાદની કચેરીઃ–

| ક્રમ | સંવર્ગનું નામ | મંજૂર થયેલ મહેકમ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | પ્રમુખશ્રી વર્ગ–૧ | ૦૧ |
| ૨ | સભ્યશ્રી વર્ગ–૧ | ૦૩ |
| ૩ | રજીસ્ટ્રારશ્રી વર્ગ–૨ | ૦૧ |
| ૪ | ગુજ. સ્ટેનો ગ્રેડ–૧ વર્ગ–૨ | ૦૧ |
| ૫ | ગુજ. સ્ટેનો ગ્રેડ–૨ વર્ગ–૩ | ૦૧ |
| ૬ | અંગ્રેજી સ્ટેનો ગ્રેડ–૨ વર્ગ–૩ | ૦૨ |
| ૭ | સીનીયર ક્લાર્ક વર્ગ–૩ | ૦૩ |
| ૮ | જુનીયર ક્લાર્ક વર્ગ–૩ | ૦૩ |

| | | |
|---|---|---|
| ૯ | ગુજરાતી ટાઈપીસ્ટ વર્ગ-૩ | ૦૨ |
| ૧૦ | નાયક વર્ગ-૪ | ૦૧ |
| ૧૧ | પટાવાળા વર્ગ-૪ | ૦૪ |
| | કુલ | ૨૨ |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર ભરાયેલ જગ્યાઓ નીચે મુજબ છે.

૧. સહકાર પ્રભાગ, સચિવાલય, ગાંધીનગરઃ-

| ક્રમ | સંવર્ગનું નામ | ભરાયેલ જગ્યાઓની મહેકમ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | સચિવશ્રી (પ. પા. ગૌસંવર્ધન, મત્સ્યો અને સહકાર) | ૦૧ |
| ૨ | નાયબ સચિવ | ૦૨ |
| ૩ | ઉપસચિવ | ૦૨ |
| ૪ | અગ્ર રહસ્ય સચિવ, વર્ગ-૧ | |
| | ગુજરાતી | ૦૦ |
| | અંગ્રેજી | ૦૦ |
| ૫ | સેકશન અધિકારી, વર્ગ-૨ | ૦૫ |
| ૬ | રહસ્ય સચિવ, વર્ગ-૨ | |
| | ગુજરાતી | ૦૦ |
| ૭ | નાયબ સેકશન અધિકારી | ૦૯ |
| ૮ | ઓફિસ આસીસ્ટન્ટ | ૦૦ |
| ૯ | અંગત મદદનીશ | |
| | ગુજરાતી | ૦૧ |
| ૧૦ | ડ્રાઈવર | ૦૧ |
| ૧૧ | હવાલદાર | ૦૦ |
| ૧૨ | નાયક | ૦૦ |
| ૧૩ | પટાવાળા | ૦૨ |
| ૧૪ | હમાલ | ૦૧ |
| | કુલ | ૨૪ |

૨. રજિસ્ટ્રારશ્રી, સ. મં. ઓ. ગાંધીનગરની કચેરીઃ-

| ક્રમ | સંવર્ગનું નામ | ભરાયેલ જગ્યાઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | રજીસ્ટ્રાર આઈ.એ.એસ | ૦૧ |
| ૨ | અધિક રજીસ્ટ્રાર | ૦૩ |
| ૩ | સંયુક્ત રજીસ્ટ્રાર (ઉપલી કક્ષા) વર્ગ-૧ | ૨૦ |
| ૪ | જિલ્લા રજીસ્ટ્રાર, વર્ગ-૧ | ૪૫ |
| ૫ | મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, વર્ગ-૨ | ૫૧ |
| | બિનરાજ્યપત્રિત વર્ગ-૩ | |
| ૬ | કાર્યાલય અધિક્ષક | ૧૬૨ |
| ૭ | હેડકલાર્ક | ૩૧૬ |
| ૮ | સીનીયર ક્લાર્ક | ૬૮૬ |
| ૯ | જુનીયરલ ક્લાર્ક | ૪૭૩ |
| ૧૦ | ડ્રાઈવર | ૧૨ |
| ૧૧ | પટાવાળા, વર્ગ-૪ | ૨૨૨ |
| | કુલ | ૧૯૯૧ |

૩. ગુજરાત રાજ્ય સહકારી ટ્રીબ્યુનલ, અમદાવાદની કચેરીઃ-

| ક્રમ | સંવર્ગનું નામ | ભરાયેલ જગ્યાઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | પ્રમુખશ્રી વર્ગ-૧ | ૦૧ |
| ૨. | સભ્યશ્રી વર્ગ-૧ | ૦૩ |
| ૩. | રજીસ્ટ્રારશ્રી વર્ગ-૨ | ૦૧ |
| ૪. | ગુજ. સ્ટેનો ગ્રેડ-૧ વર્ગ-૨ | ૦૧ |
| ૫. | ગુજ. સ્ટેનો ગ્રેડ-૨ વર્ગ-૩ | ૦૧ |
| ૬. | અંગ્રેજી સ્ટેનો ગ્રેડ-૨ વર્ગ-૩ | ૦૦ |
| ૭. | સીનીયર ક્લાર્ક વર્ગ-૩ | ૦૨ |
| ૮. | જુનીયર ક્લાર્ક વર્ગ-૩ | ૦૨ |
| ૯. | ગુજરાતી ટાઇપીસ્ટ વર્ગ-૩ | ૦૧ |
| ૧૦. | નાયક વર્ગ-૪ | ૦૦ |
| ૧૧. | પટાવાળા વર્ગ-૪ | ૦૪ |
| | કુલ | ૧૬ |

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર ખાલી જગ્યાઓની વિગતો તથા તે ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે તેની વિગતો નીચે મુજબ છે.

૧. સહકાર પ્રભાગ, સચિવાલય, ગાંધીનગરઃ-

| ક્રમ | સંવર્ગનું નામ | ખાલી જગ્યાની સંખ્યા | ખાલી જગ્યાઓ ક્યારે ભરવાનુ આયોજન છે? |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | સચિવશ્રી (પ. પા. ગૌસંવર્ધન, મત્સ્યો અને સહકાર) | ૦૦ | સચિવાલય સંવર્ગની તમામ જગ્યાઓ ભરવાની કામગીરી સામાન્ય વહીવટ વિભાગ દ્વારા કરવામાં આવે છે. આથી સામાન્ય વહીવટ વિભાગ તરફથી અધિકારી/ કર્મચારીઓની ફાળવણી થયેથી ખાલી જગ્યાઓ ભરી શકાશે. |
| ૨ | નાયબ સચિવ | ૦૧ | |
| ૩ | ઉપસચિવ | ૦૦ | |
| ૪ | અગ્ર રહસ્ય સચિવ, વર્ગ-૧ | | |
| | ગુજરાતી | ૦૦ | |
| | અંગ્રેજી | ૦૦ | |
| ૫ | સેકશન અધિકારી, વર્ગ-૨ | ૦૦ | |
| ૬ | રહસ્ય સચિવ, વર્ગ-૨ | | |
| | ગુજરાતી | ૦૦ | |
| ૭ | નાયબ સેકશન અધિકારી | ૦૯ | |
| ૮ | ઓફિસ આસીસ્ટન્ટ | ૦૦ | |
| ૯ | અંગત મદદનીશ | | |
| | ગુજરાતી | ૦૨ | |
| ૧૦ | ડ્રાઇવર | ૦૦ | |
| ૧૧ | હવાલદાર | ૦૦ | |
| ૧૨ | નાયક | ૦૦ | |
| ૧૩ | પટાવાળા | ૦૯ | |
| ૧૪ | હમાલ | ૦૦ | |
| | કુલ | ૨૧ | |

૨. રજિસ્ટ્રારશ્રી, સ.મં.ઓ. ગાંધીનગરની કચેરીઃ-

| ક્રમ | સંવર્ગનું નામ | ખાલી જગ્યાઓની | ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? |
|---|---|---|---|

| | | સંખ્યા | |
|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. |
| ૧. | રજીસ્ટ્રાર આઈ.એ.એસ. | ૦૦ | વહીવટી કારણોસર જગ્યાઓ ખાલી રહેવા પામેલ છે, જે પ્રક્રિયા પૂર્ણ થયેથી આવી ખાલી જગ્યાઓ ભરવામાં આવશે. |
| ૨. | અધિક રજીસ્ટ્રાર | ૦૨ | |
| ૩. | સંયુક્ત રજીસ્ટ્રાર (ઉપલી કક્ષા) વર્ગ-૧ | ૦૮ | |
| ૪ | જિલ્લા રજીસ્ટ્રાર, વર્ગ-૧ | ૪૫ | |
| ૫. | મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, વર્ગ-૨ | ૧૨૭ | |
| | બિનરાજ્યપત્રિત વર્ગ-૩ | | |
| ૬. | કાર્યાલય અધિક્ષક | ૭૩ | |
| ૭. | હેડ કલાર્ક | ૨૭૯ | |
| ૮. | સીનીયર કલાર્ક | ૧૫૬ | |
| ૯. | જુનીયર કલાર્ક | ૨૫૮ | |
| ૧૦. | ડ્રાઈવર | ૧૪ | |
| ૧૧. | પટાવાળા, વર્ગ-૪ | ૨૬૦ | |
| | કુલ | ૧૨૨૨ | |

૩. ગુજરાત રાજ્ય સહકારી ટ્રીબ્યુનલ, અમદાવાદની કચેરીઃ-

| ક્રમ | સંવર્ગનું નામ | ખાલી જગ્યાઓની સંખ્યા | ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? |
|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. |
| ૧. | પ્રમુખશ્રી વર્ગ-૧ | ૦૦ | |
| ૨. | સભ્યશ્રી વર્ગ-૧ | ૦૦ | વહીવટી કારણોસર જગ્યાઓ ખાલી રહેવા પામેલ છે, જે પ્રક્રિયા પૂર્ણ થયેથી આવી ખાલી જગ્યાઓ ભરવામાં આવશે. |
| ૩. | રજીસ્ટ્રારશ્રી વર્ગ-૨ | ૦૦ | |
| ૪ | ગુજ. સ્ટેનો ગ્રેડ-૧ વર્ગ-૨ | ૦૦ | |
| ૫. | ગુજ. સ્ટેનો ગ્રેડ-૨ વર્ગ-૩ | ૦૦ | |
| ૬. | અંગ્રેજી સ્ટેનો ગ્રેડ-૨ વર્ગ-૩ | ૦૨ | |
| ૭. | સીનીયર કલાર્ક વર્ગ-૩ | ૦૧ | |
| ૮. | જુનીયર કલાર્ક વર્ગ-૩ | ૦૧ | |
| ૯. | ગુજરાતી ટાઈપીસ્ટ વર્ગ-૩ | ૦૧ | |
| ૧૦. | નાયક વર્ગ-૪ | ૦૧ | |
| ૧૧. | પટાવાળા વર્ગ-૪ | ૦૦ | |
| | કુલ | ૦૬ | |

--------

રાજ્યમાં આર.ટી.આઈ. એક્ટ-૨૦૦૫ અંતર્ગત સહકારી તંત્રને મુક્તિઓ

અતારાંકિતઃ ૧૧૩૯૫ (૦૩-૦૧-૨૦૧૭) ડૉ.તેજશ્રીબેન પટેલ, (વિરમગામ): માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ સહકારી બેંકો, સહકારી મંડળીઓ, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓ,દૂધ ડેરીઓ, ખરીદ વેચાણ સંઘો, વિવિધ સહકારી સંસ્થાઓને છૂટછાટ કે મુક્તિ આપવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા. તો કેવા પ્રકારની છૂટછાટ કે મુક્તિ આપવામાં આવેલ છે ?

સહકાર મંત્રીશ્રી : (રાજ્યકક્ષા) (૨૨-૦૩-૨૦૧૭)

(૧) તા.૩૦-૧૧-૨૦૧૬ ની સ્થિતિએ સહકારી બેંકો, સહકારી મંડળીઓ, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓ, દૂધ ડેરીઓ, ખરીદ વેચાણ સંઘો, વિવિધ સહકારી સંસ્થાઓએ માહિતિ અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ આવતી ન હોઈ છૂટછાટ કે મુક્તિ આપવાની રહેતી નથી.

(૨) છૂટછાટ કે મુક્તિ આપવાની ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## અતારાંકિત પ્રશ્નોત્તરી (નિયમ–૮૭–ક)

---

### અમદાવાદ જિલ્લામાં ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓના ઓડીટ હિસાબો

અતારાંકિતઃ ૫૯૪૩ (૨૯–૦૭–૨૦૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય શિક્ષણમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) અમદાવાદ જિલ્લામાં સને ૨૦૧૨–૧૩ વર્ષમાં કઈ ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓએ ઓડીટ હિસાબો જૂન–૨૦૧૫ સુધીમાં રજુ કર્યા નથી, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓ સામે શાં પગલા લેવાયા છે ?

શિક્ષણમંત્રીશ્રી : (૨૧–૦૩–૨૦૧૭)

(૧) અમદાવાદ જિલ્લાની તમામ ગ્રાન્ટેડ શાળાઓએ સને.૨૦૧૨–૧૩ના ઓડિટ હિસાબો જુન–૨૦૧૫ સુધીમાં રજુ કરેલ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---

### રાજ્યમાં જિલ્લા શિક્ષણાધિકારી સંવર્ગના અધિકારીઓ સામે ફરિયાદો

અતારાંકિતઃ ૮૦૫૯ (૨૦–૦૮–૨૦૧૬) શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યમાં સને ૨૦૧૫ના વર્ષમાં જિલ્લા શિક્ષણાધિકીરી સંવર્ગના કેટલા અધિકારીઓની કેટલી અને મુખ્યત્વે કઈ બાબતની ફરિયાદો રાજ્ય સરકારને મળી, અને

(૨) ઉક્ત ફરિયાદો અન્વયે કેટલા જવાબદારો સામે શા શિક્ષાત્મક અને કાનુની પગલાં લેવાયા છે ?

શિક્ષણ મંત્રીશ્રી : (૩૦–૦૩–૨૦૧૭)

(૧) રાજ્યમાં સને ૨૦૧૫ના વર્ષમાં જિલ્લા શિક્ષણાધિકારી સંવર્ગના અધિકારીઓ સામે ૭૮ જેટલી મુખ્યત્વે ભ્રષ્ટાચાર તથા વહીવટી અનિયમિતતા અંગેની ફરિયાદો રાજ્ય સરકારને મળી છે.

(૨) ઉક્ત ફરિયાદો પૈકી ૧૯ ફરિયાદોમાં રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક તપાસની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે અને ૫૯ ફરિયાદ અરજીઓ વિભાગ હસ્તકના સબંધિત ખાતાના વડાને નિયમોનુસારની જરૂરી કાર્યવાહી અર્થે મોકલવામાં આવી છે.

---

### દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં નવી ઉર્દૂ શાળાની દરખાસ્તો

અતારાંકિતઃ ૯૯૦૦ (૨૧–૧૦–૨૦૧૬) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલિયા): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં તા.૩૧મી ડિસેમ્બર–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા ૫ વર્ષમાં કેટલી નવી ઉર્દૂ શાળાની દરખાસ્તો કેટલી રાજ્ય સરકારને આવી,

(૨) તે પૈકી કેટલી ઉર્દૂ શાળાને મંજૂરી આપવામાં આવી, અને

(૩) બાકીની દરખાસ્તો ક્યારે મંજૂરી આપવામાં આવનાર છે ?

શિક્ષણ મંત્રીશ્રી : (૨૩–૦૩–૨૦૧૭)

(૧) પ્રાથમિક – એક પણ નહીં.
માધ્યમિક – દેવભૂમિ દ્વારકા અને તાપી જિલ્લામાં એકપણ નહીં.
–સુરત જિલ્લામાં : એક

(૨) પ્રાથમિક–પ્રશ્ન ઉપસ્થિત થતો નથી
માધ્યમિક–સુરત જિલ્લામાં : એક.

(૩) પ્રાથમિક–પ્રશ્ન ઉપસ્થિત થતો નથી
માધ્યમિક– પ્રશ્ન ઉપસ્થિત થતો નથી

---

## તા.૩૧મી માર્ચ, ૨૦૧૭
## અતારાંકિત પ્રશ્નોત્તરી (નિયમ-૮૭-ક)

### મધ્યાહન ભોજન યોજનામાં રાજ્ય સરકારને મળેલ રકમ

અતારાંકિતઃ ૧૧૩૧૧ (૦૯-૦૧-૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) મધ્યાહન ભોજન યોજનામાં ભારત સરકાર તરફથી તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૨) ઉક્ત મળેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે ?

મંત્રીશ્રી શિક્ષણ : (૨૦-૦૩-૨૦૧૭)

(૧) મધ્યાહન ભોજન યોજનામાં ભારત સરકાર તરફથી તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં રાજ્ય સરકારને મળેલ રકમ નીચે મુજબ છે.

| ક્રમ | નાણાકીય વર્ષ | મળેલ રકમ(રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૨-૧૩ | ૪૨૦૬૧.૪૮ |
| ૨ | ૨૦૧૩-૧૪ | ૪૫૦૩૩.૪૯ |
| ૩ | ૨૦૧૪-૧૫ | ૪૭૬૨૨.૯૬ |
| ૪ | ૨૦૧૫-૧૬ | ૪૦૨૬૧.૭૦ |
| ૫ | ૨૦૧૬-૧૭(તા.૩૦/૧૧/૨૦૧૬ની સ્થિતિએ) | ૨૩૨૧૯.૮૯ |

(૨) ઉક્ત રકમ પૈકી થયેલ ખર્ચ નીચે મુજબ છે.

| ક્રમ | નાણાકીય વર્ષ | મળેલ રકમ(રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૨-૧૩ | ૩૭૬૪૦.૦૯ |
| ૨ | ૨૦૧૩-૧૪ | ૪૨૧૯૩.૮૬ |
| ૩ | ૨૦૧૪-૧૫ | ૪૫૩૬૬.૭૧ |
| ૪ | ૨૦૧૫-૧૬ | ૩૯૯૯૪.૪૦ |
| ૫ | ૨૦૧૬-૧૭ (તા.૩૦/૧૧/૨૦૧૬ની સ્થિતિએ) | ૨૨૩૦૦.૦૦ |

--------

### રાજ્યમાં જિલ્લાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં વર્ગ ખંડોની ઘટ

અતારાંકિતઃ ૧૧૫૪૯ (૧૮-૦૧-૨૦૧૭) ડો. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં કેટલા વર્ગખંડોની ઘટ છે, અને

(૨) ઉક્ત ઘટતા વર્ગખંડ કેટલા સમયમાં બનાવવામાં આવશે?

શિક્ષણ મંત્રીશ્રી : (૨૪-૦૩-૨૦૧૭)

(૧) ખૂટતા વર્ગખંડોની વિગત પત્રક મુજબ.

(૨) બાકી ખૂટતા ઓરડાઓ આગામી વર્ષોમાં તબક્કાવાર બાંધવામાં આવશે.

પત્રક

| ક્રમ | જિલ્લો | ખૂટતા ઓરડાની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૬૭૨ |
| ૨ | અમરેલી | ૨૮૭ |
| ૩ | આણંદ | ૬૬૪ |
| ૪ | અરવલ્લી | ૫૩૯ |
| ૫ | બનાસકાંઠા | ૯૭૯ |
| ૬ | ભરૂચ | ૫૭૨ |
| ૭ | ભાવનગર | ૬૨૪ |
| ૮ | બોટાદ | ૧૪૦ |
| ૯ | છોટા ઉદેપુર | ૨૮૦ |
| ૧૦ | દાહોદ | ૧૨૪૯ |
| ૧૧ | ડાંગ | ૧૧૪ |

ચૈત્ર ૧૦, ૧૯૩૯ શાકે

અતારાંકિત પ્રશ્નોત્તરી (નિયમ–૮૭–ક)

| ક્રમ | જિલ્લો | ખૂટતા ઓરડાની સંખ્યા |
|---|---|---|
| ૧૨ | દેવભુમિ દ્વારકા | ૨૫૧ |
| ૧૩ | ગાંધીનગર | ૪૧૬ |
| ૧૪ | ગીર સોમનાથ | ૨૩૩ |
| ૧૫ | જામનગર | ૬૩૬ |
| ૧૬ | જુનાગઢ | ૩૦૮ |
| ૧૭ | ખેડા | ૫૯૨ |
| ૧૮ | કચ્છ | ૪૬૫ |
| ૧૯ | મહેસાણા | ૪૯૬ |
| ૨૦ | મહિસાગર | ૩૬૯ |
| ૨૧ | મોરબી | ૧૨૧ |
| ૨૨ | નર્મદા | ૨૨૦ |
| ૨૩ | નવસારી | ૨૬૪ |
| ૨૪ | પંચમહાલ | ૮૦૩ |
| ૨૫ | પાટણ | ૬૪૬ |
| ૨૬ | પોરબંદર | ૭૨ |
| ૨૭ | રાજકોટ | ૫૧૪ |
| ૨૮ | સાબરકાંઠા | ૮૩૧ |
| ૨૯ | સુરત | ૩૩૮ |
| ૩૦ | સુરેન્દ્રનગર | ૪૨૯ |
| ૩૧ | તાપી | ૧૪૭ |
| ૩૨ | વડોદરા | ૪૦૩ |
| ૩૩ | વલસાડ | ૫૩૯ |
| કુલ | | ૧૫૨૪૩ |

--------

સર્વ શિક્ષા અભિયાન યોજનાની ગાઇડ લાઇનમાં સુધારો

અતારાંકિતઃ ૧૧૫૫૮ (૧૩–૦૧–૨૦૧૭) ડો.તેજશ્રીબેન પટેલ (વિરમગામ): તા.૨૬–૨–૨૦૧૬ના રોજ સભાગૃહમાં રજુ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૨૦૬૫૪(અગ્રતા ક્રમનં.૨૧)ના અનુસંધાને માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) સર્વ શિક્ષા અભિયાન શરૂ થયા પહેલા (૨૦૦૧) રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલ શૈક્ષણિક વિકાસની પ્રવૃત્તિઓને સેન્ટ્રલ ફંડીંગ માટે પાત્ર ગણવા બાબતે જેમાં રાજ્ય સરકાર દ્વારા ૧ લાખથી વધુ પ્રાથમિક શિક્ષકોની નિમણૂંક તેમજ ધો.૧ થી ૭ને ફ્રી ટેક્ષબુક આપવામાં આવેલ છે એ બંને યોજનાઓને કેન્દ્રીય સહાય મળવા બાબતની રજૂઆત ભારત સરકારના માનવ સંશોધન વિકાસ મંત્રાલયની વિચારણાને આધિન હતી તો તે મંજૂર થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા તા.૩૦–૧૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યારે શા પ્રયાસો કર્યા, અને

(૨) ઉક્ત કરવામાં આવેલ પ્રયાસો અન્વયે ભારત સરકાર તરફથી ક્યારે શા પ્રતિભાવ મળ્યા?

શિક્ષણ મંત્રીશ્રી : (૨૨–૦૩–૨૦૧૭)

(૧) પ્રશ્નમાં દર્શાવેલ બન્ને યોજનાઓ માટે કેન્દ્રીય સહાય મેળવવા રાજ્ય સરકાર દ્વારા તા.૧૪–૦૯–૨૦૧૬ના પત્રથી નીચે મુજબની રજુઆત કરેલ છે.

–કેન્દ્ર સરકાર દ્વારા સર્વ શિક્ષા અભિયાન શરૂ થયા પહેલા અર્થાત (૨૦૦૧)માં રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલ શૈક્ષણિક વિકાસની પ્રવૃત્તિઓને સેન્ટ્રલ ફંડીગ માટે પાત્ર ગણવા વિનંતી કરી જેમાં :

૧) રાજ્ય સરકાર દ્વારા ૧ લાખથી વધુ પ્રાથમિક શિક્ષકોની નિમણૂંક કરવામાં આવેલ તેઓનો પગાર ચુકવવા રજુઆત કરી.

૨) ધો.૧ થી ૭ના વિદ્યાર્થીઓને મફત પાઠ્યપુસ્તકો આપવામાં આવેલ હતા જેના નાણાં મેળવવા પણ રજુઆત કરેલ હતી.

(૨) ૧) કેન્દ્રીય સહાયનો હિસ્સો મંજૂર કરવામાં આવેલ છે.

૨) અન્ય બાબતો ભારત સરકારના માનવ સંશાધન વિકાસ મંત્રાલયના (એમ.એચ.આર.ડી.) વિચારણાને આધિન છે.

--------

રાજ્યમાં ધોરણ ૧ થી ૮ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને મધ્યાહન ભોજન યોજના હેઠળ ખર્ચ

અતારાંકિતઃ ૧૧૫૬૨ (૧૮–૦૧–૨૦૧૭) ડો. તેજશ્રીબેન પટેલ (વિરમગામ)**:** માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૧૧–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં ધોરણ ૧ થી ૫ અને ધોરણ ૬ થી ૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને મધ્યાહન ભોજન યોજના અન્વયે પ્રતિ બાળક દીઠ ભોજનનો ખર્ચ કેટલો આવે છે, અને

(૨) તે અન્વયે ઉક્ત ખર્ચમાં છેલ્લા પાંચ વર્ષમાં ક્યારે કેટલો વધારો કરેલ છે?

શિક્ષણ મંત્રીશ્રી **:** (૨૦–૦૩–૨૦૧૭)

(૧) તા.૩૦–૧૧–૨૦૧૬ની સ્થિતિએ શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક મભય/૧૦૨૦૦૯/૧૫૯૪/આર, તા.૨૮–૧૧–૨૦૧૬થી રાજયમાં ધોરણ ૧ થી ૫ અને ધોરણ ૬ થી ૮ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને મધ્યાહન ભોજન યોજના અન્વયે પ્રતિ બાળક દીઠ ભોજનનો ખર્ચ પ્રાયમરીમાં રૂ.૪.૫૮ અને અપર પ્રાયમરીમાં રૂ.૬.૪૧ નો આવે છે. જેમાં ઘઉં/ચોખાના ખર્ચનો સમાવેશ થતો નથી. તથા મધ્યાહન ભોજન યોજનાના સંચાલકોના માનદવેતનનો સમાવેશ થતો નથી.

(૨)

| અ.નં. | વર્ષ | પ્રાયમરી(રૂ.) | અપર પ્રાયમરી(રૂ.) |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૨–૧૩ | ૩.૫૧ | ૪.૮૭ |
| ૨ | ૨૦૧૩–૧૪ | ૩.૭૩ | ૫.૧૯ |
| ૩ | ૨૦૧૪–૧૫ | ૩.૯૯ | ૫.૫૮ |
| ૪ | ૨૦૧૫–૧૬ | ૪.૨૮ | ૫.૯૯ |
| ૫ | ૨૦૧૬–૧૭ | ૪.૫૮ | ૬.૪૧ |

--------

રાજ્યમાં ધોરણ ૧ થી ૮ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ભોજન ખર્ચમાં વધારો

અતારાંકિતઃ ૧૧૫૬૩ (૧૮–૦૧–૨૦૧૭) ડો. તેજશ્રીબેન પટેલ (વિરમગામ)**:** માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યમાં ધોરણ ૧ થી ૫ અને ધોરણ ૬ થી ૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને મધ્યાહન ભોજન યોજનામાં બાળક દીઠ ભોજનનો ખર્ચમાં ભારત સરકારે તા.૧–૧–૨૦૧૬ના પત્રથી વધારો કરવા સુચવેલ હતું તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તે અન્વયે તાચ૩૦–૧૧–૨૦૧૬ની સ્થિતિએ ક્યારે કેટલો વધારો રાજ્ય સરકારે કરેલ છે?

શિક્ષણ મંત્રીશ્રી **:** (૨૦–૦૩–૨૦૧૭)

(૧) હા

(૨) તા.૩૦–૧૧–૨૦૧૬ની સ્થિતિએ શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક મભય/૧૦૨૦૦૯/૧૫૯૪/આર, તા.૨૭–૦૫–૨૦૧૬થી સને ૨૦૧૫–૧૬ માં ૫% ને બદલે ૭.૫% લેખે વધારો થતા પ્રાયમરીમાં રૂ.૪.૨૮ અને અપર પ્રાયમરીમાં રૂ.૫.૯૯ ની રકમ નિયત થયેલ છે. ત્યારબાદ શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:મભય/૧૦૨૦૦૯/૧૫૯૪/આર, તા.૨૭–૦૫–૨૦૧૬ થી સને ૨૦૧૬–૧૭ માં ૭.૫% લેખે પ્રાયમરીમાં રૂ.૪.૫૮ અને પ્રાયમરીમાં રૂ.૬.૪૧ની રકમ નિયત થયેલ છે.

--------

સર્વ શિક્ષા અભિયાન અને રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન યોજનામાં ગાઈડ લાઈનમાં સુધારો

અતારાંકિતઃ ૧૧૫૬૭ (૧૮–૦૧–૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ)**:** માનનીય શિક્ષમ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) સર્વ શિક્ષા અભિયાન અને રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન યોજનાની ગાઈડ લાઈનમાં સુધારો કરવા માટે રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ તા. ૩૦–૧૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા ચાર વર્ષમાં મુખ્યત્વે શી રજૂઆત કે દરખાસ્ત કરી, અને

(૨) ઉક્ત રજૂઆત કે દરખાસ્ત અન્વયે રાજ્ય સરકારને શા પ્રતિભાવ મળ્યા ?

શિક્ષણ મંત્રીશ્રી **:** (૨૨–૦૩–૨૦૧૭)

(૧) તા. ૨૬–૧૨–૨૦૧૪ના પત્રથી કેન્દ્ર સરકાર સમક્ષ દરખાસ્ત કરવામાં આવી.

- માન. મંત્રીશ્રીના ઉપરોક્ત પત્રમાં નીચે જણાવેલ મુદ્દા અન્વયે રજુઆત કરેલ છે.

(૧) સર્વ શિક્ષા અભિયાન શરૂ થયા પહેલા (૨૦૦૧) રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલ શૈક્ષણિક વિકાસની પ્રવૃત્તિઓને સેન્ટ્રલ ફંડીગ માટે પાત્ર ગણવા બાબત.

(૨) આરટીઈ એક્ટ નીચે આરટીઈ એક્ટની કલમ ૧૨(૧) (સી) મુજબ નબળા વર્ગના ૨૫% બાળકોને ખાનગી શાળામાં પ્રવેશ આપવામાં આવે છે આ માટેની ખાનગી શાળાને ચૂકવવાની ફી ભારત સરકાર કેન્દ્રીય સહાયના ધોરણો મુજબ રાજ્ય સરકારને ચૂકવવા બાબત.

(૩) રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન (આરએમએસએ) અંતર્ગત ફંડના ધોરણો સુધારવા તથા ગ્રાન્ટ ઈન એઈડ શાળાઓને પણ સરકારી શાળાઓના ધોરણે સહાય મળવા બાબત.

(૪) મધ્યાહ્ન ભોજન યોજના કુક-કમ-હેલ્પરને મળતાં માનદ વેતન વધારવા બાબત.

(૫) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક પરીક્ષા બોર્ડને મુડી અને અનાવર્તક ખર્ચમાં કેન્દ્રીય સહાય મેળવવા બાબત.

(૨) (૧) કેન્દ્રીય સહાયનો હિસ્સો મંજુર કરવામાં આવેલ છે.

(૨) અન્ય બાબતો ભારત સરકારના માનવ સંશાધન વિકાસ મંત્રાલયના (એમએચઆરડી) વિચારણાને આધિન છે.

--------

### રાજ્યમાં સેલ્સ ટેક્ષ કે વેટ અન્વયે રૂપિયા એક કરોડ કે વધુ બાકી રકમ

અતારાંકિતઃ ૧૦૭૨૩ (૨૧-૦૧-૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦-૦૯-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં સેલટેક્ષ કે વેટ અન્વયે રૂપિયા એક કરોડ કે વધુ રકમ વસુલવાની બાકી હોય તેવા કોઈ ઔદ્યોગિક એકમો કે વ્યાપારી ગૃહો છે, અને

(૨) જો હા, તો તે અન્વયે ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલા અને કયા ઔદ્યોગિક એકમો કે વ્યાપારી ગૃહો પાસેથી કેટલી રકમ વસુલ કરવાની બાકી છે ?

નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણાં) : (૨૪-૦૩-૨૦૧૭)

(૧) હા, જી.

(૨) સામેલ પત્રક* મુજબ.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

### રાજ્યમાં જિલ્લાવાર વાણિજ્યિક વેરાની આવક

અતારાંકિતઃ ૧૦૭૩૭ (૨૧-૦૧-૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (નાણાં) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૧૦-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર રાજ્ય સરકારને વાણિજ્યિક વેરાની કેટલી આવક મળી, અને

(૨) તે અન્વયે ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર સૌથી વધુ આવક આપતી પાંચ કોમોડીટીઓ કઈ છે ?

નાયબ મુખ્ય મંત્રીશ્રી (નાણાં) : (૨૨-૦૩-૨૦૧૭)

(૧) *પત્રક – અ મુજબ

(૨) *પત્રક – બ મુજબ

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

### દેવભૂમિ દ્વારકા જિલ્લામાં એસ્સાર કંપની પાસેથી વેચાણવેરા / વેટની બાકી રકમ

અતારાંકિતઃ ૧૦૮૮૮ (૨૧-૦૧-૨૦૧૭) શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર): માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણાં) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૧૦-૨૦૧૬ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલ એસ્સાર કંપની પાસેથી વેચાણવેરા/વેટ પેટેની કેટલી રકમ સરકારે લેવાની થાય છે, અને

(૨) ઉક્ત બાકી રકમ કયા આકારણી વર્ષ પેટેની છે ?

તા.૩૧મી માર્ચ, ૨૦૧૭

અતારાંકિત પ્રશ્નોત્તરી (નિયમ-૮૭-ક)

નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણાં) : (૨૪-૦૩-૨૦૧૭)

(૧) ટ્રીબ્યુનલ તેમજ સુપ્રીમ કોર્ટના અલગ-અલગ મનાઈ હુકમ હોવાથી રૂ. ૧૩૬૭.૮૫ કરોડ વેચાણવેરા/વેટની બાકી રકમ છે.

(૨) ઉક્ત બાકી રકમ આકારણી વર્ષ ૨૦૦૭-૦૮, ૨૦૦૮-૦૯, ૨૦૧૦-૧૧, ૨૦૧૧-૧૨ ની છે.

--------

પોરબંદર જિલ્લામાં સિમેન્ટ કંપનીઓ પાસેથી વસુલવાની બાકી વેચાણવેરા/વેટની રકમ

અતારાંકિતઃ ૧૧૪૪૭ (૧૬-૦૧-૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) પોરબંદર જિલ્લામાં આવેલ એચ.એમ.પી. સિમેન્ટ કંપની પાસેથી ૪૪.૫૯ કરોડ વેચાણવેરો/વેટની બાકી રકમ વસુલવા માટે મિલ્કત ટાંચ કરવા માટે તા. ૧૫-૬-૨૦૧૫ના રોજ મામલતદાર તથા કલેક્ટરશ્રીએ પત્ર લખેલ તો તે અન્વયે તા. ૩૦-૧૧-૨૦૧૬ સુધીમાં ક્યારે અને શી કાર્યવાહી કરી, અને

(૨) તે અન્વયે કેટલી કિંમતની કઈ મિલ્કત ટાંચમાં લેવામાં આવી ?

નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) : (૨૪-૦૩-૨૦૧૭)

(૧) મામલતદારશ્રી ઈ-ધરા કેન્દ્રને સર્વે નંબરના માલિકીની વિગતો મેળવવા જા. ૪૧૩૩ તા. ૨૮-૦૮-૨૦૧૫નાં પત્ર લખેલ છે. સીટી સર્વે પોરબંદર દ્વારા તા. ૩૧-૦૭-૨૦૧૫ની ફેરફાર નોંધ દ્વારા સીટી સર્વે નં. ૪૮૧૭ તથા ૪૮૧૯ પર બોજા નોંધ કરેલ છે.

(૨) સીટી સર્વે પોરબંદર દ્વારા તા. ૩૧-૦૭-૨૦૧૫ની ફેરફાર નોંધ દ્વારા સીટી સર્વે નં. ૪૮૧૭ તથા ૪૮૧૯ પર બોજાનોંધ કરેલ છે. તેમની અંદાજીત કિંમત રૂ. ૨૩,૦૧,૬૩,૫૦૦/- છે.

--------

રાજ્યમાં એક કરોડથી વધુ રકમના બાકી સેલટેક્ષ કે વેટની વસુલાત

અતારાંકિતઃ ૧૧૬૭૩ (૨૧-૦૧-૨૦૧૭) શ્રી શૈલેશભાઈ પરમાર (દાણી-લીમડા): માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં સેલટેક્ષ કે વેટ અન્વયે રૂપિયા એક કરોડ કે વધુ રકમ વસુલવાની બાકી હોય તેવા કોઈ ઔદ્યોગિક એકમો કે વ્યાપારી ગૃહો છે, અને

(૨) જો હા, તો તે અન્વયે ઉક્ત સ્થિતિએ જીલ્લાવાર કેટલા અને કયા ઔદ્યોગિક એકમો કે વ્યાપારી ગૃહો પાસેથી કેટલી રકમ વસુલ કરવાની બાકી છે ?

નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) : (૨૪-૦૩-૨૦૧૭)

(૧) હા જી.

(૨) સામેલ *પત્રક મુજબ.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

સાબરકાંઠા અને્ અરવલ્લી જિલ્લામાં નિવૃત્ત કર્મચારીઓના ઉચ્ચત્તર પગાર ધોરણ અને પેન્શનના કેસો

અતારાંકિતઃ ૧૧૭૨૮ (૩-૦૩-૨૦૧૭) શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ): માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લામાં ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરાવેલ હોય અને રાજ્ય સરકાર દ્વારા ખાતાકીય પરીક્ષા ન લેવાઈ હોય તેવા કિસ્સામાં નિવૃત્ત થયેલ કર્મચારીઓના પેન્શન કેસો મંજુર કરવામાં આવતા નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત કેટલા કેસોમાં અરજદારો નિવૃત્ત થયા પછી પણ પેન્શનથી વંચિત છે, અને

(૩) ઉક્ત કેસોના નિકાલ માટે ઉક્ત સ્થિતિએ રાજ્ય સરકારે શી કાર્યવાહી કરી ?

નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) : (૧૭-૦૩-૨૦૧૭)

અતારાંકિત પ્રશ્નોત્તરી (નિયમ–૮૭–ક)

(૧) ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો–૨૦૦૨ના નિયમ–૯ (૬૦) અન્વયે નિયામક પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, ગાંધીનગર પેન્શન મંજુર કરનાર કચેરી નથી. કર્મચારીના નિવૃત્તિ/અવસાનના કિસ્સામાં તેઓ જ્યાં છેલ્લે ફરજ બજાવતા હોય તે સંબંધિત કચેરી/ખાતા/વિભાગ પેન્શન મંજુર કરનાર સત્તાધિકારી છે.

(૨) પેન્શન મંજુર કરનાર કચેરી તરફથી અત્રેની કચેરીમાં પેન્શનના લાભોની અધિકૃતિ અર્થે રજુ થતાં કેસો પૈકી અનુ.નં.–૧ અન્વયે ચાર કેસો વાંધામાં સંબંધિત કચેરીને પરત કરેલ છે.

(૩) આ અંગે, તા. ૩૦–૦૩–૨૦૧૫ સુધી ખાતાકીય પરીક્ષાનું આયોજન ન થયું હોય અને પરીક્ષા પાસ કર્યા વગર જેઓને ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવામાં આવ્યુ હોય તેવા કર્મચારીઓના પેન્શન કેસ, "ખાતાકીય પરીક્ષા યોજવામાં આવેલ નથી." તે મતલબનું પ્રમાણપત્ર સંબંધિત વિભાગ પાસેથી મેળવી, આવા તમામ કેસો આખરી કરવા માટે નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટની કચેરી તેમજ નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ અને હિસાબની કચેરીને તા. ૧૨–૨–૨૦૧૫ના પત્રથી નાણા વિભાગ દ્વારા સુચના આપવામાં આવી છે.

--------

રાજ્યમાં ગેરકાયદેસર ખાદ્યમાલ ઉપર જિલ્લાવાર દરોડાઓ

અતારાંકિતઃ ૧૧૬૯૩ (૧૯–૦૧–૨૦૧૭) શ્રી શૈલેશભાઈ પરમાર (દાણીલીમડા): માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યમાં ગેરકાયદેસર સંગ્રહ કરેલ ખાદ્યમાલ ઉપર તા. ૩૧–૧૦–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર જિલ્લાવાર કેટલા દરોડાઓ પાડવામાં આવ્યા, અને

(૨) ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કેટલી કિંમતનો કયા પ્રકારના ખાદ્યમાલનો કેટલો જથ્થો રાજ્યસાત કરેલ છે ?

અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી : (૨૦–૦૩–૨૦૧૭)

(૧) અને (૨) : તા. ૩૧–૧૦–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં રાજ્યમાં વર્ષવાર, જીલ્લાવાર ગેરકાયદેસર સંગ્રહ કરેલ ખાદ્યમાલ ઉપર પાડેલા દરોડાઓ અને રાજ્યસાત કરેલ જથ્થો દર્શાવતા *પત્રક–૧ થી ૫ આ સાથે જોડેલ છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

કચ્છ જિલ્લામાં ગીધનો વસવાટ

અતારાંકિતઃ ૭૯૪૬ (૧૮–૦૭–૨૦૧૬) શ્રી શક્તિસંહજી ગોહીલ (અબડાસા): માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) કચ્છ જિલ્લામાં ડિસેમ્બર–૨૦૧૫ ની સ્થિતિએ જુદી જુદી પ્રજાતિના ગીધની સંખ્યા કેટલી છે.

(૨) ઉપરોક્ત સ્થિતિએ ગીધની સંખ્યામાં ક્રમશ ઘટાડો થઈ રહ્યો છે તે હકીકત સાચી છે.

(૩) જો હા, તો તેના શા કારણો છે, અને

(૪) કચ્છમાં ગીધની વસ્તી વધારવા શું આયોજન થયું છે?

વન મંત્રીશ્રી : (૨૩–૩–૨૦૧૭)

(૧) સને–૨૦૧૦ માં હાથ ધરાયેલ ગીધ વસ્તી ગણતરી મુજબ કચ્છ જિલ્લામાં સફેદપીઠ ગીધની સંખ્યા ૨૩૬ તથા ગીરનારી ગીધની સંખ્યા–૫ મળી કૂલ સંખ્યા ૨૪૧ નોંધાયેલ હતી. જ્યારે સને–૨૦૧૨ ની વસ્તી ગણતરીમાં સફેદપીઠ ગીધની સંખ્યા ૧૮૦ નોંધાયેલ હતી અને ત્યાર બાદ ડિસેમ્બર–૨૦૧૫ સુધી વસ્તી ગણતરી થયેલ નથી.

(૨) હા જી,

(૩) ગીધની વસ્તી ગટનાનું મુખ્ય કારણ પશુઓના સારવાર દરમ્યાન ઉપયોગમાં લેવાયેલ ડાયક્લોફેનેક દવા બાદ મૃત્યુ પામેલ પાશુઓના મૃતદેહો ખાવાથી ગીધના મૃત્યુ તેમજ ગીધના રહેઠાણો જેવા કે ઉચાવૃક્ષો તેમજ જુના મકાનોની ઘટતી સંખ્યાના કારણે ગીધની વસ્તીમાં ક્રમશઃ ઘટાડો થવાના કારણો જણાયેલ છે.

(૪) ગીધની વસ્તી વધે, તે માટે કચ્છમાં ગીધ સંરક્ષણ તથા સંવર્ધનની કામગીરી માટે સરકારે અને બિન સરકારી સંસ્થાનો સહયોગ લેવામાં આવે છે, ગીધને ડાઇક્લોફેનાક મુક્ત આહાર મળી રહે તે માટે ખોરાક રૂપે ડાઇક્લોફેનાક મુક્ત ઢોરના મૃતદેહ આપવાની વ્યવસ્થા વિકસાયેલ છે. જ્યાં ફેન્સીંગ કરેલ પ્લોટમાં મૃત ઢોર મૂકવામાં આવે છે. તથા ડાઇક્લોફેનાક દવા ન વપરાય તે માટે જાગૃતિના કાર્યક્રમો તેમજ પ્રાકૃતિક શિક્ષણ શિબિર, ખેડૂત શિબિરો યોજી પક્ષીઓના સંવર્ધન અને સંરક્ષણ માટે પ્રયત્નો કરવામાં આવે છે.

--------

## તા.૩૧મી માર્ચ, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નોત્તરી (નિયમ-૮૭-ક)

### સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકાના વાડી ગામમાં દિપડાનું મોત

અતારાંકિતઃ ૧૦૮૫૫ (૩૧-૦૧-૨૦૧૭) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકાના વાડી ગામમાં તા,૩/૪ નવેમ્બર ૨૦૧૬ના રોજ પાંજરામાં પૂરાયેલા એક રક્ષિત દિપડાને ગ્રામજનોએ વનખાતાના જવાબદાર અધિકારીઓની હાજરીમાં જીવતો સળગાવી દીધો હતો તે હકીકત સાચી છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉકત ગુનાહિત ઘટનામાં આરોપીઓ સામે શી કાનૂની કાર્યવાહી થઈ છે?

વન મંત્રીશ્રી : (૧૮-૦૩-૨૦૧૭)

(૧) હા,જી.

(૨) ઉકત ગુનાહીત ઘટનામાં વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ-૧૯૭૨ની જોગવાઈઓ અનુસાર ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. પ્રસ્તુત ગુન્હાની તપાસ માટે અધિકારઓ/કર્મચારીઓની તપાસ સમિતિની રચના કરવામાં આવેલ છે. હાલમાં ગુન્હાની તપાસની કાર્યવાહી ચાલુ છે.

--------

### રાજ્યમાં જિલ્લાવાર રાષ્ટ્રીય સ્વાસ્થ્ય યોજના

અતારાંકિતઃ ૮૪૨૬ (૨૯-૦૮-૨૦૧૬) શ્રી પરેશ ધાનાણી (અમરેલી): માનનીય આરોગ્ય રાજ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦/૦૬/૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર આ વિભાગ હસ્તકની રાષ્ટ્રીય ગ્રામિણ સ્વાસ્થ્ય યોજના કયારથી અમલમાં છે.

(૨) ઉક્ત યોજના હેઠળ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર કેટલી નાણાંકિય મંજુરી આપી અને તે પૈકી કેટલી રકમની ફાળવણી કરી, અને

(૩) તે પૈકી કુલ કેટલી રકમ ઉક્ત વર્ષવાર ખર્ચ કરવામાં આવી?

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૨૪-૦૩-૨૦૧૭)

(૧) વર્ષ ૨૦૦૫ થી

(૨) અને (૩) સામેલ પત્રક મુજબ.

-----------

જિલ્લાવાર વર્ષવાર મંજૂરી/ફાળવણી/ખર્ચની વિગત દર્શાવતુ પત્રક

(રકમ રૂ. લાખમાં)

| નંબર | જિલ્લાનું નામ | ૨૦૧૧-૧૨ | | | ૨૦૧૨-૧૩ | | | ૨૦૧૩-૧૪ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મંજૂરી | ફાળવણી | ખર્ચ | મંજૂરી | ફાળવણી | ખર્ચ | મંજૂરી | ફાળવણી | ખર્ચ |
| ૧ | અમદાવાદ | ૯૫૨.૫૩ | ૧૧૭૧.૩૭ | ૮૮૪.૭૫ | ૧૫૩૧.૫૩ | ૧૦૫૦.૦૧ | ૧૧૧૮.૨૪ | ૧૭૧૩.૪૬ | ૧૨૯૫.૧૨ | ૧૩૩૫.૭૭ |
| ૨ | અમરેલી | ૭૬૨.૯૮ | ૭૫૭.૭૬ | ૬૭૪.૪૨ | ૧૦૮૫.૫૨ | ૮૮૧.૪૦ | ૯૫૩.૯૪ | ૧૩૯૦.૫૯ | ૧.૩૬.૮૩ | ૧૦૮૮.૩૯ |
| ૩ | આણંદ | ૯૦૩.૩૮ | ૧૦૬૨.૦૬ | ૭૭૫.૯૩ | ૧૫૪૦.૦૭ | ૮૮૯.૮૦ | ૧૧૬૨.૬૬ | ૧૮૧૦.૯૯ | ૧૫૩૮.૯૮ | ૧૨૭૪.૬૧ |
| ૪ | બનાસકાંઠા | ૧,૫૭૯.૦૨ | ૧૪૦૫.૫૬ | ૧૫૧૬.૧૨ | ૨૨૧૮.૭૦ | ૨૦૩૬.૧૧ | ૧૯૪૧.૪૩ | ૨૭૩૫.૭૩ | ૧૯૪૬.૮૩ | ૨૩૨૧.૦૮ |
| ૫ | ભરૂચ | ૭૪૫.૯૯ | ૮૧૬.૮૩ | ૭૫૨.૫૦ | ૧૨૫૦.૨૭ | ૧૦૪૫.૧૭ | ૯૮૬.૪૧ | ૧૪૧૦.૩૭ | ૧૦૩૧.૯૩ | ૧૧૩૯.૫૧ |
| ૬ | ભાવનગર | ૮૨૫.૫૯ | ૭૫૩.૪૪ | ૭૯૯.૨૯ | ૧૨૯૯.૨૪ | ૧૦૨૮.૩૫ | ૯૬૬.૮૩ | ૧૫૬૮.૨૫ | ૧૧૩૦.૮૮ | ૧૧૩૯.૭૯ |
| ૭ | દાહોદ | ૧,૧૪૮.૪૫ | ૧૧૧૩.૩૧ | ૯૫૮.૪૭ | ૧૯૫૮.૮૩ | ૧૦૭૧.૮૩ | ૧૦૯૭.૬૭ | ૨૩૫૯.૦૪ | ૧૫૨૫.૭૯ | ૧૬૭૪.૩૫ |
| ૮ | ડાંગ | ૨૪૦.૦૯ | ૨૦૬.૯૪ | ૨૧૩.૫૭ | ૪૦૩.૧૨ | ૨૮૩.૫૦ | ૨૯૭.૪૪ | ૫૨૪.૭૪ | ૪૪૫.૪૩ | ૩૪૧.૩૪ |
| ૯ | ગાંધીનગર | ૬૦૬.૪૪ | ૬૮૫.૧૭ | ૬૩૨.૭૭ | ૯૭૭.૮૭ | ૧૩૯૬.૪૪ | ૧૪૫૦.૮૮ | ૧૧૪૪.૧૦ | ૧૦૩૬.૦૨ | ૧૦૦૭.૫૧ |
| ૧૦ | જામનગર | ૭૯૯.૬૮ | ૮૦૪.૨૭ | ૭૦૬.૮૧ | ૧૧૮૯.૫૪ | ૯૨૯.૭૭ | ૯૩૬.૦૪ | ૧૪૩૫.૬૩ | ૧૦૬૨.૮૧ | ૯૯૧.૦૪ |
| ૧૧ | જુનાગઢ | ૧,૨૨૨.૧૨ | ૧૧૦૬.૪૯ | ૧૧૧૧.૮૧ | ૧૫૦૩.૧૩ | ૧૪૦૩.૧૯ | ૧૩૨૪.૧૮ | ૧૯૮૨.૧૪ | ૧૬૬૫.૩૫ | ૧૫૬૭.૨૪ |
| ૧૨ | કચ્છ | ૮૩૯.૧૪ | ૮૧૮.૨૮ | ૮૩૮.૩૬ | ૧૪૭૦.૭૯ | ૯૮૯.૮૨ | ૧૧૨૭.૦૫ | ૧૮૮૬.૦૨ | ૧૩૮૧.૪૭ | ૧૩૫૩.૯૫ |
| ૧૩ | ખેડા-નડિયાદ | ૧,૦૦૮.૭૪ | ૯૦૧.૫૦ | ૯૭૯.૪૯ | ૧૫૬૩.૭૩ | ૧૨૫૮.૮૩ | ૧૧૫૨.૪૫ | ૧૭૫૮.૮૬ | ૧૩૮૦.૮૫ | ૧૪૪૭.૬૪ |
| ૧૪ | મહેસાણા | ૮૯૩.૭૮ | ૯૦૭.૭૮ | ૮૩૮.૩૨ | ૧૩૮૮.૯૫ | ૧૧૩૭.૬૬ | ૧૧૬૧.૧૭ | ૧૬૨૯.૪૩ | ૧૨૫૩.૫૬ | ૧૨૫૫.૦૯ |
| ૧૫ | નર્મદા | ૫૨૬.૯૬ | ૬૫૨.૬૫ | ૪૮૦.૦૫ | ૮૩૩.૮૬ | ૪૭૪.૪૭ | ૫૮૪.૩૭ | ૯૪૬.૬૦ | ૬૯૩.૦૨ | ૭૬૦.૪૫ |
| ૧૬ | નવસારી | ૯૫૯.૩૬ | ૮૧૪.૬૯ | ૬૩૯.૩૦ | ૧૦૪૯.૦૬ | ૮૦૭.૨૯ | ૯૦૯.૪૧ | ૧૪૦૭.૫૩ | ૧૨૩૩.૭૭ | ૧૧૦૧.૯૬ |
| ૧૭ | પંચમહાલ | ૧,૯૪૩.૨૯ | ૧૩૧૪.૧૭ | ૧૧૮૭.૩૬ | ૧૮૬૬.૦૧ | ૧૫૪૦.૮૩ | ૧૪૮૧.૮૫ | ૨૧૨૯.૨૭ | ૧૭૪૬.૨૨ | ૧૫૮૦.૬૮ |
| ૧૮ | પાટણ | ૭૦૩.૭૭ | ૫૯૮.૫૧ | ૬૬૪.૯૪ | ૧૦૩૫.૫૧ | ૯૩૭.૦૨ | ૯૧૩.૧૨ | ૧૧૯૪.૦૩ | ૯૩૦.૦૯ | ૯૬૭.૨૨ |
| ૧૯ | પોરબંદર | ૨૨૩.૭૬ | ૨૯૩.૬૭ | ૨૫૭.૦૩ | ૪૦૫.૮૨ | ૩૪૭.૧૨ | ૩૦૭.૦૦ | ૪૧૪.૯૩ | ૩૩૫.૯૧ | ૩૩૬.૬૭ |

## ચૈત્ર ૧૦, ૧૯૩૯ શાકે

## અતારાંક્તિ પ્રશ્નોત્તરી (નિયમ-૮૭-ક)

| જિલ્લાવાર વર્ષવાર મંજૂરી/ફાળવણી/ખર્ચની વિગત દર્શાવતુ પત્રક | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | (રકમ રૂ. લાખમાં) |
| નંબર | જિલ્લાનું નામ | ૨૦૧૧-૧૨ | | | ૨૦૧૨-૧૩ | | | ૨૦૧૩-૧૪ | | |
| | | મંજૂરી | ફાળવણી | ખર્ચ | મંજૂરી | ફાળવણી | ખર્ચ | મંજૂરી | ફાળવણી | ખર્ચ |
| ૨૦ | રાજકોટ | ૯૮૧.૪૧ | ૧૦૬૩.૭૬ | ૮૭૧.૧૪ | ૧૫૧૮.૪૭ | ૧૦૬૮.૨૪ | ૧૧૮૪.૯૩ | ૧૭૫૮.૪૪ | ૧૩૫૭.૨૦ | ૧૨૭૪.૯૮ |
| ૨૧ | સુરત | ૯૪૫.૩૩ | ૫૯૬.૧૧ | ૭૭૨.૬૪ | ૧૪૧૨.૭૬ | ૧૦૦૧.૮૩ | ૧૦૭૬.૫૭ | ૧૭૧૯.૪૮ | ૧૨૪૧.૬૨ | ૧૨૬૩.૮૧ |
| ૨૨ | સાબરકાંઠા | ૧,૮૪૮.૩૭ | ૧૭૩૩.૯૪ | ૧૫૧૪.૮૯ | ૧૮૭૧.૦૨ | ૧૫૨૭.૨૬ | ૧૩૮૪.૦૬ | ૨૪૦૭.૮૬ | ૧૬૩૬.૫૧ | ૧૯૦૧.૦૧ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૯૧૩.૭૧ | ૫૭૧.૭૭ | ૬૨૦.૦૧ | ૧૦૫૦.૧૦ | ૯૯૩.૫૫ | ૭૩૫.૩૩ | ૧૫૩૭.૪૬ | ૯૧૨.૩૬ | ૧૧૫૭.૨૦ |
| ૨૪ | વડોદરા | ૧,૪૫૬.૫૩ | ૧૩૫૯.૯૭ | ૧૩૫૯.૮૭ | ૨૨૫૯.૯૮ | ૧૯૬૯.૭૭ | ૧૮૮૫.૦૩ | ૨૬૩૪.૭૯ | ૧૭૩૭.૫૪ | ૨૦૮૮.૩૬ |
| ૨૫ | વલસાડ | ૭૯૩.૬૧ | ૮૬૧.૦૩ | ૮૦૧.૪૫ | ૧૩૮૪.૯૫ | ૧૧૩૪.૦૩ | ૧૦૮૧.૧૬ | ૧૬૯૩.૭૮ | ૧૨૫૨.૮૫ | ૧૨૩૫.૧૫ |
| ૨૬ | તાપી-વ્યારા | ૮૦૮.૩૯ | ૭૪૫.૧૫ | ૭૬૯.૮૬ | ૧૧૩૫.૫૮ | ૮૬૦.૭૫ | ૧૦૪૦.૭૦ | ૧૨૦૯.૪૬ | ૧૦૦૯.૩૩ | ૧૦૮૯.૫૬ |
| ૨૭ | અરવલ્લી | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૨૮ | બોટાદ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૨૯ | છોટાઉદેપુર | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૩૦ | દેવભુમિ દ્વારકા | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૩૧ | ગીર સોમનાથ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૩૨ | મહીસાગર | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૩૩ | મોરબી | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| | TOTAL | ૨૪,૬૩૨.૪૪ | ૨૩,૧૫૨.૧૮ | ૨૧,૬૨૧.૧૪ | ૩૫,૨૦૪.૪૧ | ૨૮,૦૬૪.૦૩ | ૨૮,૨૫૯.૯૨ | ૪૨,૪૦૨.૯૮ | ૩૧.૮૧૮.૨૭ | ૩૨,૬૯૪.૩૬ |

નોંધઃ- સદરહુ માહિતી જિલ્લાકક્ષાઓથી મંગાવી, સંકલીત કરી તૈયાર કરવામાં આવેલ છે.

નોંધઃ- ગત વર્ષની મંજૂરી અન્વયે વધારે થયેલ ખર્ચ પૈકી ચાલુ વર્ષમાં રકમ સરભર કરી આપવામાં આવે છે. જેથી અમુક વર્ષમાં જિલ્લાઓમાં મંજૂરી કરતા ફાળવણીની રકમ વધારે આવે છે.

| જિલ્લાવાર વર્ષવાર મંજૂરી/ફાળવણી/ખર્ચની વિગત દર્શાવતુ પત્રક | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | (રકમ રૂ. લાખમાં) |
| નંબર | જિલ્લાનું નામ | ૨૦૧૪-૧૫ | | | ૨૦૧૫-૧૬ | | |
| | | મંજૂરી | ફાળવણી | ખર્ચ | મંજૂરી | ફાળવણી | ખર્ચ |
| ૧ | અમદાવાદ | ૧૭૨૨.૨૩ | ૧૫૪૯.૮૯ | ૧૪૩૮.૦૩ | ૧૭૮૮.૨૦ | ૧૫૨૪.૯૮. | ૧૫૬૮.૩૩ |
| ૨ | અમરેલી | ૧૩૮૬.૭૦ | ૧૩૩૧.૮૬ | ૧૨૦૮.૮૬ | ૧૪૭૦.૮૮ | ૧૪૭૨.૫૬ | ૧૩૨૨.૯૬ |
| ૩ | આણંદ | ૧૯૦૫.૬૪ | ૧૪૬૧.૦૭ | ૧૩૫૦.૪૭ | ૧૮૭૫.૪૦ | ૧૩૪૫.૬૦ | ૧૬૨૬.૯૬ |
| ૪ | બનાસકાંઠા | ૩૨૩૨.૮૬ | ૩૨૩૯.૩૬ | ૨૮૧૮.૯૫ | ૩૭૨૮.૮૭ | ૩૧૯૫.૦૨ | ૩૨૬૮.૯૧ |
| ૫ | ભરૂચ | ૧૫૧૮.૮૯ | ૧૪૬૬.૯૨ | ૧૨૭૭.૭૨ | ૧૫૬૭.૦૦ | ૧૨૭૪.૧૩ | ૧૪૧૩.૪૧ |
| ૬ | ભાવનગર | ૧૪૬૬.૭૦ | ૬૨૭.૦૨ | ૧૨૯૭.૫૩ | ૧૫૬૭.૯૬ | ૧૪૬૨.૧૨ | ૧૪૭૩.૫૦ |
| ૭ | દાહોદ | ૨૫૨૦.૪૯ | ૨૨૩૭.૪૬ | ૨૦૨૦.૨૨ | ૨૯૧૧.૬૫ | ૨૨૮૪.૭૭ | ૨૨૫૯.૫૦ |
| ૮ | ડાંગ | ૫૮૭.૨૬ | ૪૩૮.૯૬ | ૩૬૦.૪૭ | ૫૭૧.૦૮ | ૨૯૩.૭૩ | ૪૭૦.૯૨ |
| ૯ | ગાંધીનગર | ૧૧૨૫.૩૩ | ૯૯૬.૬૮ | ૧૦૦૮.૧૫ | ૧૦૯૩.૦૧ | ૧૦૮૪.૨૨ | ૧૧૨૯.૨૯ |
| ૧૦ | જામનગર | ૮૯૭.૮૩ | ૧૦૧૪.૨૧ | ૬૮૦.૦૧ | ૯૧૭.૯૭ | ૬૪૩.૧૧ | ૭૭૨.૧૬ |
| ૧૧ | જુનાગઢ | ૧૩૬૦.૯૯ | ૧૧૯૧.૮૪ | ૧૦૨૩.૩૫ | ૧૩૨૪.૧૫ | ૯૦૯.૯૬ | ૧૧૩૧.૬૫ |
| ૧૨ | કચ્છ | ૧૯૦૬.૫૭ | ૧૫૭૪.૭૬ | ૧૫૩૦.૧૦ | ૨૧૯૭.૨૦ | ૧૮૨૮.૭૩ | ૧૭૮૩.૭૬ |
| ૧૩ | ખેડા-નડિયાદ | ૧૯૯૩.૯૪ | ૧૭૦૫.૦૮ | ૧૬૪૬.૬૩ | ૧૯૮૫.૬૪ | ૧૮૬૧.૬૦ | ૧૭૪૮.૯૩ |
| ૧૪ | મહેસાણા | ૧૮૨૪.૫૬ | ૧૫૫૧.૯૨ | ૧૫૭૨.૬૫ | ૧૯૦૦.૨૭ | ૧૮૦૩.૩૯ | ૧૭૨૪.૩૮ |
| ૧૫ | નર્મદા | ૯૯૯.૬૯ | ૮૩૨.૧૫ | ૭૫૬.૮૩ | ૧૦૩૨.૩૫ | ૯૨૦.૭૫ | ૮૩૪.૪૦ |
| ૧૬ | નવસારી | ૧૩૩૬.૮૯ | ૧૧૨૧.૯૭ | ૧૧૦૧.૯૯ | ૧૪૩૧.૬૬ | ૧૨૧૭.૭૮ | ૧૨૮૮.૫૮ |
| ૧૭ | પંચમહાલ | ૧૮૧૭.૭૯ | ૧૩૦૪.૦૩ | ૧૩૨૫.૮૭ | ૧૬૮૬.૦૦ | ૧૨૭૩.૨૩ | ૧૪૨૧.૮૯ |
| ૧૮ | પાટણ | ૧૩૧૩.૫૫ | ૧૨૧૪.૨૫ | ૧૦૩૧.૯૭ | ૧૪૦૨.૫૮ | ૧૩૭૭.૧૨ | ૧૨૨૨.૯૧ |
| ૧૯ | પોરબંદર | ૪૬૦.૯૦ | ૩૪૫.૩૧ | ૩૪૧.૨૨ | ૪૭૪.૯૮ | ૪૭૩.૮૫ | ૪૨૨.૩૧ |
| ૨૦ | રાજકોટ | ૧૩૯૮.૧૬ | ૧૨૪૨.૩૮ | ૧૨૨૬.૧૮ | ૧૩૯૬.૮૬ | ૧૩૫૦.૨૩ | ૧૩૦૫.૫૪ |
| ૨૧ | સુરત | ૧૭૩૦.૧૪ | ૧૫૧૮.૮૦ | ૧૪૩૩.૦૫ | ૧૭૩૬.૨૮ | ૧૯૨૩.૦૨ | ૧૬૦૩.૭૦ |
| ૨૨ | સાબરકાંઠા | ૧૮૩૨.૦૪ | ૨૪૫૮.૫૦ | ૧૬૨૦.૭૯ | ૧૫૮૬.૫૭ | ૧૫૧૭.૩૧ | ૧૫૫૪.૫૯ |

તા.૩૧મી માર્ચ, ૨૦૧૭

અતારાંકિત પ્રશ્નોત્તરી (નિયમ-૮૭-ક)

| જિલ્લાવાર વર્ષવાર મંજૂરી/ફાળવણી/ખર્ચની વિગત દર્શાવતુ પત્રક | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| (રકમ રૂ. લાખમાં) | | | | | | | |
| નંબર | જિલ્લાનું નામ | ૨૦૧૪-૧૫ | | | ૨૦૧૫-૧૬ | | |
| | | મંજૂરી | ફાળવણી | ખર્ચ | મંજૂરી | ફાળવણી | ખર્ચ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૧૫૭૮.૧૩ | ૧૨૮૪.૪૩ | ૧૧૭૭.૫૭ | ૧૬૦૫.૧૯ | ૧૩૦૦.૮૪ | ૧૩૨૩.૧૩ |
| ૨૪ | વડોદરા | ૧૬૩૨.૭૭ | ૧૭૮૪.૩૬ | ૧૩૮૦.૭૩ | ૧૫૭૬.૬૮ | ૧૩૩૦.૬૬ | ૧૪૨૧.૨૫ |
| ૨૫ | વલસાડ | ૧૫૯૫.૫૧ | ૧૪૨૨.૮૭ | ૧૨૬૧.૯૧ | ૧૭૪૩.૭૧ | ૧૨૩૮.૬૩ | ૧૩૭૧.૧૫ |
| ૨૬ | તાપી-વ્યારા | ૧૨૫૫.૬૬ | ૧૧૫૩.૦૧ | ૧૦૪૮.૮૭ | ૧૩૦૭.૦૦ | ૧૨૬૦.૩૮ | ૧૦૪૨.૬૩ |
| ૨૭ | અરવલ્લી | ૯૭૯.૩૩ | ૮૫૬.૬૮ | ૮૫૬.૦૪ | ૧૩૦૪.૦૯ | ૧૨૨૯.૮૫ | ૧૧૦૮.૧૬ |
| ૨૮ | બોટાદ | ૪૭૨.૧૦ | ૪૯૫.૬૨ | ૩૩૫.૮૮ | ૫૮૨.૯૧ | ૩૯૦.૯૨ | ૪૪૦.૭૫ |
| ૨૯ | છોટાઉદેપુર | ૦.૦૦ | ૨૦૫.૧૦ | ૧૬૨.૭૫ | ૧૩૦૭.૦૯ | ૧૨૮૧.૭૬ | ૧૧૪૫.૮૦ |
| ૩૦ | દેવભુમિ દ્વારકા | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૩૧ | ગીર સોમનાથ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૨૮૫.૨૦ | ૧૦૫૦.૦૩ | ૧૦૪૧.૬૨ |
| ૩૨ | મહીસાગર | ૧૧૩૮.૫૭ | ૭૯૬.૮૯ | ૮૩૧.૫૫ | ૧૧૮૨.૧૯ | ૧૧૧૦૧.૬૬ | ૯૦૮.૫૨ |
| ૩૩ | મોરબી | ૬૪૩.૬૦ | ૪૯૨.૦૮ | ૫૫૭.૦૧ | ૭૭૪.૫૨ | ૬૭૬.૮૩ | ૬૯૭.૦૫ |
| | TOTAL | ૪૩,૬૩૪.૮૨ | ૩૮,૯૧૫.૪૭ | ૩૫,૬૮૩.૩૩ | ૪૮,૩૧૫.૧૪ | ૪૧,૮૮૮.૭૬ | ૪૧,૯૪૮.૬૬ |

નોંધઃ- સદરહુ માહિતી જિલ્લાકક્ષાઓથી મંગાવી, સંકલીત કરી તૈયાર કરવામાં આવેલ છે.

નોંધઃ- ગત વર્ષની મંજૂરી અન્વયે વધારે થયેલ ખર્ચ પૈકી ચાલુ વર્ષમાં રકમ સરભર કરી આપવામાં આવે છે. જેથી અમુક વર્ષમાં જિલ્લાઓમાં મંજૂરી કરતા ફાળવણીની રકમ વધારે આવે છે.

જામનગર, વલસાડ અને નવસારી જિલ્લાનાં સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં એક્સ-રે મશીન, રેફ્રીજરેટર અને એમ્બ્યુલન્સ વાનની સુવિધા

અતારાંકિતઃ ૮૯૧૦ (૧૨-૦૮-૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) જામનગર, વલસાડ અને નવસારી જિલ્લામાં કયા સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં તા.૩૧ મી ડિસેમ્બર ૨૦૧૫ની સ્થિતિએ એક્સ-રે મશીન, રેફ્રીજરેટર અને એમ્બ્યુલન્સ વાનની સુવિધા ઉપલબ્ધ નથી, અને

(૨) ઉક્ત સાધનો/સુવિધા વહેલી તકે મળે તે માટે શું આયોજન છે?

આરોગ્ય મંત્રીશ્રી(રાજ્યકક્ષા) : (૨૧-૦૩-૨૦૧૭)

(૧) જામનગર જિલ્લામાં એકસ-રે મશીન રેફ્રીજરેટર અને એમ્બ્યુલન્સ વાનની સુવિધા ઉપલબ્ધ છે. વલસાડ અને નવસારી જિલ્લાના સામુહિક આરોગ્ય કેન્દ્રોની માહિતી નીચે મુજબ છે.

| અ.નં. | જિલ્લાનું નામ | સામુહિક આરોગ્ય કેન્દ્રનું નામ | એકસ-રે મશીન | રેફ્રીજરેટર | એમ્બ્યુલન્સ |
|---|---|---|---|---|---|
| ૧ | નવસારી | લીમઝર | નથી | - | - |
| ૨ | નવસારી | અમલસાડ | નથી | - | - |
| ૩ | નવસારી | ટાંકલ | નથી | નથી | નથી |
| ૪ | વલસાડ | ઉમરગામ | નથી | - | - |
| ૫ | વલસાડ | અટગામ | નથી | - | - |
| ૬ | વલસાડ | સુથારપાડા | નથી | નથી | નથી |

(૨) એક્સ-રે મશીનની સેવાઓ આઉટસોર્સથી ઉપલબ્ધ કરાવવા માટે ગુજરાત મેડીકલ સર્વીસીસી કોર્પોરેશન લી. ગાંધીનગર ખાતે કાર્યવાહી ચાલુમાં છે. રેફ્રીજરેટર અને એમ્બ્યુલન્સ વાન માટે આગામી સમયમાં સર્વગ્રાહી વિચારણા સમયે સુવિધા પુરી પાડવામાં આવશે.

--------

ગીર સોમનાથ, અમરેલી અને બોટાદ જિલ્લાનાં સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં એક્સ-રે મશીન, રેફ્રીજરેટર અને એમ્બ્યુલન્સ વાનની સુવિધા

અતારાંકિતઃ ૯૦૩૦ (૩૦-૦૯-૨૦૧૬) શ્રી પૂંજાભાઈ વંશ : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

ચૈત્ર ૧૦, ૧૯૩૯ શાકે

અતારાંકિત પ્રશ્નોત્તરી (નિયમ–૮૭–ક)

(૧) ગીર સોમનાથ, અમરેલી અને બોટાદ જિલ્લામાં કયા સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં તા. ૩૧મી ડિસેમ્બર ૨૦૧૫ની સ્થિતિએ એક્સ–રે મશીન, રેફ્રીજરેટર અને એમ્બ્યુલન્સ વાનની સુવિધા ઉપલબ્ધ નથી, અને

(૨) ઉક્ત સાધનો/સુવિધા વહેલી તકે મળે તે માટે શું આયોજન છે?

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૨૧–૦૩–૨૦૧૭)

(૧) ગીર સોમનાથ, અમરેલી અને બોટાદ જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્રો ખાતે એક્સ–રે મશીન, રેફ્રીજરેટર અને એમ્બ્યુલન્સ વાનની સુવિધા ઉપલબ્ધ નથી તેની માહિતી નીચે મુજબ છે.

| અ.નં. | જિલ્લાનું નામ | સામુહિક આરોગ્ય કેન્દ્રનું નામ | એક્સ–રે મશીન | રેફ્રીજરેટર | એમ્બ્યુલન્સ |
|---|---|---|---|---|---|
| ૧ | અમરેલી | ચિતલ | નથી | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે |
| | | વડીયા | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે | નથી |
| | | વંડા | નથી | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે |
| ૨ | ગીર સોમનાથ | સુત્રાપાડા | નથી | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે |
| | | સીમર | નથી | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે |
| | | ડોળાસા | નથી | ઉપલબ્ધ છે | નથી |
| ૩ | બોટાદ | લાઠીદડ | નથી | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે |
| | | બરવાળા | નથી | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે |

(૨) એક્સ–રે મશીનની સેવાઓ આઉટસોર્સથી ઉપલબ્ધ કરાવવા માટે ગુજરાત મેડીકલ સર્વીસીસ કોર્પોરેશન લી.ગાંધીનગર ખાતે કાર્યવાહી ચાલુમાં છે. જે કેન્દ્રો ખાતે એમ્બ્યુલન્સ વાનની સુવિધા નથી તેવા કેન્દ્રો ખાતે એમ્બ્યુલન્સ વાન પૂરી પાડવા માટે આગામી સમયમાં સર્વગ્રાહી વિચારણા સમયે સુવિધા પુરી પાડવામાં આવશે.

--------

રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લાના સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં એક્સ–રે મશીન, રેફ્રીજરેટર અને એમ્બ્યુલન્સ વાનની સુવિધા

અતારાંકિતઃ ૯૫૧૬ (૩૧–૦૮–૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં કયા સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં તા. ૩૧મી ડિસેમ્બર ૨૦૧૫ની સ્થિતિએ એક્સ–રે મશીન, રેફ્રીજરેટર અને એમ્બ્યુલન્સ વાનની સુવિધા ઉપલબ્ધ નથી, અને

(૨) ઉક્ત સાધનોની સુવિધા વહેલી તકે મળે તે માટે શું આયોજન છે?

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૨૨–૦૩–૨૦૧૭)

(૧) રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં જે સામુહિક આરોગ્ય કેન્દ્રો ખાતે એક્સ–રે મશીન, રેફ્રીજરેટર અને એમ્બ્યુલન્સ વાનની સુવિધા ઉપલબ્ધ નથી તેની માહિતી નીચે મુજબ છે.

| અ.નં. | જિલ્લાનું નામ | સામુહિક આરોગ્ય કેન્દ્રનું નામ | એક્સ–રે મશીન | રેફ્રીજરેટર | એમ્બ્યુલન્સ |
|---|---|---|---|---|---|
| ૧ | રાજકોટ | સાણથલી | નથી | નથી | નથી |
| | | જેતપુર(મચ્છુ) | નથી | ઉપલબ્ધ છે | નથી |
| ૨ | મોરબી | ચરાડવા | નથી | નથી | નથી |
| | | લુણસર | નથી | નથી | નથી |
| ૩ | સુરેન્દ્રનગર | સુદામડા | નથી | નથી | નથી |
| | | દસાડા | નથી | નથી | નથી |

(૨) જે સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં એક્સ–રે મશીનની સેવાઓ સેવાઓ ઉપલબ્ધ નથી તેવા કેન્દ્રોમાં એક્સ–રે મશીનની સુવિધા આઉટસોર્સથી ઉપલબ્ધ કરાવવા માટે ગુજરાત મેડીકલ સર્વીસીસ કોર્પોરેશન લી.ગાંધીનગર ખાતે કાર્યવાહી ચાલુમાં છે. રેફ્રીજરેટર અને એમ્બ્યુલન્સ વાન માટે આગામી સમયમાં સર્વગ્રાહી વિચારણા સમયે સુવિધા પુરી પાડવામાં આવશે.

--------

## તા.૩૧મી માર્ચ, ૨૦૧૭
## અતારાંકિત પ્રશ્નોત્તરી (નિયમ–૮૭–ક)

### આણંદ, ખેડા, વડોદરા અને છોટાઉદેપુર જિલ્લાના સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં એક્સ–રે મશીન, રેફ્રીજરેટર અને એમ્બ્યુલન્સ વાનની સુવિધા

અતારાંકિતઃ ૯૫૮૯ (૧૫–૧૦–૨૦૧૬) શ્રી રામસિંહ પરમાર (ઠાસરા): માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) આણંદ, ખેડા, વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં કયા સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં તા. ૩૧મી ડિસેમ્બર ૨૦૧૫ની સ્થિતિએ એક્સ–રે મશીન, રેફ્રીજરેટર અને એમ્બ્યુલન્સ વાનની સુવિધા ઉપલબ્ધ નથી, અને

(૨) ઉક્ત સાધનોની સુવિધા વહેલી તકે મળે તે માટે શું આયોજન છે?

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૨૨–૦૩–૨૦૧૭)

(૧) આણંદ, ખેડા, વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં જે સામુહિક આરોગ્ય કેન્દ્રો ખાતે એક્સ–રે મશીન, રેફ્રીજરેટર અને એમ્બ્યુલન્સ વાનની સુવિધા ઉપલબ્ધ નથી તેની માહિતી નીચે મુજબ છે.

| અ.નં. | જિલ્લાનું નામ | સામુહિક આરોગ્ય કેન્દ્રનું નામ | એક્સ–રે મશીન | રેફ્રીજરેટર | એમ્બ્યુલન્સ |
|---|---|---|---|---|---|
| ૧ | આણંદ | ઉદેલ | નથી | નથી | નથી |
| | | વાસદ | નથી | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે |
| ૨ | ખેડા | આખડોલ | નથી | નથી | નથી |
| | | સેવાલીયા | નથી | નથી | નથી |
| | | લસુન્દ્રા | નથી | નથી | નથી |
| | | કપડવંજ | નથી | નથી | નથી |
| | | વસો | નથી | નથી | નથી |
| ૩ | વડોદરા | દેલર | નથી | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે |
| | | વડુ | નથી | ઉપલબ્ધ છે | નથી |
| ૪ | છોટાઉદેપુર | ઝોઝ | નથી | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે |
| | | બોડેલી | નથી | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે |
| | | તેજગઢ | નથી | ઉપલબ્ધ છે | નથી |
| | | કડવાલ | નથી | ઉપલબ્ધ છે | નથી |
| | | પાનવડ | નથી | ઉપલબ્ધ છે | નથી |

(૨) જે સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં એક્સ–રે મશીનની સેવાઓ ઉપલબ્ધ નથી તે કેન્દ્રોમાં એક્સ–રે મશીનની સુવિધા આઉટસોર્સથી ઉપલબ્ધ કરાવવા માટે ગુજરાત મેડીકલ સર્વીસીસ કોર્પોરેશન લી.ગાંધીનગર ખાતે કાર્યવાહી ચાલુમાં છે. રેફ્રીજરેટર અને એમ્બ્યુલન્સ વાન માટે આગામી સમયમાં સર્વગ્રાહી વિચારણા સમયે સુવિધા પુરી પાડવામાં આવશે.

--------

### નર્મદા અને ભરૂચ જિલ્લાના સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં એક્સ–રે મશીન, રેફ્રીજરેટર અને એમ્બ્યુલન્સ વાનની સુવિધા

અતારાંકિતઃ ૯૭૦૦ (૩૧–૦૮–૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) નર્મદા અને ભરૂચ જિલ્લામાં કયા સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં તા. ૩૧મી ડિસેમ્બર ૨૦૧૫ની સ્થિતિએ એક્સ–રે મશીન, રેફ્રીજરેટર અને એમ્બ્યુલન્સ વાનની સુવિધા ઉપલબ્ધ નથી, અને

(૨) ઉક્ત સાધનોની સુવિધા વહેલી તકે મળે તે માટે શું આયોજન છે?

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૨૧–૦૩–૨૦૧૭)

(૧) નર્મદા અને ભરૂચ જિલ્લામાં જે સામુહિક આરોગ્ય કેન્દ્રો ખાતે એક્સ–રે મશીન, રેફ્રીજરેટર અને એમ્બ્યુલન્સ વાનની સુવિધા ઉપલબ્ધ નથી તેની માહિતી નીચે મુજબ છે.

| અ.નં. | જિલ્લાનું નામ | સામુહિક આરોગ્ય કેન્દ્રનું નામ | એક્સ–રે મશીન | રેફ્રીજરેટર | એમ્બ્યુલન્સ |
|---|---|---|---|---|---|
| ૧ | ભરૂચ | અવિધા | નથી | નથી | ઉપલબ્ધ છે |
| ૨ | નર્મદા | ગરૂડેશ્વર | નથી | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે |

(૨) એક્સ–રે મશીનની સેવાઓ આઉટસોર્સથી ઉપલબ્ધ કરાવવા માટે ગુજરાત મેડીકલ સર્વીસીસ કોર્પોરેશન લી.ગાંધીનગર ખાતે કાર્યવાહી ચાલુમાં છે. રેફ્રીજરેટર અને એમ્બ્યુલન્સ વાન માટે આગામી સમયમાં સર્વગ્રાહી વિચારણા સમયે સુવિધા પુરી પાડવામાં આવશે.

--------

કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લાના સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં એક્સ–રે મશીન, રેફ્રીજરેટર અને એમ્બ્યુલન્સ વાનની સુવિધા

અતારાંકિતઃ ૯૭૯૨ (૩૦–૧૧–૨૦૧૬) શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં કયા કયા સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં તા. ૩૧મી ડિસેમ્બર ૨૦૧૫ની સ્થિતિએ એક્સ–રે મશીન, રેફ્રીજરેટર અને એમ્બ્યુલન્સ વાનની સુવિધા ઉપલબ્ધ નથી, અને

(૨) ઉક્ત સાધનો સુવિધા વહેલી તકે મળે તે માટે શું આયોજન છે?

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૨૧–૦૩–૨૦૧૭)

(૧) કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં જે સામુહિક આરોગ્ય કેન્દ્રો ખાતે એક્સ–રે મશીન, રેફ્રીજરેટર અને એમ્બ્યુલન્સ વાનની સુવિધા ઉપલબ્ધ નથી તેની માહિતી નીચે મુજબ છે.

| અ.નં. | જિલ્લાનું નામ | સામુહિક આરોગ્ય કેન્દ્રનું નામ | એક્સ–રે મશીન | રેફ્રીજરેટર | એમ્બ્યુલન્સ |
|---|---|---|---|---|---|
| ૧ | કચ્છ | પલાસવા | નથી | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે |
| | | દુધઇ | નથી | નથી | ઉપલબ્ધ છે |
| | | ઢોરી | નથી | નથી | ઉપલબ્ધ છે |
| | | ગઢશીશા | નથી | નથી | નથી |
| ૨ | ભાવનગર | દાઠા | નથી | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે |
| | | ઠળીયા | નથી | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે |
| | | બગદાણા | નથી | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે |
| ૩ | ગાંધીનગર | ડીંગુચા | નથી | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે |
| | | કલોલ | નથી | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે |

(૨) જે સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં એક્સ–રે મશીનની સેવાઓ સેવાઓ ઉપલબ્ધ નથી તે કેન્દ્રોમાં એક્સ–રે મશીનની સુવિધા આઉટસોર્સથી ઉપલબ્ધ કરાવવા માટે ગુજરાત મેડીકલ સર્વીસીસ કોર્પોરેશન લી.ગાંધીનગર ખાતે કાર્યવાહી ચાલુમાં છે. સામુહિક આરોગ્ય કેન્દ્ર, ગઢશીશા જિ. કચ્છ ખાતે નવેમ્બર–૨૦૧૬માં નવી એમ્યુલન્સ ફાળવવામાં આવેલ છે. રેફ્રીજરેટરની સુવિધા માટે આગામી સમયમાં સર્વગ્રાહી વિચારણા સમયે સુવિધા પુરી પાડવામાં આવશે.

--------

દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લાના સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં એક્સ–રે મશીન, રેફ્રીજરેટર અને એમ્બ્યુલન્સ વાનની સુવિધા

અતારાંકિતઃ ૯૮૯૭ (૩૦–૧૧–૨૦૧૬) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલિયા): માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં કયા કયા સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં તા.૩૧મી ડિસેમ્બર, ૨૦૧૫ ની સ્થિતિએ એક્સ–રે મશીન, રેફ્રીજરેટર અને એમ્બ્યુલન્સ વાનની સુવિધા ઉપલબ્ધ નથી, અને

(૨) ઉક્ત સાધનોની સુવિધા વહેલી તકે મળે તે માટે શું આયોજન છે ?

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૨૧–૦૩–૨૦૧૭)

(૧) દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં જે સામુહિક આરોગ્ય કેન્દ્રો ખાતે એક્સ–રે મશીન, રેફ્રીજરેટર અને એમ્બ્યુલન્સ વાનની સુવિધા ઉપલબ્ધ નથી તેની માહિતી નીચે મુજબ છે.

| અ.નં. | જિલ્લાનું નામ | સામુહિક આરોગ્ય કેન્દ્રનું નામ | એક્સ–રે મશીન | રેફ્રીજરેટર | એમ્બ્યુલન્સ |
|---|---|---|---|---|---|
| ૧ | દેવભૂમિ દ્વારકા | ભાણવડ | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે |
| | | જામરાવલ | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે |
| | | જામ કલ્યાણપુર | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે |

| અ.નં. | જિલ્લાનું નામ | સામુહિક આરોગ્ય કેન્દ્રનું નામ | એક્સ-રે મશીન | રેફ્રીજરેટર | એમ્બ્યુલન્સ |
|---|---|---|---|---|---|
| | | સલાયા | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે |
| ૨ | સુરત | ઓલપાડ | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે |
| | | સાયણ | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે |
| | | ખરવાસા | નથી | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે |
| | | બારડોલી | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે |
| | | કામરેજ | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે |
| | | પલસાણા | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે |
| | | મહુવા | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે |
| | | કઠોર | નથી | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે |
| | | અરેઠ | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે |
| | | માંગરોળ | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે |
| | | અનાવલ | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે |
| | | ઝંખવાવ | નથી | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે |
| | | ઉમરપાડા | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે |
| ૩ | તાપી | સોનગઢ | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે |
| | | ઉચ્છલ | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે |
| | | નીઝર | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે |
| | | ગડત | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે |
| | | વાલોડ | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે |
| | | | | | |

(૨) સુરત જિલ્લાના સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખરવાસા, કઠોર અને ઝંખવાવ ખાતે એક્સ-રે મશીનની સેવાઓ ઉપલબ્ધ નથી જે કેન્દ્રોમાં એક્સ-રે મશીનની સુવિધા આઉટસોર્સથી ઉપલબ્ધ કરાવવા માટે ગુજરાત મેડીકલ સર્વીસીસ કોર્પોરેશન લી.ગાંધીનગર ખાતે કાર્યવાહી ચાલુમાં છે.

--------

પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લાના સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં એક્સ-રે મશીન, રેફ્રીજરેટર અને એમ્બ્યુલન્સ વાનની સુવિધા

અતારાંકિતઃ ૧૦૦૭૮ (૩૦-૧૧-૨૦૧૬) શ્રી સી. કે. રાઉલજી (ગોધરા): માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લામાં ક્યા ક્યા સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં તા.૩૧મી ડિસેમ્બર, ૨૦૧૫ ની સ્થિતિએ એક્સ-રે મશીન, રેફ્રીજરેટર અને એમ્બ્યુલન્સ વાનની સુવિધા ઉપલબ્ધ નથી, અને

(૨) ઉક્ત સાધનો સુવિધા વહેલી તકે મળે તે માટે શું આયોજન છે ?

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૨૧-૦૩-૨૦૧૭)

(૧) પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લામાં જે સામુહિક આરોગ્ય કેન્દ્રો ખાતે એક્સ-રે મશીન, રેફ્રીજરેટર અને એમ્બ્યુલન્સ વાનની સુવિધા ઉપલબ્ધ નથી તેની માહિતી નીચે મુજબ છે.

| અ.નં. | જિલ્લાનું નામ | સામુહિક આરોગ્ય કેન્દ્રનું નામ | એક્સ-રે મશીન | રેફ્રીજરેટર | એમ્બ્યુલન્સ |
|---|---|---|---|---|---|
| ૧ | પંચમહાલ | ઘોઘંબા | નથી | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે |
| ૨ | દાહોદ | ધાનપુર | નથી | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે |
| ૩ | મહીસાગર | કડાણા | નથી | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે |
| | | બાકોર | નથી | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે |

(૨) જે સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં એક્સ-રે મશીનની સેવાઓ ઉપલબ્ધ નથી તે કેન્દ્રોમાં એક્સ-રે મશીનની સુવિધા આઉટસોર્સથી ઉપલબ્ધ કરાવવા માટે ગુજરાત મેડીકલ સર્વીસીસ કોર્પોરેશન લી.ગાંધીનગર ખાતે કાર્યવાહી ચાલુમાં છે.

કચ્છ અને ભાવનગર જિલ્લામાં હૃદય અને ટી.બી. ની બિમારીથી પીડાતા બાળકો

અતારાંકિતઃ ૧૦૩૨૧ (૧૫-૧૨-૨૦૧૬) શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા): માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

ચૈત્ર ૧૦, ૧૯૩૯ શાકે

અતારાંકિત પ્રશ્નોત્તરી (નિયમ-૮૭-ક)

(૧) કચ્છ અને ભાવનગર જિલ્લામાં ૩૦મી જૂન-૨૦૧૬ ની સ્થિતિએ કેટલા બાળકો હૃદય તથા ટી.બી. ની બિમારીથી પીડાઇ રહેલ નોંધાયેલ છે, અને

(૨) ઉક્ત બાળદર્દીઓના ઝડપી અને અસરકારક ઉપચાર માટે સરકારે શા પગલા ભર્યા છે ?

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૨૧-૦૩-૨૦૧૭)

(૧) કચ્છ અને ભાવનગર જિલ્લામાં ૩૦મી જૂન-૨૦૧૬ ની સ્થિતિએ હૃદય તથા ટી.બી. ની બિમારીથી પીડાઇ રહેલ નોંધાયેલ બાળકોની વિગત નીચે મુજબની છે.

| ક્રમ | જિલ્લો | હૃદય | ટી.બી. |
|---|---|---|---|
| ૧ | કચ્છ | ૧૫૯ | ૪૮ |
| ૨ | ભાવનગર | ૩૫૪ | ૫૩ |
| | કૂલ | ૫૧૩ | ૧૦૧ |

(૨) હૃદયની બિમારીથી પીડાઇ રહેલા બાળદર્દીઓને ઝડપી અને અસરકારક ઉપચાર માટે સામુહિક આરોગ્ય કેન્દ્રો/જિલ્લા હોસ્પિટલ ખાતે સંદર્ભ સેવા તથા ગંભીર બિમારીવાળા બાળકોને યુ.એન.મહેતા ઇન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડીયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ ખાતે વિના મૂલ્યે સારવાર પૂરી પાડવામાં આવેલ છે.

ટી.બી. ની બિમારીવાળા બાળદર્દીઓને ઝડપી અને અસરકાર ઉપચાર માટે જિલ્લામાં કાર્યરત જનરલ હોસ્પિટલ, સામુહિક આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પેટા આરોગ્ય કેન્દ્ર ઉપરાંત ડોટસ પ્રોવાઇડર દ્વારા દર્દીના રહેઠાણથી નજીક દર્દીને અનુકૂળ હોય તે સ્થળેથી સીધા નિરીક્ષણ હેઠળ સારવાર વિનામૂલ્યે પૂરી પાડવામાં આવે છે.

--------

બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં એક્સ-રે મશીન, રેફ્રીજરેટર અને એમ્બ્યુલન્સ વાનની સુવિધા

અતારાંકિતઃ ૧૦૩૯૨ (૧૫-૧૨-૨૦૧૬) શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ): માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી ક્યા ક્યા સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં તા.૩૦-૮-૨૦૧૬ ની સ્થિતિએ એક્સ-રે મશીન, રેફ્રીજરેટર અને એમ્બ્યુલન્સ વાનની સુવિધા ઉપલબ્ધ નથી, અને

(૨) ઉક્ત સાધનોની સુવિધા વહેલી તકે મળે તે માટે શું આયોજન છે ?

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૨૧-૦૩-૨૦૧૭)

(૧) બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં જે સામુહિક આરોગ્ય કેન્દ્રો ખાતે એક્સ-રે મશીન, રેફ્રીજરેટર અને એમ્બ્યુલન્સ વાનની સુવિધા ઉપલબ્ધ નથી તેની માહિતી નીચે મુજબ છે.

| અ.નં. | જિલ્લાનું નામ | સામુહિક આરોગ્ય કેન્દ્રનું નામ | એક્સ-રે મશીન | રેફ્રીજરેટર | એમ્બ્યુલન્સ |
|---|---|---|---|---|---|
| ૧ | બનાસકાંઠા | ખીમાણા | નથી | નથી | નથી |
| | | પીલુડા | નથી | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે |
| | | તડાવ | નથી | ઉપલબ્ધ છે | નથી |
| | | વિરમપુર | નથી | ઉપલબ્ધ છે | નથી |
| | | જડીયા | નથી | નથી | ઉપલબ્ધ છે |
| | | ખીમત | નથી | નથી | ઉપલબ્ધ છે |
| | | માંકડી | નથી | નથી | નથી |
| | | ધુણસોલ | નથી | નથી | ઉપલબ્ધ છે |
| | | કોતરવાડા | નથી | નથી | ઉપલબ્ધ છે |
| ૨ | સાબરકાંઠા | મટોડા | નથી | ઉપલબ્ધ છે | નથી |
| | | લાંબડીયા | નથી | નથી | નથી |
| ૩ | અરવલ્લી | ઇસરી | નથી | ઉપલબ્ધ છે | નથી |
| | | ચોરીમાલ | નથી | ઉપલબ્ધ છે | ઉપલબ્ધ છે |

(૨) જે સામુહિક આ ોગ્ય કેન્દ્રોમાં એક્સ-રે મશીનની સેવાઓ ઉપલબ્ધ નથી તે કેન્દ્રોમાં એક્સ-રે મશીનની સુવિધા આઉટસોર્સથી ઉપલબ્ધ કરાવવા માટે ગુજરાત મેડીકલ સર્વીસીસ કોર્પોરેશન લી. ગાંધીનગર ખાતે કાર્યવાહી ચાલુમાં છે.

## તા.૩૧મી માર્ચ, ૨૦૧૭
## અતારાંકિત પ્રશ્નોત્તરી (નિયમ-૮૭-ક)

સામુહિક આરોગ્ય કેન્દ્ર, મટોડા જિ.સાબરકાંઠા, ઇસરી જિ.અરવલ્લી તથા વિરમપુર જિ.બનાસકાંઠા ખાતે નવેમ્બર-૨૦૧૬ માં નવી એમ્બ્યુલન્સ ફાળવવામાં આવેલ છે. જે સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં એમ્બ્યુલન્સ તથા રેફ્રીજરેટરની સુવિધા ઉપલબ્ધ નથી તે સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં આગામી સમયમાં સર્વગ્રાહી વિચારણા સમયે સુવિધા પુરી પાડવામાં આવશે.

--------

### બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં હ્રદય અને ટી.બી. ની બિમારીથી પીડાતા બાળકો

અતારાંકિતઃ ૧૦૩૯૩ (૧૫-૧૨-૨૦૧૬) શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ): માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં કેટલા બાળકો તા.૩૦-૮-૨૦૧૬ ની સ્થિતિએ હ્રદયની તથા ટી.બી. ની બિમારીથી પીડાઇ રહેલ નોંધાયેલ છે, અને

(૨) ઉક્ત બિમારીના ઝડપી અને અસરકારક ઉપચાર માટે સરકારે શાં પગલા ભર્યા છે ?

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૨૧-૦૩-૨૦૧૭)

(૧) બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં તા.૩૦-૮-૨૦૧૬ ની સ્થિતિએ હ્રદય તથા ટી.બી. ની બિમારીથી પીડાઇ રહેલ બાળકોની વિગત નીચે મુજબની છે.

| ક્રમ | જિલ્લો | હ્રદય | ટી.બી. |
|---|---|---|---|
| ૧ | બનાસકાંઠા | ૨૫૮ | ૯૬ |
| ૨ | સાબરકાંઠા | ૧૬૬ | ૩૮ |
| ૩ | અરવલ્લી | ૧૦૫ | ૨૩ |
| | કૂલ | ૫૨૯ | ૧૫૭ |

(૨) હ્રદયની બિમારીથી પીડાઇ રહેલા બાળદર્દીઓને ઝડપી અને અસરકારક ઉપચાર માટે સામુહિક આરોગ્ય કેન્દ્રો/જિલ્લા હોસ્પિટલ ખાતે સંદર્ભ સેવા તથા ગંભીર બિમારીવાળા બાળકોને યુ.એન.મહેતા ઇન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડીયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ ખાતે વિના મૂલ્યે સારવાર પૂરી પાડવામાં આવે છે.

ટી.બી. ની બિમારીવાળા બાળદર્દીઓને ઝડપી અને અસરકાર ઉપચાર માટે જિલ્લામાં કાર્યરત જનરલ હોસ્પિટલ, સામુહિક આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પેટા આરોગ્ય કેન્દ્ર ઉપરાંત ડોટસ પ્રોવાઇડર દ્વારા દર્દીના રહેઠાણથી નજીક દર્દીને અનુકૂળ હોય તે સ્થળેથી સીધા નિરીક્ષણ હેઠળ સારવાર વિનામૂલ્યે પૂરી પાડવામાં આવે છે.

--------

### કમિશનર, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગાંધીનગરની કચેરીમાં લાંચ લેતા ઝડપાયેલા અધિકારીઓ

અતારાંકિતઃ ૧૦૮૪૬ (૨૧-૦૧-૨૦૧૭) શ્રી રાઘવજી પટેલ (જામનગર): માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગાંધીનગરના નાયબ કમિશનર રૂ.૩૦,૧૨૮/- તથા મદદનીશ ઔષધ કમિશનર રૂ.૬૦,૬૮૫/- ની લાંચ લેતા એ.સી.બી. એ રંગે હાથ ફેબ્રુઆરી, ૨૦૧૫ માં ઝડપી લીધા હતા તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત અધિકારીઓ સામે તા.૩૧-૧૦-૨૦૧૬ ની સ્થિતિએ શાં કાનૂની અને ખાતાકીય પગલાં લેવાયાં છે ?

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૨૨-૦૩-૨૦૧૭)

(૧) ના, જી. પરંતુ તા.૧૪-૧૦-૨૦૧૪ ના રોજ કચેરી સમય બાદ તથા કચેરી કમ્પાઉન્ડની બહાર નાયબ કમિશનર વર્ગ-૧ પાસેથી રૂ.૪૫,૪૨૦/- અને પ્રવર ઔષધ નિરીક્ષક વર્ગ-૨ પાસેથી રૂ.૬૦,૬૮૫/- ની રોકડ રકમ એ.સી.બી., ગાંધીનગરના અધિકારીને મળી આવેલ છે.

(૨) તેઓ સામે ગાંધીનગર એ.સી.બી. પો.સ્ટે.ગુ.ર. નં.૭/૨૦૧૪ અને ૮/૨૦૧૪ થી ગુનો દાખલ કરવામાં આવેલ છે તેમજ સરકાર દ્વારા તા.૨૯-૧૦-૨૦૧૪ થી ફરજમોકુફી હેઠળ ઉતારવામાં આવેલ હતા, જે પૈકી પ્રવર ઔષધ નિરીક્ષક વર્ગ-૨ નું તા.૦૮-૦૫-૨૦૧૬ ના રોજ અવસાન થયેલ છે.

--------

### રાજ્યમાં જિલ્લાવાર મેલેરીયા સુપરવાઇઝર, મેલેરીયા ઇન્સપેક્ટર અને મેલેરીયા સર્વેલન્સ વર્કરની મંજૂર થયેલ જગ્યાઓ

અતારાંકિતઃ ૧૧૦૯૬ (૨૧-૦૧-૨૦૧૭) શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર): માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૧૧-૨૦૧૬ ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર મેલેરીયા સુપરવાઇઝર, મેલેરીયા ઇન્સપેક્ટર અને મેલેરીયા સર્વેલન્સ વર્કરની કેટલી જગ્યાઓ મંજુર થયેલ છે,

(૨) ઉક્ત પૈકી જિલ્લાવાર કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં જિલ્લાવાર કેટલી જગ્યાઓ ભરવામાં આવી, અને

(૪) ઉક્ત સ્થિતિએ ખાલી જગ્યાઓ સરકારે ક્યાં સુધીમાં ભરવાનું આયોજન કરેલ છે ?

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) **:** (૨૨-૦૩-૨૦૧૭)

(૧) તા.૩૦-૧૧-૨૦૧૬ ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર મેલેરીયા સુપરવાઇઝરની ૧૭૪ જગ્યાઓ મંજુર થયેલ છે. (પત્રક સામેલ છે.)

સરકારશ્રીના તા.૧૫-૨-૧૯૭૭ ના ઠરાવ ક્રમાંકઃ એમ.પી.ડબલ્યુ/૧૦૭૬/૩૩૭૩/ઘ થી મેલેરીયા ઇન્સપેક્ટરની જગ્યાઓ મલ્ટી પરપઝ હેલ્થ સુપરવાઇઝરની જગ્યાઓમાં મર્જ કરવામાં આવેલ છે. આ જ રીતે મેલેરીયા સર્વેલન્સ વર્કરની જગ્યાઓ મલ્ટી પરપઝ હેલ્થ વર્કર સંવર્ગમાં મર્જ કરવામાં આવેલ છે. જેથી આ બંને જગ્યાઓનું અલગ અસ્તિત્વ રહેતું નથી. જેથી માહિતી આપવાની રહેતી નથી.

(૨) મેલેરિયા સુપરવાઇઝરની મંજુર, ભરેલી, ખાલી જગ્યાઓની વિગતો દર્શાવતું પત્રક આ સાથે સામેલ છે.

(૩) આ સંવર્ગની જગ્યાઓ ભરવાની કાર્યવાહી સરકારશ્રીના પંચાયત વિભાગ દ્વારા કરવામાં આવે છે.

(૪) ઉક્ત સ્થિતિએ યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી આ જગ્યા ભરવાનું આયોજન છે.

પત્રક

| ક્રમ | જિલ્લાનું નામ | મેલેરિયા સુપરવાઇઝર | | |
|---|---|---|---|---|
| | | મંજુર થયેલ જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
| ૧ | અમદાવાદ | ૭ | ૦ | ૭ |
| ૨ | આણંદ | ૬ | ૦ | ૬ |
| ૩ | ખેડા | ૭ | ૨ | ૫ |
| ૪ | સુરેન્દ્રનગર | ૬ | ૦ | ૬ |
| ૫ | ગાંધીનગર | ૫ | ૦ | ૫ |
| ૬ | બનાસકાંઠા | ૯ | ૦ | ૯ |
| ૭ | મહેસાણા | ૭ | ૦ | ૭ |
| ૮ | પાટણ | ૬ | ૦ | ૬ |
| ૯ | સાબરકાંઠા | ૭ | ૦ | ૭ |
| ૧૦ | અરવલ્લી | ૧ | ૦ | ૧ |
| ૧૧ | વડોદરા | ૭ | ૦ | ૭ |
| ૧૨ | ભરૂચ | ૮ | ૦ | ૮ |
| ૧૩ | દાહોદ | ૬ | ૦ | ૬ |
| ૧૪ | પંચમહાલ | ૮ | ૦ | ૮ |
| ૧૫ | નર્મદા | ૦ | ૦ | ૦ |
| ૧૬ | મહીસાગર | ૧ | ૦ | ૧ |
| ૧૭ | છોટાઉદેપુર | ૫ | ૦ | ૫ |
| ૧૮ | ભાવનગર | ૮ | ૦ | ૮ |
| ૧૯ | અમરેલી | ૭ | ૦ | ૭ |
| ૨૦ | જુનાગઢ | ૧૨ | ૦ | ૧૨ |
| ૨૧ | ગીર સોમનાથ | ૦ | ૦ | ૦ |
| ૨૨ | બોટાદ | ૧ | ૦ | ૧ |
| ૨૩ | રાજકોટ | ૭ | ૦ | ૭ |
| ૨૪ | જામનગર | ૫ | ૦ | ૫ |
| ૨૫ | પોરબંદર | ૩ | ૦ | ૩ |
| ૨૬ | કચ્છ | ૮ | ૦ | ૮ |
| ૨૭ | દેવભૂમિ દ્વારકા | ૨ | ૦ | ૨ |
| ૨૮ | મોરબી | ૨ | ૦ | ૨ |
| ૨૯ | સુરત | ૮ | ૧ | ૭ |

| ક્રમ | જિલ્લાનું નામ | મેલેરિયા સુપરવાઈઝર | | |
|---|---|---|---|---|
| | | મંજુર થયેલ જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
| ૩૦ | ડાંગ | ૨ | ૦ | ૨ |
| ૩૧ | નવસારી | ૪ | ૦ | ૪ |
| ૩૨ | તાપી | ૪ | ૦ | ૪ |
| ૩૩ | વલસાડ | ૫ | ૦ | ૫ |
| | કૂલ | ૧૭૪ | ૩ | ૧૭૧ |

--------

સહાયક પરિચારીકા, દાયણો, દાઇઓ અને આરોગ્ય તપાસનીશોને તાલીમ આપવા માટે ભારત સરકાર તરફથી મળેલ રકમ

અતારાંકિતઃ ૧૧૨૦૬ (૧૬-૦૧-૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) સહાયક પરિચારીકા, દાયણો, દાઇઓ અને આરોગ્ય તપાસનીશોને તાલીમ આપવા માટે ભારત સરકાર તરફથી તા.૩૦-૧૧-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં રાજ્ય સરકારને કોઇ રકમ મળેલ છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૩) ઉક્ત મળેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે.

આરોગ્ય રાજ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) :

(૧) તાલીમ આપવા માટે ભારત સરકાર તરફથી રાજ્ય સરકારને કોઇ રકમ મળેલ નથી.

(૨) અને (૩): પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

રાષ્ટ્રિય આરોગ્ય મિશન / અભિયાન અંતર્ગત ભારત સરકાર તરફથી મળેલ રકમ

અતારાંકિતઃ ૧૧૨૧૩ (૩-૧-૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાષ્ટ્રિય આરોગ્ય મિશન / અભિયાન અંતર્ગત ભારત સરકાર તરફથી તા. ૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને,

(૨) ઉક્ત મળેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે?

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) :

(૧)

| ક્રમ | નાણાકીય વર્ષ | કેન્દ્ર સરકાર તરફથી મળેલ ગ્રાન્ટ રકમ રૂ. કરોડમાં |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | ૨૦૧૨-૧૩ | ૬૩૮.૧૭ |
| ૨ | ૨૦૧૩-૧૪ | ૭૪૦.૪૮ |
| ૩ | ૨૦૧૪-૧૫ | ૮૩૨.૮૬ |
| ૪ | ૨૦૧૫-૧૬ | ૬૮૨.૭૯ |
| ૫ | ૨૦૧૬-૧૭ (તા. ૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ) | ૬૨૫.૪૨ |

(૨)

| ક્રમ | નાણાકીય વર્ષ | ખર્ચ રકમ રૂ. કરોડમાં | રીમાર્કસ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | ૨૦૧૨-૧૩ | ૭૮૦.૪૩ | અગાઉના નાણાકીય વર્ષોની વણવપરાયેલ રકમનો પછીના નાણાકીય વર્ષમાં વપરાશ થતો હોય છે. |
| ૨ | ૨૦૧૩-૧૪ | ૯૪૨.૭૮ | |
| ૩ | ૨૦૧૪-૧૫ | ૯૪૭.૯૨ | |
| ૪ | ૨૦૧૫-૧૬ | ૧૨૯૩.૨૪ | |

| | | | |
|---|---|---|---|
| ૫ | ૨૦૧૬-૧૭<br>(તા. ૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ) | ૬૫૧.૯૪ | |

--------

રાજીવ ગાંધી નેશનલ રૂરલ હેલ્થ મિશન અન્વયે રાજ્ય સરકારને મળેલ રકમ

અતારાંકિતઃ ૧૧૨૬૧ (૯-૧-૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજીવ ગાંધી નેશનલ રૂરલ હેલ્થ મિશન (એનઆરએચએમ) અંતર્ગત ભારત સરકાર તરફથી તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકારને કોઇ રકમ મળેલ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૩) ઉક્ત મળેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે?

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) :

(૧) હા, જી.

(૨)

| ક્રમ | નાણાકીય વર્ષ | કેન્દ્ર સરકાર તરફથી મળેલ ગ્રાન્ટ રકમ રૂ. કરોડમાં |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | ૨૦૧૨-૧૩ | ૬૩૮.૧૭ |
| ૨ | ૨૦૧૩-૧૪ | ૭૪૦.૪૮ |
| ૩ | ૨૦૧૪-૧૫ | ૮૩૨.૮૬ |
| ૪ | ૨૦૧૫-૧૬ | ૬૮૨.૭૯ |
| ૫ | ૨૦૧૬-૧૭ (તા. ૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ) | ૬૨૫.૪૨ |

(૩)

| ક્રમ | નાણાકીય વર્ષ | ખર્ચ રકમ રૂ. કરોડમાં | રીમાર્કસ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | ૨૦૧૨-૧૩ | ૭૮૦.૪૩ | અગાઉના નાણાકીય વર્ષોની વણવપરાયેલ રકમનો પછીના નાણાકીય વર્ષમાં વપરાશ થતો હોય છે. |
| ૨ | ૨૦૧૩-૧૪ | ૯૪૨.૭૮ | |
| ૩ | ૨૦૧૪-૧૫ | ૯૪૭.૯૨ | |
| ૪ | ૨૦૧૫-૧૬ | ૧૨૯૩.૨૪ | |
| ૫ | ૨૦૧૬-૧૭<br>(તા. ૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ) | ૬૫૧.૯૪ | |

--------

રાજ્યમાં આશા હેલ્થ વર્કરોને દર માસે આપવામાં આવતી પ્રોત્સાહક રકમ

અતારાંકિતઃ ૧૧૪૯૧ (૨૧-૦૧-૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં આશા હેલ્થ વર્કરને દર માસે પ્રોત્સાહક રકમ કેટલી આપવામાં આવે છે, અને,

(૨) ઉક્ત રકમમાં છેલ્લે ક્યારે કેટલો વધારો કરવામાં આવેલ છે?

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૨૪-૩-૧૭)

(૧) "આશા "ને કામના પ્રમાણમાં નિયત થયેલ પ્રોત્સાહક રકમ આપવામાં આવે છે

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

તા.૩૧મી માર્ચ, ૨૦૧૭
અતારાંકિત પ્રશ્નોત્તરી (નિયમ–૮૭–ક)

રાજ્યમાં ગુન્હાઓની સ્થળ પર તપાસ માટે મોબાઇલ ફોરેન્સીક વાનની ઉપલબ્ધતા

અતારાંકિતઃ ૯૭૫૭ (૧૫–૧૧–૨૦૧૬) શ્રી શકિતસિંહજી ગોહીલ (અબડાસા): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

રાજ્યમાં તા. ૩૦ જુન – ૨૦૧૬ની સ્થિતિએ ગુન્હાઓની વૈજ્ઞાનિક રીતે સ્થળ પર જઇને તપાસ કરતી કેટલી મોબાઇલ ફોરેન્સીક વાન જિલ્લાવાર ઉપલબ્ધ છે?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૪–૩–૧૭)

રાજ્યમાં તા. ૩૦ જુન – ૨૦૧૬ની સ્થિતિએ ગુન્હાઓની વૈજ્ઞાનિક રીતે સ્થળ પર જઇને તપાસ કરતી કૂલ – ૩૯ મોબાઇલ ફોરેન્સીક વાન આ સાથે સામેલ પત્રક–અ મુજબ જિલ્લાવાર ઉપલબ્ધ છે.

"પત્રક–અ"

| ક્રમ | સ્થળ | ઉપલબ્ધ મોબાઇલ ફોરેન્સિક વાન |
|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | ૨ |
| ૨ | સુરત શહેર | ૨ |
| ૩ | રાજકોટ શહેર | ૧ |
| ૪ | વડોદરા શહેર | ૧ |
| ૫ | અમદાવાદ ગ્રામ્ય | ૧ |
| ૬ | ગાંધીનગર | ૧ |
| ૭ | મહેસાણા | ૧ |
| ૮ | પાટણ | ૧ |
| ૯ | પાલનપુર (બનાસકાઠા) | ૧ |
| ૧૦ | હિંમતનગર (સાબરકાંઠા) | ૧ |
| ૧૧ | આણંદ | ૧ |
| ૧૨ | ખેડા–નડીયાદ | ૧ |
| ૧૩ | વડોદરા ગ્રામ્ય | ૧ |
| ૧૪ | ભરૂચ | ૧ |
| ૧૫ | નર્મદા–રાજપીપળા | ૧ |
| ૧૬ | તાપી–વ્યારા | ૧ |
| ૧૭ | નવસારી | ૧ |
| ૧૮ | વલસાડ | ૧ |
| ૧૯ | આહવા–ડાંગ | ૧ |
| ૨૦ | સુરત–ગ્રામ્ય | ૧ |
| ૨૧ | રાજકોટ ગ્રામ્ય | ૧ |
| ૨૨ | ભાવનગર | ૧ |
| ૨૩ | જૂનાગઢ | ૧ |
| ૨૪ | અમરેલી | ૧ |
| ૨૫ | વેરાવળ | ૧ |
| ૨૬ | ગાંધીધામ | ૧ |
| ૨૭ | કચ્છ–ભુજ | ૧ |
| ૨૮ | સુરેન્દ્રનગર | ૧ |
| ૨૯ | ગોધરા | ૧ |
| ૩૦ | દાહોદ | ૧ |
| ૩૧ | પોરબંદર | ૧ |
| ૩૨ | જામનગર | ૧ |
| ૩૩ | ગૌ માંસ પરિક્ષણવાન, ગાંધીનગર | ૧ |
| ૩૪ | ગૌ માંસ પરિક્ષણવાન, અમદાવાદ | ૧ |

| ક્રમ | સ્થળ | ઉપલબ્ધ મોબાઇલ ફોરેન્સિક વાન |
|---|---|---|
| ૩૫ | ગૌ માંસ પરિક્ષણવાન, સુરત | ૧ |
| ૩૬ | ગૌ માંસ પરિક્ષણવાન, રાજકોટ | ૧ |
| ૩૭ | વન્ય પ્રાણીઓ ક્રાઇમસીન વાન-સાસણગીર | ૧ |
| | કુલ | ૩૯ |

-------------

પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લામાં મહિલા પોલીસ સ્ટેશનો

અતારાંકિતઃ ૧૦૦૪૯ (૨૨-૧૧-૨૦૧૬) શ્રી સી.કે રાઉલજી (ગોધરા): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લામાં તા. ૩૧ ડીસેમ્બર, ૨૦૧૫ની સ્થિતિએ કયા શહેરોમાં કેટલા મહિલા પોલીસ સ્ટેશનો છે?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૧૭-૩-૧૭)

તા. ૩૧ ડીસેમ્બર, ૨૦૧૫ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં ગોધરા શહેર ખાતે - ૧(એક) મહિલા પોલીસ સ્ટેશન અને દાહોદ જિલ્લામાં દાહોદ શહેર ખાતે - ૧(એક) મહિલા પોલીસ સ્ટેશન છે. જ્યારે મહીસાગર જિલ્લામાં ઉક્ત સ્થિતિએ મહિલા પોલીસ સ્ટેશન નથી.

--------

રાજ્યમાં જિલ્લાવાર બાળકોના અપહરણ બાબત

અતારાંકિતઃ ૧૦૩૦૨ (૦૮-૧૧-૨૦૧૬) શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા): તા. ૨૭-૦૮-૨૦૧૫ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ પ્રશ્ન ૩૫૭૭ના અનુસંધાને માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં જિલ્લાવાર જે બાળકોના અપહરણ થયા હતા અને તા. ૩૧-૮-૨૦૧૪ની સ્થિતિએ મળી આવ્યા ન હતા તે પૈકી કેટલા બાળકો તા. ૩૧-૮-૨૦૧૬ સુધીમાં મળી આવ્યાં છે / પોલીસે શોધી કાઢ્યાં છે,

(૨) તા. ૩૧-૮-૧૬ની સ્થિતિએ જે બાળકો હજુ શોધી શકાયાં નથી તે માટે શું સઘન આયોજન થયું છે, અને

(૩) આ જવાબદારી કોને સોંપાઇ છે?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૪-૩-૧૭)

(૧) પત્રક મુજબ

(૨) જિલ્લાના તમામ થાણા અમલદાર તથા સુપરવાઇઝર અધિકારીઓને, ગુપ્ત બાતમીદારો રોકી, ઝીણવટભરી તપાસ કરી, કરાવડાવી તેઓને શોધી કાઢવા માટે સઘન પ્રયાસો કરવામાં આવેલ છે. બાળકો શોધવા માટે ડ્રાઇવનું આયોજન કરવામાં આવે છે તથા કેન્દ્ર સરકાર દ્વારા ચલાવવામાં આવતી www.trackthemissingchild.gov.in વેબસાઇટ પર બાળકોના ફોટા સાથેની માહિતી અપલોડ કરવામાં આવેલ છે. દૂરદર્શન ટી.વી.ચેનલ દ્વારા તેમજ સ્થાનિક ટી.વી. ચેનલો દ્વારા ગુમ બાળકોની પ્રસિધ્ધી કરવામાં આવે છે તેમજ દરેક પો.સ્ટે. વિસ્તારમાં ચાઇલ્ડ વેલ્ફેર ઓફીસરની નિમણૂંક કરવામાં આવેલ છે.

(૩) અપહરણ થયેલ બાળકોને શોધવા અંગેની જવાબદારી જે-તે શહેર / જિલ્લાના પોલીસ સ્ટેશનના તપાસ કરનાર અમલદારને સોંપવામાં આવેલ છે.

પત્રક

| ક્રમ | જિલ્લાનું નામ | તા. ૩૧/૦૮/૨૦૧૪ ની સ્થિતિએ શોધવાની બાકી | તા. ૩૧/૦૮/૨૦૧૬ સુધીમાં મળી આવેલ બાળકો |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૧૮ | ૨૫ |
| ૨ | રાજકોટ | ૬૩ | ૨૨ |
| ૩ | વડોદરા | ૩૬ | ૧૧ |
| ૪ | સુરત | ૧૩૨ | ૬૬ |
| ૫ | જામનગર | ૧૭ | ૧૨ |
| ૬ | સુરેન્દ્રનગર | ૩ | ૩ |
| ૭ | ભાવનગર | ૩૫ | ૬ |
| ૮ | પોરબંદર | ૩ | ૨ |

તા.૩૧મી માર્ચ, ૨૦૧૭

અતારાંકિત પ્રશ્નોત્તરી (નિયમ-૮૭-ક)

| ક્રમ | જિલ્લાનું નામ | તા. ૩૧/૦૮/૨૦૧૪ની સ્થિતિએ શોધવાની બાકી | તા. ૩૧/૦૮/૨૦૧૬ સુધીમાં મળી આવેલ બાળકો |
|---|---|---|---|
| ૯ | જુનાગઢ | ૨૭ | ૨૦ |
| ૧૦ | અમરેલી | ૪૫ | ૧૯ |
| ૧૧ | કચ્છ | ૪૫ | ૨૨ |
| ૧૨ | બનાસકાંઠા | ૩૧ | ૧૨ |
| ૧૩ | મહેસાણા | ૧૯ | ૩ |
| ૧૪ | પાટણ | ૩ | ૦ |
| ૧૫ | ગાંધીનગર | ૧૦ | ૫ |
| ૧૬ | સાબરકાંઠા | ૯ | ૪ |
| ૧૭ | ખેડા | ૧૦ | ૫ |
| ૧૮ | આણંદ | ૨૯ | ૧૬ |
| ૧૯ | પંચમહાલ | ૪૫ | ૨૧ |
| ૨૦ | દાહોદ | ૩૮ | ૨૮ |
| ૨૧ | ભરૂચ | ૩૧ | ૨૬ |
| ૨૨ | નર્મદા | ૧ | ૧ |
| ૨૩ | વલસાડ | ૩૦ | ૧૮ |
| ૨૪ | ડાંગ | ૨ | ૧ |
| ૨૫ | નવસારી | ૩ | ૨ |
| ૨૬ | તાપી | ૪ | ૨ |
| ૨૭ | ગીર સોમનાથ | ૧૦ | ૩ |
| ૨૮ | મોરબી | ૧૩ | ૩ |
| ૨૯ | બોટાદ | ૧૧ | ૧૧ |
| ૩૦ | દેવભૂમિ દ્વારકા | ૧ | ૧ |
| ૩૧ | અરવલ્લી | ૦ | ૦ |
| ૩૨ | છોટા ઉદેપુર | ૪ | ૨ |
| ૩૩ | મહીસાગર | ૧૫ | ૧૩ |
| ૩૪ | પ.રે.વડોદરા | ૧ | ૦ |
| ૩૫ | પ.રે.અમદાવાદ | ૧ | ૦ |

----------

અમદાવાદના કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં કસ્ટોડીયલ ડેથ

અતારાંકિતઃ ૧૦૫૦૪ (૦૮-૧૧-૨૦૧૬) શ્રી શકિતસિંહજી ગોહિલ (અબડાસા): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) અમદાવાદના કૃષ્ણનગર રાખવામાં આવેલા એક આરોપીનું તા.૧૭/૦૯/૨૦૧૬ ના રોજ પોલીસ કસ્ટડીમાં મોત થયું તે હકીકત સાચી છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત કસ્ટોડીયલ ડેથના કિસ્સામાં સુપ્રિમકોર્ટ તથા નેશનલ હ્યુમન રાઈટસ કમીશને આપેલા આદેશ મુજબ શી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે, અને

(૩) ઉક્ત ઘટનાની જાણ નેશનલ હ્યુમન રાઈટસ કમીશનને નિયત સમય મર્યાદામાં કરવામાં આવી છે કે કેમ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૧૮-૦૩-૨૦૧૭)

(૧) ના જી. આરોપીનું કૃષ્ણનગર પોલીસ સ્ટેશનના લોકઅપમાં મૃત્યુ થયેલ નથી.ક્રિમીનલ પ્રોસીજર કોડ હેઠળની કલમોની જોગવાઈઓને આધિન રહીને સમગ્ર કાર્યવાહી કરવામાં આવેલ છે. રાજસ્થાન બાડી પોલીસ સ્ટેશને ફસ્ટ ગુ.ર.નં : ૪૮૯/૨૦૧૬ ઈ.પી.કો. કલમ ૩૬૫ ના ગુનાના કામના આરોપી મણીગીરી જનકગીરી તોમર વિરૂધ્ધમાં ગુનો નોંધાયેલ, જે ગુનાના કામે ભોગ બનનાર મમતાબેનની શોધખોળ સારુ તેમના ભાઈશ્રી નિગમભાઈ અમદાવાદ આવેલ અને

કૃષ્ણનગર હરીવાલા, બાપા સીતારામ ચોક ખાતેથી ઉપરોક્ત ગુનાના કામના આરોપી તથા ભોગ બનનાર મળી આવતા તેમણે તા.૧૭/૦૯/૨૦૧૬ ના રોજ કલાક ૧૭.૫૯ વાગે કંટ્રોલરૂમમાં ટેલીફોન કરી પોલીસ મદદ માંગેલ. જે મેસેજ આધારે કૃષ્ણનગર મોબાઈલ વાનમાં આરોપી શ્રી મણીગીરી જનકગીરી તોમર તથા ભોગ બનનાર મમતાબેનને કૃષ્ણનગર પોલીસ સ્ટેશને લાવી ઈન્વેસ્ટીગેશન સ્કવોડમાં સોંપતા હેડ કોન્સ્ટેબલ નરસંગજી ગજુજીએ તપાસ કરતા આરોપી તથા ભોગ બનનાર સબંધે રાજસ્થાનના બોડી પોલીસ સ્ટેશન ખાતે ખરાઈ કરતા ગુનો નોંધાયા અંગેની હકીકત જણાઈ આવતા, આરોપી તથા ભોગ બનનારને રાજસ્થાન લઈ જવા અંગેની જાણ કરવામાં આવેલ અને ભોગ બનનાર મમતાબેન નારી સંરક્ષણ ગૃહમાં જવા માંગતા હોય, તેણીને નારી સંરક્ષણ ગૃહમાં મોકલી આપવામાં આવેલ અને આરોપીને કૃષ્ણનગર પોલીસ સ્ટેશને ડાયરી એન્ટ્રી નં: ૧૫/૨૦૧૬ થી નોંધ કરી, પી.એસ.ઓ. પાસે રાખવામાં આવેલ. આ દરમ્યાન આરોપીની તબીયત અચાનક નાદુરસ્ત થતાં તથા ઉલટીઓ થતાં ફરજ પરના હેડ કોન્સ્ટેબલ નરસંગજી ગજુજીએ કલાક ૨૩.૧૦ વાગે સરકારી વાહનમાં સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે સારવાર અર્થે લઈ જતા અંદરના દર્દી તરીકે દાખલ કરી સારવાર ચાલુ કરેલ. સારવાર દરમ્યાન તા.૧૭/૦૯/૨૦૧૬ ના કલાક ૨.૦૫ વાગે મરણ થયેલ.

(૨) ઉક્ત બનાવ અંગે રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ, નવી દિલ્હીને જાણ કરવામાં આવેલ છે.

(૩) હા, જી.

--------

અમદાવાદ શહેરના મણિનગરમાં સ્પા/બ્યુટી પાર્લરમાં અનૈતિક વ્યવસાય

અતારાંકિતઃ ૧૦૬૫૪ (૨૨-૧૧-૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર-ગ્રામ્ય): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) અમદાવાદ શહેરમાં મણિનગર વિસ્તારમાં યુવતીઓના અનૈતિક દેહ વ્યાપારના ઓઠા હેઠળ ચાલતા આશરે અઢારથી વધુ સ્પા અને બ્યુટી પાર્લરો પર પોલીસે તા.૧૪-૧૫ ઓક્ટોબર, ૨૦૧૬ના રોજ દરોડા પાડ્યા હતા, તેમાં આશરે ૨૧ યુવતિઓ અને ૭ સંચાલકોને પકડી પાડ્યા હતા, તે હકીકત સાચી છે કે કેમ, અને

(૨) ઉક્ત ગુનાહિત ઘટના સબંધમાં કેટલા જવાબદારો સામે શા પગલાં લેવાયાં છે,?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૧૭-૦૩-૨૦૧૭)

(૧) અને (૨) અમદાવાદ શહેરના મણીનગર વિસ્તારમાં તા.૧૪-૧૫ ઓક્ટોબર, ૨૦૧૬ ના રોજ ૧૦ સ્પા અને બ્યુટીપાર્લરમાં રેડ પાડવામાં આવેલ હતી, અને તેમાં ૩૧ યુવતીઓ અને સંચાલકો તે વખતે હાજર મળી આવેલ. તેની તપાસમાં યુવતીઓના ગેરકાયદે અનૈતિક દેહવ્યાપાર સંબંધિત કોઈ પ્રવૃત્તિ જણાઈ આવેલ ન હતી. ઉક્ત ૧૦ પૈકી ૫(પાંચ) સ્પા સેન્ટરના સંચાલકો પાસે જરૂરી પરવાના ન હોવાથી ગુનો દાખલ કરી કાનૂની કાર્યવાહી કરવામાં આવેલ છે.

--------

મહેસાણા જિલ્લામાં પકડાયેલ દારૂ

અતારાંકિતઃ ૧૦૬૬૫ (૨૨-૧૧-૨૦૧૬) શ્રી પ્રહલાદભાઈ પટેલ (વિજાપુર): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૯-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલી રકમનો દારૂ પકડવામાં આવ્યો અને,

(૨) તે અન્વયે કેટલા ઇસમો સામે મુખ્યત્વે શી કાર્યવાહી કરવામાં આવી?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૧૭-૦૩-૨૦૧૭)

(૧)

| તાલુકા | રકમ (રૂપિયામાં) |
|---|---|
| મહેસાણા | ૧,૪૦,૬૭,૮૭૦/- |
| કડી | ૯૯,૯૧,૩૯૮/- |
| બહુચરાજી | ૧૮,૫૯,૮૩૩/- |
| વિસનગર | ૧૮,૪૧,૦૪૧/- |
| વિજાપુર | ૪૭,૫૪,૭૨૦/- |

| | |
|---|---|
| ઉંઝા | ૧૨,૮૧,૭૭૦/- |
| ખેરાલુ | ૮,૬૭,૧૩૧/- |
| વડનગર | ૯,૬૯,૦૫૦/- |
| સતલાસણા | ૧,૦૩,૭૦૦/- |

(૨) ૧૩૫૪૭ ઇસમો સામે ધી ગુજરાત નશાબંધી અધિનિયમ-૧૯૪૯ ની કલમ-૬૬(૧) બી, ૬૫(એ), (ઈ), ૧૧૬(બી) મુજબની કાનૂની કાર્યવાહી કરવામાં આવેલ છે.

--------

રાજ્યના મુખ્ય પોલીસ અધિકારી-પોલીસ મહાનિર્દેશક ગાંધીનગર સમક્ષ પોલીસ વિરૂધ્ધ ફરીયાદ

અતારાંકિતઃ ૧૦૮૧૬ (૨૩-૧૨-૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર-ગ્રામ્ય): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યના પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી ગાંધીનગર સમક્ષ સન ૨૦૧૫ના વર્ષમાં પોલીસ વિરૂધ્ધ મુખ્યત્વે કયા પ્રકારની કેટલી ફરિયાદો મળી અને

(૨) આ ફરિયાદોની તપાસ કરી કેટલા જવાબદારો સામે મુખ્યત્વે શી કાર્યવાહી હાથ ધરવામાં આવી?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૪-૦૩-૨૦૧૭)

(૧)

| ક્રમ | ફરિયાદના પ્રકાર | ફરિયાદની સંખ્યા |
|---|---|---|
| ૧ | પોલીસની કામગીરી/તપાસથી અસંતોષ | ૮૩ |
| ૨ | ગેરવર્તણુક | ૫૪ |
| ૩ | ભ્રષ્ટાચાર | ૬૭ |
| ૪ | ધાક ધમકી આપવા | ૦૩ |
| ૫ | એક જ જગ્યાએ વધુ સમયથી ફરજ બજાવતાં પોલીસ કર્મચારીઓની બદલી થવા | ૦૩ |
| ૬ | જાહેરહિતમાં ખોટી બદલી થવા | ૦૧ |
| ૭ | સામાન્ય/પ્રકિર્ણ આક્ષેપોવાળી અરજીઓ | ૩૯ |
| ૮ | દારૂ/જુગારની પ્રવૃત્તિ | ૧૦ |
| ૯ | માનવ અધિકાર | ૨૦ |
| ૧૦ | એટ્રોસીટી | ૪૧ |

(૨) આ ફરિયાદો અન્વયે જવાબદાર પોલીસ અધિકારી/કર્મચારીઓ સામે નીચે મુજબ કાર્યવાહી હાથધરી છે.

- ૬ સામે ગુનો દાખલ કરવામાં આવેલ છે.
- ૩ સામે ખાતાકીય તપાસ બાદ શિક્ષા કરવામાં આવેલ છે.
- ૧ સામે ખાતાકીય તપાસ શરૂ કરવામાં આવેલ છે.
- ૩ ની અન્ય પોલીસ સ્ટેશનમાં બદલી કરવામાં આવેલ છે.

--------

અમદાવાદ સેન્ટ્રલ જેલમાં ક્ષમતાથી વધુ કેદીઓ

અતારાંકિતઃ ૧૦૮૩૬ : (૦૨-૧૨-૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર-ગ્રામ્ય): માનનીય જેલ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) અમદાવાદ સેન્ટ્રલ જેલમાં તા.૩૧ ઓક્ટોબર-૨૦૧૬ની સ્થિતિએ કેદીઓને રાખવાની કેટલી ક્ષમતા છે અને તે સામે કેટલા કેદીઓ રાખવામાં આવ્યા છે, અને

(૨) જો કેદીઓ ક્ષમતાથી વધુ રાખવામાં આવેલા હોય તો તેવા કેદીઓને અન્યત્ર ખસેડવા શી કાર્યવાહી થઈ છે?

માનનીય જેલ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૦૯-૦૧-૨૦૧૭)

(૧) તા.૩૧ ઓક્ટોબર, ૨૦૧૬ની સ્થિતિએ કેદીઓને રાખવાપાત્ર ક્ષમતા ૨૫૮૬ની છે. તે સામે કુલ ૨૩૩૯ કેદીઓ રાખવામાં આવેલ છે.

(૨) ક્ષમતા કરતાં ઓછા કેદીઓ રાખવામાં આવેલ હોઈ , પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

અમદાવાદનાં મણિનગરનાં "સ્પા"માં અનૈતિક વ્યાપાર

અતારાંકિતઃ ૧૦૯૬૬ (૦૫–૦૧–૨૦૧૭) શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) અમદાવાદ શહેરના મણિનગરમાં યુવતીઓના ગેરકાયદે અનૈતિક દેહ વ્યાપાર ચલાવતા સ્પા પર તા.૧૫–૧૦ ૨૦૧૬ના રોજ પોલીસે રેડ પાડી હતી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત ગુનામાં ગેરકાનૂની પ્રવૃત્તિ કરનાર કેટલા ઇસમો સામે શી કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૧૭–૦૩–૨૦૧૭)

(૧) અને (૨) અમદાવાદ શહેરના મણીનગરમાં તા.૧૫/૧૦/૨૦૧૬ ના રોજ સ્પા પર પોલીસે રેડ પાડી હતી. તેની તપાસમાં યુવતીઓના ગેરકાયદે અનૈતિક દેહ વ્યાપાર સંબંધિત કોઇ પ્રવૃત્તિ જણાઇ આવેલ ન હતી. આ દરમ્યાન ૫(પાંચ) સ્પા સેન્ટરના સંચાલકો પાસે જરૂરી પરવાના ન હોવાથી ગુનો દાખલ કરી કાનૂની કાર્યવાહી કરવામાં આવેલ છે.

--------

અમદાવાદમાં એસ.જી.હાઈવે પરનાં હુક્કાબાર પર દરોડા

અતારાંકિતઃ ૧૦૯૯૨ (૦૫–૦૧–૨૦૧૭) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) અમદાવાદમાં એસ.જી.હાઇવે પર ચાલતા આશરે સો જેટલા કુક્કાબાર, તા.૧૭–૧૮ નવેમ્બર–૨૦૧૬ના રોજ પોલીસે દરોડા પાડી સીલ કરી દીધા તથા તેમના ફ્લેવરના નમૂના એફ.એસ.એલ.માં પરીક્ષણ માટે મોકલ્યા હતા તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત પૈકી કેટલા હુક્કાબાર લાઇસન્સ વીના ચાલતા હતા, અને

(૩) ઉક્ત કેટલા ગુનાહિત હુક્કાબાર સંચાલકો સામે શી કાનૂની કાર્યવાહી કરવામાં આવી છે?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૧૭–૦૩–૨૦૧૭)

(૧), (૨) અને (૩) અમદાવાદમાં એસ.જી.હાઇવે પર ચાલતા ૬૦ રેસ્ટોરેન્ટ કે જે હુક્કાની સુવિધા આપતા હતા તેમાં પોલીસે દરોડા પાડી સીલ કરી દીધેલ અને તેમાં રાખવામાં આવેલ હુક્કાની ફ્લેવરના નમૂના એફ.એસ.એલ.માં પરીક્ષણ માટે મોકલાવેલ. ઉકત ૬૦ રેસ્ટોરેન્ટ પૈકી ૩૧ રેસ્ટોરેન્ટ લાયસન્સ વિના ચાલતા હતા. તેના સંચાલકો સામે ગુનો દાખલ કરી કાનૂની કાર્યવાહી કરવામાં આવેલ છે.

--------

રાજ્યમાં પેરોલ પરનાં કેદીઓને પકડવા બાબત

અતારાંકિતઃ ૧૧૦૨૯ (૦૫–૦૧–૨૦૧૭) શ્રી શક્તિસિંહ ગોહિલ (અબડાસા): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યની જેલોમાંથી સન ૨૦૧૩, ૨૦૧૪ અને ૨૦૧૫ના વર્ષમાં આશરે ૬૪ જેટલા કેદીઓ પેરોલ કે ફર્લો લઈ ભાગી છૂટ્યા બાદ પરત ફર્યા નથી તેમજ પોલીસ તેમને પકડી શકી નથી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત ભાગી છૂટેલા તમામ કેદીઓને પકડવા શી કાર્યવાહી કરી છે?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૧૭–૦૩–૨૦૧૭)

(૧) સન–૨૦૧૩, ૨૦૧૪ અને ૨૦૧૫ ના વર્ષમાં કુલ–૩૦૯ પેરોલ, ફર્લોના કેદીઓ ફરાર થયેલ તે પૈકી ૧૯૫ કેદીઓ પરત ફરેલ /પકડાઇ ગયેલ છે. જ્યારે ૧૧૪ કેદીઓ પકડવાના બાકી છે.

(૨) આવા ફરાર કેદીઓ વિરુદ્ધ પ્રિઝન્સ એક્ટ મુજબ ગુના દાખલ કરવામાં આવેલ છે. રાજ્યના તમામ શહેર/જીલ્લાઓમાં કાર્યરત પેરોલ/ફર્લો સ્ક્વોર્ડ મારફતે તેમજ અંગત બાતમીદારો રોકી, તેઓ મળી આવે તેવી સંભવિત જગ્યાઓએથી પકડી પાડવાના પ્રયત્નો કરવામાં આવેલ છે. દૂરદર્શન અને આકાશવાણી દ્વારા ફરાર કેદીઓની વિગતો પ્રસારિત કરી, રેલ્વે-સ્ટેશન, બસ-સ્ટેશન જેવા જાહેર પરિવહનના સ્થળો પર ટીમ બનાવી ફરાર કેદીઓને પકડી પાડવાની કામગીરી કરવામાં આવે છે.

--------

રાજ્યમાં અસ્પૃશ્યતા બાબતે ફરિયાદ

અતારાંકિતઃ ૧૧૦૩૪ (૦૫-૦૧-૨૦૧૭) શ્રી શક્તિસિંહ ગોહિલ (અબડાસા): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં અનૂસુચિત જાતિના લોકોને મંદિરમાં પ્રવેશ ન આપવા તથા અસ્પૃશ્યતા સબંધી કેટલી ફરિયાદો સન ૨૦૧૫માં રાજ્ય સરકારને મળી, અને

(૨) ઉક્ત મળેલ ફરિયાદો પૈકી કેટલી ફરિયાદો અન્વયે મુખ્યત્વે કાર્યવાહી કરવામાં આવી?

મુખ્યમંત્રીશ્રી : (૨૪-૦૩-૨૦૧૭)

(૧) ૦૧ (એક)

(૨) ઉક્ત એક ફરિયાદ પરત્વે ગુનો નોંધી કાનૂની કાર્યવાહી હાથ ધરેલ છે.

--------

રાજ્યમાં ભાગેડુ જાહેર કરેલ ઇસમો

અતારાંકિતઃ ૧૧૦૫૮ (૦૭-૦૧-૨૦૧૭) શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર કેટલા ઇસમોને ભાગેડું જાહેર કરવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે ઉક્ત સમયગાળામાં કેટલા ભાગેડુઓને પકડવામાં આવ્યા?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૧૭-૦૩-૨૦૧૭)

(૧) પત્રક મુજબ

પત્રક

| અં. નં. | જીલ્લો | તા.૧/૧૨/૨૦૧૧ થી તા.૩૦/૧૧/૨૦૧૨ | તા.૧/૧૨/૨૦૧૨ થી તા.૩૦/૧૧/૨૦૧૩ | તા.૧/૧૨/૨૦૧૩ થી તા.૩૦/૧૧/૨૦૧૪ | તા.૧/૧૨/૨૦૧૪ થી તા.૩૦/૧૧/૨૦૧૫ | તા.૧/૧૨/૨૦૧૫ થી તા.૩૦/૧૧/૨૦૧૬ |
|---|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૩૫૬ | ૩૬૨ | ૨૮૮ | ૨૮૮ | ૨૮૫ |
| ૨ | રાજકોટ | ૧૨૯ | ૧૪૨ | ૧૪૮ | ૯૪ | ૧૦૫ |
| ૩ | સુરત | ૫૫ | ૬૨ | ૪૯ | ૬૬ | ૬૬ |
| ૪ | વડોદરા | ૩૪ | ૩૩ | ૨૨ | ૫૨ | ૪૮ |
| ૫ | ખેડા | ૬૬ | ૬૦ | ૪૨ | ૩૩ | ૪૧ |
| ૬ | આણંદ | ૫૯૩ | ૬૭૬ | ૬૮૯ | ૬૩૩ | ૬૫૫ |
| ૭ | ગાંધીનગર | ૨૩ | ૬૭ | ૨૨ | ૩૨ | ૩૦ |
| ૮ | સાબરકાંઠા | ૧૬૬ | ૧૭૬ | ૧૭૭ | ૧૯૫ | ૯૮ |
| ૯ | અરવલ્લી | ૦ | ૦ | ૧૮૧ | ૧૯૫ | ૨૨૩ |
| ૧૦ | મહેસાણા | ૪૯ | ૮૫ | ૧૧૮ | ૬૧ | ૧૦૩ |

અતારાંક્તિ પ્રશ્નોત્તરી (નિયમ-૮૭-ક)

| અં. નં. | જીલ્લો | તા.૧/૧૨/૨૦૧૧ થી તા. ૩૦/૧૧/૨૦૧૨ | તા.૧/૧૨/૨૦૧૨ થી તા.૩૦/૧૧/૨૦૧૩ | તા.૧/૧૨/૨૦૧૩ થી તા.૩૦/૧૧/૨૦૧૪ | તા.૧/૧૨/૨૦૧૪ થી તા.૩૦/૧૧/૨૦૧૫ | તા.૧/૧૨/૨૦૧૫ થી તા.૩૦/૧૧/૨૦૧૬ |
|---|---|---|---|---|---|---|
| ૧૧ | જામનગર | ૭૦ | ૫૫ | ૮૧ | ૬૭ | ૪૦ |
| ૧૨ | દેવભુમિ દ્વારકા | ૧૪ | ૨૬ | ૧૩ | ૧૪ | ૧૮ |
| ૧૩ | મોરબી | ૧૪ | ૨૦ | ૨૯ | ૨૦ | ૨૪ |
| ૧૪ | સુરેન્દ્રનગર | ૧૦૯ | ૮૧ | ૩૮ | ૨૯ | ૩૫ |
| ૧૫ | બનાસકાંઠા | ૫૮૦ | ૫૪૫ | ૫૭૩ | ૬૧૪ | ૬૮૬ |
| ૧૬ | કચ્છ | ૧૯૪ | ૨૧૯ | ૨૭૩ | ૨૯૨ | ૩૪૮ |
| ૧૭ | પાટણ | ૧૧૭ | ૦ | ૧૧૧ | ૧૦૧ | ૧૩૦ |
| ૧૮ | અમરેલી | ૩૨ | ૨૪ | ૩૪ | ૨૪ | ૩૦ |
| ૧૯ | ભાવનગર | ૬૩ | ૬૬ | ૬૮ | ૭૩ | ૬૮ |
| ૨૦ | બોટાદ | ૦ | ૨૫ | ૪૪ | ૩૬ | ૨૯ |
| ૨૧ | જુનાગઢ | ૮ | ૨૨ | ૧૦ | ૨૧ | ૮ |
| ૨૨ | ગીર-સોમનાથ | ૧ | ૧૦ | ૭ | ૮ | ૭ |
| ૨૩ | પોરબંદર | ૧ | ૪ | ૨ | ૨ | ૨ |
| ૨૪ | છોટાઉદેપુર | ૨૦ | ૧૨ | ૨૦ | ૨૦ | ૧૦ |
| ૨૫ | ભરૂચ | ૧૨ | ૧૦ | ૧૪ | ૧૫ | ૩૦ |
| ૨૬ | નર્મદા | ૧૨ | ૧૯ | ૨૫ | ૧૭ | ૩૭ |
| ૨૭ | પંચમહાલ | ૨૧૪ | ૨૦૭ | ૩૫૦ | ૨૬૩ | ૨૭૮ |
| ૨૮ | મહીસાગર | ૬૩ | ૭૬ | ૩૭ | ૨૯ | ૪૨ |
| ૨૯ | દાહોદ | ૨૬ | ૨૪ | ૧૨ | ૧૬ | ૬૦ |
| ૩૦ | તાપી | ૨૯ | ૧૬ | ૧૬ | ૩૧ | ૩૭ |
| ૩૧ | વલસાડ | ૪૮૨ | ૬૯૪ | ૮૦૫ | ૮૫૮ | ૮૪૦ |
| ૩૨ | નવસારી | ૧૪૭ | ૧૫૮ | ૧૫૫ | ૧૬૨ | ૧૯૦ |
| ૩૩ | ડાંગ | ૧ | ૦ | ૪ | ૧૧ | ૭ |
| ૩૪ | પ.રે.વડોદરા | ૪૨ | ૪૪ | ૪૦ | ૩૬ | ૩૩ |
| ૩૫ | પ.રે.અમદાવાદ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ |

(૨) ૫૬૨૬

--------

રાજ્યમાં શહેર/જીલ્લાવાર ગુનાહિત પ્રવૃત્તિઓ

અતારાંકિતઃ ૧૧૦૬૦ (૦૫-૦૧-૨૦૧૭) શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

તા.૩૦/૧૧/૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા ૫ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં શહેર અને જીલ્લાવાર ચોરી, લુંટ, ધાડ, અપહરણ, બળાત્કાર, ખૂન, આપઘાત, ચેઈન સ્નેચીંગ અને વાહન ચોરીના કેટલા ગુનાઓ નોંધાયા?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૪-૦૩-૨૦૧૭)

*પત્રક મુજબ

તા.૩૧મી માર્ચ, ૨૦૧૭

અતારાંકિત પ્રશ્નોત્તરી (નિયમ-૮૭-ક)

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

કેન્દ્ર સરકારે ''ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા'' માટે ફાળવેલ રકમ બાબત

અતારાંકિતઃ ૧૧૧૬૪ (૦૭-૦૧-૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા માટે ભારત સરકાર તરફથી તા.૩૦-૧૧-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકારને કોઇ રકમ મળેલ છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૩) ઉક્ત મળેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૪-૦૩-૨૦૧૭)

(૧) હા,

(૨) ભારત સરકાર તરફથી તા.૩૦-૧૧-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા પૂરા થયેલ પાંચ નાણાકીય વર્ષમાં ન્યાય સહાયક વિજ્ઞાન ખાતાને મળેલ રકમની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | ન્યાય સહાયક વિજ્ઞાનને મળેલ રકમ |
|---|---|---|
| ૧ | ૨૦૧૧-૧૨ | ૪૦૦.૦૦ લાખ |
| ૨ | ૨૦૧૨-૧૩ | ૪૬૨.૦૦ લાખ |
| ૩ | ૨૦૧૩-૧૪ | ૬૮૪.૦૦ લાખ |
| ૪ | ૨૦૧૪-૧૫ | ૬૩૦.૦૦ લાખ |
| ૫ | ૨૦૧૫-૧૬ | ૨૪૦.૦૦ લાખ |

(૩) ઉક્ત મળેલ રકમ પૈકી વર્ષવાર જે રકમ ખર્ચ કરવામાં આવેલ છે તેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | ખર્ચ કરવામાં આવેલ રકમ |
|---|---|---|
| ૧ | ૨૦૧૧-૧૨ | ૩૯૮.૧૬ લાખ |
| ૨ | ૨૦૧૨-૧૩ | ૪૬૧.૯૯ લાખ |
| ૩ | ૨૦૧૩-૧૪ | ૬૮૩.૨૩ લાખ |
| ૪ | ૨૦૧૪-૧૫ | ૫૮૯.૯૦ લાખ |
| ૫ | ૨૦૧૫-૧૬ | ૨૩૯.૯૮ લાખ |

--------

ક્રાઇમ એન્ડ ક્રિમિનલ નેટવર્ક સિસ્ટમ માટે ભારત સરકાર તરફથી મળેલ સહાય બાબતે

અતારાંકિતઃ ૧૧૧૬૬ (૦૭-૦૧-૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) ક્રાઇમ એન્ડ ક્રિમિનલ નેટવર્કસ એન્ડ સિસ્ટમ માટે ભારત સરકાર તરફથી તા.૩૦-૧૧-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં રાજ્ય સરકારને કોઇ રકમ મળેલ છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૩) ઉક્ત મળેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૪-૦૩-૨૦૧૭)

(૧) હા.

(૨) વર્ષ ૨૦૧૧-૧૨ મળેલ સહાય રૂ.૬૮૮.૨૩ લાખ
વર્ષ ૨૦૧૨-૧૩ સહાય મળેલ નથી.
વર્ષ ૨૦૧૩-૧૪ મળેલ સહાય રૂ.૨૪૬૦ લાખ
વર્ષ ૨૦૧૪-૧૫ મળેલ સહાય રૂ.૮૦૬ લાખ
વર્ષ ૨૦૧૫-૧૬ મળેલ સહાય રૂ.૧૪૨૫.૮૩ લાખ
વર્ષ ૨૦૧૬-૧૭ મળેલ સહાય રૂ.૨૫૦ લાખ.

(૩) વર્ષ ૨૦૧૧-૧૨ કરેલ ખર્ચ રૂ.૪૮.૩૯ લાખ
વર્ષ ૨૦૧૨-૧૩ કરેલ ખર્ચ રૂ.૬૨.૧૮ લાખ
વર્ષ ૨૦૧૩-૧૪ કરેલ ખર્ચ રૂ.૧૩૨૧.૮૯ લાખ
વર્ષ ૨૦૧૪-૧૫ કરેલ ખર્ચ રૂ.૨૩૬૩.૮૬ લાખ

વર્ષ ૨૦૧૫-૧૬ કરેલ ખર્ચ રૂ.૫૨૨.૭૨ લાખ
વર્ષ ૨૦૧૬-૧૭ કરેલ ખર્ચ રૂ.૧૫૭૬.૬૭ લાખ.

---------

અમદાવાદના કારંજ પોલીસ સ્ટેશનમાં માનહાની/બદનક્ષીનાં બનાવોની ફરિયાદ

અતારાંકિતઃ ૧૧૪૧૦ (૦૫-૦૧-૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) અમદાવાદ શહેરનાં કારંજ પોલીસ સ્ટેશનમાં માનહાની/બદનક્ષીનાં બનાવો સામે પગલાં લેવા માટે ડિસેમ્બર-૨૦૧૫માં મળેલ અરજીઓની સબંધે એન.સી. ફરિયાદ ફેબ્રુઆરી-૨૦૧૬માં નોંધેલ હતી તે હકીકત તા.૩૦-૧૧-૨૦૧૬ ની સ્થિતિએ સાચી છે,

(૨) જો હા, તો લાંબો સમય સુધી એન.સી. ફરિયાદ ન નોંધવાના કારણો શા હતા, અને

(૩) ઉક્ત ફરિયાદ ન નોંધનાર જવાબદારો સામે શા પગલાં લીધા ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૧૭-૦૩-૨૦૧૭)

(૧) હા, જી.

(૨) આ કામે અરજદાર તેમજ સામાવાળા વચ્ચે પરસ્પર સમાધાન અંગેની પ્રક્રિયા ચાલતી હોઇ અરજદારએ તેઓની અરજી સ્ટેન્ડ બાય (હાલ પુરતી કોઇ કાર્યવાહી નહીં કરવી) તેવી જાણ કરેલ હોય જે તે વખતે અરજી સ્ટેન્ડ બાય રાખવામાં આવેલ પરંતુ પાછળથી આ બાબતે અરજદાર તથા સામાવાળા વચ્ચે સમાધાન નહીં થતા આ અંગે અરજદારની અરજી ઉપરથી કારંજ પો.સ્ટે. એન.સી. ફરિયાદ નં.૦૪/૨૦૧૬ તા.૦૬-૦૨-૨૦૧૬ ના રોજ દાખલ કરવામાં આવેલ.

(૩) સંબંધિત પોલીસ અધિકારીને હવે પછી આવી ભૂલનું પુનરાવર્તન ન થાય તે સારૂ તાકીદ કરવામાં આવેલ છે.

---------

કરાઇ એકેડમી, ગાંધીનગર ખાતે પોલીસ કર્મીઓને બંધક બનાવવા બાબત

અતારાંકિતઃ ૧૧૪૧૧ (૦૫-૦૧-૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) ગાંધીનગર ખાતે કરાઇ એકેડેમી ખાતે આઇ.પી.એસ. અધિકારી દ્વારા પોલીસ કર્મીઓને બંધક બનાવ્યા તે બાબતે નીમાયેલ તપાસ સમિતિનો અહેવાલ ગૃહ વિભાગને તા.૨૨-૧૨-૨૦૧૫ ના રોજ મળેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તપાસ સમિતિના મળેલ અહેવાલ અન્વયે સરકારે તા.૩૦-૧૧-૨૦૧૬ સુધીમાં મુખ્યત્વે શી કાર્યવાહી કરી ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૨-૦૩-૨૦૧૭)

(૧) હા, જી.

(૨) તા.૨૨-૧૨-૨૦૧૫ ના તપાસ સમિતિના અહેવાલ અન્વયે તા.૪-૮-૨૦૧૬ ની યાદીથી એક અધિકારીને આરોપનામું પાઠવવામાં આવેલ છે.

---------

અમદાવાદના મણીનગર ખાતે ''સ્પા'' માં ચાલતો ગેરકાયદે દેહવ્યાપાર

અતારાંકિતઃ ૧૧૬૩૮ (૦૫-૦૧-૨૦૧૭) શ્રી રાઘવજી પટેલ (જામનગર-ગ્રામ્ય): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) અમદાવાદમાં મણીનગર ખાતે ''સ્પા'' ના નામ હેઠળ ચાલતા ગેરકાયદે દેહવ્યાપારને પોલીસે તા.૨૭-૧૧-૨૦૧૬ ના રોજ પકડી પાડ્યુ હતુ તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત ગુનાના કેટલા આરોપીઓ સામે શી કાર્યવાહી થઇ છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૧૩-૦૩-૨૦૧૭)

(૧) તા.૨૬-૧૧-૨૦૧૬ ના રોજ પકડી પાડેલ હતું.

(૨) એક આરોપી સામે ધી ઇમમોરલ ટ્રાફિક (પ્રિવેન્શન) એક્ટ-૧૯૫૬ ની કલમ-૩, ૪, ૫, ૬, ૭, ૮ મુજબનો ગુનો દાખલ કરી કાનૂની કાર્યવાહી કરવામાં આવેલ છે.

---------

અમદાવાદ, રાજકોટ, સુરત અને વડોદરા શહેરમાં ગુનાહિત કૃત્યો

## તા.૩૧મી માર્ચ, ૨૦૧૭
## અતારાંકિત પ્રશ્નોત્તરી (નિયમ-૮૭-ક)

અતારાંકિતઃ ૧૧૬૬૭ (૦૫-૦૧-૨૦૧૭) શ્રી શૈલેષભાઈ પરમાર (દાણીલીમડા): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર અમદાવાદ, રાજકોટ, સુરત અને વડોદરા શહેરમાં ખૂન, લૂંટ, બળાત્કાર, ચોરી, અપહરણ, આત્મહત્યા, દારૂ, જુગાર, છેડતી અને ધાડ અંગેના કેટલા ગુના નોંધાયા, અને

(૨) તે પૈકી અન્વયે કેટલા ગુનેગારો પકડાયા, કેટલા ગુનેગારોને પકડવાના બાકી છે અને કેટલા ગુનાઓ ઉકેલાયા?

મુખ્યમંત્રીશ્રી(ગૃહ) : (૨૪-૦૩-૨૦૧૭)

(૧) પત્રક મુજબ

(૨)

| | |
|---|---|
| ગુનેગારો પકડાયા | ૩,૧૪,૫૧૨ |
| ગુનેગારો પકડવાના બાકી | ૯૭૪ |
| ગુનાઓ ઉકેલાયા | ૨,૮૧,૬૬૬ |

### પત્રક મુજબ

### અમદાવાદ શહેર

| વર્ષ | ખૂન | લૂંટ | બળાત્કાર | ચોરી | અપહરણ | આત્મહત્યા | દારૂ | જુગાર | છેડતી | ધાડ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| તા.૧-૧૨-૧૧ થી તા.૩૦-૧૧-૧૨ | ૯૧ | ૬૧૪ | ૫૫ | ૩૬૪૮ | ૨૨૮ | ૫૬૩ | ૮૨૨૪ | ૧૧૨૪ | ૭૮ | ૨૪ |
| તા.૧-૧૨-૧૨ થી તા.૩૦-૧૧-૧૩ | ૯૬ | ૫૮૪ | ૧૧૭ | ૩૪૨૧ | ૪૫૧ | ૬૩૬ | ૮૯૨૬ | ૯૩૦ | ૧૭૭ | ૧૨ |
| તા.૧-૧૨-૧૩ થી તા.૩૦-૧૧-૧૪ | ૮૧ | ૨૮૫ | ૯૭ | ૨૬૬૭ | ૩૫૯ | ૭૧૮ | ૧૧૪૫૪ | ૧૧૫૫ | ૧૩૯ | ૨૩ |
| તા.૧-૧૨-૧૪ થી તા.૩૦-૧૧-૧૫ | ૯૩ | ૧૩૩ | ૧૦૪ | ૨૪૮૩ | ૩૩૬ | ૭૯૮ | ૧૨૮૪૬ | ૧૨૯૪ | ૧૩૪ | ૦૬ |
| તા.૧-૧૨-૧૫ થી તા.૩૦-૧૧-૧૬ | ૯૬ | ૧૨૨ | ૧૧૪ | ૨૫૬૭ | ૩૮૦ | ૮૦૯ | ૧૨૬૯૮ | ૧૦૪૭ | ૧૨૧ | ૦૯ |

### રાજકોટ શહેર

| વર્ષ | ખૂન | લૂંટ | બળાત્કાર | ચોરી | અપહરણ | આત્મહત્યા | દારૂ | જુગાર | છેડતી | ધાડ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| તા.૧-૧૨-૧૧ થી તા.૩૦-૧૧-૧૨ | ૪૨ | ૪૬ | ૧૪ | ૧૦૩૯ | ૫૫ | ૩૭૪ | ૩૨૭૨ | ૩૮૦ | ૧૦ | ૧૨ |
| તા.૧-૧૨-૧૨ થી તા.૩૦-૧૧-૧૩ | ૩૨ | ૪૩ | ૧૧ | ૮૮૯ | ૬૩ | ૪૨૧ | ૩૦૩૨ | ૩૯૪ | ૧૪ | ૪ |
| તા.૧-૧૨-૧૩ થી તા.૩૦-૧૧-૧૪ | ૪૪ | ૮૯ | ૧૪ | ૮૬૯ | ૯૭ | ૪૦૨ | ૨૬૦૭ | ૨૮૬ | ૨૮ | ૭ |
| તા.૧-૧૨-૧૪ થી તા.૩૦-૧૧-૧૫ | ૩૬ | ૨૯ | ૨૦ | ૮૦૩ | ૯૨ | ૨૫૩ | ૨૬૪૦ | ૨૪૭ | ૩૪ | ૫ |
| તા.૧-૧૨-૧૫ થી તા.૩૦-૧૧-૧૬ | ૫૫ | ૪૪ | ૩૦ | ૯૭૪ | ૧૨૩ | ૩૯૪ | ૨૪૧૪ | ૩૧૧ | ૨૪ | ૭ |

### સુરત શહેર

| વર્ષ | ખૂન | લૂંટ | બળાત્કાર | ચોરી | અપહરણ | આત્મહત્યા | દારૂ | જુગાર | છેડતી | ધાડ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| તા.૧-૧૨-૧૧ થી તા.૩૦-૧૧-૧૨ | ૧૦૫ | ૬૬ | ૪૨ | ૧૮૫૪ | ૧૧૧ | ૬૦૭ | ૧૮૫૧૭ | ૭૧૬ | ૨૩ | ૧૧ |
| તા.૧-૧૨-૧૨ થી તા.૩૦-૧૧-૧૩ | ૯૬ | ૫૯ | ૭૯ | ૧૫૪૫ | ૨૬૦ | ૬૪૦ | ૧૯૨૬૨ | ૮૪૩ | ૮૨ | ૧૭ |
| તા.૧-૧૨-૧૩ થી તા.૩૦-૧૧-૧૪ | ૮૭ | ૩૫ | ૯૮ | ૧૩૩૧ | ૨૪૯ | ૬૭૮ | ૨૨૧૬૭ | ૮૩૮ | ૬૬ | ૧૫ |
| તા.૧-૧૨-૧૪ થી તા.૩૦-૧૧-૧૫ | ૯૭ | ૩૧ | ૧૪૦ | ૧૧૬૯ | ૨૫૩ | ૬૭૯ | ૨૪૪૮૧ | ૭૮૬ | ૬૮ | ૨૧ |
| તા.૧-૧૨-૧૫ થી તા.૩૦-૧૧-૧૬ | ૧૦૭ | ૫૬ | ૧૦૧ | ૧૦૬૯ | ૨૭૧ | ૬૯૨ | ૨૧૨૦૫ | ૭૩૨ | ૫૬ | ૦૮ |

### વડોદરા શહેર

| વર્ષ | ખૂન | લૂંટ | બળાત્કાર | ચોરી | અપહરણ | આત્મહત્યા | દારૂ | જુગાર | છેડતી | ધાડ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| તા.૧–૧૨–૧૧ થી તા.૩૦–૧૧–૧૨ | ૩૨ | ૫૪ | ૧૧ | ૧૩૫૧ | ૬૪ | ૨૦૦ | ૧૦૯૨૭ | ૩૪૨ | ૧૭ | ૧૨ |
| તા.૧–૧૨–૧૨ થી તા.૩૦–૧૧–૧૩ | ૧૭ | ૭૨ | ૧૬ | ૧૨૨૪ | ૮૩ | ૨૦૧ | ૧૨૬૫૫ | ૩૬૬ | ૯૧ | ૧૦ |
| તા.૧–૧૨–૧૩ થી તા.૩૦–૧૧–૧૪ | ૨૨ | ૬૮ | ૨૬ | ૧૨૬૩ | ૧૦૦ | ૨૧૯ | ૧૩૧૨૫ | ૩૭૦ | ૧૦૯ | ૧૦ |
| તા.૧–૧૨–૧૪ થી તા.૩૦–૧૧–૧૫ | ૨૧ | ૪૩ | ૨૮ | ૧૩૫૨ | ૧૬૧ | ૨૩૯ | ૧૩૭૬૦ | ૪૬૭ | ૧૨૫ | ૧૦ |
| તા.૧–૧૨–૧૫ થી તા.૩૦–૧૧–૧૬ | ૧૪ | ૭૧ | ૧૮ | ૧૩૬૫ | ૧૫૭ | ૨૧૬ | ૧૩૮૯૪ | ૩૯૪ | ૧૨૭ | ૧૯ |

--------

રાજ્યમાં પકડાયેલ દેશી/વિદેશી દારૂ

અતારાંકિતઃ ૧૧૬૬૮ (૦૫–૦૧–૨૦૧૭) શ્રી શૈલેષભાઈ પરમાર (દાણીલીમડા): માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૧૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર કેટલો વિદેશી દારૂ, બિયર, દેશી દારૂ પકડાયો?

મુખ્યમંત્રીશ્રી(ગૃહ) : (૧૭–૦૩–૨૦૧૭)

(૧) પત્રક મુજબ

( * પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

ખાણ ખનિજ પ્રભાગ અને તેના તાબા કચેરીઓનું મહેકમ

અતારાંકિતઃ ૭૭૫૨, (૧૬–૦૭–૨૦૧૬) શ્રી પરેશ ધાનાણી (અમરેલી): માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૩–૨૦૧૬ની સ્થિતિએ ખાણ ખનીજ પ્રભાગ અને તેના તાબાની કચેરીઓમાં વર્ગ–૧ થી ૪નું મંજુર મહેકમ કેટલું છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં મંજુર મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

(૩) ઉક્ત સ્થિતિએ આ જગ્યાઓ ખાલી રહેવાનાં મુખ્યત્વે શાં કારણો છે, અને

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા રાજ્ય સરકાર દ્વારા શું આયોજન કરવામાં આવેલ છે?

મુખ્યમંત્રીશ્રી (ખાણ ખનીજ): (૨૧–૦૩–૨૦૧૭)

(૧) તા.૩૧–૦૩–૨૦૧૬ની સ્થિતિએ ખાણ ખનીજ પ્રભાગ અને તેના તાબાની કચેરીઓમાં વર્ગ–૧ થી ૪નું મંજુર મહેકમ નીચે જણાવ્યા પ્રમાણે છે.

| પ્રભાગ / કચેરીનું નામ | મંજૂર જગ્યાઓ | | | |
|---|---|---|---|---|
| | વર્ગ–૧ | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ |
| ખાણ ખનીજ પ્રભાગ | ૦૪ | ૦૪ | ૦૭ | ૦૦ |
| કમિશનરશ્રી, ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ કચેરી | ૪૮ | ૬૨ | ૬૬૪ | ૯૩ |

(૨) તા.૩૧–૦૩–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં મંજુર મહેકમ સામે ખાલી જગ્યાઓ અને આવી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે તે અંગેની વિગતો નીચે પ્રમાણે છે.

| વર્ગ | ખાણ ખનીજ પ્રભાગ | | કમિશનરશ્રી, ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ કચેરી | |
|---|---|---|---|---|
| | ખાલી જગ્યાઓ | ક્યારથી ખાલી છે | ખાલી જગ્યાઓ | ક્યારથી ખાલી છે |
| વર્ગ–૧ | ૦૧ | ૧ વર્ષ, ૮ માસ | ૩૩ | ૫ માસ થી ૨૩ વર્ષ સુધી |
| વર્ગ–૨ | ૦૦ | –– | ૩૫ | ૧ વર્ષ થી ૯ વર્ષ |
| વર્ગ–૩ | ૦૦ | –– | ૩૭૩ | ૩ માસ થી ૧૮ વર્ષ |
| વર્ગ–૪ | ૦૦ | –– | ૪૬ | –– |

(૩) તા.૩૧–૦૩–૨૦૧૬ની સ્થિતિએ આ જગ્યાઓ ખાલી રહેવાનાં મુખ્ય કારણો નીચે મુજબ છેઃ

## તા.૩૧મી માર્ચ, ૨૦૧૭
## અતારાંકિત પ્રશ્નોત્તરી (નિયમ–૮૭–ક)

વર્ગ–૧ થી વર્ગ–૩ સંવર્ગમાં વયનિવૃતિ, ઉપલા સંવર્ગમાં બઢતી, અદ્યતન ભરતી નિયમો બનાવવા, માંગણાપત્રક મોકલવાની કાર્યવાહી ચાલુ હોવાથી તથા કેટલાંક સંવર્ગોની જગ્યાઓ અન્ય વિભાગ / કચેરી દ્વારા પ્રતિનિયુક્તિથી ભરવાની હોવાથી વગેરે કારણોસર જગ્યાઓ ખાલી રહેવા પામેલ છે.

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા અંગે આયોજનઃ

વર્ગ–૧ થી વર્ગ–૩ સંવર્ગમાં દસ વર્ષીય ભરતી કેલેન્ડર અંતર્ગત ભરતી નિયમો અદ્યતન બનાવી માંગણાપત્રક ભરતી સત્તામંડળોને તાકીદના ધોરણે મોકલવા, કેટલાંક સંવર્ગની જગ્યાઓ ભરતી સત્તામંડળના કાર્યક્ષેત્રાધિકારમાંથી મુક્તિ મેળવી સીધી ભરતીથી ભરવા અને પ્રતિનિયુક્તિથી ભરવાની જગ્યાઓ પર સંબધિત વિભાગ / કચેરી દ્વારા ઉમેદવારો ફાળવણીથી ભરવાનું આયોજન છે. જ્યારે વર્ગ–૪ ની ખાલી જગ્યાઓ આઉટસોર્સથી ભરવામાં આવે છે.

--------

### નર્મદા અને ભરૂચ જિલ્લાના યાત્રાધામોમાં આવક

અતારાંકિતઃ ૯૭૪૦ (૨૧–૦૯–૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર–ગ્રામ્ય): માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) નર્મદા અને ભરૂચ જિલ્લાના ક્યા ધાર્મિક સ્થળો તા.૩૧–૦૩–૨૦૧૬ની સ્થિતિએ રાજ્ય સરકારના સંચાલન હેઠળ છે, અને

(૨) ઉક્ત ધાર્મિક સ્થળોવાર વર્ષ–૨૦૧૫ની આવક કેટલી છે ?

યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી : (૨૮–૦૨–૨૦૧૭)

(૧) અને (૨) પત્રક નીચે મુજબ છે.

| જિલ્લો | તાલુકો | ગામ | ક્રમ | દેવસ્થાનનું નામ | વર્ષ ૨૦૧૫ની આવક |
|---|---|---|---|---|---|
| નર્મદા | રાજપીપળા | રાજપીપળા | (૧) | શ્રી નરસિંહ ટેકરી વૃંદાવન મંદિર | શૂન્ય |
| | | | (૨) | શ્રી રાધાકૃષ્ણ મંદિર | ૨૫,૫૮,૯૯૮/– |
| | | | (૩) | શ્રી લક્ષ્મીનારાયણ મંદિર | ૩,૯૦,૪૪૩/– |
| | | | (૪) | શ્રી નવા મહાદેવ અને મોરલીધર મંદિર | ૭૪,૨૭૧/– |
| | | | (૫) | શ્રી નંદકેશ્વર મહાદેવ અને પંઢરીનાથ મંદિર | ૧,૦૦,૭૧૧/– |
| | | | (૬) | શ્રી શેષનારાયણ મહાદેવ મંદિર | ૫૭,૪૪૭/– |
| | | | (૭) | શ્રી વિઠ્ઠલનાથજી મંદિર | ૮૪,૧૫૨/– |
| | | | (૮) | શ્રી કાલીકા માતાજી મંદિર | ૪૦,૯૯૭/– |
| | | | (૯) | શ્રી શામળાજી મહારાજ | શૂન્ય |
| | | | (૧૦) | શ્રી હરસિદ્ધિ માતાજી મંદિર | ૮૫,૪૬,૦૭૨/– |
| | | | (૧૧) | શ્રી રામચંદ્રજી તથા ગોપાલજી મહારાજ | શૂન્ય |
| | | ભદામ | (૧૨) | શ્રી મણીનાગેશ્વર મહાદેવ મંદિર | શૂન્ય |
| | | | (૧૩) | શ્રી લક્ષ્મીનારાયણ મહારાજ મંદિર | શૂન્ય |
| | | | (૧૪) | શ્રી રાધાકૃષ્ણ મહારાજ | શૂન્ય |
| | | કરોઠા | (૧૫) | શ્રી નિલકંઠ મહાદેવ | શૂન્ય |
| | | લાછરસ | (૧૬) | શ્રી રણછોડજી મહારાજ | શૂન્ય |
| | | | (૧૭) | શ્રી હનુમાનજી મહારાજ | શૂન્ય |
| | | માંગરોલ | (૧૮) | શ્રી અલીરાજપુરવાળા શ્રી રણછોડજી મહારાજ | શૂન્ય |
| | | | (૧૯) | શ્રી હનુમાનજી મંદિર | શૂન્ય |
| | | રામપુર | (૨૦) | શ્રી રણછોડજી મહારાજ અને વિરેશ્વર મહાદેવ | શૂન્ય |
| | | | (૨૧) | શ્રી નરસિંહજી મહારાજ | શૂન્ય |
| | | શહેરાવ | (૨૨) | શ્રી ચતુર્ભુજ મહારાજ | શૂન્ય |
| | | | (૨૩) | શ્રી ગોપાલેશ્વર મહાદેવ મંદિર | શૂન્ય |
| | | ઓરી | (૨૪) | શ્રી રાધાકૃષ્ણ મંદિર | શૂન્ય |

## ચૈત્ર ૧૦, ૧૯૩૯ શાકે
## અતારાંકિત પ્રશ્નોત્તરી (નિયમ-૮૭-ક)

| જિલ્લો | તાલુકો | ગામ | ક્રમ | દેવસ્થાનનું નામ | વર્ષ ૨૦૧૫ની આવક |
|---|---|---|---|---|---|
| | | | (૨૫) | શ્રી લીલેશ્વર મહાદેવ મંદિર | શૂન્ય |
| | | | (૨૬) | શ્રી માર્કંડેશ્વર મહાદેવ મંદિર | શૂન્ય |
| | | | (૨૭) | શ્રી કોટેશ્વર મહાદેવ મંદિર | શૂન્ય |
| | | | (૨૮) | શ્રી બીલેશ્વર મહાદેવ મંદિર | શૂન્ય |
| | | ધમચાણા | (૨૯) | શ્રી રામ લક્ષ્મણ મહારાજ મંદિર | શૂન્ય |
| | | રૂંઢ | (૩૦) | શ્રી સુખદેવજી મહારાજ | શૂન્ય |
| નર્મદા | રાજપીપળા | સિસોદરા | (૩૧) | શ્રી કુબેરેશ્વર મહાદેવ મંદિર | શૂન્ય |
| | | | (૩૨) | શ્રી નર્મદેશ્વર મહાદેવ મંદિર | શૂન્ય |
| | | | (૩૩) | શ્રી મુક્તેશ્વર મહાદેવ મંદિર | શૂન્ય |
| | | | (૩૪) | શ્રી વિશ્વેશ્વર મહાદેવ મંદિર | શૂન્ય |
| | | વડીયા | (૩૫) | શ્રી નિલકંઠેશ્વર મહાદેવ મંદિર | શૂન્ય |
| | | | (૩૬) | શ્રી ભોલેશ્વર મહાદેવ મંદિર | શૂન્ય |
| | | વાંદરીયા | (૩૭) | શ્રી વૈદ્યનાથ મહાદેવ મંદિર | શૂન્ય |
| | | જીઓર | (૩૮) | શ્રી કુંબેશ્વર મહાદેવ મંદિર | શૂન્ય |
| | | અકુવાડા | (૩૯) | શ્રી તલકેશ્વર મહાદેવ મંદિર | શૂન્ય |
| | | વરાછા | (૪૦) | શ્રી બાલમુકુન્દેશ્વર મહાદેવ મંદિર | શૂન્ય |
| | | ભુંડેલી | (૪૧) | શ્રી હનુમાનજી મહારાજ | શૂન્ય |
| | | | (૪૨) | શ્રી સિદ્ધેશ્વર મહાદેવ મંદિર | શૂન્ય |
| | | | (૪૩) | શ્રી હનુમાનજી મંદિર | શૂન્ય |
| | | સુરપાણ | (૪૪) | શ્રી રણછોડજી મહારાજ મંદિર | શૂન્ય |
| | | ગોરા | (૪૫) | શ્રી સુરપાણેશ્વર મહાદેવ મંદિર | ૬,૭૦,૫૩૪/- |
| | | | (૪૬) | શ્રી રણછોડજી મહારાજ મંદિર | શૂન્ય |
| | તિલકવાડા | તિલકવાડા | (૪૭) | શ્રી રામજી મંદિર | ૫૦,૨૩૪/- |
| | | | (૪૮) | શ્રી મણિનાગેશ્વર મંદિર | ૯૬૬/- |

| જિલ્લો | તાલુકો | ગામ | ક્રમ | દેવસ્થાનનું નામ | વર્ષ ૨૦૧૫ની આવક |
|---|---|---|---|---|---|
| ભરૂચ | વાલીયા | ડહેલી | (૧) | શ્રી ગંગનાથ મહાદેવ | શૂન્ય |
| | | ધોડ | (૨) | શ્રી ગોપાલજી મહારાજ મંદિર | શૂન્ય |
| | | મેલા | (૩) | શ્રી ગોપાલજી મહારાજ મંદિર | શૂન્ય |
| | | ભીલોડ | (૪) | શ્રી હનુમાનજી મહારાજ | શૂન્ય |
| | | ડણસોલી | (૫) | શ્રી લાલજી મહારાજ | શૂન્ય |
| | | ગાંડુ | (૬) | શ્રી કમલેશ્વર મહાદેવ | શૂન્ય |
| | | વટારીયા | (૭) | શ્રી લાલજી મહારાજ | શૂન્ય |
| | ઝઘડીયા | ગોવાલી | (૮) | શ્રી ગોપાલજી મહારાજ | શૂન્ય |
| | | | (૯) | શ્રી ગરૂડેશ્વર મહાદેવ | શૂન્ય |
| | | | (૧૦) | શ્રી નરસિંહજી મહારાજ | શૂન્ય |
| | | | (૧૧) | શ્રી ગુપ્તેશ્વર મહાદેવ | શૂન્ય |
| | | દહેડા | (૧૨) | શ્રી ધર્મેશ્વર મહાદેવ | શૂન્ય |
| | | પાણીઠા | (૧૩) | શ્રી રાધાકૃષ્ણ મંદિર | શૂન્ય |
| | | કપલસાડી | (૧૪) | શ્રી વેરાઈ માતાજી મંદિર | શૂન્ય |
| | | કરાડ | (૧૫) | શ્રી કંકલેશ્વર મહાદેવ | શૂન્ય |
| | | શુકલતીર્થ | (૧૬) | શ્રી લંભેશ્વર મહાદેવ | શૂન્ય |
| | | રતનપોર | (૧૭) | શ્રી શ્યામલાલજી અને રામચંદ્રજી મહારાજ | શૂન્ય |

--------

## તા.૩૧મી માર્ચ, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નોત્તરી (નિયમ-૮૭-ક)

### ઉદ્યોગ પ્રભાગ અને તાબાની કચેરીઓનું મહેકમ

અતારાંકિતઃ ૧૧૦૭૧ (૦૭-૦૧-૨૦૧૭) શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર): માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યના ઉદ્યોગ પ્રભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે ?

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે અને ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) : (૩૦-૦૩-૨૦૧૭)

(૧) તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યના ઉદ્યોગ પ્રભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર મહેકમ નીચે પ્રમાણે છે.

| ઉદ્યોગ પ્રભાગ અને તેની તાબા હેઠળની કચેરીઓમાં મંજૂર જગ્યાઓ | | | |
|---|---|---|---|
| વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ |
| ૧૪૨ | ૨૩૨ | ૩૦૮૯ | ૫૯૩ |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર ભરાયેલ જગ્યાઓ અંગેની વિગતો નીચે પ્રમાણે છે.

| ઉદ્યોગ પ્રભાગ અને તેની તાબા હેઠળની કચેરીઓમાં ભરાયેલ જગ્યાઓ | | | |
|---|---|---|---|
| વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ |
| ૪૭ | ૮૬ | ૧૩૯૬ | ૨૩૩ |

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે અને ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે તે અંગેની વિગતો નીચે પ્રમાણે છે.

| ઉદ્યોગ પ્રભાગ અને તેની તાબા હેઠળની કચેરીઓમાં ખાલી જગ્યાઓ | | | |
|---|---|---|---|
| વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ |
| ૯૫ | ૧૪૬ | ૧૬૯૩ | ૩૬૦ |

- ભરતીની પ્રકીયા એ સતત ચાલતી પ્રકીયા હોઇ, વર્ગ-૧ અને વર્ગ-૨ સંવર્ગની ખાલી જગ્યાઓ ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા અને વર્ગ-૩ સંવર્ગની ખાલી જગ્યાઓ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ભરવાની કાર્યવાહી ચાલુ છે. જ્યારે વર્ગ-૪ સંવર્ગની ખાલી જગ્યાઓ સા.વ.વિ.ના તા.૧-૪-૧૦ના ઠરાવની જોગવાઇ મુજબ આઉટસોર્સીગથી ભરવામાં આવે છે.

--------

### હાથશાળ કાપડના વેચાણ ઉપર ૧૦% વળતર

અતારાંકિતઃ ૧૧૨૭૫ (૦૭-૦૧-૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) હાથશાળ કાપડના સ્ટોકનો તહેવારો દરમ્યાન વેચાણ ઉપર ૧૦ ટકા વળતર આપવાની યોજના હેઠળ ભારત સરાકારશ્રી તરફથી તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૩) ઉક્ત મળેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે?

કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી : (૦૨-૦૨-૨૦૧૭)

(૧) હાથશાળ કાપડના સ્ટોકનો તહેવારો દરમ્યાન વેચાણ ઉપર ૧૦ ટકા વળતર આપવાની યોજના હેઠળ ભારત સરાકારશ્રી તરફથી તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં રાજ્ય સરકારને કોઇ રકમ મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

કાયદા વિભાગ અને તેની તાબા હેઠળની કચેરીમાં મહેકમ

અતારાંકિતઃ ૧૧૦૮૫ (૦૭–૦૧–૨૦૧૭) શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર): માનનીય કાયદા અને ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૧૧–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યના કાયદા વિભાગ અને તેની તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજુર મહેકમ કેટલું છે ?

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે અને ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

કાયદા મંત્રીશ્રી (રાજ્યકક્ષા): (૩૦–૦૩–૨૦૧૭)

(૧) અને (૨)

તા.૩૦–૧૧–૨૦૧૬ની સ્થિતિએ સંવર્ગવાર મંજુર થયેલ મહેકમની વિગત તથા ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર ભરાયેલ જગ્યાઓની વિગત નીચે મુજબ છે.

કાયદા વિભાગ ખુદ:

| વર્ગ | મંજૂર થયેલ જગ્યા | ભરાયેલ જગ્યા |
|---|---|---|
| વર્ગ–૧ | ૩૮ | ૧૯ |
| વર્ગ–૨ | ૩૨ | ૧૬ |
| વર્ગ–૩ | ૧૨૪ | ૬૦ |
| વર્ગ–૪ | ૨૯ | ૮ |

કાયદા વિભાગના તાબા હેઠળની કચેરીઓ:

| વર્ગ | મંજૂર થયેલ જગ્યા | ભરાયેલ જગ્યા |
|---|---|---|
| વર્ગ–૧ | ૯૪૫ | ૬૮૩ |
| વર્ગ–૨ | ૧૯૪૭ | ૧૦૮૮ |
| વર્ગ–૩ | ૧૦૭૯૧ | ૮૧૩૦ |
| વર્ગ–૪ | ૩૩૭૫ | ૨૬૩૨ |

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે તેની વિગત સામેલ પત્રક મુજબ છે, અને ભરતી પ્રક્રીયા એ સતત પ્રક્રીયા છે. પ્રત્યેક સંવર્ગની ભરતી પ્રક્રીયા અલગ–અલગ હોઇ, તે પૂર્ણ થયેથી તુરંત ભરવામાં આવશે.

કાયદા વિભાગ ખુદ:

| વર્ગ | ખાલી જગ્યા |
|---|---|
| વર્ગ–૧ | ૧૯ |
| વર્ગ–૨ | ૧૬ |
| વર્ગ–૩ | ૬૪ |
| વર્ગ–૪ | ૨૧ |

કાયદા વિભાગના તાબા હેઠળની કચેરીઓ:

| વર્ગ | ખાલી જગ્યા |
|---|---|
| વર્ગ–૧ | ૩૦૭ |
| વર્ગ–૨ | ૮૫૯ |

## તા.૩૧મી માર્ચ, ૨૦૧૭
## અતારાંકિત પ્રશ્નોત્તરી (નિયમ-૮૭-ક)

| | |
|---|---|
| વર્ગ-૩ | ૨૬૬૧ |
| વર્ગ-૪ | ૭૪૩ |

-------

પાટણ, મહેસાણા અને અમદાવાદ જિલ્લામાં નાની/મધ્યમ સિંચાઇ કેનાલના કામ

અતારાંકિતઃ ૮૯૭૨ (૧૬-૦૯-૨૦૧૬) શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) પાટણ, મહેસાણા અને અમદાવાદ જિલ્લામાં તા.૩૧ ડિસેમ્બર-૨૦૧૫ની સ્થિતિએ કઇ નાની અને મધ્યમ સિંચાઇ યોજનાના કેનાલના કામ અધૂરા છે, અને

(૨) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે?

જળસંપત્તી મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૨૩-૦૩-૨૦૧૭)

(૧) શૂન્ય.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

રાજ્યમાં જિલ્લાવાર પંચવટી યોજના

અતારાંકિતઃ ૮૪૮૧ (૦૪-૦૮-૨૦૧૬) શ્રી પરેશ ધાનાણી (અમરેલી): માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૬-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર આ વિભાગ હસ્તકની પંચવટી યોજના ક્યારથી અમલમાં છે,

(૨) ઉક્ત યોજના હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર કેટલી નાણાકીય મંજૂરી આપી અને તે પૈકી કેટલી રકમની ફાળવણી કરી, અને

(૩) તે પૈકી કુલ કેટલી રકમ ઉક્ત વર્ષવાર ખર્ચ કરવામાં આવી?

પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા): (૨૪-૦૩-૨૦૧૭)

(૧) પંચવટી યોજના રાજ્યમાં તા.૧૧-૯-૨૦૦૪ના ઠરાવથી અમલમાં છે.

(૨)

| વર્ષ | નાણાકીય મંજૂરી આપી (રૂ. લાખમાં) | ફાળવેલ ગ્રાન્ટ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૨૦૧૧-૧૨ | ૬૦૦.૦૦ | ૬૦૦.૦૦ |
| ૨૦૧૨-૧૩ | ૬૯૪.૦૦ | ૬૯૪.૦૦ |
| ૨૦૧૩-૧૪ | ૩૦૦.૦૦ | ૩૦૦.૦૦ |
| ૨૦૧૪-૧૫ | ૨૩૦.૦૦ | ૨૩૦.૦૦ |
| ૨૦૧૫-૧૬ | ૩૦૦.૦૦ | ૨૪૩.૬૭ |
| ૨૦૧૬-૧૭ (તા.૩૦-૬-૧૬ અંતિત) | ૦ | ૦ |
| કુલ | ૨૧૨૪.૦૦ | ૨૦૬૭.૬૭ |

(જિલ્લાવાર, વર્ષવાર *પત્રક સામેલ છે.)

(૩)

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૧-૧૨ | ૪૩૦.૮૬ |
| ૨૦૧૨-૧૩ | ૪૦૫.૨૨ |
| ૨૦૧૩-૧૪ | ૨૨૨.૩૭ |
| ૨૦૧૪-૧૫ | ૧૬૩.૪૧ |
| ૨૦૧૫-૧૬ | ૧૫૫.૨૬ |

| | |
|---|---|
| ૨૦૧૬–૧૭ (તા.૩૦–૬–૧૬ અંતિત) | ૫.૫૦ |
| કુલ | ૧૩૮૨.૬૨ |

(જિલ્લાવાર, વર્ષવાર *પત્રક સામેલ છે.)

*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.

--------

રાજ્યમાં જિલ્લાવાર તીર્થગામ યોજના

અતારાંકિતઃ ૮૫૦૩ (૦૪–૦૮–૨૦૧૬) શ્રી પરેશ ધાનાણી (અમરેલી): માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૬–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર આ વિભાગ હસ્તકની તીર્થગ્રામ વિશ્વગ્રામ યોજના ક્યારથી અમલમાં છે,

(૨) ઉક્ત યોજના હેઠળ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર કેટલી નાણાકીય મંજૂરી આપી અને તે પૈકી કેટલી રકમની ફાળવણી કરી, અને

(૩) તે પૈકી કુલ કેટલી રકમ ઉક્ત વર્ષવાર ખર્ચ કરવામાં આવી?

પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા): (૨૪–૦૩–૨૦૧૭)

(૧) રાજ્યમાં તીર્થગામ યોજના વર્ષ ૨૦૦૪–૦૫થી અને પાવનગામ યોજના વર્ષ ૨૦૦૮–૦૯ થી અમલમાં છે.

(૨)

| વર્ષ | નાણાકીય મંજૂરી આપી (રૂ. લાખમાં) | ફાળવેલ ગ્રાન્ટ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૨૦૧૧–૧૨ | ૧૭.૫૦ | ૧૭.૫૦ |
| ૨૦૧૨–૧૩ | ૬૦.૦૦ | ૬૦.૦૦ |
| ૨૦૧૩–૧૪ | ૯૯.૫૦ | ૯૯.૫૦ |
| ૨૦૧૪–૧૫ | ૪૧.૦૦ | ૪૧.૦૦ |
| ૨૦૧૫–૧૬ | ૦૦ | ૦૦ |
| ૨૦૧૬–૧૭ (તા.૩૦–૬–૧૬ અંતિત) | ૦૦ | ૦૦ |
| કુલ | ૨૧૮.૦૦ | ૨૧૮.૦૦ |

(જિલ્લાવાર પત્રક સામેલ છે)

(૩)

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૧–૧૨ | ૩૦.૫૦ |
| ૨૦૧૨–૧૩ | ૫૩.૫૦ |
| ૨૦૧૩–૧૪ | ૧૦૧.૫૦ |
| ૨૦૧૪–૧૫ | ૩૭.૦૦ |
| ૨૦૧૫–૧૬ | ૦૦ |
| ૨૦૧૬–૧૭ (તા.૩૦–૬–૧૬ અંતિત) | ૦૦ |
| કુલ | ૨૨૨.૫૦ |

(જિલ્લાવાર પત્રક સામેલ છે)

પત્રક

| ક્રમ | જીલ્લો | ૨૦૧૧–૧૨ | ૨૦૧૨–૧૩ | ૨૦૧૩–૧૪ | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ | ૨૦૧૬–૧૭ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|

તા.૩૧મી માર્ચ, ૨૦૧૭

અતારાંકિત પ્રશ્નોત્તરી (નિયમ-૮૭-ક)

| ક્રમ | જીલ્લો | ૨૦૧૧-૧૨ | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ | ૨૦૧૬-૧૭ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૦ | ૦ | ૦ | ૭.૦૦ | ૦ | ૦ | ૭.૦૦ |
| ૨ | અમરેલી | ૬.૦૦ | ૦ | ૧૫.૦૦ | ૯.૦૦ | ૦ | ૦ | ૩૦.૦૦ |
| ૩ | આણંદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | બનાસકાંઠા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | ભરૂચ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | ભાવનગર | ૦ | ૫.૫૦ | ૮.૦૦ | ૦ | ૦ | ૦ | ૧૩.૫૦ |
| ૭ | બોટાદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૮ | દાહોદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૯ | ડાંગ | ૦ | ૩૨.૫૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૩૨.૫૦ |
| ૧૦ | ગાંધીનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૧ | જામનગર | ૦ | ૦ | ૦ | ૧૦.૦૦ | ૦ | ૦ | ૧૦.૦૦ |
| ૧૨ | દેવભૂમિ દ્વારકા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૩ | જુનાગઢ | ૦ | ૧૧.૫૦ | ૭.૫૦ | ૭.૦૦ | ૦ | ૦ | ૨૬.૦૦ |
| ૧૪ | ગીરસોમનાથ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૫ | કચ્છ | ૨.૦૦ | ૩.૦૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૫.૦૦ |
| ૧૬ | ખેડા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૭ | મહેસાણા | ૦ | ૦ | ૭.૦૦ | ૦ | ૦ | ૦ | ૭.૦૦ |
| ૧૮ | નર્મદા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૯ | નવસારી | ૦ | ૪.૦૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૪.૦૦ |
| ૨૦ | પંચમહાલ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૧ | મહીસાગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૨ | પાટણ | ૦ | ૩.૦૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૩.૦૦ |
| ૨૩ | પોરબંદર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૪ | રાજકોટ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૫ | મોરબી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૬ | સાબરકાંઠા | ૯.૫૦ | ૦ | ૪૪.૦૦ | ૮.૦૦ | ૦ | ૦ | ૬૧.૫૦ |
| ૨૭ | અરવલ્લી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૮ | સુરેન્દ્રનગર | ૦ | ૦ | ૧૮.૦૦ | ૦ | ૦ | ૦ | ૧૮.૦૦ |
| ૨૯ | સુરત | ૦ | ૦.૫૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦.૫૦ |
| ૩૦ | વડોદરા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૧ | છોટાઉદેપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૨ | વલસાડ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૩ | તાપી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | કુલ | ૧૭.૫૦ | ૬૦.૦૦ | ૯૯.૫૦ | ૪૧.૦૦ | ૦ | ૦ | ૨૧૮.૦૦ |

પત્રક

| ક્રમ | જીલ્લો | ૨૦૧૧-૧૨ | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ | ૨૦૧૬-૧૭ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૫.૫૦ | ૦ | ૦ | ૭.૦૦ | ૦ | ૦ | ૧૨.૫૦ |
| ૨ | અમરેલી | ૮.૦૦ | ૦ | ૧૫.૦૦ | ૯.૦૦ | ૦ | ૦ | ૩૨.૦૦ |
| ૩ | આણંદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | બનાસકાંઠા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | ભરૂચ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | ભાવનગર | ૪.૫૦ | ૩.૦૦ | ૬.૦૦ | ૦ | ૦ | ૦ | ૧૩.૫૦ |
| ૭ | બોટાદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૮ | દાહોદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

| ક્રમ | જીલ્લો | ૨૦૧૧-૧૨ | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ | ૨૦૧૬-૧૭ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ડાંગ | ૦ | ૩૨.૫૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૩૨.૫૦ |
| ૧૦ | ગાંધીનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૧ | જામનગર | ૦ | ૦ | ૦ | ૬.૦૦ | ૦ | ૦ | ૬.૦૦ |
| ૧૨ | દેવભૂમિ દ્વારકા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૩ | જુનાગઢ | ૦ | ૧૧.૫૦ | ૭.૫૦ | ૭.૦૦ | ૦ | ૦ | ૨૬.૦૦ |
| ૧૪ | ગીરસોમનાથ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૫ | કચ્છ | ૨.૦૦ | ૩.૦૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૫.૦૦ |
| ૧૬ | ખેડા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૭ | મહેસાણા | ૦ | ૦ | ૭.૦૦ | ૦ | ૦ | ૦ | ૭.૦૦ |
| ૧૮ | નર્મદા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૯ | નવસારી | ૧.૦૦ | ૦ | ૪.૦૦ | ૦ | ૦ | ૦ | ૫.૦૦ |
| ૨૦ | પંચમહાલ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૧ | મહીસાગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૨ | પાટણ | ૦ | ૩.૦૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૩.૦૦ |
| ૨૩ | પોરબંદર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૪ | રાજકોટ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૫ | મોરબી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૬ | સાબરકાંઠા | ૯.૫૦ | ૦ | ૪૪.૦૦ | ૮.૦૦ | ૦ | ૦ | ૬૧.૫૦ |
| ૨૭ | અરવલ્લી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૮ | સુરેન્દ્રનગર | ૦ | ૦ | ૧૮.૦૦ | ૦ | ૦ | ૦ | ૧૮.૦૦ |
| ૨૯ | સુરત | ૦ | ૦.૫૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦.૫૦ |
| ૩૦ | વડોદરા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૧ | છોટાઉદેપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૨ | વલસાડ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૩ | તાપી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | કુલ | ૩૦.૫૦ | ૫૩.૫૦ | ૧૦૧.૫૦ | ૩૭.૦૦ | ૦ | ૦ | ૨૨૨.૫૦ |

--------

જૂનાગઢ જિલ્લાના સાંઢા ગામમાં ગૌચરની જમીન ઉપર દબાણ

અતારાંકિતઃ ૧૦૬૯૬ (૨૭-૧૨-૨૦૧૬) શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર): માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) જૂનાગઢ જીલ્લાના સાંઢા ગામની ગૌચર સર્વે નં,૨૬૭,૨૬૮,૨૭૩,૨૭૫,૨૭૬,૨૭૪,૩૨૩ તથા ૬૨૦ની ૩૦૮ એકર જમીન ઉપર તા.૩૧ ઓકટોબર-૨૦૧૬ની સ્થિતિએ ખેતી વિષયક ગેરકાયદે દબાણો કરી દેવાયા છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિમાં કેટલા સમયથી દબાણો થયા છે, અને

(૩) ઉક્ત જમીનના કેટલા દબાણ કર્તાઓ સામે શા કાનૂની પગલા લઈ તમામ ગેરકાયદે દબાણો ક્યારે ખુલ્લા કરવામાં આવનાર છે ?

પંચાયત મંત્રીશ્રી (રાજ્ય કક્ષા): (૨૪-૦૩-૨૦૧૭)

(૧) હા,જી.

(૨) ડી.આઈ.એલ.આર. , જૂનાગઢ દ્વારા તા.૦૯/૦૧/૨૦૧૭ની માપણી થતાં કુલ-૪ આસામીઓએ છેલ્લા ત્રણ માસથી દબાણ કરેલ છે.

(૩) ડી.આઈ.એલ.આર., જૂનાગઢ દ્વારા હદ નિશાન સ્પષ્ટ કર્યેથી દબાણદારો દ્વારા સ્વૈચ્છિક રીતે દબાણ દૂર કરવા કબુલાત/સંમતિ આપેલ છે.

--------

તા.૩૧મી માર્ચ, ૨૦૧૭
અતારાંકિત પ્રશ્નોત્તરી (નિયમ–૮૭–ક)

ઈન્ડીગ્રેડેટ વોટરશેડ મેનેજમેન્ટ પ્રોગ્રામ હેઠળ રાજ્યને મળેલ રકમ

અતારાંકિતઃ ૧૧૨૨૯ (૯–૧–૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે.–

(૧) ઈન્ડીગ્રેડેટ વોટરશેડ મેનેજમેન્ટ પ્રોગ્રામ હેઠળ ભારત સરકાર તરફથી તા.૩૦.૧૧.૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૩) ઉક્ત મળેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે ?

ગ્રામ વિકાસ મંત્રીશ્રી(રાજ્ય કક્ષા) : (૨૧–૦૩–૨૦૧૭)

(૧) હા

(૨) છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકારને મળેલ રકમ વર્ષવાર નીચે મુજબ છેઃ

(રૂપિયા લાખમાં)

| ક્રમ નં | વર્ષ ૧૨–૧૩ (ગત વર્ષની બચત રકમ સાથે) | વર્ષ ૧૩–૧૪ | વર્ષ ૧૪–૧૫ | વર્ષ ૧૫–૧૬ | વર્ષ ૧૬–૧૭ના તા.૩૦.૧૧.૨૦૧૬ ની સ્થિતિએ |
|---|---|---|---|---|---|
| ૧ | ૬૩૯૯૫.૮૭ | ૬૦૦૦.૦૦ | ૭૨૩૪.૦૦ | ૧૦૩૩૦.૦૦ | ૫૭૪૮.૦૦ |

(૩) તે પૈકી ઉક્ત વર્ષવાર નીચે મુજબની રકમનો ખર્ચ કરવામાં આવેલ છે.

| ક્રમ નં | વર્ષ ૧૨–૧૩ (ગત વર્ષની બચત રકમ સાથે) | વર્ષ ૧૩–૧૪ | વર્ષ ૧૪–૧૫ | વર્ષ ૧૫–૧૬ | વર્ષ ૧૬–૧૭ના તા.૩૦.૧૧.૨૦૧૬ ની સ્થિતિએ |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૪૧૬૫.૧૦ | ૩૨૭૬૯.૯૦ | ૨૪૨૫૫.૧૦ | ૫૮૩૧.૫૦ | ૯૩૬૦.૦૦ |

--------

સંકલિત જળ વિભાજક વ્યવસ્થા કાર્યક્રમ અંતર્ગત રાજ્ય સરકાર ને મળેલ રકમ

અતારાંકિતઃ ૧૧૨૬૯ (૯–૧–૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે.–

(૧) સંકલિત જળ વિભાજક વ્યવસ્થા કાર્યક્રમ અંતર્ગત ભારત સરકાર તરફથી તા.૩૦/૧૧/૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૨) ઉક્ત મળેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે ?

ગ્રામ વિકાસ મંત્રીશ્રી(રાજ્ય કક્ષા) : (૨૧–૦૩–૨૦૧૭)

(૧) સંકલિત જળ વિભાજક વ્યવસ્થા કાર્યક્રમ અંતર્ગત ભારત સરકાર તરફથી તા.૩૦.૧૧.૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર નીચે મુજબની રકમ રાજ્ય સરકારને મળેલ છેઃ

(રકમ રૂપિયા લાખમાં)

| ક્રમ નં | વર્ષ ૧૨–૧૩ (ગત વર્ષની બચત રકમ સાથે) | વર્ષ ૧૩–૧૪ | વર્ષ ૧૪–૧૫ | વર્ષ ૧૫–૧૬ | વર્ષ ૧૬–૧૭ના તા.૩૦.૧૧.૨૦૧૬ ની સ્થિતિએ |
|---|---|---|---|---|---|
| ૧ | ૬૩૯૯૫.૮૭ | ૬૦૦૦.૦૦ | ૭૨૩૪.૦૦ | ૧૦૩૩૦.૦૦ | ૫૭૪૮.૦૦ |

(૨) ઉક્ત મળેલ રકમ પૈકી વર્ષવાર નીચે મુજબની રકમ ખર્ચ કરવામાં આવેલ છેઃ

| ક્રમ નં | વર્ષ ૧૨–૧૩ | વર્ષ ૧૩–૧૪ | વર્ષ ૧૪–૧૫ | વર્ષ ૧૫–૧૬ | વર્ષ ૧૬–૧૭ના તા.૩૦.૧૧.૨૦૧૬ ની સ્થિતિએ |
|---|---|---|---|---|---|

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૪૧૬૫.૧ | ૩૨૭૬૯.૯ | ૨૪૨૫૫.૧ | ૫૮૩૧.૫ | ૯૩૬૦.૦ |

--------

કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લા કલેક્ટર/તાબાની કચેરીમાં ફરિયાદ પેટી મૂકવા બાબત

અતારાંકિતઃ ૯૩૩૬ (૯-૯-૨૦૧૬) શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા): માનનીય મહેસુલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યની તમામ સરકારી કચેરીમાં ફરજિયાત ફરિયાદ પેટી મૂકવા સરકાર ૨૦૧૨માં આદેશ કર્યો હતો તે હકીકત સાચી છે,

(૨) જો હા તો કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લા કલેક્ટરની તથા તેમના તાબાની કચેરીઓમાં તા.૩૧ માર્ચ-૨૦૧૬ની સ્થિતિએ ફરિયાદ પેટીઓ મૂકવામાં આવી છે કે કેમ ?

(૩) જો ના, તો તેના મુખ્યત્વે શા કારણો છે, અને

(૪) તે ક્યાં સુધીમાં મૂકવામાં આવનાર છે ?

મહેસુલ મંત્રીશ્રી : (૨૨-૦૩-૨૦૧૭)

(૧) હા

(૨) કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લા કલેક્ટરની તથા તેમના તાબાની કચેરીઓમાં તા.૩૧ માર્ચ-૨૦૧૬ની સ્થિતિએ ફરિયાદ પેટીઓ મૂકવામાં આવી છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

નર્મદા અને ભરૂચ જિલ્લા કલેક્ટર/તાબાની કચેરીમાં ફરિયાદ પેટી બાબત

અતારાંકિતઃ ૯૬૫૫ (૧-૯-૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યની તમામ સરકારી કચેરીમાં ફરજિયાત ફરિયાદ પેટી મૂકવા સરકારે ૨૦૧૨માં આદેશ કર્યો હતો તે હકીકત સાચી છે,

(૨) હા, તો નર્મદા અને ભરૂચ જિલ્લા કલેક્ટરની કચેરી તથા તેના તાબાની કચેરીઓમાં તા.૩૧-માર્ચ-૨૦૧૬ની સ્થિતિએ ફરિયાદ પેટીઓ મૂકવામાં આવી છે કે કેમ,

(૩) જો ના, તો તેના શા કારણો છે,અને

(૪) તે ક્યાં સુધીમાં મૂકવામાં આવનાર છે ?

મહેસૂલ મંત્રીશ્રી : (૨૨-૦૩-૨૦૧૭)

(૧) હા

(૨) હા

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં જાહેર ટ્રસ્ટો/સંસ્થોઓ તરફથી જમીનની માંગણી

અતારાંકિતઃ ૧૦૩૮૨ (૨૩-૧૧-૨૦૧૬) શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ): માનનીય મહેસુલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં તા.૩૧-૮-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં કયા જાહેર ટ્રસ્ટો જાહેર સંસ્થાઓ તરફથી જમીનની માંગણી કરવામાં આવી, અને

(૨) તે પૈકી કોને કેટલી જમીન શા દરે ફાળવવામાં આવી ?

મહેસૂલ મંત્રીશ્રી : (૧૬-૦૩-૨૦૧૭)

(૧) અને (૨) *પત્રક-૧ અને *પત્રક-૨ મુજબ

( * પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે. )

--------

તા.૩૧મી માર્ચ, ૨૦૧૭
અતારાંકિત પ્રશ્નોત્તરી (નિયમ-૮૭-ક)

રાજ્યમાં રેવન્યુ ઈન્સ્પેક્શન કમિશ્નરશ્રી દ્વારા કચેરીમાં તપાસ

અતારાંકિતઃ ૧૦૯૨૪ (૨૩-૧૨-૨૦૧૬) શ્રી ગ્યાસુદીન શેખ (દરિયાપુર): માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૦-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં જીલ્લાવાર રેવન્યુ ઈન્સપેકશન કમિશનરશ્રી દ્વારા કઈ કચેરીની કેટલીવાર તપાસ કરવામાં આવી,

(૨) ઉક્ત ઈન્સપેકશન દરમ્યાન મુખ્યત્વે કઈ બાબતોની તપાસ કરવામાં આવી,

(૩) તે અન્વયે કઈ કચેરીમાં મુખ્યત્વે કયા પ્રકારની ગેરરીતિઓ ધ્યાને આવી, અને

(૪) તે અન્વયે મુખ્યત્વે શાં પગલા ભરવામાં આવ્યા ?

મહેસુલ મંત્રીશ્રી : (૧૮-૦૩-૨૦૧૭)

(૧) આ સાથે સામેલ પત્રક ''અ'' મુજબ

(૨) ઈન્સ્પેકશન દરમ્યાન મહેસૂલી તથા પંચાયત કચેરીઓમાં થતી મહેસૂલી કામગીરીની તપાસ કરવામાં આવી.

(૩) ગેરરીતિ ધ્યાને આવેલ નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પત્રક-અ

| ક્રમ | જિલ્લો | કલેકટર કચેરી તપાસણીની સંખ્યા | જિ.પં.કચેરી તપાસણીની સંખ્યા | બિનખેતી એકમ તપાસણીની સંખ્યા | પ્રાંત કચેરી તપાસણીની સંખ્યા | મામલતદાર કચેરીની તપાસણીની સંખ્યા | તા.પં.કચેરીની તપાસણીની સંખ્યા | ખા.જ.સંપાદન કચેરી તપાસણીની સંખ્યા | કુલ તપાસણીની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | અરવલ્લી | ૨ | ૨ | ૦ | ૨ | ૮ | ૬ | ૦ | ૨૦ |
| ૨ | મહીસાગર | ૨ | ૨ | ૦ | ૪ | ૬ | ૬ | ૦ | ૨૦ |
| ૩ | સાબરકાંઠા | ૩ | ૨ | ૦ | ૫ | ૧૦ | ૭ | ૨ | ૨૯ |
| ૪ | ખેડા | ૩ | ૩ | ૦ | ૫ | ૧૦ | ૭ | ૧ | ૨૯ |
| ૫ | આણંદ | ૩ | ૩ | ૦ | ૫ | ૧૧ | ૮ | ૦ | ૩૦ |
| ૬ | બનાસકાંઠા | ૩ | ૩ | ૦ | ૮ | ૧૫ | ૧૩ | ૨ | ૪૪ |
| ૭ | કચ્છ | ૪ | ૩ | ૦ | ૭ | ૧૪ | ૯ | ૨ | ૩૯ |
| ૮ | ભાવનગર | ૩ | ૩ | ૩ | ૬ | ૧૩ | ૯ | ૧ | ૩૮ |
| ૯ | જૂનાગઢ | ૨ | ૨ | ૦ | ૫ | ૧૧ | ૯ | ૧ | ૩૦ |
| ૧૦ | અમરેલી | ૩ | ૨ | ૦ | ૭ | ૧૩ | ૧૨ | ૦ | ૩૭ |
| ૧૧ | ગીર-સોમનાથ | ૧ | ૧ | ૦ | ૨ | ૫ | ૫ | ૦ | ૧૪ |
| ૧૨ | નર્મદા | ૨ | ૨ | ૦ | ૩ | ૬ | ૪ | ૦ | ૧૭ |
| ૧૩ | સુરેન્દ્રનગર | ૪ | ૩ | ૦ | ૬ | ૧૦ | ૯ | ૧ | ૩૩ |
| ૧૪ | વડોદરા | ૩ | ૨ | ૩ | ૭ | ૧૦ | ૭ | ૩ | ૩૫ |
| ૧૫ | ભરૂચ | ૨ | ૨ | ૦ | ૫ | ૧૦ | ૮ | ૫ | ૩૨ |
| ૧૬ | તાપી-વ્યારા | ૨ | ૩ | ૦ | ૨ | ૪ | ૫ | ૧ | ૧૭ |
| ૧૭ | નવસારી | ૩ | ૩ | ૦ | ૩ | ૭ | ૫ | ૦ | ૨૧ |
| ૧૮ | મોરબી | ૨ | ૨ | ૦ | ૪ | ૮ | ૫ | ૦ | ૨૧ |
| ૧૯ | મહેસાણા | ૩ | ૩ | ૦ | ૭ | ૧૩ | ૭ | ૩ | ૩૬ |
| ૨૦ | વલસાડ | ૨ | ૨ | ૦ | ૩ | ૮ | ૪ | ૦ | ૧૯ |
| ૨૧ | પંચમહાલ | ૨ | ૩ | ૦ | ૩ | ૯ | ૭ | ૨ | ૨૬ |

અતારાંકિત પ્રશ્નોત્તરી (નિયમ-૮૭-ક)

| ક્રમ | જિલ્લો | કલેક્ટર કચેરી તપાસણીની સંખ્યા | જિ.પં.કચેરી તપાસણીની સંખ્યા | બિનખેતી એકમ તપાસણીની સંખ્યા | પ્રાંત કચેરી તપાસણીની સંખ્યા | મામલતદાર કચેરીની તપાસણીની સંખ્યા | તા.પં.કચેરીની તપાસણીની સંખ્યા | ખા.જ.સંપાદન કચેરી તપાસણીની સંખ્યા | કુલ તપાસણીની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૨ | દાહોદ | ૨ | ૨ | ૦ | ૫ | ૮ | ૭ | ૦ | ૨૪ |
| ૨૩ | છોટાઉદેપુર | ૧ | ૧ | ૦ | ૩ | ૮ | ૭ | ૦ | ૨૦ |
| ૨૪ | અમદાવાદ | ૩ | ૨ | ૫ | ૯ | ૧૨ | ૯ | ૪ | ૪૪ |
| ૨૫ | ડાંગ | ૨ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૪ |
| ૨૬ | દેવભૂમિ-દ્વારકા | ૨ | ૨ | ૦ | ૨ | ૬ | ૪ | ૦ | ૧૬ |
| ૨૭ | સુરત | ૪ | ૩ | ૩ | ૭ | ૧૩ | ૪ | ૩ | ૩૭ |
| ૨૮ | ગાંધીનગર | ૩ | ૨ | ૦ | ૩ | ૭ | ૫ | ૧ | ૨૧ |
| ૨૯ | રાજકોટ | ૩ | ૩ | ૪ | ૫ | ૧૧ | ૧૦ | ૨ | ૩૮ |
| ૩૦ | જામનગર | ૩ | ૩ | ૦ | ૬ | ૭ | ૬ | ૧ | ૨૬ |
| ૩૧ | બોટાદ | ૧ | ૧ | ૦ | ૩ | ૭ | ૫ | ૦ | ૧૭ |
| ૩૨ | પાટણ | ૩ | ૩ | ૦ | ૬ | ૧૧ | ૭ | ૧ | ૩૧ |
| ૩૩ | પોરબંદર | ૨ | ૨ | ૦ | ૩ | ૪ | ૩ | ૦ | ૧૪ |
| | કુલ | ૮૩ | ૭૫ | ૧૮ | ૧૫૨ | ૨૯૬ | ૨૧૯ | ૩૬ | ૮૭૯ |

--------

રાજ્યમાં કેલીમીટી ફંડમાં જમા રકમ

અતારાંકિતઃ ૧૧૧૧૭ (૨૮-૦૨-૨૦૧૭) શ્રી ગયાસુદ્દીન શેખ (દરિયાપુર)**:** માનનીય મહેસુલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦/૧૧/૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં કેલીમીટી ફંડમાં કુલ કેટલી રકમ જમા છે. અને,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં કયા જિલ્લામાં કેટલી રકમ કયા કામો માટે ફાળવવામાં આવી?

મહેસુલ મંત્રીશ્રી **:** (૨૩/૩/૧૭)

(૧) તા. ૩૦/૧૧/૨૦૧૬ ની સ્થિતિએ રાજ્યમાં કેલીમીટી ફંડમાં કુલ ૩૧૫૧.૪૫ કરોડ જમા છે.

(૨) છેલ્લા પાંચ વર્ષમાં નીચે મુજબના જિલ્લામાં નીચે મુજબની રકમ અછત, પુર અને ભુકંપના સદરો હેઠળ ખર્ચવામાં આવેલ છે.

| ક્રમ | જિલ્લા | વર્ષ ૨૦૧૧-૧૨ | વર્ષ ૨૦૧૨-૧૩ | વર્ષ ૨૦૧૩-૧૪ | વર્ષ ૨૦૧૪-૧૫ | વર્ષ ૨૦૧૫-૧૬ |
|---|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૩૦૩ | ૨૬૦ | ૪૦૯ | ૨૪ | ૨૧૮૫ |
| ૨ | અમરેલી | ૭૩૬ | ૨૩૫ | ૩૯૪ | ૧૮ | ૨૭૪૩૯ |
| ૩ | આણંદ | ૨૦૧ | ૪૩ | ૨૪૨ | ૪ | ૬૧૪ |
| ૪ | કચ્છ | ૨૦૧૩ | ૮૯૦ | ૭૫૩ | ૧૬૫૩ | ૧૦૦૩૨ |
| ૫ | ખેડા | ૪૦૮ | ૨૪૫ | ૫૩૯ | ૧૦ | ૬૦૧ |
| ૬ | ગાંધીનગર | ૧૩૯ | ૧૦૧૮૨ | ૧૦૫૦૨ | ૧૭ | ૧૪૦ |
| ૭ | જામનગર | ૪૫૯ | ૪૩૯ | ૫૭૬ | ૩૩ | ૮૪ |
| ૮ | જુનાગઢ | ૮૮૯ | ૩૧૦ | ૧૦૭૦ | ૧૫ | ૩૨૭૭ |
| ૯ | ડાંગ | ૪૦૯ | ૧૬૬ | ૩૦૧ | ૯ | ૨૧ |
| ૧૦ | દાહોદ | ૪૦૦ | ૪૦૮ | ૨૪૦૭ | ૯૫૦ | ૧૪ |
| ૧૧ | નર્મદા | ૪૫૬ | ૪૫૮ | ૧૩૫૦ | ૬ | ૬૫૮ |
| ૧૨ | નવસારી | ૧૦૨૯ | ૪૫૭ | ૫૫૪ | ૪ | ૮૨ |
| ૧૩ | પાટણ | ૫૭૪ | ૨૩૬ | ૨૯૦ | ૧૦ | ૧૨૩૯૪ |

તા.૩૦-૧૧-૨૦૧૬ ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર બી.પી.એલ. યાદીમાં ૦ થી ૧૬ માં, ૧૭ થી ૨૦ માં અને ૦ થી ૨૦ માં કૂલ પરિવારોનો સમાવેશ નીચે પત્રક મુજબ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | બી.પી.એલ. યાદીમાં સમાવેશ કુટુંબોની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | તા.૩૦-૧૧-૨૦૧૬ ની સ્થિતિએ કૂલ બીપીએલ કુટુંબો (૦-૧૬) | તા.૩૦-૧૧-૨૦૧૬ ની સ્થિતિએ કૂલ બીપીએલ કુટુંબો (૧૭-૨૦) | તા.૩૦-૧૧-૨૦૧૬ ની સ્થિતિએ કૂલ બીપીએલ કુટુંબો (૦-૨૦) |
| ૧ | અમદાવાદ | ૭૭૦૭૦ | ૬૨૧૯૩ | ૧૩૯૨૬૩ |
| ૨ | અમરેલી | ૪૫૮૬૭ | ૪૧૯૪૭ | ૮૭૮૧૪ |
| ૩ | આણંદ | ૭૯૫૮૫ | ૭૬૦૦૨ | ૧૫૫૫૮૭ |
| ૪ | બનાસકાંઠા | ૧૩૦૬૫૦ | ૧૦૫૭૯૯ | ૨૩૬૪૪૯ |
| ૫ | ભરૂચ | ૭૬૬૬૪ | ૪૮૨૬૦ | ૧૨૪૯૨૪ |
| ૬ | ભાવનગર | ૨૪૦૧૨ | ૪૬૮૨૫ | ૭૦૮૩૭ |
| ૭ | દાહોદ | ૧૪૨૭૪૧ | ૮૨૫૯૧ | ૨૨૫૩૩૨ |
| ૮ | ડાંગ | ૨૪૧૦૯ | ૧૧૦૪૨ | ૩૫૧૫૧ |
| ૯ | ગાંધીનગર | ૧૩૮૫૦ | ૩૦૬૮૪ | ૪૪૫૩૪ |
| ૧૦ | જામનગર | ૧૪૬૭૪ | ૧૯૭૮૦ | ૩૪૪૫૪ |
| ૧૧ | જુનાગઢ | ૨૧૧૮૦ | ૨૯૭૪૯ | ૫૦૯૨૯ |
| ૧૨ | ખેડા | ૬૪૦૧૩ | ૯૨૪૧૧ | ૧૫૬૪૨૪ |
| ૧૩ | કચ્છ (ભુજ) | ૪૯૮૬૮ | ૫૫૭૬૪ | ૧૦૫૬૩૨ |
| ૧૪ | મહેસાણા | ૫૨૧૪૨ | ૫૪૨૩૯ | ૧૦૬૩૮૧ |
| ૧૫ | નવસારી | ૨૯૪૫૫ | ૩૬૧૭૭ | ૬૫૬૩૨ |
| ૧૬ | પંચમહાલ | ૬૨૯૨૪ | ૬૪૧૩૭ | ૧૨૭૦૬૧ |
| ૧૭ | પાટણ | ૪૭૬૧૫ | ૫૪૩૨૭ | ૧૦૧૯૪૨ |
| ૧૮ | પોરબંદર | ૯૫૮૪ | ૧૧૧૨૨ | ૨૦૭૦૬ |
| ૧૯ | રાજકોટ | ૪૧૯૬૬ | ૪૫૦૮૮ | ૮૭૦૫૪ |
| ૨૦ | સાબરકાંઠા | ૪૨૨૮૪ | ૫૪૫૯૩ | ૯૬૮૭૭ |

| ક્રમ | જિલ્લાનું નામ | બી.પી.એલ. યાદીમાં સમાવેશ કુટુંબોની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | તા.૩૦-૧૧-૨૦૧૬ ની સ્થિતિએ કૂલ બીપીએલ કુટુંબો (૦-૧૬) | તા.૩૦-૧૧-૨૦૧૬ ની સ્થિતિએ કૂલ બીપીએલ કુટુંબો (૧૭-૨૦) | તા.૩૦-૧૧-૨૦૧૬ ની સ્થિતિએ કૂલ બીપીએલ કુટુંબો (૦-૨૦) |
| ૨૧ | સુરત | ૫૪૭૬૫ | ૬૦૧૨૫ | ૧૧૪૮૯૦ |
| ૨૨ | સુરેન્દ્રનગર | ૬૮૫૧૮ | ૫૭૨૭૦ | ૧૨૫૭૮૮ |
| ૨૩ | તાપી | ૪૨૬૫૧ | ૩૬૬૪૨ | ૭૯૨૯૩ |
| ૨૪ | વડોદરા | ૬૩૮૧૭ | ૫૭૧૦૨ | ૧૨૦૯૧૯ |
| ૨૫ | વલસાડ | ૭૪૨૯૬ | ૫૧૭૦૪ | ૧૨૬૦૦૦ |
| ૨૬ | નર્મદા | ૫૨૫૩૭ | ૩૦૩૩૪ | ૮૨૮૭૧ |
| ૨૭ | અરવલ્લી (મોડાસા) | ૨૯૫૬૩ | ૩૯૮૭૧ | ૬૯૪૩૪ |
| ૨૮ | બોટાદ | ૧૨૧૮૬ | ૧૭૯૦૭ | ૩૦૦૩૯ |
| ૨૯ | છોટાઉદેપુર | ૭૩૦૩૦ | ૬૮૮૮૬ | ૧૪૧૯૧૬ |
| ૩૦ | દેવભૂમિ દ્વારકા | ૧૨૨૩૮ | ૧૫૦૫૩ | ૨૭૨૯૧ |
| ૩૧ | ગીર સોમનાથ | ૨૧૮૩૩ | ૨૮૧૧૪ | ૪૯૯૪૭ |
| ૩૨ | મહીસાગર | ૩૭૪૫૪ | ૪૪૬૦૨ | ૮૨૦૫૬ |
| ૩૩ | મોરબી | ૨૪૬૫૪ | ૨૪૦૬૯ | ૪૮૭૨૩ |
| | કૂલ | ૧૬૧૭૭૯૫ | ૧૫૫૪૪૦૯ | ૩૧૭૨૨૦૪ |

--------

નિર્મળ ભારત અભિયાન હેઠળ ભારત સરકાર દ્વારા મળેલ રકમ

અતારાંકિતઃ ૧૧૧૮૯ (૧૬-૦૧-૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) નિર્મળ ભારત અભિયાન હેઠળ ભારત સરકાર તરફથી તા.૩૦-૧૧-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૨) ઉક્ત મળેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે ?

ગ્રામ વિકાસ મંત્રીશ્રી : (૦૧-૦૪-૨૦૧૭)

(૧) તા.૨જી ઓક્ટોબર, ૨૦૧૪ થી નિર્મળ ભારત અભિયાનના નામમાં ફેરફાર કરી સ્વચ્છ ભારત મિશન કરવામાં આવેલ હોઇ તા.૩૦-૧૧-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નિર્મળ ભારત અભિયાન યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને ગ્રાન્ટ મળવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

અગાઉના ત્રણ વર્ષમાં નિર્મળ ભારત અભિયાન યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને મળેલ ગ્રાન્ટની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | મળેલ ગ્રાન્ટ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૨-૧૩ | ૩૯૪૯.૪૨ |
| ૨ | ૨૦૧૩-૧૪ | ૫૨૬૪.૧૦ |
| ૩ | ૨૦૧૪-૧૫ | ૧૫૬૦૬.૬૩ |

(૨) અગાઉના ત્રણ વર્ષમાં કૂલ ઉપલબ્ધ ફંડની સામે થયેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | મળેલ ગ્રાન્ટ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૨-૧૩ | ૪૮૪૪.૬૪ |
| ૨ | ૨૦૧૩-૧૪ | ૫૬૨૯.૧૩ |
| ૩ | ૨૦૧૪-૧૫ | ૧૯૯૪૬.૦૪ |

* પ્રસ્તુત રકમમાં વર્ષની શરૂઆતની ઉઘડતી સિલક તથા જમા રકમ ઉપર મળેલ વ્યાજનો પણ સમાવેશ થાય છે.

--------

ઇન્દિરા આવાસ યોજના હેઠળ રાજ્ય સરકારને મળેલ રકમ

## અતારાંકિત પ્રશ્નોત્તરી

અતારાંકિતઃ ૧૧૨૫૫ (૦૯–૦૧–૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) ઇન્દિરા આવાસ યોજનામાં ભારત સરકાર તરફથી તા.૩૦–૧૧–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારને કેટલી રકમ મળેલ છે, અને

(૨) ઉક્ત મળેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે ?

ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૦૧–૦૪–૨૦૧૭)

(૧) ઇન્દિરા આવાસ યોજનામાં ભારત સરકાર તરફથી તા.૩૦–૧૧–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને મળેલ ગ્રાન્ટની વિગત નીચે મુજબ છેઃ

(રકમ રૂ.લાખમાં)

| ક્રમ | જિલ્લાના નામ | તા.૦૧–૧૨–૧૧ થી તા.૩૦–૧૧–૧૨ | તા.૦૧–૧૨–૧૨ થી તા.૩૦–૧૧–૧૩ | તા.૦૧–૧૨–૧૩ થી તા.૩૦–૧૧–૧૪ | તા.૦૧–૧૨–૧૪ થી તા.૩૦–૧૧–૧૫ | તા.૦૧–૧૨–૧૫ થી તા.૩૦–૧૧–૧૬ | કૂલ રકમ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | જિલ્લા તમામ | ૩૯૭૫૮.૦૬ | ૨૮૯૫૩.૮૨ | ૩૯૪૫૯.૧૨ | ૨૪૫૨૬.૯૩ | ૧૫૨૩૩.૭૦ | ૧૪૭૯૩૧.૬૩ |
| | કૂલ | ૩૯૭૫૮.૦૬ | ૨૮૯૫૩.૮૨ | ૩૯૪૫૯.૧૨ | ૨૪૫૨૬.૯૩ | ૧૫૨૩૩.૭૦ | ૧૪૭૯૩૧.૬૩ |

(૨) ઉક્ત મળેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર નીચે મુજબની રકમ ખર્ચ કરવામાં આવેલ છેઃ

(પ્રસ્તુત રકમમાં વર્ષની શરૂઆતની ઉઘડતી સિલક તથા બેંકમાં જમા રકમ પરનાં વ્યાજનો સમાવેશ થાય છે.)

(રકમ રૂ.લાખમાં)

| ક્રમ | જિલ્લાના નામ | તા.૦૧–૧૨–૧૧ થી તા.૩૦–૧૧–૧૨ | તા.૦૧–૧૨–૧૨ થી તા.૩૦–૧૧–૧૩ | તા.૦૧–૧૨–૧૩ થી તા.૩૦–૧૧–૧૪ | તા.૦૧–૧૨–૧૪ થી તા.૩૦–૧૧–૧૫ | તા.૦૧–૧૨–૧૫ થી તા.૩૦–૧૧–૧૬ | કૂલ રકમ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | જિલ્લા તમામ | ૪૪૬૫૭.૦૩ | ૪૦૦૦૬.૮૭ | ૪૩૩૧૨.૧૨ | ૩૪૬૮૪.૦૬ | ૧૯૫૨૯.૬૩ | ૧૮૨૧૮૯.૭૧ |
| | કૂલ | ૪૪૬૫૭.૦૩ | ૪૦૦૦૬.૮૭ | ૪૩૩૧૨.૧૨ | ૩૪૬૮૪.૦૬ | ૧૯૫૨૯.૬૩ | ૧૮૨૧૮૯.૭૧ |

--------

### પછાત વિસ્તાર અનુદાન નિધિ પેટે રાજ્ય સરકારને મળેલ રકમ

અતારાંકિતઃ ૧૧૨૫૭ (૦૭–૦૧–૨૦૧૭) ડો. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) પછાત વિસ્તારના અનુદાન નિધિ પેટે ભારત સરકાર તરફથી તાઃ૩૦–૧૧–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકારને કોઇ રકમ મળેલ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૩) ઉક્ત મળેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે?

પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા): (૧–૦૪–૨૦૧૭)

(૧) હા.

(૨)

| વર્ષ | મળેલ ગ્રાન્ટ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૧–૧૨ | ૯૦૯૦.૨૭ |
| ૨૦૧૨–૧૩ | ૬૩૬૫.૦૦ |
| ૨૦૧૩–૧૪ | ૩૨૫૦.૦૦ |

| | |
|---|---|
| ૨૦૧૪-૧૫ | ૬૫૦૦.૭૬ |
| ૨૦૧૫-૧૬ | ૧૩૭.૬૮ |
| કુલ | ૨૫૩૪૩.૭૧ |

(૩)

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૧-૧૨ | ૬૭૬૧.૦૭ |
| ૨૦૧૨-૧૩ | ૮૦૬૬.૫૪ |
| ૨૦૧૩-૧૪ | ૪૧૬૪.૬૨ |
| ૨૦૧૪-૧૫ | ૫૧૦૩.૩૫ |
| ૨૦૧૫-૧૬ | ૧૨૩૪.૦૧ |
| કુલ | ૨૫૩૨૯.૫૯ |

--------

પંચાયતી રાજ સંસ્થાઓના ચુંટાયેલા પ્રતિનિધિઓ માટે તાલીમ કાર્યક્રમ માટે રાજ્ય સરકારને મળેલ રકમ

અતારાંકિતઃ ૧૧૨૫૮ (૦૭-૦૧-૨૦૧૭) ડો. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) પંચાયતીરાજ સંસ્થાઓના ચુંટાયેલા પ્રતિનિધિઓ માટે તાલીમ કાર્યક્રમ માટે ભારત સરકાર તરફથી તા.૩૦-૧૧-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકારને કોઇ રકમ મળેલ છે કે કેમ,

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૩) ઉક્ત મળેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે?

પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા): (૧-૦૪-૨૦૧૭)

(૧) હા.

(૨)

| વર્ષ | ભારત સરકાર તરફથી મળેલ ગ્રાન્ટ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૨-૧૩ | ૭૩.૧૬ |
| ૨૦૧૩-૧૪ | ૧૭૬.૮૬ |
| ૨૦૧૪-૧૫ | ૪૦૧.૮૯ |
| ૨૦૧૫-૧૬ | ૪.૧૦ |
| ૨૦૧૬-૧૭ | ૨૪૪૮.૬૬ |
| કુલ | ૩૧૦૪.૬૭ |

(૩)

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૨-૧૩ | ૪૮.૮૦ |
| ૨૦૧૩-૧૪ | ૧૮૧.૬૬<br>(જે પૈકી અગાઉના વર્ષ ૨૦૧૨-૧૩ની બચત ગ્રાન્યમાંથી રૂ.૪.૮૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે) |
| ૨૦૧૪-૧૫ | ૨૫૨.૯૭ |
| ૨૦૧૫-૧૬ | ૫૩.૧૦<br>(જે પૈકી અગાઉના વર્ષ ૨૦૧૪-૧૫ની બચત ગ્રાન્યમાંથી રૂ.૪૯.૦૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે) |
| ૨૦૧૬-૧૭ | ૩૨.૮૩ |
| કુલ | ૫૬૯.૩૬ |

--------

રાજીવ ગાંધી પંચાયત સશક્તિકરણ અભિયાન હેઠળ રાજ્ય સરકારને મળેલ રકમ

અતારાંકિતઃ ૧૧૨૫૯ (૦૯-૦૧-૨૦૧૭) ડો. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

## વૈશાખ ૧૯, ૧૯૩૯ શાકે
## અતારાંકિત પ્રશ્નોત્તરી

(૧) રાજીવ ગાંધી પંચાયત સશક્તિકરણ અભિયાન હેઠળ ભારત સરકાર તરફથી તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકારને કોઇ રકમ મળેલ છે,

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૩) ઉક્ત મળેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે?

પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા): (૧-૦૪-૨૦૧૭)

(૧) હા

(૨)

| વર્ષ | ભારત સરકાર તરફથી મળેલ ગ્રાન્ટ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૨-૧૩ | ૩૩૩.૭૯ |
| ૨૦૧૩-૧૪ | ૩૧૬૫.૨૬ |
| ૨૦૧૪-૧૫ | ૧૦૬.૫૦ |
| ૨૦૧૫-૧૬ | - |
| ૨૦૧૬-૧૭ | - |

(૩)

| વર્ષ | ભારત સરકારશ્રી તરફથી મળેલ ગ્રાન્ટમાંથી થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૨-૧૩ | ૩૩૧.૭૯ |
| ૨૦૧૩-૧૪ | ૧૮૮૭.૧૪ |
| ૨૦૧૪-૧૫ | ૮૧૪.૦૭<br>(જે પૈકી અગાઉના વર્ષ ૨૦૧૩-૧૪ની બચત ગ્રાન્ટમાંથી રૂ.૭૦૭.૫૭ લાખનો ખર્ચ કરેલ છે) |
| ૨૦૧૫-૧૬ | ૬૯૦.૩૦<br>(જે પૈકી અગાઉના વર્ષ ૨૦૧૩-૧૪ની બચત ગ્રાન્ટમાંથી રૂ.૫૭૦.૫૫ લાખનો ખર્ચ અને રૂ.૧૧૯.૭૫ લાખનો ખર્ચ વ્યાજની રકમમાંથી કરેલ છે) |
| ૨૦૧૬-૧૭ | - |

---------

નેશનલ રૂરલ લાઇવલીહુડ પ્રોજેક્ટ અંતર્ગત રાજ્ય સરકાર ને મળેલ રકમ

અતારાંકિતઃ ૧૧૨૬૨ (૦૯-૦૧-૨૦૧૭) ડો. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) નેશનલ રૂરલ લાઇવલીહુડ પ્રોજેક્ટ અંતર્ગત ભારત સરકાર તરફથી તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકારને કોઇ રકમ મળેલ છે કે કેમ,

(૨) જો હા તો, ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૩) ઉક્ત મળેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે?

ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા): (૦૧-૦૪-૨૦૧૭)

(૧) હા.

(૨) ૩૦-૧૧-૧૬ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારને નીચે મુજબ રકમ મળેલ છે

| વર્ષ | મળેલ કેન્દ્ર સરકારની ગ્રાન્ટ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૨ | ૧૮૪૧.૦૦ |
| ૨૦૧૩ | ૦.૦૦ |
| ૨૦૧૪ | ૨૦૪૬.૦૦ |
| ૨૦૧૫ | ૫૦૧.૩૨ |
| તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ | ૧૦૭૪.૦૦ |
| | કુલઃ ૫૪૬૨.૩૨ લાખ |

(૩) મળેલ રકમ પૈકી વર્ષવાર નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ છે

(રૂ. લાખમાં)

| વર્ષ | ઉક્ત મળેલ કેન્દ્ર અને રાજ્યની કુલ ગ્રાન્ટ સામે ખર્ચ |
|---|---|
| ૨૦૧૨ | ૧૭૯.૫૬ |
| ૨૦૧૩ | ૧૩૭૮.૪૨ |
| ૨૦૧૪ | ૨૦૯૨.૫૪ |
| ૨૦૧૫ | ૨૧૧૧.૦૦ |
| તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ | ૧૧૩૨.૨૮ |
| | કુલઃ ૬૮૯૩.૮૦ |

--------

આજીવિકા યોજના અંતર્ગત રાજ્ય સરાકારને મળેલ રકમ

અતારાંકિતઃ ૧૧૨૬૪ (૦૭-૦૧-૨૦૧૭) ડો. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) આજીવિકા યોજના અંતર્ગત ભારત સરકાર તરફથી તા. ૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકારને કોઇ રકમ મળેલ છે, કે કેમ?

(૨) જો હા તો, ઉક્ત સ્થિતિએ છેલ્લે પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૩) ઉક્ત મળેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે?

ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા): (૦૧-૦૪-૨૦૧૭)

(૧) હા (આજીવિકા યોજના નેશનલ રૂરલ લાઇવવીહુડ પ્રોજેક્ટ અને નેશનલ રૂરલ લાઇવલીહુડ મિશન બન્નેનો સમાવેશ થાય છે.)

(૨) ૩૦-૧૧-૧૬ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારને નીચે મુજબ રકમ મળેલ છે

(રૂપિયા લાખમાં)

| વર્ષ | મળેલ કેન્દ્ર સરકારની ગ્રાન્ટ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૨ | ૪૧૧૯.૯૯ |
| ૨૦૧૩ | ૪૯૦.૫૦ |
| ૨૦૧૪ | ૨૨૦૩.૩૨ |
| ૨૦૧૫ | ૫૦૧.૩૨ |
| તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ | ૧૪૫૬.૬૦ |
| | કુલઃ ૮૭૭૧.૭૩ |

(૩) મળેલ રકમ પૈકી વર્ષવાર નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ છે

(રૂપિયા લાખમાં)

| વર્ષ | ઉક્ત મળેલ કેન્દ્ર અને રાજ્યની કુલ ગ્રાન્ટ સામે ખર્ચ |
|---|---|
| ૨૦૧૨ | ૧૭૯.૫૬ |
| ૨૦૧૩ | ૨૧૧૬.૩૭ |
| ૨૦૧૪ | ૨૯૪૮.૮૦ |
| ૨૦૧૫ | ૩૨૪૪.૦૦ |
| તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ | ૨૦૭૩.૫૦ |
| કુલઃ ૧૦૫૬૨.૨૩ લાખ | |

--------

ગ્રામીણ સ્વચ્છતાના કાર્યક્રમ માટે રાજ્ય સરકારને મળેલ રકમ

અતારાંકિતઃ ૧૧૨૬૫ (૦૭-૦૧-૨૦૧૭) ડો. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) ગ્રામીણ સ્વચ્છતાના કાર્યક્રમ માટે ભારત સરકાર તરફથી તા. ૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં કેટલી રકમ રાજ્ય સરકારને કોઇ રકમ મળેલ છે કે કેમ,

(૨) જો હા તો, ઉક્ત સ્થિતિએ છેલ્લે પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૩) ઉક્ત મળેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે?

ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા): (૦૧-૦૪-૨૦૧૭)

(૧) હા, મળેલ છે.

(૨) તા. ૩૦-૧૧-૧૬ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને મળેલ ગ્રાન્ટની વિગત નીચે મુજબ છેઃ

| ક્રમ | વર્ષ | મળેલ ગ્રાન્ટ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૨-૧૩ | ૩૯૪૯.૪૨ |
| ૨ | ૨૦૧૩-૧૪ | ૫૨૬૪.૧૦ |
| ૩ | ૨૦૧૪-૧૫ | ૧૫૬૦૬.૬૩ |
| ૪ | ૨૦૧૫-૧૬ | ૪૭૬૧૯.૦૦ |
| ૫ | ૨૦૧૬-૧૭ | ૬૧૪૩૬.૭૪ |

(૩) કુલ ઉપલબ્ધ ફંડની સામે થયેલ ખર્ચની વિગત નીચે મુજબ છેઃ

| ક્રમ | વર્ષ | મળેલ ગ્રાન્ટ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૨-૧૩ | ૪૮૪૪.૬૪ |
| ૨ | ૨૦૧૩-૧૪ | ૫૬૨૯.૧૩ |
| ૩ | ૨૦૧૪-૧૫ | ૧૯૯૬૪.૦૪ |
| ૪ | ૨૦૧૫-૧૬ | ૭૪૫૬૯.૫૯ |
| ૫ | ૨૦૧૬-૧૭ | ૬૮૦૦૯.૧૩ |

* પ્રસ્તુત રકમમાં વર્ષની શરૂઆતની ઉઘડતી સિલક તથા જમા રકમ ઉપર મળેલ વ્યાજનો પણ સમાવેશ થાય છે.

--------

પ્રધાનમંત્રી આદર્શ ગ્રામ યોજના હેઠળ રાજ્ય સરકારને મળેલ રકમ

અતારાંકિતઃ ૧૧૨૬૬ (૦૭-૦૧-૨૦૧૭) ડો. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) પ્રધાનમંત્રી આદર્શ ગ્રામ યોજના અંતર્ગત ભારત સરકાર તરફથી તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૨) ઉક્ત મળેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે?

ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા): (૦૧-૦૪-૨૦૧૭)

(૧) પ્રધાનમંત્રી આદર્શ ગ્રામ યોજના નામની કોઇ યોજના ન હોઇ કેન્દ્ર તેમજ રાજ્ય સરકાર તરફથી ગ્રાન્ટ ફાળવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) ખંડ (૧) ની વિગતે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

રાષ્ટ્રીય ગ્રામ્ય આજીવિકા અભિયાનમાં રાજ્ય સરકાર ને મળેલ રકમ

અતારાંકિતઃ ૧૧૨૬૭ (૦૭-૦૧-૨૦૧૭) ડો. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાષ્ટ્રીય ગ્રામ્ય આજીવિકા અભિયાનમાં ભારત સરકાર તરફથી તા. ૩૦-૧૧-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૨) ઉક્ત મળેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે?

ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા): (૦૧-૦૪-૨૦૧૭)

(૧) તા. ૩૦-૧૧-૧૬ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકારને ભારત સરકાર તરફથી વર્ષવાર નીચે મુજબ રકમ મળેલ છેઃ

| વર્ષ | મળેલ કેન્દ્ર સરકારની ગ્રાન્ટ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૨ | ૨૨૭૮.૯૯ |
| ૨૦૧૩ | ૪૯૦.૫૦ |
| ૨૦૧૪ | ૧૫૭.૩૨ |
| ૨૦૧૫ | ૦.૦૦ |

| | |
|---|---|
| તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ | ૩૮૨.૬૦ |
| | કુલઃ ૩૩૦૯.૪૧ લાખ |

(૨) મળેલ રકમ પૈકી વર્ષવાર નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ છે

| વર્ષ | મળેલ કેન્દ્ર અને રાજ્યની કુલ ગ્રાન્ટ સામે ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૨ | ૦.૦૦ |
| ૨૦૧૩ | ૭૩૭.૯૫ |
| ૨૦૧૪ | ૮૫૬.૨૬ |
| ૨૦૧૫ | ૧૧૩૩.૦૦ |
| તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ | ૯૪૧.૨૨ |
| | કુલઃ ૩૬૬૮.૪૩ લાખ |

--------

ગુજરાત રાજ્ય પંચાયત પરિષદની બેઠક

અતારાંકિતઃ ૧૧૫૮૯ (૧૮-૦૧-૨૦૧૭) ડો. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦-૧૧-૧૬ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાત રાજ્ય પંચાયત પરિષદની બેઠક ક્યારે મળેલ છે.

(૨) જો ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં બેઠક ન મળેલ હોય તો ઉક્ત પરિષદ છેલ્લે ક્યારે બેઠક મળેલ, અને

(૩) ઉક્ત સ્થિતિએ તેના ચેરમેન અને સભ્યો કોણ છે?

પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૦૧-૦૪-૨૦૧૭)

(૧) તા. ૩૦-૧૧-૧૬ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં બેઠક મળેલ નથી.

(૨) તા. ૨૪-૧૨-૨૦૦૮ના રોજ બેઠક મળેલ છે.

(૩) તા. ૩૦-૧૧-૨૦૧૬ ની સ્થિતિએ ગુજરાત રાજ્ય પંચાયત પરિષદની રચના થયેલ ન હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

રાજ્યમાં બીપીએલ પરિવારોની સંખ્યા

અતારાંકિતઃ ૧૧૫૯૦ (૧૮-૦૧-૨૦૧૭) ડો. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

તા. ૩૦-૧૧-૧૬ ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર બી.પી.એલ પરિવારોની સંખ્યા કેટલી છે?

ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા): (૦૧-૦૪-૨૦૧૭)

તા. ૩૦-૧૧-૧૬ ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર બી.પી.એલ પરિવારોની સંખ્યા નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | બી.પી.એલ યાદીમાં સમાવેશ કુટુંબોની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૩૯૨૬૩ |
| ૨ | અમરેલી | ૮૭૮૧૪ |
| ૩ | આણંદ | ૧૫૫૫૮૭ |
| ૪ | બનાસકાંઠા | ૨૩૬૪૪૯ |
| ૫ | ભરૂચ | ૧૨૪૯૨૪ |
| ૬ | ભાવનગર | ૭૦૮૩૭ |
| ૭ | દાહોદ | ૨૨૫૩૩૨ |
| ૮ | ડાંગ | ૩૫૧૫૧ |
| ૯ | ગાંધીનગર | ૪૪૫૩૪ |
| ૧૦ | જામનગર | ૩૪૪૫૪ |
| ૧૧ | જૂનાગઢ | ૫૦૯૨૯ |
| ૧૨ | ખેડા | ૧૫૬૪૨૪ |
| ૧૩ | કચ્છ (ભૂજ) | ૧૦૫૬૩૨ |

| | | |
|---|---|---|
| ૧૪ | મહેસાણા | ૧૦૬૩૮૧ |
| ૧૫ | નવસારી | ૬૫૬૩૨ |
| ૧૬ | પંચમહાલ | ૧૨૭૦૬૧ |
| ૧૭ | પાટણ | ૧૦૧૯૪૨ |
| ૧૮ | પોરબંદર | ૨૦૭૦૬ |
| ૧૯ | રાજકોટ | ૮૭૦૫૪ |
| ૨૦ | સાબરકાંઠા | ૯૬૮૭૭ |
| ૨૧ | સુરત | ૧૧૪૮૯૦ |
| ૨૨ | સુરેન્દ્રનગર | ૧૨૫૭૮૮ |
| ૨૩ | તાપી | ૭૯૨૯૩ |
| ૨૪ | વડોદરા | ૧૨૦૯૧૯ |
| ૨૫ | વલસાડ | ૧૨૬૦૦૦ |
| ૨૬ | નર્મદા | ૮૨૮૭૧ |
| ૨૭ | અરવલ્લી (મોડાસા) | ૬૯૪૩૪ |
| ૨૮ | બોટાદ | ૩૦૦૯૩ |
| ૨૯ | છોટાઉદેપુર | ૧૪૧૯૧૬ |
| ૩૦ | દેવભૂમી દ્વારકા | ૨૭૨૯૧ |
| ૩૧ | ગીર–સોમનાથ | ૪૯૯૪૭ |
| ૩૨ | મહિસાગર | ૮૨૦૫૬ |
| ૩૩ | મોરબી | ૪૮૭૨૩ |
| કુલ | | ૩૧૭૨૨૦૪ |

--------

રાજ્યમાં ઈન્દિરા આવાસ યોજના માટે ગ્રાન્ટ

અતારાંકિતઃ ૧૧૫૯૬ (૧૮–૦૧–૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય ગ્રામવિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૧૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા ઈન્દિરા આવાસ યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર પાસેથી કેટલા આવાસો માટે કેટલી ગ્રાન્ટની માંગણી કરી, અને

(૨) તે પૈકી ઉકત વર્ષવાર કેન્દ્ર સરકાર દ્વારા કેટલી ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી, અને

(૩) તે પૈકી ઉકત વર્ષવાર કેટલા મકાનો માટે કેટલી રકમનો ખર્ચ થયો ?

ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૦૧–૦૪–૨૦૧૭)

(૧) તા.૩૦–૧૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા ઈન્દિરા આવાસ યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર પાસેથી માંગણી કરેલ આવાસો અને ગ્રાન્ટની વિગતો નીચે મુજબ છે.

(રકમ રૂ.લાખમાં)

| જિલ્લાના નામ | તા.૧–૧૨–૧૧ થી તા.૩૦–૧૧–૧૨ | | તા.૧–૧૨–૧૨ થી તા.૩૦–૧૧–૧૩ | | તા.૧–૧૨–૧૩ થી તા.૩૦–૧૧–૧૪ | | તા.૧–૧૨–૧૪ થી તા.૩૦–૧૧–૧૫ | | તા.૧–૧૨–૧૫ થી તા.૩૦–૧૧–૧૬ | | કુલ રકમ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | મકાનની સંખ્યા | ગ્રાન્ટ | મકાનની સંખ્યા | ગ્રાન્ટ | મકાનની સંખ્યા | ગ્રાન્ટ | મકાનની સંખ્યા | ગ્રાન્ટ | મકાનની સંખ્યા | ગ્રાન્ટ | મકાનની સંખ્યા | ગ્રાન્ટ |
| જિલ્લા તમામ | ૧૦૯૭૪૩ | ૪૪૨૦૬.૩૦ | ૧૧૫૧૭૩ | ૩૮૪૮૨.૮૯ | ૯૫૧૩૧ | ૫૨૦૨૩.૭૮ | ૩૪૭૫૬ | ૨૪૬૮૯.૦૪ | ૨૯૪૨૮ | ૧૯૮૩૦.૬૦ | ૩૮૪૨૩૧ | ૧૭૯૨૩૨.૫૯ |
| કુલ | ૧૦૯૭૪૩ | ૪૪૨૦૬.૩૦ | ૧૧૫૧૭૩ | ૩૮૪૮૨.૮૯ | ૯૫૧૩૧ | ૫૨૦૨૩.૭૮ | ૩૪૭૫૬ | ૨૪૬૮૯.૦૪ | ૨૯૪૨૮ | ૧૯૮૩૦.૬૦ | ૩૮૪૨૩૧ | ૧૭૯૨૩૨.૫૯ |

(૨) તે પૈકી ઉકત વર્ષવાર કેન્દ્ર સરકાર દ્વારા નીચે મુજબની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી.

(રકમ રૂ.લાખમાં)

| ક્રમ | જિલ્લાના નામ | તા.૧–૧૨–૧૧ થી તા.૩૦–૧૧–૧૨ | તા.૧–૧૨–૧૨ થી તા.૩૦–૧૧–૧૩ | તા.૧–૧૨–૧૩ થી તા.૩૦–૧૧–૧૪ | તા.૧–૧૨–૧૪ થી તા.૩૦–૧૧–૧૫ | તા.૧–૧૨–૧૫ થી તા.૩૦–૧૧–૧૬ | કુલ રકમ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | જિલ્લા તમામ | ૫૯૨૯૩.૦૮ | ૨૮૮૭૫.૯૭ | ૩૮૭૬૯.૮૬ | ૨૨૫૧૦.૫૧ | ૧૫૨૭૧.૧૪ | ૧૬૪૭૨૦.૫૬ |
| | કુલ | ૫૯૨૯૩.૦૮ | ૨૮૮૭૫.૯૭ | ૩૮૭૬૯.૮૬ | ૨૨૫૧૦.૫૧ | ૧૫૨૭૧.૧૪ | ૧૬૪૭૨૦.૫૬ |

(૩) તે પૈકી ઉકત વર્ષવાર નીચે મુજબના મકાનો માટે નીચે મુજબની રકમનો ખર્ચ થયો.

(વર્ષવાર મકાનની સંખ્યા અને ખર્ચ રૂ.લાખમાં)

| જિલ્લાના નામ | તા.૧-૧૨-૧૧ થી તા.૩૦-૧૧-૧૨ | | તા.૧-૧૨-૧૨ થી તા.૩૦-૧૧-૧૩ | | તા.૧-૧૨-૧૩ થી તા.૩૦-૧૧-૧૪ | | તા.૧-૧૨-૧૪ થી તા.૩૦-૧૧-૧૫ | | તા.૧-૧૨-૧૫ થી તા.૩૦-૧૧-૧૬ | | કુલ રકમ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | મકાનની સંખ્યા | ગ્રાન્ટ | મકાનની સંખ્યા | ગ્રાન્ટ | મકાનની સંખ્યા | ગ્રાન્ટ | મકાનની સંખ્યા | ગ્રાન્ટ | મકાનની સંખ્યા | ગ્રાન્ટ | મકાનની સંખ્યા | ગ્રાન્ટ |
| જિલ્લા તમામ | ૧૦૯૪૫૧ | ૪૧૩૯૪.૪૪ | ૧૦૦૫૯૨ | ૩૪૯૯૬.૭૧ | ૭૮૨૭૨ | ૩૮૭૭૦.૪૧ | ૩૯૫૨૬ | ૨૯૧૩૦.૭૨ | ૩૪૦૧૧ | ૧૪૬૧૦.૯૬ | ૩૬૧૮૫૨ | ૧૫૮૯૦૩.૨૪ |
| કુલ | ૧૦૯૪૫૧ | ૪૧૩૯૪.૪૪ | ૧૦૦૫૯૨ | ૩૪૯૯૬.૭૧ | ૭૮૨૭૨ | ૩૮૭૭૦.૪૧ | ૩૯૫૨૬ | ૨૯૧૩૦.૭૨ | ૩૪૦૧૧ | ૧૪૬૧૦.૯૬ | ૩૬૧૮૫૨ | ૧૫૮૯૦૩.૨૪ |

--------

## રાજ્યમાં ગૌચર દબાણ સેલની રચના

અતારાંકિતઃ ૧૧૬૫૪ (૧૮-૧-૨૦૧૭) શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર): માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં ક્યા જિલ્લામાં તા.૩૦ નવેમ્બર-૨૦૧૬ની સ્થિતિએ ‘‘ગૌચર દબાણ સેલ’’ ની રચના થઈ નથી, અને

(૨) તેના શા કારણો છે ?

પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૧-૪-૨૦૧૭)

(૧) રાજ્યમાં ડાંગ જિલ્લા સિવાય તમામ જિલ્લાઓમાં ‘‘ગૌચર દબાણ સેલ’’ ની રચના થયેલ છે.

(૨) ડાંગ જિલ્લામાં ગૌચર દબાણ સેલની રચના કરવાની જરૂરિયાત રહેતી ન હોઈ અને અન્ય જિલ્લાઓમાં રચના થયેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## જામનગર, વલસાડ અને નવસારી જિલ્લામાં અશકતતા આયુકતની કોર્ટમાં પડતર ફરિયાદો

અતારાંકિતઃ ૮૯૪૨ (૧૦-૮-૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યના અશકતતા આયુકતની કોર્ટમાં તા.૩૧ ડિસેમ્બર-૨૦૧૫ની સ્થિતિએ જામનગર, વલસાડ અને નવસારી જિલ્લાના કેટલા વિકલાંગોની અરજીઓ/ફરિયાદો પડતર છે,

(૨) તે પડતર રહેવાના શા કારણો છે, અને

(૩) ઉકત તમામ પડતર અરજીઓ/ફરિયાદોનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી : (૧-૪-૨૦૧૭)

(૧) શૂન્ય.
(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## માણસામાં ગટર સફાઈ કરનાર કામદારનું મૃત્યુ અને વળતર

અતારાંકિતઃ ૧૦૯૮૪ (૪-૧-૨૦૧૭) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) સુપ્રિમ કોર્ટે સફાઈ કર્મચારી આંદોલન વિ. યુનિયન ઓફ ઈન્ડિયાના કેસમાં માર્ચ-૨૦૧૪માં આપેલા ચુકાદા મુજબ ગટર સફાઈમાં મૃત્યુ પામતા પ્રત્યેક કામદારને રાજ્ય સરકાર દ્વારા રૂ.૧૦ લાખનું વળતર આપવા આદેશ કર્યો છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો માણસામાં ઓકટોબર-૨૦૧૫માં મૃત્યુ પામેલા ગટર સફાઈ કામદારને ઓકટોબર-૨૦૧૬ સુધી સુપ્રિમ કોર્ટના આદેશ મુજબ રૂ.૧૦ લાખનું વળતર તેના વારસદારોને અપાયું નથી, તે હકીકત સાચી છે,

(૩) જો હા, તો તેનાં શાં કારણો છે, અને

(૪) સુપ્રિમકોર્ટના ઉકત આદેશ મુજબ રૂ.૧૦ લાખનું વળતર ક્યારે ચૂકવાશે ?

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી : (૭-૪-૨૦૧૭)

(૧) હા, જી.

(૨) કોઈ સફાઈ કામદારનું મૃત્યુ થયેલ નથી.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---

### લઘુમતિઓના ક્ષેત્રીય વિકાસ કાર્યક્રમો માટે કેન્દ્રિય સહાય

અતારાંકિતઃ ૧૧૩૨૨ (૪-૧-૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) લઘુમતિઓ માટે વિવિધ ક્ષેત્રીય વિકાસ કાર્યક્રમો માટે કેન્દ્ર સરકાર તરફથી તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૨) ઉકત મળેલ રકમ પૈકી ઉકત વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે ?

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી : (૬-૪-૨૦૧૭)

(૧) કોઈપણ રકમ મળેલ નથી.
(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---

### કેન્દ્ર સરકાર દ્વારા વિવિધ વર્ગો માટે ફાળવેલ રકમ

અતારાંકિતઃ ૧૧૬૯૯ (૧૬-૧-૨૦૧૭) શ્રી શૈલેશ પરમાર (દાણી લીમડા): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેન્દ્ર સરકાર તરફથી સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગો, અનુસૂચિત જાતિ અને લઘુમતિ કલ્યાણ માટે કેટલી રકમ મળી,

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ વર્ષવાર કેટલી રકમ વપરાઈ, અને

(૩) ઉકત સ્થિતિએ કેટલી રકમ વણવપરાયેલ રહી ?

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી : (૧૫-૪-૨૦૧૭)

(૧)

| વર્ષવાર મળેલ રકમ (રૂ.લાખમાં) | | | | |
|---|---|---|---|---|
| વર્ષ | સા.શૈ.પ.વ. | લઘુમતિ | અનુસૂચિત જાતિ | કુલ |
| ૨૦૧૨-૧૩ | ૨૭૩૨.૨૯ | ૧૬૧૩.૯૭ | ૧૦૦૯૦.૭૯ | ૧૪૪૩૭.૦૫ |
| ૨૦૧૩-૧૪ | ૫૬૧૦.૫૦ | ૬૧૯૭.૫૪ | ૭૪૯૧.૫૮ | ૧૯૨૯૯.૬૨ |
| ૨૦૧૪-૧૫ | ૪૮૦૮.૩૨ | ૮૬૦૦.૫૧ | ૫૭૫૮.૭૫ | ૧૯૧૬૭.૫૮ |
| ૨૦૧૫-૧૬ | ૫૦૨૯.૯૩ | ૫૭૭૩.૩૧ | ૯૧૩૯.૪૯ | ૧૯૯૪૨.૭૩ |
| ૨૦૧૬-૧૭ | ૪૮૪૭.૦૦ | ૦.૦૦ | ૮૨૦૪.૧૨ | ૧૩૦૫૧.૧૨ |
| કુલ | ૨૩૦૨૮.૦૪ | ૨૨૧૮૫.૩૩ | ૪૦૬૮૪.૭૩ | ૮૫૮૯૮.૧ |

(૨)

| વર્ષવાર ખર્ચાયેલે રકમ (રૂ.લાખમાં) | | | | |
|---|---|---|---|---|
| વર્ષ | સા.શૈ.પ.વ. | લઘુમતિ | અનુસૂચિત જાતિ | કુલ |
| ૨૦૧૨-૧૩ | ૧૬૩૫.૧૦ | ૧૬૦૬.૯૦ | ૧૦૦૯૦.૭૯ | ૧૩૩૩૨.૭૯ |
| ૨૦૧૩-૧૪ | ૪૫૧૮.૩૭ | ૬૧૯૭.૫૪ | ૭૨૧૨.૧૭ | ૧૭૯૨૮.૦૮ |
| ૨૦૧૪-૧૫ | ૩૭૧૬.૧૮ | ૮૬૦૦.૫૧ | ૬૦૩૮.૧૬ | ૧૮૩૫૪.૮૫ |
| ૨૦૧૫-૧૬ | ૮૭૭૫.૩૭ | ૫૭૭૩.૩૧ | ૯૦૩૯.૩૭ | ૨૩૫૮૮.૦૫ |
| ૨૦૧૬-૧૭ | ૨૨૫૯.૫૧ | ૦.૦૦ | ૮૨૦૪.૧૨ | ૧૦૪૬૩.૬૩ |
| કુલ | ૨૦૯૦૪.૫૩ | ૨૨૧૭૮.૨૬ | ૪૦૫૮૪.૬૧ | ૮૩૬૬૭.૪ |

(૩)

| વર્ષવાર વણવપરાયેલ રકમ (રૂ.લાખમાં) |
|---|

| વર્ષ | સા.શૈ.પ.વ. | લઘુમતિ | અનુસૂચિત જાતિ | કુલ |
|---|---|---|---|---|
| ૨૦૧૨-૧૩ | ૧૦૯૭.૧૯ | ૭.૦૭ | ૦.૦૦ | ૧૧૦૪.૨૬ |
| ૨૦૧૩-૧૪ | ૧૦૯૨.૧૩ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૦૯૨.૧૩ |
| ૨૦૧૪-૧૫ | ૧૦૯૨.૧૪ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૦૯૨.૧૪ |
| ૨૦૧૫-૧૬ | -૩૭૪૫.૪૪ | ૦૦૦ | ૧૦૦.૧૨ | -૩૬૪૫.૩૨ |
| ૨૦૧૬-૧૭ | ૨૫૮૭.૪૯ | ૦.૦૦ | ૦.૦૦ | ૨૫૮૭.૪૯ |
| કુલ | ૨૧૨૩.૫૧ | ૭.૦૭ | ૧૦૦.૧૨ | ૨૨૩૦.૭૦ |

--------

ગરીબ સમૃધ્ધિ યોજના અન્વયે ભારત સરકાર તરફથી મળેલ રકમ

અતારાંકિતઃ ૧૧૨૦૦ (૧૬-૧-૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ)**:** માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) શહેરી ગરીબો માટેની માળખારૂપ વિકાસ યોજના નવીનીકરણ અભિયાન હેઠળ પાયાની સેવાઓ માટેની યોજના (ગરીબ સમૃધ્ધિ યોજના) અન્વયે ભારત સરકાર તરફથી તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે,

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ સરકારને મળેલ છે, અને

(૩) ઉકત મળેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે ?

નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) **:** (૧-૪-૨૦૧૭)

(૧) હા, જી.

(૨) છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકારને મળેલ રકમ નીચે મુજબ છે.

| વર્ષ | રકમ (રૂ.કરોડમાં) |
|---|---|
| ૨૦૧૨-૧૩ | ૭૪૮.૭૮ |
| ૨૦૧૩-૧૪ | ૮૯૫.૫૯ |
| ૨૦૧૪-૧૫ | ૯૦૪.૧૧ |
| ૨૦૧૫-૧૬ | ૯૦૨.૯૧ |
| ૨૦૧૬-૧૭ | ૧૦૪૦.૩૬ |

(૩) ઉકત મળેલ રકમ પૈકી વર્ષવાર થયેલ ખર્ચ નીચે મુજબ છે.

| વર્ષ | રકમ (રૂ.કરોડમાં) |
|---|---|
| ૨૦૧૨-૧૩ | ૬૮૯.૯ |
| ૨૦૧૩-૧૪ | ૮૬૨.૯૫ |
| ૨૦૧૪-૧૫ | ૯૪૦.૨૩ |
| ૨૦૧૫-૧૬ | ૮૫૪.૮૯ |
| ૨૦૧૬-૧૭ | ૫૩૫.૯૧ |

--------

અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | સામાન્ય વહીવટ વિભાગ | ૧૧૩૫૩ | ૦૧ |
| ૨ | કૃષિ અને સહકાર વિભાગ | ૭૪૩૩ | ૦૧ |
| ૩ | શિક્ષણ વિભાગ | ૧૦૭૮૧, ૧૦૮૫૪, ૧૧૫૫૦, ૧૧૩૧૩, ૧૧૫૫૧ | ૦૫ |
| ૪ | નાણા વિભાગ | ૧૧૩૮૦ | ૦૧ |
| ૫ | વન અને પર્યાવરણ વિભાગ | ૯૪૧૫, ૧૦૮૫૬, ૧૧૨૨૦, ૧૧૨૨૩, ૧૧૬૩૧, ૧૧૭૩૦ | ૦૬ |
| ૬ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૮૯૧૨, ૮૯૬૩, ૧૧૪૭૮, ૧૧૪૮૪, ૧૧૪૯૭ | ૦૫ |
| ૭ | ગૃહ વિભાગ | ૧૦૭૨૭, ૧૦૮૧૯ | ૦૨ |
| ૮ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૯૪૩૭ | ૦૧ |

| | | | |
|---|---|---|---|
| ૯ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૮૦૫૨, ૯૩૮૨, ૧૦૬૭૮, ૧૦૬૭૯, ૧૦૯૫૩, ૧૦૯૫૬, ૧૧૦૦૧, ૧૧૦૦૭, ૧૧૧૩૯, ૧૧૧૮૯, ૧૧૨૫૫, ૧૧૨૫૭, ૧૧૨૫૮, ૧૧૨૫૯, ૧૧૨૬૨, ૧૧૨૬૪, ૧૧૨૬૫, ૧૧૨૬૬, ૧૧૨૬૭, ૧૧૫૮૯, ૧૧૫૯૦, ૧૧૫૯૬, ૧૧૬૫૪ | ૨૩ |
| ૧૦ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૮૯૪૨, ૧૦૯૮૪, ૧૧૩૨૨, ૧૧૬૯૯ | ૦૪ |
| ૧૧ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૧૧૨૦૦ | ૦૧ |
| | | કુલ | ૫૦ |

--------

આડત્રીસમી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

સન ૧૯૬૩ના ગુજરાત રાજ્ય બાંહેધરી અધિનિયમ અન્વયે બાંહેધરીપત્રકો

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્ય મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૧૯૬૩ના ગુજરાત રાજ્ય બાંહેધરી અધિનિયમ અન્વયે

(ક) રાજ્ય સરકારે સન ૨૦૧૬-૧૭ના વર્ષ દરમ્યાન આપેલ બાંહેધરીની વિગત દર્શાવતું પત્રક

(ખ) રાજ્ય સરકાર દ્વારા બાંહેધરી આપવાના કારણે સન ૨૦૧૬-૧૭ના વર્ષ દરમિયાન રાજ્યના એકત્રિત ભંડોળમાંથી ચૂકવાયેલ રકમોની વિગત દર્શાવતું પત્રક

(ગ) બાંહેધરી આપનારની રૂએ સરકારે ચૂકવેલ રકમ પૈકી સન ૨૦૧૬-૧૭ના વર્ષ દરમિયાન જે તે સંસ્થાઓ/વ્યક્તિઓએ ભરપાઇ કરેલ રકમોની વિગત દર્શાવતું પત્રક સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

બાંહેધરીપત્રકો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

અનુમતિ મળેલાં વિધેયકો

સચિવશ્રીઃ માનનીય અધ્યક્ષશ્રી, હું તેરમી ગુજરાત વિધાનસભાના દસમા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે તેવાં સન-૨૦૧૭નાં વિધેયક ક્રમાંક-૧૦, ૧૧, ૧૨, ૧૪, ૧૫, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩ અને ૨૪ વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અનુમતિ મળેલાં વિધેયકો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

કામકાજ સલાહકાર સમિતિનો સોળમો અહેવાલ

અધ્યક્ષશ્રી: ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ હું કામકાજ સલાહકાર સમિતિનો સોળમો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક સોમવાર, તા. ૮મી મે, ૨૦૧૭ ના રોજ બપોરના ૧૨-૦૦ કલાકે પાવાગઢ સમિતિ ખંડમાં મળી હતી. સમિતિએ નીચે મુજબની ભલામણ કરી છે.

મંગળવાર, તા. ૯મી મે, ૨૦૧૭ના રોજ નીચે દર્શાવેલ ક્રમમાં સરકારી વિધેયકો વિચારણા માટે હાથ ધરવા અને જરૂર જણાય તો સભાગૃહની બેઠકનો સમય વધારીને પણ તેની વિચારણા પૂરી કરવી.

## તા. ૯મી મે, ૨૦૧૭

## ગુજરાત માલ અને સેવા વેરા વિધેયક, ૨૦૧૭

(૧) સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૨૫–સન ૨૦૧૭નું ગુજરાત માલ અને સેવા વેરા વિધેયક.

(૨) સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૨૬–સન ૨૦૧૭નું ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા)વિધેયક.

(૩) સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૨૭–સન ૨૦૧૭નું ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વિધેયક

સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (સંસદીય બાબતોના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના સોળમા અહેવાલ સાથે સંમત થાય.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

સરકારી વિધેયકો

સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૨૫

ગુજરાત માલ અને સેવા વેરા વિધેયક, ૨૦૧૭

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન–૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૨૫, સન–૨૦૧૭ના ગુજરાત માલ અને સેવા વેરા વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન–૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૨૫–સન ૨૦૧૭નું ગુજરાત માલ અને સેવા વેરા વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના આપણા અત્રે ઉપસ્થિત સૌ માનનીય સભ્યશ્રીઓ આપણે જે આ બિલ પસાર કરવાના છીએ એ બિલ સમગ્ર દેશમાં વિવિધ તબક્કે, વિવિધ પ્રકારે ઘણા સમયથી ચર્ચાની એરણ ઉપર હતું. અનેક નિષ્ણાતો, અનેક તર્કશાસ્ત્રીઓ, અનેક રાજનીતિજ્ઞો, અનેક વહીવટકર્તાઓ, અનેક વેપારી એસોસિએશનો, ચેમ્બરો અને જુદી જુદી સંસ્થાઓ તરફથી આના અંગે વર્ષો સુધી ચર્ચા વિચારણાઓ કરવામાં આવી છે. આપણે બધા જાણીએ છીએ તે પ્રમાણે તાજેતરમાં જ ભારત સરકારે અને લોકસભાએ અને રાજ્ય સભાએ આ કાયદાને સર્વાનુમતે મંજૂર કરી અને રાષ્ટ્રપતિશ્રી દ્વારા એને મંજૂરી આપવામાં આવી છે અને દેશની બધી વિધાનસભાઓમાં એને મંજૂર કરાવવા માટેની બંધારણીય પ્રક્રિયા હાથ ધરી છે. આપણા ગુજરાતમાં પણ આ પ્રક્રિયા પૂરી કરવા માટે એક દિવસનું અગત્યનું સત્ર આજે આપણે બોલાવ્યું છે. આજે આપણે એના અંગેની ચર્ચા વિચારણા કરી, માનનીય સભ્યશ્રીઓના સહયોગથી હું ઇચ્છું છું કે આ બિલને સર્વાનુમતે મંજૂર કરવાના છીએ. આમ કરીને આપણે દેશના ઐતિહાસિક કામના એક ભાગ બનીશું.

માનનીય અધ્યક્ષશ્રી, કેટલાક કાયદાઓ એવા હોય છે કે એ ભાગ્યે જ બનતા હોય છે. આજે ભારતના અર્થકારણને મજબૂત બનાવવા, ભારતને વિશ્વમાં આર્થિક રીતે મજબૂત બનાવવા તરફ લઇ જતો અગત્યનો આ કાયદો છે. એ કાયદો ભારતના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં અને નાણામંત્રીશ્રી અરૂણ જેટલીજીના નેતૃત્વમાં જે કાઉન્સિલ બનાવવામાં આવેલી એ કાઉન્સિલમાં પણ સઘન ચર્ચા વિચારણાઓ કરવામાં આવેલી અને આ કાઉન્સિલની ૧૩ જેટલી મિટિંગો પણ મળેલી. જે કાઉન્સિલની અંદર દરેક રાજયના નાણામંત્રીશ્રી એના સભ્ય હોય છે. કેન્દ્રિય નાણામંત્રીશ્રી એના ચેરમેન છે. આપણા બંધારણની આ વિશિષ્ટતા છે. એ ગવર્નીંગ કાઉન્સિલમાં તેમને મતાધિકાર આપવામાં આવે છે. રાજ્યોને નુકસાન ન થાય એની કાળજી રાખવામાં આવે એ પ્રમાણે રાજ્યોના મતનો એમાં પ્રભાવ રાખ્યો છે. કેન્દ્રને નુકસાન ન જાય અને બીજા કોઇ રાજ્ય જુદું ન કરાવી જાય એના માટે દરેકનો મતાધિકાર રાખ્યો છે. એનું વેઇટેજ નક્કી કરવામાં આવ્યું છે. દરેક રાજયના મતની આટલી વેલ્યૂ ગણાશે. કોઇ વખત વોટીંગ કરાવવાની જરૂર પડે તો આ પ્રમાણે કરવામાં આવશે એવું નક્કી કરવામાં આવ્યું છે. સદનસીબે આપણા દેશની બધી પાર્ટીઓએ એને સમર્થન આપ્યું છે. હું તો ત્યાં સભ્ય છું. ભારતીય જનતા પક્ષ, કોંગ્રેસ, ભૂતકાળમાં સામ્યવાદી પક્ષ, તામિલનાડુના પક્ષો, તેલંગાણાની સરકાર, પશ્ચિમ બંગાળની સરકાર. આવી જુદા જુદા પક્ષોની સરકારોએ, દેશના જુદા જુદા રાજ્યોમાં રહેલી જુદી જુદી વિચારસરણીવાળી સરકારો, ડાબેરી વિચારસરણીવાળી કહેવાય એવી સરકારો, બધા રાજ્યોની સરકારોના મંત્રીઓ ત્યાં બેઠા છે. આવું બધું હોવા છતાં દેશની આપણી એકતા જુઓ, દેશના ગરીબોને મદદરૂપ થવું, દેશના અર્થશાસ્ત્રને મજબૂત બનાવવું, ભારતને દુનિયાના ઉત્તમમાં ઉત્તમ અર્થતંત્રવાળો દેશ બનાવવો, પરદેશમાંથી મોટા પ્રમાણમાં ભારતમાં રોકાણ થાય, એ રોકાણ દ્વારા જે ધંધા ઉદ્યોગ થાય એમાં લાખો લોકોને, આપણા ગુજરાતના, ભારતના યુવક– યુવતીઓને રોજગારી પ્રાપ્ત થાય, વિદેશી હુંડિયામણ પ્રાપ્ત થાય, દેશમાં મેક ઇન

---

* વિધેયક તા. ૩જી મે, ૨૦૧૭ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

ઈન્ડિયા, પરદેશથી આયાત ઓછી કરવી પડે અને દેશમાં ઉત્પાદન વધે, લશ્કરી દ્રષ્ટિએ દેશ સક્ષમ બને આવા બધા અનેક વિચારોથી જયારે આ કાયદો બનાવવામાં આવ્યો છે ત્યારે મને આનંદ છે કે માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઇનું નેતૃત્વ, બધા રાજકીય પક્ષોને સમજાવવા, કાઉન્સિલમાં એકલી સર્વાનુમતિ થઇ એવું નહીં, લોકસભામાં પણ સર્વાનુમતિ થઇ અને લોકસભામાં તો અમારા પક્ષની એટલે કે એન.ડી.એ.ની બહુમતિ છે, ત્યાં તો કાયદો પસાર થાય આપણે સમજી શકીએ પણ રાજયસભામાં બહુમતિ, બંધારણ બદલવા માટે જે જરૂરી સંખ્યા જોઇએ એ ન હોવા છતાં ખૂબ કુશળતાથી, બુદ્ધિપૂર્વક સમજાવવાથી, પ્રેમપૂર્વક માનનીય નરેન્દ્રભાઇ મોદીએ વડાપ્રધાન તરીકે બધા પક્ષોને સાથે રાખીને સમજાવટ કરી અને હું કોઇ રાજકીય રીતે નથી કહેવા માંગતો, કદાચ કોઇ કહેશે તો પછી જરૂર પડશે તો જવાબ આપીશ, પણ અત્યારે નથી કહેવાનો, બધા પક્ષોનો સહકાર મળ્યો છે અને બધાએ સાથે મળી અને આ કાયદો જયારે મંજૂર કર્યો છે ત્યારે બંધારણ પ્રમાણે રાજયોએ પણ આ કાયદો મંજૂર કરવાનો છે એટલે આપણે આ કાયદો આજે ગુજરાત વિધાનસભામાં રજૂ કર્યો છે. આ કાયદો, બિલ મંજૂર થાય, બીજા રાજયો પણ મંજૂર કરી રહ્યા છે અને લગભગ બધા પક્ષોએ ભારત સરકારે જે નિર્ણય કર્યો છે એ પ્રમાણે બીજો કોઇ મોટો પ્રશ્ન ઉભો ન થાય તો પહેલી જુલાઇથી સમગ્ર દેશમાં આ કાયદાનો અમલ શરૂ કરવાનું જે ઐતિહાસિક અર્થશાસ્ત્ર માટેનું કામ છે એમાં ગુજરાત વિધાનસભામાં અહીંયા બેઠેલા સર્વ માનનીય ધારાસભ્યશ્રીઓ, આજે આપણે એના સહભાગી થવાના છીએ. ભવિષ્યમાં આપણે કહી શકીશું કે આ ભારત દેશની કાયાપલટ કરનાર આ કાયદો અમે ગુજરાત વિધાનસભામાં મંજૂર કર્યો હતો અને કોઇ વાંધો વચકો અમે કાઢયો નહોતો એવું આપણે ગૌરવ લઇ શકીએ એ પ્રમાણે આ કાયદો આપણે અહીંયા રજુ કર્યો છે. ભૂતકાળમાં દરેક રાજયોના ટેકસ લેવાના પોતાના અધિકારો હતા. કોઇ આ ટેકસ લે, કોઇ બીજો ટેકસ લે, ટેકસોનું ધોરણ ઉંચું–નીચું હોય એના કારણે રાજયો વચ્ચે હરીફાઇ થતી હતી. માલ એક રાજયમાંથી બીજા રાજયમાં વેચવા માટે હરીફાઇ થાય, ઉત્પાદન કરનારને હરીફાઇ થાય, રાજયો વચ્ચે પણ હરીફાઇ થાય, કોઇ રાજય એમ કહે કે મેં આનો ટેકસ ૧૦ ટકાથી ઘટાડીને ૮ ટકા કર્યો એટલે તરત બીજા રાજયના મુખ્યમંત્રી અને નાણામંત્રી પાસે રજૂઆત આવે કે આ પડોશી રાજય આપણો ધંધો ખેંચી જશે, એટલે આપણે હવે ટેકસ ઘટાડવો એટલે એ પણ ટેકસ રાજયના વેપાર ધંધાને મજૂબત રાખવા માટે ઘટાડવો પડતો હતો અને છેવટે બેય રાજયની આવક ઉપર નુકસાન થતું હતું. એવું ઉદ્યોગોમાં પણ હતું. ઉદ્યોગોમાં પણ હરીફાઇ એટલી બધી થાય કે જેનો એક રાજય નાણાકીય રીતે આવક ગુમાવીને બીજા રાજયોના લોકોને લાભ આપવો પડતો હતો. આ બધું થતું હતું અને સાથે સાથે મોટામાં મોટો આ કાયદો જે છે એ ગ્રાહકલક્ષી કાયદો છે. આમાં ગ્રાહકને પહેલું પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. ગ્રાહકને ભારતના કોઇપણ રાજયમાં કોઇપણ ચીજવસ્તુ ગમે ત્યાંથી ખરીદશે અત્યાર સુધી કયાંક ૧૨ ટકા ટેકસ હોય તો કયાંક ૫ ટકા ટેકસ હોય. કોઇક જગ્યાએ ૧૮ ટકા હોય તો કોઇ જગ્યાએ ૧૨ ટકા હોય. આવી બધી જે વિસંગતતા થતી હતી એ બધી જ વિસંગતતા આ કાયદાથી નીકળી જશે. આખા દેશમાં કોઇપણ ચીજવસ્તુ હવે ગ્રાહક ગમે ત્યાંથી ખરીદશે, મોટા શહેરમાંથી ખરીદશે કે નાના ગામડામાંથી ખરીદશે બધાયને એક સરખો ટેકસ એ ચીજવસ્તુ ઉપર આખા દેશમાં આપવાનો રહેશે, એટલે વેપારીઓ વચ્ચે પણ હરીફાઇ ઓછી થશે. રાજયો વચ્ચે પણ હરીફાઇ ઓછી થશે. રાજયોની આવક ઓછી થતી બંધ થશે. રાજયો આર્થિક રીતે પગભર થશે અને વધુ આવક થાય તો રાજયો પોતાની પ્રજા માટે, નાગરિકો માટે વધુ સારી પ્રજાલક્ષી યોજનાઓ બનાવી શકે એ આપણા આ કાયદામાં લાભ મળવાનો છે. બીજો લાભ સાહેબ, વેપાર–ઉદ્યોગને પણ મળવાનો છે. સાહેબ, આપણે બધા જાણીએ છીએ કે, સરકારી કચેરીમાં કોઇ પણ કામ હોય જ્યારે કોઇ પણ નાગરિક ગમે તે પક્ષની સરકાર હોય, ગમે તે રાજ્ય હોય વેપારીઓ ઇચ્છે, ઘણા એસોસિએશન એમ આવે કે તમે ટેક્સ વધારે લો એનો અમને વાંધો નથી પણ સરકારની કચેરીમાં જવાનું બંધ થાય એવું અમને કરી આપો. આ પ્રમાણેની જે તુમારશાહી જે અંગ્રેજોના વખતથી ચાલતી હતી. આ તુમારશાહીમાંથી દેશને મુક્ત કરવો, બધું જ પારદર્શક, પ્રામાણિક અને પ્રજાલક્ષી કામ થાય, લોકોની, નાગરિકની ટેક્સ ભરનારની હાડમારી દૂર થાય. કારણ કે સરકારોને જે ટક્સ મળે છે એ વેપારીઓ મારફત, ઉદ્યોગપતિઓ મારફત અને જે ઉત્પાદન કરે છે એમના મારફત મળે છે. આપે છે ગ્રાહકો પણ એનું માધ્યમ વેપારીઓ છે એમને કનડગત થતી હતી. એમને રીફંડ સમયસર ના મળે, એમને બીજા નાના–મોટા પ્રશ્નમાં હેરાનગતિ થાય, ઓડિટ કરવાના પ્રશ્ન ઉભા થાય આવું બધું કરીને તુમારશાહીના કારણે જે લોકોને તકલીફ પડતી હતી એનું આમાં નિવારણ થવાનું છે. હવે આ કાયદા પ્રમાણે બધું જ ઓન લાઇન, બધું જ કોમ્પ્યુટરાઇઝ, બધું જ ઘેર બેઠાં, ઓફિસ બેઠાં તમારે ત્યાંથી તમે કરી શકો એ પ્રમાણેની વ્યવસ્થા આ કાયદામાં થઇ ગઇ છે. રીફંડ માટે પણ કાયદામાં જોગવાઇ થઇ ગઇ છે. રીફંડ મોડું અપાય તો વધારે ટેક્સ–વ્યાજ આપવું પડશે. બીજા રાજ્યમાં માલ વેચાતો હોય તો એની આવક એ રાજ્યને જ મળશે. અત્યાર સુધી એવું હતું કે ઉત્પાદક રાજ્યને ફાયદો થાય, ખરીદનાર રાજ્ય ટેક્સ ચુકવે. આ કાયદામાં મોટો જે ફેરફાર છે હવે ગુજરાતમાં બનેલો માલ–સામાન સમજી લો કે દેશના કોઇ પણ રાજ્યમાં વેચાયો તો એનો ટેક્સ જે ગ્રાહકે ખરીદી માટે રાજ્યમાં ટેક્સ આપ્યો એ રાજ્યને એનો લાભ મળવાનો. એમ આપણે ૬–૬.૫ કરોડ ગુજરાતીઓ સુખી છે, સમૃદ્ધ છે, વધુ જાગૃત્ત છે, વધુ ખર્ચા આપણને પોષાય છે એવી આપણી સદ્ધરતા છે. એટલે ૬–૬.૫ કરોડ ગુજરાતીઓ કોઇ પણ ચીજ–વસ્તુ હવે ગુજરાતમાં ખરીદશે એ મહારાષ્ટ્રમાં બનેલી હશે, કર્ણાટક, તામીલનાડુમાં બનેલી હશે એનો ટેક્સ હવે ગુજરાત રાજ્યને મળશે. કોઇ બહારથી ટ્રકો આવે, મોટરકાર આવે, ઇલેક્ટ્રોનિક્સ ચીજ–વસ્તુ આવે, કોઇ તૈયાર માલ, મસાલા આવે એ જે પણ વેચાશે એ ગ્રાહકે જ્યાં ખરીદી કરી ગુજરાતના ગ્રાહકે માલ ખરીદ્યો, ગુજરાતના ગ્રાહકે બિલ બનાવ્યું, ગુજરાતના ગ્રાહકે બિલ ઉપર ટેક્સ આપ્યો તો એ

ટેક્સ ગુજરાતમાં રહેવાનો. આખા દેશની આ કર પધ્ધતિમાં એ આમૂલ પરિવર્તન આમાં થવાનું છે. એટલે જે મુખ્ય સૂત્ર છે 'વન નેશન વન ટેક્સ' આખા દેશમાં એક ટેક્સ અને 'વન નેશન વન માર્કેટ' આખો દેશ હવે દુનિયાના બીજા દેશોમાં જે મિત્રો ગયા હશે એમને ખ્યાલ છે કે મોટા વેપાર-ઉદ્યોગ ધરાવતા હશે એવા લોકોને ખ્યાલ હશે કે બીજા દેશોમાં આવું બધું રાજ્યો રાજ્યો વચ્ચે હરીફાઇ, રાજ્યો રાજ્યો વચ્ચે પ્રશ્નો, રાજ્યો રાજ્યો વચ્ચે વિવાદ આવું બધું નથી હોતું. બધું જ દેશની દ્રષ્ટિએ As a one Nation એ રાષ્ટ્રિય ભાવનાથી જ્યારે કર માળખું અને માર્કેટ ગોઠવાયું હોય ત્યારે આપણને પણ આનંદ છે કે લગભગ અહીંયા કહેવામાં આવશે પછી હું કહીશ કોઇ કહેશે તો કે ઘણા વર્ષોથી જે પ્રક્રિયા ચાલતી હતી. જુદા જુદા કારણસર જે સફળતા પ્રાપ્ત નથી કરી શકી એજ સફળતા માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ જે પ્રાપ્ત કરી છે અને આપના દેશને નવા આર્થિક પ્રવાહો સાથે, દુનિયા સાથે હરીફાઇ કરવા માટે એક બાજુ ચીનની ફરીફાઇ હોય, યુરોપ-અમેરિકાનો માલ-સામાન આવતો હોય, બીજા દેશોનો સામાન આવતો હોય અને આપણા વેપાર-ધંધાને નુકસાન થાય, આપણે હરીફાઇનો સામનો ના કરી શકીએ એ બધું જે થતું હતું એના ઉપર જુદી જુદી રીતે સીધે સીધું આ કાયદાથી નહિ પણ એની અનેક યોજનાઓ દ્વારા મેં કહ્યું એ પ્રમાણે મેક ઇન ઇન્ડિયા. ભારતમાં માલ ઉત્પાદન કરો. બહારના ઉત્પાદકો ભલે હોય પણ ભારતમાં ઉત્પાદન કરે તો ભારતમાં એનો ટેક્સ મળે, ભારતના યુવક-યુવતીઓને રોજગારી મળે, લોકોને ફાયદો થાય. આ બધું કામ અનેક રીતે જે આવરી લઇએ એ પ્રમાણેનું આ કાયદામાં જે આમૂલ પરિવર્તન આઝાદી પછીના અર્થકારણ માટે દેશના ૧૨૫ કરોડ ભારતીયોના અર્થતંત્રને વેગવંતુ બનાવી વિશ્વની મહાસત્તા બનાવવા ભારત માટે આપણી બધાની જે લાગણી છે એ લાગણી આર્થિક રીતે ભારત મહાસત્તા બને. આર્થિક રીતે ભારત મહાસત્તા બને એ માટેનો આ કાયદો જે બધા રાજ્યોમાં તબક્કાવાર મંજૂર થઇ રહ્યો છે. હું આશા અને વિશ્વાસ રાખું છું કે, આપણા ગુજરાતના સૌ માનનીય ધારાસભ્યશ્રીઓ આ રાષ્ટ્રીય એકતા બતાવી, આ રાષ્ટ્રના માટે, આવનારી પેઢીઓ માટે, યુવક-યુવતીઓ માટે, ધંધા-રોજગાર માટે, ખેડૂતો માટે, આ બધા માટે જે જરૂરી છે, દેશને આર્થિક રીતે મહાસત્તા તરફ બનાવવા માટે જે કાયદો છે એને આપ સૌ સર્વાનુમતે પસાર કરો એવી હું વિનંતી કરું છું.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા(વિરોધપક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રીએ વિગતથી યશ લેવાની કોશિશ કરી છે એમાં કાંઇ ખોટું નથી, પોલિટિકલી યશ લઇ શકાય. જે નેતા અને નેતાની ઉપર જેને સ્ટેટમેન્ટ્સ કહેવાય એ પોતાના પક્ષના કે વ્યક્તિગત હિતમાં, પ્રજાના હિતમાં પોતાની પાર્ટી સહમત ન હોય તો પણ સહમત કરાવે એ પાર્ટીથી ઉપર ઉઠીને, એ નથી થયું માટે આજે ફરી લગભગ દસ વર્ષ મોડા એ જ નેતાગીરી જે પાર્ટીથી ઉપર ઉઠીને ડો. મનમોહનસિંઘની મહેરબાનીથી રાજ્યસભામાં આ બિલ પાસ થયું છે અને આપણા બધાની મહેરબાનીથી આ બિલ રોકાઇ ગયું હતું. વિરોધ કરાય કોઇ પણ વસ્તુનો પણ જો એ વિરોધ સમજ્યા વગરનો હોય, ટૂંકી દ્રષ્ટિ અને ટૂંકા સ્વાર્થ માટેનો વિરોધ હોય તો ફરી એ આપણા આગળ આવીને ઉભું રહેતું હોય છે. જે આઝાદી પછી શ્રી જવાહરલાલ નહેરુ પ્રધાનમંત્રી બન્યા, બાબાસાહેબ આંબેડકર અને ડો. શ્યામાપ્રસાદ મુખરજી બંનેને નોન-પોલિટિકલ હોવા છતાં એમની જે સ્કીલ હોય એનો લાભ દેશને મળે, જમ્મુ-કાશ્મીરના મંત્રીની જવાબદારી ડો. મુખરજીની હતી, યા હુવે બલીદાન મુખરજી, ત્રણ વર્ષ થયા, શું થયું આજે એ પ્રશ્ન છે મારા માટે, એ લાર્જર ઇન્ટરેસ્ટ, દેશ માટે જરૂરી છે માટે થઇને આવો તમારી પાસે સારી સ્કીલ હોય તો તમે એ પ્રમાણે દેશના ભલા માટે દેશને એનો લાભ આપો. ડો. મનમોહનસિંઘજી આજે દુનિયાની કોઇ પોલિટિકલ પાર્ટી, દુનિયાના કોઇ રાષ્ટ્ર પાસે આવા અર્થશાસ્ત્રનો નિષ્ણાત માણસ નથી. અને એ માણસને પોલિટિકલ ક્રાઇટેરિયામાં નહીં જોવા જોઇએ, રિઝર્વ બેન્કના ગવર્નર બનાવ્યા, રિઝર્વ બેન્ક કોંગ્રેસ, ભા.જ.પ. કે કોમ્યુનિસ્ટોની એવી ના હોય, રિઝર્વ બેન્ક દેશ માટેની હોય. એ શ્રી નરસિંહ રાવે એમને નાણા મંત્રીની જવાબદારી અને શ્રી નરસિંહરાવજી વખતથી જે દેશની ઇકોનોમી ખુલી એ આજે આપણે ૨૦૧૭માં ઉભા છીએ એનું મૂળ શ્રી નરસિંહરાવ અને ડો. મનમોહનસિંઘજી છે. એ વાત આગળ ચાલીને જ્યારે પોતે પી.એમ. બન્યા ત્યારે ૨૦૦૬-૦૭માં નાણા મંત્રીના બજેટના ભાષણમાં આ વાત કરી. એ વખતે કોઇને ગમે કે ના ગમે પણ ૨૦૧૦ સુધીમાં લગભગ નાણા મંત્રી શ્રી પ્રણવ મુખરજી હતા અને બંધારણીય બિલ ૧૧૫મો સુધારો તા.૨૨-૩-૨૦૧૧માં રજૂ કરેલો અને બી.જે.પી. સહિત તમામ એન.ડી.એ.ના લોકોએ એડી-ચોટીનો વિરોધ કરીને કરોડો રૂપિયાનું નુકસાન થશે આ ન થાય, ન થાય એમ કરીને લોકસભા ખોરવી નાખેલી. આજે એ બિલ સારું હતું તો કોંગ્રેસ એનો વિરોધ કરી શકે નહીં અને માટે થઇને શ્રી મનમહોનસિંઘજીએ રાજ્યસભામાં કોંગ્રેસના ઘણા આગેવાનો ટાઇટ કમ્પાર્ટમેન્ટવાળા હતા તો પણ સમજાવીને દેશના હિત માટે છે, પાર્ટી હિતથી ઉપર ઉઠીએ તો વધારે સારું અને પાર્ટી હિતથી ઉપર ઉઠીને એ બિલ એમાં પાસ થયું અને આજે આપણી વચ્ચે આવ્યું છે. અને પાર્ટી હિતથી ઉપર ઉઠીને એ બિલ એમાં પાસ થયું અને આજે આપણી વચ્ચે આવ્યું છે. આજે જો ધાર્યું હોત તો આપણું બજેટ હતું એ વખતે આ લાવી શકયા હોત, કેમ મોડું કર્યું એ હું સમજી શકતો નથી એટલું જ નહીં, જી.એસ.ટી.નો વિરોધ હતો એટલું જ નહીં કેટલા કેટલા વિરોધ કરેલા આપણે? કાળુ નાણુ લાવવાની વાત મનમોહનસિંઘજીએ કરેલી, લાવો, ૩ વર્ષ થયા તમે લાવો, નોટબંધીની વાત એ વખતે ૨૦૦૯માં કરેલી કે નોટબંધી થવી જોઇએ. નહીં, હવે તમે જો નોટબંધી કરી તો એ નોટબંધી અને મનમોહનસિંઘજીની સરકાર જે નોટબંધી ગણતી હતી એ શું હતું? એ પણ દેશના અર્થતંત્રના હિતમાં જ નિર્ણય હતો. તમને ન ગમ્યું એટલે પડતું મૂકયું. વિમા ક્ષેત્રે જે એફ.ડી. આવી. નહીં, તમે તો ૨૬ માંથી ૫૦ ટકા, ૪૯ ટકા સુધી ગયા. ડીફેન્સને ખોલી નાખ્યું. આપણે કોનો વિરોધ કરતા હતા અને એ વિરોધમાં આધાર કાર્ડ, આવું તો કંઇ હોતું હશે? એ જ આધાર કાર્ડ આજે ફરજીયાત બનાવડાવ્યું. આપણે શેનો, કયા આધાર કાર્ડનો આધાર વગર વિરોધ કરતા હતા? કોઇ લોજીક હતું કે ખાલી વિરોધ માટે વિરોધ? લોજીક વગરનો વિરોધ દેશના હિતમાં હોય છે એ પ્રજાના હિતમાં હોય છે અને કોમ્યુનીસ્ટ પાર્ટીએ

આ વિરોધ લોકસભામાં કરેલો. સોમનાથ ચેટરજી સ્પીકર હતા. સી.પી.એમ.ના સભ્ય હતા અને એમણે અધ્યક્ષ તરીકે જે પ્રમાણિકતાથી ન્યાય આપ્યો, કોમ્યુનીસ્ટ પાર્ટીએ ટાઇટ કમ્પાર્ટમેન્ટમાં પાર્ટી હિત માટે રાષ્ટ્ર હિતનું બલિદાન આપીને સોમનાથબાબુને કીધું કે તમે સ્પીકરમાંથી રાજીનામુ આપો. આ કહે નહીં બને મારાથી આ. કોમ્યુનીસ્ટ પાર્ટીએ એમને કાઢી મૂકયા અને પબ્લીકે વેસ્ટ બેંગાલમાંથી કોમ્યુનીસ્ટ પાર્ટીને કાઢી મૂકી. આ ટાઇટ કમ્પાર્ટમેન્ટ ઓફ ધ પાર્ટી પીપલ. એનું આ રીઝલ્ટનો દાખલો વેસ્ટ બેંગાલનો છે. એ વખતે આધાર કાર્ડ આપણને અનુકૂળ નહોતું. એટલું જ નહીં ૧૯૬૨ ચાયના વખતનો એક રિપોર્ટ હતો એ હેન્ડેર્સન બુકસ રિપોર્ટ એ જયારે આપણે મૂકવાની વાત કરીએ તો રાષ્ટ્રનું અહિત છે તો હવે કયાંથી હિત થઇ ગયું? એટલું જ નહીં ન્યૂકલીયર પોલીસી મલ્ટીપ્રાય ડીટેઇલમાં મનરેગા, નહીં અમલમાં આવવા દીધું અહીં. લોકોને નહીં આપ્યા પૈસા, હવે મનરેગા. કાશ્મીર ૩૭૦ પંડિતોને વસાવો, શરમ કરો, શરમ કરો મૈંરે દેશમેં તો હવે શરમ કરોને?, હવે શરમ કરો. પાકિસ્તાન એક નહીં, બે માથા વાઢીને લઇ ગયું. લવલેટર લખવાનું બંધ કરો, બીરીયાની ખાવાનું, શરીફ સાહેબને હાથ મિલાવવાનું બંધ કરો. આ બધું જે કસમયનું પોલીટીકલ ટુંકા સ્વાર્થ માટે કરેલા ઉચ્ચારણો આજે આડા આવે છે અને આ સિવાય બીજા અનેક દાખલા એ ગંગાનું શુદ્ધિકરણ હોય, સુભાષચંદ્રની ફાઇલો હોય, બંગાળના ઇલેકશન વખતે ફરી એ ફાઇલો આવશે. આવા અનેક બુલેટ ટ્રેન, સ્વચ્છતા અભિયાન, સ્માર્ટ સિટી એટલે એક નહીં, અનેક એવા દાખલા હોય જેના અધારે એમ.પી. કોઇ અપરાધી નહીં હોય, એ જ છે બધા. એ બધાને લીધે જે લોકપાલની નિયુકતિ, અનેક નાનામોટા પ્રશ્નો એમાં બહુ જવા નથી માગતો પણ આ બિલનો જે વિરોધ, એ વિરોધના લીધે જે એ વખતે નુકસાન થયું હતું એ નુકસાન આજે કયાં ગયું? શું ભારતીય જનતા પાર્ટી એ નુકસાન બધા આજે ભરપાઇ કરી આપશે? જો એ નુકસાન હતું તો પરંતુ એ કહેવા માટે હશે એમ હું માનું છું. એ વખતે પાર્ટીએ, કોઇપણ પાર્ટી પ્રજાના ભલા માટે જયારે કાયદો બનાવતી હોય તો એ કાયદો મનરેગાનો હોય, શિક્ષણના અધિકારનો હોય, અન્નના અધિકારનો હોય કે માહિતી અધિકારનો હોય કે ટેક્ષ માટેનું જી.એસ.ટી હોય આ બધા પ્રજાલક્ષી કાયદા બને એના માટેની કસરત સરકારની હોઇ શકે. સરકારમાં બેઠા પછી બહુ ટાઇમ પાર્ટી કમ્પાર્ટમેન્ટ હોય તો એ નહીં સારું અને એટલા માટે તા. ૨૨–૩–૨૦૧૧માં બંધારણીય બિલ જે પ્રણવ મુખરજીએ એ વખતે રજૂ કરેલું એ એડીચોટીનું જોર લગાવીને એન.ડી.એ. ના બધા મિત્રોએ વિરોધ કરેલો. કરોડોનું નુકસાન. આજે શું? આજે પ્રશ્નાર્થ? એ લોકશાહીની વિશેષતા. કોઇપણ વસ્તુ એ ડાયલોગ, સંવાદ થાય. ટેબલ ઉપર બેસાય. ડિફરન્સીસ હોય તો દૂર થાય. ડિફરન્સીસ ટાઇટ કમ્પાર્ટમેન્ટવાળા હોય તો વિરોધ કરાય, પરંતુ એ એક વખત ટેબલ ઉપર બેઠા પછી લાગે કે આ પ્રજાના હિતમાં છે, તો પોતાના મતભેદો ભૂલીને પણ એમાં સમર્થન આપવાનું હોય તો એ લોકશાહીની બ્યૂટી એ છે. એમાં પાર્ટી કરતા ઉપર વ્યક્તિ ઉઠતી હોય છે. એ આવા મેં કહ્યા એ દાખલા અને અનેક દાખલામાં ભારતીય જનતા પાર્ટી ઉપર ઉઠી નથી. પાર્ટી એકના ઉપર પ્રજા હિતને અન્યાય કર્યો છે. એ અન્યાયમાં ૧૦ વર્ષ આપણા ગયાં. અહીં જે જી.એસ.ટી. ગુજરાત લગભગ દિલ્હીનો ડીટો કોપી ટુ કોપી છે. એમાં જોયું ઘણું બધું. એમાં કોઇ ફેરફાર નથી. એમાં અલ્ટીમેટ્રી કોઇપણ કાયદો એ આપણે પાસ કરીએ છીએ. અને બધા જ કાયદા લગભગ એ પ્રજાના હિત માટે હોય છે. અને એના માટે આ બિલ કાયદો બને પછી એટલું બધુ અહીત થતું હોય માટે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, એટલા માટે કોર્ટ, એટલા માટે વકીલો અને એવું ન થાય એટલા માટે કમસેકમ જે પેટ્રોલિયમ પ્રોડકટ બહાર રાખી છે. આપણું યુરિયા ખાતર પણ પેટ્રોલિયમ પ્રોડકટ છે. આપણે ઇચ્છીએ કે તમારે મોંઘવારી ઘટાડવી હોય, ભાવ ઓછો રાખવો હોય, ભાવ ઘટાડો કરવો હોય, પ્રજાને રાહત આપવી હોય તો ડીઝલ, પેટ્રોલ, ખાતર એના ઉપર ૦ થી ૫ પૈસા રાખો. મેક્સિમમ ૫ પૈસા. તમારી વાહવાહ થશે. અને સરકારની તિજોરીમાં બહુ પૈસા નહિ આવે, પણ પ્રજાને ફાયદો છે. મોંઘવારી ઘટશે, તો દાનત ઘટાડવાની હોય તો ચેરિટી બિગિન્સ એટ હોમ. તમે તમારી વાતમાં આજે જાહેર કરો કે હું પેટ્રોલિયમ પ્રોડકટ ઉપર ભાવ ઘટાડું છું. ઇન્કલુડિંગ ખાતર. અને ૨૦ લાખ જે રજિસ્ટ્રેશન છે. એ કમસેકમ કરોડ રાખો તો પણ ઓછું પડે. ૨૦ લાખનો બહુ મતલબ નથી. અને અલ્ટીમેટલી કાયદા એટલા કડક હોય. રીટર્ન જે બિઝનેસમેનને મળતું હોય કે કોઇને પણ મળતું હોય એ ઓછું હોય બે છેડા ભેગા ન થતા હોય, માટે માણસ ચોરી કરે. મને યાદ છે ખેડૂતો મીટરની ચોરી કરી. એ મીટર બંધ થાય એના માટે પટ્ટી નાખીને જે કરતા હોય. તમે મને સમજાવો લગભગ બધા ખેડૂત પરિવારના હશે. ખેડૂતો ચોર હોય છે. ખેડૂતને જ્યારે પાક્યું હોય અને એ લઇને જ્યારે માર્કેટમાં જાય અને જે મળે એમાંથી આ બિલ ભરવા જાય ત્યારે કંઇ વધે નહિ. વીજળીનું બિલ બધી આવક ખાઇ જાય. માટે મીટર રોકવાની કોશિશ કરે. આ ખેડૂતો ચોર નથી. તમે એને સસ્તી વીજળી આપો. ચોરી કરવાનું મન ન થાય એવું કરો. તમે કાયદા એટલા લિબરલ બનાવો કે ચોરી કરવાનું મન ન થાય. તમે બિનજામીન પાત્ર ગુનો કરવાના હોય, ૩૦૨, ૩૦૭ વાળા છૂટી જતા હોય, જામીન મળતા હોય. માલ્યા અને સહારા વાળા સુબ્રતો કરોડો રૂપિયા વાળા એને જો જામીન મળતા હોય. આ તો નાનો વેપારી છે બિચારો. આ જી.એસ.ટી.માં ચોરી શું કરવાનો છે? એ ચોરી કરે એના લિબરલ કાયદા રાખો. અને કમસે કમ બિનજામીન પાત્રવાળો શબ્દ કાઢી નાખો. વેપારીઓની 'હાય' નહિ, 'હાશ' લો. તો કમસેકમ એના આશીર્વાદ મળશે. ખરેખર જો આ જે વેપારી પાસે હોય અને ગ્રાહક અને બંને વચ્ચે જે ટ્રાન્સફર થવું જોઇએ. ગ્રાહક પ્રતિ એનું જે મિકેનિઝમ આપણી પાસે નથી. એ ભાવ કોણ નક્કી કરશે? નક્કી કર્યા પ્રમાણે ગ્રાહકને કેટલા આપશે? એ આપેલું ભરતીયું, બિલ આપણે કહીએ છીએ એના વેરીફિકેશનના બહુ ડીટેઇલ લાંબુ લાંબુ છે. એટલે કમસેકમ આ બધામાં વેપારીઓને ઇન્સ્પેકટર રાજ, દાદાગીરી કરીને શું સમજે છે તારા મનમાં, તો એ બાકીના કાયદાની કડાકૂટમાંથી બચવા માટે પાંચસો, હજારની, હજારની નોટ તો બંધ થઇ ગઇ, પણ બે હજારની નોટ પણ આપતા એ સંકોચ નહિ રાખે અને

અધિકારીઓને કરપ્શનમાં તમે નાખી દેશો. પેલો કાયદાની આંટીઘૂંટીથી બચવા માટે. એટલા માટે સિમ્પલીસિટી જેટલી હોય એટલું વધારે સારુ. ૨૦ લાખથી વધારે કરવું જોઇએ. ટોટલી ટેક્સ રેવન્યુ જો વધશે તો જ જી.ડી.પી. વધવાની છે. જી.ડી.પી.નો આ આધાર છે. આર્ટીફીશ્યલ જી.ડી.પી. તો દસ ટકાએ લઇ જવાય, જે અત્યારે ત્યાં છે. રીયલ જી.ડી.પી.નો બેઇઝ આ બિલ છે. જી.ડી.પી. વધારવી હોય તો પ્રમાણિકપણે આ બિલનું ઇમ્પ્લીમેન્ટેશન થાય, કોઇ ખોટો માણસ દંડાય નહીં કે સાચો માણસ હોય તે પણ ખોટી રીતે દંડાય નહીં તેની ચિંતા આ સરકાર કરે તો હું માનું છું ત્યાં સુધી આ કાયદો યથાર્થ બની રહેશે. મેં પહેલાં કહ્યું તેમ ઇન્સપેક્ટર કે અધિકારીઓનું રાજ ન બને, બિનજામીનપાત્ર ગુનો ન હોઇ શકે, જામીન મળવા જોઇએ. છેવટે લાર્જર ઇન્ટરેસ્ટ માટે અને હું રાજયસભાનો સાક્ષી છું. ડો મનમોહનસિંહે જે રીતે વાત કરેલી કે આ બિલ આપણે પાસ કરવું જોઇએ. સોનિયાબેન ગાંધીએ પાર્ટી પ્રેસિડેન્ટ તરીકે કહ્યું આ આપણી જ વાત હતી. આમાં આંધળો વિરોધ ન કરાય. ભલે તે લોકોએ આ બધી બાબતોમાં આંધળો વિરોધ કર્યો પણ આપણાથી ન કરાય. પાર્ટી માટે પ્રજાહિત પહેલું છે. પ્રજાહિત માટે આજે અમે તમને આમાં સંપૂર્ણ સમર્થન આપીએ છીએ. આમાં કોઇ વેપારીઓ દંડાય નહીં અને મેં કહ્યું તેમ બિનજામીનપાત્ર કાઢી નાંખી સરળ અને સિમ્પ્લીસિટી જેટલી વધારે હોય એટલું વધારે સારું, એ શબ્દો સાથે આપનો આભાર. જય હિન્દ.

શ્રી રણજીતભાઇ મં. ગીલીટવાલા(સુરત-પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના ઓનરેબલ ડેપ્યુટી સી.એમ અને ફાઇનાન્સ મિનિસ્ટર શ્રી નીતિનભાઇ પટેલ સાહેબ ગૃહમાં જે ગુજરાત ગુડસ એન્ડ સર્વિસ ટેક્સ બિલ નં.૨૫ ઓફ ૨૦૧૭ લઇને આવ્યા છે તેને મારું સમર્થન આપું છું.

Respected Speaker sir, currently the fiscal powers between the Centre and the states are clearly demarcated in the Constitution of India with almost no overlap between the respective domains.

Respected Sir, The Centre has the power to levy tax on the manufacture of goods (except alcoholic liquor for human consumption, opium, narcotics etc. ) in form of Central Excise Duty while states have power to levy tax on sale of goods in form of Value Added Tax, Entry tax, luxury tax and purchase tax, etc. etc.

Respected, Sir, Centre has the power to collect tax on certain services. Centre has also power to collect tax on inter-state sale of goods in form of central Sales Tax, but the tax is collected and retained entirely by originating states.

Sir, the States are not empowered to levy any tax on sale and purchase of goods in the course of their importation into or exportation from India. The centre levies and collects this tax as additional duties of customs which is in addition to the basic custom duty.

Respected, Speaker, Sir, This additional duty of customs (commonly known as CVD and SAD) counter balances excise duties, sales tax, state VAT and other taxes levied on the like domestic product.

Respected, Sir, The present tax system on goods and services is facing certain difficulties which are required to be addressed. Sir, there is cascading of taxed as t taxes levied by centre are not available as set-off against the taxes being levied by state. Sir, certain taxes levied by states are not allowed as set-off for payment of other taxes being by them.

Sir, the variety of value added tax laws in the country with disparate tax rates and dissimilar tax practices divided the country into separate economic sphere. The creation of tariff and non tariff barriers such as octroi, entry tax, check posts etc. hinder the free flow of trade throughout the country. Besides the large number of taxes create high compliance cost for tax payers in the form of number of returns and payment etc.

Hon'ble Speaker, Sir, difficulties and number of various taxes, they all are proposed to be subsumed in s single tax called "The Goods and Services Tax" Respected Sir, The introduction of Goods and Services Tax would require amendments in the Constitution of India, so as to concurrently empower the Centre and States to levy and collect the GST. The Constitution (122nd Amendment Bill) was introduced in the 16th Lok Sabha on 19-12-2014. The Bill with certain amendments was passed in Lok Sabha in August 2016. ૨૦૧૬ માં સાહેબ આ બિલ પાસ થયું.

Further, the Bill has been ratified માનનીય નીતિનભાઇએ કહ્યું તે પ્રમાણે. by required number of States and received assent of Hon'ble President of India on 8th September 2016 and has since been enacted as Constitution (101st Amendment) Act 2016.

ગુજરાત માલ અને સેવા વેરા વિધેયક, ૨૦૧૭

Respected Speaker Sir, The introduction of Goods and Services Tax (GST) would be a very significant step in the field of indirect tax reforms in India. By amalgamating a large number of Central and State taxes into a single tax it would mitigate cascading or double taxation in a major way and would pave the way of common national market.

Sir, If we look from consumer's point of view the biggest advantage would be in terms of reduction in the overall tax burden on goods, which is currently estimated to be around 25 % to 30 %. The introduction of GST would also make Indian products competitively in domestic and international markets. Studies show સાહેબ, અભ્યાસ એવું કહે છે કે, that this would have a boosting impact on economic growth. Sir Because of GST's transparent and self policing character, it would be easier to administer.

Respected Speaker, Sir, I would like to express the salient features of GST:-

1. GST would be applicable on 'supply' of goods and services as against the present concept of tax on manufacture of goods or on sale of goods or on the provision of services.
2. GST would be based on the principle of destination based consumption taxation as against the present principle of origin based taxation.
3. Following taxes that would be subsumed within the GST. આ બધા રાજ્યના જે ટેક્સીસ છે એ બધા જી.એસ.ટી.માં આવી જશે.

A. State VAT
B. Central Sales Tax
C. Purchase Tax
D. Luxury Tax
E. Entry Tax
F. Entertainment Tax (Except those levied by local bodies).
G. axes on advertisement.
H.Taxes on lotteries, betting and gambling.
I. State Cesses and surcharges in so far as they relate to supply of goods or services. આ બધા ટેક્સ નીકળી જશે આ જી.એસ.ટી. માં સર.

Respected Sir, There are number of other salient features of GST

1. GST would apply to all goods and services except alcohol for human consumption.
2. GST on five specified petroleum products, i.e. crude, Petrol, Diesel, ATF and natural gas would applicable from a date to be recommended by the GST Council. Sir, tobacco and tobacco products would be subject to GST. In addition, the centre would continue to levy central excise duty. A common threshold exemption would apply to both CGST and SGST. સાહેબ, જે મુકિતની મર્યાદા છે તે બન્ને કાયદામાં એક સરખી રહેવાની છે જુદી જુદી રહેશે નહીં. Export would be zero ratedઆ દેશમાંથી થતો દરકે Export would be at a zero rated

Sir, the list of exempted goods and services would be kept to a minimum and it would be harmonised for Centre and the states as well as across states as far as possible. Electronic filing of returns by different class of persons at different cut off dates. Various modes of payment of tax are available to the tax payers including internet banking, debit and credit cards, national electronic funds transfer(NEFT) and real time gross settlement(RTGS). Sir, the officers would have restrictive powers of inspections, search, seizure and arrest. આ ખૂબ મહત્વનો મુદ્દો છે સાહેબ કહેતા હતા તો ઓફિસરને એટલા બધા પાવર્સ આ કાયદામાં આપવામાં આવ્યા નથી. Restricted powers will be given to them. There are as many as 174 clauses and three schedules in the Gujarat Goods and Services Tax bill 2017. Some of them have been discussed by me in my speech. It is difficult to express all the clauses even in brief. I request all the Members of this Learned House to adopt the Bill in toto and become partners in passing the historic economic reforms for the further development in Gujarat and India

I thank the Hon'ble Speaker, Sir the Hon'ble Treasury Bench and all the Members of this August House. thanks

## તા. ૯મી મે, ૨૦૧૭

## ગુજરાત માલ અને સેવા વેરા વિધેયક, ૨૦૧૭

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ(અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, ગુડ્સ એન્ડ સર્વિસીઝ ટેકસ જી.એસ.ટી. માલ સેવા પરનો વેરો. માનનીય અધ્યક્ષશ્રી, હું સૌથી પહેલાં તો સત્તાધારી પક્ષના તમામ સભ્યોનો આભાર માનું છું કે અમારા વિચારથી ઉદભવેલા બિલને જયારે નાણામંત્રીએ રજૂ કર્યું ત્યારે ખૂબ પાટલીઓ થબથબાવીને તમે સ્વાગત કર્યું ,દેર આયે દુરસ્ત આયે કેટલાકને મોડું મોડું. કાયદો ઘડવાની બાબતમાં સંસદીય પ્રણાલિકાઓમાં એક બહુ જ સરસ વાકય કહેવાયું છે અને હું તેને અહીંયા ક્વોટ કરીશ.

The Bill should not be passed from the strength of Members but it should be passed on the one's arguments and on the strength of the content of the people. આપણે કાયદો ઘડીએ ત્યારે સંસદીય પ્રણાલિકામાં એવું કહ્યું છે કે વિધેયક વિધાયકોની કેટલી બહુમતિ છે તેના જોરે પસાર ના થવું જોઇએ પરંતુ વિધેયકની ચર્ચા વખતે બુદ્ધિગમ્ય રજૂઆત કેવી થઇ છે તેના જોર પર બિલ પસાર કરવું જોઇએ આ સંસદીય પ્રણાલિકામાં છે. મને ગૌરવ છે કે જી.એસ.ટી.ના સંદર્ભમાં મારી પાર્ટીએ કેન્દ્રમાં સત્તામાં રહ્યા પછી બહુમતિનું જોર નહીં બુદ્ધિગમ્ય દલીલો માટેનો પૂરતો અવકાશ બધાને મળે કારણ કે જી.એસ.ટી.એ કોઇ રાજકીય પાર્ટી માટે નહીં આ દેશના અર્થતંત્ર માટે છે. માનનીય અધ્યક્ષશ્રી, મારા પક્ષના નેતાશ્રીએ જે રીતે કહ્યું એ પ્રમાણે એક ઉત્તમ અર્થશાસ્ત્રીના નેતૃત્વવાળી સરકારમાં જી.એસ.ટી.ના બીજ રોપાયા. તા.૨૮ ફેબ્રુઆરી, ૨૦૦૫ના રોજ નાણા મંત્રીશ્રી પી.ચિદમ્બરમે બજેટ રજૂ કર્યું. એ વાતને આજે ૧૨ વર્ષ થઇ ગયા ત્યારે એમણે જે વિચાર રજૂ કર્યો હતો ત્યારે પાર્લામેન્ટમાં એમના જે શબ્દો હતા I will quote. "In the medium to long term it is my good that entire production, distribution chain should be covered by Goods and Service tax." ત્યારે એમણે એક વિચાર મૂક્યો હતો કે, જી.એસ.ટી. આવે. ૧૨ વર્ષ પછી આજે આપણે આ વિધાનસભા ગૃહમાં એ જી.એસ.ટી. માટેની ચર્ચા કરી રહ્યા છીએ. ૨૦૧૧માં વિધેયક સ્વરૂપે, બિલ સ્વરૂપે આજ જી.એસ.ટી.નું બિલ એ પાર્લામેન્ટમાં એ વખતના નાણામંત્રી શ્રી પ્રણવ મુખરજીએ રજૂ કર્યું હતું અને જ્યારે રજૂ કર્યું ત્યારે વિરોધપક્ષો દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. આ બિલ માટે સૌથી વધારે વિરોધ જો કોઇએ કર્યો હોય તો એ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યો હતો અને હું માનું છું કે, પરિસ્થિતિ પલટાઇ ગઇ, આપણી વાત સ્વીકારાઇ ગઇ અને એ સ્વીકારાયેલ વાતના આધાર પર આપનો યુ–ટર્ન છે. હું સમજું છું કે, લેવો પડે કારણ કે, આપણી વાત સ્વીકારાઇ છે. ૨૦૦૭ થી ૨૦૧૪ સુધી ૫૪ વખત Empowered committeeની meeting મળી. મારી પાસે નાણામંત્રીશ્રીના પ્રવચનની નકલો છે. હું માનનીય સૌરભ ભાઇને એમનું પ્રવચન ટાંકીને અભિનંદન આપવાનો છું. ગુજરાતના હિતમાં મર્દાનગીથી એ માણસે વાત રજૂ કરી હતી. એ વાતના અભિનંદન પણ હું તમારી સ્પીચ પણ quote કરીને આપવાનો છું. એ ગુજરાતની આપે વાત રજૂ કરી. આપે મુદ્દાઓ રજૂ કર્યા, આપે દલીલો આપી. આપનું લેખિત પ્રવચન આપે circulate કર્યું. આપની સરકાર આવી ત્યારે ૨૦૧૪માં જી.એસ.ટી. આપની સરકારે રજૂ કર્યું. પહેલાં આપણે અહીંયા બેઠા–બેઠા જે માગણીઓ કરતા હતા પછી તો મોસાળમાં લગ્ન અને મા પીરસનાર. જો એ બધું સ્વીકારાઇ ગયું હોત તો મને વાંધો નહોતો કે તમે બદલાવ કર્યો અને હવે કંઇ જુદી વાત કરો છો. આપે કોંગ્રેસ સરકાર જી.એસ.ટી. બિલ લાવી ત્યારે ગુજરાતને ૮ હજાર કરોડના નુકસાનથી માંડીને જે વાતો કરી હતી, જે માગો કરી હતી એમાંની એક પણ સ્વીકારાઇ નહિ અને હવે માત્ર સત્તા બદલાઇ એટલે game changer થઇ ગયા. હવે તમારા માટે આ બિલ દેશના અર્થતંત્ર માટે સતત પાટલીઓ થપથપાવે એવું થઇ ગયું. ખેર, એક matured પોલીટીકલ પાર્ટી તરીકે કોંગ્રેસ પાર્ટીએ પોતાનું સ્ટેન્ડ ન બદલ્યું. આપની ભારતીય જનતા પાર્ટીની આગેવાની વાળી એન.ડી.એ.ની સરકાર દિલ્હીમાં આવી એટલે જી.એસ.ટી.નું બિલ આપ લઇને આવ્યા. We didn't oppose the bill. પણ અમે કેટલીક બાબતમાં બિલના ડ્રાફ્ટીંગની જે ક્ષતિઓ હતી તેને અમે એક જવાબદાર રચનાત્મક વિરોધપક્ષ તરીકે પોઇન્ટ આઉટ કરી અને સામા પક્ષે સમજાયું. એમાંની પહેલી બાબત હું આપને કહીશ કે આપે જ્યારે બિલ રજૂ કર્યું ત્યારે બિલના ડ્રાફ્ટીંગમાં મોટી ભૂલ એ હતી કે, કે consolidated fund શું જશે અને શું નહીં જાય, એની કોઇ સ્પષ્ટ ભેદરેખા ન હતી. કોંગ્રેસ પાર્ટી, જવાબદાર વિરોધપક્ષ એમણે પોઇન્ટ આઉટ કર્યું. સરકાર કદાચ આસાનીથી એ વાત માનત કે કેમ એ મને પ્રશ્ન છે પરંતુ અમે મુદ્દો ઉભો કર્યા પછી કેન્દ્ર સરકારના ઇકોનોમિકલ એડવાઇઝર એમણે કહ્યું કે વાત સાચી છે. પરિણામે આપે એમેન્ડમેન્ટનું લિસ્ટ રજૂ કર્યું અને એમેન્ડમેન્ટના લિસ્ટમાં આપે કહ્યું કે, કોન્સોલિડેટેડ ફંડમાં શું વસ્તુ જશે, પરંતુ હજી આપણા એ એમેન્ડમેન્ટ પછી પણ હું બહુ સ્પષ્ટ રીતે માનું છું કે, આપે ભવિષ્યમાં સુધારા કરવા પડશે એટલા માટે કે હજી પણ આપની એમાં ખામી છે. આર્ટીકલ ૨૬૬ બહુ જ સ્પષ્ટ છે અને એમાં સ્પષ્ટ જોગવાઇ revenue has into go to consolidated fund કાં તો કેન્દ્રના કોન્સિલિડેટડ ફંડમાં જાય કાં તો રાજયમાં જાય અને આ માટેની જે સ્પષ્ટતાઓ પ્રવર્તમાન જીએસટીમાં પણ હોવી જોઇએ. હું કલેઇમ નથી કરતો, No Bill can be perfect. કોઇ બિલ સો ટકા પરફેક્ટ ના હોય, અનુભવે સુધારા કરવા પડે. અમે ધ્યાન દોર્યું તો તમને બિલ લાવતાં પહેલાં ફેર પડ્યો, પરંતુ એમાં પણ જો બરાબર ઉંડા ઉતર્યા હોત તો હું જે કહું છું એ ક્ષતિ ના રહી શકી હોત.

માનનીય અધ્યક્ષશ્રી, બીજો એક મુદ્દો છે કે, જયારે ભાજપની આગેવાનીવાળી કેન્દ્રની સરકાર જીએસટી બિલ લઇને આવે એમાં એક પ્રોવીજન રાખી હતી. એક ટકા વધારાનો ટેક્સ નાખવાની રાજયોને સત્તા. આ આપના બિલની જોગવાઇ હતી. સાહેબ, જીએસટીનો બેઝ શું? જીએસટીનું મૂળ શું? પાયાનો સિદ્ધાંત શું? વન ટેકસ. હવે તમે જો રાજયોને એક ટકા વધારે

ટેકસ નાખવાની પરમીશન આપો તો પહેલાં તો પાયાનો સિધ્ધાંત જ ન રહે કારણ કે જીએસટીનો ટેકસ તો ખરો જ પાછો વન પરસન ટેક્સવાળું સત્તાના આધારે તમારા હાથમાં આવે અને એટલું જ નહીં, પણ એક માલ ગુજરાતથી નીકળીને વેસ્ટ બેંગાલ સુધી જવાનો હોય અને રસ્તામાં ચાર કે પાંચ રાજયો આવે તો દરેક રાજયો એક એક ટકા ટેકસ નાખે તો શું હાલત થાય વધારાનો ટેક્સ અને એટલા માટે કોંગ્રેસ પાર્ટીએ કહ્યું કે, સરકારની જીએસટીની બાબતમાં આ ગંભીર ભૂલ છે. અમે તો વાત કરી, પરંતુ ભારત સરકારના ચીફ ઇકોનોમિકલ એડવાઇઝરે કહ્યું કે Yes, it is right, you cannot permit the state to levy additional 1 per cent tax. અને પરિણામે આપે એમેન્ડમેન્ટ કરવું પડ્યું અને એક ટકા વધારાની સત્તા દૂર કરવી પડી, એ નિર્ણય પણ કરવો પડ્યો.

માનનીય અધ્યક્ષશ્રી, હું જોતો હતો dispute resolution વિવાદ નિવારણ માટેની આ બિલમાં જે જોગવાઇઓ કરી. મારે કહેવું જોઇશે કે, જો કેન્દ્ર સરકારે ભારતીય જનતા પાર્ટીની સરકાર બન્યા પછી શ્રી પ્રણવ મુખરજીએ રજૂ કરેલી dispute resolution ની જોગવાઇઓને બરાબર રીતે સમજીને એ જોગવાઇઓ હતી એ માત્ર આપે મૂકી દીધી હોત તો વધારે સારું થાત. આજની આ બિલની વાત કરો છો જાણે કે dispute resolution માટેની બંધારણમાં કોઇ જોગવાઇ ન હતી. આર્ટીકલ ૧૩૧ is loud and clear. It provides mechanism for dispute resolution આપણો છે જ અનુચ્છેદ ૧૩૧– રાજયોના રાજયો વચ્ચે, રાજય અને કેન્દ્ર વચ્ચે, રાજયના સમૂહો અને કેન્દ્ર સાથે, રાજયોના સમૂહ અને અન્ય રાજયો સાથે કોઇપણ પ્રકારનો વિવાદ થાય તો કઇ પધ્ધતિ અપનાવવાની? જેના માટેની જોગવાઇ આર્ટીકલ ૧૩૧માં છે. જોગવાઇ આર્ટીકલ ૧૩૧માં છે. આપના બિલમાં આજે જે જોગવાઇ કરવામાં આવી છે એમાં મુશ્કેલીઓ ઉભી થવાની છે. વિવાદ નિવારણ માટે જયુડિશિયલ પાવર સાથે જોઇએ અને એવી ન્યાયિક સત્તાઓ સાથે માનનીય પ્રણવ મુખરજીએ આ બિલ રજૂ કર્યું હતું. પરંતુ આપણે એ ચૂકયા છીએ એટલે ભવિષ્યમાં એમાં સુધારો કરવો જ પડશે. Now I will come to the most important part of the Bill, the core part of the bill. This is about taxation.

જે હૃદય જી.એસ.ટી. નું કહેવાય જે કોર કહેવાય એના ઉપર હવે હું વાત કરવા માગુ છું. હું સમજી શકુ છું, મેં પણ નાણા વિભાગની જવાબદારી સંભાળી હતી. કોઇપણ નાણામંત્રીશ્રીની કોશિશ હોય કે મારી ટ્રેઝરીમાં રેવન્યુ વધે અને એ ખોટું પણ નથી. નાણામંત્રીશ્રીના પ્રયત્નો હોય. કેન્દ્રના નાણામંત્રીશ્રીના પણ એવા જ પ્રયત્નો હોય કે એમની તિજોરીમાં આવક વધે. આ જી.એસ.ટી.છે એમાં ફકત કેન્દ્રના નાણા મંત્રીશ્રી અને રાજયના નાણામંત્રીશ્રી એમ બે જ એન્ગલ નથી.આ બે જ ખૂણા નથી આપણે વિચારવું પડશે એમાં ત્રીજી પણ એક રેખા છે, ત્રિકોણ ખૂણો છે એમાં આ દેશની જનતાને પણ નજર સમક્ષ રાખી છે ખરી? રાજયની કે દેશની રેવન્યુ વધે એટલું જ નહિ દેશની જનતાની શું હાલત થશે એનો પણ વિચાર કરવો પડશે. જી.એસ.ટી.છે એ ઇન ડાયરેક ટેકસ છે. આ ઇન ડાયરેક ટેકસ છે એ આખી દુનિયામાં છે અને બધા જ દેશોનું વલણ ઇન ડાયરેકટ ટેકસ ઘટવો જોઇએ, એનુ બહુ વાજબી કારણ છે. ઇન ડાયરેકટ ટેકસ વધે તો એનો માર ગરીબ અને શ્રીમંત બંનેને પડે છે. શ્રીમંતને વાંધો ન હોય, ડાયરેક ટેકસ વધશે તો માત્ર ટાર્ગેટ શ્રીમંત થશે. ઇન ડાયરેકટ ટેકસ છે એ જો વધારે હશે તો ગરીબને અસર કરશે એટલે આ ઇન ડાયરેકટ ટેકસ ઓછો હોવો જોઇએ. જી.એસ.ટી. છે એ ઇન ડાયરેકટ ટેકસ છે એ ઓછો હોવો જોઇએ. એક દુકાન પાસે એક મર્સીડીઝ ગાડી લઇને આવેલ માણસ દુકાનદાર પાસે ઠંડા પાણીની બોટલ માગશે અને એ જ દુકાન પર એક હાથલારી લઇને આવેલ થાક્યો પાક્યો મજૂર પણ ઠંડા પાણીની બોટલ માગશે અને પીશે. આ ઇન ડાયરેકટ ટેકસ છે જી.એસ.ટી. ટેકસ છે. એમાં મર્સીડીઝવાળો પીએ તો એને જે ટેકસ લાગશે એટલો જ ટેકસ પેલો મજૂર પીશે તો એને પણ એટલો જ ટેકસ આપવો પડશે. એટલે આખી દુનિયામાં ઇન ડાયરેક ટેકસ છે એ ઓછો રાખવાની વાત છે. કારણ કે એનો ઉપભોકતા ગરીબ માણસ છે. હું જયારે આ વાત કરી રહ્યો છું ત્યારે માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી, નાણામંત્રીશ્રી મૂછમાં હસે છે. એમણે સી.એ. નો રિપોર્ટ વાંચ્યો હોત Whether he has gone through it or not. ન વાંચ્યો હોય તો આપ વાંચજો, કમ સે કમ એનું કવરપેઇઝ વાચજો, એને વાચો અને અનુસારો. આખી દુનિયામાં જે ઉંચી આવકવાળા દેશો છે ત્યાં જી.એસ.ટીનો એવરેઝ રેઇટ ૧૬.૮ ટકા છે. દુનિયાના ૧૯૦ દેશો છે જેઓ કોઇને કોઇ સ્વરૂપે જી.એસ.ટી.નો અમલ કરે છે. અને એ દેશોમાં જી.એસ.ટી.નો રેટ ૧૪.૧થી ૧૬.૮ ટકા છે. દુનિયાના ૧૯૦ દેશોની હું વાત કરું છું.

As per the CAG report, Sir, I will quote:-

"In high income countries the average GST rate is 16.8%. In emerging market economy like India, the average is 14.1%. So world over 190 countries which have one form of GST is between 14.1% and 16.8%." ભારતીય જનતા પાર્ટીની આગેવાનીવાળી આ કેન્દ્ર સરકાર જે જી.એસ.ટી. લઇને આવી છે તેમાં આ દેશના કરદાતાઓ ઉપર એવરેજ જી.એસ.ટી.નો રેટ, હજી કાઉન્સીલે અમુક ટકાવારી નક્કી કરવાની બાકી છે. એ empower committee અને કાઉન્સીલ નક્કી કરશે. જેમાં ફાયનાન્સ મિનિસ્ટર તરીકે આપ જવાના છો. આપને મારા કેટલાક સૂચનો બાબતની વાત કરીશ પરંતુ આજની પરિસ્થિતિએ જોઇએ તો ૧૮ ટકા એવરેજ જી.એસ.ટી.નો રેટ એ ગુજરાતના કરદાતાઓ પર પણ આવશે. તેનાથી ગેઇમ ચેઇન્જ નહીં થાય. તેનાથી ફુગાવો વધશે. તેનાથી મોંઘવારી વધશે. We welcome GST પરંતુ સાથોસાથ આપને વિનંતી કરીએ છીએ કે જી.એસ.ટી.માં આપ, મને ખબર નથી. માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય નાણામંત્રીશ્રીને વિનંતી કરું છું કે આપ આપનો ભારતીય જનતા પાર્ટીનો

તા. ૯મી મે, ૨૦૧૭

ગુજરાત માલ અને સેવા વેરા વિધેયક, ૨૦૧૭

૨૦૧૪નો મેનીફેસ્ટો આજે પણ આપની વેબસાઇટ ઉપર છે. આપ એનો અભ્યાસ કરજો. It was your promise. We will introduce GST and the average GST rate upper cap will be 14%. આપનો ચૂંટણી ઢંઢેરો. આજે આપણે એનાથી બહાર જઇએ છીએ. આ બાબત ગંભીરતાથી આપ વિચારો એવી હું અપેક્ષા રાખું છું. સવાલ એટલો છે કે જો જી.એસ.ટીના દર ઓછા રાખીશું તો અમારી રેવન્યુનું શું? ઇનકમ ટેક્સ અને કોર્પોરેટ ટેક્સ. દુનિયાના પ્રગતિશીલ દેશોમાં આ ટ્રેન્ડ છે. કોર્પોરેટ ટેક્સ અને ઇનકમ ટેક્સ. અબજો રૂપિયા કમાતો હોય, કરોડો રૂપિયા કમાતો હોય તેના પાસેથી ટેક્સ વધારે લેવો પણ જે વસ્તુ એક સામાન્ય ગરીબ પણ વાપરે છે અને શ્રીમંત પણ વાપરે છે એવી સામાન્ય વસ્તુઓ પરનો જી.એસ.ટી.નો ટેક્સ વધારે ન હોવો જોઇએ. વધારે આવક વાળા માટે ઇનકમ ટેક્સ, વધારે આવક વાળા માટે કોર્પોરેટ ટેક્સ વધારો. આપની આવક એનાથી લો. ચાણક્યએ પણ એવું કહ્યું છે કે રાજય સરકારની તિજોરી કમંડળ જેવી હોવી જોઇએ. જેમ કમંડળનું ઉપરનું મોઢું ખુલ્લું હોય કોઇ મોટા વાસણમાંથી ભરો તો તરત ભરાઇ જાય અને વિતરણ કરવા જાવ તો એક નાની કટોરી હોય તેમાં પહોંચાડી શકે એમ ટેક્સ લેવાનો હોય તો મોટાઓમાંથી ફટ દઇને ભરી લો, આપવાનો હોય તો ગરીબના ઝૂંપડા સુધી પહોંચાડો. અહીંયા તો ઉંધું છે. આપણે જો જી.એસ.ટી.ના દર આટલા ઉંચા રાખીશું તો ગરીબ પાસેથી લઇશું અને માલ્યા જેવા મજા કરશે. એનો કોઇ ફાયદો નથી. આપણી જે ચિંતા છે એ સામાન્ય વ્યક્તિની હોવી જોઇએ. એટલા માટે અહીંનો જે આપણો એવરેજ, હજી કાઉન્સીલમાં નક્કી થયા પછી તો મને ડર છે કે કદાચ વધે નહીં તો સારું. આ ૧૮ ટકા થાય છે એ ઘટવો જોઇએ. બીજી જો આપની આવકની વાત કરીએ તો આપ એમ કહેશો કે અમારી રેવન્યુ માટે થઇને અમારે જી.એસ.ટી.ના દર વધારે રાખવા પડે. R&Rના બેઝની દ્રષ્ટિથી જોઇએ તો સ્ટાન્ડર્ડ રેટ ૧૫.૫ ટકા જ છે. એ તમે જી.એસ.ટી.માં કન્વર્ટ કરો તો ૧૮ ટકા લઇ જવાની જરૂર નથી. એ તમે ૧૫ ટકાએ સ્થગિત કરી શકો અથવા એનાથી પણ નીચે રાખી શકાય. નહીં તો મેં પહેલાં જ કહ્યું એમ મુશ્કેલીઓ વધવાની છે. મારો પોતાનો અનુભવ છે. કરના દર ઓછા રાખો અને આવક વધે. આપને થશે કેવી રીતે? આ વિધાનસભાગૃહમાં માનનીય શંકરસિંહજી વાઘેલાની સરકાર હતી અને એ સરકારને અમે ટેકો આપતા હતા ત્યારે મારી પાસે ભાવગનરના શીપ બ્રેકીંગ યાર્ડ એસોસિએશનવાળા આવ્યા અને મને કહ્યું કે સીએસટી ૪ ટકા છે એ ૨ ટકા કરાવી આપો. મેં કહ્યું કે રાજ્યની આવક ઘટી જશે. એમણે કહ્યું કે ૨ ટકા કર્યા પછી ક્વાર્ટરલી ૩-૩ મહિનાના હિસાબો લઇને તમે જો જો. ૪ ટકામાંથી ૨ ટકા કર્યા પછી આપની આવક વધી જશે. જો ઘટી જાય તો આપ ૪ ટકાના બદલે સીએસટી ૬ ટકા કરી દેજો. અમે લેખિત આપીએ છીએ. માનનીય બાબુભાઇ શાહ નાણામંત્રીશ્રી હતા એમની સાથે મિટિંગ કરી. મુખ્યમંત્રીશ્રી બાપુ હતા એમને મળ્યા. વાતમાં દમ લાગ્યો પેલા લોકોને. સીએસટી ચાર ટકાથી ઘટાડીને બે ટકા કર્યો અને ૩ મહિનાના ક્વાર્ટર પછી નાણા સચિવે એ વખતે કહ્યું કે અમને કદાચ અધિકારી તરીકે પહેલા આ સ્વીકૃત નહોતું લાગતું. પણ હવે લાગે છે કે તમારી વાત સાચી છે. ચાર ટકાના બે ટકા સરકારે કર્યા, અમારી સીએસટીમાં આવક વધી. કારણ કે પેલા ચાર ટકામાં સી-ફોર્મ ભરી અને ચોરીઓનો ફૂલ ધંધો ચાલતો હતો. અધિકારી ખાય. પેલા લોકોને ચોરી કરવા માટે પ્રેરણા મળતી હતી. કારણ કે ચાર ટકા સીએસટીની મોટી રકમ થતી હતી. બે ટકા થયા, ચોરી સદંતર બંધ થઇ. ખોટા પૈસા જતા અટક્યા. રાજ્યની તિજોરીમાં આવતા નાણા વધ્યા અને રાજ્યની આવક વધી. કરનું માળખું એવું હોવું જોઇએ કે જે ચોરી કરવા માટે પ્રેરણા ન આપે. પણ એક પ્રામાણિક કરદાતા તરીકે પોતાની ડ્યૂટી બજાવવા માટે એને પ્રોત્સાહિત કરે એ પ્રકારનું હોવું જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૭થી ૨૦૧૪ સુધીમાં ૫૪ વખત જે જીએસટી માટેની એમ્પાવર્ડ કમિટિની મિટિંગો મળી, એમાં ગુજરાતની કેટલીક દલીલો હતી. આપણા નાણામંત્રીશ્રીની સ્પીચમાં જીએસટીના સંદર્ભમાં ગુજરાતની દલીલ- જીએસટી બંધારણના ફેડરલ સ્પિરિટ સમવાય તંત્રના હાર્દથી વિરુદ્ધ છે. એમ્પાવર્ડ કમિટિની મિટિંગ ૧૧-૨-૨૦૧૧, ન્યુ દિલ્હી, ગુજરાતની ભાજપ સરકાર, એમના નાણામંત્રીએ સરક્યુલેટ કરેલી બૂકલેટ પેજ-૨, પેરા-૩. એ જ રીતે તા. ૨૯-૧૦-૨૦૧૦. ગોવા ખાતે મળેલી મિટિંગ. ભારતીય જનતા પાર્ટીની સરકાર. નાણામંત્રીની સ્પીચ. સરકારે જીએસટીનો વિરોધ કર્યો અને કહ્યું, ફિઝિકલ ઓટોનોમી એન્ડ ફ્લેક્ષીબિલિટિ નાણાકીય સ્વતંત્રતા અને સ્થિતિસ્થાપક રાજ્યના બંધારણના ઘડવૈયાઓએ મુખ્ય આધારસ્તંભ તરીકે આપ્યા છે. આર્ટિકલ-૨૪૬(એ) - જીએસટી. બંધારણીય સુધારાથી કેન્દ્ર સરકાર માલના વેચાણ ઉપર ટેક્ષ લેવા જઇ રહી છે. જે પૂર્ણતઃ એક્સકલૂઝીવ રાજ્ય સરકારનો અધિકાર છે. ગુજરાત સરકાર તા.૨૯-૧૦-૨૦૧૦, પેજ-૨, પેરા-૨. ત્યાંથી આગળ વધીને ૩૦ ઓક્ટોબર. આ જ ભારતીય જનતા પાર્ટીની સરકાર, જીએસટી માટે રાજ્યોની સ્વતંત્રતા ગંભીર રીતે મર્યાદિત થઇ જશે. પેજ-૪, પેરા-૨. ભારત સરકાર કદાચ સુધારેલું બિલ લાવી હશે. હવે તો અહીં બેસીને જે વિરોધ કરતા હતા એ જ ત્યાં વડાપ્રધાન છે એટલે સ્વાભાવિક રીતે જે મુદ્દાઓનો આપણો વિરોધ હતો એ મુદ્દાઓ રિવર્સ થઇ જાય અને નવું બિલ આવે. આપણે એવી અપેક્ષા રાખીએ. આપણો એકપણ મુદ્દો નવામાં નહીં અને એટલા જ માટે હું કહીશ અને ફરી વખત માનનીય નાણા મંત્રી તરીકે સૌરભભાઇ પટેલ હતા તેમને અભિનંદન આપીશ. એમણે ગુજરાતના હિતને જબરજસ્ત રીતે ત્યાં રજૂ કર્યું. મારી પાસે એમની ૧૧-૧૨-૨૦૧૪ની સ્પીચ છે. જ્યારે એનડીએની સરકાર દિલ્હીમાં આવી ગઇ. આપણા અહીંના મુખ્યમંત્રી વિરોધ કરતા હતા એ ત્યાં વડાપ્રધાન થયા. એ પછીનું બિલ આવ્યું અને એ પછી ગુજરાતના નાણામંત્રીએ ૧૧ ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ દિલ્હી ખાતે જે એમ્પાવર કમિટીની મીટીંગ મળી એની ઓફીશીયલ પ્રિન્ટેડ બુકલેટ છે, મીડીયાને જરૂર પડે તો નકલો પણ આપી શકાય એમ છે એમાં તા.૧૧-૧૨-૨૦૧૪ના રોજ આપની સરકારના એ વખતના નાણામંત્રીશ્રીએ કહ્યું કે રાજયએ વારંવાર પોતાની લાગણી વ્યકત કરી છે. ખાસ કરીને રાજ્યોની નાણાકીય સ્વતંત્રતા બાબત તેમજ જી.એસ.ટી.ના અમલથી રાજયની મહેસુલી આવક ઉપર વિપરીત થવા બાબત અમારી

રજૂઆત હતી. હમણાંજ સુધારેલો મુસદ્દો ૧૨૨માં બંધારણીય સુધારાનો મળ્યો છે. મારે દુઃખ સાથે કહેવું પડે છે કે રાજયએ જે લાગણી વ્યકત હતી તેનો આ મુસદ્દામાં કયાંય પડઘો પડયો નથી. બુકલેટ પાન–૨, નાણામંત્રીશ્રી તરીકે માનનીય સૌરભભાઇએ લીધેલું સ્ટેન્ડ બહુ જ કલીયર કે અમે વારંવાર રજૂઆત કરી હતી. સરકાર બદલાઇ, નવો મુસદ્દો ૧૨૨નો આવ્યો પણ અમારી રજૂઆતનો કયાંય પડઘો આમાં પડયો નથી એ કહેનાર ગુજરાતના નાણામંત્રી આજે જે જી.એસ.ટી.ની આપણે વાત કરીએ છીએ એના સંદર્ભમાં છે. ગુજરાત સરકારે તા. ૧૧–૧૨–૨૦૧૪ની મીટીંગમાં એમ પણ કહ્યું કે વડાપ્રધાનશ્રીએ મેક ઇન ઇન્ડિયા કેમ્પેઇન ચલાવ્યું છે. ઉપરાંત ૧૨મી પંચવર્ષીય યોજનામાં ૨૦૧૨–૧૭ એક ધ્યેય નકકી કર્યુ છે કે મેન્યુફેકચરીંગ સેકટરનો હિસ્સો દેશના જી.ડી.પી. સામે ૧૫ ટકાથી વધીને ૨૫ ટકા કરવો છે પરંતુ જી.એસ.ટી. રીજીયન દ્વારા સી.એસ.ટી. રદ થવાથી અને ડેસ્ટીનેશનના સિદ્ધાંતના અમલ અંગે હમણાં માનનીય રણજીતભાઇ જે બોલતા હતા એનાથી તદ્દન વિપરીત વાત છે. રણજીતભાઇ, જે આપે દલીલ કરી હતી એનાથી સદંતર જુદી છે. Totally contrary argument by the then finance minister before the empower committee. સી.એસ.ટી. રદ થવાથી અને ડેસ્ટીનેશનનો સિદ્ધાંત you are talking about the destination principle, જી.એસ.ટી.ના ડેસ્ટીનેશન પ્રિન્સીપલથી ગુજરાતને લોસ છે. That was the argument of the then finance minister belongs to your political party. ડેસ્ટીનેશન સિદ્ધાંતના અમલથી મેન્યુફેકચરીંગ રાજયોને અતિશય ગંભીર નુકસાન થવાનું છે. નિકાસ કરતા રાજયોને ગંભીર નુકસાન થશે. બુકલેટ પાન. ૬. ગુજરાત સરકારે જી.એસ.ટી.નો વિરોધ કરતા એમ પણ કહ્યું કે અત્યારે કોમર્શિયલ ટેકસ વેટ અને નોન વેટનો મોટો હિસ્સો ઉત્પાદન કરતા રાજયોની આવકમાં સી.એસ.ટી.માંથી આંતર રાજય વેચાણની ખરીદીમાંથી આવે છે. હવે સંભવિત આઇ.જી.એસ.ટી. મોડેલ મુજબ માલની સપ્લાય અને સર્વિસ ઉપર ટેકસ લગાડવામાં આવશે તે ઉપભોકતા રાજયોને મળશે પરંતુ ઉત્પાદન કરતા અને સેવા પૂરી પાડતા રાજયોને કરની ત્રીપલ એસ આવકમાંથી મેળવવા માટે કોઇ જગ્યા રહેશે નહીં. હું માનુ છું કે માનનીય સૌરભભાઇની દલીલ ગુજરાતના હિત માટે વ્યાજબી અને સાચી હતી. હું એ વખતનો સાક્ષી છું. કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર હતી, મેં નાણામંત્રીશ્રીને કહ્યું હતું કે તમે એમ્પાવર્ડ કમિટીમાં ગુજરાત માટે મેન્યુફેકચરીંગ સ્ટેટસ માટે અને અમારું એવરજ ગણવાની બાબતમાં તમે દસ વર્ષ કહેલા અને મને આનંદ હતો કે નાણામંત્રીશ્રીએ સામેથી કહેલું કન્વીન્સ યોર ચીફ મીનીસ્ટર, વી વીલ કન્સીડર. અને મેં એ વખતના મુખ્યમંત્રીશ્રીને પણ પત્ર લખેલો છે કે કોંગ્રેસની સરકાર ગુજરાતના આટલા હીત માટે તૈયાર છે. પ્લીઝ કમ ફોરવોર્ડ. કશું જ ના થયું. ત્યાં બેઠા પછી જે વાત આપણે અહીં કરતા હતા એ ત્યાં કરી હોત તો હું અભિનંદન આપેત પણ એ નહીં કરી અને એનો વિરોધ માનનીય સૌરભભાઇએ એમની સ્પીચમાં કર્યો હતો. પોલિટીકલ પાર્ટીના પ્લેટફોર્મથી ઉપર ઉઠીને મેં એમને અભિનંદન આપ્યા. કે ગુજરાતનું હીત જ્યાં જળવાતું હોય ત્યાં ચોક્કસ કોઇ બોલે તો રાજકીય સમીકરણો એ મારા માટે મહત્વના નથી. મારી પોલિટિકલ પાર્ટી હું ઇચ્છું કે નીતિનભાઇ પણ એવું સ્ટેન્ડ લે અને ઘણી તકદીર હોય છે કે સ્ટેન્ડ ના લઇએ તો ય અમુક સ્ટેન્ડ લોકો લેતા હોય છે. એના કરતા સ્ટેન્ડ લઇએ અને કોઇ સ્ટેન્ડ લે તો કમસેકમ આપણે કહી શકીએ કે મેં સ્ટેન્ડ લીધું હતું ભલે કપાયો એના માટે પણ કારણો હતા ગુજરાતના હીતા. (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ(બેઠાં બેઠાં) : તમારી બધી લાગણીનો હું પડઘો પાડીશ.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : હું કોઇ દિવસ બોલીને જતો નથી એ તમે આટલા વર્ષોથી જાણો છો. હું બેસું જ છું. (અંતરાય) બિલકુલ. અને તમારી વ્યથા તમે બોલશો એ અને નહિ બોલેલી વ્યથા એ બંને માટે મારી સંભાવનાઓ તમારી સાથે છે. કેટલીક વ્યથાઓ નથી બોલી શકાતી અને અંદર હોય છે. મારી લાગણી એમાં પણ તમારી સાથે છે. જે રાજ્યોએ ભૌગોલિક અને સોશ્યલ ઇન્ફ્રાસ્ટ્રકચર પૂરું પાડીને મેન્યુફેકચરીંગ અને સર્વિસીસ માટે વાતાવરણ પૂરું પાડેલ છે તેમને નુકસાન જશે. This was the stand of Gujarat Government. અને એ ક્યારે સાહેબ? મારી સરકાર બિલ લાવી હતી એમ નહિ કેન્દ્રમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર જીએસટી લઇને આવી એ વખતના સ્ટેન્ડની વાત કરી છે. ગુજરાતને મારે હવે ગુજરાતના સંદર્ભમાં આપણને સીએસટીથી અને યાદ રાખજો ૮૦૦૦ કરોડ રૂપિયાનું નુકસાન એ તમારી દલીલ હતી. એ જ દલીલના આધાર પર હું કહું છું કે, ૮૦૦૦ કરોડ રૂપિયાની વાર્ષિક નુકસાન એ ગુજરાતને કેન્દ્રમાં બેઠેલી ભારતીય જનતા પાર્ટીની આગેવાનીવાળી સરકાર જે જીએસટી લઇને આવી છે એનાથી આપણને ૮૦૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થવાનું છે એ ક્યાંથી, કેવી રીતે તમે સરભર કરશો? જણાવો તો ખરા. દલીલો તો આપણે કરી શકીશું. ગઇ કાલે પણ મારો આ પ્રશ્ન હતો અને માનનીય અધ્યક્ષશ્રી, નાણા મંત્રીશ્રી કહેશે. નાણા મંત્રની વાત પર પાછળ બેઠેલા એ માનનીય સભ્યશ્રી ૧૪% ની વાત કરે છે, ચક્રવૃદ્ધીની વાત કરે છે એટલા માટે મારે એમને કહેવું છે કે ૧૪% એ એનો ઉકેલ નથી. શા માટે ઉકેલ નથી? કારણ કે તમારી અગાઉ પણ દલીલ હતી બે વસ્તુની એક અમારો એવરેજ એ તમે ૧૦ વર્ષ ગણી આપો. આ ગુજરાતની હંમેશા ડિમાન્ડ રહી હતી અને આપણો મૂલ્ય આધારિત વેરો તમે કહો છોને કે ૧૪%નો વધારો. હવે જરા ટકાવારી કાઢજો એટલે ખબર પડશે કે આપણો વેલ્યુ એેડેડ ટેક્સનો દર વર્ષે કેટલો વાર્ષિક વધારો થતો હતો. I fail to understand why the Government agreed to this, કે અમને ૧૪–૧૫નો ગણી આપો અને પછી ૧૪% વધારો આપજો બે વર્ષનું કરી આપો, પાંચ વર્ષનું કરી આપજો. આપણો કલેઇમ હતો ૧૦ વર્ષનો. આપણે વેટનું વહેલું અમલીકરણ કર્યું અને વેટના વહેલા અમલીકરણ માટે એ કોંગ્રેસની સરકારે શરૂઆત કરેલી. પછીની સરકારો ચાહે માનનીય કેશુભાઇની હોય, શંકરસિંહજીની હોય, સુરેશભાઇ મહેતાની હોય,

દિલીપભાઇ પરીખની હોય કે નરેન્દ્રભાઇની હોય એ દરમ્યાન જે વેલ્યુ એડેડ ટેક્સના સંદર્ભમાં ગુજરાત અગ્રેસર હતું સાહેબ. શરૂઆત જ આપણે મજબુતીથી કરી હતી અને એના કારણે આપણા એ વર્ષોમાં વેલ્યુ એડેડ ટેક્સના જે વધારા છે એના મારે ફિગર્સ આપવા છે. તમે ૧૪%થી સંતોષ માનીને આપણે વાત કરીશું કે અમને તો ૧૪% ચક્રવૃદ્ધિનું મળવાનું છેને. પાંચ વર્ષ સુધી મળશેને અમે તો સરભર થઇ જશે. ના, સાહેબ. નુકસાન છે તમને. અને કેવી રીતે નુકસાન છે kindly note this, ૨૦૦૯–૧૦માં આપના વેલ્યુ એડેડ ટેક્સ મૂલ્ય આધારિત કર એની આવક કેટલી હતી તેની ખબર છે? ૧૩૯૨૭.૯૭ કરોડ આ આવક હતી અને એક જ વર્ષમાં ૨૦૧૦–૧૧ માં ૧૩૯૨૭માંથી વધીને ૧૭૮૭૯ કરોડ રૂપિયા એ મૂલ્ય આધારિત કરની વેટની આપણી આવક થઇ. ૨૦૧૧–૧૨માં ૧૭,૮૭૯ માંથી વધીને ૨૪,૪૧૫.૨૬ કરોડ રૂપિયા વેટની આવક થઇ આપની અને એ પછીના વર્ષે એમાં બીજા છ હજાર કરતાં વધારે કરોડ રૂપિયા ઉમેરાયા અને ૩૦,૮૩૬.૨૧ રૂપિયા કરોડમાં આ તમારી વેટની આવક થઇ. આ તમારું મૂલ્યઆધારીત કરમાં વેટની ઇન્કમનો વધારો થતો હતો. માનનીય સભ્યશ્રી ત્યાં બેઠા બેઠા કોઇ જે ૧૪ ટકાનું કહેતા હતા એમને જરા કેલ્કયુલેટર ઉપર આના પર્સન્ટેજ કાઢશે તો ખબર પડશે કે, ૧૪ ટકા છે ને એ તો પાસેરામાં પૂણી પણ અમારે ત્યાં સૌરાષ્ટ્રમાં કહેવાય એવું નથી સાહેબ, આમાં કોઇ ફાયદો નહીં થાય. આપનું સી.એસ.ટી.નું નુકસાન થશે. આપની દલીલ જે છે ગુજરાતમાં એ ગુજરાત મેન્યુફેક્ચરીંગ સ્ટેટ છે અને ગુજરાત એ મેન્યુફેક્ચરીંગ સ્ટેટ છે, તમે અહીંયા મેન્યુફેક્ચર કરો, તમારા રિસોર્સીસ વપરાય અને આવક કયા રાજ્યને મળશે? ઉપભોક્તા રાજ્યને મળે, પેદાશ કરનાર રાજ્યને નહીં મળે. તમારા રિસોર્સીસ, તમારું પાણી, તમારી વીજળી અને ટેક્સની આવક તમને નહીં. કારણ કે, તમે મેન્યુફેક્ચરીંગ, એજ રીતે સર્વિસ પ્રોવાઇડર્સમાં, ત્યારે આ યુ ટર્ન આપની જે નુકસાની સી.એસ.ટી.ના કારણે થવાની એને આપ કઇ રીતે સરભર કરવાની વાત કરી શકશો અને એટલું જ નહીં કેન્દ્ર સરકાર તમને ૧૪ ટકાનો બેઇઝ ગણ્યો છે એ બેઇઝના કારણે મોટુ નુકસાન, મેન્યુફેક્ચરીંગ સ્ટેટના ફાયદાઓ સી.એસ.ટી. જવાથી મોટુ નુકસાન એના સામે તમારી વૃદ્ધિ તો ખૂબ મોટી હોવા છતાં માત્ર ૧૪ ટકાની વૃદ્ધિ ગણવાના કારણે ખોટ અને આ બધું જ્યારે ભેગું કરીશું ત્યારે સરવાળે ગુજરાત રાજ્યના આર્થિક માળખામાં પાંચ વર્ષ પછી શું ? તમને આ લાભ ક્યાં સુધી મળવાનો છે, પાંચ વર્ષ સુધી. પાંચ વર્ષ પછી જતી ખોટનું કોઇ કશું જ મળવાનું નથી. હું આવકારું છું જી.એસ.ટી.ને એટલા માટે કે, જી.એસ.ટી. જરૂરી હતું. આપના મુદ્દાઓ પેલા ઉઠાવેલા પૈકીના કેટલાક મુદ્દાઓ એ વખતની કોંગ્રેસની સરકાર તૈયાર હતી કે, ગુજરાતના આ મુદ્દાઓમાં વી આર રેડી, તમારો પત્ર નીતિનભાઇ પુછજો મારો પત્ર હશે હજી, કારણ કે, સરકારી રેકોર્ડ રખાતું હોય છે અને એ વખતે મુખ્યમંત્રીને લખીને કહ્યું હતું કે, ફાયનાન્સ મિનિસ્ટર ઇઝ રેડી, નાણા મંત્રી તૈયાર છે, આવો કાંઇક રસ્તો કાઢીએ. કારણ કે, જી.એસ.ટી. આવકારદાયક એટલા માટે કે, એક કર થાય, અનહેલ્ધી કોમ્પીટિશન, ટેક્સ વોર આ તૂટે એ જરૂરી હતું. કારણ કે મેં અનુભવ્યું છે, નાણા વિભાગના મંત્રી તરીકે કામ કરતાં મેં જોયું છે, ગુજરાતમાં એક આઇસક્રીમ ઉત્પાદન થાય અને એ આઇસક્રીમ ઉત્પાદન કરનારી કંપની દિવમાં એક ઓફિસ રાખે, નાની એવી દસ બાય દસની કોટડી એના ઉપર એક બોર્ડ માર્યું હોય, કાગળ ઉપર અહીંયાથી આઇસ્ક્રીમ દિવની કંપનીને આપે, એટલે આપણે શું લઇ શકીએ એના ઉપર માત્ર સી.એસ.ટી., રાજ્ય બહાર વેચાણ થયું એટલે આપણે નોમીનલ સી.એસ.ટી. લેવાનો હોય એ લઇ લઇએ, ત્યાંથી એ કંપની ગુજરાતની અંદર વેચાણ કરે એમ બતાવે કાગળ ઉપર એટલે ત્યાં દિવ–દમણ–દાદરાનગર હવેલીમાં ટેક્સ એટલો નોમીનલ હોય કે પેલા ત્યાં એ એમને ટેક્સ ભરે, ફિઝિકલ ટ્રાન્સપોર્ટેશન થાય જ નહીં, આઇસક્રીમ અહીંથી દિવ ના જાય પણ જુનાગઢવાળા પાસે બિલ એવું હોય કે, આઇસક્રીમ એમણે દિવથી ખરીદ્યો જે ગુજરાતમાં બન્યો છે, ગુજરાતનો આઇસક્રીમ દિવ ગયો, દિવથી જુનાગઢમાં આવ્યો અને જુનાગઢનો વેપારી છે એણે ગુજરાતનો સેલ્સ ટેક્સ ભરવો ના પડે, એમણે દમણનો નોમિનલ સેલ્સ ટેક્સ અને ઇન્ટર સ્ટેટ વેચાણ થયું છે માત્ર સી.એસ.ટી. આટલું ભરે અને ટેક્સની ચોરી વ્યવસ્થિત રીતે ચાલે. આ બધું શા માટે થયું ? આપણે વાહનોમાં જોયું છે કે, માણસ ગુજરાતમાં રહેતો હોય પણ વાહનનું પાસીંગ છે ને એ દમણમાં કરવાનું. શું કામ ? કારણ કે, ત્યાં આગળ ટેક્સની એક અનહેલ્ધી કોમ્પિટિશન અને આખરે ફેડરલ સ્ટેટ છે, આપણું ફેડરલ સ્ટ્રકચર છે, રાજ્યો–રાજ્યો વચ્ચેની અનહેલ્ધી કોમ્પિટિશન દેશને નુકસાન કરે અને એટલા માટે કોંગ્રેસ પાર્ટીની એ બુદ્ધિગમ્ય વાત હતી કે, જી.એસ.ટી. જોઇએ જી.એસ.ટી. લઇને આવ્યા. ૧૨ વર્ષ સુધી ડીલે થયું અને ૧૨ વર્ષે બાવો બોલ્યો જા પડે તો પડે, નહીંતર નહીં. ૧૨ વર્ષ પછી તમે કર્યું શું ગુજરાત માટે તો ૧૨ વર્ષ પહેલા કંઇક આમાંથી વધારે લઇ શકયા હોત. તમે જી.એસ.ટી.ને એ વખતે સ્વીકારી લીધું હોત તો આ ૧૨ વર્ષના ગાળામાં તમે કહો છો ગેઇમ ચેન્જર છે તો ગેઇમ ચેન્જ થઇ હોતને? તમે કહો છો કે આ સુવર્ણ કાનુન છે, સતત પાટલીઓ થપથપાવી જી.એસ.ટી. માટે એ જી.એસ.ટી. ૧૨ વર્ષ પહેલા આવી ગયો હોત. જો તમે વહેલા પોલીટીકલી કવેશ્ચનના બદલે નેશનલ ઇન્ટરેસ્ટ ગુજરાતનું હિત અને તમે બાર્ગેનીંગ કરી શકત. અત્યારે તો મુશ્કેલી તમારે એવી છે કે ત્યાં તો કેવી રીતે બોલાય? ત્યાં તો બોલ્યા કે કપાયા અને અમારી સાથે તો તમારો અધિકાર હતો, લડતા અને અમે તમારી સાથે આવતા આ વગર કારણે કપાઇ ગયા. નિરંજનભાઇ એટલે જ કહું છું કે કારણ ઉભું કરીને કપાવવું સારુ એટલે આ જી.એસ.ટી. બિલમાં એમ છતાં કેટલીક બાબતો મેં રજૂ કરી છે જે ધ્યાનમાં લેવામાં આવે, મારી છેલ્લી બાબત એ આપ એમ્પાવર કમિટીમાં જવાના છો, આપ કાઉન્સીલમાં જવાના છો, હજી કાઉન્સીલ જયારે નકકી કરશે ત્યારે કેટલાક દરો નકકી થવાના છે. હું જે સમજયો છું અત્યારની જે પ્રપોઝલ છે આપને ચાન્સ મળવાનો છે. મારી માહિતી ખોટી હોય, યુ કેન કરેકટ મી. મારી માહિતી છે એ પ્રમાણે ટુથપેસ્ટ, સાબુ. હવે ટુથપેસ્ટ અને સાબુ એ સામાન્ય માર્કેટમાં મળતા હોય ને એ કોમન મેન વાપરે છે અને પેલો મોટો ઉદ્યોગપતિ છે એ તમારા મેઇડ ઇન ઇન્ડીયાની ટુથપેસ્ટ કે સાબુ નહીં એ તો ઇમ્પોર્ટેડ વાપરે છે પણ અહીંયા જે વપરાય છે એ

ટુથપેસ્ટ કે સાબુ સામાન્ય માણસ વાપરે છે અને આપણે સ્વચ્છ ભારતની, તંદુરસ્ત ભારતની વાત કરતા હોઇએ તો આ ટુથપેસ્ટ અને સાબુ તમારું જી.એસ.ટી. આવ્યા પછી મારી માહિતી પ્રમાણે એના ઉપર ૨૮ ટકા જી.એસ.ટી. લગાડવાની આવશે અત્યારે ૧૫ ટકા છે. કાઉન્સીલમાં આની રજૂઆત કરજો. મોબાઇલ ફોન આપણે ડીઝીટલ ઇન્ડીયાની વાત કરીએ છીએ. મોબાઇલ ફોન કોમન મેન પણ લે છે. હા, આપને કરવું હોય તો એ કરો બહુ જ ઉંચી કિંમતના સ્માર્ટ ફોનને અલગ કેટેગરીમાં રાખો પણ આજની જે મારી સમજણ મુજબ આપની દરખાસ્ત અને આઇ હેડ કન્ફર્મ્ડ વિથ ધ ઓફીસર ઓફ ધ કાઉન્સીલ કારણકે તમારા ગુજરાતના ઓફીસરને તો અમે ફોન કરીએ તો બિચારાને એને મુશ્કેલી થાય. મેં કાઉન્સીલના એક અધિકારીને સેન્ટ્રલમાં ફોન કરીને જાણ્યું એના કહેવા મુજબ ટુથ પેસ્ટ, સાબુ, મોબાઇલ જેવી વસ્તુ જેને અત્યારના મુસદ્દામાં ૨૮ ટકાના ટેકસમાં તમે જી.એસ.ટી.માં નાખવાના છો. ગરીબ માણસ, મધ્યમ વર્ગનો માણસ અને ગુજરાત એ આપણું મધ્યમ વર્ગથી ભરપુર છે ત્યારે મધ્યમ વર્ગની ચિંતા આ સંદર્ભમાં થાય એ અત્યંત જરૂરી છે. આપની એક જોગવાઇ આ બિલમાં કરી છે. જેના સામે સેલ્સ ટેકસ બાર એસોસીએશન આપને વારંવાર રજૂઆત કરે છે. મને ખબર નથી કે સરકારનું આ બાબતમાં સ્ટેન્ડ શું છે પરંતુ માનનીય મંત્રીશ્રી એમના પ્રવચનમાં આ અંગેની બાબત કહેશે તો મને વિશેષ આનંદ થશે. આપની બિલની કલમ– ૩૫ (૫) સબ કલોઝ ૫ સેકશન ૩૫ જેમાં આપે માત્ર વેપારીઓને તકલીફ પડે અને લીમીટેડ લોકોને જ એનો લાભ મળે એવી જે વ્યવસ્થા કરી છે જેના સામે આપની પાસે રજૂઆતો થઇ છે. જે હું વાચું છું. કલમ– ૩૫ (૫) નાણાકીય વર્ષ દરમિયાન જેનું ટર્નઓવર ઠરાવેલી મર્યાદાથી વધી જાય તેવી દરેક રજીસ્ટર્ડ થયેલી વ્યક્તિએ પોતાના હિસાબો ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અથવા કોસ્ટ એકાઉન્ટન્ટ પાસે ઓડિટ કરાવવા જોઇએ અને ઠરાવવામાં આવે તેવા નમુનામાં અને એવી રીતે ઓડિટ થયેલા વાર્ષિક હિસાબો કલમ–૪૪ની પેટા કલમ–૨ હેઠળ મેળપત્રક અને તેવા અન્ય દસ્તાવેજોની નકલ સાથે રજૂ કરવી જોઇએ. સેલ્સટેક્સ બાર એસોસીએશન એમની રજૂઆત મુખ્ય બાબત એ છે કે સેલ્સટેક્સ બાર એસોસીએશન એ હંમેશા આપના સેલ્સટેકસ સાથે ડીલ કરતા એડવોકેટ છે. આપના પાસે સી.એ. બહુ લિમિટેડ છે. અને એ સંજોગોમાં માંગ અને પુરવઠો આના વચ્ચે પણ ખેંચ ઊભી થશે તો આખરે પેલો વેપારી દંડાશે. લિમિટેડ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ એની પાસે જવાનો એના બદલે કાયદાના નિષ્ણાંત છે, સેલ્સટેકસ સાથે જેઓ સંલગ્ન છે, તેવા સેલ્સટેક્સ એસોસીએશનોની રજૂઆતને ધ્યાનમાં લઇને સલાહકારો અને કર અવિકતા તથા અન્ય દરેક કર વ્યવસાયને જી.એસ.ટી. હેઠળ એકસમાન કાર્ય કરવા માટે ૩૫(૫) માં સુધારો થાય અને ૩૫(૫) હેઠળ કમ્પ્લાયન્સ રિપોર્ટ આપવા માટે અધિકૃત વ્યવસાયોનો વ્યાપ વધારવામાં આવે તેવી સેલ્સટેક્સ બાર એસોસીએશનની રજૂઆત છે તેને પણ સરકાર ધ્યાનમાં લે તેવી મારી માંગ છે. એક દેશ એક કર અને એ સૂઝબૂઝ સાથે કોંગ્રેસની કેન્દ્રની સરકારે શરૂ કરેલા પ્રયત્નોને મૂર્તિમંત આજે આપણે કરવા જઇ રહ્યા છીએ, ત્યારે મેં કરેલા કેટલાક મુદાઓને સરકાર ગંભીરતાથી ધ્યાનમાં લઇને હજુ સમય છે એમાં પ્રયત્ન કરે. જ્યાં જરૂર પડે પક્ષાપક્ષીથી પર ઉઠીને ગુજરાતના હિત માટે, ગુજરાતને નુકસાની છે, તેના સંદર્ભમાં આપ કહેશો ત્યાં વિરોધ પક્ષ તરીકે અમારી પણ જરૂર હશે તો ગુજરાતના હિતમાં સાથે રહીને આપણે માંગ કરીએ અને મેન્યુફેકચર સ્ટેટ તરીકે ગુજરાતને નુકસાન જાય છે અને જે આપની દલીલ હતી તે દલીલને મૂર્તિમંત કરીને ફાયદો કેમ વધે એવરેજ ગણવામાં જે મેં કહ્યું છે તેમ આપની ભૂતકાળની દલીલ હતી જે ૧૦ વર્ષના ભાગને ગણવું જોઇએ, જે ટેકસની આવકમાં ગ્રોથ થાય છે એને ગણવું જોઇએ. આ મુદાઓમાં અમે પણ આપને સહયોગ આપીશું. જી.એસ.ટી.નું બિલ કોંગ્રેસ પક્ષના વિચાર સાથે જે રજૂ થયેલ હતું. મોડે મોડું પણ આવ્યું છે, એને અમે સમર્થન કરીએ છીએ.

શ્રી સૌરભ પટેલ(અકોટા) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય નાણા મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ આ જી.એસ.ટી.નું બિલ લઇને આ હાઉસની અંદર આવ્યા છે, એને સમર્થન આપવા માટે હું ઊભો થયો છું. આ જી.એસ.ટી. જર્ની આમ જોવા જઇએ તો ૨૦૦૦ થી શરૂઆત થઇ હતી. આદરણીય અટલજી એ ઇન ડાયરેક્ટ રિફોર્મ્સમાં સુધારો કરવા માટેની એમણે પહેલી વખત એમ્પાવર્ડ ગ્રૂપ ઓફ મિનિસ્ટર્સની કમિટી રચી હતી. અને એમાં વેસ્ટબંગાલના ફાઇનાન્સ મિનિસ્ટર આ કમિટીને હેલ્ડ કરતા હતા. અને indirect taxesમાં રિફોર્મ્સ કેવી રીતે લાવવા, એટલે શરૂઆત ત્યાંથી શરૂ થઇ. અને આજે ૧૬ વર્ષે આપણે જી.એસ.ટી.નું અમલીકરણ જોઇ રહ્યા છીએ. ૨૦૦૨–૨૦૦૪ માં કેલકર ટ્રાન્સફોર્સની રચના કરવામાં આવી હતી. અને એમણે જે અહેવાલ આપ્યો હતો. એમણે FRBM એક્ટનો ૨૦૦૩ responsibility Act પણ કર્યુ, સજેશન પણ કર્યુ હતું જે આપણે બધા રાજ્યોએ અમલીકરણ કર્યુ. અને એમણે પહેલી વખત જી.એસ. ટી. ના અમલીકરણ માટે કેન્દ્ર સરકારને લખ્યું કે જી.એસ.ટી.માટે આપણે આ પ્રમાણે આગળ વધવું જોઇએ. કેલકર સમિતિના અહેવાલે આ શરૂ કર્યુ. અને પહેલી વખત પહેલી એપ્રિલ ૨૦૧૦ થી અમલીકરણ કરવા માટેની રજૂઆત ૨૦૦૬–૦૭ ના બજેટની અંદર કરવામાં આવી હતી. અને એ વખતે મને યાદ છે સી.એસ.ટી. ૪ થી ૩ ટકા કરવામાં આવ્યો હતો અને એક રોડમેપ બનાવવામાં આવ્યો હતો કે આપણે ૪ વર્ષમાં ૨૦૧૦ સુધીમાં સી.એસ.ટી. આપણે ઝીરો કરીશું. અને ૪ નો ૩ કરીએ. ૩ નો ૨ કરીએ અને ૨ નો ૧ કરીએ અને ૧ નો ઝીરો કરીશું. અને પહેલી એપ્રિલ ૨૦૧૦ માં અમલીકરણ કરીશું. બધા રાજ્યો સંમત હતા. ૪ નો ૩ ટકા કર્યો અને કેન્દ્ર સરકારે કોમ્પેનસેશન એક મિકેનિઝમ નક્કી કર્યુ કે ૪ નો ૩ કરીશું તો કોમ્પેનસેશન આપીશું. ૩ નો ૨ કરીશું કોમ્પેનસેશન આપીશું. પહેલા ૧૦૦ ટકા આપીશું. ૭૫ ટકા આપીશું, ૫૦ ટકા આપીશું. એક વિશ્વાસના વાતાવરણમં શરૂ કરેલું જીએસટીનો મુદ્દો જો પહેલી વખત અટકાવ્યો હોય, જો બમ્પ આવ્યા હોય તો એ બમ્પ એટલા આવ્યા કે કોન્ફીડન્સ બીટવીન ધી સ્ટેટસ એન્ડ ધી સેન્ટર ઓછો થઇ ગયો હતો. કારણકે યુપીએ સરકારમાં સીએસટી કોમ્પેનશેસન આપવાનું નક્કી થયું. પરંતુ કમનસીબ કે સીએસટી

કોમ્પેનશેસન જે આપવાનું કહ્યું હતું તે પૂર્ણ ન કર્યુ. એટલે આ પહેલો વિખવાદ થયો. આની અંદર બધા સ્ટેટ યુનોનિમસ હતા. આજની તારીખમાં આ યુનોનિમસમાં એમ્પાવર્ડ ગૃપમાં બધા જ સ્ટેટસ સીએસટી કોમ્પેનશેસન માટે વારંવાર યુપીએ સરકારમાં રજૂઆત કરતા હતા. મિટીંગની અંદર કહેવામાં આવે કે તમને આ મળશે પણ કમનસીબ બજેટમાં જોગવાઇ કરવામાં ન આવે. બજેટની અંદર જોગવાઇ કરવામાં ન આવે એટલે પૈસા ન મળે. કારણ શું કહે કે અમારી પાસે નાણાં નથી. ફિસ્કાલ ડેફીશીએટ બહુ હાઇ થઇ ગઇ છે, બોરોઇંગ બહુ હાઇ થઇ ગયું છે. આના કારણે જીએસટી માટે પહેલું મનદુઃખ થયું. કારણકે રાજય સરકાર પોતાના ટેકસીસ જવા દેતા હતા. આજે વેટ જાય છે અને જીએસટી આવે છે. વેટ જતો કરી જીએસટી આવે અને તે પછી પણ સેન્ટર અને સ્ટેટસની વચ્ચે કોન્ફીડન્સ ન હોય તો શું કરવાનું? એટલે આ પહેલો એવો ઇશ્યુ હતો કે જયાં વિખવાદ થયો. એમ્પાવર્ડ ગૃપની પ૪ મિટીંગો થઇ, તેમાં ફર્સ્ટ ડીસ્કશન પેપર આપ્યું. આ ડીસ્કશન ગૃપ પેપરમાં કેન્દ્રના સચિવો હાજર હોય છે. તે સચિવો તેમાં ભાગ લેતા હોય છે. તે મિટીંગોની અંદર જો યુનોનિમસલી ઇન્ફોર્મ કરવામાં આવે અને પછી સેન્ટર અંદર તે ઓફિસીઝમાં જાય, વિભાગમાં જાય ત્યારે તેનો વિચાર બદલાઇ જાય તો તેમાં ભરોસો કેટલો બેસે? જે ડિસ્કશન થયું હોય તે ડિસ્કશન વિભાગમાં નાણામંત્રીશ્રી બદલી નાંખતા હતા. એ વખતે એમ્પાવર્ડ ગૃપની અંદર કોંગ્રેસના વધારે મંત્રીશ્રીઓ હતા. યુપીએ સરકારના વધારે હતા તો પણ જે સરળતાથી થઇ શકવું જોઇતું હતું તે ન્હોતું થતું. કારણકે બંધ બારણે જયારે વાત કરવામાં આવતી હતી ત્યારે તેમનું અમને સંપૂર્ણપણે સમર્થન હતું. વિષયોમાં સમર્થન હતું. પહેલી વખત કોન્સ્ટીટયૂશનલ એમેન્ડમેન્ટ બિલ ૨૦૧૧માં મૂકયું. તે બિલની અંદર શું મૂકયું? પેટ્રોલિયમ ગુડઝનો સમાવેશ કર્યો અને સ્પેસીફાઇડ ગુડઝનો પણ સમાવેશ કર્યો. પેટ્રોલિયમ ગુડઝ માટે બધા જ રાજયો કહેતા હતા કે આપણે જીએસટીમાં પહેલી વખત જઇએ છીએ ત્યારે અને પહેલી વખત ઇમ્પ્લીમેન્ટ કરતા હોવ ત્યારે સ્ટેટને કંઇક સિકયોરિટી આપો. તે સિકયોરિટી કઇ છે કે સ્ટેટસની ૩૦ થી ૪૦ ટકા આવક પેટ્રોલિયમ પ્રોડકટસની છે, આલ્કોહોલની છે. તે ઘણી વખત ૫૦ ટકા જેટલી થઇ જતી હોય છે તો આને બહાર રાખો. આજે તામિલનાડુ જેવા રાજયની અંદર આલ્કોહોલની આવક ૧૨ થી ૧૫ હજાર કરોડ જેટલી છે. કર્ણાટકથી માંડી મહારાષ્ટ્ર સુધી આ બધાની આવક વધારે હતી. એટલે આલ્કોહોલ બહાર રાખવાનું કહ્યું, પેટ્રોલિયમ પ્રોડકસ બહાર રાખવાનું કહ્યું. ડિઝલ, પેટ્રોલ ઉપર એક ફિકસ ઇન્કમ રહે. કમનસીબી કે અનેક વખત સમજાવવા છતાં પેટ્રોલિયમ પ્રોડકટસનો ૨૦૧૧માં જે બંધારણ મૂક્યું તેનો તેની અંદર સમાવેશ કરવામાં આવ્યો. આ જે સમાવેશ કરવામાં આવ્યો તેના કારણે બંધારણ પસાર થયું નહીં. જો તે વખતે પેટ્રોલિયમ પ્રોડકટસ બહાર રાખી હોત તો ઇશ્યુ ન આવ્યો હતો. આ ઇશ્યુ પૂરો થઇ ગયો હોત અને તે વખતે બે વસ્તુ બની. સ્પેસીફાઇડ ગુડઝ એટલે કપાસ, કોલસો આ બધા ગુડઝને બહાર રાખવાના એટલે કેન્દ્ર સરકાર ગુજરાત અને બીજા રાજયોની વેટ પ્રોડકટસ હોય તેને અંદર લઇ લે. એટલે કેન્દ્રની પોતાની પાસે જે સત્તા હોય તેના લીધે સ્પેસીફાઇડ ગુડઝને બહાર રાખવાના? આ કંઇ રીતે બને? એટલે લેવું હોય તો બધું જ લેવું પડે. આ બંધારણની અંદર આવું નાનું મોટું બેસાડી દીધું કે આ કરવું પડે તેના કારણે બધા રાજયો આની અંદર સંમત ન થયા. તામિલનાડુમાં અન્નાડીએમકે હતું. વેસ્ટ બેંગાલમાં કોમ્યુનિસ્ટ હતા. કેરલાની અંદર કોમ્યુનિઝમ હતું. આ બધાજ રાજયો એક સાથે આની અંદર હતા, ઇન્કલુડીંગ પંજાબ, હરિયાણાએ પણ કહ્યું કે આ બરાબર નથી. એ વખતે કોંગ્રેસી રાજયો હતા, મિનિટ્સ આજે સાક્ષી બતાવે છે કે ગુજરાત એકલું વિરોધ નહોતું કરતું, ગુજરાતે કન્ટેન્ટ પર વિરોધ કર્યો છે. આજની તારીખમાં જેટલી સ્પીચો ગુજરાતમાંથી ગઇ છે, અશનદાસ ગુપ્તા જ્યારે ચેરમેન હતા એમની નીચે, સુશીલકુમારજીની નીચે, જમ્મુ અને કાશ્મીરના નાણાં મંત્રી, કેરાલાના શ્રી મણી અને હમણાં વેસ્ટ બેંગાલના અમીત મિત્રા આ બધાની નીચે જેટલી એમ્પાવર્ડ કમિટિ હતી એ બધાની સ્પીચીસ અંગ્રેજીમાં લખેલી છે, એટલે આજે જ્યારે શક્તિસિંહ ગુજરાતીમાં વાંચતા હતા ત્યારે મને એમ થયું કે મેં આટલી હાર્ડ લેંગ્વેજ તો ક્યારેય વાપરી નથી. કદાચ કંઇક ટ્રાન્સલેશનમાં ભુલ હોઇ શકે, અંગ્રેજીમાં કહ્યું હોત તો હું વધારે સારી રીતે જવાબ આપી શક્યો હોત તો કયો પેરેગ્રાફ તમે ક્વોટ કર્યો છે, જો એકઝેક્ટ પેરેગ્રાફ કયા કન્ટેન્ટમાં કર્યો હોત તો મને એનો જવાબ આપવાનું સહેલું પડત. પણ એમણે ટ્રાન્સલેટ કરાવ્યું અને એ કરાવીને એટલા કડક શબ્દો વાપર્યા અને એ આખી ચાર પાના, દસ પાના, પંદર પાનાની સ્પીચમાં કયો પેરેગ્રાફ એમણે લીધો હોય, હા મારા વેરી સ્ટ્રોંગ વ્યૂઝ હોય પણ એ તો પર્ટીક્યુલર સબ્જેક્ટમાં હોય, નોટ ઓન ધ કન્ટેન્ટ ઓફ ધ જી.એસ.ટી. ટોટલ, અને એ ડિસ્કશન પેપરથી માંડીને બધા લોકો આની અંદર સંમત હતા, પણ આ જી.એસ.ટી. કેમ પસાર થયું એ પણ હું આપને કહું. કારણકે એન.ડી.એ. સરકારનું મન બહુ મોટું હતું અને અમે બધા સરપ્રાઇઝડ હતા, જ્યારે જેટલીજીની પહેલી મિટિંગ થઇ ત્યારે એ દિવસ મને યાદ છે, ત્યારે જેટલીજીએ આવીને પુછ્યું કે જી.એસ. ટી.માં શું મુશ્કેલી છે એ તમે મને મન ખુલ્લું કરીને કહો. તો અમે કહ્યું કે સાહેબ અમને વિશ્વાસ જતો રહ્યો છે. વિશ્વાસ કેમ ગયો છે, ત્યારે વિશ્વાસ એટલે ગયો છે કે તમે આટલા આટલા કેન્દ્ર સરકારે ભૂતકાળમાં પગલાં ભર્યા એના કારણે કેન્દ્ર અને રાજ્યની વચ્ચે વિશ્વાસ નથી. સૌથી મોટું સી.એસ.ટી. કોમ્પેન્સેશનની વાત કરી તો જેટલીજીએ કહ્યું કે ના તમારી વાત સાચી છે. હું તમને સી.એસ.ટી. કોમ્પેન્સેશન ૧૦૦ ટકા અપાવીશ. પણ એમાં સમય લાગશે કારણકે મારી પાસે અત્યારે ખૂબ મોટા પ્રમાણમાં ફિસ્કલ ડેફીસીએટ નેગેટીવ છે એટલે એમાં થોડોક સમય જશે. પણ જેટલીજી બોલ્યાને એ જ વરસે એમણે ચાલુ કર્યું બીજા વરસે એમણે બજેટમાં મૂક્યું અને એન્ડ ઓફ માર્ચમાં જે વધ્યું ઘટ્યું આપવાનું હતું એ બધું સપ્લીમેન્ટરી કાઢી અને એક એક સ્ટેટ્સને સી.એસ.ટી. કોમ્પેન્સેશન ચૂકવી દીધા. આજે એક સ્ટેટ એમ નથી કહેતું કે અમારા આટલા પૈસા બાકી છે. ૨૦૦૬ના પૈસા, ચાર ટકાના ત્રણ ટકા કર્યા, એ પૈસા જેટલીજીએ ચૂકવ્યા, ત્રણ ટકાના બે ટકા કર્યા એ પૈસા જેટલીજીએ ચૂકવ્યા. તો મારે આપને એકજ સવાલ પુછવો છે કે જો જી.એસ.ટી. માટે કેન્દ્રની સરકાર દિલ્હીમાં બેઠી હતી તો બે ટકાનો એક

ટકો કેમ ન કર્યો, એક ટકાનું ઝીરો સી.એસ.ટી. કેમ ના કર્યું? એટલા માટે ના કર્યું કે જે વચન આપ્યું હતું એ પૂરું ના કર્યું અને મોટાભાગના કોંગ્રેસની સરકારોએ કહ્યું કે ના સી.એસ.ટી. ચાલુ રહેશે. એ રીતે જેટલીજીએ આ કામ સારું કર્યું. બીજું કામ જેટલીજીએ શું સારું કર્યું કે કોમ્પેન્સેશન આપ્યા પછી એમણે કહ્યું કે બીજો તમને શું ડર છે? તો કહ્યું કે બીજો એ ડર છે એ અમારી આવકનું શું? આવક માટે અમારે પ્રોટેક્શન જોઇએ છીએ. પ્રોટેકશનની અંદર એમણે કહ્યું કે અમે કાયદાની અંદર મૂકવા માટે આગ્રહ કર્યો હતો યુ.પી.એ. સરકારમાં કે મૌખિક નહિ ચાલે, કાગળ નહિ ચાલે, કાયદામાં તમે મૂકો અને એ પેકેજ યુ.પી.એ. સરકાર કાયદામાં મૂકવા તૈયાર નહોતી અને કાયદામાં મૂકવા માટેનું કોમ્પેન્સેશનનું પેકેજ એન.ડી.એ. ની સરકારમાં જેટલીજીએ કર્યું અને એટલે આ પાંચ વરસનું કોમ્પેન્સેશન આવ્યું. એના માટે અમે પુછ્યું કે ઇન્સ્ટ્રુમેન્ટ્સ શું છે તમારી પાસે? તમે પૈસા ક્યાંથી આપશો એ પુરવાર કરો. આ કોમ્પેન્સેશનનું નાનું મોટું નથી, ટોટલ કોમ્પેન્સેશન ઓફ ઓલ સ્ટેટ્સ એ બધું ભેગું કરીએ તો બે લાખ કરોડ રૂપિયા થશે. પોણા બે લાખ કરોડની આસપાસ થશે. એમાં સૌથી મોટું સી.એસ.ટી.નું કોમ્પેન્સેશન થવાનું છે અને એ આટલું મોટું થાય તો કેન્દ્ર સરકાર પણ આવક ક્યાંથી લાવશે એની ખાતરી રાજ્યોએ માંગી કે તમે કેવી રીતે આપશો? બે વસ્તુ કહી અમે કે પહેલું તમારા સી.એસ.ટી., તમારે જે સી.જી.એસ.ટી. ની આવક થાય એમાં ડાયરેક્ટ સેસ છે એ કાપી આપશો તો અમે તૈયાર છીએ અથવા તો ઇન્સ્ટ્રુમેન્ટ્સ બતાવો અને એના માટે એમણે જે સેસ મૂક્યો છેને એ સેસ એક ઇન્સ્ટ્રુમેન્ટ્સ મૂક્યું છે. અને સેસ બંધારણમાં મૂકયું છે અને સ્ટેટના કારણે કાયદામાં આવશે અને કાયદાના કારણે જે આવક થશે તે સંપૂર્ણપણે રાજયોને આપવામાં આવશે. એટલે આ ગેરંટી છે ત્યારે વિશ્વાસ બેઠો છે અને ત્રીજુ સૌથી થર્ડ મોસ્ટ ઇમ્પોર્ટન્ટ થીંક. સી.એસ.ટી.કોમ્પેન્સેશન પત્યુ સી.એસ.ટી.અને આ બધા લોસીઝોનું એ પત્યું અને ત્રીજું જેટલીજીને કહ્યું કે ના તમારી વાત સાચી છે હું પેટ્રોલિયમ પ્રોડકસ બહાર રાખું છું, આલ્કોહોલ બહાર રાખું છું અને એટલે આજની તારીખમાં પેટ્રોલિયમ પ્રોડકશથી માંડીને એ જી.એસ.ટી.ની અંદર ભાગ નથી. એટલે રાજયોએ ચિંતા કરવાની જરૂર નથી રાજયોને એક એસ્યોર્ડ ઇન્કમ જુદી મળી રહેશે ડિઝલ, પેટ્રોલની ઇન્કમ મળી જશે અને જેમ શકિતસિંહજીએ કહ્યું કે ૨ ટકા સી.એસ.ટી.પેટ્રોલિયમ પ્રોડકટ ઉપર ચાલુ રહેશે. ગુજરાત એક મેન્યુફેકચરીંગ સ્ટેટ હોવાના કારણે, રિફાઇનરીઓ બધી અહીંયા હોવાના કારણે ગુજરાત અહીંયાથી ડિઝલ અને પેટ્રોલ બીજા રાજયોને મોકલશે તેમાં તેને ૨ ટકાની આવક ચાલુ રહેશે. એટલે આ વસ્તુ પણ કિલયર છે અને આ વિશ્વાસ બેઠો ઇન ધ ઇન્ટરેસ્ટ ઓફ ધ નેશન જયારે બધા રાજયો સંમત થયા હોય તો નાના મોટા ઇશ્યુઝ દરેક રાજયો કર્યા. તેમાં કોંગ્રેસ રાજય હોય કે ભારતીય જનતા પાર્ટી હોય આજે અન્ના ડી.એમ.કે.ની તામિલનાડુ પાર્ટી પહેલા દિવસથી આ વિરોધ તેમણે નહોતો કર્યો જી.એસ.ટી.માં સંમતિ નહોતી બતાવી અને તે લોકોએ જતું કેમ કર્યુ ? બીકોઝ ઇન ધ ઇન્ટરેસ્ટ ઓફ ધ નેશન એટલે દરેક રાજયોએ નાનુ મોટું જતું કર્યુ છે. આજે બોમ્બેની ઓકટ્રોય કેટલી છે ? બોમ્બેને છ હજાર કરોડની ઓકટ્રોયની આવક મળે છે. એકલા બોમ્બે શહેરને આ આવક મળતી હતી તે જવા દીધી છે તો બધા રાજયોએ દેશ માટે જતું કરવું પડે. પંજાબ અને હરિયાણા પરચેઝ ટેકસ એ જેટલું અનાજ વેંચે છે તેના ઉપર તેને પરચેઝ ટેકસ મળે છે તેને એક એક રાજયને ત્રણ ત્રણ હજાર કરોડની આવક છે. તે પરચેઝ ટેકસ પણ આમાંથી જતો રહ્યો. એટલે for the development of the country, increase in GDP માટે બધા રાજયોએ સંમતિ આપી અને બીજુ વિશ્વાસ આવ્યો અને વિશ્વાસના કારણે આજે આ બંધારણ પસાર થયુ અને આપણે એટલે જ અહીંયા ઉભાં છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આના બે–ચાર વિષયની પણ વાત કરી લઉં ટેકેસેસની વાત કરી ટેકસેસનમાં ૧૬.૮ અને ૧૭ અને ૧૮ ટકાની બધી વાત કરી છે તે ૧૬ ટકા છે પણ સીંગલ ટેકસ છે. બધા રાજયોએ એમનો આર.એન્ડ આર.કાઢયું છે અને બધા રાજયોએ આર.એન.આર. એટલે શું કે કેટલો ટેકસ કરો તો તમારે આવક મળશે કોઇની ૧૯, કોઇની ૨૦, કોઇની ૨૧ આર.એન.આર.રહેતી હતી. અને આ ૧૬ જેટલું આર.એન.આર.નીચે જાય ટેકસેસન સ્ટ્રકચર એટલું કેન્દ્રને કોમ્પેન્સેશન વધારે આપવું પડે. અને આ ૧૬ ટકા સીંગલ હવે સીંગલ ટેકસ રાખો તો કેવી રીતે પોષાય ? ગરીબ માણસને કેવી રીતે ફાવે ? મારે અભિનંદન આપવા પડયા કેન્દ્ર સરકારને કે આ ૫ ટકા, ૧૨ ટકા, ૧૮ ટકા અને ૨૮ ટકાનો સ્લેબ કાઢયો છે આ કોના માટે કાઢયો છે ? યુ.પી.એ. સરકારમાં બે સ્લેબની વાત ચાલતી હતી ૧૨ ટકા અને ૨૦ ટકા, ૧૨ ટકા અને ૧૮ ટકા, ૧૨ ટકા અને ૨૧ ટકા તેમના બધા કોરસ્પે◌ાન્ડન્સ જુઓ. આ કેન્દ્ર સરકારે ચાર ટકાનો સ્લેબ કાઢયો અને મોંઘવારી જશે નહીં તેનું કારણ છે જેટલીજીએ હમણાં જ વાત કરી કે જે હોલસેલ પ્રાઇઝ ઇન્ડેકસ જે મોંઘવારીનો પ્રાઇઝ ઇન્ડેકસ છે કે જેની અંદર કઇ કઇ પ્રોડકસ ઉપર કેટલો ભાવ વધે તેમાં ૫૪ ટકા પ્રોડકસ તે જી.એસ.ટી.ના એકઝામ્ટેડ લીસ્ટમાં આવે છે. એટલે આપ વિચાર કરો કે અહીંયા ૫૪ ટકા જી.એસ.ટી.ના એકઝામ્ટેડ લીસ્ટમાં આવતો હોય તો મોંઘવારી કયાંથી આવે ? આજની તારીખમાં ૫ ટકાનો સ્લેબ કોના પર કરવો ? ૧૨ ટકાનો સ્લેબ કોના ઉપર કરવો ? ૧૮ ટકાનો સ્લેબ કોના પર કરવો અને ૨૮ કોના ઉપર કરવો ? જે જરૂરિયાતની વસ્તુઓ હશે તેને નેચરલી ઓછું થશે. પણ મારે એક સાદો દાખલો આપવો છે કે, જે આઇટમમમાં ૧૫ ટકા વેટ હોય અને જેને એકસાઇઝ ૧૦ થી ૧૨ ટકા એકસેઝ હોય પ્લસ cascading effect આવતી હોય તેને અસલ તો ૩૦ થી ૩૧ ટકાનો ટેકસ પડે છે. તો જો ૩૦–૩૧ ટકાનો એને tax પડતો હોય તો એ લોકોને ૧૨, ૧૫ અને ૧૮ ટકા કરીને ફાયદો શું થવાનો? લકઝુરીયસ આઇટમ હોય કે જે માણસ ખરીદી શકતો હોય તો એ લકઝુરીયસ આઇટમનો tax slab તો ઊંચો જવો જોઇએ પણ આદરણીય જેટલીજીએ કીધું છે કે, હાલમાં કોઇ પણ taxation structure એવી રીતે ગોઠવવામાં આવશે કે, બે જ minimum ફરક પડે અને આ પાંચ સ્લેબની અંદર મને સંપૂર્ણપણે વિશ્વાસ છે કે ખૂબ સારી રીતે આવનાર દિવસોમાં

taxationનું માળખું થશે અને મારે ખાસ કહેવું છે કે, cascading effect ૨ થી ૨.૫ ટકા થાય છે એટલે ૨ થી ૨.૫ ટકા તો તમારે પહેલેથી જ કાઢી નાખવાનું. અહીંથી બોમ્બે જઇએ તો સી.એસ.ટી. ૨ થી ૨.૫ ટકા હોય. ત્યાં બોમ્બેની ૫ ટકા ઓક્ટ્રોય હોય તો ૭ ટકા થાય. ૧૫ ટકા વેટ હોય, ૧૦ ટકા એક્સાઇઝ હોય તો ભારણ કેટલું થયું? એનાથી તો જી.એસ.ટી.માં ભારણ ચોક્કસપણે ઓછું થશે અને મારું સ્પષ્ટપણે માનવું છે કે, ઓવર ઓફ પીરીયડ ટાઇમ taxation ચોક્કસ ઘટશે પણ પહેલાં દિવસથી ઓછું taxation કરી અને કંપીનઓનો નફો વધારવા માટે કે કંપનીઓને pass on કરી શકે એવું જરૂરી નથી. એના માટે કાયદાની અંદર anti profiting law લાવ્યા છીએ કે કેવી રીતે કંટ્રોલ કરવો. પરંતુ એ કંટ્રોલ કરવામાં પણ વાર થાય. એ કંટ્રોલ કેવી રીતે કરવું એનું પણ mechanism ગોઠવવું પડે પણ કંપનીઓને સીધો ૫-૭ ટકાનો લાભ આપી દેવો જોઇએ એવું હું માનતો નથી અને એ મોંઘવારીના વિશે હોય તો ચોક્કસ exempted itemમાં ધ્યાન રાખશે. થોડીક બીલોના અગત્યના issue પર પણ વાત કરી લઉં. આમાં destination principle છે. એટલે destination principleમાં જે પહેલાં origin principle હતો એટલે taxes જે consume કરે એ રાજ્યને મળે છે. એટલે જે રાજ્યની economy સુધરવાની એનું taxation વધવાનું. જ્યાં consumption વધવાનું ત્યાં taxation વધવાનું એટલે આપણી આવતા દિવસોની મહેનત એવી છે કે રાજ્યની પ્રજાની ઇન્કમ કેવી રીતે વધે અને જો રાજ્યની પ્રજાની ઇન્કમ વધશે તો automatically રાજ્યની ગ્રોથ વધશે અને રાજ્યને જી.એસ.ટીમાં વધારે લાભ મળશે. જે ૬ કોમોડીટીઝ છે એ બહાર રાખવામાં આવી છે પણ બંધારણની અંદર મુખ્ય સુધારો કર્યો છે કે જો કાલે જી.એસ.ટી. સંપૂર્ણપણે બરાબર ચાલુ થઇ જાય તો આપણે એ પેટ્રોલિયમ પ્રોડક્શનને ધીમે-ધીમે અંદર લઇ અને ખાસ કરીને આ ગુજરાતની ગૅસ માટેની સૌથી મોટી ઇન્કમ હતી એટલે આગ્રહ રાખીને ગુજરાતની અંદર ગૅસનો સમાવેશ કર્યો છે. થ્રેસ ઓન લીમીટ માટેની જે દરખાસ્તો છે એ થ્રેસ ઓન લીમીટમાં compulsory ૨૦ લાખ રૂપિયા થાય. મોટાભાગના migration ગુજરાતની અંદર થાય છે. ગુજરાતની અંદર ૮૭ ટકા migration થઇ ગયું છે. એટલે existing registrationનું કામ પણ પતવા આવ્યું છે. નવા registration કરવાના હોય એ નવા registration પણ ચાલુ જ છે. જે compensation ૧૪ ટકાની વાત કરી જી.એસ.ડી.પી. ૭-૮ ટકાનો હોય અને ૧૪ ટકાનું આખા દેશની અંદર average compensation આવતું હોય તો I think it is very good thing. ગુજરાત એક જ એવું રાજ્ય છે કે જેની અંદર ૧૦ ટકા જી.ડી.પી. ગ્રોથ થાય છે. તેનો ગ્રોથ વધારે હતો પણ મારે કહેવું છે કે એ વખતે જ્યારે યુ.પી.એ. સરકાર હતી ત્યારે શું compensation mechanism હતું? ગ્રોથનું mechanism જ નહોતું. infrastructure is a prime importance અને આખું કોમન પોર્ટલ સેક્શન ૨(૨૬) દ્વારા જી.એસ.ટી. network એક non government non profit orgsnizationને આપવામાં આવ્યું છે અને આનું એટલું ધ્યાન રાખવામાં આવ્યું છે કે ૪૯ ટકા હિસ્સો કેન્દ્રો અને રાજ્યોએ લીધો છે. ૫૧ ટકા હિસ્સો financial institutionએ લીધા છે અને કોઇપણ કંપનીને ૧૧ ટકાથી વધારે હિસ્સો ન જાય એ પ્રમાણે ગોઠવણ કરવામાં આવી છે. એટલે આખું એ પ્રમાણેનું એક નેટવર્ક કે જે સિક્રેસી રહે એ પ્રમાણેનું આની અંદર ગોઠવાયું છે. સેક્સન ૨૩૬ કાઉન્સિલ નક્કી કરે એટલે આજની તારીખમાં તેર બેઠકો થઇ, one of the reasons કે જીએસટી માટે દર દસ દસ દિવસે મિટિંગ કરી છે અને દસ દસ દસ દિવસે કરીને એક એક ઇસ્યુ પૂરા કર્યા છે અને ઇસ્યુ પૂરા કરવાના કારણે આજે કાઉન્સિલની રચના થઇ અને એ આવતા દિવસોમાં આખુ માળખુ ગોઠવશે. કોમ્પોઝીશનમાં ૫૦ લાખની જોગવાઇ કરી છે. ખૂબ સારું કહેવાય, પહેલી વખત કોમ્પોઝીશન સ્કીમની અંદર મેન્યુફેક્ચરોને મૂક્યા છે. આપણા ગુજરાતના વેટમાં ન હતા, પણ દેશનું ધ્યાન રાખીને ૫૦ લાખ અને એક્ટીવીટી એ કોણ કે એક્ટીવીટી કરશે જેથી કાઉન્સિલ કરશે અને મેન્યુફેક્ચરિંગ સેક્ટરને પણ આપણા composition મૂકવામાં આવ્યા છે. આવી રીતે valid reasons કોને કહેવાય, કઇ રીતે પેમેન્ટ આપવામાં આવે, એડવાન્સ રૂલિંગ્સથી માંડી આ બધી જ વસ્તુઓ બહુ ધ્યાન રાખીને, કાળજી રાખીને આ કાયદાની અંદર જોગવાઇ કરવામાં આવી છે. ઇન્સેન્ટીવ્સ, દરેક રાજ્યો ઇન્સેન્ટીવ્સ આપી શકે પરંતુ રિફંડના ભાગમાં આપી શકે એટલે એકદમ પારદર્શક થઇ ગયું. દરેક વિધાનસભાના બજેટમાં કેટલું ઇન્સેન્ટીવ્સ અપાય છે? કોને અપાય છે એ બધુ બહાર આવશે એટલે કોઇપણ ફીલ્ડની અંદર કોઇપણ એક રૂપિયો લઇ ગયો તો એની પારદર્શકતા આની અંદર આવવાની છે અને dual કન્ટ્રોલનો મુદ્દો, સૌથી ઇમ્પોર્ટન્ટ, આ જેટલીજીને અભિનંદન આપવા જોઇએ કે, dual control કન્ટ્રોલના રાજ્ય અને કેન્દ્રની વચ્ચે લડાઇ હતી. કેન્દ્ર સરકાર વધારે સત્તા માગતી હતી અને રાજ્ય સરકાર પોતાને સત્તા માગતી હતી. દોઢ કરોડની નીચેના બધા જ સંપૂર્ણપણે ૯૦ ટકા કેસીસ રાજ્ય સરકારમાં રહેશે અને દસ જ ટકા માત્ર કેન્દ્ર સરકારમાં રહેશે અને દોઢ કરોડના ઉપરના પચાસ પચાસ ટકાનું ડિસ્ટ્રીબ્યુશન કરવામાં આવશે એટલે ખૂબ મોટી ચેલેન્જ આવતા દિવસોમાં છે. ચેલેન્જ એ છે કે, જયારે ચેન્જ આવતું હોય ત્યારે પોજીટીવલી નાના મોટા trouble આવે આના માટે શોફ્ટવેરથી માંડીને બધાજ ઇન્ડસ્ટ્રીઝવાળા ખૂબ ઝડપથી કરવામાં આવ્યા છે. અમારા આદરણીય માનનીય નીતિનભાઇ અને હસમુખભાઇએ ઘણી બેઠકો લીધી છે. હમણાં જ મેં વડોદરાની અંદર વીસ એસોસીએશનો ભેગા રાખીને એક બેઠક કરી, ક્વેચ્ચન આર question hour સેશન રાખ્યું, અને question hour સેશનનો એટલો બધો સારો રિસ્પોન્સ મળ્યો કે ગુજરાત ખૂબ speedથી આની અંદર આગળ વધી રહ્યું છે અને જીએસટી પહેલી જુલાઇએ સંપૂર્ણપણે સફળ જાય એ પ્રમાણે આગળ વધી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, અંતમાં એટલું જ કહીશ કે, ગુજરાતે ઇન્ડાયરેક્ટ રિફોર્મની અંદર કયારેય વિરોધ કર્યો નથી. વિરોધ કર્યો હોય તો content માં કર્યો છે. content ઉપર કર્યા પછી અત્યારે હા એટલે પાડી છે કે, સંપૂર્ણપણે જે કોઇ

વિશ્વાસ આપણને જોઇતો હતો એ વિશ્વાસ એક્ટમાં મળી ગયો છે. ગુજરાતના આવતા પાંચ વર્ષ સુધી ૧૪ ટકાનું compensation સો ટકા મળવાનું છે અને આમાં કોઇપણ ચિંતા કરવાની જરૂર નથી અને હાર્ડવેર અને શોકટવેર પ્રમાણે આગળ વધી રહ્યું છે તો શરૂઆતમાં થોડા એકાદ દોઢ મહિનો ઇસ્યુસ બનશે.

માનનીય અધ્યક્ષશ્રી, એક વસ્તુ છે કે, આમાં કોઇ અધિકારી પાસે જવું નહીં પડે એવી વ્યવસ્થા થઇ છે. બધુ જ ઓનલાઇન થવાનું છે. તમે કેટલો ટેક્સ ભર્યો, તમે કોની પાસેથી માલ ખરીદ્યો છે એ માલ ખરીદ્યો છે એને ટેક્સ ભર્યો છે કે નહીં, એણે ટેક્સ ના ભર્યો હોય તો તમને ઇન્કમ ક્રેડિટ ના મળે, એટલે બધું જ તમે તમારી ઓફિસમાં બેઠાં બેઠાં જોઇ શકો એ પ્રમાણેની સિસ્ટમ ગોઠવાઇ છે એટલે ક્યારેય પણ આજની તારીખમાં ઘણી વખતે તમે અનુભવે જુઓ તો વેટની અંદર કે આટલો ઇન્કમટેક્સ ભર્યો, ખોટા બિલો આપીને લઇ ગયા પૈસા, આ બસો કરોડ અહીયાં ગયા, પાંચસો કરોડ અહીયાં ગયા આવું આપણે અનેકવખત જોતા આવ્યા છીએ કારણ શું કે આપણને ખબર નથી હોતી કે, એણે ટેક્સ ભર્યો છે કે નહીં અને ટેક્સ ન ભર્યો હોય તો રાજય સરકારના પૈસા જાય છે. આજની તારીખમાં ઓફિસર જોઇ શકે અને તમે જોઇ શકો કે તમે જેની પાસેથી ખરીદી કરી છે એણે ટેક્સ ભર્યો છે કે નહીં અને ખરીદી કર્યાને ટેક્સ ભર્યો હોય તો એને ઇન્કમટેક્સ credit મળે. એવી રીતે આખી સિસ્ટમ ટેકનીકલી ગોઠવાઇ રહી છે અને મને વિશ્વાસ છે કે, દેશમાં આદરણીય પ્રધાનમંત્રીશ્રીના નેતૃત્વમાં જે આ જીએસટી ખૂબ બધાને વિશ્વાસમાં લઇ એકેએક પાર્ટીને વિશ્વાસમાં લઇને મૂકેલ છે એ ચોક્કસપણે સફળ થશે.

(વિરામઃ બપોરે ૨.૩૦ થી ૩.૧૫)

અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી આજે જી.એસ.ટી. બિલ લઇને આવ્યા છે ત્યારે એમને હું દિલથી અભિનંદન આપું છું. બહું મોડે મોડે પણ માનનીય નીતિનભાઇ લઇને આવ્યા, એની આજે સવારે ચર્ચા શરૂ કરી એમાં અમારા આદરણીય નેતાશ્રી તથા માનનીય શકિતસિંહજીએ ઘણી વિસ્તૃત ચર્ચા કરી છે. માનનીય સૌરભભાઇએ પણ ચર્ચામાં ભાગ લીધો અને કહ્યું કે સન ૨૦૦૦ની સાલમાં માનનીય બાજપાઇજીને એનો વિચાર આવ્યો હતો અને એની શરૂઆત થઇ હતી. મારે કહેવું છે કે આ જી.એસ.ટી.ના વિચારની શરૂઆત દુનિયામાં સન ૧૯૫૪થી થયેલી હતી. જી.એસ.ટી. એક એવું બિલ છે જેમાં સરળ પદ્ધતિ હોય એમાં સરકાર હોય કે વેપારી હોય કે આમ જનતા હોય જો સાચી દ્રષ્ટિથી વિચાર કરીએ તો એનો ચોક્કસ પણે ફાયદો થવાનો જ છે. આ વિચાર જયારે સમગ્ર વિશ્વ એક વૈશ્વિકરણ તરફ જઇ રહ્યું છે ત્યારે સન ૧૯૯૧માં આપણા દેશમાં એક વિચાર શરૂ થયો અને એમ થયું કે જી.એસ.ટી.થી દેશને ખૂબ ફાયદો થશે. આ બધા વિચારોની શરૂઆત અમારા માનનીય નરસિંહરાવે કરેલી. આ વિચારના ભાગરૂપે એમણે વિચાર્યું કે વિશ્વના ૧૫૦ દેશો જયારે જી.એસ.ટી. સાથે જોડાયેલું હોય ત્યારે આપણે પણ આ પ્રકારનો વિચાર કરવો જોઇએ. સન ૨૦૦૩માં પણ આપણે નક્કી કર્યું કે બધા ટેકસ એક થાય એના ભાગરૂપે વેટ માટેનો વિચાર કર્યો. સન ૨૦૦૬માં વેટ લાગુ કર્યો, આ કોંગ્રેસનું સૌથી પહેલુ પગથીયું જી.એસ.ટી. માટેનું હતું. મને ખ્યાલ છે કે ત્યારે ગુજરાતની આવક ફકત સાત આઠ કરોડ હજાર રૂપિયા જ હતી એ ધીમે ધીમે વધીને ૪૦ થી ૫૦ હજાર કરોડ રૂપિયાએ પહોંચી છે. આ કોંગ્રેસનું સૌથી મોટું પાયાનું પગલું હતું, એની એણે શરૂઆત કરી હતી. સન ૨૦૦૭-૮માં સેન્ટ્રલ બજેટ રજૂ થયું એના ભાગ રૂપે એમ્પાવર કમિટીની રચના કરવામાં આવી અને આ રીતે ધીમે ધીમે જી.એસ.ટી. તરફની શરૂઆત થઇ અને આજે એના શુભ ફળ લેવા જઇ રહ્યા છીએ. માનનીય શકિતસિંહભાઇએ ખૂબજ વિસ્તૃત વાત કરી છે. સન ૨૦૧૧માં ભારતીય જનતા પાર્ટીએ આ જી.એસ.ટી.નો વિરોધ કર્યો ન હોત તો એની શરૂઆત છ વર્ષ પહેલા થઇ ગઇ હોત. માનનીય સૌરભભાઇએ વાત કરી કે અમે એનો વિરોધ નહોતો કર્યો. બીજી એમણે એ વાત કરી કે એક કમિટી બનાવી હતી એમાં આના અંગેની સર્વસંમતિ થતી નથી. પણ ધીમે ધીમે શરૂઆત થઇ એમાં મૂળ હક્કની વાત હતી રાજયો અને કેન્દ્ર એ પરોક્ષ રીતે આ જી.એસ.ટી. આવતા બદલાય જાય એ અંગેની વાત કરી. એ વાત કરેલી. બીજી વાત શક્તિભાઇ સાહેબે કહી છે. એટલે એ વાતને દોહરાવતો નથી, પણ હું એટલું ચોક્કસ કહીશ કે સૌરભભાઇ સાહેબ એમ કહેતા હતા કે અમે લિમિટેશન માત્ર વસ્તુઓ પર કર્યો છે. અહીં હોત તો મારે કહેવું હતું કે એમણે એમ કહ્યું હતું કે ગુજરાતની અંદર ૩૦,૦૦૦ કારખાનાઓને આજે અસર થવાની છે. આ એમનો લેખિત પુરાવો છે. જયારે ૩૦,૦૦૦ કારખાનાઓને જો આ રીતે ખરેખર અન્યાય થવાનો હોય અને ૧,૦૦,૦૦૦ લોકોને રોજગારીથી બહાર રહેવું પડશે એવી વાત કરેલી. મારે પૂછવું છે કે ખરેખર એ ૩૦,૦૦૦ કારખાનાઓ આજે સેઇફ થઇ ગયા? ૧,૦૦,૦૦૦ લોકો જે કહેવામાં આવતા હતા કે તેમને અસર થશે તો શું એ લોકો સેઇફ થઇ ગયા? સૌથી મોટી વસ્તુ એ હતી કે ભારતીય જનતા પાર્ટીએ ૨૦૦૯માં તેના ચૂંટણી ઢંઢેરામાં શકિતસિંહભાઇએ કહ્યું તેમ વેબસાઇટ જોશો તો ટેકસનું માળખું છે એ વધુમાં વધુ ૧૪ ટકાની આસપાસ ડેવલપમેન્ટ કરીશું. એમ કરીને લોકોને જબરજસ્ત વચનો આપેલા. આજે આપણે જોઇએ તો એ વચનોના આધાર પર જે સરકાર બની અને આજનું જે માળખું છે એ માત્ર ૧૮થી ૪૦ ટકા સુધી ધીમે ધીમે થવાનું છે એ સ્થિતિમાં આજે સરકાર, ભારતીય જનતા પાર્ટી. વચન શું આપ્યું અને આજે સ્થિતિ શું પેદા કરી છે. અરૂણ જેટલી સાહેબની વાત કહેવામાં આવી. રાજયસભાના વિપક્ષના નેતા હતા. તેમણે ૮૪મી વાર્ષિક સભા હતી તેમાં સ્પષ્ટપણે જી.એસ.ટી.નો વિરોધ કરેલો. ભારતીય જનતા પાર્ટીની વેબસાઇટ ઉપર જૂઓ તો આજે પણ તેમનું પ્રવચન અને તેમનો વિરોધ ત્યાં આગળ ચાલુ છે. તેની સાથે સાથે શ્રીમતી સુષ્મા સ્વરાજજીએ પણ આનો વિરોધ કરેલો. એ પણ આજે છે. આ બધી પરિસ્થિતિમાં અંત એ આવ્યો કે ગુજરાતમાં

ગુજરાત મોડલની જે વાત કરવામાં આવતી હતી કે ગુજરાત મોડલથી તમે કરો. દેશમાં કોઇ પણ વસ્તુ હોય તો એમ કહેવાય કે ગુજરાત મોડલ. તો એવું મોડલ કે સમગ્ર ભારત કરે. ગુજરાત મોડલની વાત કરવામાં આવી અને એ મુજબ આ જી.એસ.ટી. થાય. આજે શું ગુજરાત મોડલથી થયું ખરું? માનનીય મંત્રીશ્રીને મારે પૂછવું છે કે ખરેખર એ મોડલના આધાર ઉપર આજે થયું છે ખરું? ખાસ કરીને એ પૂછવું છે કે ગુજરાતમાં જે ૯,૦૦૦ કરોડ રૂપિયા એમ કહેવામાં આવતું કે નુકસાન થશે. ખરેખર આખા દેશમાં છ વર્ષમાં ૧૦ લાખ કરોડથી પણ વધારે આ ભારતીય જનતા પાર્ટીના કારણે નુકસાન થયું છે. આ આંકડા છે. જો તે વખતે એપ્રુવ થઇ ગયું હોત તો આજે કદાચ પરિસ્થિતિ જુદી હોત. આજે સ્થિતિ એવી થઇ કે આજે આપ કરો છો. શક્તિભાઇએ ઘણાં બધા સુધારાની વાત કરી. મારે વિશેષ નહીં કહેતા નીતિનભાઇ સાહેબને એટલું કહેવું છે કે સમગ્ર ભારતમાં ગુજરાતમાં પહેલેથી જ ટેક્સનું ભારણ વધુ રહ્યું છે. પેટ્રોલથી માંડીને અમુક વસ્તુઓ આમાં નથી લેવાની ત્યારે માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે બીજાં રાજ્યોમાં આજે પેટ્રોલનો ભાવ શું છે? ગુજરાતમાં કેટલા ટકા પેટ્રોલનો ભાવ વધારો છે. એક બાજુ જી.એસ.ટી. આવશે. સમગ્ર લોકોને ફાયદો થશે અને ગુજરાતમાં ગુજરાતની સાડા છ કરોડની જનતાને નુકસાન થવાનું છે. કેમ? કે બીજાં બધા કરતા પેટ્રોલ અને ડીઝલનો ભાવ અહીં વધારે છે. તો ચોક્કસપણે આ બાબતે પણ ચિંતા કરીને આમાં ઘટાડો કરવો જોઇએ એવી મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એનાથી આગળ વધીને કહું તો આજે એક ટકો ટેક્સ કેટલાય વર્ષોથી ગુજરાતની અંદર વધારાનો લેવામાં આવે છે. મારી પ્રશ્નોત્તરીના જવાબમાં પણ સરકારે સ્વીકાર્યું છે કે તેના કારણે દર વર્ષે ૨૦૦૦ કરોડ રૂપિયાની સરકારને વધારાની આવક થાય છે. અને શ્રી નીતિનભાઇ પટેલ સાહેબ, આ ગુજરાતમાં આઠ–નવ વર્ષથી રૂ.૨૦,૦૦૦/– કરોડથી પણ વધારે રૂપિયા ગુજરાતની પ્રજા ઉપર વધારાનો ટેક્સ નાંખીને લીધા છે. સમગ્ર ભારતની અંદર જીએસટી આવવાનું છે ત્યારે અહીં બાકીની આઇટમો ઉપર એક ટકો વધારાનો ટેક્સ છે. અત્યારે જીએસટીમાં એ લીધી નથી. એમાં સરકાર એક ટકો ટેક્સ ઘટાડી દે તો લોકોને સૌથી મોટો ફાયદો થાય. તો જ ગુજરાતને અન્યાય ન થાય. નહીંતર એવું થાય કે ગુજરાતના મૉડેલથી આગળ જવાય પણ અંતે ગુજરાતની ૬.૫ કરોડ જનતાને આના કારણે જબરજસ્ત નુકસાન છે. મારે એ કહેવું છે કે આપણો જે રેશિયો છે અને એ રેશિયા બાબતમાં શ્રી નીતિનભાઇ સાહેબને ચાર–પાંચ સૂચનો કરવામાં આવ્યા. ઘણી વસ્તુઓ સો ટકા એક્પોર્ટની છે. દા.ત. ઇસબગુલ છે. કદાચ એ રાજસ્થાનમાં થતું હોય. એરંડા છે. આ બધી વસ્તુઓનું ૯૪–૯૫ ટકા એક્સપોર્ટ થતું હોય છે. ત્યારે આ બાબતે એ કમિટિની અંદર રજૂઆત કરવી જોઇએ. આ બધા ટેક્સ મુકત થાય એ બાબતની રજૂઆત કરવી જોઇએ. આ થાય તો ખેડૂતોને ચોક્કસપણે ફાયદો થાય. આનાથી પણ આગળ વધીને વાત કરવાનું મન એટલા માટે થાય કે આજે ગુજરાત મોડલ થકી વિકાસલક્ષીની વાત થાય. વિકાસલક્ષીની વાત રિયાલિટિમાં કરવી હોય તો મેં જે સૂચનો કર્યા છે એ વસ્તુઓના ટેક્સમાં ઘટાડો થાય તો જ ગુજરાતને અન્યાય ન થાય. નહીંતર ગુજરાતને જબરજસ્ત અન્યાય થશે એવી પરિસ્થિતી પેદા થવાની છે. મારે શ્રી નીતિનભાઇને વિનંતી કરવી છે કે જે થયું તે થયું પણ હવેની પરિસ્થિતિમાં ગુજરાતને ફાયદો થાય એવી રજૂઆત કરવી જોઇએ. ૧૮ મહિનાથી બિલ ત્યાં પડી રહ્યું છે અને આપણે કશું કરી શક્યા નહીં અને જુલાઇ ૨૦૧૭થી અમલ કરવાના છીએ. મેં બે–ચાર વાતો સાંભળી. પહેલા છ ટકા વ્યાજ મળતું હતું. આજે રિફંડ લેવું હોય તો કેટલી બધી મુશ્કેલી પડે છે. અહીં બેઠેલા કેટલાય લોકોને ખ્યાલ હશે કે ૬૦ દિવસનો કાયદો ચોક્કસ બન્યો છે. પરંતુ ૧૮૦ દિવસ સુધી આપણને રિફંડ મળતું નથી. પહેલા એનું વ્યાજ ૬ ટકા આપવામાં આવતું હતું હવે માત્ર ૩ ટકા આપવામાં આવે છે. મારે એવું સ્પષ્ટપણે કહેવું છે કે આપણી એવી સિસ્ટમ બનવી જોઇએ કે ૬૦ દિવસમાં એને ચોક્કસપણે રિફંડ મળી જ જાય. વેપારીઓને એમ કહેવાય કે એમના ટેક્સના ચાર કે પાંચ ટકા છે. પરંતુ મોડું થવાના કારણે બે–ત્રણ ટકા ટેક્સ એમાં વધી જતો હોય છે. તો આ ભારણ છે એ અંતે પ્રજા ઉપર પડતું હોય છે. તો સરકાર રિફંડ માટે કડક કાયદો બનાવે અને ૬૦ દિવસમાં એને રિફંડ મળી જ જાય. કોંગ્રેસે તો પહેલાથી જ શરૂઆત કરી છે અને એના સમર્થનમાં જ છે. હવે જે કમિટિ મળવાની છે એમાં આ બાબતની રજૂઆત થાય અને એનો અમલ ઝડપથી થાય અને પારદર્શક રીતે થાય તો ગુજરાતનું હિત થાય. એ બાબત ધ્યાનમાં રાખીને રજૂઆત કરવામાં આવે એવી મારી વિનંતી છે.

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરૂ(રાજકોટ–પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, બહુ ટેકનીકલ ચર્ચાઓ એટલા માટે નહીં કરું, કેમ કે બિલ આવ્યું છે અને ચીઠ્ઠીના ચાકરની જેમ એને પાસ કરવાનું જ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારો મુદ્દો એ છે કે ઘણા બધા કાયદાઓ બનાવીએ છીએ. પણ જે કાયદાઓ થયા હોય એનું અમલીકરણ સમયસર કરવાની વાત માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ કરી છે. શ્રી સૌરભભાઇએ કહ્યું કે અમે ક્યા કારણોસર એમાં સહમત થતા નહોતા એના ઘણા બધા કારણો આપ્યા. એની ટેકનાલીટીની મને ખબર નથી એટલે એમાં નહીં પડું. બહારથી જોઇએ તો એવી ખબર પડે. કે આ સરકારને એનું ઇમ્પ્લીમેન્ટેશન કરવું હતું કે નહોતું કરવું, અને સરકાર ખાલી રાજકીય દ્રષ્ટિથી જ જોવે છે કે એનાથી ઉપર ઉઠીને જોવે છે એટલી થોડીક અમે નજર રાખીએને તો ખબર પડે. એટલા માટે ખબર પડે કે આ જી.એસ.ટી.ની તો પેટ્રોલીયમ પેદાશનું, દારૂનું અને એને લીધે નહોતા સહમત થતા, આપણને નુકસાન જતું હતું એ પૂરું નહોતું થતું એવી બધી સૌરભભાઇએ વાતો કરી, એવી જ રીતે એને સંલગ્ન કાયદો કેન્દ્ર સરકારે ૨૫ ટકા પ્રાયવેટ સ્કૂલની જગ્યાઓમાં ગરીબ બાળકોને ભણાવવા આ કાયદાનું ઇમ્પ્લીમેન્ટેશન સમયસર શા માટે નહોતું કરવામાં આવ્યું અને આવ્યા પછી પણ કેટલી ધીમી ગતીએ એનું ઇમ્પ્લીમેન્ટેશન થાય છે, એવી જ રીતે અન્નનો કાયદો આવ્યો, મનરેગાનો કાયદો આવ્યો, બધામાં ગુજરાત સરકારે જે લોકોને સીધો જ ફાયદો થતો હતો અને છતાં પણ એ પાસઓવર કરવામાં શું કરવા વિલંબ

કર્યો તો કહે કે એ કેન્દ્રની કોંગ્રેસ સરકાર છે અને એને જો ક્રેડીટ જાય તો આપણે એ ફાયદો ભલે ગરીબ હણાય પણ એને ફાયદો આપણે પહોંચવા નથી દેવો જયાં સુધી આપણને એનો લાભ ના થાય, આવી ટૂંકી દ્રષ્ટિથી જયારે સરકારો કામ કરે છે. હમણાં બહુ જ સરસ વાત ભા.જ.પ. ના મારા રાજકીય મિત્ર એક બોર્ડના ચેરમેન છે, એમણે એક વખત મને કીધું કે તમારો કોંગ્રેસનો વારો હજી ૧૦–૧૫ વર્ષ નહીં આવે. મેં કીધું કે શું કામ નહીં આવે તો કહે કે અમારી જેવા તમારી પાસે નેતા નથી. એટલે મેં પ્રાર્થના કરી કે હજી એમાં બીજા ૫–૧૦ ઉમેરી દો એટલે કે ૨૦ વર્ષ ના આવે તો વાંધો નથી પણ તમારા જેવા નેતા અમારામાં ના પાકેને એટલી હું ભગવાનને પ્રાર્થના કરુ છું. લોકોને કયાં ખ્યાલ નથી અને કયાં મુરખ બનાવવા, સાહેબ, અમારામાં આવો પાકી જ ના શકે અને એ શકય જ નથી. અમારી વિચારધારા, અમારી કાર્યપ્રણાલિમાં એ શકય જ નથી. (અંતરાય) જયારે ગુજરાતની પ્રજાને લાભ આપવામાં પણ જે સરકારે મોડું કર્યુ હોય એ જ સરકારે આ જી.એસ.ટી.ના બિલમાં સહકાર કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર હોય એટલે ન આપ્યો હોય પછી સૌરભભાઇએ કર્યુ અને હમણાં નીતિનભાઇએ પણ ઘણા દાખલા અને દલીલો કરીને ઉભા થશે પણ સરકારનો ઇન્ટેન્શન જ કાયદા ઇમ્પ્લીમેન્ટેશનમાં મોડું કરવાનો હોય અને એ સરકારમાં ઉપર બન્યા એટલે ડહાપણ ખૂબ આવી ગયું હોય એવું માનવાને કારણ નથી. અહીંયા પણ હતું, આ વહેલું કરવાની જરૂર હતી. બધાએ કીધું છે એટલે એનું રીપીટિશન નહીં કરું પણ આ કાયદાનું ઇમ્પ્લીમેન્ટેશન એટલા માટે નથી થતું કે ફકત અને ફકત રાજકીય લાખ ખાટવા માટેની ટૂંકી દ્રષ્ટિના લોકો ખૂબ ઉપરના સ્થાને જઇને બેસી ગયા છે. આમાં વેપારીઓને મુશ્કેલી ઓછી થશે એવું કીધું છે. વેપારીઓને આમાં ઓફીસરરાજમાંથી બહુ છુટકારો મળે એવું નથી લાગતું. ઘણી બધી વખત એવું હોય છે કે એક વર્ષનું બતાવે તો કહે કે બીજા ત્રણ વર્ષનું બતાવો, અધિકારીઓ ઉપર તો સરકારનો કંટ્રોલ છે જ નહીં. સારું છે ડાયરેકટ ટેકસીસ કર્યા. એમાંથી તમે પાંચ ટકા કાઢવાના છો, પાંચ ટકા વેપારીઓનું તો તમે ચેકીંગ કરવાના છો તો તમારા અધિકારીઓ ત્યાં તપાસવા જાય, એની મુશ્કેલી એ થાય છે કે વેપારી પાસે ખોટું ન મળેને તો પિત્તો જાય છે પેલાનો કે આ વેપારી સાવ સાચો છે. એનામાં કંઇ ખોટું મળતું નથી. તમારા અધિકારીઓના એમાં પિત્તા જાય છે કે એમ થોડું ચાલે, તું ખોટું કર કે ના કર અમને દઇ દે. એટલે ખોટું ફરજીયાત કરવાનું અને પછી કહે કે વેપારી ખોટા અને એને દંડો અને પછી એમને જામીન ન મળે એમ દંડો. એટલે તમારો અધિકારી જે ધમકાવતો હતો એ હવે તો ધમકાવશે કે નહિતર તને સળિયા ગણાવીશું. એટલે પહેલા પાંચ દેતો હતો હવે તું પચ્ચીસ દે. ઓલામાં તો તને કાંઇ પૈસામાં પતતું હતું આમાં તને સળિયા ગણાવશું, આ જોગવાઇ છે એ વપારી માટે ખૂબ ગેરવાજબી છે, એને મુશ્કેલીમાં મૂકે એવી છે. અને પછી સાહેબ, ફરિયાદ કરવા જાવું તો પછી કોને કરવા જાવી? અત્યારની સરકારમાં મુશ્કેલી એ છે કે ફરિયાદ પણ કરવા જાવી તો કોની પાસે જાય? તમને મારે દુઃખ સાથે બહુ જેન્યુઅલી કહેવું પડે કે અધિકારી વર્ગ છેને એક લગભગ પોલિટિકલ પાર્ટીની જેમ વર્તવું પડેને એ સ્થિતિનું નિર્માણ આ ગુજરાતમાં થયું છે. મારી દ્રષ્ટિએ સૌથી કમનસિબ ઘટના હોય તો એણે અધિકારીઓને અધિકારની નથી રહેવા દીધા. આપણે એને ક્યાંક બંધનમાં, ક્યાંક એના નાના નાના લાભમાં અથવા તો એના ડરનો ઉપયોગ કરી અહીંયા સામે બેઠા છે એનાથી છેક નીચે સુધી સાહેબ, આ સ્થિતિનું નિર્માણ આ ૨૨ વર્ષની સરકારમાં થયું છે. એટલે સાહેબ, ફરિયાદ કોને કરવા જવાની? મુખ્યમંત્રી ફરિયાદ નિવારણમાં કોઇક ફરિયાદ કરે એનું પણ નિવારણ નથી થાતું તો હવે ફરિયાદ ક્યાં કરવા જવાની? વેપારી હોય કે બીજો હોય કે ત્રીજો હોય આ વાસ્તવિકતા છે. પછી ક્યાં જવાનલ? સામાન્ય લોકો સળિયા જ ગણવાના અથવા તો અધિકારીને દઇ દેવાના અને અધિકારીઓ ક્યાં અને કેમ પહોંચે છે એની તો ચૂંટણી નજીક છે એનો જવાબ લોકો જ દેશે એટલે મારે ઝાઝું એમાં નથી બોલવું. સાહેબ, આપણે ટેક્સ ઉઘરાવવા જઇ રહ્યાં છીએ. નવું માળખું એમાં કરી રહ્યાં છીએ. આજ દિવસ સુધી ઉઘરાવ્યો છે અને હવે પણ આવતા દિવસોમાં મારી દ્રષ્ટિએ એમાં ટેક્સ વધારે ઉઘરાવવાના છીએ. સાહેબ, શક્તિભાઇએ કીધું એમ ઇનડાયરેક્ટ ટેક્સ બધાને લાગું પડે છે. આજે ગરીબ માણસ છે એ ઝૂંપડપટીમાં રહેતો હશુ છે પણ એ અનાજ લેવા જાય. આમાં આપણે અનાજ ઉપર પણ ટેક્સ નાખ્યો છે. જ્યારે ચાર્ડમાં વેપારીએ ટેક્સ ભરવાનો છે. એટલે અલ્ટીમેટલી એના ચુઝરે ટેક્સ ભરવાનો છે. અનાજ લેવા જાશે, કાપડ લેવા જાશે કે પેટ્રોલ લેવા જાશે કે સિમેન્ટ–લોખંડ લેવા જાશે, સિમેન્ટના પતરાં લેવા જાશે એ જે કાંઇ પેટ્રોલ–ડિઝલ લેશે કે વાહન લેશે. સાહેબ, એ જે કાંઇ નાનામાં નાની વસ્તુ લેશે. એક ગરીબ માણસે એ ઝૂંપડામાં રહેતો હશે. એ ટી.વી. જોશે તો એના ઉપર પણ ટેક્સ હશે. એની જીવન જરૂરી દરેક ચીજ ઉપર એ ટેક્સ ભરશે. એક કાળી મજૂરીના એના છોકરાના પેટ ઉપર પાટા બાંધીને આ ટેક્સ એણે ભરવાનો થાતો હોય છે અને છતાં તમને કહી દઉં કે હું એવું નહિ કહું કે મુખ્યમંત્રીના ગામમાં, પાછું બધાય કહેને કે એને જ ટારગેટ કરો છો. એટલે હું કહીશ કે રાજકોટમાં હું એવા વિસ્તારો પણ દેખાડું કે એ ગરીબને ત્યાં હજી પાણીની પાઇપ લાઇન નથી, એને રસ્તો નથી, એને ગટર નથી, એને જીવી શકાય એવી વ્યવસ્થા નથી. આ વ્યવસ્થા આ ટેક્સ ભરતા લોકોની આ સરકાર કરી રહી છે અને એ પણ ૨૨–૨૨ વર્ષ પછી. દર વખતે, આજે સારું થયું નહિતર તો સૌરભભાઇ જો કે વ્યવસ્થિત, નીતિનભાઇનો હજી હવે વારો આવશે. નહિતર એક જ વાત કરે કે ૨૨ વર્ષ પહેલા શું? હવે ૨૨ વર્ષથી તમે સરકારમાં છો ત્યારે બગેડલું હતું એ સુધારવાનો લોકોએ તમને ટાઇમ આપી દીધો તો હવે પહેલાની વાત શું હતી પણ તમે એમાં શું સુધારો કરી શક્યા? કાંઇ નથી કરી શક્યા એની વાત આ સરકારે એની પોતાની કાર્ય પદ્ધતિનો હિસાબ દેવાનો હોય; ના કે આગલી સરકારના કાર્યોનું પૂછવાનું હોય. હજી અમારી કેન્દ્રમાં વાત કરો તો હમણાં જ સરકાર ગઇ છે એનું બોલો તો બરોબર છે. અહીંયા તો તમને ૨૨ વર્ષ મળ્યાં. હવે થોડુંક તો એમ થાવું જોઇએ કે આપણે એનું બોલીએ તો નહિતર અમે ચીઠ્ઠી લઇ દઇએ એને જઇને તમે પૂછી આવો કે એણે શું કર્યું હતું. સાહેબ, એની ચર્ચા

મારી દ્રષ્ટીએ અસ્થાને છે. એ ચર્ચા વારે ઘડીએ ના થવી જોઇએ. સાહેબ, આપણે કાયદા બનાવીએ છીએ પણ એનું વ્યવસ્થિત રીતે પાલન થવું જોઇએ. હમણાં (અંતરાય) આવું, આવું એ કરીએ. આજે એ નહોતું યાદ કરાવવાની જરૂર. હું નહોતો બોલવાનો પણ એમણે યાદ કરાવ્યું એટલે સાહેબ મારે કહેવું પડશે. સાહેબ, લાંબો હાથ કરી કરીને ચમરબંધીઓને પણ નહિ છોડીએ. સાહેબ, ચમરબંધી સુધી તમે પકડીને છોડવાની વાત તો તમે પકડી નથી શકતા એ સવારમાં આજના છાપાએ લખ્યું છે. મારે એના ઉપર વધારે ચર્ચા નથી કરવી. હું એ લોકોની જેમ કોઇ વ્યક્તિગત જવા નથી માગતો. નહિતર પ્રદિપસિંહ જે આ ચમરબંધીની વાત કરતા હતા. તો આ ચમરબંધીની ડોક સુધી તમારો આ હાથ પણ પહોંચી શકતો નથી, આ વાસ્તવિકતા છે. (આ તકે સભ્ય શ્રીમતી વર્ષાબેન દોશી તેમના સ્થાનેથી બેઠા બેઠા કાંઇક બોલતાં) (અંતરાય)

અધ્યક્ષશ્રી : એમને બોલવા દો ભાઇ પ્લીઝ,પ્લીઝ ચાલુ રાખો, મારી સામે જોઇને બોલો.

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરૂ : બહેન હું બોલું છું એ કદાચ તમને નહીં સમજાય પણ તોય તમે તાલી ના પાડતા હું કોંગ્રેસનો છું, ત્યાં ઇગ્લિશમાં બોલતા હતા ત્યારે પણ તમે તાલી પાડી હતી.

સાહેબ, આમાં એક જોગવાઇ એ છે કે, બધા એ કહ્યું કે, આમાં ખુલ્લું જ હશે કે જે ટેક્સ ભરાઇ ગયો છે, મેં કોઇ વસ્તુ આજે લીધી એ વસ્તુનો ટેક્સ આગળની પાર્ટીએ જેણે પ્રોડક્શન કર્યું છે એ પાર્ટીએ ટેક્સ ભર્યો કે નહીં એ ઓન લાઇન દેખાશે પણ એની સાથે જવાબદારી તો એ પણ આવી કે, નહીં તો એ બાદ નહીં મળે. એટલે જવાબદારી એ પણ આવી કે એનું ધ્યાન પણ પાછું એક-એક બિલનું ધ્યાન, એક એક પ્રોડક્શનનું કે આગલા વાળાએ ટેક્સ ભર્યો છે કે નહીં, એ બીજા કોઇએ જોવાના બદલે વેપારીએ પોતે જોવાનું કે આગલાવાળાએ ટેક્સ ભર્યો છે કે નહીં અને એ બાદ લેવાનો કે નહીં? એટલે એ એક જવાબદારી વેપારી ઉપર વધારવામાં એમાં આવી છે કે, આગલા માણસે ટેક્સ ભર્યો છે કે નહીં એ પણ તમે જુઓ. એના ઉપર આ નવું ભારણ નાખવામાં આવ્યું છે.

સાહેબ, અત્યારે જે માર્કેટિંગ યાર્ડ દ્વારા સેસ લેવામાં આવે છે, ગઇ કાલે ટેક્સ એના ઉપર ખેડૂત ઉપર નથી આવતો, સહમત પણ જે સેસ છે એ પણ ખેડૂત ઉપર નથી આવતી એટલે ગઇ કાલે આપણી વાતનો સંકેલો કરી લીધો પણ સેસ જો એ ઉઘરાવી લેતા હોય છતાં પણ રોકડામાં તો આમાં અલ્ટીમેટલી તો જે આમાં ટેક્સ લગાડ્યો છે આપણે એ ટેક્સ તો એ ખેડૂત પાસેથી વેપારી લઇ જ લેવાના છે. એટલે આવી જોગવાઇઓ સાથેનું બિલ છે. પણ હું ખૂબ અભિનંદન આપીશ કે કોંગ્રેસના એક વધુ વિચારને તમે કાયદાના સ્વરૂપમાં સ્વીકાર્યો છે અને એને અહીંયા કાયદા તરીકે લઇ આવ્યા છો એ શ્રી મનમોહનસિંઘજીની નીતિ ઉપર ચાલવાનું તમે નક્કી કર્યું છે એના માટે હું તમને ખૂબ અભિનંદન આપુ છું અને એ માટે દેશમાં હજી વિકાસ ચાલુ રહેશે, જ્યાં સુધી તમે છો ત્યાં સુધી શ્રી મનમોહનસિંઘજીનો વિચાર જાગતો રાખજો આટલું કહી હું મારી વાત પુરી કરીશ, જયહિન્દ.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભા ગૃહની અંદર ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ બિલને બહાલી આપવા માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વ હેઠળ આ સરકારના નાયબ મુખ્યમંત્રી અને નાણા મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ જે બિલને લઇને આવ્યા છે તે બદલ અભિનંદન આપું છું, તેને સમર્થન કરું છું અને મારા વિચારો રજૂ કરું છું.

હું એક વાતથી સંમત છું કે, ડાયરેક્ટ ટેક્સ ઇઝ એ પોગ્રેસીવ ટેક્સ, હંમેશા કોઇ પણ પ્રકારના ડાયરેક્ટ ટેક્સ હોય એ પોગ્રેસીવ ટેક્સ છે અને ત્યારે સંસદના બંને ગૃહની અંદર આ દેશના વડાપ્રધાને જ્યારે આ બિલની રજૂઆત થઇ ત્યારે આ શબ્દ હતા કે, "દેશ કર આંતકવાદથી મૂક્ત થશે અને કર આતંકવાદની મૂક્તિની આ શરૂઆત થશે, તેનાથી ગ્રાહક રાજા બનશે તેમજ આ કોઇ એક પક્ષ કે સરકારની જીત નથી પરંતુ આ લોકશાહીની જીત છે". આ શબ્દ આ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના હતા.

એમાંથી વધારે વિગત આપું તો જી.એસ.ટી. એક્ટ ૧૨૨મા બંધારણીય સુધારણા બિલ તરીકે રાજ્યસભામાં તા.૩-૬-૨૦૧૬ના રોજ ૨૦૩ વિરુદ્ધ શૂન્ય મતથી પસાર કરેલો. એનાથી આગળ એ બિલ લોકસભામાં તા.૩-૮-૨૦૧૦ના રોજ ૧૦૧મા બંધારણીય સુધારણા બિલ તરીકે ૪૪૩ વિરુદ્ધ શૂન્ય મતથી પસાર કરેલો. એનાથી આગળ જઇએ તો એ.આઇ.ડી.એમ.કે. પક્ષના સભ્યો સિવાય આ બિલને પસાર કરવામાં સંસદના બંને ગૃહો વિપક્ષ સહિત અંદાજે ૯૦ જેટલા પક્ષોએ સંપૂર્ણ સમર્થન આપીને દેશના સંસદીય લોકશાહીના ઇતિહાસમાં ઉમદા અને ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. આજે એમ કહી શકાય કે, વિશ્વની અંદર ૧૬૦ જેટલા દેશમાં જી.એસ.ટી. જેવા ઇન ડાયરેક્ટ એક્ટ કે ઇનડાયરેક્ટ ટેક્સ રિફોર્મેશન થયા છે. વિશ્વની અંદર બીજા લોકશાહી દેશોને પણ આ એક આપણે ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડીશું. જી.એસ.ટી. બિલ હાલની એન.ડી.એ. સરકારમાં ૨૦૧૫માં લોકસભામાં પસાર કરેલું. પરંતુ એ રાજ્યસભામાં પેન્ડીંગ હતુ. કેન્દ્ર સરકારે આ બિલની અંદર ચાર સુધારા કરીને પૂનઃ રજૂ કરીને અત્યારે બિલ પસાર થયું છે. હું એમ કહી શકીશ કે ૯ વર્ષથી અટવાયેલું આ જી.એસ.ટી. બંધારણીય સુધારા બિલને સંસદ અને કેન્દ્ર સરકારે પસાર કરીને દેશના સન ૧૯૯૧ ના આર્થિક ઉદારીકરણ પછીનો સૌથી મોટો ટેક્સનો આ સુધારો છે અને એમ પણ કહી શકાય કે જી.એસ.ટી. ભારતની આઝાદી પછીના ઇતિહાસમાં સૌથી મોટામાં મોટો અને મહત્વનો ટેક્સ માળખામાં આ બદલાવ છે. જી.એસ.ટી. અંગે હમણા ઘણાબધા સભ્યોએ પોતાના વિચારો રજૂ કર્યા પણ એમાં એક ખુલાસો એ થાય છે કે જી.એસ.ટી. અંગેનો સૌ પહેલો વિચાર એન.ડી.એ. સરકારના વડાપ્રધાનશ્રી અટલ બિહારી બાજપાઇજીએ આ દેશની સમક્ષ રજૂ કર્યો હતો અને જેનો ઔપચારિક પ્રસ્તાવ પણ ૨૦૦૬ની

અંદર તત્કાલીન નાણામંત્રીશ્રી ચિદમ્બરમજીએ બજેટ સ્પીચની અંદર એને રજૂ કર્યો હતો. બંધારણીય સુધારો ખરડો પહેલીવાર ૨૦૧૧ની અંદર વર્ષના તત્કાલીન નાણાપ્રધાન પ્રણવ મુખરજીએ લોકસભામાં રજૂ કર્યો હતો અને ૨૦૧૪માં હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ એન.ડી.એ. સરકારે સત્તા સંભાળ્યા બાદ આ જી.એસ.ટી. ખરડાને રજૂ કર્યો હતો. હાલના કેન્દ્ર સરકારના બે વર્ષના ક્રાંતિકારી પગલાંઓના નિર્ણયમાં આ નિર્ણય શિરમોર સમાન છે. પહેલી જુલાઇ ૨૦૧૭થી આ સમગ્ર દેશમાં લાગુ થનાર છે અને દેશમાં હાલ કાચા અને પાકા એમ બે પ્રકારના બિલો બને છે તેના સ્થાને હવેથી એક પાકુ બિલ બનશે. જેમ કહેવાયું એમ કાળુ નાણુ અને ભ્રષ્ટાચાર રોકવામાં મદદ થશે. કૃષિક્ષેત્રે જી.એસ.ટી. એકટ બાકાત રાખવામાં આવ્યો છે. આ સૌથી મહત્વપૂર્ણ નિર્ણય છે. આ બિલ કે એકટ અમલમાં આવતા સમગ્ર દેશમાં એક બજાર બની જશે જેથી વેપાર સરળ બનશે. જેમ કહેવામાં આવ્યું તેમ ડોમેસ્ટીક મેન્યુફેકચરીંગ જે છે એને પણ ગ્રોથ મળવાનો છે કારણકે જે ઇમ્પોર્ટ કરતા હતા એમાં પણ ડયૂટી વધારે કરવાથી આપણે જે મેઇક ઇન ઇન્ડીયાની વાત કરીએ છીએ તો ડોમેસ્ટીક મેન્યુફેકચરીંગ ઇન્ડસ્ટ્રીઝ છે એને પણ ખૂબ ગ્રોથ મળવાનો છે. આ જી.એસ.ટી. બિલ અમલમાં આવતા દેશમાં પરોક્ષ કર સુધારાની એક ઐતિહાસિક પ્રક્રિયા શરૂ થશે અને એટલે જ જી.એસ.ટી.ના મૂળભૂત હેતુ ટેકસ પર લાગતા ટેકસ અર્થાત વધુ પડતા ટેકસ નાબૂદ કરવાનું છે. જેમ હમણા જ માનનીય સૌરભભાઇએ કીધું કે ટેકસ સ્ટર્ડીંગ ઇફેકટ એટલે ટેકસ ઉપર ટેકસ છે એ એન્ડ થશે એટલે કન્ઝયૂમરને આની અંદર સૌથી મોટો ફાયદો થશે. જયારે આ દેશની અંદર સૌથી મોટો ટેકસ સુધારો છે, આ ક્રાંતિકારી સુધારો છે. આના કારણે મેન્યુફેકચરીંગ કોસ્ટ પણ ઘટવાની છે અને સાથેસાથે ઘણાબધા સુધારા પણ જેમ સૌરભભાઇ, નાણામંત્રી નિતિનભાઇ પટેલે પણ કહયું છે એટલે વધુ દહોરાવતો નથી પણ એટલું કહી શકીશ કે રેવન્યુ કલેકશન કોસ્ટ એ પણ ઘટશે. કમ્પ્લાયન્સ ટેકસ પણ ઘટશે. Foreign investment will be more in the state of Gujarat due to the vibrant tax before. તો આપણ આપણે ઘણો ફાયદો થવાનો છે. બીજી મહત્વની વાત એ છે કે જે જોબ ઓપોર્ચ્યુનીટી છે એ આઇ.ટી. ફીલ્ડની અંદર જે વિદ્યાર્થીઓ છે જયારે આખી સિસ્ટમ કોમ્પ્યુટરાઇઝ થવાની છે તો એની અંદરથી એક ડીઝીટલ પ્લેટફોર્મ ઉભું થયું છે તો એમાં આઇ.ટી.ના વિદ્યાર્થીઓને પણ મોટી જોબ ઓપોર્ચ્યુનીટી મળશે. જે નાના ટ્રેડર્સ છે જે ૨૦ લાખથી નીચે ટર્નઓવર કરે છે અને they do not need to register અને જે રીફંડની વાત છે, સૌથી મહત્વની વાત છે તો refund will be received within seven days. આ સૌથી મહત્વની વાત છે ત્યારે વધારે આની અંદર ઉમેરતો નથી પણ આગળ પણ મેં કહ્યું છે કે. ડાયરેક્ટ ટેક્સ પ્રોગ્રેસિવ ટેક્સ છે, ત્યારે આ કાયદો એટલે કે વન નેશન વન ટેકસ. વન નેશન, વન માર્કેટ જયારે લઇને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી સન ૨૦૧૭ નું ગુજરાત વિધેયક ક્રમાંક-૨૫ ગુજરાત માલ અને સેવા વિધેયક ૨૦૧૭ લઇને આવ્યા છે, તેના પર હું મારા વિચારો વ્યક્ત કરું છું.

આજે મને ગૌરવ થાય છે કે એક ધારાસભ્ય તરીકે એક ધારા ઘડનાર તરીકે આજે ગુજરાત વિધાનસભામાં આ બિલ કે જે ૨૦૦૫ માં ડો.મનમોહનસિંહજી અને એ વખતના નાણામંત્રીશ્રી પી. ચિદમ્બરમજી જે બિલ લાવ્યા હતા એના ઉપર ચર્ચા કરવાનો મને મોકો મળ્યો છે. એ માટે હું આજે મારી જાતને ભાગ્યશાળી ગણી રહી છું. જે જુદા જુદા ટેક્સેસન હતા એમાં વેટ, એક્સાઇઝ, સી.એસ.ટી., સેલ્સટેકસ એમ કુલ કેન્દ્રના ૭ જાતના ટેકસ અને રાજય સરકારે જે ૯-૯ જાતના ટેકસ અત્યાર સુધી લીધા. એની વાત કરીએ અને એનો વિચાર કરીએ ત્યારે એમ થાય કે ૨૫ વર્ષ સુધી તમે ગુજરાતમાં સારી સારી વાતો કરી અને અલંકારિક ભાષામાં ભાષણો કરી અને પ્રજા જોડેથી ૯-૯ જાતના ટેકસના પૈસા તમે ખિસ્સામાંથી સેરવી લીધા અને પ્રજાને ખબર પણ ન પડવા દીધી. હું મહિલા ધારાસભ્ય છું, એટલે કે સ્વાભાવિક છે ક મહિલા જે વિચારતી હોય તે લાગણી અહીયા આવી જ જાય. જ્યારે ૧૮ જાતના ટેકસ ભેગા કરવાની વાત હોય ત્યારે હોલસેલમાં આ ટેકસ લેવાના હોય ત્યારે હોલસેલમાં ભાવ ઓછો થાય એમ જી.એસ.ટી. માં એનું ટોટલ જે ટેક્સેસન હોય એના કરતા જી.એસ.ટી.માં ઓછા દર લેવાય, તો એવું કરવામાં આવે તો મોંઘવારી ઘટી શકે, તો એના માટે મારી નાણા મંત્રીશ્રીને અને સરકારને રજૂઆત છે કે એવું ન થાય કે અબકી બાર મહેંઘી સરકાર. એવું તમારે સાંભળવું ન પડે એના માટે થઇને પણ આ દર ઘટાડવો જોઇએ. જી.એસ.ટી. means Goods and Services Tax is an indirect taxation in India merging most of the existing into single system as taxation. One nation, one tax ની વાત હમણા નાણામંત્રીશ્રીએ વાત કરી તો મારે કહેવું છે કે આપણે બીજા દેશો કરતા કેટલા બધા પાછળ છીએ. મારે નાણામંત્રીશ્રીને કહેવું છે કે ઓસ્ટ્રેલિયામાં ૨૦૦૦ ની સાલથી એટલે કે ૧૭ વર્ષ પહેલાંથી જી.એસ.ટી. બિલ અમલમાં છે. ત્યાં ફકત ૧૦ ટકા જ ટેકસ લેવાય છે. સિંગાપોરમાં પણ જી.એસ.ટી. ૭ ટકા છે. જ્યારે આપણા ગુજરાતમાં આપણે ઝીરોથી ૨૮ ટકા સુધીની વાત કરી છે. આપણે ત્યાં જમ્મુ કાશ્મિરમાં અમલમાં નથી આવવાનું. બાકી બધા રાજયોમાં જ્યારે અમલમાં આવવાનું છે અને નાણામંત્રીશ્રીએ હમણા વાત કરી કે શહેરમાં રહેનારા અને ગામડામાં રહેનારા એ બધા માટે એકસરખો ટેકસ ભરવાનો થશે. તો હું પુછવા માગું છું માનનીય નાણામંત્રીશ્રીને શું તમે જેટલી સગવડો શહેરમાં આપો છો એટલી જ સગવડો ગ્રામ્યમાં આપો છો? તમે ગ્રામ્યનો વિકાસ જુઓ અને શહેરોનો વિકાસ જુઓ. તો તમે એનું પણ સાથે સાથે ધ્યાન રાખશો અને ગ્રામ્યમાં પણ વધારે ધ્યાન આપશો.(અંતરાય) બહેન તમે રાજકોટ શહેરમાં રહો છો, ગ્રામ્યમાં નથી રહેતા. ગ્રામ્યની તકલીફો તમે નથી જોઇ. ઝીરો ટકા ટેકસમાં ચોખા અને ઘઉં, ફ્રસ્ટ સ્લેબમાં ૫ ટકા એટલે

મસાલા, ચા, તેલ સેકન્ડ સ્લેબમાં ૧૨ ટકા ફૂડ આઇટમ થર્ડ સ્લેબમાં ૧૮ ટકામાં. જે થર્ડ સ્લેબ છે જેમાં ૧૮ ટકા ટેક્સ લેવાનો છે. એમાં જે સાબુ, તેલ, ટૂથપેસ્ટ, રેફ્રિજરેટર, સ્માર્ટ ફોન એ બધી વસ્તુ એવી છે કે અત્યારે જીવન જરૂરીની વસ્તુ બની ગઇ છે. એટલે કે તે બધી વસ્તુઓ અત્યારે રોજબરોજ વપરાતી વસ્તુ છે. એમાં ૧૮ ટકા એટલો બધો ટેક્સ ન હોય અને સરકારે ફરી વિચારણા કરવી જોઇએ. રાજ્ય સરકારે જ્યારે કાઉન્સિલમાં જાય ત્યારે કેન્દ્રને કહેવું જોઇએ. આ બુકમાં તમે લખ્યું છે તે પ્રમાણે કે જ્વેલરી એટલે કે ગોલ્ડ, સિલ્વર પર તમે હજું નકકી નથી કર્યુ કે કેટલો ટેક્સ લેશો? તો હું તો મહિલા ધારાસભ્ય છું પણ બીજી ૧૩ મહિલા ધારાસભ્યોએ સૂર પુરાવવો જોઇએ કે સિલ્વર કે ગોલ્ડ, જવેલરી પર જયારે નાણામંત્રીશ્રી કાઉન્સિલમાં રજૂઆત કરે ત્યારે તેમાં જીએસટી ઓછો લેવાય તેવી મારી લાગણી છે. મહિલાઓ પણ હવે પુરુષ સમોવડી થતી થાય છે. ત્યારે મહિલાઓ વ્યવસાયમાં એટલી જ આગળ હોય છે તો તેમાં મહિલાઓને ખાસ ઇન્સેન્ટીવ આપવા માટે જીએસટીમાં પુરુષોની સરખામણીમાં દર ઓછો રહે તેવી મારી માગણી અને લાગણી છે. યુપીએ સરકારે જીએસટી બિલ લાવવાનું કહ્યું ત્યારે ભારતીય જનતા પાર્ટીના ગુજરાત સરકારના તત્કાલિન નાણામંત્રીશ્રીએ કાઉન્સિલમાં એક કરતાં અનેક વખત અને માનનીય શક્તિસિંહભાઇએ ઘણી ડીટેઇલમાં આ વાત કરી લીધી છે કે તેમણે વિરોધ કરેલો. તેમણે કહેલું કે વેપારીઓને ખૂબ જ નુકસાન જશે, વેપાર રોજગાર બંધ થઇ જશે. ગુજરાત મેન્યુફેકચરીંગ સ્ટેટ હોવાના કારણે ગુજરાતને લાખો કરોડો રૂપિયાનું નુકસાન થશે આવી બધી વાત તેમણે કરેલી, પણ હવે કેમ યુ ટર્ન? હવે તમને ખબર પડી કે આ બિલ રાષ્ટ્ર હિતમાં છે અને હમણાં જ સૌરભભાઇ કહેતા હતા કે વેટ જાય છે અને જીએસટી આવે છે. એટલે મારું પણ એ જ કહેવું છે કે ભારતીય જનતા પાર્ટી જાય છે અને કોંગ્રેસ આવે છે. અત્યારે ભારતીય જનતા પાર્ટીના જનસંઘના, બાપુ આવે છે.

અધ્યક્ષશ્રી : હવે બાપુ આવ્યા તો બાપુ આવે છે તેમાં વાંધો શું પડયો? શાંતિ રાખો ને ભલા માણસ. બાપુ આવે છે તો આવ્યા. બહેન તમારું પ્રવચન ચાલુ રાખો.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જનસંઘના સ્થાપક એટલે કે ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ દિનદયાળ ઉપાધ્યાની જન્મ શતાબ્દિ અત્યારે ભારતીય જનતા પાર્ટી મનાવી રહી છે. ખૂબ આનંદની વાત છે પરંતુ તેમનું મૃત્યુ આકસ્મિક રીતે થયું. મુગલ સરાઇ સ્ટેશન પર તેમનું મૃત્યુ થયું એટલે તે લોકો તપાસની માગણી કરતા હતા. આજે ત્રણ-ત્રણ વર્ષ થઇ ગયા છે અને સરકાર ભારતીય જનતા પાર્ટીની છે પણ કોઇ તપાસ તેમાં આગળ થઇ નથી તે દુઃખની બાબત છે. એક શિક્ષકે વિદ્યાર્થીને પૂછયું કે બે વત્તા બે કેટલા થાય. એટલે વિદ્યાર્થીએ એવું કહ્યું કે ૯.૫ થાય. તો શિક્ષકે ગુસ્સે થઇને કહ્યું કે આવું ગણિત કેવી રીતે શીખ્યો? તો તેણે કહ્યું કે અમે હોટલમાં એકવાર જમવા ગયેલા તો ત્યાં આગળ બે વત્તા બે એટલે ચાર વત્તા વેટ, વત્તા સર્વિસ ટેક્સ વત્તા શિક્ષણ વેરો અને જે સ્વચ્છતા અભિયાનની વાતો કરી ટેક્સ નાંખ્યો તે ટેક્સ, કૃષિ કલ્યાણ ટેક્સ એટલે હું કહું છું કે ૯.૫ થાય. ૫૦ લાખ સુધીના ટર્ન ઓવરની કેવી રીતે જીએસટીમાં જોગવાઇ કરશે અને તેમને મુક્તિ મળશે તેની કોઇ સ્પષ્ટતા નથી. બીજું કહેવાનું કે જે વેપારી જીએસટીમાં રજીસ્ટર થવાના છે પણ ૨૦ લાખના ટર્ન ઓવરની મુક્તિ મર્યાદામાં હોવાના કારણે ટેક્સ ભરવાના નથી તો તે વેપારી પાસેથી ગ્રાહક કોઇ ખરીદી કરે તો ગ્રાહકે ખરીદી પર ટેક્સ ભરવાનો રહેશે. આ જોગવાઇ થોડીક તકલીફમાં મૂકે એવી છે તો તેના પર ફરી વિચાર કરવો જોઇએ. જીએસટીનો કાયદો આ સરકાર અમલમાં મૂકવા જઇ રહી છે ત્યારે બે નંબરના વ્યવહારોને ટાળવા સરકારે જોગવાઇ મૂકી છે. જેમાં રજીસ્ટર વેપારી જયારે કોઇ અનરજીસ્ટર વેપારી જોડેથી કંઇ ખરીદે તો જીએસટી ટેક્સ રજીસ્ટર વેપારીને ભરવો પડશે. દા.ત. કોઇ રજીસ્ટર વેપારી હોય તે અનરજીસ્ટર વેપારી જોડેથી ચા-નાસ્તો કે કુરિયર જેવી નાની નાની સર્વિસ લેતો હશે તો તેને ટેક્સ રજીસ્ટર વેપારી હોય તેને ભરવો પડશે આ જોગવાઇ ફરીથી વિચાર માગી લે તેવી છે. અનરજીસ્ટર સપ્લાયર પાસેથી ચીજવસ્તુ કે સેવા લેવાના કિસ્સામાં વસ્તુ કે સેવા લેનારે ટેક્સ ભરવો પડશે. એવું જ માનનીય અધ્યક્ષશ્રી, સર્વિસ ટેક્સમાં પણ એવું જ થશે કે જી.એસ.ટી.માં સર્વિસ લેનારને ઉંધા કાન પકડવામાં આવશે, એટલે સર્વિસ આપનાર જો જી.એસ.ટી. ના ભરતો હોય તો સર્વિસ લેનારે ટેક્સ ભરવો પડશે, એ પણ ખૂબ વિચાર માંગી લે તેવી બાબત છે. સર્વિસ ટેક્સનો રિવર્સ ચાર્જ એ પણ જી.એસ.ટી.માં ઉંધા કાન પકડાવશે. અગાઉના અમારા ધારાસભ્યશ્રીઓ અને આગેવાનોએ જે વાત કરી કે પાંચ ચીજ વસ્તુઓ એવી છે કે જેમાં તમે ટેક્સ ઘટાડવા નથી માંગતા અને જી.એસ.ટી.માં ઉપરથી એ થોડાક વધારવાના છો. જો તમે ધારત તો એ વધારાનો એડિશનલ ટેક્સ કાઢી શકત અને જી.એસ.ટી.માંથી એની બાદબાકી કરત તો પેટ્રોલ, ડિઝલ, ક્રુડ, ગેસ એ બધામાં ભાવ ઘટાડો થઇ શકત. તો મોંઘવારીમાં પણ ફેરફાર થાત, ટ્રાન્સપોર્ટેશનનો ભાર ઘટત અને તો લોકોને મોંઘવારી ઓછી નડત. એક બીજી જોગવાઇ જે કરી છે કે ગામડાઓમાં દા.ત. મ્યુઝિકલ નાઇટ્સ કે ડાન્સ એક્ટીવીટી શો કે જેમાં પંચાયતો એ કર નથી વસૂલતી, એ જી.એસ.ટી.આવ્યા પછી તમે જે મનોરંજન કરનું જે સ્થાનિક સંસ્થાઓને એના અધિકારો સોંપવાના છો એ નિર્ણયથી ગામડાઓમાં નાની નાની બાબતોમાં પણ ટેક્સ લેતા થઇ જશે. તો એ બાબતમાં પણ આપ વિચાર કરશો. આટલું સારું બિલ જ્યારે દેશના ફાયદા માટે અને ગુજરાતના ફાયદા માટે લાવ્યા છો ત્યારે સર્વાનુમતે આ બિલને મંજૂરી આપવા માટે હું સંમત છું. જયહિન્દ, જયભારત.

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( નાયબ મુખ્યમંત્રીશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ મેં જે પ્રસ્તાવનામાં કહ્યું હતું એ પ્રમાણે એક ઐતિહાસિક બિલ પસાર કરવાના આપણે બધા સાક્ષી છીએ અને એના ટેકેદાર પણ છીએ. આજની આ ચર્ચામાં માનનીય શંકરસિંહજીએ જે શરૂઆત કરી એ પછી કુલ આઠ ધારાસભ્યશ્રીઓએ એમના વિચારો, સૂચનો અને ટીકાઓ રજૂ કરી છે એ સૌને હું આવકારું છું. મૂળ વાત એ હતી કે આ બિલ સર્વાનુમતે પસાર થાય એમાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ

એમના પ્રવચનના અંતમાં જ કહ્યું કે અમે આ કાયદાને સર્વાનુમતે મંજૂર કરવાની સંમતિ અને સમર્થન આપીએ છીએ એટલે એમની મૂળ વાત તો આવી જ ગઇ કે કાયદો સર્વાનુમતે મંજૂર થશે. પછી શક્તિસિંહજી અને વિપક્ષના બીજા માનનીય ધારાસભ્યશ્રીઓએ પણ જે વાત કરી, એમાં ફેરવી ફેરવીને એક જ વાત સમર્થન માટેની આવી.

માનનીય અધ્યક્ષશ્રી, હું નાનો હતો ત્યારે એક વાર્તા સાંભળતો હતો, સ્વાભાવિક છે એ બધાએ સાંભળી જ હશે. એક હાથી હતો. એ હાથીને થોડાક લોકો પાસે લઇ ગયા. એ લોકો આંખે દેખતા ન હતા, કુદરતે એમને દ્રષ્ટિ આપી ન હતી. ભગવાને એમને તેજ નહોતું આપ્યું. એટલે એ પૈકી જે લોકો હાથીના જે અંગને અડ્યા એ પ્રમાણેના એમના વિચારો એમણે વ્યક્ત કર્યા. કોઇએ સૂંઢ પકડી તો કહ્યું કે આ તો જાડી અને હેલ્ધી છે, કોઇએ પગ પકડ્યો તો કહ્યું કે આ તો બહુ જાડો છે. કોઇના ભાગમાં પૂંછડી આવી, તો કહ્યું કે આ તો બહુ ટૂંકી અને પાતળી છે, પણ સર્વાનુમતે બધાએ ભેગા થઇને એક વાત નક્કી કરી કે આ હાથી છે. એમ જેને જે યોગ્ય લાગ્યું તે કહ્યું પણ હાથી અને મંજૂરી બે વાત ફાઇનલ થઇ ગઇ.

આપણો દેશ લોકશાહી દેશ છે. મારે માનનીય સભ્યશ્રીઓના ધ્યાન પર મૂકવું છે કે જે કેટલાક માનનીય સભ્યશ્રીઓના ધ્યાન પર નથી આવ્યું એટલે એમણે એવા પ્રકારના મુદ્દા અહીંયા રજૂ કર્યા છે. આ બિલ લોકસભામાં મંજૂર થયું. બધા જ પક્ષના સંસદ સભ્યશ્રીઓએ આને સપોર્ટ કર્યો. રાજ્યસભામાં મંજૂર થયું બધા જ પક્ષના સભ્યશ્રીઓએ એને સપોર્ટ કર્યો. જ્યાં લોકસભામાં કહેવા જેવી વાતો હતી, લોકસભામાં જે સૂચનો કરવા જેવા હતા ત્યાં કોંગ્રેસ પક્ષના સર્વ માનનીય સંસદ સભ્યશ્રીઓએ એને મંજૂરી આપી, ટેકો આપ્યો, સમર્થન આપ્યું અને અહીંયા જે આપણને લાગું નથી પડતું. એવા વિષયો ઉપર આપણાં માનનીય ધારાસભ્યશ્રીઓએ તેમના વિચારો વ્યકત કર્યા છે. ટેકસના કેટલાં સ્લેબ લાગશે તો એ લોકસભાએ નક્કી કરી દીધું, કાઉન્સિલે નક્કી કરી દીધું. લોકસભામાં જેમ બધા પક્ષના સંસદ સભ્યો છે તેમ કાઉન્સિલમાં મેં અગાઉ કહ્યું તેમ પહેલાં પણ હતા અને આજે પણ છે. દરેક રાજકીય પક્ષ જે ભારતમાં રાજય સરકારો ચલાવે છે, તે દરેકના નાણામંત્રીઓ તે સભ્યો છે. અહીંયા એવી વાત કરવામાં આવી તેજશ્રીબહેન કે ઇન્દ્રનીલભાઇ રાજયગુરૂ બોલ્યા કે જેનો ગુજરાતમાં આ બધો નિર્ણય આપણે જ કરી દેવાનો હોય અને આપણે જ નક્કી કરીએ અને જી.એસ.ટી. થઇ જવાનું હોય એ આપણી માન્યતા બિલકુલ પાયા વગરની છે બધુ જ કાઉન્સિલમાં નક્કી થાય અને હું આપને બધાને કહીશ કે સાહેબ આ કાઉન્સિલમાં માનનીય અધ્યક્ષશ્રી બંધારણમાં સુધારો કરી આખી પાર્લામેન્ટે અને રાજયસભાએ એ પ્રકારના અધિકાર આપ્યા છે આમ તો દેશમાં આપણે અત્યાર સુધી શું કરીએ છીએ લોકસભા સર્વપરી છે, રાજયસભા સર્વોપરી છે પણ હું માનું છું મારી સમજ પ્રમાણે શકિતસિંહજી તો વિદ્વાન હાઇકોર્ટ કક્ષાના વકીલ છે અને બીજા પણ ઘણાં વિદ્વાનો છે. ભારતમાં ભાગ્યે જ કોઇ કાયદો મારી જાણકારી પ્રમાણે તો એવો કોઇ કાયદો જ નથી પણ લોકસભાની ઉપરવટ જઇ આ કાઉન્સિલ જે નિર્ણય કરશે ગવર્નીંગ કાઉન્સિલ જી.એસ.ટી.ની આજે અને ભવિષ્યમાં સાહેબ આ કાઉન્સિલ આજીવન ચાલુ રહેવાની છે. દરેક રાજયના નાણામંત્રીઓ આજીવન તેમાં સભ્યો રહેવાના છે તે કદી પૂર્ણ નથી થઇ જવાની. કાઉન્સિલની કામગીરી પૂરી નથી થઇ ગઇ જેમ લોકસભા, સંસદ અને રાજયસભા આજીવન છે, વિધાનસભાઓ આજીવન છે તેમ આ કાઉન્સિલ આજીવન રહેવાની છે. અને આ જી.એસ.ટી.કાયદા પૂરતી બંધારણમાં સુધારો કરી એવી સત્તા કાઉન્સિલને આપવામાં આવી છે કે કાઉન્સિલ કોઇ નિર્ણય કરશે તો રાજયસભા કે લોકસભા પણ તેને ફેરવી નહીં શકે એટલી આ કાઉન્સિલને બંધારણમાં આખા દેશનું બધાજ રાજયોનું હિત જળવાઇ રહે એટલા માટે આપી છે. બહુ પરિપકવતાથી આ નિર્ણય કર્યો છે. સમજી લો કે આજે એકસ સરકાર છે પાર્લામેન્ટમાં અને કાલે વાય સરકાર આવે બીજા રાજયો દસ રાજયોને કનડગત કરવા કોઇ બીજો કાયદો કરે લોકસભા બહુમતિ હોય, રાજયસભા બહુમતિ હોય તો આ સુધારા પ્રમાણે એ નહીં કરી શકે. જયાં સુધી કાઉન્સિલ કોઇ નિર્ણય બહુમતિથી નહીં લે ત્યાં સુધી લોકસભા કે રાજયસભા પણ તેના એક પણ નિર્ણયમાં ફેરફાર નહીં કરી શકે. બીજુ ભલામણ કરવાની સત્તા કાઉન્સિલે ટેકસનું માળખું નક્કી કર્યુ જે આપણે સ્લેબ નક્કી થયા એ ચર્ચા કરી છે તે બધુંજ હવે કમિટિ નક્કી કરશે. અહીંયા થોડાં ઉદાહરણો માનનીય શકિતસિંહજીએ આપ્યાં, બીજા સભ્યશ્રીઓએ આપ્યાં એવું હજુ કશું જ નક્કી નથી કે કયા સ્લેબમાં કઇ ચીજ–વસ્તુ આવશે, માફીમાં શું આવશે, નાના ઓછાં ટેકસના સ્લેબમાં કઇ ચીજ–વસ્તુ આવશે, હાઇએસ્ટ સ્લેબ ૨૮ ટકા પછી એના ઉપર સ્લેબ છે, સેસ લેવાની છે તેમાં શું શું આવશે તે કોઇ પણ ચીજ–વસ્તુ કાઉન્સિલે હજુ આજસુધી નક્કી કરી નથી. મારી તો કોંગ્રેસ પક્ષના નેતાઓને વિનંતી છે કે આપને કદાચ એમ લાગતું હોય કે આ બાબતમાં કંઇ કહેવું છે તો હું તો આખા દેશના રાજયો જેમ મેમ્બર છે તેમ વન ઓફ ધ મેમ્બર ગુજરાત સ્ટેટના ફાયનાન્સ મિનિસ્ટર તરીકે ત્યાં છું. તમને યોગ્ય લાગે તો કર્ણાટકમાં તમારી સરકાર છે ત્યાંના નાણામંત્રીને તમે કહી શકો કે તમે કાઉન્સિલમાં આવું મૂકજો. તમારા નેતાઓ, તમારી પાર્ટી, તમારા પ્રમુખ કોંગ્રેસના મંત્રીઓને બોલાવીને કહી શકે કે આ પ્રમાણે તમે કરજો. આમાં કંઇ ગુજરાતમાં વિરોધપક્ષમાં છીએ એટલે આ બધુ કહીએ કે આમાં ટૂથપેસ્ટમાં ૨૮ ટકા આવશે અને સાબુમાં ૨૮ ટકા આવશે એવુ બધુ કંઇ છે નહીં પણ એ જયાં કહેવાનું છે ત્યાં કહો તો એ તમારા પ્રતિનિધિ તરીકે અમારી પાર્ટીના પ્રતિનિધિ તરીકે ચોક્કસ એ ત્યાં કહી શકે જેમ ગુજરાતના હિતની વાત મારે અભિનંદન આપવા છે માનનીય શકિતસિંહજીને કે એમણે મોડા મોડા પણ ઘણાં વર્ષો પછી કબૂલ કર્યુ કે સૌરભભાઇએ જી.એસ.ટી.કાઉન્સિલમાં જે કહ્યું હતું તે સાચું હતું. બીજા કારણો હું પછી આપું છું તમે કહ્યું કે મોડા મોડા કાયદો લાવ્યાં તેના અભિનંદન. તો મોડે મોડે તમે અમારી ગુજરાતની ભાજપ સરકારના નરેન્દ્રભાઇની મોદીની એ વખતની સરકારના નાણામંત્રીનું જે સ્ટેન્ડ હતું તે સ્ટેન્ડ તમે સ્વીકાર્યુ તે બદલ તમને અભિનંદન આપું છું. તમારી વિશાળતા

છે. તમે લોકશાહીના ભાગરૂપ છો એટલે તમને અભિનંદન આપુ છું. આપ કોઇ વાતમાં 'ના' કહેતા હોવ એ શા માટે કહેતા હોવ એ માટે બહુ નાનો અને સરળતાથી સમજવા પાત્ર એક જ દાખલો હું આપવા માગું છું. હું ગયા વર્ષનો જ એક દાખલો આપું છું કે, NEETની પરીક્ષા લેવી એવો ભારત સરકારે નિર્ણય કર્યો એ વખતે એવી વાત હતી કે NEETની પરીક્ષા ફક્ત અંગ્રેજીમાં જ લેવાશે. કારણ કે દેશમાં એક જ ભાષામાં લેવાતી હતી. બીજા અમુક રાજ્યોમાં હિન્દીમાં લેવાતી હતી પણ અમે એ વખતે NEETનો વિરોધ કર્યો. હું એ વખતે આરોગ્ય મંત્રી હતો. શંકર ભાઇ ચૌધરી અમારા સાથી મંત્રી હતા. અમે નક્કી કર્યું આ NEETને આ રીતે આપણે ન સ્વીકારી શકીએ. ગુજરાત સરકારે officially વિરોધ કર્યો. અમારી કેન્દ્ર સરકારના શ્રી જે.પી.નડ્ડા, ભારત સરકારના આરોગ્ય મંત્રી પાસે હું ગયો. માનનીય અમિત ભાઇને વાત કરી. માનનીય વડાપ્રધાન નરેન્દ્ર ભાઇ મોદી સાહેબને મળીને વાત કરી કે ગુજરાતમાં પરીક્ષા બોર્ડમાં લાખો વિદ્યાર્થીઓ લગભગ ૯૦ ટકા વિદ્યાર્થીઓ ગુજરાતીમાં ભણતા હોય છે. ૯૦ ટકા વિદ્યાર્થીઓ ૧૨મા ધોરણની પરીક્ષા ગુજરાતી ભાષામાં અભ્યાસ કરીને આપતા હોય છે અને એમને તરત જ તમે અંગ્રેજીમાં પરીક્ષા આપવા કહો એ કોઇપણ રીતે વાજબી નથી. અમે ધો.૧ થી માંડીને ૧૨ મા ધોરણ સુધી ગુજરાતીમાં ભણ્યા છીએ અને રાતોરાત કેવી રીતે અંગ્રેજીમાં તમે આ પરીક્ષા લો. કેન્દ્રમાં અમારી જ સરકાર, અમારા જ આરોગ્યમંત્રી હતા તેમ છતાં મેં પોતે જઇને ત્યાં વિરોધ કર્યો હતો. માનનીય ભૂપેન્દ્ર સિંહજીએ માનવ સંશાધન વિભાગમાં લેખિતમાં કહ્યું કારણ કે, સી.બી.એસ.ઇ. બોર્ડમાં પ્રક્રિયા કરવાની હતી. MCIમાં અમે વિરોધ કર્યો પછી ભારત સરકારે આપણી લાગણીને સ્વીકારીને નક્કી કર્યુ કે NEETની પરીક્ષા સ્થાનિક ભાષામાં એટલે કે ગુજરાતીમાં પણ લેવાશે એટલે આપણે સંમત થઇ ગયા. વિરોધ પણ આપણે જ કર્યો હતો. સંમતિ પણ આપણે જ આપી. તો એમાં એમ કહો કે તમે NEETનો વિરોધ કરતા હતા અને હવે કેમ દાખલ કરો છો. એ વખતે અમે અંગ્રેજીમાં લેવાની હતી એ માટે વિરોધ કરતા હતા પણ ગુજરાતીમાં પરીક્ષા લેવા સંમત થઇ ગયા એટલે અમે એને આવકારી લીધી. એ જ રીતે આ દાખલો આપું છું કે, તમે કેમ જી.એસ.ટી. નો વિરોધ કરતા હતા. ગુજરાતને નુકસાન થાય એવી પ્રક્રિયા ચાલતી હતી. ગુજરાત ઉત્પાદક રાજ્ય છે. ગુજરાતમાં manufacturing થઇ આખા દેશમાં માલ જતો હતો. ગુજરાત ઉપરાંત તામિલનાડુ, કર્ણાટક, મહારાષ્ટ્ર વગેરે રાજ્યોએ પણ તેનો વિરોધ કર્યો હતો. મહારાષ્ટ્રમાં પણ કોંગ્રેસની સરકાર હતી. મારી તો માનનીય શક્તિસિંહજીને વિનંતી છે કે એ વખતે તમારા કોંગ્રેસના નાણામંત્રીની સ્પીચ પણ મંગાવીને તમે જોઇ લેજો કે એ વખતે એમણે શું સ્ટેન્ડ લીધું હતું. દરેક રાજ્ય પોતાના હિતની વાત કરે એ જરૂરી છે. એ આવકાર્ય છે. આપણે ગુજરાતના હિતની વાત કરી હતી પણ આપણને આનંદ છે. સાહેબ મારે થોડીક માહિતી આપીને આંકડાકીય રીતે કહેવું છે કે, અહીં આપણે બહુ વાત કરી યુ–ટર્નની પણ આપણા લાભની વાત આવે તો આખો ઓ–ટર્ન પણ થઇ જાય.

અધ્યક્ષશ્રી : ઓ–ટર્ન જેવું કાંઇ હોતું નથી. યુ–ટર્ન સુધી જ હોય છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આખી સરકાર ફરી જાય એમ મારું કહેવું છે. યુ–ટર્નમાં તો છેડો પણ હોય છે. આમાં તો છેડો પણ ના મળે. મારે ૨–૩ નાની–નાની વાત કરવી છે કે, અમારા સાથી સૌરભ ભાઇએ ખૂબ સુંદર રીતે વાત કરી છે. હું એને લંબાવવા માગતો નથી પણ હું આંકડાકીય રીતે કહેવા માગું છું કે, યુ.પી.એ. સરકાર વખતે ગુજરાતને ૫૪૫૦ કરોડ ૪૩ લાખ રૂપિયાનું વળતર લેવાનું થતું હતું. બહુ આગ્રહ પછી પણ જે રકમ બાકી રહી એ ૨૩૨૯ કરોડની રકમ મેળવવાની બાકી હતી. એ પછી એન.ડી.એ. સરકાર આવી અને એ સરકારે સૌરભ ભાઇએ આગળ કહ્યું એ પ્રમાણે કહું સાહેબ. કે આ ૨૩૨૯ કરોડ રૂપિયાનું વળતર ગુજરાત સરકારને આપી દીધું, બીજા રાજ્યો જ્યાં કોંગ્રેસની સરકાર હોય, તૃણમુલની સરકાર હોય કે જનતા દળની હોય, કેરાલાની સરકાર હોય, જે રાજયોમાં જે સરકાર હતી બધાયને આ વળતર આપ્યું અને લગભગ ૧૫ હજાર કરોડ રૂપિયા છે, સાહેબ આ તો એક વિશ્વાસનો સવાલ છે. એ વખતે ભારત સરકારે એમ કહ્યું હતું માનનીય બલવંતસિંહે કહ્યું એ પ્રમાણે કે સીએસટી ચાર ટકામાંથી ત્રણ ટકા, બે ટકા, એક ટકો અને નીલ એમ કરી દેવાની વાત હતી. એ વખતે ભારત સરકારે ખાતરી આપેલી કે, અમે તમને જેટલું નુકસાન થાય ગુજરાતની મશીનરી બહાર જતી હોય અને ચાર ટકા વેરો મળતો હોય તો એના બે ટકા થાય એટલે આપણી આવક સ્વાભાવિક છે કે, અર્ધી થઇ જાય અને એ વખતે યુપીએ સરકારે ગુજરાતને અને દેશના બધા રાજયોની સરકારોને ખાતરી આપી હતી કે, તમને જે નુકસાન થશે એ અમે ભરપાઇ કરી આપીશું, પણ સાહેબ મને કહેતાં દુઃખ થાય છે કે, એ વખતના કેન્દ્રના નાણા મંત્રીશ્રીએ એમણે જે એમપાવર્ડ કમિટીમાં જે વચન આપેલું અને અધિકારીઓ પાસે ફાઇલ ગઇ અહીંયાં એમણે વચન આપ્યું પણ ફાઇલ નાણા વિભાગમાં ગઇ તો એ જ ચેરમેન, એમપાવર્ડ કમિટીના નાણામંત્રીશ્રી, પણ નાણા મંત્રી તરીકે ગયું એટલે એમણે લખી દીધું કે, અમારી પાસે પૈસા નથી, અમે તમને વળતર નહીં આપીએ એટલે આખા દેશના રાજ્યોને વિશ્વાસ તૂટ્યો. બીજી જે વાત થઇ, બધા માટે અગત્યની, બીજું બિલ અત્યારે હાલ જ આવે છે. સાહેબ, પાંચ મોટી ચીજ વસ્તુઓ–પેટ્રોલ, ડીઝલ, ક્રુડઓઇલ, ગેસ, લીકર આ બધું બધા રાજ્યોએ પોતાના પાસે રાખવાની માગણી કરેલી કારણ રાજ્યોની પણ કોઇ પોતાની સિકયોરિટી બાર માસી આવકની જોઇએ પણ હું ગુજરાત પૂરતી વાત કરું તો લગભગ ૨૦ હજાર કરોડ રૂપિયા આપણને આ પેટ્રોલિયમ પ્રોડક્ટમાંથી એના ટેક્સ પેટે પ્રાપ્ત થાય છે. ભારત સરકારે એ વખતે એવું કરેલું કે આ વીસ હજાર કરોડ રૂપિયા આપણને મળે છે એ સો ટકા આપણી આવક થાય. મારે આ ભેદરેખા બતાવવી છે માનનીય સભ્યશ્રીઓને કે, એ જો જીએસટીમાં જતું રહે તો ૫૦ ટકા ભારત સરકારના થઇ જાય, ૫૦ ટકા જ રાજયના રહે એટલે આપણી ૨૦ હજાર કરોડ રૂપિયાની આવક કશું કર્યા વગર ૧૦ હજાર કરોડ ભારત સરકાર લઇ જાય અને આપણને ૨૦ હજાર કરોડમાંથી અર્ધા થઇને ૧૦ હજાર કરોડ જ રહે એટલે આપણે વિરોધ કરતા હતા કે તમે સીએસટી

કાઢી નંખાયું, તમે આ પ્રોડક્ટો કાઢી નાખો, તમે મેન્યુફેક્ચરીંગ સ્ટેટને કોઇ મદદ ના કરો, અહીંયા ચર્ચા થઇ માનનીય શક્તિસિંહજીએ કહ્યું કે, અમે એટલા માટે વિરોધ કર્યો કે અમે એક ટકો માગણી કરતા હતા તો સાહેબ, એ માગણી કરવાનું લોજીક હતું, આપણે એકલા નહીં, પણ બધા જ જે મેન્યુફેક્ચરીંગ સ્ટેટ હતા એમણી માગણી હતી કે રાજય જે માલ વેચાવાનો છે જયાં ગ્રાહક એને વાપરવાનો છે એને એ ટેક્સ મળવાનો છે. એ રાજયને એ લાભ મળવાનો છે. ઉત્પાદકને નહીં મળવાનો. ગુજરાતનો સીમેન્ટ, પાઇપો, ફરનીચર, બીજું ત્રીજું જે પણ બને એ જે રાજયમાં વેચાશે એ રાજયને એનો ટેકસ મળવાનો. ગુજરાતને નહીં મળે. ઘસારો બધો આપણો, ઇન્ફ્રાસ્ટ્રક્ચર આપણું, ૨૪ કલાક વીજળી આપણી, રસ્તા આપણે કરી આપ્યા, બધી જ તમામ સુવિધાઓ આપણે કરી હોય, ઘસારો આપણા ખાતે અને જમા થાય બીજે. આવું એમાં જે ગણિત હતું એટલે એ વખતે આપણી સરકારમાંથી આપણે પ્રપોઝલ કેન્દ્રની સરકારમાં મૂકી હતી, મોદી સાહેબ આવ્યા પછી કે એક ટકો મેન્યુફેક્ચરીંગ રાજયને લેવાની છૂટ આપો જેથી આ જીએસટી આવવાથી જે નુકસાન થવાનું છે એ મેન્યુફેક્ચરીંગ રાજયો અને મહારાષ્ટ્રમાંથી હમણાં જ ભાજપની સરકાર બની ત્યાં પહેલાં તો કોંગ્રેસની સરકાર હતી, તામીલનાડુમાં જયલલિતાની સરકાર હતી, આંધ્રમાં બીજી સરકાર હતી, કર્ણાટકમાં કોંગ્રેસની સરકાર હતી. આ બધી જ સરકારોએ નક્કી કર્યું અને એક અવાજમાં કહ્યું કે એક ટકો રાખો પણ પકડેલું છોડવાનું એ માટે કોઇક ઉપાય તો કરવો પડે એટલે એવું કહ્યું કે, એક ટકો કાઢી નાખો તો અમે તમને ટેકો આપીએ એટલે ના છૂટકે કોંગ્રેસના વિરોધના કારણે આ એક ટકો કાઢવો પડ્યો, જેનું નુકસાન ગુજરાતને થયું અને થવાનું છે. માનનીય શક્તિસિંહજી આઠ હજાર કરોડને એવા આંકડામાં હું નથી પડતો. જે નુકસાનની વાતો કરે છે એ જો નુકસાન થયું હોય તો કેન્દ્રમાં આ કાયદો પસાર કરવાની સામે કોંગ્રેસની જે જીદ હતી કે આ એક ટકો નહીં રાખવો જોઇએ એ જીદ સંતોષવા માટે એ જીદ સંતોષવા માટે ગુજરાતને આ નુકસાન થશે એ સહન કરવું પડશે. એનો જો કોઇને દોષ આપવો હોય તો ફક્તને ફક્ત કોંગ્રેસને આપવો પડે. તમે વિરોધ કર્યો એના કારણે ગુજરાતને નુકસાન સહન કરવું પડ્યું. હજી એક ટકો આપે તો ગુજરાતને એક ટકાનું નુકસાન નથી થવાનું પણ કયાંક ગુજરાત આગળ આવી જાય. એ વખતે મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ હતા અને એ લોકપ્રીય થઇ જાય. માનનીય શકતિસિંહએ કહ્યું કે મને ચીદમ્બરજીએ કહ્યું ચીદમ્બર કે જે નાણામંત્રી હોય તે નામ નથી બોલ્યા મેં મોદી સાહેબને પત્ર લખ્યો હું તમને સમાધાન કરાવી આપું આવું કઇ સરકારમાં હોય ખરું કોઇ ધારાસભ્યને કાગળ લખે અને કહે કે એ કરી આપે. શક્તિસિંહ આપની લાગણી સમજું છું એના માટે માન અને પ્રેમ છે પણ એની જે સિસ્ટમ છે એ લોકશાહી વિરુદ્ધની છે. સિસ્ટમ બરાબર નહોતી. ચીદમ્બરમજી દા.ત. નાણામંત્રી તરીકે હોત અને એમને મોદી સાહેબનો ટેકો જોઇતો હોય કે ગુજરાત કે ભાજપનો આખા દેશમાં સપોર્ટ જોઇતો હોય તો એમણે અમારી નેતાગીરીને કહેવું જોઇએ, મોદી સાહેબને કહવું જોઇએ તમારો પ્રશ્ન છે આપણે સાથે બેસીને નિરાકરણ કરવું છે તમે મંજૂરી આપો. એમાં શક્તિસિંહ કેવી રીતે ચિત્રમાં આવી શકે. આવું જો પ્રેમથી થઇ ગયું હોત તો નર્મદા યોજનાની ઉંચાઇ વધારવાની ફાઇલ વર્ષો સુધી પડી રહી આ હાઉસમાં રીકવેસ્ટ કરી કરીને થાકયા કે મંજૂરી અપાવો કે મંજૂરી આપવો. આ રીતે પ્રેમથી થઇ ગયુ હોત તો આપણો દેશ અને રાજય કયાંયનું કયાંય પહોંચી ગયું હોત. માનનીય વિરોધપક્ષના નેતાશ્રી એ આપણા સૌના આદરણીય વડીલ છે. આજે છાપમાં ફોટો જોયો કે ભાજપ હોય કે કોંગ્રેસ બાપુ સરકાર આવે છે. આ બધું સાહેબ ફોટા....

શ્રી શક્તિસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, છાપામાં કંઇ આવે એને અહીંયા કોટ ન કરી શકાય. અમે મર્યાદા રાખીએ છીએ એનો અર્થ એવો નથી. આ હાઉસમાં છાપુ કોટ થતું નથી.

અધ્યક્ષશ્રી : માનનીય શક્તિસિંહજી, સહેજ પણ માનહાનિ થતી હશે તો હું અહીંયા બેઠા બેઠા નહિ ચલાવી લઉં.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય બાપુએ કંઇક પડતું મૂકવાની વાત કરી. બાપુ વરસોના અનુભવી છે એટલે હું ચેલેન્જ નથી કરતો પણ હું પણ થોડું થોડું લખવાનું શીખ્યો છું. મેં લખ્યુ કે ન ગમતું હોય તો પડતું ન મૂકાય, ન ગમતું હોય તો સામેવાળાને સમજાવીને સાથે લેવાય. આ તમે યુ.પી.એમાં ન કરી શકયા એ નરેન્દ્રભાઇએ કર્યું. એમાં ફક્ત દસ વર્ષ ગયા. બાપુએ એ સેન્સમાં કહ્યું કે તમને નહોતું ગમતું એટલે પડતું મૂકવું જોઇતું. એમ પડતું ન મૂકાય. કોઇ કાયદો ઘડવો હોય, આપણે કંઇક પ્રોબ્લેમ થાય તો અમારા અને તમારા દંડકે સાહેબની ચેમ્બરમાં જઇને સમાધાન કરેલા છે. એ રીતે યુ.પી.એ. સરકારે એવું કરવું જોઇતું હતું કરવાની ઇચ્છા હોત તો મારે તો એટલું કહેવું છે કે ન ગમતું હોય એટલુ પડતું ન મૂકાય. એના માટે સમજાવટ કરવી પડે ન ગમતું હોય તો એમને સમજાવીને સાથે લેવાય. યુપીએ સરકારે વિરોધ પક્ષને ન સમજાવી શકયા.સામ્યવાદીઓ પણ વિરોધમાં હતા. માનનીય શંકરસિંહજીએ દાખલો આપ્યો કે સોમનાથ ચેટરજી એ વખતની સરકારમાં યુપીએ સરકારમાં સ્પીકર હતા. બધા પક્ષોના જોડાણવાળી સરકાર હતી, સપોર્ટવાળી સરકાર હતી અમારી જેમ સ્પષ્ટ બહુમતિ વાળી સરકાર નહોતી, તે વખતે બધી ટેકાવાળી સરકાર હતી. સોમનાથજીને સ્પીકર બનાવેલા અને સામ્યવાદી પક્ષ માર્કસવાદીઓ અને સીપીઆઇ અને સીપીએમ બંનેએ વિરોધ કરેલો અને સોમનાથજીએ એટલી વાત કરેલી હું કોઇ વોટ નહિ આપું. તમારા બીજા સાથી પક્ષો વિરોધમાં હતા એટલે એકલા ભાજપ ઉપર કલેઇમ ન કરો કે ભાજપના કારણે આ કાયદો મોડો થયો. કોંગ્રેસ સિવાય કોઇ પક્ષ એ વખતે દેશની કક્ષાએ જી.એસ.ટી.ને સમર્થન આપતું નહોતું. એટલે ગુજરાત નહીં, ભાજપ નહીં, આખા દેશની સંયુક્ત વિચારસરણી ભેગી થઇ, સમજાવટ થઇ અને મોદી સાહેબે ફક્ત જે કર્યું છે, બધું ૯૯ ટકા ગોઠવેલું જ હતું. તેમાં હું સંમત. કોંગ્રસ સરકારમાં બધું તૈયાર હતું. પણ બધા પૂર્જા ભેગા કરીને યંત્ર ચાલુ કરવું પડે. ગીયર આમ પડ્યો

હતો, સ્ટીયરીંગ આમ પડ્યું હતું. એન્જિન આમ પડ્યું હતું, બધું જુદું જુદું હતું. આ લોકો ભેગું નહોતા કરી શકતા. મોદી સાહેબે ફક્ત બધું ભેગું કરીને એને ફરતું કરી દીધું અને આ જી.એસ.ટી. કાયદો લાવી દીધો છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શક્તિસિંહજીએ જે ખૂબ અગત્યના મુદ્દાઓ ઉભા કર્યા છે તે અંગે મારે થોડી માહિતી આપવી છે. તેમણે ટેક્સ પ્રેક્ટીશનરોની પણ અગત્યની વાત કરી. આની પણ કાઉન્સીલમાં બહુ ચર્ચા થઇ હતી. મારી પાસે પણ ગુજરાતના ટેક્સ પ્રેક્ટીશનરો બી.કોમ. હોય, એલ.એલ.બી. હોય અને ટેક્સ પ્રેક્ટીસ કરતા હોય એ પણ આવ્યા હતા. સી.એ. અને કોસ્ટ એકાઉન્ટન્ટ એ તો આના માટે ડિગ્રીધારી છે. હું માનનીય સભ્યશ્રીઓની જાણકારી માટે કહું કે જે પણ કાઉન્સીલમાં આ પ્રેક્ટીશનરોને આ કાયદા નીચે કામકાજ કરવાની છૂટ આપવી અને તેમને સાથે રાખવા. કારણ કે એમનો વ્યવસાય છે. વર્ષોથી કરે છે પણ સાહેબ, આખી કાઉન્સીલનો સર્વાનુમતે જે પછી ફાયનલ નિર્ણય થયો કે આમાં ઓડિટ કરવાનું હોય છે. ભૂતકાળમાં એવા ઓડિટો થયેલા છે કે બેલેન્સશીટ ખોટી હોય, કશું સાચું ન હોય અને બેંકોની કરોડો રૂપિયાની લોન, અહીંયા બાપુએ દાખલા આપ્યા. વિજય માલ્યા અને બીજાં લોકોના. એકાઉન્ટ એક સાચો નહીં. એ અધિકૃત માણસ સી.એ. કહેવાય. એટલે ઓડિટની સત્તા સી.એ.ને આપી છે પણ ટેક્સ પ્રેક્ટીશનરોને પણ જેમનું એક કરોડથી વધારે ટર્નઓવર હોય તેમને જ સી.એ. પાસે કરવાનું છે. નીચે વાળાને રજીસ્ટ્રેશન, રિટર્ન, અપીલ, રીફંડ જે વેપારીઓ કરે છે. એ કામ આ ટેક્સ પ્રેક્ટીશનરો કરી શકવાના છે. ફક્ત એ ઓડિટ નહીં કરી શકે. ઓડિટ રિપોર્ટ સર્ટીફાઇ નહીં કરી શકે. બાકી કોઇ વેપારીની મુદત હોય અને ત્યાં જાય, કોઇ વેપારી વતી જઇને રેકર્ડ આપે. દલીલ કરે એ બધું એમનું યથાવત રહેવાનું છે. ફક્ત એ ઓડિટ નહીં કરી શકે એવું કાઉન્સીલે સર્વાનુમતે નક્કી કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી જે અન્ય બાબતો અહીં ઉપસ્થિત કરવામાં આવી છે તેમાં માનનીય શંકરસિંહજીએ કહ્યું યુરિયા બાબતનું. યુરિયા એ પેટ્રોલિયમ પ્રોડક્ટમાં આપણે ગણતા નથી. યુરિયા ઉપરનો સ્લેબ અલગથી નક્કી થવાનો છે. તમામ ચીજ વસ્તુઓના સ્લેબ અલગથી નક્કી થવાના છે. એટલે અત્યારે એ પેટ્રોલિયમ પ્રોડક્ટ પાસે જે આપણે નવો કાયદો લાવીએ છીએ તેમાં આપણી પાસે એ રહેવાનું નથી. બીજું, માનનીય શંકરસિંહજી અને શક્તિસિંહજી બન્નેએ જે વાત કરી કે સજાઓ કડક છે. સ્વાભાવિક છે કે ટેક્સ ચોરી થતી હોય તો પ્રમાણિક, સાચા વેપારીને નુકસાન થતું હોય છે, છેતરપિંડીઓના અનેક પ્રકાર છે. ખોટા સી ફોર્મ આપવા, ખોટા ચલણો રજૂ કરવા, ખોટા ચોપડા રજૂ કરવા, બનાવટી બિલો રજૂ કરવા. આ બધું મોટા પ્રમાણમાં સમગ્ર દેશમાં ચાલે છે. એટલે આની પણ અમારે કાઉન્સીલમાં બહુ વિગતવાર ચર્ચા થયેલી. એ પછી એમાં જે નિર્ણય કર્યા કે જે ગંભીર ગુના કરે. ચોપડામાં-હિસાબમાં ભૂલ હોય તેની કોઇની ધરપકડ કરવાની કે જેલની સજા કરવાની કોઇ જોગવાઇ નથી. પણ વેપારી અસ્તિત્વમાં જ ન હોય, પેઢી અસ્તિત્વમાં ન હોય, ખોટા ભાગીદારના નામના રેકર્ડ, દસ્તાવેજ બનાવી, નંબર મેળવી લીધા હોય અને નકલી બિલો, નકલી ફોર્મ રજૂ કરી લોકોમાંથી ટેક્સ ઉઘરાવી લે. કારણ કે કોઇક તો ટેક્સ આપે જ છે. ગ્રાહક ટેક્સ આપે. પેલા પાસે ટેક્સ ગયો. એ ટેક્સ સરકારની તિજોરીમાં આવવો જોઇએ. પણ સરકારની તિજોરીમાં ટેક્સ ન ભરે અને મોટા પ્રમાણમાં ફોર્જરી અને છેતરપિંડી સહિતની જે ચોરીઓ કરે અને ૫૦ લાખ ઉપરની આવી ટેક્સની ચોરીઓ કરે. એમની સામે પોલીસ કેસ કરવાની આમાં જોગવાઇ છે. સાચા વેપારીઓ અને જેણે વહીવટી બાબતમાં રૂ.૨૫/- લાખનું ચલણ ભરવાનું હતું અને રૂ.૨૩/- લાખનું ભર્યું. એમને આવો કોઇ પ્રશ્ન નથી. પણ બધુ જ નકલી હોય, બધુ જ બનાવટી હોય એ પ્રકારે જો છેતરપીંડી કરે અને સરકારનો ટેક્સ લઇ જવાની જે કોઇ વ્યવસ્થા કરે એની સામે જ આ કરવાનું છે. મોટી રકમોવાળા ઉપર કરવાનું છે, વારંવાર કરવાવાળા ઉપર કરવાનું છે. એટલે એમાં એ જોગવાઇ કાઉન્સિલે બધા જ રાજ્યોએ, બધા જ પક્ષોએ સર્વાનુમતે કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, જે ખાસ સૂચન આવ્યા. અમારા શ્રી રણજીતભાઇએ વિગતવાર વાત કરી છે. શ્રી સૌરભભાઇ અને શ્રી દુષ્યંતભાઇએ પણ વિગતવાર વાત કરી છે. હજુ એક બાબત આપના બધાના ધ્યાન ઉપર મૂકું. હજુ કોઇ ચીજ ઉપર કેટલો ટેક્સ લાગશે એ નક્કી થયેલ નથી. એની ફિટમેટ કમિટિ હવે કામ કરવાની છે. સચિવોની કમિટિ, કમિશ્નરોની કમિટિ, બધા જ રાજ્યના પ્રતિનિધિ પ્રાઇમરી તૈયાર કરે. એક્સાઇઝ નીકળી ગઇ છે એટલે કઇ ચીજ ઉપર કેટલી એક્સાઇઝ હતી, ઓક્ટ્રોઇ નીકળી ગઇ છે, ઓક્ટ્રોય કેટલી હતી! એ બધુ નક્કી કરી, ખાવા પીવાની, રહેણી-કરણીની, પ્રાથમિક જરૂરિયાતની વસ્તુનો નીચામાં નીચે સ્લેબ હશે. વચ્ચેનો સ્લેબ સામાન્ય ચીજ-વસ્તુનો હશે અને લક્ઝુરીયસ જે હાઇ-ફાઇ જેને કહેવાય એવી ચીજ-વસ્તુ ઉપર ઉંચો ટેક્સ હશે. એમ જુદા જુદા સ્લેબમાં આ ટેક્સ લેવાવાના છે અને બાકી જે સૂચનો આવ્યા છે એમાં ટેક્સ પ્રેક્ટીશનર, સી.એ. વગેરેની વાત આવી ગઇ. દુનિયાની વાત આવી. કોઇએ સીંગાપુર અને એવા નાના-નાના દેશોની વાત કરી. આપણા રાજ્યથીયે નાના એવા દેશના દાખલા આપ્યા. કોઇએ ઓસ્ટ્રેલીયાનો આપ્યો. પણ આપણો ૧૨૫ કરોડ જનતાનો દેશ છે. હજુ આપણો ગરીબીમાંથી બહાર નીકળતો, વિકસીત થતો જતો દેશ છે. ઓસ્ટ્રેલીયા જોડે આપણી સરખામણી કરીએ, જાપાન સાથે કરીએ એ યોગ્ય નથી. આપણી જરૂરિયાતો, આપણી સંરક્ષણ જરૂરિયાત, ખેડૂતો માટે સિંચાઇના પાણીની, આવનારા સમયની વ્યવસ્થાઓ, પ્રજાને રોડ, રસ્તા, વીજળી, ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ૭૦ વર્ષમાં નથી આપી શક્યા એ આપવાનું હજુ બાકી છે. એની સાથે સરકારોના ખર્ચા, સાતમું પગાર પંચ આપ્યું, આ મોંઘવારી ભથ્થુ આપ્યું, આ ફલાણું ભથ્થું આપ્યું. આ બધું ક્યાંથી આવવાનું! આ સરકારની તિજોરીમાંથી. આમાંથી જ આવવાનું. મારો-તમારો પગાર, આ વિધાનસભાનો ખર્ચ. આ બધો ખર્ચ આ તિજોરીમાંથી આવવાનો છે. તિજોરી ભરેલી હોય તો આ બધુ આવી શકે. બાકી પગાર કરવામાં અને ભરવામાં જતું રહેશે. એટલે સરકારો વ્યાજબી રીતે, પ્રજાકીય રીતે કામ કરી શકે, દેશનો વિકાસ થાય ગરીબને ઘર મળે. શ્રી મોદી સાહેબે જે સ્વપ્ન સેવ્યું છે એ અમલમાં મૂકવાનું છે. ૨૦૨૨

સુધીમાં ભારતમાં કોઇ વ્યકિત ઘર વિહોણો નહીં રહે. આ કલ્પના છે એ સાકાર કરવા માટે આપણી ગુજરાત સરકારમાં રૂ.૨૦૦૦/– કરોડ મૂક્યા છે. શહેરી વિકાસ અને પંચાયત વિભાગે મૂક્યા છે. ગરીબને ઘર આપવું હશે તો સરકાર પાસે પૈસા જોઇશે. ગામડામાં વીજળીકરણ કરવું હોય, પીવાનું પાણી આપવું હોય, આ બધું ક્યાંથી કરવાનું! સરકાર ગમે તે પક્ષની હોય. આ અમે આવીને ટેક્સ નાખી દીધા, અમે આવીને આ બધુ કરી દીધું, તમે હતા અને બધુ માફી હતું, તમે પાણી આપતા હતા અને અમે કેનાલો તોડી નાખી, તમે નિશાળો બાંધી હતી અને અમે તોડી નાખી. તમે રસ્તા કર્યા હતા અને અમે જેસીબી લઇને રસ્તા ખોદી નાખ્યા એવું તો ક્યાંક નથીને! આ નથીને એ બધુ કરવાનું છે. આ કરવા માટે આ કરવાનું છે. એના માટે જ્યારે આપણી સરકાર, આપણે સૌ આખા દેશમાં સાથે મળીને કામ કરતા હોઇએ એટલે એને તમે સર્વાનુમતે મંજૂર કર્યું જ છે. માનનીય વિપક્ષના નેતાશ્રી અને કોંગ્રેસના સૌ સભ્યનો હું આભાર માનું છું. શ્રી મનમોહનસિંહજી એક નિષ્ઠાવાન અને ખૂબ જ ઉચ્ચ કક્ષાના અર્થશાસ્ત્રી છે એમાં કોઇ વિવાદ નથી. આપણે આ બાબતે એમની પાસે ચર્ચા કરવા માટે આપણું કોઇ યોગદાન નથી. એવા વ્યકિતના નામે, કોઇ ભગવાનના નામે કે કોઇ માતાજીના નામે કે જે નામે પ્રસાદ આપે એ પ્રસાદ લેવાનો. તમે ટેકો આપ્યો છે એ બદલ આપનો આભાર.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી પાસેથી બે વસ્તુઓ જાણવા માગુ છું. એક તો આપે કહ્યું કે હજી કોઇ રેટસ નકકી નથી થયા અને એટલા માટે મારી જે વાત હતી એ વાતમાં પણ મેં કહ્યું હતું કે એક ફોર્મ્યુલા અત્યારે ડ્રાફટ તૈયાર થયો છે કે કેવી રીતે કેલકયુલેશન કરવાનું, શેના ઉપર કેટલો ટેકસ જશે. એ જે ફોર્મ્યુલા છે એ ફોર્મ્યુલાના ડ્રાફટ મુજબ ટુથપેસ્ટ હશે, સાબુ હશે કે મોબાઇલ ફોન હશે એ ૨૮ ટકાના સ્લેબમાં પડશે જે તમારી પ્રીસ્ક્રાઇબ થયેલી કાઉન્સિલની પોતાની ફોર્મ્યુલા અને મેં વેરીફાઇ કર્યા પછી હું આપને કહુ છું, એ ફોર્મ્યુલા મુજબ ત્યાં પડે છે એટલે આપણે એક તો સ્ટેન્ડ એ લેવું પડે કે આવી વસ્તુઓ, આપ કહો છો કે અમારા અને તમારા પગાર કરવા માટે પૈસા જોઇએ, એના માટે ડાયરેકટ ટેકસ છે, એ પ્રોગ્રેસીવ ટેકસ છે એના ઉપર તમારે વધારવું જોઇએ, નહીં કે ઇનડાયરેકટ ટેકસ જે છે જે ટેકસ સામાન્ય માણસને પણ એટલો લાગશે, મર્સીડીઝવાળાને પણ એટલો લાગશે. જી.એસ.ટી.એ indirect tax છે. જે કોઇપણ સંજોગોમાં વર્લ્ડમાં કયાંય જતો નથી, એટલું જ નહીં મારી પાસે આપનો પોતાનો જે રીવાઇવીંગ ધ નેશનલ ઇકોનોમી બી.જે.પી.નો મેનીફેસ્ટો છે. આપની કાઉન્સિલમાં આવે તો અત્યારે ઘણા બધા સ્ટેટમાં આપ છો, જેના પાન ૧૯ ઉપર આપે કહ્યું છે CST will be rationalised between 12 and 14 per cent આપનો ચૂંટણી ઢંઢેરો છે કે જી.એસ.ટી. ૧૨ થી ૧૪ ટકા વચ્ચે જ રહેશે. આપની વગનો ઉપયોગ કરીને, આપ આપની પાર્ટીમાં મેનીફેસ્ટો બતાવીને એ સ્લેબ જેટલા નીચા રહેશે કારણ કે આખરે સામાન્ય માણસ ઉપર આ બોજ જવાનો છે.

અધ્યક્ષશ્રી : આમાં એમના પ્રશ્ન કરતા પણ સજેશન એ ગુજરાતના હિત માટે છે કે આમાં આટલું આટલું રહી જતું હોય અને તમે ત્યાં બેઠા હોવ અને જયારે કરો તો તમે અથવા તમારા સભ્યો એમાં સહયોગ કરે એવી એમની લાગણી અને માગણી છે અને મને લાગે છે કે સાચી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, આ તો આખા દેશની લાગણી હોય સ્વાભાવિક છે કે ગરીબ માણસ એનું ઘર ચલાવે, એના પરિવારનું લાલન પાલન કરે અને એને જરૂરી હોય એ બહુ ટેકસેબલ ના હોવું જોઇએ. મારી વાત એટલી જ છે કે આ બધી લાગણી આપણે ત્યાં મૂકેલી છે. જનરલ વાત એટલી છે, આપની પાસે આ કયાંથી આવ્યું, કેવી રીતે આવ્યું અને કયા ફોર્મેટમાં આવ્યું એ હું નથી સમજી શકતો. પણ હજુ ફીટમેન્ટ કમીટી કમિશ્નરોની, આની સિસ્ટમ હું એક જ મિનિટમાં કહી દઉ શકિતસિંહજી, મંત્રીશ્રીઓ પાસે કશું સીધું નથી આવતું. પહેલા ગ્રુપો બનાવ્યા છે, કાયદા સમિતિ, ફીટમેન્ટ કમીટી, નવા સુધારાની કમીટી, આપણા કમિશ્નર પી.ડી. વાઘેલા એમાં મેમ્બર છે. લો કમીટી વગેરેમાં આપણા સચિવ મોનાબહેન એ પણ ત્યાં મેમ્બર છે. આપણા અધિક મુખ્ય સચિવ મુકીમ પણ મીટીંગમાં આવે છે. એમ તમામ રાજયના કોઇપણ પક્ષની સરકાર હોય એના કમિશ્નર, સચિવ એ બધા જ કમીટીમાં પહેલા મળે, એ લોકો પ્રાયમરી ચર્ચા વિચારણા કરે, કાયદો કેવો હોવો જોઇએ, પહેલાં શું હતું, હવે શું છે, એની અસરો શું, એના ફાયદા શું, એનું નુકસાન શું એ બધું અધિકારીઓ એમના અનુભવના આધારે મૂકે. પછી એના એજન્ડાની કાઉન્સિલમાં ચર્ચા થાય. એનું પ્રેઝન્ટેન થાય જેમ આપણે કાલે કર્યુ. પ્રેઝન્ટેશન થયા પછી દરેક રાજય પોતપોતાની રીતે વાત મૂકે અને પછી એના ઉપર નિર્ણય લેવાય. હું આપને કહું ત્યાં કેવી ચર્ચાઓ થાય છે, બીડીની વાત આવી તો બીડીપત્તાવાળા રાજયો છે, આંધ્રપ્રદેશ, હૈદરાબાદ , મધ્યપ્રદેશ વગેરે બીડીપત્તા બહુ ભેગા કરે છે. પશ્ચિમ બંગાળમાં બીડી બનાવવાનો ગૃહ ઉદ્યોગ મોટા પ્રમાણમાં છે. તો ત્યાં ચર્ચા એવી થઇ કે બીડીને સીગરેટ સમકક્ષના રાખાય એ બધા સમજે છે કે સીગરેટ સુખી માણસ પીવે અને બીડી ગરીબ માણસ પીવે પણ ત્યાં પણ બે–ત્રણ મંત્રીશ્રીઓએ કડક રીતે કહ્યું, હું એમનું નામ નહીં દઉ પણ એમણે કહ્યું કે બીડી હોય કે સીગરેટ, ધુમ્રપાન કરવાથી કેન્સર થાય જ અને સીગરેટ કરતા બીડી પીવાથી વધુ કેન્સર થાય એટલે કોઇ દયા રાખવાની જરૂર નથી એટલે બીડી અને સીગરેટ ઉપર સરખો ટેકસ રાખો આવું કહેનારા પણ છે. એમનું લોજીક કેન્સર માટે હતું કે કેન્સર થાય તો એની પાછળ સરકારને પાંચ–પાંચ લાખ રૂપિયા સારવારના ખર્ચવા પડે. એના કરતા બીડી જ ના પીવે એવું કરો. આવું બધું જાતજાતનું આવતું હોય છે. એ બધી જ છણાવટો પછી મીનસ્ટર કાઉન્સીલ બધા નિર્ણય કરે છે. એટલે આ ફીડબેક માટે કોઇ હજી ક્યારે કોઇ અધિકારીએ સૂચન કર્યું

હોય, કોઇ રાજ્યએ કોઇ સૂચન કર્યું હોય એ આખરી નથી. બધું એકસાઇઝ કેટલી હતી, સેલ્સ ટેક્સ કેટલો હતો, બીજો ટેક્સ કેટલો હતો બધું મળીને કેટલું થશે એ બધું નક્કી કરવાનું. હવે નવી જે મિટિંગ છે એ થવાની છે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : પી.ડી. વાઘેલા સાહેબ ત્યાં છે એમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

અધ્યક્ષશ્રી : બહુ જૂના અને સિનિયર માણસ છે. ઓ. કે. થેંક યુ.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૭ ના વિધેયક ક્રમાંક–૨૫–સન ૨૦૧૭નું ગુજરાત માલ અને સેવા વેરા વિધેયકનું બીજુ વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

કલમ ૨ થી ૧૭૪, અનુસૂચિઓ, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

શ્રી નીતિનભાઇ ર. પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૭ ના વિધેયક ક્રમાંક–૨૫–સન ૨૦૧૭નું ગુજરાત માલ અને સેવા વેરા વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તેને પસાર કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૭ ના વિધેયક ક્રમાંક–૨૫–સન ૨૦૧૭નું ગુજરાત માલ અને સેવા વેરા વિધેયકનું ત્રીજુ વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૨૬.

ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા) વિધેયક, ૨૦૧૭

ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ વધુ સુધારવા બાબત વિધેયક.

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, સર્વ પ્રથમ તો હું આગળનું બિલ સર્વાનુમતે મંજૂર કરવા બદલ સર્વે માનનીય સભ્યશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માનું છું. માનનીયઅધ્યક્ષશ્રી, •રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૭ના વિધેયક ક્રમાંક ૨૬ – સન ૨૦૧૭ના ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા) વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું. '

ઉપાધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૭ ના વિધેયક ક્રમાંક–૨૬–સન ૨૦૧૭નું ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર દેશમાં જીએસટીનો કાયદો અમલમાં આવતા બધા જ રાજ્યોની અંદર પોતાનો ટેક્સ એકત્ર કરવા માટેના અત્યાર સુધીના જે વેટના કાયદા હતા એ આપો આપ રદ થાય છે. પરંતુ એની સાથે સાથે ભારત સરકારે નવા કાયદામાં જોગવાઇ કરી છે કે પેટ્રોલ, ડિઝલ, ઓઇલ, નેચરલ ગેસ, એવીએશન ટર્બાઇન ફ્યુઅલ અને આલ્કોહોલ એના ઉપર રાજ્યો પોતાનો નવો વેટનો કાયદો બનાવીને ટેક્સ ઉઘરાવી શકશે. માનનીય અધ્યક્ષશ્રી, હું વિગતવાર એટલા માટે નહિ કહું કે મેં અગાઉ ચર્ચામાં ઉલ્લેખ કર્યો છે. કે ગુજરાતમાં લગભગ વીસેક હજાર કરોડ જેટલી આ ચીજ વસ્તુઓ ઉપરથી આપણને આવક પ્રાપ્ત થાય છે. એટલે જી.એસ.ટી. કાયદો જે આવે છે એ પછી પણ આ પાંચ ચીજ વસ્તુઓ ઉપર રાજ્ય સરકાર ટેક્સ મેળવી શકે એવો વેટનો આપણો જે વેલ્યુ એડિશન કાયદો છે અત્યારે એ કાયદો સુધારેલા સ્વરૂપે આ પાંચ ચીજ વસ્તુઓ ઉપર ગુજરાત સરકાર વેરો ઉઘરાવી શકે તે માટેની સત્તા મેળવતું આ બિલ આપના સમક્ષ રજૂ કરું છું. ગુજરાતના હિતમાં છે, મોટી ગુજરાતની આવક આ ચીજ વસ્તુઓમાંથી થાય છે. ભારત સરકારે કાયદામાં જે જોગવાઇ કરી છે કે જ્યાં સુધી જી.એસ.ટી.ના કાયદામાં અન્ય સુધારો ન થાય ત્યાં સુધી આ કાયદા દ્વારા રાજ્યો પોતે પોતાની રીતે સો ટકા આવક આ ચીજ વસ્તુઓ ઉપર મેળવી શકશે અને એ મેળવવા માટેની સત્તા રાજ્ય સરકારને પ્રાપ્ત થાય એ માટે આ બિલ હું રજૂ કરું છું.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ(અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે એમાં પહેલી તો મારી આપના મારફતે માનનીય મંત્રીશ્રીને વિનંતી એવી છે કે, આપણી વિધાનસભાની કમિટીઓના અહેવાલોને પણ ક્યારેક ધ્યાને સરકાર લે તો આવકારદાયક છે. જ્યારે કોઇ પણ બિલ ડ્રાફ્ટ કરવામાં આવે ત્યારે ઓબ્જેક્ટસ એન્ડ રિઝન્સ, ઉદ્દેશો અને કારણો એ વધારે વિગતથી અને સરળ ભાષામાં માનનીય ધારાસભ્યશ્રીઓ સમજી શકે, કારણ કે, લોકપ્રતિનિધિત્વ કરવા માટે કોઇ ડિગ્રીની જરૂર નથી. ઘણી વખત લોકોને પસંદ આવતો હોય એવો વ્યક્તિ કોઠાસૂઝવાળો હોય, કાયદાની કલમોની ટેકનિકાલિટીમાં એમને ન ખ્યાલ આવતો હોય પરંતુ એની સૂઝ સૌથી ઉંચી હોય, એટલા જ માટે

• વિધેયક તા.૩જી મે, ૨૦૧૭ ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

આપણી સંસદીય પ્રણાલિકાઓમાં ઓબ્જેક્ટસ એન્ડ રિઝન્સ એ કલેરિટી સાથે આપવાના હોય છે. મારે દુ:ખ સાથે કહેવું પડે કે, માનનીય મંત્રીશ્રીએ કહ્યું પરંતુ ઓબ્જેક્ટસ એન્ડ રિઝન્સની બાબતમાં જો જોઇએ તો ઉદ્દેશો અને કારણો એમાં જે સાત નંબર જે આપ્યું છે, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા માટે બાકી રહેતા મર્યાદિત વેરામાં માલના સંબંધમાં કલમ–૧૧ સુધારવા ધાર્યું છે. આપ આપો ને વિગત સાથે કે જેથી માનનીય સભ્યશ્રીઓને ખબર પડે કે આપ શું સુધારો, શેના માટે, એની અસરો શું ? ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ–૨૦૧૭માં પતાવટ ઇચ્છતા ઉત્પાદકોના કિસ્સામાં ઇનપુટ વેરા સહ ઘટાડવા માટે પેટા કલમ–૮માં જોગવાઇ કરી છે. આપની જુની ૮, આપની સુધારેલી ૮(૫) અને પરંતુક, કન્ઝ્યુઝિંગ વસ્તુઓના બદલે કલેરિટી જેટલી હશે, બંને પક્ષેથી વાત કરવામાં, માનનીય સભ્યશ્રીઓ માટે એ સરળતા ઉભી થશે. માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે, અમે, હું પોતે એમાં સહમત હતો કે જ્યાં ચાર્ટડ એકાઉન્ટન્ટ જ નહીં પરંતુ ડિગ્રીધારી એડવોકેટ્સ અને ટેક્સેશનની પ્રેક્ટિસ કરનારા જે એડવોકેટ્સ છે એમને સત્તા મળવી જોઇએ, આ તો આપણા રાજ્યનું અત્યારે કરીએ છીએ. આપની કલમ–૬૩ આપ જુઓ જે આપ સુધારવા જઇ રહ્યા છો, આપની ઓરિજનલ જે સેકશન–૬૩ છે એ સેકશનમાં આપ નવો સુધારો કરીને જે ઉમેરો કરો છો એમાં, જે નવા બિલમાં આપના આજના બિલમાં ૧૭ નંબર ઉપર મુખ્ય અધિનિયમ કલમ–૬૩માં પેટા કલમ–૧માં નીચેના પરંતુકો દાખલ કરવા પરંતુ જેના વેરાપાત્ર ટર્ન ઓવર ૨૫ લાખ કરતાં વધુ હોય તેવા રજીસ્ટર્ડ થયેલા વેપારીએ ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ–૨૦૧૭ના અમલમાં આવ્યા નિયત દિવસના પહેલાના છેલ્લા દિવસે પુરી થતી મુદત સુધીના હિસાબના ચોપડામાં ઠરાવવામાં આવે તેવી વિગતો દર્શાવતું આખરી (છેવટનું) પત્રક ફાઇલ કરવું જોઇશે. વધુમાં વેરા શાખની પાંચ લાખ કરતા વધુ રકમ આગળ લઇ જવામાં આવે ત્યારે આઇ વિલ પોઝ હીયર, આ તમે ક્યા માટે કરો છો ? જી.એસ.ટી.નું અમલીકરણ શરૂ થાય એ પહેલાંનું બાકી રહ્યું હોય ત્યારે આખરી પત્રકને લગતા હિસાબો, ચોપડા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અથવા કોસ્ટ એકાઉન્ટન્ટ પાસે યોગ્ય રીતે ઓડિટ કરાવવાના રહેશે. આપ શા માટે આમાં ઉમેરતા નથી કે ટેકસેસનની પ્રેકટીસ કરનારા જે એડવોકેટસ છે એ પ્રમાણિત કરે તો આ તો આપના હાથમાં છે આપને કાઉન્સીલ પાસે જવાની જરૂર નથી. એક એમેડમેન્ટથી આ વસ્તુ પણ દાખલ કરવામાં આવે એવી માનનીય મંત્રીશ્રીને આપના મારફતે મારી વિનંતી છે. મને આનંદ થયો હોત, આજે માનનીય મંત્રીશ્રીએ અને ભૂતપૂર્વ માનનીય મંત્રીશ્રી સૌરભભાઇએ કહ્યું કે આપણને તો ઘણું ઘણું મળવા માંડયુ પહેલા મળતું નહોતુ. આ આવી ગયું, તે આવી ગયું તો પછી હવે આપ જયારે આ લાવ્યા ત્યારે આપે હાઇસ્પીડ ડિઝલમાં અત્યારે વેરાનો દર રૂપિયે ૨૪ પૈસા છે. મોટર સ્પીરીટ એટલે જેને આપણે સામાન્ય રીતે પેટ્રોલ તરીકે ઓળખીએ છીએ એનો વેરાનો દર રૂપિયે ૨૬ પૈસા છે. આપનો કુદરતી ગેસ રૂપિયે ૧૫ પૈસા છે અને માનવ ઉપયોગ માટેનો આલ્કોહોલીક દારૂ રૂપિયે ૬૫ પૈસા છે. ઠીક છે દારૂમાં તો બહુ પડવું નથી પરંતુ આ હાઇસ્પીડ ડિઝલ (અંતરાય) શું થયું? નીતિનભાઇને મદદ જ કરું છું. આટલી મદદ કોઇ ના કરે એટલી કરી છે સંયમપૂર્વક અને એ સંજોગોમાં આ જે દરો છે આનાથી મુશ્કેલી શું થાય? આપણે ત્યાંથી બહાર જનારો ટ્રક, આપણે ત્યાંથી બહાર જનારી લકઝરી બસ ગુજરાતની બોર્ડરની બહાર ડિઝલ ફુલ ટેન્ક કરીને જાય છે. રોજ અપડાઉન કરવાવાળા લોકોને મેં પૂછયું તો એમને વધારે ફાયદો થશે. મેં આજે સવારે પણ કહ્યું હતું કે ઘણી વખત ટેકસનો સ્લેબ ઘટાડો, તમારી આવક વધશે અને આ દરો જે છે એ ઘણા ઉંચા છે અને જો આપણે એમ કહેતા હોઇએ ઉપરથી આપણને ફાયદો થયો ત્યારે આ સંજોગોમાં આ દરો ઘટાડવાની દરખાસ્ત પણ આ બિલની સાથે લાવ્યા હોત તો આવકારદાયક હોત. જી.એસ.ટી. તરફ આપણે પ્રયાણ કરી રહ્યા છીએ ત્યારે મેં કહ્યું છે એમ કોઇ બિલ કયારેય પરફેકટ ન હોય પરંતુ જેટલું એપ્લીકેશન ઓફ માઇન્ડ, જેટલું ડ્રાફટ કરતી વખતે આપણી વધારે ચીવટ હશે એટલી સરળતા થશે અને કાયદાની લાંબા સમય સુધીની અસરો રહે છે એ સંજોગોમાં આમાં જે કેટલીક કલમોમાં ગુંચવાડા પેદા થાય એવી પરિસ્થિતિ છે એટલે આપણે ભવિષ્યમાં સુધારા સાથે આવવું જ પડશે. મોટાભાગનું જી.એસ.ટી.ને આનુવાંષિક આપ સુધારાઓ લઇને આવ્યા છો ત્યારે આ અંગે વિશેષ મારે કંઇ નથી કહેવું માનનીય મંત્રીશ્રી કહેતા હતા કે એવું કેવું હોય? નાણામંત્રી ડાયરેકટ અહીંયા ન કહે, તમને શું કામ વચ્ચે નાખે? અહીંયા જયારે હું વિરોધ પક્ષનો નેતા હતો, વારંવાર સામેથી મને વચ્ચે નાખવામાં આવતો હતો કે જાવને કહી આવોને, જાવને કહી આવોને, અને રાજયના હિતમાં માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે નીતિનભાઇને કહું છું કે નર્મદાની બાબતમાં પણ મારા પક્ષની સરકાર મહારાષ્ટ્રમાં હતી અને અહીંથી કહેવાયું હતું તો સામેથી ડેટા કલેકટ કરીને મહારાષ્ટ્રના કોંગ્રેસ પક્ષના મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચૌહાણને કહ્યું કે નર્મદાના વિસ્થાપિતોની બાબતમાં તમે અમારા હિતમાં એમ કહો કે વિસ્થાપિતોને જોઇએ તો હું મહારાષ્ટ્રની જમીન આપવા તૈયાર છું. આજે પણ આપની પાસે મિનિટસ નર્મદાની ઉપલબ્ધ છે અને મહારાષ્ટ્રે સ્ટેન્ડ લીધું કે મધ્યપ્રદેશના વિસ્થાપિતો ગુજરાતમાં જવા માગતા નથી તો મહારાષ્ટ્રમાં આવે તો એ વિસ્થાપિતોને અમે જમીન આપીશું આ નિર્ણય પણ બે રાજયોના મુખ્યમંત્રીએ નહોતો કર્યો, મને વચ્ચે નાખ્યો હતો અને મેં વચ્ચે પડીને કર્યું હતું. એમ આ બાબતમાં પણ મને અહીંથી જ માનનીય વજુભાઇ વાળાએ પણ ટકોર કરી હતી અને કામકાજ સલાહકાર સમિતિમાં એ વખતના મુખ્યમંત્રીશ્રીએ પણ કરી હતી કે જી.એસ.ટી.માં આટલું ગુજરાતના હિતમાં વાત કરોને અને એ વખતના નાણામંત્રીશ્રીને વાત કરી હતી અને પોઝીટીવ એમને રીસ્પોન્સ હતો એટલા માટે મેં એનો ઉલ્લેખ કરીને વાત કરી. ગુજરાતના હિતમાં રાજકારણથી પર ઉઠીને હંમેશા ભૂતકાળમાં નર્મદાની બાબતમાં વિપક્ષને સંપૂર્ણ સંપૂર્ણ વિશ્વાસમાં લેવામાં આવતો હતો અને નર્મદાની બાબતમાં કોઇ બાબત નહોતી નાખવામાં આવતી. આજે પરિસ્થિતિ થોડી પલટાઇ છે. આ એક એવું બિલ જેમાં ગુજરાતનું હિત પણ જળવાય અને જી.એસ.ટી. નું અમલીકરણ થાય તેના સંદર્ભમાં અમારી વાત છે. આ નાનાં

બે સૂચનો સાથે મારી વાત પૂરી કરું છું.

શ્રીઅજયકુમાર જ. ચોક્સી (સુરત-ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, હમણા આ સભાગૃહે જી.એસ.ટી. કાયદાને સર્વાનુમતિ મંજૂર કર્યો છે, ત્યારે માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણા મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબે જે વાત કરી. જી.એસ.ટી. કાયદો બનવાને કારણે અને મંજૂર થવાને કારણે આ વેટ કાયદો આપો આપ રદ થઇ જાય છે, ત્યારે આ જી.એસ.ટી. કાયદા હેઠળ જે કઇ આપણને બાકીની આઇટમ ઉપર જી.એસ.ટી. પછી વેટ લેવા માટે ૬ આઇટમો જી.એસ.ટી. એ બાકાત રાખી છે, તે માટે અને બીજી કેટલીક જી.એસ.ટી. કાયદામાં જે કઇ જોગવાઇઓ છે એને અનુરૂપ સુધારો કરવા માટે આ વેટ સુધારા વિધેયક ક્રમાંક-૨૬, ૨૦૧૭ અહીયા લાવવામાં આવ્યું છે. આ અગાઉ જી.એસ.ટી. ની ચર્ચા વખતે ઘણા સભ્યોએ વાત કરી કે ઇન ડાયરેક્ટ ટેક્સના રિફોર્મ્સની શરૂઆત ૨૦૦૨ માં સર્વ પ્રથમ વખત ૧૭મી જુલાઇના રોજ એમ્પાવર્ડ કમિટીનું ગઠન જી.એસ.ટી. અને બીજા ઇન ડાયરેક્ટ ટેક્સના રિફોર્મ્સ તરીકે સુધારા વધારા કરીને આ દેશમાં લાગુ પડે, એટલા માટે જે તે સમયના આપણા વડાપ્રધાન આદરણીય શ્રી અટલબિહારી વાજપાયી સાહેબે આ પહેલી પ્રક્રિયા અને આ વિચાર રજૂ કરવામાં આવ્યો હતો. ગુજરાતની અંદર જે સેલ્સટેક્સ પહેલા અમલમાં હતો, ત્યારપછી આ રિફોર્મ્સની પ્રક્રિયા આગળ ચાલતા ચાલતા આ રાજ્યની અંદર વેચાણ વેરા અધિનિયમના સ્થાને ૨૦૦૩ માં નવો ગુજરાત મૂલ્યવર્ધિત વેરો એક્ટ ગુજરાત વિધાનસભાએ પસાર કર્યો. ૨૦૦૩ માં ગુજરાત વિધાનસભાએ પસાર કરેલ આ વેટ એક્ટને મહામહીમ્ રાષ્ટ્રપતિજની તા. ૧૭મી જાન્યુઆરી ૨૦૦૫ ના રોજ મંજૂરી મળેલી અને ૨૫મી જાન્યુઆરી ૨૦૦૫ ના રોજ વેટ એક્ટ રાજ્યપત્રમાં જાહેરનામામાં પ્રસિદ્ધ થયેલ અને આ સમગ્ર પ્રક્રિયા આ રીતે પૂર્ણ થયા બાદ આ ગુજરાતમાં વેટનો અમલ શરૂ થયો. હમણા જે જી.એસ.ટી. કાયદો પસાર થયો, તેમાં આદરણીય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલે વાત કરી તે મુજબ પેટ્રોલિયમ ક્રૂડ, હાઇસ્પીડ ડીઝલ, મોટર સ્પીરિટ, કુદરતી ગેસ, એવીએશન ટર્બાઇન ફ્યૂલ, માનવ વપરાશ માટે આલ્કાહોલ, દારૂ જેવા માલ સિવાયના માલ ઉપર વેટના બદલે જી.એસ.ટી. લાગુ પાડવામાં આવનાર છે, ત્યારે આ રીતે ઉપરોક્ત પ્રોડક્ટ ઉપર વેટના સ્થાને જી.એસ.ટી. અમલમાં આવવાના કારણે મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ ૨૦૦૩માં જરૂરી સુધારા કરવા આવશ્યક લાગે છે. જી.એસ.ટી. માં જે સુધારો કરવામાં આવ્યો, એમાં સંવિધાનની જોગવાઇ મુજબ હવેથી ખરીદવેરો આપણે લઇ શકીશું નહિ, એના કારણે જે કલમોમાં આ ખરીદવેરો લેવાની જોગવાઇ કરવામાં આવેલ એવી કલમ નંબર ૯ આની અંદર કમી કરવાનું આમેજ કરવામાં આવ્યું છે. એવી જ રીતે પ્લાન્ટ, મશીનરી, પેકિંગ સામગ્રી, ભંગાર, વગેરે વેટમાંથી બાકાત કરવામાં આવેલ હોવાથી ધંધા અંગેની એની વ્યાખ્યા પણ બદલવી જરૂરી બન્યુ છે, એના કારણે આ વિધેયકમાં એની વ્યાખ્યા બદલવામાં આવી રહી છે. એવી રીતે ૨૦૦૩માં વેટ અધિનિયમની અંદર ઉચ્ચક વેરો ભરવા માટેની જોગવાઇ હતી. તેમાં જુદી જુદી કલમોની અંદર આ ઉચ્ચક વેરો ભરવા માટેની જોગવાઇ કરવામાં આવેલી. તેને કારણે હવે આમાં ઉચ્ચક વેરો ભરવા માટેની જોગવાઇ નથી ત્યારે જે કલમોની અંદર આ જોગવાઇ કરવામાં આવેલી તેવી કલમ નં.૧૪, કલમ નં.૧૪(ક), કલમ નં.૧૪(ખ), કલમ નં.૧૪(ગ) અને કલમ નં.૧૪(ઘ) હવે પછી આમાંથી કમી કરવાનું જરૂરી બનેલ છે. તેવી જ રીતે જે કોઇ માલ સામનના પેકિંગ માટેની કિંમત હોય છે તે કિંમત બાબતમાં વારંવાર વિસંગતતા ઉભી થતી હોવાથી હવે પછી આની અંદર કલમ.૧૦માં એવું આમેજ કરવામાં આવ્યું છે કે, જ્યાં જ્યાં આવી વિસંગતતા ઉત્પન્ન થાય ત્યાં પેકિંગના મૂલ્યોનો વેચાયેલા માલના મૂલ્યની અંદર તેનો સમાવેશ કરવામાં આવશે. તે પ્રમાણે આ નવા વિધેયકની અંદર જે લોકો જીએસટીનો વિકલ્પ લેવાના છે તે ગુજરાત વેટ અધિનિયમ ૨૦૦૩ હેઠળ વેરો ભરવા માટે જે લોકો જવાબદાર ન હોય તેવા તમામ રજીસ્ટર થયેલ વેપારીઓના રજીસ્ટ્રેશન હવે પછી રદ કરવામાં આવશે તેવો કલમ.૨૭ (ક)માં સમાવેશ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત આ અગાઉ વિરોધપક્ષના સભ્યશ્રીએ વાત કરી કે પાંચ લાખથી વધુ વેરા શાખ હોય તેવા કિસ્સાની અંદર ચાર્ટડ એકાઉન્ટન્ટ અથવા કોસ્ટ એકાઉન્ટન્ટ મારફતે તેનું ઓડિટ કરાવવું. આ અગાઉ જીએસટીના કાયદામાં માનનીય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબે વાત કરી કે, આની અંદર વેટના સમયમાં ઘણી બધી ગેરરીતિઓ થતી હતી. બોગસ નંબર, બોગસ પેઢી, બોગસ વેપારીઓ આ બધુ થતું અને પછી તેને પકડવું મુશ્કેલ થતું હતું કે કોણે કેટલો ટેક્સ લીધો. કેટલી બાકી લીધી, કેટલી ક્રેડિટ લીધી. તેના અનુસંધાનમાં આ એક જોગવાઇ કરવામાં આવી છે. કારણકે ચાર્ટડ એકાઉન્ટન્ટ અને કોસ્ટ એકાઉન્ટન્ટ તે કાયદા દ્વારા તે લોકોને મળેલી સત્તા મુજબ ડિગ્રી હોલ્ડર વ્યક્તિઓ છે. તેના દ્વારા જે કંઇ ઓડિટ થાય છે તે સામાન્ય રીતે કોર્ટ અને સરકારો માન્ય રાખતી હોય છે. તેના કારણે સરકારશ્રીએ આમાં ચાર્ટડ એકાઉન્ટન્ટ અને કોસ્ટ એકાઉન્ટન્ટ પાસે ઓડિટ કરાવવાનો સુધારો કરીને કલમ.૬૩માં તેને આમેજ કર્યુ છે. તે જ રીતે પેટ્રોલિયમ કંપની દ્વારા પેટ્રોલ, ડિઝલ અને બીજું બધુ વેચવામાં આવે છે અને તેના પર વેરો પેટ્રોલપંપના માલિકો પાસેથી લેવામાં આવે છે. પેટ્રોલપંપના માલિકો આ વેરો રીટેઇલ ગ્રાહકો પાસેથી વસૂલ કરે છે. તેમણે પોતે જે ખરીદી કરેલી હોય તે બાદ મેળવે છે અને ત્યાર પછી જ ટેક્સ જમા કરાવે છે. આ નવા સુધારાથી હવે પેટ્રોલિયમ કંપનીઓ ડાયરેક્ટ પેટ્રોલપંપના માલિકા પાસેથી વસૂલ કરીને સરકારમાં ભરશે અને તેના કારણે આ બધી કંપનીઓ તે સરકારી કંપનીઓ હોવાથી હવે આમાં પારદર્શિતા આવશે. કરચોરીનો અવકાશ રહેશે નહીં અને ભરવાપાત્ર વેરાની ગણતરી પણ સરળ બની રહેશે. જીએસટી કાયદો પસાર થવાને કારણે હવે પછી જે મૂળ વેટ અધિયનમ ૨૦૦૩ હતો તેમાં અનુસૂચિ-૧ની અંદર મુક્તિપાત્ર વસ્તુઓ હતી, લગભગ ૫૪ જેટલી આઇટમો હતી અને અનુસૂચિ-૨ની અંદર લગભગ ૮૭ જેટલી આઇટમો હતી કે જેના પર આપણે વેરો ઉઘરાવતા હતા તેને હવે પછી નાબૂદ કરવામાં આવે છે. અનુસૂચિ-૩ની અંદર સુધારા કરીને જીએસટી કાયદા હેઠળ આપણને જે છ ચીજવસ્તુઓ પર વેરો લેવાની સત્તા

આપવામાં આવી છે તેનો તેની અંદર સુધારો કરવામાં આવ્યો છે. તેમાં હાઇસ્પીડ ડિઝલ પર એક રૂપિયે ૨૪ પૈસા, મોટર સ્પીરીટ પર એટલે કે પેટ્રોલ પર એક રૂપિયે ૨૬ પૈસા, ક્રુડ પેટ્રોલિયમ પર એક રૂપિયે ૫(પાંચ) પૈસા, એવીએશન ટર્બાઇન ફયુઅલ પર એક રૂપિયે ૩૮ પૈસા, કુદરતી ગેસ પર એક રૂપિયે ૧૫ પૈસા અને આલ્કોહોલ પર એક રૂપિયે ૬૫ પૈસા લેવાશે. હમણાં વિરોધપક્ષના સભ્યશ્રીએ વાત કરી કે આની અંદર ઘટાડો લાવી શકયા હોત. આ અગાઉ જીએસટીના બિલમાં આની ખૂબ લંબાણપૂર્વક ચર્ચા થઇ છે. જીએસટી કાઉન્સિલની અંદર બધા રાજયોએ પોતાની સેફ્ટી માટેની વાત કરી તેને ધ્યાનમાં રાખીને જયાં સુધી જીએસટી કાયદાનો અમલ થાય નહીં. વરસ, બે વરસ, ત્રણ વરસ, પાંચ વરસ જાય નહિ અને રાજ્ય સરકારને જ્યાંસુધી વિશ્વાસ ના બેસે કે હવે જી.એસ.ટી. કાયદા હેઠળ પોતાના રાજ્યને હવે કેટલી આવક મળવાની છે, ભવિષ્યમાં એનો ગ્રોથ રેટ શું રહેવાનો છે અને પોતાના પ્રદેશના ડેવલપમેન્ટ માટે કેટલા નાણાંનું ફંડ હવે પછી અવેઇલેબલ થવાનું છે એને ધ્યાનમાં રાખીને શરૂઆતના તબક્કે આની અંદર ઘટાડો કરવો એ મને લાગે છે કે ખૂબ જોખમી છે અને એટલા માટે પણ સેફ્ટી ખાતર પણ આની અંદર નાણામંત્રીશ્રી જે આ પ્રપોઝલ લાવ્યા છે ટેક્સના રેટ બાબતમાં એ પણ મને લાગે છે કે ખૂબ યોગ્ય છે. અગાઉ પણ જી.એસ.ટી.ના વેરા વખતે ઘણી બધી વાતો થઇ તે પૈકી આ વેટને કારણે ઘણા બધા પ્રશ્નોનો આખા દેશના બધા રાજ્યો સામનો કરી રહ્યા હતા, જેના અહીંયા ઘણા ઉદાહરણો આપ્યા કે વેપાર ધંધાને પોતાના પ્રદેશમાં ખેંચી લાવવા માટે ટેક્સનો ઘટાડો કરવામાં આવે અથવા બીજી અન્ય સવલતો આપવા માટે રાજ્યો રાજ્યો વચ્ચે હરિફાઇ થતી હતી. વેરા ઉપર વેરાનો ચાર્જ કરવામાં આવતો હતો. અનેક વિસંગતતા રહેતી હતી, ભ્રષ્ટાચાર થતો હતો, અનેક પત્રકો, ઓડિટ, નમૂના પત્રો આ બધાને કારણે ખૂબ, હેવી ખર્ચ પણ વેપારીઓને પણ થતો, સરકારને પણ થતો અને ધંધાકીય નિર્ણય કરવાના હોય કંઇક નવા સાહસ માટે કે માલની હેરાફેરી માટે અથવા તો આંતરરાષ્ટ્રીય ઇન્વેસ્ટમેન્ટ લાવવું હોય તો તેના માટે જે નિર્ણયની પ્રક્રિયા છે એ દરમિયાન આની અંદર ચોક્કસ પ્રમાણે કેટલું ટેક્સનું ભારણ આવશે, કોણ કેટલો ટેક્સ લેશે એ બધી ગણતરી જ્યારે કરવાની હોય ત્યારે બિઝનેસ નિર્ણય કરવાનું ખૂબ મુશ્કેલ બનતું હતું ત્યારે જે કંઇ અહીંયા સુધારો વેટ વિધેયક, ૨૬ સન ૨૦૧૭નો અહીંયા લાવવામાં આવ્યો છે તેને હું અનુમોદન આપું છું.

સભાગૃહનો સમય લંબાવવા અંગે

શ્રી પંકજભાઇ દેસાઇ : (મુખ્યદંડકશ્રી) હું આજના દિવસની કામકાજની યાદી પ્રમાણેની કામગીરી પૂર્ણ થાય ત્યાંસુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે તેવી દરખાસ્ત કરું છું.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : મુખ્યદંડકશ્રીએ જે દરખાસ્ત રજૂ કરી છે તેને હું ટેકો આપું છું.ઉપાધ્યક્ષશ્રી :(સૌ સંમત છે?) (થોડીવાર બાદ) સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે અને ૧૦૧માં બંધારણીય સુધારાના કારણે જી.એસ.ટી. બિલ, ૨૦૧૭ આપણે હમણાં પસાર કરી દીધું છે એ લાગુ પડે એના માટે ૨૦ સુધારાઓ આપ જે લાવ્યા છો એમાં મારી માનનીય મંત્રીશ્રીને ખાસ કરીને વિનંતી છે કે, બાજુના રાજ્યોમાં આપ ડિઝલ અને પેટ્રોલનો ભાવ જૂઓ તો એમાં આપણા કરતાં બે અઢી ટકાનો ફરક છે અને એના કારણે ગુજરાતને ખરેખર બહુ મોટું નુકશાન છે. એટલે મારી વિનંતી એટલી જ છે કે, જે આ સુધારો લાવ્યા છો, જે ટકાવારી છે એ બીજા રાજ્યો કરતાં ખરેખર વધારે છે અને એક ટકો ટેક્સ જે વધારે લો છો એ તો તમે ચાલુ જ રાખશો, એટલે એક ટકો આ અને ૨ થી ૨.૫ ટકાનો તફાવત એટલે ત્રણ થી સાડાત્રણ ટકાનો જ્યારે ટેક્સ ખરેખર વધારાનો લાગવાનો હોય ત્યારે એકબાજુ આપણે એમ કહેતા હોઇએ અને ટેક્સ માટે ગુજરાતની એક સારા વિકાસ મોડેલ સ્ટેટ તરીકેની જાહેરાત સમગ્ર દેશમાં જ્યારે કરતા હોઇએ ત્યારે આ ટેક્સનું ભારણ હવે જ્યારે સમગ્ર ગુજરાત અને દેશમાં ખબર પડવાની છે ત્યારે માત્ર મારી વિનંતી એટલી જ છે કે, આ એક ટકાને સાત આઠ વરસ થયા, આ એક ટકો ગુજરાતની સાડા છ કરોડની જનતા ઉપર જ પડે છે એટલે આ ટેક્સમાં કંઇક ઘટાડો થાય એવી મારી વિનંતી છે.

શ્રી પંકજ અ. મહેતા(રાપર) : માનનીય અધ્યક્ષશ્રી, આજે સમગ્ર ગુજરાત માટે ઐતિહાસિક દિવસ છે, અર્થશાસ્ત્ર માટે, ટેક્સની બાબતો માટે, આજે આ વિધાનસભાની અંદર પસાર થયેલો કાયદાની આવનારા સમયની અંદર ઐતિહાસિક રીતે એની નોંધ લેવાવાની છે અને એટલે ગુજરાત રાજ્યના માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીને હું અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અનાદીકાળથી અનેક રાજય સત્તાઓ, અનેક રાજય પદ્ધતિઓની અંદર કોઇ પણ રાજયને, કોઇ પણ દેશને, કોઇ પણ સમૂહને વિકાસ કરવો હોય ત્યારે તેની અંદર ટેક્સ એ ખૂબ મહત્વનો હોય છે. પૌરાણિક કાળમાં દણ શબ્દ વપરાતો, ત્યાર પછી કર, વેરો, ટેક્સ આવા અલગ અલગ માપદંડોના આધાર ઉપર અલગ અલગ રાજયોની અંદર પૌરાણિક કાળથી જોશું તો આ પ્રકારે ટેક્સનું માળખું અને એના દ્વારા પ્રજાનો, વિસ્તારનો સર્વાંગી વિકાસ તે થતો હતો. ટેક્સની વાત કરીએ તો રામ રાજયથી તે વખતે પણ ટેક્સ હતો ત્યાર પછી રાજાશાહીના વખતની અંદર અનેક રાજયોની અંદર ટેક્સની અલગ અલગ પરંપરાઓ હતી.

માનનીય અધ્યક્ષશ્રી, આ જગતની અંદર કેટલાક અર્થશાસ્ત્ર જાણીતાં બન્યાં. એમાં એરીસ્ટોટોટલનું અર્થશાસ્ત્ર આપણાં દેશની અંદર ૨૫૦૦ વર્ષ પહેલાં કૌટિલ્યનું, આચાર્ય ચાણકયનું અર્થશાસ્ત્ર અને એમણે એ અર્થશાસ્ત્રની અંદર રાજા

કઇ રીતે કર લે અને તો પ્રજાને ઓછું ભારણ થાય અને તે કરના માધ્યમથી પ્રજાની કઇ રીતે સેવા થઇ શકે એ આચાર્ય ચાણકયએ જે શિક્ષકનો જીવ હતા અને શિક્ષક કભી સાધારણ નહીં હોતા, પ્રનય નિર્માણ ઉસકી ગોદમેં પલતે હૈ. એવા આચાર્ય કૌટિલ્યએ આપણને એ કરની પદ્ધતિ આપી હતી. એવી જ રીતે હમણાં જ નજીકના સમયકાળની વાત કરીએ તો એક હજાર વર્ષ પહેલાં પાટણનાં રાજા સિદ્ધરાજ જયસિંહ અને તેના જેને મહા આમત્યની ઉપમા આપવામાં આવી હતી એવા મુંજાલ મહેતા જેણે ફંડ મેનેજમેન્ટનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડયું અનેક લડાઇએ લડવા છતાં કોઇ પણ લડાઇની અંદર કયારેય કોઇ અન્ય રાજય પાસેથી એની તિજોરી લૂંટવાનો પ્રયાસ નહોતો કર્યો માત્ર પોતાની પ્રજા પાસેથી લીધેલાં કરમાંથી એ પ્રકારની રાજય વ્યવસ્થા ચલાવી હતી. નજીકના કાળની અંદર ગોંડલના રાજા ભગવતસિંહજી, બરોડાના રાજા સયાજીરાવ ગાયકવાડ, ભાવનગરના રાજય કૃષ્ણકુમારજી આ બધાએ જે અલગ અલગ પ્રકારની પ્રજાને તકલીફ ના થાય એવી કર પ્રણાલિકાઓ અને કરનો સદઉપયોગ કરવાની પ્રવૃત્તિના કારણે તે વખતે પ્રજાએ પ્રેમપૂર્વક એમને કરદાતા તરીકેની ઉપમા આપી કર એક સંસ્કૃતનો શબ્દ છે. કર એટલે આપવું અને કરને કરદાતા કહેવામાં આવ્યો હતો. અને આ રીતે કરદાતા તરીકે અનેક રાજયોની અંદર કર આપી અને એ પ્રકારની વ્યવસ્થાઓ ઉભી થઇ હતી.

માનનીય અધ્યક્ષશ્રી, હું સવારથી સાંભળી રહ્યો હતો કે કેટલાક આગેવાનો પોતાની વાત મૂકી રહ્યાં હતા ત્યારે ૧૯૫૪ થી શરૂ કરી કે વિશ્વની અંદર ૧૯૫૪માં જી.એસ.ટી.નો વિચાર આવ્યો પરંતુ ભારતની અંદર ૧૯૯૧માં એ વિચાર આવ્યો. દેશ ૧૯૪૭માં આઝાદ થયો અને છેક ૧૯૯૧માં વિચાર આવ્યો ૨૦૦૩માં એ વિચારને ધીમે ધીમે આગળ વધાર્યો અને ૨૦૦૬માં બિલ લાવ્યા આ પ્રકારની વાત અહીંયા થઇ રહી હતી. પરંતુ નરેન્દ્રભાઇએ આ દેશનું સૂકાન સંભાળ્યા પછી એક શાસક પ્રત્યેનો પ્રજાનો, વેપારીઓનો, વેપાર કરતા,વાણિજય કરતા લોકોનો એક વિશ્વાસ અને ભરોસો જે હોય તે ભરોસો જીતવાનું કાર્ય આ ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વએ આદરણીય નરેન્દ્રભાઇએ પ્રજા અને વેપારીઓની અંદર વિશ્વાસ પેદા કર્યો કે નરેન્દ્રભાઇ જે કંઇ કરશે તે યોગ્ય કરશે અને એટલે આખા દેશની અંદર આ પ્રકારની ચર્ચા શરૂ થઇ. સવારથી આપણે સાંભળી રહ્યા છીએ કે અલગ-અલગ પ્રકારે વેપાર કરવો હોય તો સામાન્ય રીતે કયો વેપાર વધુ ચાલે એ વેપારી વિચારતા હોય. એની જગ્યાએ અત્યારે એવી સ્થિતિ પેદા થઇ હતી કે ક્યાં કર ઓછો પડશે, ક્યાં કર બચાવી શકાશે? એને ધ્યાનમાં રાખીને કોઇ વેપાર કે ઉદ્યોગ કરવાનું વિચારતો હતો. ટેક્ષની અલગ-અલગ એ પ્રકારે જાળ ગુંથાઇ ગઇ હતી કે એ જાળને ભેદવા માટે મેં અગાઉ કહ્યું એમ રાજાશાહીની અંદર કરદાતા જે કહેવાતા હતા એ કરચોરી કરવા માટે મજબૂર બન્યા હતા. આ દેશની અંદર આપણે સૌએ જોયું છે કે, સરકારની અંદર બેઠેલ લોકો કરની આવકનું સારી રીતે પ્રજા હિતની અંદર ઉપયોગ કરવાનો જેને અધિકાર હોય છે એવા લોકો જ્યારે તમામ ક્ષેત્રની અંદરથી પૈસાનો ભ્રષ્ટાચાર કરવા માટેની શરૂઆત કરે. એ આકાશમાંથી ભ્રષ્ટાચાર કરે, એ પાતાળમાંથી ભ્રષ્ટાચાર કરે અને હવામાંથી ભ્રષ્ટાચાર કરે ત્યારે આ પ્રકારના પ્રજાના ટેક્ષના પૈસામાંથી ભ્રષ્ટાચાર થતો હોય ત્યારે કરદાતા કરચોરી કરવા માટે ક્યાંકને ક્યાંક પ્રેરાય અને એ પણ મજબૂર બને. મને લાગે છે કે, આ કાયદો આવવાના કારણે ફરી પાછો એ વેપારી વર્ગ, બિઝનેસ કરતો વર્ગ, ઉદ્યોગપતિ એ ક્યાંકને ક્યાંક દેશના હિતની અંદર દાતા બનવાની જે ભાવના પૌરાણિક કાળથી આપણી અંદર પડી છે એ ભાવનાને અનુરૂપ ક્યાંય ભ્રષ્ટાચાર ન થાય એવી જડબેસલાક વ્યવસ્થા આ કાયદાની અંદર ઊભી કરવામાં આવી છે. ટેકનોલોજીનો ભરપૂર ઉપયોગ કરીને આ દેશની અંદર એક જગ્યાએથી બીજી જગ્યાએ વ્યવહાર થતો હોય એ વ્યવહાર transparent વ્યવહાર હોય એ પ્રકારની વ્યવસ્થા ઊભી કરીને ભ્રષ્ટાચાર મુક્ત વ્યવસ્થા થાય અને આ દાતાઓના માધ્યમથી આવેલા કરનો સદુપયોગ પ્રજાના હિતની અંદર થાય એ પ્રકારની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. આ જે ૨૬ નંબરનું વિધેયક લાવવામાં આવ્યું છે એની અંદર ૬ જેટલી પ્રોડક્ટની અંદરથી ૨૦ હજાર કરોડ જેટલી સુનિશ્ચિત આવક ગુજરાતને થવાની છે એના માટે હું રાજ્ય સરકાર અને નાણામંત્રીશ્રીને ધન્યવાદ આપું છું. અહીં કહેવામાં આવતું હતું કે અમે પ્રયાસ કર્યો, અમે શરૂ કર્યું પરંતુ જેમ નીતિનભાઇએ કહ્યું એમ ભેગું ન કરી શક્યા. પરંતુ નરેન્દ્રભાઇએ સાચા અર્થની અંદર દેશના હિતને નજરમાં રાખીને સંવાદ શરૂ કર્યો અને એટલે જગતની અંદર કોઇ વિવાદ એવો નથી હોતો કે એને સંવાદના માધ્યમથી ઉકેલી ન શકાય. એટલે અહીં વિવાદ નહિ પણ સંવાદના માધ્યમથી સમગ્ર દેશની અંદર સાંસદ હોય, લોકસભા, રાજ્યસભા કે સ્થાનિક વિધાનસભાની અંદર સર્વ સંમતિથી આ કાયદાને પસાર કરવામાં આવ્યો. વિશ્વાસે વહાણ ચાલે. આપણે ત્યાં કહેવાય કે ભરોસો હોય તો વિશ્વાસે વહાણ ચાલે. અહીં નરેન્દ્ર ભાઇ ઉપર સમગ્ર દેશનો વિશ્વાસ છે. સમગ્ર દેશનો ભરોસો છે અને એટલે સમગ્ર દેશ આજે જી.એસ.ટી.ની તરફેણમાં છે. મારે વિશેષ નથી કહેવું પરંતુ જ્યારે રાજ્યને ઓછું મળશે અને દેશને વધું મળશે એ પ્રકારની તુલનાત્મક ચર્ચા થતી હતી ત્યારે અમે જે સંસ્કારમાંથી, ભારતીય જનતા પાર્ટીની સરકારમાંથી આવીએ છીએ ત્યાં અમને શીખાડવામાં આવ્યું છે કે દેશ કે હિત હમ જીયેંગે, દેશ હિત મર જાગેંગે દેશ કે જો કામ આયે વો કર જાયેંગે. દેશના હિત માટે થઇને કંઇક નાનું મોટું રાજ્યને જતુ કરવું પડે તો એ સંસ્કાર અમને ભારતીય જનતા પાર્ટીએ આપેલ છે. દેશ સર્વોપરી છે એમ માની અને આ કાયદાને સૌ સમર્થન આપે. આજનું જે ૨૬મું વિધેયક લઇને આવ્યા છે એને ફરી-ફરીને હું અભિનંદન સાથે સમર્થન આપું છું.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક-૨૬-સન ૨૦૧૭નું ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા) વિધેયક જે લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું. બધી જ વાતો થઇ ગઇ છે. મારે લંબાણથી વાત નથી કરવી પરંતુ ૨-૩ મુદ્દાઓ જે કહેવા છે. ભારત ખંડની શાસનધૂરા વિશ્વ નેતા આદરણીય નરેન્દ્રભાઇએ

સંભાળ્યા પછી આ દેશની સંસદ અને બંધારણમાં કેટલાક ઐતિહાસિક સુધારા કર્યા છે જેના કારણે દેશની દશા અને દિશા બદલાઇ છે એમ કહું તો ખોટું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ઉદાહરણ તરીકે શિક્ષણનો અધિકાર એ રાજયના માર્ગદર્શક સિધ્ધાંતોમાં અંતગર્ત એક જમાનામાં આવતો હતો જે જયુડિશિયલ બાઇન્ડીંગના થાય અને દેશની સંસદે જે ડહાપણ વાપરીને બંધારણના ૮૬મા સુધારા કર્યા અને એમના મૂળભૂત સુધારાને લીધે એ શ્રેણીમાં મૂક્યા અને શિક્ષણ એ આપણો મૂળભૂત અધિકાર તે વખતે થયો. એ જ રીતે જે ૪૨ ઐતિહાસિક સુધારા થયા, જેને ભારતનું મીની બંધારણ કહે છે એ કટોકટી વખતે આપની માનનીય અધ્યક્ષશ્રી, જે ડાબી બાજુના લોકોએ જે રીતે સુધારા કર્યા અને માનનીય અધ્યક્ષશ્રી, આપની જમણી બાજુ એટલે કે ભારતીય જનતા પાર્ટી જે વખતે આવી અને એમણે બંધારણનો જે ૪૪ મો સુધારો કર્યો અને એવું કહેવાય છે કે બંધારણનો ૪૪મો સુધારો એ ફરીથી લોકશાહીને પુનઃસ્થાપન કર્યું છે એમ કહું તો ખોટું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, બંધારણમાં ૧૨૩ જેટલા સુધારા કર્યા એમ માનનીય નીતિનભાઇએ કહ્યું, પરંતુ એમાં જે મૂળભૂત સુધારા છે એમાં ૪૨, ૪૪, ૮૬ અને માનનીય અધ્યક્ષશ્રી, ૧૦૧નો સુધારો જે આ જીએસટી બિલ છે અને આ ઐતિહાસિક ઘટના જયારે થઇ રહી છે ત્યારે આપણે તમામ અભિનંદનને પાત્ર છે. નાણા મંત્રીશ્રી એ જીએસટી કાઉન્સીલના પણ સભ્ય છે અને એમને પણ જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે એટલા માટે કે, કાલે જે પ્રેઝન્ટેશન રાખ્યું એને માટે આદરણીય વાઘેલાજી, મોનાબેન અને તમામ સચિવોને પણ અમારા વિધાનસભા તરફથી ખૂબ ખૂબ અભિનંદન આપીએ છીએ અને આદરણીય નાણા મંત્રીશ્રીને પણ અભિનંદન આપીએ છીએ.

મારે વિશેષ વાત નથી કરવી પણ વિરોધપક્ષના ઘણા આપણા સભ્યશ્રીઓએ કહયું કે, અમે પ્રયાસો કર્યા, અમે પ્રયાસો કર્યા, પણ ઇતિહાસ પ્રયાસોને નથી જોતો એ પરિણામને જુએ છે અને અમારા ક્રેડિટીબિલીટીવાળા નાણા મંત્રીશ્રી અને માનનીય મુખ્ય મંત્રીશ્રીના નેતૃત્વમાં આ પરિણામ લાવીને કેન્દ્ર સરકારે માનનીય નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં કરી બતાવ્યું છે એનો આનંદ છે. ખૂબ પ્રયાસો થયા પણ પરિણામ અમે લાવ્યા છીએ. મારે છેલ્લી વાત કરવી છે કે, ફ્રાંસના ભવિષ્ય વિધાના જાણકાર નોસ્ટ્રાડ્રોમસે ખૂબ વખત પહેલાં એક આગાહી કરેલી અને ભવિષ્યવાણી કરેલી કે ૨૦૩૦માં પણ હવે તો કદાચ જલદી થવાની વાત છે કે ૨૦૩૦માં ભારત વિશ્વની મહાસત્તા બનવા જયારે જઇ રહી છે અને ભારત ૨૦૩૦માં મહાસત્તા બનશે પણ જે રીતનું શાસન ચાલી રહ્યું છે એ જોતાં ૨૦૩૦ને બદલે ૨૦૨૨ બનશે એમાં કોઇ શંકાને સ્થાન નથી. ટેકસ ટીરીરીઝમ એ ખૂબ જ પ્રગતના વિરોધી છે એમ કહું તો ખોટું નથી. કાયદાઓના અનેક નિયમો, એના વેપારી ધંધો કરે કે ચોપડા ભરે એમાંથી મોટી સમસ્યા કઇ હોઇ શકે? માનનીય અધ્યક્ષશ્રી, હું એમ કહું છું કે, આ જીએસટી લાવવાથી ધારો કે ટ્રક માલિક હોય એ ટ્રક ચાલક એ કેરાલાથી જમ્મુ કાશ્મીરમાં એને જો ૧૮ દિવસ લાગે તો આ જીએસટી લાવવાથી ૧૮ દિવસના બદલે ૯ દિવસમાં એ કેરાલાથી જમ્મુ કાશ્મીર પહોંચશે એ સાબિત કરી બતાવ્યું છે. જીએસટી એ બધાનું સમાધાન છે. માનનીય નાણા મંત્રીશ્રી નીતિનભાઇ સાથે સાથ વેટ કાયદાની અંદર જે આનુષાંગિક સુધારા લાવ્યા છે, વીસ જેટલા સુધારા લાવ્યા છે ત્યારે હું હ્રદયપૂર્વક ખૂખ ખૂબ એમના સુધારાને ખૂબ ખૂબ દિલથી મંજૂરી આપું છું અને ખાસ કરીને એ માટેની વાત છે કે, હિસાબપત્રોની અંદર હું એમને અનુમોદન આપું છું એમ કહું તો ખોટું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, એક છેલ્લે એક ચાણક્યની વાત કરીશ. આદરણીય અમારા નાણા મંત્રીશ્રી બેઠા છે અને એમના ઇન્સ્પિરેશનથી કે ચાણક્ય નીતિમાં ચાણક્યજીએ ઘણા વર્ષો પહેલાં લખેલું, મારા વિરોધપક્ષના સભ્યશ્રી કમંડલની વાત કરતા હતા પરંતુ ચાણકયએ આ વાત પણ લખી છે એ આપણે જાણવાજોગ છે. ચાણક્યજીથીએ નીતિમાં લખેલું જે ઘણા વર્ષો પહેલાં, જે દેશના વેપારીઓ, મહાજનો, ઉદ્યોગપતિઓ પોતાનો વ્યવસાય નિયમિતપણે અને સ્વતંત્રપણે કરી શકે એવું સરલ અને વેપારીઓ કરચોરી કરવા માટે પ્રેરાય નહીં એવું કરવેરાનું માળખુ કોઇપણ રાજય સત્તા પાસે હોવું જોઇએ. અને એનાથી રાષ્ટ્રને દરેક ક્ષેત્રમાં ખૂબ જ વિકાસ થતો હોય છે. આ વાત ચાણક્યએ ઘણા વરસો પહેલા કરેલી છે અને એના લીધે આ જીએસટી બિલ લાવ્યા છે એને ચાણકય સાથે અનુસંધાન છે. હું આ સુધારાને અનુમોદન આપીને વિરમું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલઃ ( નાયબ મુખ્યમંત્રી) માનનીય અધ્યક્ષશ્રી, મારા આ બિલને માનનીય શકિતસિંહજી, માનનીય અજયભાઇ ચોકસી, માનનીય બલવંતસિંહ, માનનીય પંકજભાઇ મહેતા અને પિયુષભાઇ દેસાઇએ એમના વિચારોના માધ્યમથી સંમતિ આપી છે. અને પિયુષભાઇએ તો મંજૂર જ આપી દીધી છે એટલે અમારે અમારા સભ્યોની મંજૂરી મળી ગઇ છે. માનનીય અધ્યક્ષશ્રી, વિશેષ કહેવાનું નથી.

માનનીય બલવંતસિંહજીએ વાત કરી આપણો ધંધો બીજે જતો રહે છે, પેટ્રોલ ડીઝલના ભાવ વધારે છે. ગુજરાતમાં ખાતર ઉપર ટેકસ લેવામાં આવે છે. આ સાહેબ કોંગ્રેસ પક્ષની નવી માન્યતા નથી. કોંગ્રેસ પક્ષની અનેક લાઇનો નક્કી જ થઇ ગયેલ છે. અમે વરસોથી દાખલા આપીએ સમજાવીએ, આંકડાકીય માહિતી આપીએ તો પણ કહે કે ખાતર ઉપર ટેકસ લેવાય છે. અમે કહ્યું કે નથી લેવાતો તો પણ ચાલુ રાખ્યું. એમણે પોલિટિકલ એંગલથી બોલવાનું ચાલે છે. પેટ્રોલ ડીઝલમાં પણ માહિતી અમારા વિભાગે લાવીને આપી છે. સાહેબ ગુજરાતમાં પેટ્રોલ ઉપર ૨૪ ટકા અને ડીઝલ ઉપર ૨૪ ટકા ટેકસ છે. રાજસ્થાનમાં પેટ્રોલ ઉપર ૩૦ ટકા અને ડીઝલ ઉપર ૨૨ ટકા છે. મધ્યપ્રદેશમાં પેટ્રોલ ઉપર ૩૧ ટકા છે જયારે ડીઝલ ઉપર

૨૭ ટકા છે. એટલે આપણો ૨૪ અને એમનો ૨૭ ટકા છે. મહારાષ્ટ્ર પેટ્રોલ ઉપર ૨૬ ટકા અને ડીઝલનો ૨૪ ટકા છે. કેરાલામાં પેટ્રોલ ઉપર ૩૧.૮૦ ટકા છે, કેરાલામાં સામ્યવાદી સરકાર છે. (અંતરાય) માનનીય હીરાભાઇ આપ પ્રોફેસર છો અત્યારે પરીક્ષા ચાલે છે એટલે શાંતિ રાખો. આટલું સરસ કહું છું તેમ છતાં તમે સ્વીકારતા નથી તો ગામડાંના લોકોના તમારા વિસ્તારના લોકોને તો સ્વીકારતા જ નહિ હોય. હું આ રેકર્ડ ઉપર કહું છું. પછી આંધ્રપદેશમાં પેટ્રોલ ઉપર ૩૧ ટકા છે અને ડીઝલ ઉપર ૨૨.૨૫ છે. કર્ણાટકમાં પેટ્રોલ ઉપર ૨૬ ટકા છે. તેલંગણામાં પેટ્રોલ ઉપર ૩૫.૨૦ ટકા છે અને ડીઝલ ઉપર ૨૭ ટકા છે. બિહાર જયાં તમારી ભાગીદારીવાળી સરકાર છે ગરીબ રાજય છે ત્યાં પેટ્રોલ ઉપર ૩૦ ટકા છે અને ડીઝલ ઉપર ૩૦ ટકા ટેકસ છે. ગુજરાતમાં ૨૪ ટકા છે. તમારી સરકાર જયાં છે ત્યાં વધારે ટેકસ છે એટલે ગુજરાતમાં બીજા રાજયોની સરખામણીમાં પેટ્રોલ ડીઝલના દર માપના છે. સરખા છે અને યોગ્ય છે. કોઇ જગ્યાએ કોઇ રીતે આપણો ટેકસ વધારે નથી એટલે વારંવાર આવું ન બોલશો. હવે ચૂંટણી આવે છે એટલે ખોટું બોલતા નહિ નહિતર ફરીવાર મારે આ પત્રિકાઓ વહેંચવી પડશે. આ બધું કોંગ્રેસનું છે બાકી તો અમારા સભ્યશ્રીઓ અજયભાઇ ચોકસીએ અને અન્ય સભ્યશ્રીઓએ ખૂબ વિગતવાર મારા બિલને સમર્થન આપ્યું છે, ગુજરાતના હિતમાં ગુજરાતની આવકના હિતમાં છે આ આવકમાંથી પ્રજાનું કામ થવાનું છે માટે આ બિલને મંજૂરી આપો એવી વિનંતી છે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન–૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૨૬–સન ૨૦૧૭ના ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

કલમ–૨ થી ૨૦, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકિટંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન–૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૨૬–સન ૨૦૧૭ના ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : સન–૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૨૬–સન ૨૦૧૭ના ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આગળનું બિલ સર્વાનુમતે મંજૂર કરવા બદલ માનનીય દંડકશ્રી અને સૌ સાથી ધારાસભ્યશ્રીઓનો આભાર માનું છું.

સન ૨૦૧૭નું ગુજરાત વિધેયક ક્રમાંક–૨૭

ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વિધેયક, ૨૦૧૭

ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ અને ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ વધુ સુધારવા બાબત વિધેયક

શ્રી નીતિનભાઇ ર.પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન–૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૨૭, સન–૨૦૧૭ના ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન–૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૨૭, સન–૨૦૧૭ના ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણે જે જી.એસ.ટી.નો નવો કાયદો મંજૂર કર્યો તેના પછી હવે રાજયોને મનોરંજન ટેક્સ લેવાની સત્તા રહેતી નથી. કારણ કે મનોરંજન ટેક્સ હવે જી.એસ.ટી.માં જે સર્વીસ ટેકસ આવવાનો છે તે સર્વીસ ટેક્સનો એક ભાગ બનવાનું છે. એટલે આપણાં ગુજરાત રાજયમાં ૧૯૭૭નો જે કાયદો હતો તે કાયદા પ્રમાણે નગરપાલિકા, મહાનગરપલિકા વિસ્તારમાં જે મનોરંજન કર ઉઘરાવતા હતા એ હવે આપણે લઇ શકીશું નહીં. પણ તેની સામે કાયદામાં બંધારણમાં એક જોગવાઇ છે કે રાજય પોતે પોતાનો અલગ કાયદો કરી અને સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ એટલે કે નગરપાલિકા, મહાનગરપાલિકા અને પંચાયતોને આવો ટેક્સ ઉઘરાવવાની સત્તા આપી શકે, એટલે એ સત્તા આપવા માટે આ બિલ અહીં અમે લાવ્યા છીએ. રાજયમાં સિનેમા, થિયેટર હોય, મલ્ટીપ્લેકસ હોય, વિડિયો થિયેટર હોય, એમ્યુઝમેન્ટ પાર્ક,

* વિધેયક તા.૩જી મે, ૨૦૧૭ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

વોટર પાર્ક, મેળા વગેરે ઉપર મનોરંજન કર વસૂલ કરવામાં આવે છે. આ મનોરંજન કરની જે આવક થાય એ આવક સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને એટલે કે નગરપાલિકા, મહાનગરપાલિકાઓને ગ્રાન્ટરૂપે ૫૦ ટકા આપવામાં આવે અને ૫૦ ટકા સરકાર પાસે રહે એ પ્રમાણેની વ્યવસ્થા હતી. પરંતુ આપણા રાજ્યના નાણા પંચે એનો ત્રીજો અહેવાલ આપ્યો. એ ત્રીજા અહેવાલમાં નાણા પંચે રાજ્ય સરકારને ભલામણ કરી કે સરકાર ૫૦ ટકા રકમ શહેરોને અને ગામોને આપે છે એના બદલે ૭૫ ટકા રકમ આપવી જોઇએ. એટલે ગુજરાતમાં અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારના શાસન દરમિયાન જ માનનીય નરેન્દ્રભાઇ મોદી મુખ્યમંત્રી હતા ત્યારે જ તા.૨૮–૩–૨૦૦૨થી મનોરંજન કરની આવક આવે એની ૭૫ ટકા રકમ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને આપીએ છીએ અને રાજ્ય સરકાર પાસે ૨૫ ટકા રકમ રહે છે. હવે જીએસટીનો કાયદો અમલમાં આવવાથી આ જુની વ્યવસ્થા બંધ થશે. પણ શહેરો પોતાના વિકાસ માટે ગ્રાન્ટ મેળવી શકે એ માટે આ નવો કાયદો આપણે બનાવ્યો છે. એનાથી એમને લાભ મળશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બાબતના થોડાક આંકડા આપવા માગું છું. ૨૦૧૨–૧૩માં ૬૩.૫ કરોડ, ૨૦૧૩–૧૪માં ૯૧.૩૬ કરોડ, ૨૦૧૪–૧૫માં ૯૬.૪૫ કરોડ, ૨૦૧૫–૧૬માં ૯૩.૮૨ કરોડ અને ૨૦૧૬–૧૭માં ૯૫.૩૦ કરોડ આની ૭૫ ટકા રકમ નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓને ફાળવી દીધી છે. હવે જે કાયદો બનાવીએ છીએ એ કાયદા પ્રમાણે જે મનોરંજન કર થિયેટરો, મલ્ટીપ્લેક્ષ કે જે ચાલતું હોય એ મનોરંજનની ટેક્સની આવક થાય એ નગરપાલિકા અને મહાનગરપાલિકાઓને ૧૦૦ ટકા આપવા માટે આ કાયદો લાવ્યા છીએ. અત્યાર સુધી પંચાયતોમાં વ્યવસ્થા નહોતી. હવે ગ્રામ પંચાયતોમાં, કોઇ મોટી પંચાયત હોય ત્યાં થિયેટર બનાવ્યું હોય, મલ્ટીપ્લેક્ષ બનાવ્યું હોય તો એના ઉપર ટેક્સ મળે અને એની આવક પંચાયતને મળે એ જાતની જોગવાઇ આ નવા કાયદામાં કરીએ છીએ. ગામડાલક્ષી અને શહેરલક્ષી આ કાયદો બનાવ્યો છે, એમની આવક વધારવા માટે આ કાયદો બનાવ્યો છે. અત્યારે આ કાયદો અમલમાં આવવાનો નથી. રાજ્યના એકવાર જીએસટી દર નક્કી થઇ જાય પછી આ કાયદો લાગુ પડવાનો છે. અત્યારે સિનેમાની ટિકિટ ઉપર ૨૦ ટકા ટેક્સ લાગે છે. એ ટેક્સ સર્વિસ ટેક્સમાં વધારે આવી જશે તો કદાચ આ નવો ટેક્સ નાખીએ પણ ખરા અને ન પણ નાખીએ ! જે તે વખતે સરકાર નક્કી કરશે. પણ અત્યારે કાયદો બનાવવાની જરૂર છે. અત્યારે આપણે આ કાયદો ન બનાવીએ તો ભવિષ્યમાં આપણને જીએસટીનો કાયદો અમલમાં આવ્યા પછી બંધારણ પ્રમાણે સત્તા રહેતી નથી. એટલે પંચાયત વિભાગની સત્તા, શહેરી વિકાસ વિભાગની સત્તા આપણે અત્યારે લઇ રાખીએ છીએ. જરૂરિયાત પ્રમાણે ટેક્સ નાખવાનું થશે અને એ ટેક્સની આવક થશે એ નગરપાલિકા, મહાનગરપાલિકા અને ગામડાઓમાં પંચાયતને મળશે. એમને વધારાની આવક મળે એ ભાવનાથી આ કાયદો લાવ્યા છીએ. તેઓ આ રીતે લોકોને વધારે સારી સેવા આપી શકશે. એટલા માટે આ બિલ રજૂ કર્યું છે એને મંજૂર કરવા સર્વને વિનંતી છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ૧૯૭૭ના મનોરંજન કર કાયદાના આધારે કર ઉઘરાવતા હતા. પરંતુ કાયદાની જોગવાઇ ૧૦૧માં જે સુધારો લઇને આવ્યા છે અને રાજ્ય સરકારે અને આપણે જ્યારે જીએસટી મંજૂર કરી દીધું છે. એ જ્યારે અમલમાં આવે પછી આપણે કોઇ કાયદો બનાવી શકવાના નથી એટલે અત્યારે આ બિલ લઇને આવ્યા છે. એમાં ખાસકરીને જોગવાઇ કરી છે. નગરપાલિકા, મહાનગરપાલિકા અને જિલ્લા પંચાયતો, અહીં પંચાયત શબ્દ વાપર્યો છે. એમાં જે ટેક્સ ઉઘરાવશે. જે ટેકસ છે એ ટેકસ ઉઘરાવ્યા પછી રાજ્ય સરકારને મોકલે અને રાજ્ય સરકાર પછી પાછો એમને આપતા હોય છે જેમ શિક્ષણ કર ઉઘરાવતા હોઇએ છીએ એમ આજે પણ નગરપાલિકા, મહાનગરપાલિકાઓમાં, જિલ્લા પંચાયતોમાં જે આપણે શિક્ષણ કર ઉઘરાવીએ છીએ એને ઉઘરાવ્યા પછી ખરેખર ત્રણ મહિને આપી દેવો જોઇએ, એની જગ્યાએ બાર–બાર મહિનાઓ સુધી સરકાર નગરપાલિકાઓને, મહાનગરપાલિકાઓને, જિલ્લા પંચાયતોને પૈસા મળતા નથી હોતા. સારી વાત છે કે સ્થાનિક સંસ્થાઓને આ ટેકસ મળશે એ ટેકસ ઓલરેડી ત્યાંનો જ છે પણ મળીને એના ફંડમાં વપરાય પણ સરકાર કંઇક એવી વ્યવસ્થા કરે કે ઉઘરાવેલો કર એ ત્યાંના ત્યાં જ મળે અને ત્યાંના ત્યાં જ લોકો વાપરી શકે, અંદાજે હું સમજયો છું ત્યાં સુધી સોએક કરોડ રૂપિયાનું ભંડોળ થવાનું. જયારે સો કરોડ રૂપિયા સમગ્ર ગુજરાતની અંદર જયારે સ્થાનિક સંસ્થાઓ દ્વારા વપરાતા હોય ત્યારે જો સો કરોડ રૂપિયા સરકાર પાસે આવશે અને સરકારે ફરી પાછા આપવાના હોય તો ઘણો બધો સમય લાગે એટલે સરકારશ્રીને મારી વિનંતી છે કે આની અંદર કોઇ સમયગાળો નકકી કરે, કદાચ જો સીધા આપી શકાય તો બહુ સારું નહીં તો સમયગાળો નકકી કરે કે આટલા સમયગાળા દરમિયાન નગરપાલિકાને, મહાનગરપાલિકાને, પંચાયતને મળી જાય એ બહુ મહત્વનું હોય છે. સમયસર જો એ પૈસાનો ઉપયોગ થાય તો સારું. સરકાર જયારે એવું વિચારી રહી છે કે જૂનો કાયદો રદ થાય અને માનનીય નીતિનભાઇએ કહ્યું એમ કે નકકી નથી કયારે આવે, એના દર શું નકકી થશે એ નકકી નથી તો આ કેબલથી જોવાવાળા માણસો નાના નાના છે. થીયેટરો બધા નાના નાના શહેરોમાં નથી હોતા પણ કેબલ ઉપર પણ જયારે ટેકસ લાગવાનો છે ત્યારે એ નાના માણસો જે કેબલથી જોવાના છે એની ઉપર વધુ ટેકસ ન પડે એની સરકાર કાળજી રાખે એવી મારી વિનંતી છે.

શ્રી ગોવાભાઇ હ. રબારી(ડીસા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીજે વિધેયક લઇને આવ્યા છે એમાં મારા સૂચનો કરું છું. જયારે જી.એસ.ટી. બિલ પાસ થયું છે અને એમાં બધા જ વેરાનો સમાવેશ થઇ ગયો છે તો મનોરંજન કર ફરીથી લેવાની કોઇ જરૂર લાગતી નથી. મનોરંજન માટે કોણ જાય છે, થીયેટર હોય કે કેબલ હોય, ગરીબ માણસો જાય છે. સુખી

માણસો તો એમના બંગલામાંજ થીયેટરો બનાવી દીધા છે એટલે એમને બહાર મનોરંજન માટે જવાની જરૂર હોતી નથી. મજૂર માણસ છે, કોઇ નાનો માણસ છે, થાકેલો પાકેલો થીયેટરમાં જાય અને પીકચર જોઇ આવે તો હવે આવા નાના માણસો ઉપર ટેક્સ નાખવાથી કોઇ ફર્ક પડે નહીં. મંત્રીશ્રી આટલા જી.એસ.ટી.માં હજારો કરોડ આવવાના છે તમે કહ્યું એમ તો હવે આટલા ૨૫–૫૦ કરોડ રૂપિયામાં આખા ગુજરાતના નાના માણસો ઉપર આટલો બોજ નાખવાનું મને યોગ્ય લાગતું નથી તો ખરેખર ઉદારતાથી આજે જાહેરાત કરી દો કે જી.એસ.ટી. બિલ પસાર થયું છે એની સાથે મનોરંજન કર આખા ગુજરાતનો માફ. એમાં કયાંય મોટી રકમ નથી નહીંતર તો બરાબર છે. આની પાછળ હજારો નાના માણસો છે, જે નાના નાના થીયેટરો છે એ ગામડામાં કોઇ થતા જ નથી કારણ કે એને હાઉસફુલ જાય નહીં અને એને આ કર પોસાય નહીં. એટલે તમે આવું બધું માફ કરો તો જે મોટા મોટા ગામડાઓ છે ત્યાં પણ થીયેટરો થાય. મલ્ટીપ્લેક્સ થીયેટરો થાય અને નાના માણસો પણ એ મનોરંજન મેળવી શકે એટલા માટે મારું સૂચન છે કે આ કરજો. જેમ અમારા બળવંતસિંહભાઇએ કહ્યું એમ ઉઘરાવીને સરકારમાં જમા કરવું અને પછી પાછું આપવું એમાં મારા અનુભવ પ્રમાણે ઘણો સમય લાગી જાય છે. કયાંક છ મહિના લાગે, બાર મહિના લાગે અને અમારી સરકાર કે તમારી સરકાર હોય પણ પાંચ–પાંચ વર્ષે જમા નથી થતા તો એના કરતા ઉઘરાવીને ત્યાંજ વાપરવાના, ઉઘરાવવાનું જ બંધ કરી દો તો એમાં શું ફર્ક પડે છે? આટલી નાની રકમમાં કોઇ નગરપાલિકા, ગ્રામ પંચાયત કે જિલ્લા પંચાયતને ફર્ક પડતો નથી. માટે મારું એક સૂચન જ ખાસ છે કારણ કે જી.એસ.ટી. બિલની અંદર મારો વારો ના આવ્યો પણ જે ખેડૂતો ઉપર જે બિલ છે ખેડૂતના સાધનો ઉપર ટેક્સ છે, ખાતર ઉપર ટેક્સ છે એ આખા દેશના ગુજરાત સિવાય કોઇ રાજયમાં નથી તો તમે ખેડૂત ઉપર ખાતરમાં અને તેના સાધનોમાં ટેક્સ રાખ્યો છે તો મનોરંજન પૂરતું જવા દો. ખેડૂતોના દીકરા બાપડા થિએટરમાં પિકચર જોઇ આવશે કે એના ઘરે કેબલથી જોશે. તો આના માટે આટલી ઉદારતા રાખવામાં આ બધા બેઠા છે એ બધા સંમત છે એમાં, કોઇ કહેશે નહીં પણ બધા સંમત છે કે આટલા ૨૫–૫૦ કરોડ જવા દઇ અને આજે છેલ્લે છેલ્લે મને લાગે છે કે ફરીથી વિધાનસભા મળે કે ન મળે પણ તમે જાહેરાત કરીને એટલો જશ લઇ લો કે ગુજરાતમાં મનોરંજન કર માફ. મારું આટલું સૂચન સ્વીકારશો એવી મારી વિનંતી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ ઉપર માનનીય બલવંતસિંહજી, ભાઇશ્રી ગોવાભાઇ રબારીએ જ્ઞાન સાથે ગમત મળે એવું પ્રવચન કર્યું છે. સાહેબ, આ દેશ એવો છે કે મનોરંજન તો આપણે સદીઓથી લેતા આવ્યા છીએ. હમણાં બાહુબલી આવ્યુંને ૧૦૦૦ કરોડ રૂપિયાનો વકરો કર્યો. એ ગરીબ વર્ગ, મધ્યમ વર્ગ, હું અને તમે બધા આપણે ટેક્સ ચુકવીને થિયેટરોમાં જઇએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, આ અમારી સરકાર છે પ્રોફેશ્નલ ટેક્સ જે સરકારની આવક ગણાય એ પણ અમે નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓને માનનીય નરેન્દ્રભાઇ મુખ્યમંત્રી હતા ત્યારથી આપી. તમે કહો છો ગામડું, આત્મારામભાઇ (અંતરાય)

અધ્યક્ષશ્રી : ભાઇ, પ્લીઝ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : એકબાજુ ગામડાને ગરીબ કહો, એક બાજુ ગરીબોને પિકચર જોવાનું કહો, ગામડાંમાં વ્યવસ્થા માગો. આ પૈસા સરકાર રાખવાની નથી. આ રકમ ગામડાના હિત માટે બલવંતસિંહભાઇએ કહ્યું એમ ૧૦૦ કરોડ રૂપિયા આવે એ ગામડામાં અને શહેરમાં પાછા જવાના છે. કોઇ ગામમાં ૫ લાખ જાય અને કોઇ મોટું ગામ હોય તો ૫૦ લાખ જાય એનો પંચાયત કે નગરપાલિકા ગામના વિકાસ માટે ઉપયોગ કરવાની છે. સરકાર તો એમને વ્યવસ્થા કરી આપે. આ કરમાંથી એક પૈસો પણ સરકાર રાખવાની નથી. એટલે આ બધું જે છે એ બધું સમજી વિચારીને જ્યારે આપણે કરતા હોઇએ. મેં અગાઉ કહ્યું એમ આપણે અત્યારે સરકારે નક્કી કરી રાખ્યું છે એનો અમલ કરવો, ના કરવો એ ભવિષ્યમાં નક્કી થવાનું છે અને સરકારની જવાબદારી છે કે કાયદાકીય રીતે બધી તૈયારી કરી રાખવી. શહેરી વિકાસ વિભાગ શહેરોમાં થિયેટરો જે છે એની જે ટેક્સની આવક હશે એ સો એ સો ટકા શહેરને પાછી મળશે. પંચાયતોને થિયેટર હશે એની સો ટકા રકમ પંચાયતને પાછી મળશે. આ આપણે જોગવાઇ કરી રાખી છે. એટલે એને આપણે બધા મંજૂર કરીએ અને ગામડાના વિકાસના આવનારા સમયમાં જરૂર પડે સહભાગી થઇએ એવી વિનંતી.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૨૭–સન ૨૦૧૭નું ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે. અને હજુ મારી તો વિરોધપક્ષને વિનંતી છે કે •(×××) ૧૦૦% રકમ એમને આપવાની છે. સરકારને નથી આપતા. હજુ સપોર્ટ આપો તો તમારું સારું લાગશે.

પોઇન્ટ ઓફ ઓર્ડર

શબ્દો દૂર કરવા અંગે

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીઓને વિચાર રજૂ કરવાનો, પક્ષને પોતાનું સ્ટેન્ડ નક્કી કરવાનો બધો અધિકાર છે. માનનીય મંત્રીશ્રીને સહયોગ આપ્યા પછી પણ વલણમાં બહુ ઝાઝો ફેરફાર નથી થાતો. એ

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

સંજોગોમાં મારા પક્ષની લાગણી હતી કે આ વખતે સહયોગ નથી આપવો અને ના આપવાના ગોવાભાઇએ કારણો આપ્યાં પછી જે રીતે મંત્રીશ્રી બોલે છે *(×××) મંત્રીશ્રી એમની વાત પર આવીને એમની વાત પૂરી કરે.

અધ્યક્ષશ્રી : જી.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

કલમ ૨ થી ૭, કલમ ૧, દીર્ઘ સંજ્ઞા અને ઇનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ત્રીજું વાચન કરતા પહેલા એક સ્પષ્ટતા કરી દઉં કે એજે આપની રજૂઆત આવી આ ટેક્સ એ લોકો જ ઉઘરાવશે. આપણે ફક્ત સરકાર સત્તા આપવાની છે. કઇ નગરપાલિકા અને કેટલો ટેક્સ લેવો, કઇ મહાનગરપાલિકાને કયા થિયેટરમાં, મલ્ટીપ્લેક્સમાં, સાદામાં કેટલો ટેક્સ લેવો એ નક્કી કરશે, સરકાર સ્લેબ નક્કી કરશે અને એમણે જ ઉઘરાવવાનો છે, એમની જ પાસે રાખવાનો છે એટલે માનનીય શ્રી બલવંતભાઇએ જે અગાઉ કહ્યું કે, સરકાર પાસેથી રકમ પાછી આપવામાં સમય લગાડે છે એ પ્રશ્ન હવે રહેતો નથી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૨૭–સન ૨૦૧૭નું ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા(સુધારા) વિધેયકનું ત્રીજુ વાંચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

અધ્યક્ષશ્રી : એમાં વિષય કલીયર થયો છે?(થોડીવાર બાદ) જી. નહીં, વિસંવાદિતા હતી એવું મને લાગ્યું કાંઇક, તમે સ્પષ્ટતા કરી એટલા માટે જ મેં કહ્યું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શ્રી બલવંતસિંહજીએ એમ કહ્યું કે, સરકાર ટેક્સ ઉઘરાવે, અત્યાર સુધી આપણો અધિકાર હતો સરકારનો પણ મેં કહ્યું એમ ભા.જ.પ.ની સરકારને શ્રી નરેન્દ્રભાઇ મોદી જ્યારે મુખ્યમંત્રી હતા ત્યારે નાણાપંચે જે ભલામણ કરી કે, નગરપાલિકાઓને પચાસ ટકાને બદલે પંચોતેર ટકા આપવો અને ભૂતકાળમાં, હું કોઇ રાજકીય રીતે અવલોકન નથી કરતો પણ જ્યારે ભૂતકાળમાં ઉઘરાવતા હતા ત્યારે સો એ સો ટકા કોંગ્રેસ સરકારના જમાનામાં સરકાર જ રાખતી હતી, એ અમારી સરકારોએ નગરપાલિકાઓને અને મહાનગરપાલિકાઓને પહેલા પચાસ ટકા અને પછી પંચોતેર ટકા આપવાની શરૂઆત કરી, આ સત્ય છે, સ્વીકારવું પડે બધું, આ હકીકત છે. પછી પ્રોફેશનલ ટેક્સ પણ અમે જ આપ્યો (અંતરાય) નહીં અઘરું પડે મને કાંઇ (આ તકે સભ્યશ્રી શ્રી શક્તિસિંહ ગોહિલ કાંઇક બોલતાં) નહીં, અત્યારે ચર્ચા બીજી નહીં કરો..

અધ્યક્ષશ્રી : પ્લીઝ, પ્લીઝ હવે થોડાક માટે પ્લીઝ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : અને સાહેબ આપે જે કહ્યું કે શ્રી બલવંતસિંહજીએ જે રજૂઆત કરી હતી કે, પંચાયતો, નગરપાલિકાઓને રકમ મોડી મળે છે. નવા કાયદામાં જોગવાઇ એવી છે કે, ઉઘરાવવાનો પણ એમણે જ છે અને વાપરવાનો પણ એમને જ છે, સરકાર ચિત્રમાં આવતી જ નથી. સરકારે આ કાયદો આપણે પસાર કર્યો, અધિકાર આપ્યા છે આટલું જ છે.(અંતરાય)

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૨૭–સન ૨૦૧૭નું ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા(સુધારા) વિધેયકનું ત્રીજુ વાંચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

## તા. ૯મી મે, ૨૦૧૭
## અતારાંકિત પ્રશ્નોત્તરી (નિયમ ૮૭-ક)

અતારાંકિત પ્રશ્નોત્તરી

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૮૭(ક) અન્વયે તા.૦૯/૦૫/૨૦૧૭ નિયમ-૮૭(ક) અન્વયે- અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો

સચિવશ્રી : માનનીય અધ્યક્ષશ્રી, હું જેના લેખિત જવાબો સત્ર દરમિયાન મળ્યા છે પણ સમયના અભાવે સભ્યશ્રીને મોકલી શકાયા નથી તેવા ૨૩ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૮૭(ક) અન્વયે સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

ના રોજ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવેલ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબોની યાદી

| ક્રમ | સભ્યશ્રીનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | શ્રી બલવંતસિંહ રાજપૂત | ૧૦૮૧૫ | ૦૧ |
| ૨ | શ્રી પુંજાભાઇ વંશ | ૯૦૩૧ | ૦૧ |
| ૧ | શ્રી જવાહરભાઈ ચાવડા | ૧૧૭૪૨ | ૦૧ |
| ૨ | શ્રી અમિત ચાવડા | ૧૧૭૧૯ | ૦૧ |
| ૩ | શ્રી મહેશકુમાર પટેલ | ૮૨૬૭ | ૦૧ |
| ૪ | શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા | ૪૭૬૩ | ૦૧ |
| ૫ | શ્રીમતિ ચંદ્રીકાબેન બારીયા | ૧૧૭૩૨ | ૦૧ |
| ૬ | શ્રી રાઘવજી પટેલ | ૯૭૧૯, ૧૧૭૪૩ | ૦૨ |
| ૭ | શ્રી મેરામણભાઈ આહીર | ૭૪૬૫, ૧૧૭૪૪ | ૦૨ |
| ૮ | શ્રી શકિતસિંહજી ગોહેલ | ૭૩૫૦,૧૦૩૪૬, ૧૦૩૫૯ | ૦૩ |
| ૯ | ડૉ. તેજશ્રીબેન પટેલ | ૫૧૨૮, ૧૦૭૪૮, ૧૧૫૮૮, ૧૧૬૨૧ | ૦૪ |
| ૧૦ | શ્રી ગ્યાસુદીન શેખ | ૧૦૯૪૪, ૧૧૧૦૧, ૧૧૧૦૩, ૧૧૧૩૫, ૧૧૧૫૦ | ૦૫ |
| | | કુલ | ૨૩ |

--------

### મોરબીમાં પશુપાલન ખાતાની જમીન ઉપર દબાણ

અતારાંકિતઃ ૭૪૬૫ (૦૨-૦૭-૨૦૧૬) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલીયા): માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) મોરબીમાં શોભેશ્વર તરફ જવાના રસ્તા પર ગુજરાત સરકારના પશુપાલન ખાતા સંચાલિત ઘેટા-ઉછેર કેન્દ્રની જમીન પર તા.૦૫-૦૩-૨૦૧૬ની સ્થિતિએ અસામાજિક તત્વોએ ગેરકાનૂની કબજો જમાવી દીધો છે તે હકીકત સાચી છે,

(૨) તા.૩૦-૦૪-૨૦૧૬ની સ્થિતિએ આ સરકારી જમીન પર દબાણકર્તાઓ સામે શી કાનૂની કાર્યવાહી થઈ છે, અને

(૩) ઉકત તમામ દબાણો દૂર કરવામાં આવ્યાં છે કે કેમ ?

પશુપાલન મંત્રીશ્રી : (૨૫-૦૪-૨૦૧૭)

(૧) હા.

(૨) પત્રક-૧ મુજબની કાર્યવાહી કરવામાં આવી.

પ ત્ર ક - ૧

મદદનીશ પશુપાલન નિયામકશ્રી, મોરબી દ્વારા પશુપાલન ખાતાની જમીન પર થયેલ દબાણ દૂર કરવા બાબતે નીચેની વિગતે જુદી જુદી કચેરીઓ સાથે પત્ર વ્યવહાર કરેલ છે.

(૧) પો.ઈ.શ્રી. સીટી પોલીસ સ્ટેશન, મોરબીને તા.૧૭-૦૧-૦૯, તા.૩૦-૦૬-૧૧, તા.૦૩-૦૩-૧૨, તા.૧૫-૦૩-૧૨ તથા તા.૧૯-૦૬-૧૨ ના પત્રોથી રજૂઆત કરેલ છે.

(૨) મામલતદારશ્રી, મામલતદાર કચેરી, મોરબીને તા.૧૭-૦૧-૦૯, તા.૦૨-૦૭-૧૧, તા.૧૫-૦૩-૧૨ તથા તા.૨૦-૧૧-૧૫ના પત્રોથી રજૂઆત કરેલ છે.

(૩) નાયબ કલેકટરશ્રી, મોરબીને તા.૧૭-૦૧-૦૯ના પત્રથી રજૂઆત કરેલ છે.

(૪) કલેકટરશ્રી, રાજકોટને તા.૦૮-૦૮-૧૨, તા.૦૫-૦૧-૧૩, તા.૦૪-૦૧-૧૬, તા.૨૭-૦૫-૧૬ ના પત્રોથી રજૂઆત કરેલ છે.

(૫) જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટને તા.૨૬-૦૭-૧૨, તા.૦૫-૦૧-૧૩, તા.૦૭-૧૧-૧૫ ના પત્રોથી રજૂઆત કરેલ છે.

(૬) તલાટી કમ મંત્રી, ત્રાજપરને તા.૨૬-૦૯-૧૨ ના પત્રથી રજૂઆત કરેલ છે.

(૭) જિલ્લા નિરીક્ષક, જમીન દફતર સર્વે, રાજકોટને તા.૨૩-૧૦-૧૩ના પત્રથી રજૂઆત કરેલ છે.

(૮) ચીફ ઓફીસર, નગરપાલિકા, મોરબીને તા.૧૨-૦૪-૧૬ના પત્રથી રજૂઆત કરેલ છે.

(૯) અધિક્ષક ઈજનેરશ્રી, મોરબી તા.૧૨-૦૪-૧૬ના પત્રથી રજૂઆત કરેલ છ.

(૧૦) તા.૦૩-૦૧-૧૧ ના પત્રથી ૧ થી ૩૯ ઈસમોને નોટીસ આપેલ છે.

વિભાગીય સંયુકત પશુપાલન નિયામકશ્રી દ્વારા તા.૨૧-૦૮-૨૦૧૨ ના પત્રથી કલેકટરશ્રી, રાજકોટને દબાણ દૂર કરવા જણાવેલ છે.

પશુપાલન નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર દ્વારા તા.૧૦-૦૨-૨૦૧૬ના પત્રથી કલેકટરશ્રી, રાજકોટને દબાણ દૂર કરવા જણાવેલ છે.

(૩) દબાણ દૂર કરવાની કાર્યવાહી ગતિ હેઠળ છે.

---------

## રાજ્યમાં જિલ્લાવાર નોંધાયેલ ખાતેદાર ખેડૂતો

અતારાંકિતઃ ૧૧૧૦૧ (૦૯-૦૧-૨૦૧૭) શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર): માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલા ખાતેદાર ખેડૂતો નોંધાયેલા છે, અને

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર કેટલા ખેડૂતોને પાક વિમો ચૂકવવામાં આવ્યો ?

કૃષિ મંત્રીશ્રી : (૨૫-૦૪-૨૦૧૭)

(૧) તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ એગ્રીકલ્ચર સેન્સસ ૨૦૧૦-૧૧ (જુના જિલ્લાઓ પ્રમાણે) મુજબ રાજ્યમાં જિલ્લાવાર નીચે મુજબ ખેડતા ખેડૂતો (ઓપરેશનલ હોલ્ડર) ની સંખ્યા નોંધાયેલી છે.

| અ.નં. | જિલ્લાનું નામ | સંખ્યા | અ.નં. | જિલ્લાનું નામ | સંખ્યા | અ.નં. | જિલ્લાનું નામ | સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | જામનગર | ૨૫૪૫૦૮ | ૧૦ | મહેસાણા | ૨૫૨૨૨૮ | ૧૯ | ડાંગ | ૧૨૫૭૩ |
| ૨ | રાજકોટ | ૩૫૨૬૫૩ | ૧૧ | ગાંધીનગર | ૧૧૮૨૮૧ | ૨૦ | પોરબંદર | ૬૨૧૫૫ |
| ૩ | સુરેન્દ્રનગર | ૨૨૭૧૮૪ | ૧૨ | અમદાવાદ | ૨૧૭૬૮૫ | ૨૧ | પાટણ | ૧૫૪૩૮૫ |
| ૪ | ભાવનગર | ૨૩૭૬૧૩ | ૧૩ | ખેડા | ૨૫૫૪૨૨ | ૨૨ | આણંદ | ૨૧૬૧૫૨ |
| ૫ | અમરેલી | ૨૩૬૪૩૪ | ૧૪ | પંચમહાલ | ૨૦૮૯૨૭ | ૨૩ | દાહોદ | ૧૦૦૧૫૪ |
| ૬ | જુનાગઢ | ૨૬૭૯૯૮ | ૧૫ | બરોડા | ૨૭૭૩૩૧ | ૨૪ | નર્મદા | ૫૫૫૭૮ |
| ૭ | કચ્છ | ૨૧૧૬૨૯ | ૧૬ | ભરૂચ | ૧૨૭૩૬૩ | ૨૫ | નવસારી | ૧૨૪૫૮૯ |
| ૮ | બનાસકાંઠા | ૩૦૬૨૮૧ | ૧૭ | સુરત | ૧૪૦૦૧૬ | ૨૬ | તાપી | ૭૩૦૭૫ |
| ૯ | સાબરકાંઠા | ૨૭૦૦૦૫ | ૧૮ | વલસાડ | ૧૨૫૩૯૧ | | | |

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં નીચે મુજબ ખરીફ અને રવિ/ઉનાળુ ઋતુના વર્ષવાર, જિલ્લાવાર ખેડૂતોને પાક વિમો ચૂકવવામાં આવ્યો.

| જિલ્લાનું નામ | ૨૦૧૧-૧૨ ખરીફ, રવિ/ઉનાળુ | ૨૦૧૨-૧૩ ખરીફ, રવિ/ઉનાળુ | ૨૦૧૩-૧૪ ખરીફ, રવિ/ઉનાળુ | ૨૦૧૪-૧૫ ખરીફ, રવિ/ઉનાળુ | ૨૦૧૫-૧૬ ખરીફ, રવિ/ઉનાળુ |
|---|---|---|---|---|---|
| અમરેલી | ૧૧૫૨૯૯ | ૧૩૧૮૦૨ | - | ૨૯૧૬૮ | ૧૧૮૨ |
| અરવલ્લી | - | - | - | ૧૪ | - |
| અમદાવાદ | - | ૯૫૩૬ | ૧૫ | - | - |
| આણંદ | - | - | ૩ | - | - |
| બનાસકાંઠા | ૧૦૨ | ૨૪૯૫૨ | ૨૪૨ | ૫ | ૨ |
| ભાવનગર | ૨૪૦૫૩ | ૭૮૨૪૪ | - | ૬૩૮ | - |
| ભરૂચ | - | - | - | ૧ | - |
| બરોડા | - | - | ૪ | - | - |
| દાહોદ | ૩૮૯૫ | - | ૧૮૯૨૦ | ૧૬૪૭૮ | ૭૭૪૭ |
| દેવભૂમિ દ્વારકા | - | - | - | ૫૪૮૨ | ૩૯૭૨૮ |
| જુનાગઢ | ૩૫૫૧૩ | ૧૦૫૬૭૧ | ૧ | ૧૧ | ૬૩૧૨૬ |
| જામનગર | - | ૧૬૦૩૭૩ | - | ૩૧૩૭ | ૧૬૪૧૪ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ખેડા | - | ૧ | ૮૭ | - | ૧ |
| કચ્છ | - | ૧૦ | - | - | - |
| મહિસાગર | - | - | - | ૩૯૦૩ | ૩૦૦૫ |
| મોરબી | - | - | - | ૧૨૧૭૭ | ૩૦૪૬૪ |
| મહેસાણા | - | ૨ | ૨૪ | - | - |
| પંચમહાલ | ૧૭૪૮ | - | ૧૭૨૯ | ૩૫૮૬ | ૬૦૩૯ |
| પોરબંદર | ૨૭ | ૨૫૭૩૩ | - | ૧૨૪૦૦ | ૨૪૪૪૦ |
| પાટણ | - | ૧૩૫૪૭ | - | ૮ | - |
| રાજકોટ | ૬૩૨૭૬ | ૨૬૬૭૭૧ | - | ૧૦૪૬૭૫ | ૬૮૯૧૫ |
| સાબરકાંઠા | ૨૧૭૫૨ | ૧૪૫૪૫ | ૨૧૮૦૦ | - | - |
| સુરેન્દ્રનગર | - | ૩૫૪૭૦ | - | ૨૯ | - |
| સુરત | - | - | - | ૧૦ | - |

--------

રાજ્યમાં જિલ્લાવાર ખાતેદાર ખેડુત અકસ્માત વીમા યોજના

અતારાંકિતઃ ૧૧૧૦૩ (૬-૧-૨૦૧૭) શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર): માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કુલ કેટલા ખાતેદાર ખેડુતો નોંધાયેલા છે,

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, અને

